ઉપનયનના મુહૂર્ત સમયની કુંડલીમાં ૬-૮-૧૨મા સ્થાને શુભગ્રહ ન હોવા જોઈએ. ૩-૬-૧૧મા સ્થાનમાં પાપગ્રહ હોવા જોઈએ. ચંદ્ર શુકલપક્ષનો વૃષભ તથા કર્ક રાશિનો હોય તો લગ્નમાં હોય તોપણ ચાલી શકે છે. બીજી રાશિનો તથા કૃષ્ણપક્ષનો અથવા અશુભ ચંદ્ર લગ્નમાં ન જોઈએ. સૂર્ય પાપગ્રહ લગ્નમાં ચાલી શકે, બીજા પાપગ્રહ ન હોવા જોઈએ. આઠમા સ્થાનમાં કોઈ પણ ગ્રહ ન હોવો જોઈએ. લગ્નેશ છઠ્ઠા સ્થાનમાં તથા શુક્ર બારમા સ્થાનમાં અને ચંદ્ર ૬, ૮, ૧૨ સ્થાનમાં ન જોઈએ. મિથુન, કન્યા, ધનુ અને મીન નવમાંશ લેવા, કર્ક નવમાંશ વર્જ્ય કરવું

સમાવર્તન સંસ્કાર

ઉપનયન મુહૂર્ત સમયે જ સમાવર્તન સંસ્કાર કરવો એમ કેટલાક ગ્રંથકાર કહે છે, પણ બીજા ગ્રંથકારોને તે માન્ય નથી. તેમના મત મુજબ વેદાભ્યાસ પૂરો કર્યા બાદ સૂર્ય ઉત્તરાયણમાં (તા. ૨૨મી ડિસેમ્બરથી ૨૧મી જૂન સુધી) હોય ત્યારે અને તે સમય દરમિયાન ગુરુ-શુક્રનો અસ્ત ન હોય તે સમયે રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉત્તરા ફા., ચિત્રા, અનુરાધા, ઉત્તરાષાઢા, શ્રવણ અને ઉત્તરાભાદ્રપદા નક્ષત્રો હોય તે દિવસોએ રવિવાર, સોમવાર, બુધવાર, ગુરુવાર અને શુક્રવારે વારના સ્વામીગૃહોનાં લગ્ન તથા નવમાંશમાં સમાવર્તન સંસ્કાર કરવો. ૧-૪-૮-૯-૧૪-૧૫/૩૦ તિથિ પર્વ તિથિ, ક્ષયવૃદ્ધિ તિથિ ત્યાગવી, પંચાંગ શુદ્ધિના સામાન્ય નિયમો જોવા. માર્ગશીર્ષ માસમાં લગ્ન કરવાં હોય તો દક્ષિણાયનમાં સમાવર્તન સંસ્કાર કરાય.

વેવિશાળ (સગપણ) વિચાર

વરકન્યાના મેળાપક વખતે છોકરા-છોકરીના જન્માક્ષર જોવા પડે છે. બંનેનાં જન્મનક્ષત્ર અને રાશિ ઉપરથી આઠકૂટ ગુણૈકય તપાસ્યા પછી કુંડલીની પૂર્ણ વિચારણા કર્યા બાદ સંબંધ કરવો યોગ્ય છે. ગુણૈક્ય કોષ્ટક અન્યત્ર આવેલ છે.

તૃતીય એકાદશ, સમસપ્તક અને દશમ ચતુર્થ રાશિઓના પરસ્પર શુભાશુભ યોગો

શુભ નવપંચમ		શ્રેષ્ઠ દ્વિર્દ્વાદશક		પ્રીતિષડાષ્ટક	
૯	૫	૨	૧૨	૬	૮
મેષ	સિંહ	મેષ	મીન	મેષ	વૃશ્ચિક
વૃષભ	કન્યા	મિથુન	વૃષભ	મિથુન	મકર
મિથુન	તુલા	સિંહ	કર્ક	સિંહ	મીન
સિંહ	ધનુ	તુલા	કન્યા	તુલા	વૃષભ
તુલા	કુંભ	ધનુ	વૃશ્ચિક	ધનુ	કર્ક
વૃશ્ચિક	મીન	કુંભ	મકર	કુંભ	કન્યા
ધનુ	મેષ	અપવાદ			
મકર	વૃષભ	કન્યા	સિંહ		
મધ્યમ નવપંચમ		અશુભદ્વિર્દ્વાદશક		શત્રુષડાષ્ટક	
૯	૫	૨	૧૨	૬	૮
કુંભ	મિથુન	વૃશ્ચિક	તુલા	વૃષભ	ધનુ
મીન	કર્ક	મકર	ધનુ	કર્ક	કુંભ
				કન્યા	મેષ
કર્ક	વૃશ્ચિક	મીન	કુંભ	વૃશ્ચિક	મિથુન
કન્યા	મકર	વૃષભ	મેષ	મકર	સિંહ
		કર્ક	મિથુન	મીન	તુલા

રાશિ શુભ છે. તેમ નવપંચમમાં વરથી કન્યાને રાશિ પાંચમી, કન્યાથી વરની રાશિ નવમી શુભ છે.

વર કન્યા વચ્ચે દ્વિર્દ્વાદશ હોતાં વરની રાશિથી બીજી રાશિની કન્યા હોવી ઠીક નથી. વરની રાશિથી બારમી કન્યાની રાશિ હોય અને વરની બેકી રાશિ હોય તો શુભ છે.

સમસપ્તક અને દશમ-ચતુર્થ સારાં ગણાય છે. પણ કર્ક-મકર અને સિંહ-કુંભ આ બે સમસપ્તકો વેરપ્રદ અને વૃષભ-સિંહ, કર્ક-તુલા, કન્યા-ધનુ, વૃશ્ચિક-કુંભ, મકર-મેષ અને મીન-મિથુન આ ચતુર્થ દશમ વર્જ્ય છે.

વેવિશાળ (ચાંલ્લા) મુહૂર્ત : પંચાંગ શુદ્ધિ દિવસે ચંદ્ર તારાબળ હોતાં, **શુભ નક્ષત્રો :** અશ્વિની, કૃતિકા, રોહિણી, મૃગ, મઘા, પૂ.ફા., ઉ.ફા., હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, મૂળ, પૂ.ષા., ઉ.ષા., શ્રવણ, ઘનિષ્ઠા, પૂ.ભા., ઉ.ભા. રેવતી મંગળવાર સિવાયના વારોમાં વર્જ્ય તિથિઓ શુક્લ પક્ષમાં ૧-૪-૯-૧૪, કૃષ્ણ પક્ષમાં ૪-૮-૯-૧૩-૧૪-૩૦ આ તિથિઓ ત્યાગી ચાંલ્લા કરવાનું મુહૂર્ત આપવું.

વરને પાઘડીએ અને કન્યાએ ઘાટંડીએ મંગળ છે કે નહિ તે જોવાની સમજૂતી

વર કન્યાની જન્મકુંડળીના પહેલાં સ્થાનમાં (લગ્નમાં) અથવા લગ્નથી ચોથા, સાતમા, આઠમા કે બારમા, આટલા સ્થાનમાંથી ગમે તે સ્થાનમાં મંગળ હોય તો વરને પાઘડીએ અને કન્યાને ઘાટડીએ મંગળ જાણવો અથવા સપ્તમાધિપતિ નીચ હોય કે અન્યોન્ય થકી નીચ બનતો હોય તો મંગળ જેટલો જ દોષ સમજવો.

મંગળના દોષનો અપવાદ

વરને મંગળ હોય અને કન્યાને ન હોય પણ કન્યાની જન્મકુંડળીમાં ૧, ૪, ૭, ૮, ૧૨ આ સ્થાનમાંથી ગમે તે સ્થાનમાં શનિ હોય તો તે ઘાટડીએ મંગળ બરાબર ગણાય છે અને તેમના લગ્ન થઈ શકે છે, પરંતુ આટલી બાબત પૂરતી નથી.

અપવાદ : વરકન્યાની કુંડળીમાં ૧લા સ્થાનમાં મેષનો, ૪થા સ્થાનમાં વૃશ્ચિકનો, સાતમા સ્થાનમાં મકરનો કે મીનનો, આઠમા સ્થાનમાં કર્કનો તથા બારમાં સ્થાનમાં ધનુનો મંગળ હોય તો તેનો દોષ નથી.

આ ઉપરાંત ખાસ કરીને કુટુંબાધિપતિ, પંચમાધિપતિ, ભાગ્યાધિપતિ અને વ્યયાધિપતિ વિષે પણ ખૂબ વિચાર કર્યા બાદ નિર્ણય કરવો જોઈએ.

લગ્ન મુહૂર્ત વિચાર

વિવાહના મહિના

વૃશ્ચિકના સૂર્યમાં કાર્તિક શુદિ ૧૧થી કાર્તિકમાં તથા માર્ગશીર્ષમાં, મકરના સૂર્યમાં પોષમાં તથા માઘમાં, કુંભના સૂર્યમાં ફાલ્ગુનમાં, મેષના સૂર્યમાં ચૈત્રમાં તથા વૈશાખ, જેઠ અને આષાઢ શુદ ૧૦ સુધી વૃષભ; મિથુનના સૂર્યમાં વિવાહલગ્ન વગેરે કરવાં. વળી કેટલાંક આચાર્યો ધનુના સૂર્યમાં માર્ગશીર્ષમાં તથા મીનના સૂર્યમાં ફાલ્ગુનમાં લગ્ન કરવાનું કહે છે પણ ધનાર્ક અને મીનાર્કની અંદર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં લગ્ન લેવાતા નથી અને મહારાષ્ટ્રમાં માર્ગશીર્ષ, માઘ, ફાલ્ગુન, વૈશાખ અને જ્યેષ્ઠ એમાંનો ગમે તે માસ (સંક્રાંતિ જોયા વગર) હોય તો તે માસમાં વિવાહ કરવાનું મુહૂર્ત અપાય છે. દક્ષિણમાં ધનિષ્ઠા-નવક (વૈશાખ વદિમાં ધનિષ્ઠામાં ચંદ્રપ્રવેશથી રોહિણી નક્ષત્રના ચંદ્ર સુધી લગભગ નવ દિવસ મહાપંચક આવે છે તે) પ્રવેશથી નિવૃત્તિ સુધી તેમ જ કેટલાકો હોળાષ્ટકમાં મુહૂર્તો આપતા નથી, પરંતુ ખાસ કરીને ફક્ત ગુરૂ અને શુક્રનો જેટલા દિવસનો અસ્ત હોય તેટલા દિવસ લગ્નકાર્ય માટે નિષેધેલા છે. પહેલા ગર્ભથી ઉત્પન્ન થયેલો છોકરો જ્યેષ્ઠ કહેવાય અને પહેલા ગર્ભથી ઉત્પન્ન થયેલી છોકરી જ્યેષ્ઠા કહેવાય તેથી જ્યેષ્ઠ માસમાં જ્યેષ્ઠ (મોટા) પુત્રનું તેમ જ જ્યેષ્ઠા (મોટી) કન્યાનું પણ લગ્ન ન કરવું. આને ત્રિજ્યેષ્ઠા યોગ કહે છે. વર, વધૂ કે જ્યેષ્ઠ મહિનો આમાંથી બે જ્યેષ્ઠ હોતાં દ્વિજ્યેષ્ઠ થાય છે. આ યોગ્ય મધ્યમ છે. પહેલાં જન્મેલા બાળકનાં લગ્ન તેના જન્મના મહિના, તિથિ તથા વારમાં ન કરવાં.

વિવાહમાં વાર, તિથિ તથા નક્ષત્ર વિચાર

વિવાહમુહૂર્તોમાં બધા વાર લેવાય છે. તિથિઓમાં કૃષ્ણ પક્ષની ૧૩, ૧૪, ૩૦ તેમજ સુદિ ૧વર્જ્ય કરવી. રિક્તા (૪, ૯, ૧૪) તિથિઓ સામાન્ય રીતે શુભકાર્યોમાં ત્યાજ્ય હોય છે, પરંતુ વિવાહમાં રિકતા તિથિને મધ્યમ ફળદાયક ગણવાનું ધર્મસિંધુમાં વચન છે તેથી રિક્તાતિથિ વર્જ્ય કરવાનું કારણ નથી, ક્ષયવૃદ્ધિ તિથિ ત્યાગવી.

વિવાહનાં નક્ષત્રો

રોહિણી, મૃગશીર્ષ, મઘા, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા તથા રેવતી. આ અગિયાર નક્ષત્રો તથા કાત્યાયનોક્ત મત પ્રમાણે અશ્વિની, ચિત્રા, શ્રવણ અને ધનિષ્ઠા એમ પંદર નક્ષત્રો વિવાહમુહૂર્તો માટે યોગ્ય છે. તેમાં ખાસ કરીને જે નક્ષત્રોમાં ક્રૂર ગ્રહો હોય તેમજ જે નક્ષત્રમાં ગ્રહણ થયેલાં હોય તે નક્ષત્રો ત્યાગવાં. યોગોમાં વિષ્કુંભાદિ યોગો પૈકી જે અશુભ યોગોનો કાળ સામાન્ય રીતે ત્યાગવાનો હોય છે તે શુભ કાર્યોમાં ત્યાગવો. કરણોમાં વિષ્ટિ, શકુનિ, ચતુષ્પાદ, નાગ અને કિંસ્તુઘ્ન એમ પાંચ કરણો ત્યાગવાં.

મુહૂર્તોનો સામાન્ય દિનશુદ્ધિ નિયમ

તિથિ, વાર તથા નક્ષત્રના સંયોગથી થનારા દગ્ધ, મૃત્યુ, યમઘંટ, કાલમુખી વગેરે અશુભ યોગો વિવાહાદિ કાર્યોમાં ત્યાજ્ય નથી, લત્તાનો દોષ માળવામાં મનાય છે તેથી દરેક સ્થળે તે વર્જ્ય કરવાનું કારણ નથી. તેમજ સૂર્ય-ચંદ્ર અને લગ્ન તથા નવમાંશ શુદ્ધિ હોય તો શાસ્ત્રનિયમ મુજબ આ કોઈ પણ દોષ માનવાને કારણ નથી તેથી ઉપનયન તથા લગ્નમુહૂર્તોમાં વેધ તેમજ લત્તા દોષ વર્જ્ય કરવામાં આવેલ નથી. ગુરુ-શુક્રના લોપ પૂર્વે વાર્ધક્યના ત્રણ દિવસો તથા દર્શન પછી બાલ્યાવસ્થાના ત્રણ દિવસો લગ્નમુહૂર્તોમાં ત્યાજ્ય છે.

ત્યાજ્ય યોગો

મુહૂર્તપ્રકરણમાં દર્શાવ્યા મુજબના ત્યાજ્ય સમય શુભકાર્યોમાં વર્જ્ય છે. તેવી જ રીતે ક્રાંતિસામ્ય થકી થતા મહાપાતોનાં તથા વૈધૃતિ, વ્યતિપાત જેવા અશુભ યોગોના પ્રવેશ અને નિવૃત્તિના સમય પર્યંતનો કાળ પણ સંપૂર્ણ ત્યાજ્ય છે.

નક્ષત્રદોષનો અપવાદ

મૃગ., ઉ.ફા., ચિત્રા, ઉ.ષા., ધનિષ્ઠા વિવાહમાં આ નક્ષત્રો બે રાશિવાળાં છે. આ નક્ષત્રોમાં અથવા કોઈ પણ દ્વિરાશિવાળા નક્ષત્રમાં કોઈ ક્રૂર ગ્રહ હોય છતાં રાશિ ભિન્ન હોય તો તે રાશિનો તે નક્ષત્ર ભાગ લેવામાં હરકત નથી, ઉપરાંત પાપગ્રહ ભુક્ત અને પાપગ્રહભોગ્ય નક્ષત્ર ઉપરથી ચંદ્ર, સૂર્ય કોઈ પણ શુભ ગ્રહ એકવાર પસાર થઈ ગયા હોય તો પછી તે દોષ હળવો બને છે.

શુભકાર્યમાં તજવાનો સમય

તિથિ : કૃષ્ણ પક્ષમાં, ૧૩, ૧૪, ૩૦, શુક્લપક્ષમાં ૧, સંક્રાંતિનો (સૂર્ય રાશિપ્રવેશ) દિવસ.

સંક્રાંતિ પ્રવેશમાં ત્યાજ્ય સમય

સૂર્ય સંક્રાંતિ પ્રવેશનો (ઓછામાં ઓછા પુણ્યકાળ દરમિયાનના એટલે સંક્રાંતિ પ્રવેશ સમયથી ૧૬ ઘડી આગળ પાછળના સમય) દિવસ અને કેટલાકોનું માનવું છે કે અયન પ્રવેશનો આગલો, પાછલો ને પ્રવેશ દિવસ એમ ત્રણ દિવસો શુભકાર્યમાં વર્જ્ય છે.

વિષ્ટિ (ભદ્રા) દોષ

લગ્નમુહૂર્તોમાં ભદ્રા (વિષ્ટિ)નો પ્રવેશ અને નિવૃત્તિ પર્યંતનો સમય વર્જ્ય કરવા બાબતમાં કેટલાક વિદ્વાનોનો મતભેદ રહ્યો છે. છતાં અમોએ અમારા પંચાંગમાં સંપૂર્ણ સમય ત્યાજ્ય કરેલ છે.

કન્યાને ગુરુ અને ચંદ્રબળ અને વરને સૂર્ય-ચંદ્રબળ જોવું : ચંદ્ર (રાશિ) કુંડલી મુજબ ગોચરમાં ૪-૮-૧૨ મે ગુરૂ, ચંદ્ર અને સૂર્ય હોય તો તે દોષકારક ગણાય છે.

રવિ (વર)	ચન્દ્ર (વર-કન્યા)	ગુરુ (કન્યા)	ગ્રહો
૩-૬-૧૦-૧૧	૩-૬-૭-૧૦-૧૧	૨-૫-૭-૯-૧૧	શુભસ્થાન
૧-૨-૫-૭-૯	૨-૫-૯	૧-૩-૬-૧૦	પૂજ્યસ્થાન
૪-૮-૧૨	૧-૪-૮	૪-૮-૧૨	નેષ્ટસ્થાન

વિવાહમાં રવિ, ચંદ્ર, ગુરૂ, ગ્રહનું જન્મરાશિ પરત્વે પૂજ્ય-અપૂજ્યત્વ-શુદ્ધિ-કોષ્ટક

પૂજા : રવિ ૭૦૦૦, ચંદ્ર ૧૧,૦૦૦, ગુરૂ ૧૯,૦૦૦ જાપ કરવા. ગુરૂ કર્ક, ધનુ તથા મીન રાશિનો હોય તો ચોથો, આઠમો કે બારમો હોવા છતાં અશુભ નથી.

ચોથા સ્થાનના સૂર્ય, ચંદ્ર, ગુરૂ અને બારમા સ્થાનમાં રહેલા રવિ, ગુરૂ માટે બમણી તથા આઠમા સ્થાનના રવિ, ચંદ્ર, ગુરૂ માટે ત્રણગણી પૂજા કરવી. પૂજ્યસ્થાનમાં ગ્રહો હોતાં એકવડી (મીઠીપૂજા) કરવાથી ગોચર અશુભતા મટી શુભ બને છે. બારમા સ્થાનનો ચંદ્ર દોષકારક નથી.

બારમો ચંદ્ર : (માંગલિક ઉત્સવ, રાજ્યાભિષેક જન્મકાળ, જનોઈ, વિવાહ, પ્રયાણમાં શુભ) શુક્લ પક્ષમાં ૨-૫-૯માં ચંદ્રનો દોષ નથી. કૃષ્ણ પક્ષમાં તારાબળ જોવાનું હોવાથી ૪-૮ ચંદ્રનો દોષ નથી.

તારાબળ : શુક્લ ૬થી કૃષ્ણ અષ્ટમી પૂર્વાર્ધ પર્યંત ચંદ્રબળ મુખ્ય, કૃષ્ણ અષ્ટમી ઉત્તરાર્ધથી પૂર્ણ અમાવાસ્યા પર્યંત તારાબળ મુખ્ય, શુક્લ પ્રતિપદારંભથી પંચમી સમાપ્તિપર્યંત, તારા અને ચંદ્ર બંનેનાં બળ જોવાં. જન્મ નક્ષત્રથી ઈષ્ટ દિવસે ૩-૫-૭-૧૨-૧૪-૧૬-૨૧-૨૩-૨૫મી તારા (ગોચર ચંદ્ર નક્ષત્ર) તથા જન્મનક્ષત્ર વર્જ્ય કરવું.

તારાઓનું યંત્ર

જન્મ ૧	સંપત ૨	વિપત ૩	ક્ષેમ ૪	પ્રત્યરિ ૫	સાધક ૬	નૈધન ૭	મિત્ર ૮	અતિ મિત્ર ૯
કર્મ ૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
આધાન ૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭

અશુભ તારાશુદ્ધિ

તારા અશુભ હોય તો પણ ચંદ્ર ત્રિકોણસ્થાનમાં હોય, ઉચ્ચ રાશિનો હોય, બુધ, ગુરૂ, શુક, રવિ પોતાના ષડ્વર્ગના હોય, શુભગ્રહની રાશિમાં ચંદ્ર હોય, ગોચરમાં ચંદ્રબલ હોય તો અશુભ તારાબળ શુભ બને છે.

ગોધૂલિક લગ્નની સમજ : સૂર્ય આથમે તે પહેલાં અને આથમ્યા પછી ૬ મિનિટ મળી કુલ ૧૨ મિનિટને ગોરજ કહે છે. આ સમયે ચારો ચરીને આવતી ગાયોની ખરીઓમાંથી ઊડતી રજ (ધૂળ) વરકન્યાનું કલ્યાણ કરનારી છે માટે તે સમયે લગ્ન કરવું તે ગોરજ લગ્ન કહેવાય છે.

આ સમયે જે રાશિનો સૂર્ય ચાલતો હોય તે રાશિથી ૭મું લગ્ન આવે છે. તેથી તે સમયે ૧લા સ્થાનમાં પાપગ્રહ, આઠમા સ્થાનમાં મંગળ તથા છઠ્ઠા કે આઠમા સ્થાનમાં ચંદ્ર ન હોય તો ગોરજ સમયમાં લગ્ન કરવાથી શુભ છે, પરંતુ તે દિવસે તે સમયે વિવાહોક્ત પંચાંગશુદ્ધિ જોઈએ.

ગોરજલગ્ન આમ વર્ગ માટે છે, પણ કન્યાનો અતિકાળ થયો હોય તો બ્રાહ્મણથી પણ થઈ શકે છે. ગોરજલગ્નમાં વિષ્ટિ (ભદ્રા) કુલિકયોગ ગુરુવારના સૂર્યાસ્ત પહેલાં દોઢ કલાક તથા શનિવારના સૂર્યાસ્ત પછીની ૪૮ મિનિટનો સમય ત્યાગવો. જેથી ગુરુવારનો સૂર્યાસ્ત પછી ૬ મિનિટ સુધીનાં તથા શનિવારના સૂર્યાસ્ત પહેલા ૬ મિનિટ સુધીના સમયમાં ગોરજલગ્ન લેવાં.

લગ્ન (વિવાહ) વખતની કુંડલીની લગ્નશુદ્ધિ

શુભ યોગો

સૂર્ય ૩-૬-૮મા ભાવે, ચંદ્ર ૨-૩-૪થા ભાવે, મંગળ ૩-૬ઠ્ઠા ભાવે, બુધ, ગુરુ ૮-૧૨મા ભાવ સિવાય, શુક્ર ૧-૨-૪-૫-૯-૧૦મા ભાવે, શનિ કે રાહુ, કેતુ ૩-૬-૮મા ભાવે શુભ છે. ૧૧મા ભાવે દરેક ગ્રહો શુભ છે. કુંડલીમાં કોઈ પણ લગ્ન સ્વીકાર્ય છે. ફક્ત નવમાંશ શુભ લેવું જોઈએ.

અશુભ યોગો

લગ્નમાં સૂર્ય, ૧-૬-૮મા ભાવે ચંદ્ર, ૧-૮-૧૦મા ભાવે મંગળ, આઠમા ભાવે બુધ-ગુરુ, ૩-૬-૮મા ભાવે શુક્ર, લગ્નમાં શનિ કે રાહુ-કેતુ, લગ્નેશ ૬-૮ ભાવમાં શુભ નથી.

સાતમા ભાવમાં કોઈ પણ ગ્રહ અશુભ છે. (શુભ ગ્રહ સાતમા સ્થાનમાં ચાલે એવો એક મત છે) રાહુ ચોથે તથા બુધ ૧૦મે ન જોઈએ.

અપવાદ યોગો

૪-૫-૬-૯ રાશિનો શુક્ર છઠ્ઠે સ્થાને હોય તો દોષ નથી. ૩-૪-૬ રાશિનો મંગળ અથવા અસ્તનો મંગળ આઠમો હોય તો દોષ નથી.

(૧) ગુરુ, શુક્ર લગ્નમાં હોય, (૨) ચંદ્ર શુકલ પક્ષનો શુભ નવમાંશમાં હોય, (૩) ચંદ્ર શુભ દૃષ્ટિમાં હોય તો છઠ્ઠે બારમે ચંદ્રનો દોષ નથી, (૪) ગુરુ શુક્ર, કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો પણ બીજા દોષો હળવા બની જાય છે. એટલે શુભ છે.

વિવાહ (લગ્ન) સમયની કુંડલીમાં દર્શાવેલી રીત મુજબ ઓછામાં ઓછા પાંચ ગ્રહો ઇષ્ટ સ્થાનમાં હોય તે લગ્ન શુભ કહેવાય છે.

કોઈ પણ લગ્નનું છેલ્લું નવમાંશ વર્જ્ય છે. પરંતુ મિથુન, કન્યા અને ધનુ લગ્નનું છેલ્લું નવમાંશ વર્ગોત્તમી હોવાથી લઈ શકાય છે. મીન લગ્નનું મીન નવમાંશ વર્ગોત્તમી કહેવાય, પરંતુ લગ્ન પ્રસંગે લેવાતું નથી.

મુહૂર્તના વખતે ચંદ્ર જો ચરરાશિ (૧-૪-૭-૧૦)નો હોય અને તે સમયે લગ્ન અને નવમાંશ પણ ચરરાશિના હોય તો તે વર્જ્ય છે; પરંતુ ચંદ્ર મેષમાં હોય તો મિત્રક્ષેત્રી અને કર્કમાં હોય તો સ્વગૃહી ગણાય જેથી ચંદ્ર તુલા કે મકરનો હોય તો ચરલગ્નમાં ચરનવમાંશ એ મુહૂર્ત નહીં લેવું.

હસ્તમેળાપ સમયે વરકન્યાની જન્મકુંડલી

જન્મનાં લગ્નથી આઠમા સ્થાનની રાશિ અથવા જન્મરાશિથી આઠમી રાશિ, મુહૂર્ત લગ્ન કુંડલીમાં લગ્નમાં હોતી દોષકારક છે. અપવાદ તરીકે જન્મલગ્નથી અથવા જન્મરાશિથી આઠમી રાશિ વૃષભ, વૃશ્ચિક અથવા મીનરાશિ હોય તો તે વિવાહ મુહૂર્ત કુંડલીમાં લગ્નમાં લેતાં દોષકારક નથી.

પંચશલાકા વેધચક્ર

અશ્વિની - પૂ. ફા., મઘા-શ્રવણ, ચિત્રા - પૂ.ભા., મૂળ - પુનર્વસુ, રોહિણી - અભિ, ઉ.ફા. - રેવતી, સ્વાતિ - શત, ધનિષ્ઠા-આશ્લે, મૃગ-ઉ.ષા., હસ્ત-ઉ.ભા, અનુ - ભરણી, પુષ્ય-જ્યેષ્ઠા. આ સિવાય કૃતિકા-વિશાખા, આર્દ્રા - પૂ.ષા. ઉપર દર્શાવેલ વેધનાં બબ્બે નક્ષત્રોમાંના કોઈ નક્ષત્ર પરથી પાપગ્રહો પસાર થતાં હોય તો અસરપરસ વેધ થાય છે. વિવાહયોગ્ય નક્ષત્રો કાળા ટાઈપમાં દર્શાવેલ છે. આ પંચશલાકાવેધ વિવાહમુહૂર્તમાં જોવાય છે.

દોષનિવારણ : (૧) લગ્નેશ ૧૧ મે હોય, (૨) ચંદ્ર પર શુભ ગ્રહની દૃષ્ટિ હોય, (૩) ચંદ્ર સિવાયનો શુભગ્રહ લગ્નમાં હોય (૪) શુભ ગ્રહની હોરા હોય. આ ચારમાંથી એક પણ યોગ થતો હોય તો વેધનો દોષ લાગતો નથી. વળી લગ્નશુદ્ધિ જ મુખ્ય છે.

લત્તા કોષ્ટક

અભિજિત નક્ષત્રની ગણના ન કરતાં અશ્વિનીથી રેવતી સુધીના ૨૭ નક્ષત્રોમાં રહેલા ગ્રહો પોતે જે નક્ષત્રમાં રહેલ હોય તેનાથી અમુક નક્ષત્ર પર લત્તા પ્રહાર કરે છે. સૂર્ય પોતાના નક્ષત્રથી ૧૨મા પર, મંગળ ૩જા પર, બુધ ૨૨મા પર, ગુરુ ૬ઠ્ઠા પર, શુક્ર ૨૪મા પર, શનિ ૮મા પર, રાહુ-કેતુ ૨૦મા પર અને પૂર્ણ ચંદ્ર ૭મા નક્ષત્ર પર લત્તા પ્રહાર કરે છે.

ઉદાહરણ તરીકે : અશ્વિની નક્ષત્રમાં ગ્રહો રહેલ હોય તો સૂર્ય ઉ.ફા. પર, મંગળ કૃતિકા પર, બુધ શ્રવણ પર, ગુરુ આર્દ્રા પર, શુક્ર શતભિષા પર, શનિ પુષ્ય પર, રાહુ-કેતુ પૂ.ષા. પર અને પૂર્ણ ચંદ્ર પુનર્વસુ પર લત્તા પ્રહાર કરે છે.

મંડપારોપણ

વિવાહમાં જનોઈમાં વગેરે કાર્યોમાં મંડપારોપણ કરી તેમાં મંગળકાર્યો કરવાનાં હોય છે. તે વિવાહ વગેરેમાં કહેલાં ગ્રાહ્ય નક્ષત્રોમાં કરવાં, વિવાહાંગીભૂત નાના નાના કાર્યો (ઘઉં વગેરે) અનાજ દળાવવા, ખાંડવું, લીંપવું, ચૂનો, રંગ, ધ્વજા વગેરેથી ઘર શણગારવા, ચંદરવા બાંધવા, લાડુ, પાપડ, ચટણી, અથાણાં વગેરે બનાવવાં, પર્વાકર હોમવા, મંડળ (વેદિકા બનાવવી)માં ચંદ્રબળ જોવાની જરૂર નથી. વિવાહના દિવસથી પહેલા ૩, ૬ કે ૯ દિવસોએ કાર્ય કરવા નહિ, પણ એ તે સિવાયના દિવસોમાં કરવા.

મંડપવિસર્જન

ઉપનયન તેમ જ વિવાહ પ્રસંગે જે દિવસે મંડપારોપણ કર્યું હોય તે દિવસથી બેકી દિવસોએ મંડપવિસર્જન કરવું. તેમાં પણ છઠ્ઠે બેકી દિવસ હોવા છતાં વર્જ્ય છે. એકી દિવસોએ મંડપવિસર્જન કરવું નહિ. એવો સામાન્ય નિયમ છે. પણ તેમાં ૫ અને ૭મા એકી દિવસ હોવા છતાં તે દિવસો મંડપ વિસર્જન કરવામાં ચાલી શકે છે.

નવવધૂપ્રવેશ

લગ્નના દિવસથી ૧૬ દિવસ સુધીમાં બેકી દિવસે તથા ૫-૭-૯ એકી દિવસે (બાકીના એકી દિવસો વર્જ્ય) નવવધૂને પ્રથમ પતિગૃહે પ્રવેશ કરાવવો. લગ્નના દિવસે પણ પતિગૃહે લાવી શકાય. આ ગૃહપ્રવેશ સ્થિરલગ્ન અને સ્થિર નવમાંશમાં રાત્રે કરાવવો ઉત્તમ છે. દિનશુદ્ધિ જોતા અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, ઉ.ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, મૂળ, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, ઉત્તરા ભાદ્રપદા, રેવતી નક્ષત્રો સારાં છે. ૧-૪-૯-૧૪ તિથિ વર્જ્ય સોમ, ગુરુ, શુક્ર, શનિવારે પ્રવેશ કરાવવો. કેટલાક દેશોમાં કન્યાને બુધવારે વળાવતા નથી. કેટલાક દેશોમાં વળાવે છે.

વિવાહ પછી પહેલે વર્ષે વધૂને રહેવાનો નિયમ

લગ્ન પછી પહેલે વરસે પતિને ઘેર આષાઢમાં રહે તો સાસુને અનિષ્ટ, ક્ષય માસમાં રહે તો પોતાને અનિષ્ટ, જ્યેષ્ઠ માસમાં રહે તો મોટા દિયરને અનિષ્ટ, પોષ માસમાં રહે તો સસરાને અનિષ્ટ, અધિક માસમાં રહે તો પતિને અનિષ્ટકારક બને છે તેમ જ જો તે વરસે પિતાને ઘેર ચૈત્રમાં રહે તો પિતાને અનિષ્ટ થાય છે. જે માણસને અનિષ્ટ હોય તેની હાજરી ન હોય તો તે મહિનાનો નિષેધ નથી.

વધૂને પ્રથમ વર્ષે પિયેર આવવાનું મુહૂર્ત

દિનશુદ્ધિ જોયા પછી અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, મઘા, ઉ.ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, ઉ.ષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ.ભાદ્ર અને રેવતી નક્ષત્રોમાં સોમ, બુધ, ગુરુ, શુક્ર તેમ જ શુભ લગ્ન વિશે પતિના ઘરેથી પહેલી વખતે દીકરી બાપને ઘેર આવી શકે છે.

દ્વિરાગમનમુહૂર્ત

વધૂએ પતિગૃહે બીજી વાર આવવા માટે પહેલે, ત્રીજે, પાંચમે વર્ષે આવવું, ગુરુ, શુક્રનો અસ્ત ન હોય, અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉ.ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, મૂળ, ઉ.ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ.ભા., રેવતી નક્ષત્રોમાં મેષ, વૃશ્ચિક તથા કુંભ રાશિના સૂર્યમાં (વૈશાખ, માર્ગશીર્ષ, માઘ કે ફાલ્ગુન માસમાં) વૃષભ, મિથુન, મીન, તુલા, કન્યા, લગ્નમાં આવવું. ગોચરમાં વરને રવિબળ તથા વધૂને ગુરુબળ હોવું જોઈએ. સન્મુખ કે જમણો શુક્ર ન જોઈએ. એવા સમયે પંચાંગશુદ્ધિ જોઈ વધૂને બીજીવાર પતિગૃહે આગમન કરાવવું.

માંગલિક કાર્ય વિચાર

પુત્રના વિવાહને 'પ્રવેશ' અને કન્યાના વિવાહને 'નિર્ગમ' કહેવાય છે. ચૌલને 'મુંડન' કહેવામાં આવે છે. વ્રતબંધને જનોઈ કે ઉપનયન કહેવાય છે અને વિવાહ યાને લગ્ન આ માંગલિક કાર્યો છે. પોતાના કુળમાં (ત્રણ પેઢીમાં) એક માંગલિક કાર્ય થયા પછી છ માસ સુધી મુંડન યાને ચૌલ અને તીર્થાદિમુંડન કરવું નહિ. યાને પુત્રનો વિવાહ થયા પછી છ મહિના સુધી નિર્ગમ યાને કે કન્યાનો વિવાહ કરવો નહિ. અનિવાર્ય પ્રસંગે આપદ્ ધર્મ તરીકે સંવત્સર ભેદે આ વિધિ કરી શકાય એટલે કે ફાલ્ગુન સુધીનું એક સંવત્સર અને ચૈત્રથી બીજું સંવત્સર ગણી એક મંગલ કાર્ય ફાલ્ગુન સુધીમાં થયા બાદ અપવાદરૂપે બીજાં કાર્ય ચૈત્રાદિ માસોમાં કરી શકાય. તે જ પ્રમાણે વિવાહ પછીનું એક વર્ષ, ઉપનયન પછીના છ માસ તથા ચૌલ પછીના ત્રણ મહિના સપિંડમાં પિંડદાન કરવું નહિ. એક જ માતાના પુત્રોના - કન્યાઓના અથવા પુત્ર-કન્યાના એક જ પ્રકારના માંગલિક સંસ્કાર એક સંવત્સરમાં કરવા નહિ. ઉદાહરણ તરીકે બે ભાઈઓના કે બે બહેનોના અથવા ભાઈ-બહેનોના વિવાહસંસ્કાર એક સંવત્સરમાં કરવા નહિ. આપદ્ ધર્મ હોય તો પણ એક જ સ્થળે, એક જ મુહૂર્તમાં તો તે ન જ કરી શકાય.

વાસ્તુ (નવીન ગૃહપ્રવેશ) મુહૂર્ત

મહિનાઓ : કાર્તિક, માર્ગશીર્ષ, પૌષ, માઘ, ફાલ્ગુન, વૈશાખ, જયેષ્ઠ, શ્રાવણ.

કુંભ મૂકવાનું મુહૂર્ત

તિથિઓ : ૨-૪-૭-૯-૧૨-૧૪ સિવાયની, **વાર :** સોમ, ગુરુ, શુક્ર. **નક્ષત્રો:** રોહિણી, મૃગ, પુન, પુષ્ય, મઘા, ઉ.ફા., હસ્ત, અનુરાધા, પૂ.ષા., ઉ.ષા., ધનિષ્ઠા, શત, ઉ.ભા., લગ્ન : કર્ક, વૃશ્ચિક, મકર ઉત્તરાર્ધ અને મીનમાં કુંભ સ્થાપન કરવું શુભ છે.

વાસ્તુ પ્રવેશ મુહૂર્ત નક્ષત્રો

નક્ષત્રો : રોહિણી, મૃગ, પુષ્ય, ઉ.ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ.ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, ઉ.ભા, રેવતી (અને ધર્મ સિંધુમાં કહ્યા મુજબ અશ્વિની, પુનર્વસુ, મૂળ)

ગૃહારંભ મુહૂર્તો

શુભ માસો : ગૃહારંભ માટે માર્ગશીર્ષ, પૌષ, ફાલ્ગુન, વૈશાખ, શ્રાવણ, વધારામાં કાર્તિક, માઘ અને જયેષ્ઠ પણ નારદ મતે સંમત છે, જ્યારે નીચેના માસોમાં દર્શાવેલ સૂર્ય સંક્રાંતિઓ હોય ત્યારે શુભ બને છે.

કાર્તિક-વૃશ્ચિક	ફાલ્ગુન-કુંભ	અષાઢ-કર્ક
પૌષ-મકર	ચૈત્ર-મેષ	ભાદ્રપદ-સિંહ
માઘ-મકર-કુંભ	જ્યેષ્ઠ-વૃષભ	આશ્વિન-તુલા

ગુરુ, શુક્રનો અસ્ત ન હોવો જોઈએ. વાર: સોમ, બુધ, ગુરુ, શુક્ર, શનિ (રવિ-મંગળ વર્જ્ય છે)

ગુહારંભના નક્ષત્રો : રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, ઉ.ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. પાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, ઉ. ભાદ્ર અને રેવતી.

ત્યાજ્ય તિથિઓ : શુક્લ પક્ષમાં ૧-૪-૯-૧૪, કૃષ્ણપક્ષમાં ૪-૯-૧૩-૧૪-૩૦ ત્યાગવી. ભદ્રા, વ્યતિપાત-વૈધૃતિ વગેરે કુયોગો ત્યાગવા.

લગ્નો ૨-૫-૮-૧૧, કેટલાકોને મતે ૩-૬-૯-૧૨ (મધ્યમ) રાશિનાં લગ્નો લેવાં. શુભ ગ્રહયુક્ત તથા શુભ ગ્રહ દ્રષ્ટ હોતાં શુભ ગણાય.

પ્રકીર્ણ મુહૂર્તો

સૂતેલી પૃથ્વી જોવાની રીત

જે દિવસે સૂર્યના નક્ષત્રથી ગણતાં ૫,૭,૯,૧૨,૧૯,૨૬ એટલામું નક્ષત્ર આવે તો પૃથ્વી સૂતેલી જાણવી, તેમાં વાવ, તળાવ કે ઘર બાંધવા નહિ.

પ્રથમ શિલાસ્થાપન મુહૂર્ત : ગૃહારંભ મુહૂર્તમાં કહેલા મહિના, પક્ષ, વાર, તિથિ, દિવસો તથા નક્ષત્રોમાં અથવા ધર્મસિંધુમાં કહ્યા પ્રમાણે અશ્વિની, ભરણી, રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂ.ફા., ઉ.ફા., હસ્ત, અનુરાધા, મૂળ, પૂ.ષા., ઉ.ષા., શ્રવણ, પૂ.ભા., ઉ.ભા અને રેવતી નક્ષત્રોમાં અગ્નિકોણમાં મુખ્ય શિલાસ્થાપના કર્યા પછી ત્યાર બાદ અનુક્રમે દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ વિગેરે ક્રમ લેવો.

ખાતદિશા મુહૂર્તનો કોઠો

રાશિ	ઘરના ખાતમાં	જળાશય (વાવ-કૂવો તળાવ)નાં ખાતમાં	દેવાલયમાં	વિવાહમાં માંડવા-સ્તંભ રોપવામાં	ખાતનો આરંભ કરવાનો ખૂણો
સૂર્ય	૫-૬-૭	૧૦-૧૧-૧૨	૧૨-૧-૨	૨-૩-૪	અગ્નિ
"	૨-૩-૪	૭-૮-૯	૯-૧૦-૧૧	૧૧-૧૨-૧	નૈઋત્ય
"	૧૧-૧૨-૧	૪-૫-૬	૬-૭-૮	૮-૯-૧૦	વાયવ્ય
"	૮-૯-૧૦	૧-૨-૩	૩-૪-૫	૫-૬-૭	ઈશાન

ખાત મુહૂર્ત : અધોમુખ નક્ષત્રો જેવાં કે ભરણી, કૃતિકા, આશ્લેષા, મઘા, પૂ.ફા., વિશાખા, મૂળ, પૂ.ષા., પૂ.ભા., ઉપરાંત અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, ઉ.ફા., હસ્ત, અનુરાધા, ઉ.ષા., શ્રવણ, ઉ.ભા. અને રેવતીમાં સોમ, બુધ, ગુરુ, શુક્રવારોમાં પોતાને તારાચંદ્ર બલ હોતાં પાયો ખોદવાનો આરંભ કરવો.

દ્રવ્ય લેતીદેતીનું મુહૂર્ત : અશ્વિની, મૃગ, પુન, પુષ્ય, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, રેવતી નક્ષત્રમાં ચર લગ્નમાં પાંચમા, નવમા સ્થાને પાપગ્રહ ન જોઈએ અને આઠમાં સ્થાને એક પણ ગ્રહ ન હોવો જોઈએ.

નૌકા સંબંધી મુહૂર્ત

અશ્વિની, મૃગ, પુન, પુષ્ય, પૂ.ફા., હસ્ત, ચિત્રા, અનુરાધા, પૂર્વાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, પૂ.ભા. રેવતી એ નક્ષત્રો તથા રવિવાર, ગુરુવાર, શુક્રવાર તિથ્યાદિ શુભયોગો અને દ્વિસ્વભાવ રાશિના લગ્નમાં નૌકા બાંધવી, ચલાવવી અને માલ ભરવો વિગેરે શુભ છે.

યંત્રો ચાલુ કરવાનું મુહૂર્ત

અશ્વિની, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, અનુરાધા, જયેષ્ઠા તથા રેવતી નક્ષત્રોમાં સોમ, બુધ, ગુરુ, શુક્રવાર યંત્રો ચાલુ કરવા માટે શુભ છે.

શાંતિ પૌષ્ટિક મુહૂર્ત : બુધ, ગુરુ, શુક્ર, રવિવારે મૃગ, મઘા, ત્રણ ઉત્તરા, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, શ્રવણ, રેવતીએ નક્ષત્રોમાં શુભ છે.

જૈનદીક્ષા : અશ્વિની, રોહિણી, પુનર્વસુ, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, શ્રવણ, શતતારકા, પૂ.ભા. અને રેવતી નક્ષત્રોમાં પ્રતિષ્ઠાના માસમાં, શુક્રના અસ્તમાં રવિ, બુધ, ગુરુ અને શનિવાર શુભ છે.

દસ્તાવેજો પર સહી કરવાનું મુહૂર્ત

અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા, રેવતી નક્ષત્રોમાં રિક્તાતિથિ તથા અમાસ બાદ કરતાં બુધ, ગુરુ, શુક્રવારના દિવસો દસ્તાવેજ પર સહી કરવા માટે શુભ છે.

લખતપત્ર કરવા માટે ત્યાગવાનો સમય

અધિક માસ, ઘાત ચન્દ્ર, ગુરુ-શુક્રાસ્ત, પોતાની રાશિથી આઠમી રાશિનો સૂર્ય હોતાં વાર મંગળ અને શનિ. લગ્ન ૧-૨-૫-૮-૧૦-૧૧. પાપગ્રહો લગ્ને હોતાં લખત વગેરે કરવાં નહિ. સોગંદ ખાવા નહિ.

દુકાનનું મુહૂર્ત : મંગળવાર સિવાય દરેક વારે. અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, ચિત્રા, અનુરાધા, રેવતી, શુભલગ્ન (કુંભલગ્ન ન જોઈએ) તથા લગ્નમાં શુભગ્રહ જોઈએ. ૮/૧૨માં ભાવમાં પાપગ્રહ ન જોઈએ અને ૨, ૧૦, ૧૧માં શુભગ્રહ જોઈએ.

વેપાર કરવાનું મુહૂર્ત : શુક્લપક્ષમાં ૧-૪-૯-૧૪ અને કૃષ્ણપક્ષમાં ૪-૯-૧૪-૩૦ તિથિનો ત્યાગ કરી, સોમ-બુધ-ગુરુ-શુક્રવારે અશ્વિની, રોહિણી, મૃગ, પુનર્વસુ, પુષ્ય, ઉ.ફા., હસ્ત, રેવતી નક્ષત્રોમાં સારો અનુકૂળ ગોચર ચંદ્ર નક્ષત્ર જોઈ વેપારની શરૂઆત કરવી.

માલ લેવાનું મુહૂર્ત : અશ્વિની, ચિત્રા, સ્વાતિ શ્રવણ, શતભિષા, રેવતી એ નક્ષત્રોમાં શુભ છે.

માલ વેચવાનું મુહૂર્ત : ભરણી, કૃતિકા, આશ્લેષા, પૂ.ફા. વિશાખા, પૂ.ષા. એ નક્ષત્રોમાં શુભ છે.

નોકરીએ રહેવાનું મુહૂર્ત : રોહિણી, ઉ.ફા., ઉ.ષા., ધનિષ્ઠા, શત., ઉ.ભા., રેવતી, લગ્નમાં તથા ૧૦-૧૧મા સ્થાનમાં સૂર્ય અથવા મંગળ હોતાં, વાર રવિ, બુધ, ગુરુ, શુક્ર.

બી વાવવાનું મુહૂર્ત

અશ્વિની, રોહિણી, મૃગ, પુનર્વસુ, પુષ્ય, મઘા, ઉ.ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, મૂળ, ઉ.ષા., અભિ., ધનિષ્ઠા, ઉ.ભા.,રેવતી નક્ષત્રમાં બીજ વાવવું.

ફણીચક્ર : સૂર્યના નક્ષત્રથી દૈનિક ચંદ્રનક્ષત્ર સુધી ગણતાં ચારથી અગિયાર સુધીનાં આઠ અને ૨૦થી ૨૭ સુધીનાં આઠ નક્ષત્રો શુભ ગણાય છે.

અનાજની કાપણી

ત્યાજ્ય તિથિઓ : ૪-૯-૧૪, **ત્યાજ્ય વાર :** મંગળ, શનિ. **શુભ નક્ષત્રો :** ભરણી, કૃતિકા, મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, મઘા, ઉ.ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, જયેષ્ઠા, મૂળ, પૂ.ષા.,ઉ.ષા., શ્રવણ, ધનિષ્ઠા, પૂ.ભા., ઉ.ભા., **લગ્નો** ૨-૫-૮-૧૧ (સ્થિર) રાશિનાં લેવાં.

અનાજના કણ છૂટા પાડવા

શુભ નક્ષત્રો : રોહિણી, મઘા, પૂ.ફા., ઉ.ફા., અનુરાધા, જયેષ્ઠા, મૂળ, શ્રવણ, રેવતી.

ધાન્ય એકઠું કરી ઘરે લાવવું

ત્યાજ્ય નક્ષત્રો : ભરણી, કૃતિકા, આર્દ્રા, આશ્લેષા, મઘા, પૂ.ફા., વિશાખા, જયેષ્ઠા, પૂ.ષા., **શુભલગ્નો** ૨-૩-૫-૬-૮-૯-૧૦-૧૧-૧૨ રાશિનાં હોતાં, **વાર-** સોમ, બુધ, ગુરુ, શુક્રમાં ધાન્ય એકઠું કરી ઘરે લાવવું.

ઘર-ખેતર-ભૂમિ લેવા દેવાનાં મુહૂર્ત

શુભ વાર : ગુરુ, શુક્ર, **શુભ તિથિઓ :** ૧-૫-૬-૧૦-૧૧-૧૫. **શુભ નક્ષત્રો :-** મૃગ, પુન, આશ્લેષા, મઘા, પૂ.ફા., વિશાખા, અનુરાધા, મૂળ, પૂ.ષા., ઉ.ભા. ઘર જમીનની લેવડદેવડ કરવા માટે શુભ છે.


કોઠારમાં ધાન્ય ભરવું

વાર :- રવિ, સોમ, ગુરુ, શુક્ર. **નક્ષત્રો :-** અશ્વિની, રોહિણી, મૃગ, પુનર્વસુ, પુષ્ય, ઉ.ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ.ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, ઉ.ભા., રેવતીમાં કોઠારમાં અનાજ ભરવું.

ધાન્ય વેચવાનું મુહૂર્ત :- રોહિણી, ધનિષ્ઠા, શતતારકામાં ધાન્ય વેચવાનો આરંભ કરવો. ■

સંવત ૨૦૬૬નું રાશિ ભવિષ્ય

લેખક : શ્રી વિશ્વજીત રાવળ
૧, હરીદાસ કોલોની, નવજીવન પ્રેસ રોડ, જૂની હાઇ કોર્ટની સામે,
અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : (૦૭૯) ૨૭૫૪૪૧૩૫.



મેષ

અ,લ,ઈ

વિ. સં. ૨૦૬૬માં અંતારના ઉમળકાથી, શરૂ થતાં નવા વર્ષને વધાવવા, આપનો રાશિ અધિપતિ મંગળ ૪થા ભાવે કર્ક રાશિથી પ્રયાણ આદરે છે અને મક્કમતાથી આગળ વધતાં વર્ષાન્તે ૮ મા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થવા પામે છે. ધનાધિપતિ શુક્ર ૬ઠ્ઠા ભાવે કન્યા રાશિથી આગળ વધે છે.અને વર્ષાન્તે રાશિચક્ર પૂરુ કરીને તુલારાશિ અને ૭ મા ભાવેથી પસાર થાય છે. સૂર્ય અને ચંદ્ર ૭ મા ભાવે તુલા રાશિથી પોત પોતાની રીતે અને ગતિથી આગળ વધે છે અને રાશિ ચક્ર પૂરા કરી વર્ષાન્તે પાછા ૭ મા ભાવે તુલા રાશિમાંથી જ પસાર થતા જોવા મળે છે. વર્ષારંભે કન્યા રાશિમાં છઠ્ઠે રહેલ શનિ તથા ૯ મા ભાવે ધન રાશિનો પ્લુટો ભાવ કે રાશિ બદલ્યા વગર આખુંયે વરસ જ્યાં છે ત્યાં જ રહે છે. વર્ષારંભે ૧૦ મા ભાવે મકર રાશિમાં રહેલ ગુરુ ધીમી ગતિએ બે સ્થાન આગળ ચાલી પાછો આવીને વર્ષાન્તે ૧૧ મા ભાવે કુંભ રાશિમાં રહે છે. તો રાહુ વર્ષારંભે ૧૦ ભાવે મકર રાશિમાંથી અને કેતુ ૪થા ભાવે કર્ક રાશિમાંથી નિયત ગતિથી વક્ર ચાલે આગળ વધીને વર્ષાન્તે રાહુ ૯મા ભાવે ધન રાશિમાંથી અને કેતુ ત્રીજા ભાવે મિથુન રાશિમાંથી પસાર થાય છે. જ્યારે ૧૦મા જ ભાવે મકર રાશિમાં રહેલ નેપ. તથા ૧૧ કુંભ રાશિનો હર્ષલ ધીમી ગતિએ આગળ વધતાં વર્ષાન્તે નેપ. ૧૧મા ભાવે કુંભમાંથી અને હર્ષલ ૧૨ મા ભાવે મીનમાંથી પસાર થતા જોવા મળશે. બુધ મહારાજ વર્ષારંભે ૬ઠ્ઠા સ્થાને કન્યા રાશિથી આગળ વધીને રાશિ ચક્ર અને બારેય ભાવ ફરીને આગળ વધતાં વર્ષાન્તે ૮માં ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થાય છે. આમ નભો મંડળમાં આપની રાશિની આજુબાજુ અને રાશિમાંથી વર્ષ દરમિયાન સૂર્ય મંડળના ગ્રહોને ફરતાં જોઇ શકાશે. હવે તેઓ આપના જિવનમાં કેવી કેવી અસરો ઉપજાવી શકે છે તે જોવા અને સમજવાનો પ્રયત્ન આપણે અહીં કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ જોઇએ તો આપનો રાશિ અધિપતિ મંગળ વર્ષારંભે ૪ થે કર્કનો નીચનો છે અને વર્ષાન્તે ૮ મા ભાવે છે. જેથી તબિયતની કાળજી લેવાનું સૂચન મળે છે. લોહીનો બગાડ, એલર્જી સંભવે, છાતીમાં-ફેફસામાં તકલીફ અનુભવાય. મહદ અંશે નવા વર્ષના પ્રારંભે છાતીમાં હાંસડી પાંસળી તૂટે નહીં તેની કાળજી લેશો નહીંતર વાઢકાપ કરાવવાની થશે. જ્યારે જાન્યુ. ૨૦૧૦ પછીથી ભ્રમણ યોગ બનવાની સંભાવના છે. પરિણામે હાડમારી વેઠવી પડે.

આર્થિક દૃષ્ટિએ વર્ષની શરૂઆત બરાબર નથી પણ વર્ષાન્તે પરિસ્થિતિ સુધરતી જણાય છે. જે સારૂં કહી શકાય. બને તો કોઇને ઉછીના નાણાં આપશો નહીં, જેથી દુશ્મનાવટ ટાળી શકાય. બોલવામાં પણ સંયમ જરૂરી બનશે; કુટુંબીજનો દુશ્મન ન બને તેની તકેદારી રાખજો.

કામકાજની દૃષ્ટિએ જોઇએ તો વર્ષારંભે ઘણી બધી ખટપટો અને રાજરમત રમાતી જોવા મળશે. કામકાજમાં દુશ્મની પણ વધતી જોવા મળશે. અને મિત્રો પણ દુશ્મન બનતા જોવા મળશે. બદલીની સંભાવના તો ખરી જ પણ સાથે સાથે આપના હોદ્દામાં પણ બદલાવ આવી શકે છે. જાહેર જીવનમાં પણ આપને ઉગ્ર વાતાવરણથી સંભાળવું પડે. જિવન સાથીથી મતભેદો ઉભા થતાં જણાય છે. ભાગીદારને સમજવા અઘરાં થઇ પડે અને સહકારીય કામકાજમાં પણ સાવધાનીથી નહીં વર્તો તો મુશીબતો ઉભી કરશો.

બારે રાશિવાળાના આવક-ખર્ચનો કોઠો

રાશિ	ફાલ્ગુન સુધી આવક-ખર્ચ	અશ્વિન સુધી આવક-ખર્ચ
મેષ	૦૮-૦૫	૦૮-૧૪
વૃષભ	૦૨-૧૪	૦૨-૦૮
મિથુન	૦૮-૧૧	૦૫-૦૨
કર્ક	૦૨-૦૮	૧૪-૦૨
સિંહ	૦૫-૦૫	૦૨-૧૧
કન્યા	૦૮-૧૧	૦૫-૦૨
તુલા	૦૨-૧૪	૦૨-૦૮
વૃશ્ચિક	૦૮-૦૫	૦૮-૧૪
ધન	૦૫-૧૧	૧૧-૦૫
મકર	૧૪-૧૧	૧૪-૧૪
કુંભ	૧૪-૧૧	૧૪-૧૪
મીન	૦૫-૧૧	૧૧-૦૫

સ્થાવર-જંગમ મિલકતમાં પણ કંઇ ને કંઇ પરેશાની ઉભી થાય. નવી સંપત્તિ વસાવવાનો કે જૂનીને વેચવાનો યોગ બને છે. અતિ પુરાણી સંપત્તિને નવી બનાવી શકાય. ધ્યાન નહીં રાખો તો તમારી સંપત્તિ કોઇ પચાવી પાડતું પણ જણાય છે. કાળજી લેશો. મુસાફરી યોગ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી શકય બને છે. જાત્રા-પ્રવાસ કરી શકાય.અચાનક જ બધુ ગોઠવાઇ જાય. ભાગ્યનો સહકાર સારો મળે છે. મિત્ર વર્ગ જ દુશ્મન બનતો જણાય છે. કાળજી લેવી. જે કઇંપણ સાહસ કરો તો તે સમજીને કરશો. નહીંતર પસ્તાવાનો વારો આવશે અને ધર્મ ઉપરથી વિશ્વાસ ઉઠી જશે. હવે ગ્રહો તમારા જિવનના જૂદા જૂદા ક્ષેત્રે કેવું ફળ આપે છે તે જોઇશું.

આરોગ્યની દૃષ્ટિએ :- વર્ષની શરૂઆતથી જ આપની તબિયત નરમ રહેતી જણાય છે. ૧૭-૧૧-૨૦૦૯ સુધી વાયરલ ઈન્ફેકશન લાગવાની શક્યતા પૂરેપૂરી રહેલી છે. જેને ફેફસાની તક્લીફ હોય તેમણે વધુ કાળજી લેવી પડશે. તાવ અને લોહીનું દબાણ બંનેથી પરેશાન થવાય. ૨૭-૧૧-૨૦૦૯ થી આપ થાક-બેચેની અને સુસ્તી અનુભવશો. લગભગ એપ્રિલ માસના અંત સુધી આ સ્થિતિ રહેશે. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ સુધી આપને પેટની બિમારીથી પરેશાની અનુભવવાની થાય છતાં પણ હરી-ફરી શકો અને સ્વસ્થતા અનુભવી શકશો. ૨૦-૧૦-૨૦૧૦ થી વર્ષાન્ત સુધી એટલે કે દિવાળીના દિવસોમાં કાળજી વધુ લેશો. જો ધ્યાન નહીં રાખો તો ઝાડા થઇ જવાની શક્યતા રહે છે. આમ જોવા જઇએ તો મોટી બિમારી કોઇ નહીં પણ આખું યે વરસ કઇં ને કઇં રીતે શારીરિક રીતે પરેશાની અનુભવવાની થાય અને તેથી કરીને ૨૭-૦૧-૨૦૧૦ પછીથી અચાનક દવાખાનાની મુલાકાતો લેવાનો વારો આવી શકે. ગણપતિજીની પૂજા-આરાધનાથી વિશેષ રાહત મળતી જણાશે. જૈનોએ વાસુપૂજ્ય સ્વામિનું આરાધન કરવું ઉચિત રહેશે.

આર્થિક દૃષ્ટિએ :- વર્ષના પૂર્વાર્ધમાં નાણાં ગૂમાવવાના કે ફસાવાના યોગ વધુ રહે છે. જ્યારે વર્ષાન્તે પરિસ્થિતિ ઘણી સારી હશે. વર્ષની શરૂઆતથી ૦૩-૧૧-૨૦૦૯ સુધી નાણાં સમજીને આપવા. નાણાંના લીધે બોલવાનું થાય અને સંબંધોમાં દુશ્મનાવટ ઉભી થતી જણાશે. સહકારીય કામકાજમાં પણ સાચવવું જરૂરી થઇ પડશે. ૨૭-૧૧-૨૦૦૯ થી ૨૧-૧૨-૨૦૦૯ દરમિયાન આવક થશે અને વપરાઇ પણ જશે. આપને ધંધામાં પણ લાભ મેળવવા વધુ મજૂરી કરવી પડશે. નોકરિયાત વર્ગને બદલી-બઢતી કે બંનેની શકયતા ૨૦-૧૨-૨૦૦૯ સુધી રહેલી છે. ૨૧-૧૨-૨૦૦૯ થી ભાગ્યના જોરે ધન મળતું રહેશે. વિધર્મી તરફનું આકર્ષણ વધે અને તે તમને જાત જાતના નુસખા બતાવી શકે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન તમો જે પણ કામ કરશો તેનું વળતર તમને મળશે. જો કે આ જ સમય દરમિયાન સહકારીય કામમાં બહુ ધ્યાન રાખશો. ૦૬-૦૨-૨૦૧૦ થી ૦૨-૦૩-૨૦૧૦

દરમિયાન વધારાની આવક ઉભી થઈ શકે. ૧૯-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ દરમિયાન સંતાનથી કે સટ્ટાથી ફાયદાની અપેક્ષા બહુ રાખશો નહીં. ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૧-૦૩-૨૦૧૦ દરમિયાન સટ્ટાકીય બાબતોમાં બહુ કાળજી લેશો. ૧૮-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન નાણાં ગૂમાવવાનો કે ખર્ચો કરવાનો પ્રબળ યોગ બને છે. ૦૯-૦૬-૨૦૧૦ સુધી નાણાંની આવક સારી થાય. ૦૯-૦૬-૨૦૧૦ થી ઘરમાં ધન વપરાતું જણાય અને તમે સટ્ટાકીય કામમાં વિશેષ રસ લેતા બની શકો. ૦૫-૦૭-૨૦૧૦ થી ૦૧-૦૮-૨૦૧૦ દરમિયાન તમે સટ્ટામાં નાણાં લગાડો પણ ૧૭-૦૭-૨૦૧૦ થી નાણાંનું રોકાણ થઈ જતું જણાશે. અથવા ગૂમાવવા પડે. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન તમારા નાણાં હાથ નીચેના માણસો વાપરતા ન થાય તેનું ધ્યાન રાખજો. પછીથી વર્ષાન્ત સુધી સારૂં જણાય છે. આર્થિક ક્ષેત્રે આવું ફળ મળી શકે.

કૌટુંબિક દૃષ્ટિએ :- બોલવામાં કાળજી નહીં રાખો તો દુશ્મનો વધી જશે પછીથી તે કુટુંબના સભ્યો જ કેમ ના હોય !! કુટુંબીજનોનું સુખ આ વર્ષે ઓછું મળતું જણાય છે. અને ઘરમાં પણ અશાંતિ રહેતી હોય તેવું ગ્રહો જણાવે છે. નાના ભાઈ બહેનની ભાષા તોછડી રહેશે. તેઓ જ દુશ્મનનું કામ કરશે. વર્ષારંભે તો તેમનું સ્વાસ્થ્ય પણ સારૂં નહીં હોય. નાણાંકીય કટોકટી પણ રહે. અભ્યાસ કરતાં નાના ભાઈ બહેનો પાસ તો થઈ જશે પણ બહુ સારૂં પરિણામ ન પણ લાવી શકે. નોકરિયાત ભાઈ બહેનને મે, ૨૦૧૦ થી વર્ષાન્ત દરમિયાન બદલી - બઢતી કે બંને મળી શકે. અવિવાહિતના લગ્ન થવાની શક્યતા વર્ષાન્તે વધુ રહે. માતા માટે લાગણી-ખેંચાણ વધુ રહે. માતાની તબિયત બગડતી જણાય. કદાચં એકાદ વાર શસ્ત્રક્રિયા કરવાનો વારો પણ આવી શકે. નોકરિયાત માતાને બદલી કે બઢતીની શક્યતા જણાતી નથી. સિવાય કે તેમને જન્મના ગ્રહોની મદદ મળતી હોય તો જૂદી વાત છે. તેમના નામે સ્થાવર-જંગમ મિલકતમાં પણ ફેરફાર થતો જણાતો નથી. સંતાનની આવક વધે. મોજશોખ પણ વધશે. અભ્યાસ કરતાં સંતાનોએ વધુ કાળજી લેવી પડશે તેમનું પરિણામ આંચકાજનક પણ આવી. શકે. અવિવાહિત સંતાનના લગ્નની શક્યતા રહેલી છે. નોકરી ઈચ્છુક સંતાનોને નોકરી મળવાની શક્યતા છે પણ તેમાં તેમણે બાંધછોડ કરવી પડશે. જીવનસાથીની મક્કમતા વધતી જણાય છે. તેમના મનમાં શું ચાલે છે તે સમજવું પણ મુશ્કેલ થઈ પડશે. તેમને નાણાંભીડ પણ ઉઠાવવાનો વારો આવી શકે. તેમને મુસાફરીનો યોગ સારો છે. જો તેઓ નોકરી કરતાં હશે તો બદલીની કે બઢતીની શક્યતા વધુ રહેલી છે. તેમના નામે સંપત્તિ કરતાં પહેલાં થોડો વિચાર કરજો. પિતાનું સ્વાસ્થ્ય પૂર્વાધમાં પણ એટલું સારૂં ન રહે અને ઉત્તરાર્ધમાં પણ ન રહે. નોકરિયાત પિતાને કપરો સમય આવી શકે. ધન મળતું રહે પણ રાતોની ઊંઘ હરામ કરીને..... પિતાના નામે સંપત્તિમાં ફેરફાર ૨૦-૦૭-૨૦૧૦ પછીથી કરવો હિતાવહ રહેશે. જો તેઓનો ધંધો ભાગીદારીનો હશે તો ભાગીદારીમાં બદલાવ આવી શકે. મોટા ભાઈ-બહેનનું વર્તન વિચિત્ર રહેશે. તેમને પણ માંદગીનું આવરણ આવી જાય તો નવાઈ નહીં. જો કે ૧૭-૧૧-૨૦૦૯ પછીથી તેઓ સટ્ટાકીય પ્રવૃત્તિથી સંકળાયેલા હોય તો કાળજી વધુ લેવાની રહેશે. જો તેઓ નોકરીયાત હશે તો બદલી કે બઢતીની શક્યતા ઓછી રહે છે. આમ ઉપર છલ્લી દૃષ્ટિએ જોતા કૌટુંબિક દૃષ્ટિએ આ મુજબનું ફળ મળતું જણાય છે. વધારે પ્રમાણમાં દુઃખી થવાનું છે. દરેકનાં પોત પોતાના ભાગ્યની વાત છે.

સ્થાવર જંગમ મિલકતની દૃષ્ટિએ :- આ વર્ષે આપની સંપતિમાં ઘટાડો ન થાય તેની કાળજી લેશો. કોઈને કોઈ પ્રકારની છેતરપીંડી સંભવે છે. નવી વસાવવાની થાય તો પણ ચકાસણી પહેલાં કરજો. વારસામાં કોઈ મૃત વ્યક્તિની સંપત્તિ મળે તો તેને તમારા નામ ઉપર કરવાની ઉતાવળ બિલકુલ કરશો નહીં, તે વિધિ ૨૬-૦૫-૨૦૧૦ પછીથી થાય તે ઈચ્છનીય રહેશે. ત્યારબાદ સંપતિમાં ફેરફારનો યોગ પણ બને છે. ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૭-૧૧-૨૦૦૯ દરમિયાન ઘરેણાં કે વાહન તથા મોજશોખની ચીજ વસ્તુઓ વસાવી શકાશે. ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન કોઈપણ પ્રકારનું ઘરેણું કે દાગીનો વસાવો તો કાળજી લેશો, તેમાં જરૂરથી છેતરાશો અને પસ્તાશો. ૦૬-૦૨-૨૦૧૦ સુધી હીરાના દાગીનામાં બહુ જ કાળજી રાખવી. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન વસાવેલ દાગીના-જણસની વાહ-વાહ થતી જણાશે. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન વસાવેલ દાગીના કુટુંબીજનોમાં પણ ખ્યાતિ મેળવશે. ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન જમીન-મકાન-સ્થવાર જંગમ મિલકતમાં રોકાણ કરી શકાશે અને તે મનમોહક પણ બની રહેશે.

સંતાનની દૃષ્ટિએ :- સંતાનને મોજશોખ વધુ જોઈશે. અને નવા વર્ષની શરૂઆતે ખાણીપીણીમાં ધ્યાન નહીં રાખે તો દવાખાનાની મુલાકાત જરૂરથી તેમણે લેવી પડશે. અભ્યાસ કરતાં સંતાનોને ધ્યાન વિશેષ રાખવું પડશે નહીંતર છેલ્લી ઘડીએ રાત્રિના ઉજાગરા કરવાના થશે અને માંદગી ભોગવવાની થશે. ૨૬-૦૫-૨૦૧૦ સુધી અભ્યાસમાં ધ્યાન પરોવવાનું થશે. ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન સંતાનોએ સ્વાસ્થ્યની બાબતે બરાબરની કાળજી લેવાની થશે તે નક્કી વાત છે. ૧૭-૧૧-૨૦૦૯ પછીથી અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતાં સંતાનોનો અભ્યાસ વધુ બગડતો જણાય છે. અભ્યાસ કરી રહ્યા પછી જેમને નોકરીની ઈચ્છા હશે તેમને નોકરી મળી જશે. પણ હાલમાં તો જે મળે તે સ્વીકારી લેવી હિતાવહ રહેશે. વધારે સારી નોકરીની અપેક્ષા સન ૨૦૧૧માં રાખી શકાય.નોકરી કરતાં સંતાનોને બદલીની શક્યાતા વધુ રહે છે. ૨૦-૧૨-૨૦૦૯ પહેલાં બદલી સંભવી શકે છે. લગ્નોત્સુકના લગ્ન લગભગ વર્ષાન્તે સંભવી શકે છે. સિવાય કે તેમની પોતાની કુંડળીમાં યોગ થયો હોય તો વાત જૂદી છે. અને આપને સંતાન પ્રાપ્તિનો યોગ ઓછો બેસે છે તેવી જ રીતે પરિણીત સંતાનને પણ યોગ ઓછો બેસે છે. છતાં યે ગર્ભવતી સ્ત્રીઓએ કાળજી લેવી પડશે નહીંતર કસુવાવડ-ગર્ભપાત થવાના યોગો વિશેષ બને છે. આ વર્ષે સંતાને ઘર લેતા પહેલાં વિચાર કરવાની જરૂર રહેશે નહીંતર દેવામાં ઉતરી જશે. સંતાનને ૧૭-૧૧-૨૦૦૯ સુધી પરદેશ જવાના યોગ બને છે. સંતાનના મિત્રોની નજર સંતાનના ધન ઉપર જ હશે. સંતાને સટ્ટાકીય બાબતોથી બહુ જ ધ્યાન રાખવું પડશે. નહીંતર ઘણું બધું ગૂમાવવાનો વારો આવશે. આમ સંતાનથી જેટલો સંતોષ મળવો જોઈએ તેટલો મળતો જણાતો નથી. ભાગ્યની વાત છે.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! મહેનત ઘણી કરવી પડશે. પાસ તો થઈ જવાશે પણ નકદીરનો જેટલો સાથ જોઈએ તેટલો મળતો જણાતો નથી તે પણ હકીકત છે. ધો.૧૨ કે તેથી નીચેના વર્ગોમાં ભણતા બાળકોએ ભણવામાં કાળજી લેવી. ભણવામાં દુશ્મનાવટ ઉભી થતી જણાય છે. તમારા મિત્રો જ તમારા દુશ્મન બને છે તે સમજવું બહુ જ જરૂરી છે. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન રાત્રિના ઉજાગરા કરવાના ... પાણીને દોડવાનું મન થાય. કાળજી લેશો તો બચી જશો નહીંતર ધુતારાઓના ભોગ બનશો. ૧૮-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન આત્મવિશ્વાસ ગૂમાવશો તો ઘણું ગૂમાવશો. ખાસ કરીને વાણિજ્ય વિભાગના બાળકોએ વધુ કાળજી લેવી. વિજ્ઞાન વિભાગના બાળકોને ખાસ કરીને ભૌતિક શાસ્ત્રમાં ધ્યાન વધુ રાખવું; જેમણે કોમ્પ્યુટરનો વિષય લીધો હશે તેમને ઘણો ફાયદો થશે. ધો.૧૦ થી નીચેના બાળકોએ ગણિતમાં થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમે બિમાર ન પડો તેની પણ કાળજી ખાસ લેજો જ. સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ સમજી વિચારીને મહેનત કરવી પડશે નહીંતર કરેલી મહેનત માથે પડશે. જેટલી પણ ઉતાવળ કરશો તે વ્યર્થ સાબિત થશે. સેમિસ્ટર પદ્ધતિથી જેમને પરીક્ષા આપવાની થાય છે તેમણે ૨૦-૧૨-૨૦૦૯ પછીથી શરૂ થતી પરીક્ષામાં વધુ ધ્યાન આપવું પડશે. દાક્તરી શાખાના વિદ્યાર્થીઓએ પગના ભાગોને અનુલક્ષીને પૂછાતા પ્રશ્નોમાં વધુ ધ્યાન આપવું. તો ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન હૃદયને લગતા પ્રશ્નો તથા આંખને લગતાં પ્રશ્નો ઉપર વધુ ધ્યાન આપવું. ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર એન્જી.માં વિશેષ ધ્યાન આપવું પડશે. હાર્ડ ડીસ્ક અને પ્રોગ્રામીંગ બંનેમાં ધ્યાન લેવું પડશે. વાણિજ્ય શાખાના વિદ્યાર્થીઓને ઉચ્ચ વર્ગથી પાસ થવું અઘરૂં થઈ પડશે. એકાઉન્ટીંગના વિષયમાં તથા સી.સી.ના પેપરમાં વધુ ધ્યાન રાખશો. વિનયન શાખાના વિદ્યાર્થીઓને બહુ અઘરૂં લાગશે નહીં. તથા કાયદાશાસ્ત્રના વિદ્યાર્થીઓને બહુ વાંધો આવશે નહીં. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને બહુ વાંધો આવશે નહીં. પણ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી જેમને પરીક્ષા આપવાની થશે તેમને બહુ અઘરૂં બની રહેશે. નસીબનો સાથ બિલકુલ નહીં મળે. સંશોધન ક્ષેત્રથી જેઓ સંકળાયેલા હશે તેમને વારંવાર સુધારા વધારા કરવાનો વારો આવશે. તેમને કાગળો રજૂ કરવા માટે ૧૪-૦૪-૨૦૧૦ થી ૦૨-૦૫-૨૦૧૦ તથા ૧૬-૦૭-૨૦૧૦ થી ૧૭-૦૯-૨૦૧૦ દરમિયાનનો સમય અતિશ્રેષ્ઠ બની રહેશે. વિદ્યાર્થી મિત્રો જેમને કામ કરવું છે તેમને કામ મળી રહેશે પણ તેમને ૦૨-૦૫-૨૦૧૦ પછીથી દૂર જવાનું થાય. તથા ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન નોકરી વધુ પડતી હોંશિયારી બતાવવા જશો તો નોકરી હાથમાંથી જતી રહેતી જણાય છે. માટે ખાસ

સાચવજો. જેમને પરદેશ જવું હશે તેમને મે-૨૦૧૦ થી ૦૧-૧૧-૨૦૧૦ સુધી યોગ સારો બને છે. પ્રયત્ન કરી શકાય. ટૂંકમાં આ વર્ષે તમારે નસીબ ઉપર આધાર રાખીને કર્મઠ બનીને કર્મ જ કરવાનું છે તો જ તમે મહેનતનું ફળ પ્રાપ્ત કરી શકશો અન્યથા નહીં જ. આપને આરાધના કરવી હોય તો ગણપતિજીની અને સરસ્વતી દેવીની એમ બંનેની જરૂરી થઈ પડશે. જન્મના ગ્રહો સારા હશે તો બહુ ખરાબ પરિણામ ભોગવવાનો વખત આવશે નહીં. ભગવાન ભલું કરે.

સ્ત્રીઓ માટે :- બહેનો ! આ વર્ષ તમારા માટે ઉચાટવાળું રહેશે. હૃદયને શાંતિ મળવી મુશ્કેલ રહેશે. એક પ્રકારનો મુંઝારો રહે. ઘરની અંદર રહેવાનું મન ન થાય તેવું વર્ષના પૂર્વાર્ધમાં રહ્યા કરે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ જોઈએ તો વર્ષની શરૂઆતથી ૧૭-૧૧-૨૦૦૯ સુધી લોહીની ગરબડ જણાય, જેમના જન્મના ગ્રહો સારા નહીં હોય અને કદાચ દાક્તર પાસે જશો તો સ્તનના કૅન્સરનું નિદાન હાથમાં પકડાવી દે તો નવાઈ પામશો નહીં. ધીરજ રાખશો. ૨૦-૧૨-૨૦૦૯ સુધી ગાંઠ જણાય તેવું લાગે જે આપને બેચેન બનાવી દેશે. ૨૬-૦૫-૨૦૧૦ થી ૨૦-૦૭-૨૦૧૦ સુધી ઘણું સારૂં રહેશે. જ્યારે ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન પેટના દુખાવાની બૂમ ઉભી થતી જણાય છે. છતાંપણ સ્વાસ્થ્યને બહુ વાંધો આવે નહીં. જ્યારે ૨૦-૧૦-૨૦૧૦ થી વર્ષાન્ત સુધી તબિયતની કાળજી વિશેષ લેશો. કૌટુંબિક દૃષ્ટિએ બોલવામાં ધ્યાન નહીં રાખો તો દુશ્મનો ઉભા કરશો. કુટુંબીજનો આર્થિક માંગણી પણ અવશ્ય કરશે. સમજી-વિચારીને મદદ કરજો. માતાની તબિયત વિશેષ નબળી રહે અને કદાચ નવા વર્ષમાં શસ્ત્રક્રિયા પણ તેમને કરાવવાની થાય. નાના ભાઈ બહેન દુશ્મનની ગરજ સારશે. જો કે તેમના લગ્નજીવનમાં પણ તકલીફો પડતી જણાય છે. તો સંતાનનું દિમાગ ગરમ રહેશે. તેઓ અભ્યસ પરત્વે થોડે ઘણે અંશે લાપરવાહ રહેશે. તથા તેમના વિવાહ કરો તો સમજીને કરશો. વિવાહ તૂટવાના યોગો તેમને બને છે. હરિફ વર્ગ થોડો મજબૂત બનતો જણાય છે. પતિદેવનું સ્વાસ્થ્ય ઠીક ઠીક રહે. પણ તેમની આર્થિક સ્થિતિ એટલી બધી સધ્ધર ન રહે. કદાચ તેમની નોકરી છૂટી જાય તો પણ નવાઈ નહીં. જો તેઓ સટ્ટાકીય સાહસ કરતાં હોય સમજીને કરવું નહીંતર નુકશાની જશે. પિતાને તેમનું ભાગ્ય ફળતું જણાય છે. તેમની નાણાંકીય સ્થિતિ સારી રહે. મોટાભાઈ બહેન દુશ્મન ન બને તેની કાળજી લેવાની રાખશો. આમ કૌટુંબિક દૃષ્ટિએ પણ વર્ષ થોડું નિરાશા-જનક જણાય છે. આપ જો અભ્યાસ કરતાં હોવ તો પરીક્ષાની તૈયારી પૂરતી કરશો. તેમાં પણ સ્નાતક-અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતી બહેનોએ વિશેષ કાળજી લેવાની રહેશે. જો સંશોધનથી સંકળાતા હોવ તો બરાબરનો અભ્યાસ કરીને કાગળો રજુ કરશો, વારંવાર સુધારા વધારા કરાવશે. જેમને નોકરી કરવી હશે તેમને કામકાજ મળી જશે પણ બાંધછોડ કરવી પડશે. જેઓ નોકરી કરતાં હશે તેમને બદલી કે બઢતી કે બંને ૨૦-૧૨-૨૦૦૯ સુધીમાં મળી શકે નહીંતર પછી ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીમાં બદલી થાય અને દૂર જવાનું શક્ય બને. જે બહેનોના વિવાહ-લગ્ન થયા નથી અને ઈચ્છુક હશો તો ૨૦-૧૨-૨૦૦૯ પછીથી યોગ બને છે. જેઓ પરિણીત છે અને સંતાન ઈચ્છુક છે તેમને પણ ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન સંતાન પ્રાપ્તિનો યોગ બને છે. આ વર્ષે તમારા નામે સંપત્તિ વસાવવાના હોવ તો ૨૬-૦૫-૨૦૧૦ સુધી ઉતાવળ કરશો જ નહીં. પછીથી યોગ બને છે અને સંપત્તિમાં ફેરફાર આવી શકે. મિત્રવર્ગથી ઠીક ઠીક રહે પણ તેઓ તમારા દુશ્મન બને છે જે જાહેરમાં ખબર પડતાં વાર લાગશે. સાચવજો. ૧૭-૧૧-૨૦૦૯ થી તમારા પ્રેમીજનને સમજવા અઘરા થઈ પડશે અને તેઓ કપટી અને પ્રપંચી બની જશે. આપને આ વર્ષે ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત દરમિયાન જાત્રા-પ્રવાસના યોગો સારા બને છે. તો બીજી બાજુએ આ વર્ષે ધર્મ પરત્વેનો વિશ્વાસ ડગમગી જશે અને વિધર્મ તરફનું આકર્ષણ વધતું જણાશે. આપને આરાધના કરવી હોય તો ખાસ કરીને ગણપતિજીની અને ભૈરવદાદાની કરવા માટે સૂચના કરી શકાય. સ્વાસ્થ્ય સારૂં તો બધું જ સારૂં માટે કાળજી લઈ શકાય તો લેશો.

વિશેષ વિગતો :- વિ.સં. ૨૦૬૬ની શરૂઆત જ આપને માટે જાણે મુશ્કેલીઓ લઈને આવી ના હોય તેવું લાગશે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ જો ૧૭-૧૧-૨૦૦૯ સુધી ખાવા-પીવામાં ધ્યાન નહીં રાખો તો ખાધા-પીધાની ઝેરી અસર ઉભી થવાની શક્યતા રહે છે. અને તેના લીધે ૨૪-૧૦-૨૦૦૯ થી ૦૬-૧૧-૨૦૦૯ દરમિયાન ગભરામણ સંભવે. બ્લડ પ્રેશરમાં ફેરફાર થાય. [illegible]-૨૦૦૯ થી કૌટુંબિક સંબંધો સુધરતાં જણાય અને નાણાંકીય રાહત મળતી જણાશે. ૧૨-૧૧-૨૦૦૯ સુધી હરિફ વર્ગ તમારું ધ્યાન બરાબર રાખશે અને એવું તમે પણ તેમનું ધ્યાન રાખશો જ. ૧૬-૧૧-૨૦૦૯ થી સટ્ટાકીય કામમાં કાળજી લેશો. ૧૯-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન કોઈ મોટો ઝાટકો ન લાગે તેની કાળજી લેશો. ૨૧-૧૨-૨૦૦૯ સુધી નાણાં આવશે અને ક્યાં ખર્ચાઈ જશે તેની ખબર જ નહીં પડે. ટૂંકમાં ૨૭-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન નાણાંકીય તંગી ઘણી મોટી ભોગવવાની આવી શકે અને કુટુંબીજનો પણ પરેશાન કરી મૂકે. ૧૬-૧૨-૨૦૦૯ થી સંતાનોના અભ્યાસમાં તકલીફ રહે તથા તેમના સટ્ટાકીય કામમાં પણ તકલીફ ૨૯-૧૨-૨૦૦૯ સુધી અનુભવાશે જો કે ૧૭-૧૨-૨૦૦૯ થી શુક્રનો અસ્ત થતાં પારિવારીક તથા ભાગીદારીનું સુખ ઓછું મળતું જણાશે તે ૦૬-૦૨-૨૦૧૦ સુધી રહેશે. ૦૬-૦૨-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન કામકાજમાં ઘણી બધી ગરબડ સર્જાશે. હરિફ વર્ગ તથા હાથ નીચેના માણસો થકી પરેશાન થવાશે. ૨૬-૦૨-૨૦૧૦ સુધી હરિફોથી સાવધ રહેવું. જો કે દલાલીનું કામ સારૂં ચાલશે; કામમાં વધારો પણ થાય. ૧૩-૦૨-૨૦૧૦ થી સટ્ટાકીય પ્રવૃત્તિઓમાં વેગ આવે, હિંમતથી આગળ વધવાનો પણ પ્રયત્ન કરશો. ૦૨-૦૩-૨૦૧૦ સુધી ધંધામાં સારો લાભ ગત જન્મના શુભ કર્મોના ફળરૂપે મળી રહે. ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૧-૦૩-૨૦૧૦ દરમિયાન સંતાન જોડે બરાબરનો ટકરાવ થાય; નાણાંભીડ પુષ્કળ રહે; ૨૭-૦૩-૨૦૧૦ સુધી ખર્ચો જ ખર્ચો રહે અને ધ્યાન નહીં રાખો અને જો જન્મના ગ્રહો ખરાબ હશે તો ખોટા કેસમાં સંડોવવાનું પણ શક્ય બને. ગુસ્સા ઉપર કાબૂ રાખજો. ભાગીદાર પણ વિપરીત્ રીતે વર્તશે. ૩૦-૦૩-૨૦૧૦ થી તમે હરિફ વર્ગ ઉપર કાબૂ મેળવી લેશો. નોકર ચાકર કહ્યું માનશે. ૨૦-૦૪-૨૦૧૦ સુધી હિંમત આવશે અને કુટુંબીજનો પણ સહકાર આપશે. ૨૦-૦૪-૨૦૧૦ થી સારું એવું ધન પ્રાપ્ત થતું જણાય છે, ૧૫-૦૬-૨૦૧૦ સુધીનો સમય ઘણો સારો રહેશે. જો કે ૦૨-૦૫-૨૦૧૦ થી પરદેશગમન કે જાત્રા પ્રવાસના યોગો બને છે. ૨૬-૦૫-૨૦૧૦ થી તબિયતમાં સુધારો થતો જણાશે. ૨૨-૦૬-૨૦૧૦ થી ૦૬-૦૭-૨૦૧૦ દરમિયાન નાના ભાઈ બહેન ને શારીરિક તકલીફ અચાનક આવતી જણાય છે. તમે દરમિયાનગીરી કરો તો પણ સમજીને કરશો. તમારું અપમાન કરવાના મૂડમાં પણ હોઈ શકે. આપે પણ કોઈપણ પ્રકારના પરાક્રમથી દૂર રહેવાની જરૂર ખરી જ. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન શારીરિક સ્વસ્થતા ઓછી રહેશે. લોહીના દબાણની સાથે સાથે પેટમાં દુખાવાની ફરિયાદ રહેશે. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન જીવનસાથી કે ભાગીદાર શંકાની નજરે જોશે. જીવનસાથીનો ખર્ચો અને મોજશોખ બંને વધી જશે. વધારે ગળ્યું-મીઠું ખાશો તો ડાયાબિટીશ ઊંચો આવશે. ૦૧-૦૯-૨૦૧૦ થી કુટુંબીજનો સાથેનો ઝઘડો ઓછો થતો જણાશે. અરસ પરસ સુલેહ-સંપ થઈ જાય. મોજભર્યુ વાતાવરણ બને. ૧૭-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન ધાર્મિક-જાત્રા-પ્રવાસ કે મુસાફરી કરવાના હોવ તો સહેજ કાળજી લેશો નહીંતર ખોટી રીતે હેરાન પરેશાન થશો. પરદેશગમન પણ શક્ય બને. આ વર્ષે બને તો મિત્રોથી બહુ જ સાવધાન થઈ જશો નહીંતર પરેશાની અનુભવશો અને તેમાં પણ "પ" નામથી ખાસ જ. બાકી બધું સારૂં છે. જો આપને આરાધના કરવી હોય તો ગણપતિજીની ખાસ કરજો, જૈનોએ બને તો વાસુપૂજ્ય સ્વામિની કરવી. સારા સમયમાં સહુ સહયોગી અને ખરાબ સમયમાં ન રાખવી આશા ખુદના પડછાયાની આ નીતિને જો જીવનમાં ઉતારી શકશો તો જ સુખી થઈ શકશો અન્યથા કોઈને દોષ દેવાની જરૂર નથી.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- નૂતન વર્ષારંભે ખાવા પીવામાં કાળજી લેશો. નહીંતર ઉલટીઓ થઈ જતાં બેચેની વધી જશે. કુટુંબીજનોથી સહકાર ઓછો પ્રાપ્ત થાય. સામાજિક ક્ષેત્રથી પણ તકલીફો ઉઠાવવાની થાય. જીવનસાથી તરફથી સહકાર ઓછો પ્રાપ્ત થાય. સંતાન આપનું ધ્યાન રાખે છતાંપણ તેમના તરફથી પરેશાની રહે. તા. ૨૫-૧૦ થી આપ દલીલબાજી વધુ કરો. જીવસાથીનું તકદીર-ભાગ્ય કામ કરતું થાય. તા. ૧૨-૧૧ થી આપનો હરિફ વર્ગ ઓછો થાય. તેમનું કંઈ ઉપજે નહીં. પરાક્રમ કદાચ નિષ્ફળ નિવડે. તા. ૦૪-૧૧ થી કામકાજમાં મન પરોવાય. મહિનો સારો છે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- તબિયતમાં ધીમો સુધારો જોવા મળશે. નાણાંકીય પરિસ્થિતિ પણ સારી રહે. આપને કામમાં સારો એવો રસ પણ પડે અને અર્થોપાર્જન પણ

દરમિયાન વધારાની આવક ઉભી થઈ શકે. ૧૯-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ દરમિયાન સંતાનથી કે સહાયી ફાયદાની અપેક્ષા બહુ રાખશો નહીં. ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૧-૦૩-૨૦૧૦ દરમિયાન સહાકીય બાબતોમાં બહુ કાળજી લેશો. ૧૮-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન નાણાં ગૂમાવવાનો કે ખર્ચો કરવાનો પ્રબળ યોગ બને છે. ૦૯-૦૬-૨૦૧૦ સુધી નાણાંની આવક સારી થાય. ૦૯-૦૬-૨૦૧૦ થી ઘરમાં ધન વપરાતું જણાય અને તમે સહાકીય કામમાં વિશેષ રસ લેતા બની શકો. ૦૫-૦૭-૨૦૧૦. થી ૦૧-૦૮-૨૦૧૦ દરમિયાન તમે સટ્ટામાં નાણાં લગાડો પણ ૧૭-૦૭-૨૦૧૦ થી નાણાંનું રોકાણ થઈ જતું જણાશે. અથવા ગૂમાવવા પડે. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન તમારા નાણાં હાથ નીચેના માણસો વાપરતા ન થાય તેનું ધ્યાન રાખજો. પછીથી વર્ષાન્ત સુધી સારૂં જણાય છે. આર્થિક ક્ષેત્રે આવું ફળ મળી શકે.

કૌટુંબિક દૃષ્ટિએ :- બોલવામાં કાળજી નહીં રાખો તો દુશ્મનો વધી જશે પછીથી તે કુટુંબના સભ્યો જ કેમ ના હોય !! કુટુંબીજનોનું સુખ આ વર્ષે ઓછું મળતું જણાય છે. અને ઘરમાં પણ અશાંતિ રહેતી હોય તેવું ગ્રહો જણાવે છે. નાના ભાઈ બહેનની ભાષા તોછડી રહેશે. તેઓ જ દુશ્મનનું કામ કરશે. વર્ષારંભે તો તેમનું સ્વાસ્થ્ય પણ સારૂં નહીં હોય. નાણાંકીય કટોકટી પણ રહે. અભ્યાસ કરતાં નાના ભાઈ બહેનો પાસ તો થઈ જશે પણ બહુ સારૂં પરિણામ ન પણ લાવી શકે. નોકરિયાત ભાઈ બહેનને મે, ૨૦૧૦ થી વર્ષાન્ત દરમિયાન બદલી - બઢતી કે બંને મળી શકે. અવિવાહિતના લગ્ન થવાની શક્યતા વર્ષાન્તે વધુ રહે. માતા માટે લાગણી-ખેંચાણ વધુ રહે. માતાની તબિયત બગડતી જણાય. કદાચ એકાદ વાર શસ્ત્રક્રિયા કરવાનો વારો પણ આવી શકે. નોકરિયાત માતાને બદલી કે બઢતીની શક્યતા જણાતી નથી. સિવાય કે તેમને જન્મના ગ્રહોની મદદ મળતી હોય તો જૂદી વાત છે. તેમના નામે સ્થાવર-જંગમ મિલકતમાં પણ ફેરફાર થતો જણાતો નથી. સંતાનની આવક વધે. મોજશોખ પણ વધશે. અભ્યાસ કરતાં સંતાનોએ વધુ કાળજી લેવી પડશે તેમનું પરિણામ આંચકાજનક પણ આવી. શકે. અવિવાહિત સંતાનના લગ્નની શક્યતા રહેલી છે. નોકરી ઈચ્છુક સંતાનોને નોકરી મળવાની શક્યતા છે પણ તેમાં તેમણે બાંધછોડ કરવી પડશે. જીવનસાથીની મક્કમતા વધતી જણાય છે. તેમના મનમાં શું ચાલે છે તે સમજવું પણ મુશ્કેલ થઈ પડશે. તેમને નાણાંભીડ પણ ઉઠાવવાનો વારો આવી શકે. તેમને મુસાફરીનો યોગ સારો છે. જો તેઓ નોકરી કરતાં હશે તો બદલીની કે બઢતીની શક્યતા વધુ રહેલી છે. તેમના નામે સંપત્તિ કરતાં પહેલાં થોડો વિચાર કરજો. પિતાનું સ્વાસ્થ્ય પૂર્વાધમાં પણ એટલું સારૂં ન રહે અને ઉત્તરાર્ધમાં પણ ન રહે. નોકરિયાત પિતાને કપરો સમય આવી શકે. ધન મળતું રહે પણ રાતોની ઊંઘ હરામ કરીને..... પિતાના નામે સંપત્તિમાં ફેરફાર ૨૦-૦૭-૨૦૧૦ પછીથી કરવો હિતાવહ રહેશે. જો તેઓનો ધંધો ભાગીદારીનો હશે તો ભાગીદારીમાં બદલાવ આવી શકે. મોટા ભાઈ-બહેનનું વર્તન વિચિત્ર રહેશે. તેમને પણ માંદગીનું આવરણ આવી જાય તો નવાઈ નહીં. જો કે ૧૭-૧૧-૨૦૦૯ પછીથી તેઓ સહાકીય પ્રવૃત્તિથી સંકળાયેલા હોય તો કાળજી વધુ લેવાની રહેશે. જો તેઓ નોકરીયાત હશે તો બદલી કે બઢતીની શક્યતા ઓછી રહે છે. આમ ઉપર છલ્લી દૃષ્ટિએ જોતા કૌટુંબિક દૃષ્ટિએ આ મુજબનું ફળ મળતું જણાય છે. વધારે પ્રમાણમાં દુઃખી થવાનું છે. દરેકનાં પોત પોતાના ભાગ્યની વાત છે.

સ્થાવર જંગમ મિલ્કતની દૃષ્ટિએ :- આ વર્ષે આપની સંપત્તિમાં ઘટાડો ન થાય તેની કાળજી લેશો. કોઈને કોઈ પ્રકારની છેતરપીંડી સંભવે છે. નવી વસાવવાની થાય તો પણ ચકાસણી પહેલાં કરજો. વારસામાં કોઈ મૃત વ્યક્તિની સંપત્તિ મળે તો તેને તમારા નામ ઉપર કરવાની ઉતાવળ બિલકુલ કરશો નહીં, તે વિધિ ૨૬-૦૫-૨૦૧૦ પછીથી થાય તે ઈચ્છનીય રહેશે. ત્યારબાદ સંપત્તિમાં ફેરફારનો યોગ પણ બને છે. ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૭-૧૧-૨૦૦૯ દરમિયાન ઘરેણાં કે વાહન તથા મોજશોખની ચીજ વસ્તુઓ વસાવી શકાશે. ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન કોઈપણ પ્રકારનું ઘરેણું કે દાગીનો વસાવો તો કાળજી લેશો, તેમાં જરૂરથી છેતરાશો અને પસ્તાશો. ૦૬-૦૨-૨૦૧૦ સુધી હીરાના દાગીનામાં બહુ જ કાળજી રાખવી. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન વસાવેલ દાગીના-જણસની વાહ-વાહ થતી જણાશે. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન વસાવેલ દાગીના કુટુંબીજનોમાં પણ ખ્યાતિ મેળવશે. ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન જમીન-મકાન-સ્થવાર જંગમ મિલકતમાં રોકાણ કરી શકાશે અને તે મનમોહક પણ બની રહેશે.

સંતાનની દૃષ્ટિએ :- સંતાનને મોજશોખ વધુ જોઈશે. અને નવા વર્ષની શરૂઆતે ખાણીપીણીમાં ધ્યાન નહીં રાખે તો દવાખાનાની મુલાકાત જરૂરથી તેમણે લેવી પડશે. અભ્યાસ કરતાં સંતાનોને ધ્યાન વિશેષ રાખવું પડશે નહીંતર છેલ્લી ઘડીએ રાત્રિના ઉજાગરા કરવાના થશે અને માંદગી ભોગવવાની થશે. ૨૬-૦૫-૨૦૧૦ સુધી અભ્યાસમાં ધ્યાન પરોવવાનું થશે. ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન સંતાનોએ સ્વાસ્થ્યની બાબતે બરાબરની કાળજી લેવાની થશે તે નક્કી વાત છે. ૧૭-૧૧-૨૦૦૯ પછીથી અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતાં સંતાનોનો અભ્યાસ વધુ બગડતો જણાય છે. અભ્યાસ કરી રહ્યા પછી જેમને નોકરીની ઈચ્છા હશે તેમને નોકરી મળી જશે. પણ હાલમાં તો જે મળે તે સ્વીકારી લેવી હિતાવહ રહેશે. વધારે સારી નોકરીની અપેક્ષા સન ૨૦૧૧માં રાખી શકાય.નોકરી કરતાં સંતાનોને બદલીની શક્યાતા વધુ રહે છે. ૨૦-૧૨-૨૦૦૯ પહેલાં બદલી સંભવી શકે છે. લગ્નોત્સુકના લગ્ન લગભગ વર્ષાન્તે સંભવી શકે છે. સિવાય કે તેમની પોતાની કુંડળીમાં યોગ થયો હોય તો વાત જૂદી છે. અને આપને સંતાન પ્રાપ્તિનો યોગ ઓછો બેસે છે તેવી જ રીતે પરિણીત સંતાનને પણ યોગ ઓછો બેસે છે. છતાં યે ગર્ભવતી સ્ત્રીઓએ કાળજી લેવી પડશે નહીંતર કસુવાવડ-ગર્ભપાત થવાના યોગો વિશેષ બને છે. આ વર્ષે સંતાને ઘર લેતા પહેલાં વિચાર કરવાની જરૂર રહેશે નહીંતર દેવામાં ઉતરી જશે. સંતાનને ૧૭-૧૧-૨૦૦૯ સુધી પરદેશ જવાના યોગ બને છે. સંતાનના મિત્રોની નજર સંતાનના ધન ઉપર જ હશે. સંતાને સહાકીય બાબતોથી બહુ જ ધ્યાન રાખવું પડશે. નહીંતર ઘણું બધું ગૂમાવવાનો વારો આવશે. આમ સંતાનથી જેટલો સંતોષ મળવો જોઈએ તેટલો મળતો જણાતો નથી. ભાગ્યની વાત છે.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! મહેનત ઘણી કરવી પડશે. પાસ તો થઈ જવાશે પણ તકદીરનો જેટલો સાથ જોઈએ તેટલો મળતો જણાતો નથી તે પણ હકીકત છે. ધો.૧૨ કે તેથી નીચેના વર્ગોમાં ભણતા બાળકોએ ભણવામાં કાળજી લેવી. ભણવામાં દુશ્મનાવટ ઉભી થતી જણાય છે. તમારા મિત્રો જ તમારા દુશ્મન બને છે તે સમજવું બહુ જ જરૂરી છે. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન રાત્રિના ઉજાગરા કરવાના થાય … તાણીને દોડવાનું મન થાય. કાળજી લેશો તો બચી જશો નહીંતર ધુતારાઓના ભોગ બનશો. ૧૮-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન આત્મવિશ્વાસ ગૂમાવશો તો ઘણું ગૂમાવશો. ખાસ કરીને વાણિજ્ય વિભાગના બાળકોએ વધુ કાળજી લેવી. વિજ્ઞાન વિભાગના બાળકોને ખાસ કરીને ભૌતિક શાસ્ત્રમાં ધ્યાન વધુ રાખવું; જેમણે કોમ્પ્યુટરનો વિષય લીધો હશે તેમને ઘણો ફાયદો થશે. ધો.૧૦ થી નીચેના બાળકોએ ગણિતમાં થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમે બિમાર ન પડો તેની પણ કાળજી ખાસ લેજો જ. સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ સમજી વિચારીને મહેનત કરવી પડશે નહીંતર કરેલી મહેનત માથે પડશે. જેટલી પણ ઉતાવળ કરશો તે વ્યર્થ સાબિત થશે. સેમિસ્ટર પદ્ધતિથી જેમને પરીક્ષા આપવાની થાય છે તેમણે ૨૦-૧૨-૨૦૦૯ પછીથી શરૂ થતી પરીક્ષામાં વધુ ધ્યાન આપવું પડશે. દાક્તરી શાખાના વિદ્યાર્થીઓએ પગના ભાગોને અનુલક્ષીને પૂછાતા પ્રશ્નોમાં વધુ ધ્યાન આપવું. તો ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન હૃદયને લગતા પ્રશ્નો તથા આંખને લગતાં પ્રશ્નો ઉપર વધુ ધ્યાન આપવું. ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર એન્જી.માં વિશેષ ધ્યાન આપવું પડશે. હાર્ડ ડીસ્ક અને પ્રોગ્રામીંગ બંનેમાં ધ્યાન લેવું પડશે. વાણિજ્ય શાખાના વિદ્યાર્થીઓને ઉચ્ચ વર્ગથી પાસ થવું અઘરૂં થઈ પડશે. એકાઉન્ટીંગના વિષયમાં તથા સી.એ.ના પેપરમાં વધુ ધ્યાન રાખશો. વિનયન શાખાના વિદ્યાર્થીઓને બહુ અઘરૂં લાગશે નહીં. તથા કાયદાશાસ્ત્રના વિદ્યાર્થીઓને બહુ વાંધો આવશે નહીં. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને બહું વાંધો આવશે નહીં. પણ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી જેમને પરીક્ષા આપવાની થશે તેમને બહુ અઘરૂં બની રહેશે. નસીબનો સાથ બિલકુલ નહીં મળે. સંશોધન ક્ષેત્રથી જેઓ સંકળાયેલા હશે તેમને વારંવાર સુધારા વધારા કરવાનો વારો આવશે. તેમને કાગળો રજુ કરવા માટે ૧૪-૦૪-૨૦૧૦ થી ૦૨-૦૫-૨૦૧૦ તથા ૧૬-૦૭-૨૦૧૦ થી ૧૭-૦૯-૨૦૧૦ દરમિયાનનો સમય અતિશ્રેષ્ઠ બની રહેશે. વિદ્યાર્થી મિત્રો જેમને કામ કરવું છે તેમને કામ મળી રહેશે પણ તેમને ૦૨-૦૫-૨૦૧૦ પછીથી દૂર જવાનું થાય તથા ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન નોકરી વધુ પડતી હોંશિયારી બતાવવા જશો તો નોકરી હાથમાંથી જતી રહેતી જણાય છે. માટે ખાસ

સાચવજો. જેમને પરદેશ જવું હશે તેમને મે-૨૦૧૦ થી ૦૧-૧૧-૨૦૧૦ સુધી યોગ સારો બને છે. પ્રયત્ન કરી શકાય. ટૂંકમાં આ વર્ષે તમારે નસીબ ઉપર આધાર રાખીને કર્મઠ બનીને કર્મ જ કરવાનું છે તો જ તમે મહેનતનું ફળ પ્રાપ્ત કરી શકશો અન્યથા નહીં જ. આપને આરાધના કરવી હોય તો ગણપતિજીની અને સરસ્વતી દેવીની એમ બંનેની જરૂરી થઈ પડશે. જન્મના ગ્રહો સારા હશે તો બહુ ખરાબ પરિણામ ભોગવવાનો વખત આવશે નહીં. ભગવાન ભલું કરે.

સ્ત્રીઓ માટે :- બહેનો ! આ વર્ષ તમારા માટે ઉચાટવાળું રહેશે. હૃદયને શાંતિ મળવી મુશ્કેલ રહેશે. એક પ્રકારનો મુંઝારો રહે. ઘરની અંદર રહેવાનું મન ન થાય તેવું વર્ષના પૂર્વાર્ધમાં રહ્યા કરે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ જોઈએ તો વર્ષની શરૂઆતથી ૧૭-૧૧-૨૦૦૯ સુધી લોહીની ગરબડ જણાય, જેમના જન્મના ગ્રહો સારા નહીં હોય અને કદાચ દાકતર પાસે જશો તો સ્તનના કેંસરનું નિદાન હાથમાં પકડાવી દે તો નવાઈ પામશો નહીં. ધીરજ રાખશો. ૨૦-૧૨-૨૦૦૯ સુધી ગાંઠ જણાય તેવું લાગે જે આપને બેચેન બનાવી દેશે. ૨૬-૦૫-૨૦૧૦ થી ૨૦-૦૭-૨૦૧૦ સુધી ઘણું સારૂં રહેશે. જ્યારે ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન પેટના દુખાવાની બૂમ ઉભી થતી જણાય છે. છતાંપણ સ્વાસ્થ્યને બહુ વાંધો આવે નહીં. જ્યારે ૨૦-૧૦-૨૦૧૦ થી વર્ષાન્ત સુધી તબિયતની કાળજી વિશેષ લેશો. કૌટુંબિક દૃષ્ટિએ બોલવામાં ધ્યાન નહીં રાખો તો દુશ્મનો ઉભા કરશો. કુટુંબીજનો આર્થિક માંગણી પણ અવશ્ય કરશે. સમજી-વિચારીને મદદ કરજો. માતાની તબિયત વિશેષ નબળી રહે અને કદાચ નવા વર્ષમાં શસ્ત્રક્રિયા પણ તેમને કરાવવાની થાય. નાના ભાઈ બહેન દુશ્મનની ગરજ સારશે. જો કે તેમના લગ્નજીવનમાં પણ તકલીફો પડતી જણાય છે. તો સંતાનનું દિમાગ ગરમ રહેશે. તેઓ અભ્યસ પરત્વે થોડે ઘણે અંશે લાપરવાહ રહેશે. તથા તેમના વિવાહ કરો તો સમજીને કરશો. વિવાહ તૂટવાના યોગો તેમને બને છે. હરિફ વર્ગ થોડો મજબૂત બનતો જણાય છે. પતિદેવનું સ્વાસ્થ્ય ઠીક ઠીક રહે. પણ તેમની આર્થિક સ્થિતિ એટલી બધી સધ્ધર ન રહે. કદાચ તેમની નોકરી છૂટી જાય તો પણ નવાઈ નહીં. જો તેઓ સટ્ટાકીય સાહસ કરતાં હોય સમજીને કરવું નહીંતર નુકશાની જશે. પિતાને તેમનું ભાગ્ય ફળતું જણાય છે. તેમની નાણાંકીય સ્થિતિ સારી રહે. મોટાભાઈ બહેન દુશ્મન ન બને તેની કાળજી લેવાની રાખશો. આમ કૌટુંબિક દૃષ્ટિએ પણ વર્ષ થોડું નિરાશા-જનક જણાય છે. આપ જો અભ્યાસ કરતાં હોવ તો પરીક્ષાની તૈયારી પૂરતી કરશો. તેમાં પણ સ્નાતક-અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતી બહેનોએ વિશેષ કાળજી લેવાની રહેશે. જો સંશોધનથી સંકળાતા હોવ તો બરાબરનો અભ્યાસ કરીને કાગળો રજુ કરશો, વારંવાર સુધારા વધારા કરાવશે. જેમને નોકરી કરવી હશે તેમને કામકાજ મળી જશે પણ બાંધછોડ કરવી પડશે. જેઓ નોકરી કરતાં હશે તેમને બદલી કે બઢતી કે બંને ૨૦-૧૨-૨૦૦૯ સુધીમાં મળી શકે નહીંતર પછી ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીમાં બદલી થાય અને દૂર જવાનું શક્ય બને. જે બહેનોના વિવાહ-લગ્ન થયા નથી અને ઈચ્છુક હશો તો ૨૦-૧૨-૨૦૦૯ પછીથી યોગ બને છે. જેઓ પરિણીત છે અને સંતાન ઈચ્છુક છે તેમને પણ ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન સંતાન પ્રાપ્તિનો યોગ બને છે. આ વર્ષે તમારા નામે સંપત્તિ વસાવવાના હોવ તો ૨૬-૦૫-૨૦૧૦ સુધી ઉતાવળ કરશો જ નહીં. પછીથી યોગ બને છે અને સંપત્તિમાં ફેરફાર આવી શકે. મિત્રવર્ગથી ઠીક ઠીક રહે પણ તેઓ તમારા દુશ્મન બને છે જે જાહેરમાં ખબર પડતાં વાર લાગશે. સાચવજો. ૧૭-૧૧-૨૦૦૯ થી તમારા પ્રેમીજનને સમજવા અઘરા થઈ પડશે અને તેઓ કપટી અને પ્રપંચી બની જશે. આપને આ વર્ષે ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત દરમિયાન જાત્રા-પ્રવાસના યોગો સારા બને છે. તો બીજી બાજુએ આ વર્ષે ધર્મ પરત્વેનો વિશ્વાસ ડગમગી જશે અને વિધર્મ તરફનું આકર્ષણ વધતું જણાશે. આપને આરાધના કરવી હોય તો ખાસ કરીને ગણપતિજીની અને ભૈરવદાદાની 'કરવા માટે સૂચના કરી શકાય. સ્વાસ્થ્ય સારૂં તો બધું જ સારૂં માટે કાળજી લઈ શકાય તો લેશો.

વિશેષ વિગતો :- વિ.સં. ૨૦૬૬ની શરૂઆત જ આપને માટે જાણે મુશ્કેલીઓ લઈને આવી ના હોય તેવું લાગશે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ જો ૧૭-૧૧-૨૦૦૯ સુધી ખાવા-પીવામાં ધ્યાન નહીં રાખો તો ખાધા-પીધાની ઝેરી અસર ઉભી થવાની શક્યતા રહે છે. અને તેના લીધે ૨૪-૧૦-૨૦૦૯ થી ૦૬-૧૧-૨૦૦૯ દરમિયાન ગભરામણ સંભવે. બ્લડ પ્રેશરમાં ફેરફાર થાય. જો કે ૦૩-૧૧-૨૦૦૯ થી કૌટુંબિક સંબંધો સુધરતાં જણાય અને નાણાંકીય રાહત મળતી જણાશે. ૧૨-૧૧-૨૦૦૯ સુધી હરિફ વર્ગ તમારું ધ્યાન બરાબર રાખશે અને એવું તમે પણ તેમનું ધ્યાન રાખશો જ. ૧૬-૧૧-૨૦૦૯ થી સટ્ટાકીય કામમાં કાળજી લેશો. ૧૯-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન કોઈ મોટો ઝાટકો ન લાગે તેની કાળજી લેશો. ૨૧-૧૨-૨૦૦૯ સુધી નાણાં આવશે અને ક્યાં ખર્ચાઈ જશે તેની ખબર જ નહીં પડે. ટૂંકમાં ૨૭-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન નાણાંકીય તંગી ઘણી મોટી ભોગવવાની આવી શકે અને કુટુંબીજનો પણ પરેશાન કરી મૂકે. ૧૬-૧૨-૨૦૦૯ થી સંતાનોના અભ્યાસમાં તકલીફ રહે તથા તેમના સટ્ટાકીય કામમાં પણ તકલીફ ૨૯-૧૨-૨૦૦૯ સુધી અનુભવાશે જો કે ૧૭-૧૨-૨૦૦૯ થી શુક્રનો અસ્ત થતાં પારિવારીક તથા ભાગીદારીનું સુખ ઓછું મળતું જણાશે તે ૦૬-૦૨-૨૦૧૦ સુધી રહેશે. ૦૬-૦૨-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન કામકાજમાં ઘણી બધી ગરબડ સર્જાશે. હરિફ વર્ગ તથા હાથ નીચેના માણસો થકી પરેશાન થવાશે. ૨૬-૦૨-૨૦૧૦ સુધી હરિફોથી સાવધ રહેવું. જો કે દલાલીનું કામ સારૂં ચાલશે; કામમાં વધારો પણ થાય. ૧૩-૦૨-૨૦૧૦ થી સટ્ટાકીય પ્રવૃત્તિઓમાં વેગ આવે, હિંમતથી આગળ વધવાનો પણ પ્રયત્ન કરશો. ૦૨-૦૩-૨૦૧૦ સુધી ધંધામાં સારો લાભ ગત જન્મના શુભ કર્મોના ફળરૂપે મળી રહે. ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૧-૦૩-૨૦૧૦ દરમિયાન સંતાન જોડે બરાબરનો ટકરાવ થાય; નાણાંભીડ પુષ્કળ રહે; ૨૭-૦૩-૨૦૧૦ સુધી ખર્ચો જ ખર્ચો રહે અને ધ્યાન નહીં રાખો અને જો જન્મના ગ્રહો ખરાબ હશે તો ખોટા કેસમાં સંડોવવાનું પણ શક્ય બને. ગુસ્સા ઉપર કાબૂ રાખજો. ભાગીદાર પણ વિપરીત રીતે વર્તશે. ૩૦-૦૩-૨૦૧૦ થી તમે હરિફ વર્ગ ઉપર કાબૂ મેળવી લેશો. નોકર ચાકર કહ્યું માનશે. ૨૦-૦૪-૨૦૧૦ સુધી હિંમત આવશે અને કુટુંબીજનો પણ સહકાર આપશે. ૨૦-૦૪-૨૦૧૦ થી સારું એવું ધન પ્રાપ્ત થતું જણાય છે, ૧૫-૦૬-૨૦૧૦ સુધીનો સમય ઘણો સારો રહેશે. જો કે ૦૨-૦૫-૨૦૧૦ થી પરદેશગમન કે જાત્રા પ્રવાસના યોગો બને છે. ૨૬-૦૫-૨૦૧૦ થી તબિયતમાં સુધારો થતો જણાશે. ૨૨-૦૬-૨૦૧૦ થી ૦૬-૦૭-૨૦૧૦ દરમિયાન નાના ભાઈ બહેન ને શારીરિક તકલીફ અચાનક આવતી જણાય છે. તમે દરમિયાનગીરી કરો તો પણ સમજીને કરશો. તમારું અપમાન કરવાના મૂડમાં પણ હોઈ શકે. આપે પણ કોઈપણ પ્રકારના પરાક્રમથી દૂર રહેવાની જરૂર ખરી જ. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન શારીરિક સ્વસ્થતા ઓછી રહેશે. લોહીના દબાણની સાથે સાથે પેટમાં દુખાવાની ફરિયાદ રહેશે. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન જીવનસાથી કે ભાગીદાર શંકાની નજરે જોશે. જીવનસાથીનો ખર્ચો અને મોજશોખ બંને વધી જશે. વધારે ગળ્યું-મીઠું ખાશો તો ડાયાબિટીશ ઊંચો આવશે. ૦૧-૦૯-૨૦૧૦ થી કુટુંબીજનો સાથેનો ઝઘડો ઓછો થતો જણાશે. અરસ પરસ સુલેહ-સંપ થઈ જાય. મોજભર્યું વાતાવરણ બને. ૧૭-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન ધાર્મિક-જાત્રા-પ્રવાસ કે મુસાફરી કરવાના હોવ તો સહેજ કાળજી લેશો નહીંતર ખોટી રીતે હેરાન પરેશાન થશો. પરદેશગમન પણ શક્ય બને. આ વર્ષે બને તો મિત્રોથી બહુ જ સાવધાન થઈ જશો નહીંતર પરેશાની અનુભવશો અને તેમાં પણ "પ" નામથી ખાસ જ. બાકી બધું સારૂં છે. જો આપને આરાધના કરવી હોય તો ગણપતિજીની ખાસ કરજો, જૈનોએ બને તો વાસુપૂજ્ય સ્વામિની કરવી. સારા સમયમાં સહુ સહયોગી અને ખરાબ સમયમાં ન રાખવી આશા ખુદના પડછાયાની આ નીતિને જો જીવનમાં ઉતારી શકશો તો જ સુખી થઈ શકશો અન્યથા કોઈને દોષ દેવાની જરૂર નથી.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- નૂતન વર્ષારંભે ખાવા પીવામાં કાળજી લેશો. નહીંતર ઉલટીઓ થઈ જતાં બેચેની વધી જશે. કુટુંબીજનોથી સહકાર ઓછો પ્રાપ્ત થાય. સામાજિક ક્ષેત્રથી પણ તકલીફો ઉઠાવવાની થાય. જીવનસાથી તરફથી સહકાર ઓછો પ્રાપ્ત થાય. સંતાન આપનું ધ્યાન રાખે છતાંપણ તેમના તરફથી પરેશાની રહે. તા. ૨૫-૧૦ થી આપ દલીલબાજી વધુ કરો. જીવસાથીનું તકદીર-ભાગ્ય કામ કરતું થાય. તા. ૧૨-૧૧ થી આપનો હરિફ વર્ગ ઓછો થાય. તેમનું કંઈ ઉપજે નહીં. પરાક્રમ કદાચ નિષ્ફળ નિવડે. તા. ૦૪-૧૧ થી કામકાજમાં મન પરોવાય. મહિનો સારો છે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- તબિયતમાં ધીમો સુધારો જોવા મળશે. નાણાંકીય પરિસ્થિતિ પણ સારી રહે. આપને કામમાં સારો એવો રસ પણ પડે અને અર્થોપાર્જન પણ

સંભવે. તા. ૧૭-૧૧ થી આપ પરાક્રમ બતાવવા જાવ અને પૂરું પ્રદર્શન કરી જ ન શકો. ધાર્મિક વલણમાં ઘટાડો થતો જોવા મળે. તા. ૨૭-૧૧ થી આવક થાય પણ વપરાઈ જાય. કુટુંબીજનોથી ઓછો સહકાર મળે. તા. ૦૧-૧૨ થી મિત્રો તરફથી સારો સહકાર મળે. વધારાની આવક ઉભી કરવાનો અવકાશ રહે. નોકર-ચાકરનો સહકાર મળે. તા. ૦૭-૧૨ થી મિત્રોનું વલણ નરમ રહે. તા. ૧૫-૧૨થી સંતાનથી સુખ પ્રાપ્ત થાય.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- કામ કરવું છે પણ શરીર હા ન પાડે તેવું બને. ભાગ્ય વધારાના કામ તરફ ખેંચી જાય તેવું બને. તા. ૨૦-૧૨ થી ઘરમાં પણ જે સુખ મળવું જોઈએ તે ઓછું પ્રાપ્ત થાય છે તેવો અહેસાસ થાય. સાથે સાથે નવા સાહસના મંડાણ થતા પણ જણાય છે. તા. ૨૧-૧૨ થી નાણાં છૂટા થાય, ભાગ્ય- બળે નાણાં મળે. કુટુંબીજનોનો પણ સાથ અને સહકાર મળે. તા. ૨૬-૧૨ થી નોકર ચાકરનું સુખ થોડું ઓછું મળે. નાના ભાઈ-બહેનને કંઈક તકલીફ ઉભી થાય. તા. ૧૩-૦૧ થી કામકાજમાં હરિફ વર્ગની દખલ વધે. તા. ૧૪-૦૧ થી સહાકીય કામમાં ધ્યાન રાખવું. ઘણાં પરિવર્તન જોવા મળે.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- આપ કાર્યરત ખૂબ જ રહેશો. આપને મોજશોખ પુષ્કળ જોઈશે. કામકાજમાં બોજો રહે છતાંપણ યશ-માન-પ્રતિષ્ઠા મળશે. તા. ૧૮-૦૧ નવું કામ કરવા માટે શુભ નથી. બની શકે તો ટાળજો. તા. ૨૭-૦૧ થી સંતાનના વર્તનમાં ફેરફાર જોવાય. નોકરી સિવાયના કામમાં પણ ફરક જોવા મળે. કદાચ બહાર ફરવાના યોગો - લાંબાગાળા માટે શરૂ થાય. તા. ૦૬-૦૨ થી નોકર-ચાકરનું કામમાં સુખ પ્રાપ્ત થાય. મોસાળવાળા આપના કામમાં રસ લેતા જોવા મળે. આપની નાણાંકીય આવક વધે અને કૌટુંબિક વ્યક્તિઓ કામમાં મદદરૂપ બને. તા. ૧૩-૦૨ થી આપ સહાકીય પ્રવૃત્તિ ઉપર વધુ ભાર મૂકવાનો પ્રયત્ન કરશો. મહિનો ઠીક ઠીક છે.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- આપની વાચાળતા વધે. દલાલીનું કામ સારું થાય. મિત્રો દુશ્મન ન બને તેની કાળજી લેવી પડશે. ધન મળ્યા કરશે. તા. ૨૬-૦૨ થી મિત્રો વાતો મોટી મોટી કરશે. દુશ્મન મિત્ર બનતા જણાય અને મિત્રો દુશ્મન બનતા જોવા મળશે. તા. ૦૨-૦૩ થી આપના ખર્ચા વધે, મોજશોખ વધે, બહાર ફરવાં જવાનું મન થાય. તા. ૧૦-૦૩ થી શારીરિક સ્વસ્થતામાં સુધારો જણાશે. વધુ કામ કરવાનું મન થશે. તા. ૧૪-૦૩ થી સંતાનની દોડધામ વધે, પછીથી તે પરીક્ષાની હોય કે બીજી કોઈ. સરકારી લફરાંથી સાચવવું. હરિફ વર્ગ પણ પરેશાન કરવામાં પાછો ન પડે.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- મોજશોખ વધુ જોઈશે. બરાબર કામ કરતાં થઈ જશો. કૌટુંબિક વ્યક્તિઓ થોડી પરેશાન રહેશે. બહારગામ જવાના વિચારો વધુ આવે. હરિફ વર્ગ આંટાફેરા કરતો થઈ જાય. સરકારી કામકાજ ખોરંભે પડતું જણાય. તા. ૩૦-૦૩ થી ખોટું સાહસ ઉઠાવશો નહીં. સહાકીય કામકાજમાં ગાફેલ રહેશો તો મોટી તકલીફ ઉભી થઈ શકશે. તા. ૨૭-૦૩ થી કુટુંબીજનો માટે લાગણી ઘણી ઉભી થાય. જીવનસાથીને મહત્વ આપશો. સંસાર સુમધુર લાગતો જણાશે. તા. ૧૪-૦૪ થી શરીરમાં પિત્તનું પ્રમાણ વધે. ગુસ્સો અને અહમ વધે. બાકી સારૂં છે.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી તા. ૧૪-૦૫-૨૦૧૦) :- પિત અને અહમના લીધે ગુસ્સો પણ વધે. કામકાજ માટે હાથ નીચેના માણસોનો સાથ અને સહકાર જરૂરી ખરો. મોજશોખ ઘણાં જ જોઈશે. ઘરની અંદર કુટુંબીજનો ભેગા થતાં માહોલ જૂદો જ જણાઈ આવે. હસીખુશીનો વાર્તાલાપ વધુ રહે. તા. ૨૦-૦૪ થી નાણાંની આવક વધે તેમ જીવનસાથીની માંગણી પણ નાણાં માટે વધતી જાય. બોલવામાં મિઠાસ વધારે જોવા મળશે. તા. ૨૩-૦૪ થી સમજીને પરાક્રમ કરજો. ખોટી હિંમત કરશો નહીં. તા. ૦૨-૦૫ પછીથી પરદેશગમનુંનો તથા અધ્યાત્મનો યોગ બને છે. તા. ૧૪-૦૫ થી સહાકીય કામ વધે.

નિજ વૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- હરિફ વર્ગનું ધ્યાન બરોબર રાખશો કામકાજ પરત્વે સભાન રહેશો. પ્રવૃત્તિ મહદ અંશે સહાકીય બની શકે છે. આવકમાં વધારો સંભવે છે. ધાર્મિક જાત્રા કે પરદેશગમનની તકો ઉજળી બને છે. ધાર્મિક-માંગલિક પ્રસંગમાં જવાનું શક્ય બને. જીવનસાથીને ટુંકો પ્રવાસ સંભવે અનેતેમને એવું લાગે કે તેમનું ભાગ્ય તેમને મદદ કરી રહ્યું છે. તમારા શોખ જુદા પ્રકારના હોય પણ સંતોષાતા જણાતા નથી. તા. ૨૬-૦૫ થી તમે ટસહાકીય પ્રવૃત્તિમાં વધુ રસ લેશો. સંતાન તરફ લગાવ વધે. તા. ૦૬-૦૬ થી નોકર ચાકરનું સુખ પ્રાપ્ત થાય. તા. ૦૯-૦૬ થી કુટુંબીજનોની અવરજવર ઘર તરફ વધે. જીવનસાથી કાર્યરત બનતા જણાય.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- યાત્રા-પ્રવાસના યોગ ચાલુ જ છે. ધાર્મિકતા પણ વધતી જણાય. છતાંપણ ધર્મ વિધર્મ બાજુએ ખેંચાતો જણાય. ટૂંકો લાભ લેવાનું મન થાય. હરિફ વર્ગ આપની આવકનું અને કુટુંબીજનોનું ધ્યાન રાખે. તા. ૧૫-૦૬ થી સહામાં બહુ જ સમજીને કામ કરશો. આપના યશ-માન-પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેની કાળજી લેશો. ખોટું સાહસ ભારે પડી જતું જણાય છે. તા. ૨૨-૦૬ થી નોકર ચાકર કામકાજ કરતાં જણાય. તા. ૦૫-૦૭ થી તમે રોમેન્ટિક મૂડમાં આવી જાવ. સંતાનને પણ મોજશોખ જોઈએ. સહાકીય રોકાણ વધે. તા. ૦૬-૦૭ થી પડોશી વર્ગની અવર જવર ઘરમાં વધતી જોવા મળે. ખોટું જોખમ લેશો નહીં.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા. ૧૦-૦૮-૨૦૧૦) :- મોજશોખ વધુ જોઈશે. ઈશ્કબાજી પૂરપાટ ચાલતી જણાય છે. સંતાનને પણ મોજશોખ વધુ જોઈશે. જીવનસાથી પણ જૂદા મૂડમાં હશે. તા. ૧૬-૦૭ થી સહાકીય કામમાં ધ્યાન રાખજો. સંતાનનો ગુસ્સો સાતમા આસમાને જાય. તા. ૨૦-૦૭ થી તબિયતની કાળજી લેવી. પેટમાં ગરબડ રહે. મોસાળ તરફ લગાવ ઉભો થતો જણાય. કદાચ મળવાનું થાય. તા. ૨૩-૦૭ થી હરિફ વર્ગ દોડધામ કરે. તા. ૦૧-૦૮ થી આપના નાણાંનો ઉપયોગ હાથ નીચેના માણસો ન કરે તેની કાળજી લેશો.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯-૨૦૧૦) :- ખાવામાં કાળજી વધુ લેજો. પેટની ગરબડ રહેતી જણાય છે. સંતાન ખર્ચો વધુ કરે-કરાવે. જાવકનું પ્રમાણ વધારે રહેશે. હરિફ વર્ગ શામ-દામ-દંડ-ભેદની નીતિ અહીં અપનાવતો જોવા મળશે. તા. ૧૭ અને ૧૮-૦૮ અગત્યના કામો મુલત્વી રાખશો. ખોટી દોડા દોડી કરશો અને કશું ઉગી નીકળશે નહીં. તા. ૧૭-૦૮ થી સંતાનનો અહમ વધે. તા. ૦૧-૦૯ થી જીવનસાથીના મોજશોખ એકદમ વધી જાય. કુટુંબીજનો આપના તરફ સદ્ભાવ રાખે. તા. ૦૬-૦૯ થી શારીરિક સ્વસ્થતા સુધરે. કુટુંબીજનોનો પૂરો સહકાર મળે. કામકાજ વધે અને આવક પણ વધે.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- શારીરિક સ્વસ્થતા સારી રહે. દોડીને કામ કરી શકશો. [illegible] થી મેળ સારો રહે. સંતાનનો અહમ્ વધુ રહે. તા. ૧૦-૦૯ તથા તા. ૧૩ અને તા. ૧૪-૦૯ કામકાજની દૃષ્ટિએ બરાબર નથી. તા. ૨૪-૦૯ થી તા. ૦૭-૧૦ સુધી તો શ્રાદ્ધ પક્ષ બેસે છે એટલે કોઈ શુભકાર્ય સંભવતું નથી. તા. ૧૭-૦૯ થી મિત્રો પરેશાન વધુ રહેશે. સહાકીય કામકાજમાં ધ્યાન રાખીને આગળ વધજો નહીંતર ખોટી દુશ્મનાવટ ઉભી કરશો તે નફામાં. તા. ૩૦-૦૯ થી હરિફ વર્ગની વાચાળતા વધતી જાય. તેઓને તેનું શુભ ફળ મળે. તેઓ પહેલાં કરતાં વધુ કાર્યરત બને. તમારે થોડું સાવધ રહેવું જરૂરી ખરું. બાકી મહિનો સારે છે.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦) :- મોજશોખથી ભરેલો મહિનો છે. નવરાત્રિ પૂરા આનંદ મંગળથી જીવનસાથી સાથે ઉજવી શકાય. સાથે સાથે કામકાજનું પણ ધ્યાન રાખી શકાય એમ છે. તા. ૧૭-૧૦ થી શરીરમાં પિત્ત વધે નહીં તેની કાળજી લેવી. સંતાન આપનું ધ્યાન રાખે. પ્રિયપાત્રના લીધે ઘરમાં ઝઘડાનું પ્રમાણ ન વધે તેની કાળજી લેશો. જીવનસાથીને બોલવા વધુ જોઈશે. આધ્યાત્મિકતા વધતી જણાય. જાત્રા-મુસાફરીના યોગ બને. તા. ૦૫-૧૧ થી નોકરનું સુખ ઓછું મળે. દિવાળીના દિવાસોની મોજ મનાવી લો એજ શુભેચ્છા...



વૃષભ

બ, વ, ઉ

વિ. સં. ૨૦૬૬ ઉગતા પ્રભાતે આપનો રાશિ અધિપતિ શુક્ર ૫ મા ભાવે કન્યા રાશિથી મુસાફરીને આગળ ધપાવે છે. અને વર્ષ દરમિયાન બારે ય રાશિ અને ભાવ ફરીને આગળ વધતાં વર્ષાન્તે તુલા રાશિ અને છઠ્ઠા ભાવેથી પસાર થાય છે. ૫ મા ભાવે કન્યા રાશિમાં રહેલ શનિ રાશિ કે ભાવ બદલ્યા વગર આખું યે વરસ ત્યાં જ રહે છે. અને બુધ પણ ૫ મા ભાવે કન્યા રાશિથી જ પોતાની રીતે અને ગતિથી આગળ વધતાં રાશિચક્ર પૂરું કરીને આગળ વધતાં વર્ષાન્તે ૭ મા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થવા પામે છે. લાભાધિપતિ ગુરુ મકર રાશિ ને ૯ મા ભાવેથી મુસાફરી આરંભે છે અને આગળ વધી પાછા ફરીને વર્ષાન્તે ૧૦ મા ભાવે કુંભ રાશિમાંથી પસાર થવા પામે છે. તો ૯

મા ભાવે મકર રાશિમાં રહેલ રાહુ અને ત્રીજા ભાવે કર્કનો કેતુ વક્રગતિથી આગળ વધતાં વર્ષાન્તે રાહુ ૮ મા ભાવે ધન રાશિમાં થી અને કેતુ ર્જા ભાવે મિથુન રાશિમાંથી પસાર થવા પામે છે. પ્લુટો રાશિ કે ભાવ બદલ્યાં વગર જ ૮ મા ભાવે ધન રાશિમાં રહેલો જોવા મળશે. નેપ. ૯ મા ભાવે મકર રાશિથી પ્રવાસને આગળ વધારતાં ૧૦ મા ભાવે કુંભ રાશિથી આગળ વધીને વર્ષાન્તે ૧૧ મા ભાવે મીન રાશિમાંથી પસાર થવા પામે છે. સૂર્ય અને ચંદ્ર બંને દ્ઠા ભાવે તુલા રાશિથી પોત પોતાની રીતે અને ગતિથી આગળ વધતાં વર્ષાન્તે રાશિ ચક્રનું ભ્રમણ પૂરું કરીને ફરી પાછા તુલા રાશિ અને દ્ઠા ભાવેથી જ પસાર થાય છે. મંગળ મહારાજ વર્ષારંભે કર્ક રાશિ અને ત્રીજા ભાવેથી આગળ વધે છે અને વર્ષાન્તે ૭ મા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થતાં જોવા મળે છે. આમ નભોમંડળમાં આપણા સૂર્ય મંડળના ગ્રહોની સ્થિતિ ઉપર મુજબ વરસ દરમિયાન જોવા મળે છે. તેઓ આપની રાશિની આજુબાજુમાંથી કે રાશિમાંથી સમયાન્તરે પસાર થાય છે. હવે તેઓ આપના જીવનમાં કેવા પ્રકારની પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે તે જોવા અને સમજવાનો પ્રયાસ કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ ગત જન્માના પુણ્યાનુભાવે પરિસ્થિતિ ઘણી સારી જોવા મળે છે. પણ ૧૭-૧૧-૨૦૦૯ પછીથી નાટ્યાત્મક ફેરફાર જોવા મળશે. આપને શું થાય છે અને અચાનક આમ કેમ થયું તે જ સમજમાં આવશે નહીં. અને આ પરિસ્થિતિ લગભગ આખું યે વરસ રહેશે. કઈ ને કઈ નાની મોટી તકલીફો આવ્યા કરે. તેવી જ રીતે કૌટુંબિક સંબંધો પણ બગડતા કે કપાઈ જતાં જણાશે. તેમાં પણ નવા વર્ષની શરૂઆતે નાના ભાઈ બહેનો સાથે મોટો ઝઘડો ન થાય તેની કાળજી અવશ્ય લેશો. સંતાન પરત્વેનો લગાવ વધુ રહેવા પામશે. જ્યારે જીવનસાથીની વર્તણૂંક થોડે ઘણે અંશે વિચિત્ર રહેશે.

આર્થિક દૃષ્ટિએ જોઈએ તો નાણાં મળતાં રહેશે પણ ૧૭-૧૧-૨૦૦૯ પછીથી તેમાં પણ કાપ ન મૂકાય તેની કાળજી અવશ્ય લેજો. જો કે આ વર્ષે બદલી કે બદલીની સંભાવના જણાતી નથી સિવાય કે તમારા જન્માના ગ્રહો કંઈક નવું સૂચવતા હોય તો જૂદી વાત છે. વેપાર ધંધામાં ૨૭-૦૧-૨૦૧૦ પછી અચાનક બદલાવ આવે તેવું આપને લાગશે. સહકારીય પ્રવૃતિ તરફનો લગાવ વિશેષ રહે. સમજીને કામ કરશો તો જરૂરથી કંઈક મેળવશો. લાભ થાય તેવા યોગ છે. બીજી બાજુએ જમીનમાંથી ખોદાણ કરીને કંઈ મેળવવાની વૃતિ ના રાખશો નહીંતર હાનિકારક થશે. રસ્તામાંથી વસ્તુ મળે તો પણ લેવાની રાખશો નહીં. જો કે ભાગ્યનો સાથ આપને સારો મળતો જણાય છે. ધાર્મિકતામાં પણ વધારો થતો જોવા મળશે. જન્માના ગ્રહોનો સાથ હશે તો સારૂં ફળ મળશે.

સ્થાવર જંગમ મિલકતની દૃષ્ટિએ જોઈએ તો ધંધાદારી મિલકતમાંથી આવક ઉભી થતી જણાય છે. આ વર્ષે નવી મિલકત વસાવવાનો યોગ ઓછો બને છે. માતાના નામે વસાવવી હોય તો ૨૦-૧૨-૨૦૦૯ સુધી યોગ બને છે. બીજા કોઈના નામે યોગ બનતા નથી. મિત્રોનું વર્તન ૨૭-૦૧-૨૦૧૦ પછીથી સમજવું અઘરૂં થઈ પડશે. ૦૨-૦૫-૨૦૧૦ સુધી તેઓ શંકાશીલ પણ વધુ રહેશે. મુસાફરીના યોગો ઓછા બને છે. નાના નાના પ્રવાસમાં થોડી કાળજી લેવાની રાખશો. હરિફ વર્ગને સમજવો અઘરો થઈ પડશે. તેઓ વધુ મક્કમતાથી આક્રમક બનતા જણાશે. નોકર ચાકરનું સુખ ઠીક ઠીક મળતું જણાય છે. આમ ઉપર છલ્લી દૃષ્ટિએ ગ્રહો આવું ફળ આપતા જણાય છે. હવે જીવનના વિધવિધ ક્ષેત્રે તેઓ કેવું ફળ આપે તે જોવા અને સમજવાનો પ્રયત્ન કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ :- વર્ષની શરૂઆતે આપનું સ્વાસ્થ્ય સારૂં રહેશે. ૧૭-૧૧-૨૦૦૯ થી તબિયતમાં ગરબડ ઉભી થતી જણાશે. ૧૬-૧૨-૨૦૦૯ થી થોડી વધારે ગરબડ જણાય જ્યારે ૨૧-૧૨-૨૦૦૯ થી ૨૯-૧૨-૨૦૦૯ સુધી કાળજી વધુ લેશો. આત્માને શાંતિ જણાય નહીં. જ્યારે ૧૪-૦૧-૨૦૧૦ થી સુધારો થતો જણાશે. છતાં યે કંઈ ને કંઈ ફરિયાદ ૦૬-૦૨-૨૦૧૦ સુધી રહેશે. ૦૬-૦૨-૨૦૧૦ થી તમે ધમધોકાર કામ કાજ કરી શકશો. ૨૭-૦૩-૨૦૧૦ થી ૨૦-૦૪-૨૦૧૦ દરમિયાન તમારે મુસાફરીનો યોગ બને છે. તેમાં ૧૪-૦૪-૨૦૧૦ થી ૨૦-૦૪-૨૦૧૦ દરમિયાન થોડી ઘણી કાળજી લેશો. ૦૯-૦૬-૨૦૧૦ થી ૦૫-૦૭-૨૦૧૦ દરમિયાન મુસાફરીમાં કાળજી લેવાનું રાખશો. અને તો વર્ષાન્ત સુધી બહુ તકલીફ ભોગવવાનો વારો આવશે નહીં. આપને પનોતી નથી. શનિ-ગુરુ બંને સારા છે. મદદરૂપ છે. પણ ૧૭-૧૧-૨૦૦૯ થી રાહુ ૮ મો થતાં અને તે પણ તેની નીચની રાશિમાંથી પસાર થાય છે. તે જરૂરથી કંઈ ને કંઈ મુશીબતો ઉભી કરતો રહેશે. ભૈરવદાદાની આરાધના કરશો તો સારૂં.

દરેક રાશિવાળાનો અષ્ટોતરી 'દિનદશા' પ્રવેશ કોઠો

રાશિ	સૂર્ય દિ. ૨૦	ચંદ્ર દિ. ૫૦	મંગળ દિ. ૨૮	બુધ દિ. ૫૬	શનિ દિ. ૩૬	ગુરુ દિ. ૫૮	રાહુ દિ. ૪૨	શુક્ર દિ. ૭૦
૧. મેષ (અ.લ.ઈ.)	૧૩ એપ્રિ.	૪ મે	૨૫ જૂન	૨૪ જુલા.	૨૦ સપ્ટે.	૨૭ ઓક.	૨૫ ડિસે.	૩ ફેબ્રુ.
૨. વૃષભ (બ.વ.ઉ.)	૧૪ મે	૪ જૂન	૨૬ જુલા.	૨૫ ઓગ.	૨૧ ઓક.	૨૬ નવે.	૨૨ જાન્યુ.	૪ માર્ચ
૩. મિથુન (ક.છ.ઘ.)	૧૬ જૂન	૫ જુલા.	૨૬ ઓગ.	૨૪ સપ્ટે.	૨૦ નવે.	૨૬ ડિસે.	૨૧ ફેબ્રુ.	૩ એપ્રિલ
૪. કર્ક (ડ.હ.)	૧૬ જુલા.	૬ ઓગ.	૨૬ સપ્ટે.	૨૫ ઓક.	૧૯ ડિસે.	૨૭ જાન્યુ.	૨૩ માર્ચ	૪ મે
૫. સિંહ (મ.ટ)	૧૬ સપ્ટે.	૬ સપ્ટે.	૨૬ ઓક.	૨૪ નવે.	૧૮ જાન્યુ.	૨૩ ફેબ્રુ.	૨૧ એપ્રિ.	૪ જૂન
૬. કન્યા (પ.ઠ.ણ.)	૧૬ સપ્ટે.	૬ ઓક.	૨૬ નવે.	૨૪ ડિસે.	૧૭ ફેબ્રુ.	૨૩ માર્ચ	૨૨ મે	૫ જુલાઈ
૭. તુલા (ર.ત.)	૧૭ ઓક.	૭ નવે.	૨૬ ડિસે.	૨૨ જાન્યુ.	૧૮ માર્ચ	૨૩ એપ્રિલ	૨૩ જૂન	૬ ઓગ.
૮. વૃશ્ચિક (ન.ય.)	૧૬ નવે.	૬ ડિસે.	૨૪ જાન્યુ.	૨૧ ફેબ્રુ.	૧૭ એપ્રિ.	૨૪ મે	૨૩ જુલાઈ	૬ સપ્ટે.
૯. ધનુ (ભ.ધ.ફ.ઢ)	૧૬ ડિસે.	૫ જાન્યુ.	૨૩ ફેબ્રુ.	૨૧ માર્ચ	૧૮ મે	૨૫ જૂન	૨૪ ઓગ.	૬ ઓક.
૧૦. મકર (ખ.જ.)	૧૪ જાન્યુ.	૩ ફેબ્રુ.	૨૩ માર્ચ	૨૧ એપ્રિલ	૧૮ જૂન	૨૬ જુલાઈ	૨૪ સપ્ટે.	૬ નવે.
૧૧. કુંભ (ગ.શ.સ.)	૧૩ ફેબ્રુ.	૪ માર્ચ	૨૩ એપ્રિલ	૨૨ મે	૨૦ જુલા.	૨૬ ઓગ.	૨૫ ઓક.	૬ ડિસે.
૧૨ મીન (દ.ચ.ઝ.થ)	૧૪ માર્ચ	૬ એપ્રિ.	૨૪ મે	૨૩ જૂન	૨૦ ઓગ.	૨૬ સપ્ટે.	૨૪ નવે.	૫ જાન્યુ.

પાપગ્રહોની દિનદશા અશુભ ફળ આપે. શુભગ્રહોની દિનદશા શુભ ફળ આપે.

જન્મ સમયના ચંદ્રની પ્રમાણે દિનદશા ગણવાની પદ્ધતિ છે. આ દશાઓના કોઠામાં જે તારીખો અપાય છે તે રાશિના પહેલા અંશનો ચંદ્ર છે તેમ સમજીને અપાય છે તેથી વ્યક્તિગત સ્પષ્ટ દિનદશા સમજવા માટે, ચંદ્રના જેટલા અંશ હોય તેટલા દિવસ ઉમેરીને દશાઓ ગણવી.

ઉદાહરણ : જેમ કે નટવરલાલ, કે જેની રાશિ (૮) વૃશ્ચિક છે તેને ૨૭મી મેના કયા ગ્રહની દિનદશા ચાલે છે તે જાણવું છે કે તો કોઠામાં ૨૪મી મેના ગુરુની દિનદશાનો પ્રારંભ થયેલ છે તે તા. ૨૩મી જુલાઈ સુધી રહેશે. આ દિનદશા શુભ ગણાય, જ્યારે તે જ તારીખે મીન રાશિની દિનદશા જોતાં ૨૪ મેથી ૨૩ જૂન સુધી મંગળની દિનદશા ચાલતી હોવાથી અશુભ ગણાય. એવી રીતે દરેક રાશિવાળા પોતપોતાની રાશિ મુજબ શુભાશુભ દિનદશા સહેલાઈથી ઉપલા કોઠા મુજબ જોઈ શકે છે.

આર્થિક દ્રષ્ટિએ :- પૂર્વ જન્મના કર્મના બદલે તમને આ વર્ષે ધન તો મળતું રહેશે. પણ ૧૭-૧૧-૨૦૦૯થી ૨ જા ભાવેથી પસાર થતો કેતુ આપની આવકમાં ઘટાડો કરવાનો પ્રયત્ન જરૂરથી કરશે. ૨૫-૧૦-૨૦૦૯ થી ૨૯-૧૨-૨૦૦૯ દરમિયાન ઘરની શાંતિ નાણાંકીય તંગીના લીધે જોખમાતી જણાશે. તે જ સમય દરમિયાન શેઠ-નોકર-અધિકારી અને તેમના હાથ નીચે કામ કરતાં કર્મચારી વચ્ચે ઝઘડો મોટા સ્વરૂપે થતાં પગારમાં કાપ આવી શકે અથવા નોકરીમાંથી છૂટા થવાનો વારો પણ આવી શકે તેમ છે. ૦૬-૦૨-૨૦૧૦ સુધી નાણાંભીડ સખત રહે. નાણાં આવે છે ને ક્યાં વપરાઈ જાય છે તે જ સમજાય નહીં. ૦૬-૦૨-૨૦૧૦ થી ભાગ્યના જોરે ક્યાંકથી અચાનક લાભ મળતો જણાય છે. 30-03-૨૦૧૦ સુધી નાણાંકીય સ્થિતિ સારી રહે. પછીથી ૨૨-૦૬-૨૦૧૦ સુધી ખર્ચો થતો જણાય છે. લગ્નનો હોય કે ધાર્મિક પ્રસંગનો હોય કે કૌટુંબિક જવાબદારી - સંતાન માટેનો હોય. ૨૩-૦૭-૨૦૧૦ થી 30-૦૯-૨૦૧૦ દરમિયાન ઘરમાં નાણાંનો વપરાશ વધુ રહે. ૧૭-૦૮-૨૦૧૦ થી ૧૭-૦૯-૨૦૧૦ દરમિયાર્ન સહ્રાકીય કામમાં ધ્યાન રાખવું. જો કે ૧૦-૧૦-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન સહ્રાકીય કામમાં ગૂંચવામણ વધુ અનુભવશો. સમજી વિચારીને કામકાજ કરશો તો રાહત મળશે. નવી વધારાની આવક ઉભી કરવાનો ૦૨-૦૫-૨૦૧૦ થી ૦૧-૧૧-૨૦૧૦ દરમિયાન તમે પ્રયત્ન કરશો. સફળતા મળે તેવી શુભેચ્છા. બેંકમાં પૈસા ભરવા કે લેવા જાવ તથા મુસાફરીમાં હોવ ત્યારે નાણાંની કાળજી લેશો નહીંતર તે ગયા ખાતે સમજીને આગળ વધવાનું રહેશે. ઉધારી ન આપશો.

કૌટુંબિક દ્રષ્ટિએ :- વર્ષારંભે એકાદ માસ પૂરતું સુખ સારૂં મળે છે. વર્ષાન્ત સુધીમાં સંબંધ કપાઈ ન જાય તેની તકેદારી રાખજો. ૨૫-૧૦-૨૦૦૯ થી ૧૨-૧૧-૨૦૦૯ દરમિયાન આપે બોલવામાં કાળજી લેવી પડશે નહીંતર અહીંથી જ દુશ્મનાવટ ચાલુ થઈ જશે. વર્ષારંભે નાના ભાઈ બહેન નું સ્વાસ્થ્ય પણ નબળું રહેશે અને જો પરીણિત હશે તો લગ્ન જીવનમાં ઉગ્રતા વધુ રહેશે. અભ્યાસ કરતાં હશે તો બહુ વાંધો નહીં આવે પણ ૨૦-૧૨-૨૦૦૯ પછીથી તેમણે અભ્યાસમાં ધ્યાન વધુ આપવું પડશે. અવિવાહિતના વિવાહ-લગ્નની શક્યતા ૦૨-૦૫-૨૦૧૦ પછીથી

ગોચર સૂર્યના અંશો પ્રમાણે વિંશોત્તરી દિનદશા પ્રવેશ

રાશિ	સૂર્યની દશા ૧૮	ચંદ્ર ૩૦	મંગળ ૨૧	રાહુ ૫૪	ગુરુ ૪૮	શનિ ૫૭	બુધ ૫૧	કેતુ ૨૧	શુક્ર ૬૦
૧. મેષ (અ.લ.ઈ.)	મેષ ૦°થી ૧૩ એપ્રિલથી	મેષ ૧૮°થી ૧ મેથી	વૃષભ ૧૮°થી ૨ જૂનથી	મિથુન ૯°થી ૨૪ જૂનથી	સિંહ ૩°થી ૧૯ ઓગસ્ટથી	કન્યા ૨૧°થી ૭ ઓક્ટો.થી	વૃશ્ચિક ૧૮°થી ૪ ડિસેમ્બરથી	મકર ૯°થી ૨૩ જાન્યુ.થી	કુંભ ૦°થી ૧૩ ફેબ્રુ.થી
૨. વૃષભ (બ.વ.ઉ.)	વૃષભ ૦°થી ૧૪ મેથી	વૃષભ ૧૮°થી ૨ જૂનથી	મિથુન ૧૮° ૩ જુલાઈથી	કર્ક ૯°થી ૨૫ જુલાઈથી	કન્યા ૩°થી ૧૯ સપ્ટે.થી	તુલા ૨૧°થી ૭ નવેમ્બરથી	ધન ૧૮°થી ૨ જાન્યુ.થી	કુંભ ૯°થી ૨૧ ફેબ્ર.થી	મીન ૦°થી ૧૪ માર્ચથી
૩. મિથુન (ક.છ.ઘ.)	મિથુન ૦°થી ૧૪ જૂનથી	મિથુન ૧૮°થી ૩ જુલાઈથી	કર્ક ૧૮°થી ૩ ઓગસ્ટથી	સિંહ ૯°થી ૨૫ ઓગસ્ટથી	તુલા ૩°થી ૧૯ ઓક્ટો.થી	વૃશ્ચિક ૨૧°થી ૬ ડિસેમ્બરથી	મકર ૧૮°થી ૧ ફેબ્રુ.થી	મીન ૯°થી ૨૩ માર્ચથી	મેષ ૦°થી ૧૩ એપ્રિલથી
૪. કર્ક (ડ.હ.)	કર્ક ૦°થી ૧૬ જુલાઈથી	કર્ક ૧૮°થી ૩ ઓગસ્ટથી	સિંહ ૧૮°થી ૪ સપ્ટે.થી	કન્યા ૯°થી ૨૫ સપ્ટે.થી	વૃશ્ચિક ૩°થી ૧૯ નવેમ્બરથી	ધન ૨૧°થી ૫ જાન્યુ.થી	કુંભ ૧૮°થી ૨ માર્ચથી	મેષ ૯°થી ૨૨ એપ્રિલથી	વૃષભ ૦°થી ૧૪ મેથી
૫. સિંહ (મ.ટ)	સિંહ ૦°થી ૧૬ ઓગસ્ટથી	સિંહ ૧૮°થી ૪ સપ્ટે.થી	કન્યા ૧૮°થી ૪ ઓક્ટો.થી	તુલા ૯°થી ૨૬ ઓક્ટો.થી	ધન ૩°થી ૧૮ ડિસે.થી	મકર ૨૧°થી ૪ ફેબ્રુ.થી	મીન ૧૮°થી ૧ એપ્રિલથી	વૃષભ ૯°થી ૨૩ મેથી	મિથુન ૦°થી ૧૪ જૂનથી
૬. કન્યા (પ.ઠ.ણ)	કન્યા ૦°થી ૧૬ સપ્ટે.થી	કન્યા ૧૮°થી ૪ ઓક્ટો.થી	તુલા ૧૮°થી ૪ નવે.થી	વૃશ્ચિક ૯°થી ૨૫ નવે.થી	મકર ૩°થી ૧૭ જાન્યુ.થી	કુંભ ૨૧°થી ૫ માર્ચથી	મેષ ૧૮°થી ૧ મેથી	મિથુન૯°થી ૨૪ જૂનથી	કર્ક ૦°થી ૧૬ જુલાઈથી
૭. તુલા (ર.ત.)	તુલા ૦°થી ૧૬ ઓક્ટો.થી	તુલા ૧૮°થી ૪ નવેમ્બરથી	વૃશ્ચિક ૧૮°થી ૪ ડિસે.થી	ધન ૯°થી ૨૫ ડિસે.થી	કુંભ ૩°થી ૧૬ ફેબ્રુ.થી	મીન ૨૧°થી ૪ એપ્રિલથી	વૃષભ ૧૮°થી ૨ જૂનથી	કર્ક ૯°થી ૨૫ જુલાઈથી	સિંહ ૦°થી ૧૬ ઓગસ્ટથી
૮. વૃશ્ચિક (ન.ય.)	વૃશ્ચિક ૦°થી ૧૬ નવેમ્બરથી	વૃશ્ચિક ૧૮°થી ૪ ડિસેમ્બરથી	ધન ૧૮°થી ૨ જાન્યુ.થી	મકર ૯°થી ૨૩ જાન્યુ.થી	મીન ૩°થી ૧૭ માર્ચથી	મેષ ૨૧°થી ૫ મેથી	મિથુન ૧૮°થી ૩ જુલાઈથી	સિંહ ૯°થી ૨૫ ઓગસ્ટથી	કન્યા ૦°થી ૧૬ સપ્ટે.થી
૯. ધનુ (ભ.ધ.ફ.ઢ.)	ધનુ ૦°થી ૧૬ ડિસે.થી	ધનુ ૧૮°થી ૨ જાન્યુ.થી	મકર ૧૭°થી ૧ ફેબ્રુ.થી	કુંભ ૯°થી ૨૧ ફેબ્રુ.થી	મેષ ૩°થી ૧૬ એપ્રિલથી	વૃષભ ૨૧°થી ૫ જૂનથી	કર્ક ૧૮°થી ૩ ઓગસ્ટથી	કન્યા ૯°થી ૨૫ સપ્ટે.થી	તુલા ૦°થી ૧૬ ઓક્ટો.થી
૧૦. મકર (ખ.જ.)	મકર ૦°થી ૧૪ જાન્યુ.થી	મકર ૧૮°થી ૧ ફેબ્રુ.થી	કુંભ ૧૮°થી ૨ માર્ચથી	મીન ૯°થી ૨૩ માર્ચથી	વૃષભ ૩°થી ૧૭ મેથી	મિથુન ૨૧°થી ૬ જુલાઈથી	સિંહ ૧૮°થી ૪ સપ્ટે.થી	તુલા ૯°થી ૨૬ ઓક્ટો.થી	વૃશ્ચિક ૦°થી ૧૬ નવે.થી
૧૧. કુંભ (ગ.શ.સ.)	કુંભ ૦°થી ૧૩ ફેબ્રુ.થી	કુંભ ૧૮°થી ૨ માર્ચથી	મીન ૧૮°થી ૧ એપ્રિલથી	મેષ ૯°થી ૨૨ એપ્રિલથી	મિથુન ૩°થી ૧૭ જૂનથી	કર્ક ૨૧°થી ૭ ઓગસ્ટથી	કન્યા ૧૮°થી ૪ ઓક્ટો.થી	વૃશ્ચિક ૯°થી ૨૫ નવેમ્બરથી	ધન ૦°થી ૧૬ ડિસે.થી
૧૨ મીન (દ.ચ.ઝ.થ.)	મીન ૦°થી ૧૪ માર્ચથી	મીન ૧૮°થી ૧ એપ્રિલથી	મેષ ૧૮°થી ૧ મેથી	વૃષભ ૯°થી ૨૩ મેથી	કર્ક ૩°થી ૧૯ જુલાઈથી	સિંહ ૨૧°થી ૭ સપ્ટે.થી	તુલા ૧૮°થી ૪ નવેમ્બરથી	ધન ૯°થી ૨૫ ડિસે.થી	મકર ૦°થી ૧૪ જાન્યુ.થી

જન્મ સમયના ચંદ્રના રાશિ-અંશ પ્રમાણે વાર્ષિક દિનદશા ગણવાની ઉપરની પદ્ધતિ, વિશોત્તરી દશા ક્રમ ઉપર આધારિત છે. આ દશામાં સામાન્ય રીતે સૂર્યની
દશા દિવસ ૧૮ની એવો વ્યવહાર કરવામાં આવે છે. પરંતુ હકીકતમાં આ દશા સૂર્યના ૧૮ અંશ સુધીની છે. એટલે જન્મસમયના ચંદ્ર સાથે ગોચરના સૂર્યની યુતિ થાય
ત્યારથી એ સૂર્ય જન્મના ચંદ્રથી ૧૮ અંશ પુરા કરે ત્યાં સુધીના સમય માટે સૂર્યની દશા રહે. મેષ રાશિના ૦ અંશનો ચંદ્ર હોય તેને ગોચરમાં મેષનો સૂર્ય થાય ત્યારથી
એટલે કે તા. ૧૩મી એપ્રિલથી મેષના ૧૮ અંશ સુધી, એટલે તા. ૧લી મે સુધી સૂર્યની દિનદશા રહે; ૧લી મેથી ૨ જૂન સુધી ચંદ્રની દિનદશા રહે તે પ્રમાણે દરેક
રાશિ માટે સમજવું. જન્મનો ચંદ્ર મેષના ૨૨ અંશનો હોય તો તા. ૬ઠ્ઠી મેથી સૂર્યની દિનદશા બેસે, ૨૫મી મેથી ચંદ્રની દિનદશા શરૂ થાય એમ ગણતરી કરવી.
દરેક ગ્રહની દશામાં બાકીના ગ્રહોની અંતર્દશાઓ પણ કાઢી શકાય. તે માટે બન્ને ગ્રહોની દશાઓના દિવસોના ગુણાકાર કરીને ૩૬૦થી ભાગતાં અંતર્દશાનો
સમય આવશે. દા.ત. ચંદ્રમાં શુક્રનું અંતર કાઢવું હોય તો ચંદ્રના ૩૦ ગુણ્યા શુક્રના ૬૦ = ૧૮૦૦ ને ૩૬૦થી ભાગતાં પાંચ આવ્યા. તેટલા અંશ (દિવસ) ચંદ્રમાં
શુક્રની અથવા શુક્રમાં ચંદ્રની અંતર્દશા રહે. આ દશાઓનું ફલાદેશ પણ જન્મ કુંડલીના ગ્રહોના વિશોત્તરી દશા પદ્ધતિ પ્રમાણે ગણતા શુભાશુભ ફળ અનુસાર કહેવું.
વૃષભ રાશિ માટે શનિ યોગકારક હોવાથી એ રાશિવાળાને એ દશા અશુભ ફળ નહીં આપે એ રીતે ફળની તુલના કરવી - શુભ ગ્રહ સારું ફળ આપે અને પાપ - ગ્રહ
ખરાબ ફળ આપે એ સ્થૂળ રીતે કહેલું ફળ વિશ્વસનીય ગણાય નહીં.

વધુ રહેતી જણાય છે. તેઓ વધુ પડતાં સહાખોર ન બને તે પણ ધ્યાન પર લેવું પડશે. માતાનું સ્વાસ્થ્ય એકંદરે સારૂં રહે. માતાને ગુસ્સો વધુ રહેશે. વળી ખાવા-પીવાની કાળજી નહીં લે તો દવાખાનામાં ભરતી થવાનો વારો આવશે. માતા જો નોકરી કરતી હશે તો બદલીની શકયતા રહેલી છે. જેઓને કામ કરવું હશે તેમને કામ મળી રહેશે. તેમણે તેમના નામે સંપત્તિ લેતા પહેલાં વિચાર કરવો પડશે. ૧૬-૧૧-૨૦૦૯ થી ૧૬-૧૨-૨૦૦૯ દરમિયાન લીધેલી સંપત્તિમાં સરકારી લફરાં ઉભા થતાં જણાય છે. ઝવેરાત વસાવી શકશે. સંતાનનું નસીબ સારૂં છે. તેમનું સ્વાસ્થ્ય પણ સારૂં રહેશે. ૨૭-૦૧-૨૦૧૦ પછીથી તેઓ તાકાત અનુભવશે. જો કે અભ્યાસ કરતાં બાળકો ધ્યાન નહીં રાખે તો સારા પરિણામની આશા પણ રાખી શકાશે નહીં. તેમનું મિત્રવર્તુળ પણ તકલીફ કર્તા બનશે. સંતાનના લગ્ન-વિવાહના યોગો ૦૨-૦૫-૨૦૧૦ પછીથી વધુ ઉજળા બને છે. જેમને કામ કરવું છે તેમને મળી રહેશે અને જેઓ કામ કરે છે છે તેમનું ૧૭-૧૧-૨૦૦૯ પછીથી છૂટી જતું જણાય છે. પછી નવું કામ મેળવવામાં સમાધાન કરવાનો વારો આવશે. જીવનસાથીનું સ્વાસ્થ્ય તેમને પરેશાન કરશે. લોહીની ખરાબી જણાઈ આવશે. બીજું જો તેઓ બોલવામાં ધ્યાન નહીં રાખે તો ઘણાં બધા લોચા વાળશે અને પ્રશ્નો ઉભા કરશે. તેમણે નાણાં બાબાતે પણ કાળજી લેવી પડશે. તેમના મોજશોખ વધુ રહશે. તેઓ નોકરી કરતાં હશે તો બદલી કે બઢતીને અવકાશ રહેતો જણાતો નથી. અને તેમના નામે સંપત્તિ વસાવવાનો યોગ પણ ખાસ જણાતો નથી. આ વર્ષે તેઓ વાયુથી વધુ પરેશન થશે. પિતાની તબિયત બગડતી જણાય છે. તેમને ખર્ચો વધુ કરવાનો રહેશે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૨-૦૨-૨૦૧૦ દરમિયાન બને તો મુસાફરી ટાળવી જોઈએ. ૦૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૨-૨૦૧૦ દરમિયાન જાત્રા-પ્રવાસ-મુસાફરીમાં પ્રાથમિક સારવાર માટેની જોઈતી જરૂરી સાધન સામગ્રી લઈને જ મુસાફરી કરવી જોઈશે. જો તેઓ નોકરી કરતાં હશે તો બદલી કે બઢતીની શકયતા જણાતી નથી. ૧૭-૧૧-૨૦૦૯ પછીથી મિત્રોની નજર-દાનત બગડતી જણાશે. સહાકીય કામકાજમાં વિશેષ ધ્યાન આપવું પડશે. મોટાભાઈ બહેને બને તો સહાથી દૂર રહેવું સારૂં ગણાશે. ૧૭-૧૧-૨૦૦૯ સુધી તો ખાસ જ. અને ત્યારબાદ રાજકારણ પછીથી તે મિત્રવર્ગમાં, સગા સંબંધીમાં કે કુટુંબીજનોમાંથી દૂર રહેવાની જરૂર રહેશે. જો તેઓ અભ્યાસ કરતાં હશે તો બહુ વાંધો નહીં આવે પણ એકાદ વિષયમાં તકલીફ ઉભી થઈ શકે છે. તેમને ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન સંપત્તિ વસાવવાનો યોગ બને છે. તેમના મિત્રો સાથેનો વધુ પડતો સંસર્ગ ઓછો થતો જણાશે જે તેમના માટે લાભદાઈ બનશે જ. ૨૭-૦૧-૨૦૧૦ થી મોટાભાઈ-બહેનની વિચાર સરણીમાં પણ ઘણો મોટો ફરક પડી જતો જોવા મળશે. આમ કૌટુંબિક ક્ષેત્રે વધારે ખરાબ અને થોડું સારૂં ફળ મળતું જણાય છે. દરેકને તેમનું ભાગ્ય તે મુજબનું ફળ સમયાન્તરે આપતું જ રહે છે. તેમનું નસીબ.

સ્થાવર જંગમ મિલકતની દૃષ્ટિએ :- આ વર્ષે સ્થાવર-જંગમ મિલકતમાં ફેરફાર શકય જણાતો નથી. કદાચિત નવી સંપત્તિ વસાવો તો બહુ જ કાળજી લઈને લેવાની રાખશો. ૨૦-૧૨-૨૦૦૯ પછીથી થોડું ઘણું રોકાણ કરવાનું મન થશે. ૦૨-૦૫-૨૦૧૦ સુધી ઈચ્છા રહેશે. કેટલું સફળ થવાય છે તે જોવાનું રહે છે. સિવાય કે જન્મના ગ્રહોનો સંપૂર્ણ સાથ હોય અને દશા સારી ચાલતી હોય તો જૂદો સવાલ છે. હા, ઝવેરાત વસાવવું હોય કે દાગીનો કરાવવો હોય તો જૂદી વાત છે. વાહન વસાવી શકાશે. ૨૧-૧૨-૨૦૦૯ સુધી યોગ છે. ૦૬-૦૨-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ સુધી સારી વસ્તુ મળી શકે. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન તમે વસાવેલી વસ્તુનો પૂરેપૂરો આનંદ માણી શકશો. અને તેવી જ રીતે ૦૧-૦૮-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીનો સમય ઘણો સારો રહેશે. માતાના નામે સંપત્તિ વસાવવી હશે તો તે ૨૦-૧૨-૨૦૦૯ સુધી શકય બનશે. પિતાના નામની સંપત્તિમાંથી કઈ જ ઉપજતું જણાતું નથી. કોઈ પડાવી ન જાય તેની તકેદારી રાખજો. આમ આ વર્ષે સંપત્તિ વસાવવાનો યોગ થતો નથી.

સંતાનની દૃષ્ટિએ :- સંતાનનું સ્વાસ્થ્ય ઘણું સારૂં રહે. જો કે તેમના દેહમાં વાયુનું પ્રમાણ વિશેષ રહેવા પામશે. આપ પરીણિત હોવ અને સંતાન ઈચ્છુક હોવ તો આ વર્ષે આપની મનોકામના પૂર્ણ થતી જણાય છે. યોગ ઘણાં સારા બને છે. તેમાં પણ ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત દરમિયાનનો સમય સારો કહી શકાય. સંતાન નાના હોય અને ભણતાં હોય તો થોડી ઘણી કાળજી લેવી પડે. એકાદ વિષયમાં તકલીફ ઉભી થાય. ધો. ૧૨ સુધીના સંતાનો દિલ દઈને ભણશે તો પણ આ પ્રશ્નો ઉભો થશે. જ્યારે સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને આવડતું હોવા છતાં પણ ઊંઘી જાય કે એકના બદલે બીજાનું પેપર સમજે કે બહુ દબાણ નીચે વાંચેલું યાદ ન આવે તેવું બને. તેમને સલાહ આપજો કે બહુ ચિન્તા કર્યા વગર પેપર આપશે તો ઘણું સારૂં લખી શકશે. જે સંતાનો નોકરી ઈચ્છુક હશે તેમને નોકરી મળી જશે. નોકરિયાતને કામમાં કઈ ને કઈ અડચણો ઉભી થતી જણાશે. અને જો ખટરાગ વધારશે તો ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન કે ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૫-૦૭-૨૦૧૦ દરમિયાન કાં મેમો મળી શકે અથવા નોકરીમાંથી પાણીચું - રૂખસદ મળે તેમ છે. આ વર્ષે તેમને બદલી કે બઢતી મળવાની શકયતા ઓછી છે. આ વર્ષે સંતાને ઘર વસાવવાની વાત મોકુફ રાખવી જોઈએ અને તે તેમના હિતમાં હશે. અવિવાહિત સંતાનના વિવાહ-લગ્ન શક્ય બનતા જણાય છે. અને જો તેઓ પરિણીત હોય તો સારા સમાચાર પણ મળતા જણાય છે. આ વર્ષે સંતાનને પરદેશના યોગ ઓછા જણાય છે. સિવાય કે તેમની ખુદની જન્મકુંડળી કઈ અલગ દર્શાવતી હો તો વાત જૂદી છે. સંતાનોએ તેમના મિત્રોથી બચવાની જરૂર છે ખરી. અને સંતાન જો સહાકીય પ્રવૃત્તિથી સંકળાયેલા હોય તો બહુ જ કાળજી લઈને કામ કરે. અન્યથા કામ જ કપાઈ જશે. આમ સંતાનની દૃષ્ટિએ વરસ તબિયત માટે સારૂં છે તો મિલકત માટે બરાબર નથી. થોડો ઘણો આધાર તેમની જન્મકુંડળી ઉપર પણ રહેલો છે જ.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! આપને પનોતી ચાલતી નથી. તે રાહત છે. તથા ગુરુ ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન કુંભ રાશિમાંથી પસાર થાય છે જે પણ સારો છે. પણ ૮ મો રાહુ આપને પરેશાની જરૂરથી આપશે. માટે સાવધ રહેજો. ધો.૧૨ અને તેથી નીચેના ધોરણોમાં ભણતા બાળકોને એકાદ વિષયમાં ઘણા ઓછા ગુણ પ્રાપ્ત થાય તેવું લાગે છે. પરીક્ષા વખતે જ બિમાર પડાય કે વાંચેલું ભૂલી જવાય કે પેપર એકના બદલે બીજું સમજીને આપવા જવાનો પણ યોગ બને છે. વિજ્ઞાન શાખાના વિદ્યાર્થીઓને ગણિતના પેપરમાં વધુ ધ્યાન આપવું પડશે. તેમાં પણ ૪ થુ પેપર થતું હોય તો ઉતાવળ કરીને લખશો નહીં. સમજીને દાખલા ગણવાના રાખશો. તેવી જ રીતે ભૌતિક શાસ્ત્રનું પેપર પણ દર વર્ષની જેમ સહેલું નહીં હોય. વાણિજ્ય શાખા વિદ્યાર્થી મિત્રોને બહુ વાંધો આવશે નહીં. ૨૬-૦૨-૨૦૧૦ થી ૩૦-૦૩-૨૦૧૦ દરમિયાન આવતી પરીક્ષાઓ ઘણી સારી જશે. ફકત અંગ્રેજીના પેપરમાં ધ્યાન વધુ આપશો. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થી મિત્રોને ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાનની પરીક્ષાઓ ઘણી સારી જશે. જેમણે સંસ્કૃત રાખ્યુ હશે તેમણે વધારાની મહેનત કરવી પડશે. ધો.૧૦ થી નીચેના વર્ગોમાં ભણતાં વિદ્યાર્થીઓએ પડવા - વાગવાથી બચવું. હાથે ફેકચર થશે તો પરીક્ષા આપવામાં મુશ્કેલી થશે. પી.ટી.માં કાળજી લેવાની રહેશે. સ્નાતક કક્ષાના દોસ્તોને ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન આવતી પરીક્ષાઓમાં આપનો આત્મ વિશ્વાસ તૂટી જશે. કદાચ પરીક્ષા ન આપવાનો પણ વિચાર આવી શકે છે. ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૧-૦૩-૨૦૧૦ દરમિયાન બહુ સાચવીને કામ કરજો. તેમાં પણ વાણિજ્ય શાખાના વિદ્યાર્થીને વધુ કાળજી લેવી પડશે. એકાઉન્ટીંગ તથા એડમિનિસ્ટ્રેશનના પેપરો વધુ સમય માગશે. વિજ્ઞાન શાખામાં સ્ટેટેસ્ટીક્સ, ગણીત તથા ભૌતિક શાસ્ત્રમાં વધુ સમયનો ભોગ આપવો પડશે. દાક્તરી શાખાના વિદ્યાર્થીઓને હીપ્સના ભાગને તથા હાથના ભાગોને વિશેષ મહત્વ આપવું પડશે. કાયદાશાસ્ત્રના વિદ્યાર્થીઓને ૧૪-૦૪-૨૦૧૦ થી ૨૭-૦૪-૨૦૧૦ દરમિયાનની પરીક્ષાઓમાં મારા મારીના ફોજદારીના કેસોનું ધ્યાન વધુ આપવું પડશે. સી.એ. અને એમ.બી.એ.ના વિદ્યાર્થી મિત્રોને ૨૦-૧૦-૨૦૧૦ થી ૩૦-૧૧-૨૦૧૦ સુધીનો સમયગાળો વધારે સારો રહેશે. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રોને સાનુકૂળતા વધુ રહેશે. પણ ૦૧-૧૨-૨૦૦૯ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન આપે વાંચેલું કાં યાદ નહીં રહે અથવા તે કામમાં ઓછું આવશે. જ્યારે ૩૦-૦૩-૨૦૧૦ થી ૦૬-૦૬-૨૦૧૦ દરમિયાન આપવાની થતી પરીક્ષામાં રાત્રિના ઉજાગરા અને દોડધામ કરવાનો વારો આવશે. સંશોધન ક્ષેત્રે કાગળો રજુ કરવામાં ઉતાવળ કરશો નહીં. બને તો ૨૬-૦૫-૨૦૧૦ પછીથી રજુ કરવાના રાખશો. અભ્યાસ પછી જેને નોકરી કરવી છે તેમણે જે પણ નોકરી મળે તેને વધાવી લેવી જોઈશે. બહુ સારી અપેક્ષા રાખવી યોગ્ય નહીં રહે. જેઓ નોકરી કરતાં જ હશે તેમને પણ બઢતી મળવાની શકયતા ઓછી રહે છે. આ વર્ષે પરદેશગમનની તકો પણ ઉજળી જણાતી નથી સિવાય કે તમારા જન્મના ગ્રહો કઈંક મદદ કરતાં હોય તો જૂદી વાત છે. ખાસ

કરીને તબિયત સંભાળીને અભ્યાસ કરજો. મિત્રોનો સાથ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી મળશે. આપને આરાધના કરવી હોય તો ભૈરવદાદાની કરજો તથા સરસ્વતીદેવીની કરશો તો સારૂં રહેશે અને અભ્યાસ ચાલુ કરતાં પહેલાં ગણપતિજીને યાદ કરવાનું ભૂલશો નહીં. તમને બધાને ખૂબ ખૂબ શુભેચ્છા અને આશિર્વાદ.

સ્ત્રીઓ માટે :- આ વર્ષની શરૂઆતે આપ લૂંટી લેવાય તેટલો આનંદ લૂંટી લેવાનો સંકલ્પ કરતા હોવ તેવું લાગે છે. સ્વાસ્થ્યની બાબતે તમારે લોહીની કાળજી લેવી જરૂરી થઈ પડશે. હિમોગ્લોબીનમાં એકદમ ઘટાડો આવી શકે છે અને તે પણ ૧૭-૧૧-૨૦૦૯ પહેલાં. ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન આપનો આત્મવિશ્વાસ તૂટી ન જાય તેટલી માંદગીમાં ન સપડાવ તેની કાળજી લેશો. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન આપની આંખોની કાળજી લેશો. કઈં સમજમાં નહીં આવે કે જોવામાં તકલીફ કેમ પડે છે. જ્યારે વર્ષારંભે કુટુંબીજનો સાથે ઘણા સારા સંબંધોમાં અચાનક કોઈની નજર લાગી જાય તેમ એકદમ કડવાશ ઉભી થતી જોવા મળશે. અને અસાધારણ સંજોગોમાં વર્ષાન્તે કપાઈ ન જાય તેની કાળજી લેશો. જો કે પતિદેવની તબિયત બરાબર નહીં રહેતા તેમની આવકમાં પણ ફેરફાર જોવા મળશે. સંતાન માટેની લાગણી ઘણી રહેશે. પણ તેમના મિત્રોનું ધ્યાન તમારે રાખવું પડશે. જ્યારે મોટા ભાઈ બહેન અચાનક રાજરમત રમતાં જોવા મળશે. જેના હિસાબે તેમના ઘરમાં કંકાસનું વાતાવરણ જોવા મળશે. અભ્યાસ કરતી બહેનોને બહુ વાંધો આવશે નહીં. કોલેજમાં ભણતી બહેનોએ ખોટું સાહસ કર્યુ તો તે તેમને જ ભારે પડી જશે. ૦૨-૦૫-૨૦૧૦ સુધીની પરીક્ષામાં બહુ વાંધો આવશે નહીં. આપને નોકરી કરવી હશે તો મળશે ખરી પણ બહુ સારાની અપેક્ષા રાખશો નહીં. અને ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૫-૦૭-૨૦૧૦ દરમિયાન કામકાજમાં ધ્યાન રાખશો નહીંતર નાણાંમાં ગરબડ થશે અને પોલિસનું લફરું આવે તો નવાઈ ન પામતા. આ વર્ષે તમને બઢતી કે બદલીની શક્યતા બહુ જણાતી નથી. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન તમારે નવું કામ કરવું હશે તો કરી શકશો. જે કે ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન નાણાંની આવક ચાલુ રહેશે પણ તે ક્યાં વપરાઈ જશે તેની જ સમજ પડશે નહીં. જો કે આવકમાં થોડો ઘટાડો અવશ્ય જોવા મળશે. જેઓના વિવાહ - લગ્ન કરવાના બાકી હોય તો ૦૨-૦૫-૨૦૧૦ પછીથી યોગ સારા બને છે. આ વર્ષે આપને સંપત્તિમાંથી આવક ઉભી કરવી હશે તો થઈ શકશે પણ નવી સંપત્તિ વસાવવાના યોગો ઓછા બને છે. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ તથા ૨૦-૦૪-૨૦૧૦ થી ૦૯-૦૬-૨૦૧૦ દરમિયાન; ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન મોજશોખની ચીજવસ્તુઓ વસાવી શકાશે અને તેનો ભરપૂર આનંદ ઉઠાવી શકશો. જો કે વર્ષારંભે આપની ધાર્મિકતા વિચિત્ર પ્રકારની રહેશે. આપના મિત્રોનું વર્તન ૨૭-૦૧-૨૦૧૦ પછીથી ધીમી ગતિએ બદલાતું જતું જણાશે. જો કે તેમના જીવનસાથી વધુ રોમાન્ટિક રહેશે. જો કે આ વર્ષે જાત્રા-પ્રવાસના યોગો ઓછા જણાય છે. તમારો હરિફ વર્ગ તમારા પ્રેમ પ્રસંગો ઉપર ઝિણવટથી ધ્યાન રાખતા જોવા મળશે. જાહેર જીવનમાં થોડું ધ્યાન રાખજો. આપના વિશે જાતજાતના ગપગોળા ઉડાડવાની તકો લોકો હાથમાંથી જવા દેશે નહીં. આપને આરાધના કરવી હોય તો ગણેશજીની તથા ભૈરવદાદાની કરજો અને શારીરિક કે આર્થિક તકલીફોનું સર્જન ન થાય તેના માટે પ્રાર્થના કરજો. ટૂંકમાં વરસ થોડે ઘણે અંશે કપરું છે.

વિશેષ વિગતો :- વર્ષની શરૂઆતે તો સ્વાસ્થ્ય અને આર્થિક સ્થિતિ સારી જણાય છે. ૨૫-૧૦-૨૦૦૯ થી નાણાંકીય બાબતે કાળજી લેવી પડશે. તથા ૦૩-૧૧-૨૦૦૯ થી આપ આપના હરિફના હાથમાં રમતાં ન થાવ તેની કાળજી લેશો. હરિફ વર્ગ અને હાથ નીચેના માણસો મજબૂત બનતા જોવા મળશે. ૧૭-૧૧-૨૦૦૯ થી આપની આવકમાં કપાત થતી જણાય છે. બોલવામાં પણ આપ ચોખવટ નહીં કરો તો નુકશાન ઉઠાવવાનો વારો આવશે. ૧૯-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન જીવનસાથીનું વર્તન જરા જૂદૂ રહેશે. તેમની તબિયત પણ નબળી રહેશે. ૨૭-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન જાતે, કુટુંબીજનો, બાળકો બધા જ સાથે સામાજિક કાર્યમાં પૂરેપૂરો આનંદ પ્રાપ્ત કરી શકશો. ૦૨-૧૨-૨૦૦૯ થી નાણાંકીય આવક ચાલુ રહે પણ તે ક્યાં વપરાઈ જશે તેની ખબર જ પડશે નહીં. તો ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન તબિયતની કાળજી લેશો. જો કે ઘરમાં પણ શાંતિ મળવી મુશ્કેલ બનશે. જો કે ૨૦-૧૨-૨૦૦૯ થી વધારાની આવક ઉભી થતી જણાશે અને ઘરમાં પણ રાહત ઉભી થતી જણાશે. ૧૪-૦૧-૨૦૧૦ થી તબિયતમાં સુધારો થતો જોવા મળશે. સાથે સાથે ઘરમાં પણ શાંતિ થતી જોવા મળશે. પણ માતાની તબિયત નરમગરમ રહે. કદાચ દવાખાનામાં દાખલ પણ કરવાનો વારો આવે તો નવાઈ નહીં જ. તેવી જ રીતે પિતાની તબિયત ૦૬-૦૨-૨૦૧૦ પછીથી અને ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન બગડતી જણાય. જો કે ૨૭-૦૧-૨૦૧૦ થી મિત્ર વર્ગમાં ધીમી ગતિએ પરિવર્તન શરૂ થવાના યોગો બને છે. નોકરી-કારોબાર સિવાયના કામમાં પણ તેજીને અવકાશ રહે છે. જેઓ સટ્ટાકીય કામમાં પ્રવૃત્ત હોય તેમણે સમજી વિચારીને કામ કરવું હિતાવહ રહેશે. ૦૬-૦૨-૨૦૧૦ થી આપ કામકાજમાં સંપૂર્ણ ધ્યાન આપતા થઈ જશો. ૨૬-૦૨-૨૦૧૦ થી આપના કુટુંબીજનો પણ આપને કામકાજમાં મદદરૂપ બનતા જણાય. ૧૪-૦૩-૨૦૧૦ સુધી સટ્ટો જ મુખ્ય પ્રવૃત્તિ ના બને તેની કાળજી લેશો. જો કે દલાલીના કામમાં સારો ફાયદો થતો જણાય છે. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન મિત્રોની નજદીક વધુ આવશો. સંતાન અને જીવનસાથી વધુ આનંદ લૂંટતા જણાશે. ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૧-૦૩-૨૦૧૦ દરમિયાન મિત્રો સાથે ઘરના મામલે વાતાવરણ ઉગ્ર બનતું જણાય છે. માતાની તબિયત વધુ બગડે. ૩૦-૦૩-૨૦૧૦ થી ખર્ચાના યોગો બને છે અને જાત્રા-પ્રવાસ કે હોસ્પિટલ પાછળનો ખર્ચ આવી શકે. સંતાનને દૂર જવાના યોગો પણ બને છે. ૨૦-૦૪-૨૦૧૦ સુધી તમને અને કુટુંબીજનોને ભાગ દોડ વધુ કરવાની થાય તેવું સૂચન મળે છે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન નાણાંકીય બાબતે પારિવારિક સંબંધો તંગ બને. ગરમા ગરમીથી વાતો થાય. અને પાછું તમે જ સમાધાન કરો તેવું બને તેમાં પણ ૨૨-૦૬-૨૦૧૦ થી ૩૧-૮-૨૦૧૦ દરમિયાન ઘરેથી પણ સટ્ટાકીય કામ કરતાં જણાશો. પણ સાચવીને કરજો નહીંતર ચાલુ કામમાં પણ ફજેતી થતી જણાશે. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન તમે બધું ગત જન્મના કર્મો ઉપર છોડી દેવાનો પ્રયત્ન કરશો. ૧૭-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન પિતા-પુત્રને ઉગ્ર બોલાચાલી સંભવે અને સંતાન તેની ઉગ્રતામાં શું બોલે છે તેનું પણ ધ્યાન રાખે નહીં. તેમાં જીવનસાથીની તબિયત બગડી જતી જણાય છે પછીથી વર્ષાન્ત સુધી કોઈ જ વાંધો આવતો જણાતો નથી. ટૂંકમાં ૮ મો રાહુ આપને વધુ પરેશાન કરશે તેની [illegible] કરી શકાતી હોય તે રીતે કરશો તો રાહત મળશે. બને તો ભૈરવદાદાની આરાધના વધારજો અને કૌટુંબિક શાંતિ અને નાણાંકીય રાહત માટે ગણપતિજીને ભજવાના રાખશો તો સુખ-શાંતિનો થોડો અહેસાસ કરી શકશો. કર્મો તો જીવમાત્રને ભોગવવા પડતા હોય છે. ૐ શાંતિ.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- નૂતન વર્ષારંભ ખૂબ જ ઉલ્લાસભેર ઉજવાતું જણાય છે. નાના ભાઈ-બહેન થોડા ઘણા ઉશ્કેરાટમાં રહેશે. આપ મહદ્ અંશે સટ્ટાકીય વલણ અપનાવશો. સંતાન તથા પ્રેમી માટે લાગણી ઘણી દર્શાવશો. ધાર્મિક વલણમાં પણ ગૂંચવાડો ઉભો થાય પણ તમે બધાય ધર્મ તરફનું તમારું વલણ સરખું દર્શાવો. લાગણીથી ધર્મને માન આપો. તા. ૨૫-૧૦ થી સંતાન નાણાંલક્ષી બની જાય. કામ કરે તેનું મહેનતાણું મળતું જણાય. તા. ૦૪-૧૧ થી ધર્મ તરફનો ઝુકાવ વધે. તા. ૧૨-૧૧ થી કુટુંબીજનો આપનું બરાબર ધ્યાન રાખે. આખો યે મહિનો સારો પસાર થતો જણાય છે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- આખા યે મહિનામાં ઘણાં બધા ફેરફાર જોવા મળશે. કદાચ હવે તમે ધાર્મિક લાગણીમાંથી મુક્ત થઈને ધીરે ધીરે કર્મવાદ તરફ આગળ વધતાં જોવા મળશો. તા. ૧૭-૧૧ થી જ ૮ મો રાહુ ચાલુ થતાં તબિયતની કાળજી આખું યે વરસ લેવી પડશે. નાણાંકીય તેમજ કૌટુંબિક સ્થિતિમાં ગરબડ ઉભી થતી જણાય. સંબંધો કપાઈ જતાં જણાય. તા. ૨૭-૧૧ થી જીવનસાથીને સમર્પિત થતાં જોવા મળશો. જાહેર જીવનમાં રસ વધુ લો. તા. ૦૧-૧૨ થી ધન મળે અને વપરાઈ જતું જોવા મળે. કામકાજ વ્યવસ્થિત બને. તા. ૦૭-૧૨ થી કામમાં રસ વધુ પડે. તા. ૧૫-૧૨ થી તબિયતનું ધ્યાન રાખવું.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- આખા મહિનામાં ઘણાં પરિવર્તનો આવે. આત્માને શાંતિ ઓછી મળે. છતાં યે શોખ પૂરા થાય. તા. ૨૦-૧૨ થી નાના ભાઈ બહેન વાંકા ચાલે. ખોટા પરાક્રમથી દૂર રહેજો. આપનું કામ વધે અને મિત્રો કામમાં મદદે આવે. તા. ૨૧-૧૨ થી તબિયતની કાળજી વધુ લેવાની રહે. હૃદયની તકલીફવાળાએ સાહસ કરવું નહીં. જીવનસાથી શું કહેવા માંગે છે તે જ સમજમાં આવે નહીં. તા. ૨૬-૧૨ થી નાણાંકીય

સંવત ૨૦૬૬નું રાશિ ભવિષ્ય

પરિસ્થિતિ વાંકી ચાલે. સટ્ટામાં ખૂબ જ ધ્યાન રાખવું. તા. ૧૩-૦૧ થી કામમાં કઈંક તકલીફો સર્જાય. તા.૧૪-૦૧ થી ફરીથી સુખ મળવાનું ચાલુ થાય. તા. ૧૫-૦૧ થી રાહત ઘણી મળે.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- નાણાંકીય તંગી રહે અને સંતાન સુખ પણ ઓછું રહે. સટ્ટાકીય કામમાં વધુ રચ્યાપચ્યા રહો પણ જો કાળજી ન રાખો તો ગરબડ ઉભી થાય અને નુકશાન ઉઠાવવાનો વારો આવે. બોલવામાં ધ્યાન નહીં રાખો તો નાણાંકીય નુકશાની ઉઠાવવાનો વારો આવે. અને સંબંધો બગડે તે નફામાં માટે ચોખવટ કરીને જ કામ કરશો. તા. ૨૭-૦૧ થી નવા મિત્રોનો વધારો થાય. ચાલુ કામ સિવાય નવા કામ તરફ આગળ વધવાના વિચારો આવે. સટ્ટાકીય પ્રવૃત્તિ વધે અથવા બંધ થઈ જાય. તા. ૦૬-૦૨ થી ભાગ્યના જોરે ધન મળે. કુટુંબીજનોનો સાથ સહકાર મળે. તબિયતમાં સુધારો જોવાય. તા. ૧૩-૦૨ થી કામમાં યશ-માન-પ્રતિષ્ઠા મળે. એકંદરે મહિનો સારો છે.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- આ મહિનામાં કામમાં પ્રવૃત્ત વધુ રહેવાશે. યશ-માન-પ્રતિષ્ઠાની સાથે સાથે નાણાંકીય આવક વધે. તમો કર્મપ્રધાન બનો. તા. ૨૬-૦૨ થી કુટુંબીજનો કામમાં મદદરૂપ બને. આવકમાં વધારો થાય. તમે જે કામ કરો તેનું વળતર મળી રહે. સટ્ટાકીય કામ સાચવીને કરવું. તા. ૦૨-૦૩ થી મિત્રો સાથે મોજમજામાં પરોવાઈ જાવ. દુશ્મન પણ મિત્રતાનો હાથ લંબાવતા જોવા મળે. તા. ૧૦-૦૩ થી સંતાનનો અહમ વધે. ખોટું ઘર્ષણ ન થાય તેનું ધ્યાન રાખવું. તા. ૧૪-૦૩ થી સટ્ટાકીય કામમાં કાળજી લેશો. મિત્રો સાથે મોજમજામાં નાણાંનો વપરાશ વધુ રહે. મહિનો મઝાનો છે.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- ખાસ બહુ ફેરફાર આ મહિનામાં જોવા મળતાં નથી. મિત્રોથી સંકળાયેલા વધુ રહેશો. મોજશોખ વધુ જોઈશે. સટ્ટાકીય બાબતો તરફનો લગાવ વધુ રહે. કામકાજ સારું રહે. ચાલુ કામ સિવાય વધારાની આવક પણ થશે. સંતાનનું સ્વાસ્થ્ય સંભાળવા જેવું ખરું. તેમનો ખર્ચો પણ વિશેષ રહેશે. તા. ૨૭-૦૩ થી આપનો પ્રવાસ વધી શકે. આપ થોડે અંશે શંકાશીલ પણ બનતા જણાવ છો. તા. ૩૦-૦૩ થી ખર્ચાનું પ્રમાણ વિશેષ રહે. કુટુંબ સાથેની મુસાફરી શક્ય બની શકે. તા. ૦૫ અને ૦૬-૦૪ બરાબર નથી. કામમાં સફળતા મળે નહીં. તા. ૧૪-૦૪ થી ઘર પાછળ ખર્ચો સંભવે.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી તા. ૧૪-૦૫-૨૦૧૦) :- મુસાફરી યોગ ચાલુ રહે છે. ખર્ચાનો યોગ પણ ચાલુ રહે છે. સટ્ટાકીય કામમાં કાળજી લેશો નહીંતર લાંબાગાળા માટે ફસાઈ જશો કાં નાણાં ગૂમાવશો. સંતાનથી પણ સહકાર ઓછો મળે. તા. ૨૦-૦૪ થી સ્વાસ્થ્ય સુધરે. હરિફ વર્ગ ઉપર પૂરતું ધ્યાન આપશો. મોસાળની વ્યક્તિથી મુલાકાત સંભવે. નોકર ચાકરનું સુખ મળે. તા. ૨૩-૦૪ થી ખોટો ખર્ચો વધતો જણાય. કુટુંબીજનો વાંકા ચાલે. સટ્ટાકીય બાબતમાં ગૂંચવાગણ ઉભી થાય. ભાષા ઉગ્ર બને. તા. ૦૨-૦૫ થી મિત્રોનો અહમ વધે. તા. ૧૪-૦૫ થી શરીરમાં પિત્તનું પ્રમાણ વધે.

નિજવૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- શરીરમાં પિત્ત વધે. પરેશાની વધે. કુટુંબીજનોનો સહકાર ઓછો મળે. મિત્રોની વર્તણૂંકમાં ફેરાફાર જોવા મળે. હિંમત વધતી જણાય. તા. ૧૫-૦૫ થી આપ લોભીયા કંજૂસ બનતા જણાવ. નાણાં માટેનું ખેંચાણ વધુ રહે. કુટુંબીજનોને વધુ મોજશોખ જોઈએ. તા. ૨૬-૦૫ થી કામકાજમાં વધુ લક્ષ્ય આપાશે. કેમ કરીને વધુ ધંધો કરવો તેના પણ વિચારો આવે. જીવનસાથી મક્કમતાથી કામ કરશે. તેમનો સહકાર વધુ મળશે. તા. ૦૬-૦૬ થી કુટુંબીજનો નિકટ આવે. સંતાનથી નિકટતા અનુભવાશે. તા. ૦૯-૦૬ થી હિંમત વધતી જાય. હાથ નીચેના માણસો પાસેથી વધુ કામ લઈ શકાય. નાના ભાઈ-બહેનને મોજશોખ વધુ જોઈશે. સારું છે.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- શરીરમાં પિત્ત જોવા મળે. વાચાળતા વધુ રહે. કુટુંબીજનો માટે લાગણી ઉભી થાય. જીવનસાથીનો પૂરેપૂરો સહયોગ પ્રાપ્ત થાય. તા. ૧૫-૦૬ થી પિત્તનું પ્રમાણ ઓછું થાય. ઘર-ખર્ચ માટેનો ઉપાડ વધતો જણાય. કુટુંબીજનો જરા ઊંચા અવાજે વાત કરે. તા. ૨૨-૦૬ થી કુટુંબીજનો તેમનામાં મસ્ત રહે. તેમનો ખર્ચો પણ વિશેષ રહે. સટ્ટાકીય આવકમાં વધારો થતો જણાય. સંતાન દિલ દઈને કામે લાગી જાય. તા. ૦૫-૦૭ થી તમારો વધુ સમય ઘરમાં પસાર થાય. મહેમાન આવ્યા હોય તો તેમની સાથે વધુ સમય પસાર થાય. તા. ૦૬-૦૭ થી નાણાં માટે જોખમ ઉઠાવવું પડે.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા. ૧૦-૦૮-૨૦૧૦) :- ધર્મનો મહિનો છે અને ગતજન્મના કર્મો થકી તથા પિતૃઓની કૃપાથી ધાર્મિકતા વધે અને પૂજન-અર્ચન કરવા જવાનું મન થાય. સાથે સાથે મોજશોખ તો રહે જ છે. તા. ૧૬-૦૭ થી ઘર પાછળ વધુ ધ્યાન આપવાનું થાય. થોડી ઘણી દોડા દોડી પણ કરવી પડે. નાના ભાઈ બહેન ચિંગૂસ બનતા જણાય. તા. ૨૦-૦૭ થી સટ્ટામાં કાળજી લેશો. ઘણી ગણતરી ખોટી પડશે. સંતાનમાં ખોટી હિંમત વધે. તા. ૨૩-૦૭ થી નાણાં ઘરમાં વધુ વપરાય. કુટુંબીજનોની ઘરે અવરજવર વધે. તા. ૦૧-૦૮ થી આપ ઈશ્કી મિજાજમાં આવી જાવ. કોઈની યે પરવા ન કરો.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯-૨૦૧૦) :- ધર્મ તરફ વધુ ને વધુ સંકળાવ. મોજશોખથી પણ સંકળાવ. ધાર્મિક સ્થળે પ્રેમીજન સાથે મુલાકાતો પણ ગોઠવાય. ગળ્યું ખાવાનું મન વિશેષ થાય. શેર-સટ્ટા-લોટરી-રેસ-જુગાર રમવાનું મન થાય. તા. ૧૭-૦૮ થી ઘરની પ્રતિષ્ઠા વધે. માતાનું વર્ચસ્વ રહે. એક પ્રકારનો તમને પણ આત્મ સંતોષ પ્રાપ્ત થાય. તા. ૦૧-૦૯ થી તમે મોસાળની નિકટમાં જાવ. નોકર-ચાકરની સાથે પણ સારો વર્તાવ રહે. સંતાનનો ગુસ્સો વધુ રહે. તેમના ભાગ્યના જોરે તેમને નાણાં મળે. તા. ૦૬-૦૯ થી જીવનસાથી શંકાશીલ બને. તેમનો ગુસ્સો વધે. સાચવવું.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- શ્રાદ્ધપક્ષ આવતું હોવાથી તે પહેલાં કામ નિપટાઈ જાય તો વધુ સારું. આધ્યાત્મિકતા ઘણી જ સારી રહે. નાણાંનો ખર્ચ ઘરમાં રહે. માતાને સંતોષ મળે. સંતાનની આવક ચાલુ રહે. પણ ક્યાં વપરાઈ જાય છે તે સમજમાં આવે નહીં. જીવનસાથીથી સાચવવું. ગુસ્સો ભારે રહે. શંકાશીલતા પણ રહે. નોકર-ચાકર ખોટું પરાક્રમ કરીને ન'આવે તેની કાળજી લેશો. તા. ૧૭-૦૯થી સંતાનથી મતભેદો ઘણાં વધી જાય. પ્રિયજન પણ પોતાના પક્ષને વળગી રહેને ઝઘડો કરે, વધારી પણ દે. શંકાશીલ પણ બને. તા. ૩૦-૦૯ થી સંતાન વધુ કાર્યશીલ બને. તમે સટ્ટાકીય પ્રવૃત્તિ દ્વારા વધુ નાણાં મેળવવાનો પ્રયત્ન કરશો. શાંતિ રાખીને સમય પસાર કરશો.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦) :- નવરાત્રિ સમયે તમે નાણાંકીય ગોઠવણમાં વધુ પ્રવૃત્ત રહેશો. સટ્ટાકીય કામમાં વધુ વિચારો કરવાના થશે. સંતાન સાથેનું ઘર્ષણ તો રહે જ છે. સંપત્તિમાંથી આવક ઉભી કરવાની તકો રહેલી છે. તા. ૧૭-૧૦ થી સુખ ઓછું મળે છે તેવું લાગશે. દોડા-દોડી વધુ રહેશે. આપના નાણાં ઉપર નોકરની નજર રહે. તથા બેંકમાં નાણાં ભરવા જતાં કે લેવા જતાં કાળજી લેશો. જો જતાં રહ્યા તો હાથથી ગયા સમજજો. તા. ૨૦-૧૦ થી જીવસાથી કુલફોર્મમાં આવે. તા. ૦૧-૧૧ તી કામમાં વધારો થાય. નાણાં છૂટા થાય. તા. ૦૫-૧૧ થી કુટુંબીજનો આપનું ધ્યાન રાખે. ખૂબ શુભેચ્છાઓ.



મિથુન

ક, છ, ઘ

વિ. સં. ૨૦૬૬ના કલરફુલ પ્રારંભિક પ્રભાતે આપનો રાશિઅધિપતિ બુધ ચોથા ભાવે કન્યા રાશિ-પોતાની સ્વની રાશિથી પ્રયાણ પ્રારંભે છે. અને પોતાની રીતે આગળ વધતાં વર્ષાન્તો બારેય રાશિ અને ભાવ પસાર કર્યા બાદ આગળ વધીને છઠ્ઠા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થાય છે. આપનો લાભાધિપતિ મંગળ વર્ષારંભે ૨ જા ભાવે કર્ક રાશિથી મુસાફરીને આગળ વધારે છે અને આગળ વધતાં વર્ષાન્તે છઠ્ઠા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થવા પામે છે. કર્માધિપતિ ગુરૂ વર્ષારંભે ૮મા ભાવે મકર રાશિથી આગળ વધે છે અને આગળ-પાછળ થતાં વર્ષાન્તે ૯મા ભાવે કુંભ રાશિમાંથી પસાર થવા પામે છે. તો ૮ મા ભાવે મકર રાશિમાં રહેલ રાહુ તથા ૨ જા ભાવે રહેલ કેતુ તેમની વક્રગતિથી આગળ વધતાં વર્ષાન્તે રાહુ ૭ મા ભાવે ધન રાશિમાંથી અને કેતુ દેહભાવે મિથુન રાશિમાંથી પસાર થતાં જોવા મળે છે. ૮ મા જ ભાવે મકર રાશિમાં રહેલ નેપ. ધીમી ગતિએ આગળ વધીને વર્ષાન્તે ૯ મા ભાવે કુંભ રાશિમાંથી પસાર થાય છે. ૪થા ભાવે કન્યા રાશિમાં રહેલ શનિ ભાવ કે રાશિ બદલ્યા વગર જ્યાં છે ત્યાં જ વર્ષ પર્યન્ત રહે છે. તેવી જ રીતે પ્લુટો પણ ૭ મા ભાવે ધન રાશિમાં જ આખુ યે વર્ષ રહે છે. વર્ષારંભે ૯ મા ભાવે કુંભ રાશિમાં રહેલ હર્ષલ ધીમી ગતિએ આગળ વધીને વર્ષાન્તે ૧૦મા ભાવે મીન રાશિમાંથી પસાર થવા

પામે છે. સૂર્ય અને ચંદ્ર તુલા રાશિ અને ૫મા ભાવેથી પોત પોતાની રીતે પ્રવાસને આગળ ધપાવે છે અને વર્ષાન્તે રાશિચક્રને પૂરું કરીને ફરી પાછા ૫ મા જ ભાવે તુલા રાશિમાંથી જ પસાર થતા જોવા મળશે. તો શુક્ર ૪થા ભાવે કન્યા રાશિથી પોતાની રીતે આગળ વધતાં વર્ષાન્તે રાશિચક્ર અને બારે ય ભાવ ફરીને વર્ષાન્તે ૫ મા ભાવે તુલા રાશિમાંથી પસાર થાય છે. આમ નભોમંડળમાં આપની રાશિની આજુબાજુ અને રાશિમાંથી આપણા સૂર્યમંડળના ગ્રહોને પસાર થતા જોઈ શકાય છે. હવે તેઓ આપને કેવું ફળ આપવા માંગે છે તે જોવા અને સમજવાનો પ્રયાસ અહીં કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ જોઈએ તો સ્વાસ્થ્ય સુધારા ઉપર આવવું જોઈએ છતાં પણ એકાદ નાની શસ્ત્રક્રિયા કરાવવાની ન થાય તેની કાળજી અવશ્ય લેવાની રાખજો. શરીરમાં વાયુનું પ્રમાણ વિશેષ રહેશે અને આખું યે વરસ રહેશે. વિચાર વાયુથી વધારે પરેશાની ભોગવશો. ૦૬-૦૨-૨૦૧૦ થી ૨૬-૦૨-૨૦૧૦ દરમિયાન તબિયતની કાળજી લેશો. કૌટુંબિક ક્ષેત્રે જોઈએ તો વર્ષારંભે સંબંધો વણસેલા જોવા મળે અને જેમ જેમ સમય પસાર થાય તેમ ૨૦-૧૨-૨૦૦૯ પછીથી સંબંધોમાં સુધારો થતો જોવા મળશે. તો બીજીબાજુએ જીવનસાથીથી પ્રશ્નોનું સર્જન થતું જણાશે. માતાને સમજી શકાશે નહીં અને પિતા રાજરમત રમશે અને પકડાઈ જશે. નાના ભાઈ બહેનને સટ્ટાની આદત હશે તો મોટું નુકશાન સહન કરવાનો વારો આવે તેવું ગ્રહો સૂચવે છે.

આર્થિક દૃષ્ટિએ વર્ષારંભે હાથ ભીડમાં રહે. ૧૭-૧૧-૨૦૦૯ પછીથી રાહત મળે પણ નોકર-ચાકર વર્ગની દૃષ્ટિ આપના નાણાં ઉપર હોય. ૨૬-૦૫-૨૦૧૦ સુધી તેમનાથી સંભાળવું પડે. ૨૦-૧૨-૨૦૦૯ થી વધારે રાહત સંભવે નોકરિયાત વર્ગને ૦૨-૦૫-૨૦૧૦ થી ૦૧-૧૧-૨૦૧૦ દરમિયાન બદલી કે બઢતી કે બંને સૂચવે છે. અસાધારણ સંજોગોમાં શક્ય બને. સટ્ટાકીય કામકાજમાં આંધળું સાહસ તકલીફ કરે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન સટ્ટામાં કાળજી લેશો. મિત્રોની નજર આપના ધન ઉપર રહે. તેમની નિયતી સારી નહીં હોય. ભાગ્યનો સાથ ઓછો મળશે. મિત્રોના મિત્રો તેમના જ દુશ્મન ના બને તો સારૂં. વર્ષારંભે મિત્રો ઘણું વધુ રાજકારણ રમશે અને શામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવશે. આક્રમક પણ બને.

સ્થાવર-જંગમ મિલકતની દૃષ્ટિએ સંપત્તિ વસાવવાના યોગો બને છે. જૂની સંપત્તિમાં ફેરફાર કરી શકાય. નવા દર દાગીના વસાવી શકાય. મોજશોખની વસ્તુ ખિસ્સાને પરવડે તે રીતે લઈ શકાશે. ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત પર્યન્ત બીજી જગ્યાએ રહેવા જવાનો યોગ પણ બને છે. ૨૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન ધાર્મિકતા ઓછી જોવા મળશે. આમ ઉપરછલ્લી નજરે જોતા ગ્રહોનું સૂચન કંઈક આવું જોવા મળે છે. હવે તેઓ આપના જીવનમાં વિધવિધ ક્ષેત્રે કેવું ફળ આપવાનો પ્રયાસ કરે છે તે જોવાનો અને સમજવાનો આપણે અહીં પ્રયત્ન કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ :- આમ તો સ્વાસ્થ્ય સારૂં રહેતું જણાય છે. જો કે ૧૨-૧૧-૨૦૦૯ થી તબિયત નરમ ગરમ રહે. ૧૬-૧૧-૨૦૦૯ થી ૦૧-૧૨-૨૦૦૯ દરમિયાન તાવની શક્યતા રહે. ૧૯-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન કદાચ દવાખાનાની મુલાકાત લેવાનો ,વારો પણ આવી શકે. ૦૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૨-૨૦૧૦ દરમિયાન શ્વાસ લેવામાં તકલીફ વધુ પડે. અને શરીર તૂટતું જણાશે. ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૦-૦૩-૨૦૧૦ દરમિયાન કામકાજમાં ધ્યાન વધુ રાખશો અને તેમાં કંઈક ગરબડ ઉભી થતાં ત્યાં જ મુશીબત ઉભી થાય, તબિયત બગડે. કામકાજની જગ્યાએ બહુ ચિંતા કરવાની છોડી દેજો. વર્ષાન્તે દિવાળીના ફટાકડાથી સાવચેત રહેજો. દાઝવાના, અકસ્માતના યોગો બને છે. આખા યે વરસ દરમિયાન શરીરમાં વાયુ રહેશે. વિચાર વાયુથી ઘણી તકલીફો ભોગવવાની થતી જણાય છે. કોઈ મોટી બિમારી જણાતી નથી. કોઈ મોટા ઑપરેશનનો પણ યોગ થતો જણાતો નથી. ગણપતિજીની આરાધના ઘણી મુશ્કેલીઓને ટાળી શકશે.

આર્થિક દૃષ્ટિએ :- વર્ષની શરૂઆતે તો આવક ઓછી અને જાવક વધુનો ઘાટ જણાય છે. તેમાં પણ કાળજી નહીં રાખો તો નોકર વર્ગ ધાપ મારી જશે તે વધારામાં. ૨૬-૦૫-૨૦૧૦ સુધી તેમનાથી સાવચેત રહેવું જરૂરી થઈ પડશે. ૧૭-૧૧-૨૦૦૯ થી આવકમા આવેલો કાપ દૂર થતો જણાશે. ૨૦-૧૨-૨૦૦૯ થી વધારાની આવક ચાલુ થતાં રાહત મળે અને કામ ઉકેલાય. ૨૫-૧૦-૨૦૦૯ થી ૧૨-૧૧-૨૦૦૯ દરમિયાન સટ્ટાકીય પ્રવૃત્તિ દ્વારા લાભ લેવાનું મન થાય. ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન અચાનક નાણાંભીડ ઉદ્ભવે અને નાણું ક્યાં ગયું તે જ સમજમાં આવે નહીં. ૨૭-૦૧-૨૦૧૦ થી અચાનક ધીમી ગતિએ કામમાં સંચાર થતો જણાશે. અને નોકરિયાત વર્ગને ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત લગી નોકરીમાં બદલી કે બઢતી કે બંનેનો અવકાશ રહે. જ્યારે ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન ઉપરી અધિકારી કે શેઠ-માલિકથી વાદ-વિવાદમાં ઉતરશો નહીં, નહીંતર મેમો આપી દેશે કે બરતરફ કરી દેશે. જો કે આપના મિત્રોની નજર આપના ધન ઉપર ૨૬-૦૫-૨૦૧૦ સુધી તો રહેવાની જ છે. આપો તો સમજીને આપશો. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન નવા કામકાજને અવકાશ રહે છે. અને તમે પ્રવૃત્તિમય બની જશો. જીવનસાથીને કામ કરવું હશે તો આખા યે વર્ષ દરમિયાન જરૂરથી મળી રહેશે જો તેઓ નોકરી કરતાં હશે તો ૨૦-૧૨-૨૦૦૯ સુધી તથા ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીમાં તેમને બદલી કે બઢતી કે બંને મળી શકે. તેમની આવક ઘણી સારી થતી જણાય છે. સ્થાવર-જંગમ મિલકતમાંથી પણ કંઈ નવી આવક થતી જણાતી નથી. આમ જોવા જોઈએ તો વર્ષના પૂર્વાર્ધમાં નાણાંકીય પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવાની જરૂર છે. ૦૨-૦૫-૨૦૧૦થી આવકનો સ્તોત્ર ચાલું થાય અને વર્ષાન્ત સુધી વાંધો આવતો જણાતો નથી.

વિશેષ વિગતો :- નવા વર્ષની શુભ શરૂઆતે ધીરજથી કામ કરશો તો ઘણાં આગળ વધી શકશો. તબિયતની કાળજી નહીં લો તો પરેશાની વધી જશે. પસંદગી તમારે કરવાની છે. ૨૫-૧૦-૨૦૦૯ થી ૧૨-૧૧-૨૦૦૯ સુધી બહારગામથી મહેમાન ઘરે આવવાની શક્યતા વધે છે. ૦૩-૧૧-૨૦૦૯ સુધી ઘરમાં ખર્ચાનું પ્રમાણ વધે છે. ૨૪-૧૦-૨૦૦૯ થી ૦૬-૧૧-૨૦૦૯ દરમિયાન નાણું ક્યાં જાય છે તેની જ સમજ પડશે નહીં. વટ-વહેવાર પણ સાચવવા જ પડશે ને ? ૧૬-૧૧-૨૦૦૯ થી નાણાંનો પ્રવાહ સહાકીય પ્રવૃત્તિ તરફ વળતો જણાય છે. ધંધામાં રોકાણ તો સમજી શકાય પણ લાંબાગાળાના પૈસા છૂટા થતા હોય તો જૂદી વાત છે. ૨૭-૧૧-૨૦૦૯થી મિત્રોના કહે સહાકીય પ્રવૃત્તિ વધતી જણાય છે. હિંમત વધે. સંતાન પણ મિત્રોના દોરવાયા દોરવાઈ જઈને આપને સલાહ આપતા જોવા મળશે. ૧૭-૧૧-૨૦૦૯ થી શારીરિક રાહત મળે. હરિફ વર્ગ પરેશાન કરવાનો પ્રયત્ન કરે પણ તેમનું કશું જ ઉપજશે નહીં. ૧૯-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન સંતાન પ્રશ્નો ઉભા ન કરે તેની કાળજી લેશો. ઉપરોક્ત સમયમાં સહાકીય પ્રવૃત્તિમાં પણ તકલીફના દર્શન થતા જણાય છે. ૦૧-૧૨-૨૦૦૯ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન નાના ભાઈ બહેનનું વર્તન વિચિત્ર રહે. પરાક્રમ કરો તો સમજીને કરશો. ૧૬-૧૨-૨૦૦૯ થી નાણાંકીય પરિસ્થિતિમાં એકદમ બદલાવ આવે. નાણાં ક્યાં અને કેવી રીતે જાય છે તેની જ સમજ ૨૯-૧૨-૨૦૦૯ સુધી પડે નહીં. ૨૧-૧૨-૨૦૦૯ થી મિત્રો પણ દુશ્મન થતા જણાય. અને દરેક પ્રકારનું સુખ ઓછું થયું છે તેવું લાગે. ૦૮-૧૨-૨૦૦૯ થી માનસિક પરિવર્તન ધીમી ગતિએ થતું જોવા મળશે. તમારા જીવનસાથીનામાં પણ ધીમું પરિવર્તન જોવા મળે. ૨૦-૧૨-૨૦૦૯ થી ગુરુ ૮ મો થતા તબિયતની કાળજી લેવી પડે. કઈં ને કઈં નાની મોટી મુસીબતો ઉભી થયા કરશે. ૧૪-૦૧-૨૦૧૦ થી શરીરમાં પિત્તનું પ્રમાણ વધતું જણાશે. કુટુંબીજનો આપનું ધ્યાન રાખશે. સંતાનને કામ ધંધા માટે નાની મુસાફરીના યોગ બને છે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન મિત્રો-જીવનસાથી-ઘરની વ્યક્તિઓ બધાનો સાથ હોવા છતાં પણ મનને આનંદ મળવો અઘરો છે. ૨૭-૦૧-૨૦૧૦ થી તમારા ભાગ્યમાં પરિવર્તન આવતું જણાશે. આશાઓ બંધાતી જશે. ધાર્મિક પરિવર્તન પણ આવે. ૦૬-૦૨-૨૦૧૦ થી નાનાભાઈ બહેનથી સુખ ઓછું મળે. જીવનસાથીને ભાગ્યના જોરે ધન મળે. મિત્રોનું સુખ ઓછું થાય. ધંધામાં લાભની જગ્યાએ નુકશાન ન જાય તેની ખાસ તકેદારી લેજો. ૧૩-૦૨-૨૦૧૦ થી નાણું અચાનક જ વપરાઈ જાય, પડી જાય, ગયેલું પાછું ન આવે તેવું બને. ૧૯-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ વધુ સાચવવું. ૦૨-૦૩-૨૦૧૦ થી મિત્રોનું વર્તન બદલાય અને ભાગ્ય ફેરવવામાં મદદરૂપ બને. ૧૪-૦૩-૨૦૧૦ થી પરદેશથી - દૂરથી કોઈ સારા સમાચાર પ્રાપ્ત થાય. ૧૪-૦૩-૨૦૧૦ થી ભાગ્યના જોરે નાણાંની આવક વધે. કુટુંબીજનોના વાણી-વ્યવહારમાં પણ ફેરફાર પડે. અને ઘણા વખત પછી સારા દિવસો આવી રહ્યા છે તેવું લાગે. ૨૭-૦૩-૨૦૧૦ થી મિત્રો કામમાં મદદરૂપ થાય. સુખ પ્રાપ્ત થતું હોય તેવું લાગે. ૩૦-૦૩-૨૦૧૦ થી દેશાવરથી કામ મળે, નવા ધંધા વિકસે અને નાના ભાઈ બહેન કામમાં મદદરૂપ બનતા જણાશે. ૨૦-

૦૪-૨૦૧૦ થી તમે કોઇક પ્રકારના રંગીન વિચારો ધરાવતા બનશો. ૧૫-૦૫-૨૦૧૦ સુધી આવી સ્થિતિ રહે. ૦૨-૦૫-૨૦૧૦ થી તમો ૮મા ગુરુમાંથી છૂટકારો મેળવીને ભાગ્યોદય દ્વારા આગળ વધી શકશો. પ્રગતિ ઝડપી થાય. ૧૪-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન તમે જે પણ કામ કરશો તેમાંથી વળતર-આવક મળી રહેશે. ૨૬-૦૫-૨૦૧૦થી તબિયત સુધારા ઉપર રહે. છેક દિવાળી સુધીનો સમય સારો રહે ફક્ત ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન સરકારી તકલીફો ન થાય તેની કાળજી લેશો. આપે આરાધન કરવું હોય તો ૨૬-૦૫-૨૦૧૦ સુધી ગણેશજીનું વિશેષ કરશો. જૈનોએ વાસુપૂજ્ય સ્વામિનું કરવું. આરાધના એક પ્રકારની આત્મિક શક્તિ આપીને મુશ્કેલીનો સામનો કરવાનું શ્રેષ્ઠ હથિયાર છે.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- વર્ષારંભે તબિયતની ખાસ કાળજી લેશો. વાયરલ ઇન્ફેક્શન છાતીના ભાગમાં તકલીફ કરી દેશે. કફ વધી જશે. અને અકળામણ અનુભવાશે. મોજશોખ વધુ રહેશે. નાની યાત્રા સંભવે. કામ માટેનો લગાવ રહે પણ તબિયતના લીધે બહુ ફાવટ ન આવે. તા. ૨-૧૦ થી ઘરે મહેમાનો વધુ આવે. દલાલીનું કામ જોરમાં ચાલી શકે. તા. ૦૩-૧૧ થી ઘરમાં આનંદનો માહોલ રહે. મિત્રની અવર જવર ઘરે રહે. તા. ૦૪-૧૧ થી આપ લાગણીના પૂરમાં ખેંચાતા જણાવ છે. તા. ૧૨-૧૧ થી સટ્ટાકીય કામમાં કાળજી લેવી. નફો મળતો હોય તો નીકળી જવાય.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડે તેમ છે. ઊંઘ ઓછી થતી જશે. શરીર વધતુ જણાશે. મોજશોખ વધુ જોઇશે. તા. ૧૭-૧૧ થી હરિફ વર્ગનું કશું ઉપજશે નહીં. આપ નાણાંને સટ્ટાકીય ઉપયોગમાં લેવાનો પ્રયત્ન કરતાં જોવા મળશો. સંતાન કાર્યરત બને તા. ૨૭-૧૧ થી સંપત્તિમાંથી આવક મેળવવાનો પ્રયત્ન થાય. શોખ વધે. મિત્ર તેમનામાં મસ્ત રહે. તા. ૦૧-૧૨ થી ખોટું સાહસ કરશો નહીં. નાણાંકીય પરિસ્થિતિ ઉપર ધ્યાન રાખવું. હાથ નીચેના માણસો આપના પૈસાથી મજા કરે.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- ઘણાં બધા ફેરફારો જોવા મળશે. નાણાંકીય ધ્યાન રાખવું. ગૂંચવામણ વધુ રહેશે. તા. ૨૦-૧૨ થી કામકાજમાં ફેરફાર જોવા મળશે. સંતાન પરત્વે પણ કોઈ ખાસ ભાવ જોવા ન મળે, તેમનાથી પરેશાની રહે. તબિયતની કાળજી વિશેષ લેવી પડશે. ભાગ્ય કામ કરતું નથી એવું લાગશે. તા. ૨૧-૧૨ થી મિત્રો દુશ્મન ન બને તેની કાળજી લેશો. તા. ૨૬-૧૨ થી સમજીને સાહસ કરજો. તા. ૧૩-૦૧ થી અચાનક મુસાફરીનો યોગ બને. તા. ૧૪-૦૧ થી જાહેર જીવનમાં રસ લેવાનું મન થાય. જીવનસાથી નાણાંની માંગણી કરે. તા. ૧૫-૦૧ થઈ નોકર-ચાકરનું સુખ મળતું સંભવે.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- શરીરમાં પિત વધતું જોવા મળશે. શરીર ગરમ રહે. જીવનસાથીની સાથે સાથે તમને પણ ખૂબ જ મોજશોખ જોઈએ. મિત્રો તમારી કાળજી લે. મુસાફરીમાં કાળજી લેવી. તા. ૨૭-૦૧ થી ભાગ્ય બદલાતું જણાય. ધીમી ગતિએ લાંબા ગાળાનો ફાયદો જણાશે. હવે નાણાંભીડ ઓછી થશે. તા. ૦૬-૦૨ થી દેશાવરથી યશ-માન મળે. હિંમત વધતી જણાય. નાના ભાઈ બહેન આપનું ધ્યાન રાખે. ધંધામાં ફાયદો થવાના યોગો બને. માતા આપના માટે લાગણી ધરાવે. ખરા અર્થમાં આનંદ ઉલ્લાસ રહે. જીવનસાથી પણ ખુશ રહે. તા. ૧૩-૦૨ થી કૌટુંબિક સુખ ઓછું મળે. ધન મળે ખરું પણ ક્યાં વપરાઈ જાય તેની સમજ પડે નહીં. એકંદરે સારૂં છે.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- આપની વાચાળતા વધે છતાં પણ કામ થાય નહીં. નાણાંકીય ભીડ રહે. કૌટુંબિક સાથ-સહકાર ન મળે. મિત્રોનો સહકાર પણ મળે નહીં. તા. ૨૬-૦૨ થી નાના ભાઈ બહેનનું સુખ ઓછું મળે. દેશાવરનું કામ ઓછું થાય. તા. ૦૨-૦૩ થી મિત્રોનો સહકાર ફરીથી પ્રાપ્ત થાય. આપને સુખનો અહેસાસ થાય. તા. ૧૦-૦૩ થી કામ કરવાનું મન થાય. સંતાન માટે લાગણી ઉદ્ભવે. તેમનું ધ્યાન રાખતા થાવ. તા. ૧૪-૦૩ થી ભાગ્યના જોરે નાણાં મળવાના ચાલુ થાય. કુટુંબીજનોનું સુખ મળતું થાય-ધાર્મિક ભાવના જાગૃત થતાં ધર્મસ્થાનની મુલાકાત લેવાનું મન થાય.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- ભાગ્યના જોરે ધન મળે એટલે કૌટુંબિક સુખ મળે એટલે સુખી છીએ તેવું આપણને લાગવા માંડે. મિત્રોનો પણ સહકાર સાંપડે અને તેમની સાથે યાત્રા-પ્રવાસનું આયોજન પણ થાય તો નવાઈ નહીં. તા. ૨૭-૦૩ થી કામકાજમાં પ્રવૃત્ત હોવા છતાં ઘરની પણ કાળજી લેવાય. મિત્રો કામમાં મદદરૂપ બને અને કામમાં આનંદ પણ મળે એટલે ટસરડો છે તેવું લાગે પણ નહીં. તા. ૩૦-૦૩ થી કામકાજ માટે નાની મુસાફરી કે ધક્કા ખાવા પડે. ફોન કરવા પડે તો દેશાવરનું કામ મળતું જણાશે. તા. ૧૪-૦૪ થી જે કામ કરશો તેનું વળતર મળશે, પ્રતિષ્ઠા મળે.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી ૧૪-૦૫-૨૦૧૦) :- યશ-માન- પ્રતિષ્ઠા મળે. આવક વધે. દરેક કામનું વળતર મળી રહે. કામ ટસરડો ન લાગે. કર્મ પ્રધાન બનશો. તબિયતની કાળજી હજુ પણ લેવી રહી. તા. ૨૦-૦૪ થી મિત્રો તેમના કામમાં રચ્યા પચ્યા રહે છતાંપણ તમને નવું બીજું કામ અપાવે પણ ખરા જ. તમે થોડે ઘણે અંશે ઇશ્કી મિજાજમાં આવી જાવ. તા. ૨૩-૦૪ થી દૂરના કામ ઉપર અચાનક બ્રેક ન લાગે તેની કાળજી લેશો. કામકાજ માટે મુસાફરી ઉપર પણ બ્રેક લાગતી જણાય છે. તા. ૦૨-૦૫ થી ભાગ્ય પરિવર્તન થતું જણાશે. શરીર વધતું જણાશે. તા. ૧૪-૦૫ થી આપના નાણાંનો ઉપયોગ મિત્રો કરતાં જણાય.

નિજવૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- મુસાફરીનો યોગ બને છે. પણ યાત્રામાં ક્યાંય કનેક્શન ચૂકી ન જવાય તેની કાળજી લેશો. કદાચ અચાનક મુસાફરી બંધ પણ રાખવી પડે. મિત્રોથી સહેવાસ વધારે રહે. ચાલુ કામ સિવાયના કામમાં લાભ થાય. તા. ૧૫-૦૫- થી મોજશોખ વૈભવ વિલાસ વધે, મિત્રોની સાથે રાત્રિના ઉજાગરા થાય અથવા ઘરના સમારકામ પાછળ ધ્યાન આપવાનું થાય, અને ખર્ચો થાય. તા. ૨૬-૦૫ થી જે પણ કામ કરશો તેનું વળતર મળી રહે. સાહસ પણ ઉઠાવતા જણાવ છો. સટ્ટાકીય પ્રવૃતિ વધે. તા. ૦૬-૦૬ થી દેશાવરનું કામ વધે. મિત્રો સાહસ તરફ દોરી જાય. તા. ૦૯-૦૬ થી આપ મિત્રોમય બની જાવ. સંપૂર્ણ સુખ પ્રાપ્ત થતું લાગે. મોજ-મજા ને આનંદ મળે.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- તમે નાણાં મિત્રો પાછળ ખર્ચ કરતાં જોવા મળશો. ધંધા માટે પણ નાણાંનું રોકાણ જોવા મળે. મોજશોખ વધુ ભોગવશો. ઘર માટેની લાગણી રહે. શરીર વધતું જણાશે. ભાગ્ય દોડી રહ્યું છે. તા. ૧૫-૦૬ થી ખર્ચો વધે, કૌટુંબિક વ્યક્તિઓથી પરેશાની રહે. ઉગ્રતા-ગુસ્સો આવે. તા. ૨૨-૦૬ થી સંદેશા-વ્યવહારનું પ્રમાણ વધે. નાના ભાઈ બહેન તેમના કામમાં વ્યસ્ત રહે. તા. ૦૫-૦૭ થી મિત્રો કુટુંબીજનોથી વધુ મળતા થાય. આવક ઘણી સારી થાય. તા. ૦૬-૦૭ થી આપનામાં હિંમત આવે પણ સ્વભાવે શંકાશીલ બનતા જણાશો.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા ૧૦-૦૮-૨૦૧૦) :- આપનો ગુસ્સો ભારે રહે. ખર્ચો પણ રહે. કુટુંબીજનોથી સહકાર ઓછો મળે. બોલવામાં ધ્યાન ન રહે. સંતાન મક્કમતાથી આગળ વધે. જો કે તેમની તબિયતની કાળજી લેવી પડે. તેઓ સાચી વસ્તુ જણાવે નહીં. તા. ૧૬-૦૭ થી આપને પિત્ત પ્રકોપ વધે. આપનો અહમ પણ વધે. નાણાં માટે વધારે લાગણી ઉભી થાય. યશ-માન મળે. કુટુંબીજનો માટે લાગણી વધતી જણાય. તેમની વાતમાં આવી જવાય. તા. ૨૦-૦૭ થી કામકાજ માટે નાના મોટા ધક્કા ખાવા પડે. તા. ૨૩-૦૭ થી મિત્ર સાથે વધુ સમય પસાર થતો જોવા મળે. નાની મુસાફરીનું આયોજન થાય. તા. ૦૧-૦૮ થી મુસાફરીમાં જલસા કરો. સારું છે.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯-૨૦૧૦):- ધાર્મિક મહિનો છે. ધર્મ તરફની ભાવના થોડા સમયથી જાગૃત થઈ છે. તીર્થ દર્શનનો તથા વ્રતાદિનો ફાયદો મળી શકે તેમ છે. બધુ ગણતરીપૂર્વક પાર પડે અને સાથે સાથે આનંદ પણ મળી રહે. જીવનસાથીમાં ધાર્મિક ભાવના વધુ રહે. પરેશાની હોવા છતાં પણ. તા. ૧૭-૦૮ થી નાણાંકીય પરિસ્થિતિમાં થોડોક સુધારો વર્તાય. કુટુંબીજનો પોતાની વાતને પકડીને બેસી રહે. તા. ૦૧-૦૯ થી મિત્રોની અવર-જવર ઘરમાં વધે. ઘરમાં પણ આનંદનું વાતાવરણ રહે. તા. ૦૬-૦૯ થી કામકાજ ધમધોકાર ચાલે પણ સટ્ટામાં કાળજી લેવી જરૂરી ખરી.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- શ્રાદ્ધ પક્ષના પંદર દિવસો તો કોઈ કામ થશે નહીં એટલે શરૂના જ પંદર દિવસમાં કામ કરવું પડે. દેશાવરથી કે બે નંબરની આવક થતી જણાય છે. ફોન દ્વારા કારોબાર થતો જણાય. બોલવામાં સ્પષ્ટતા વધુ રહે. દરેક પ્રકારના મનોરંજન મેળવવાનો પ્રયત્ન થાય. તા. ૧૭-૦૯ થી પિતા-પુત્ર વચ્ચે તકલીફ બને. નાના ભાઈ-બહેનનો સહયોગ ઓછો મળે. ખટરાગ થાય. તા. ૩૦-૦૯ થી સહજમાં સંદેશા વ્યવહારથી સંપર્ક સાધીને પ્રશ્નનું નિરાકરણ લાવી શકાય. સંતાનને મિત્રોથી અણબનાવ બને. મહેનત વધુ કરવી પડે.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦):- નવરાત્રિના દિવસોને સારી રીતે માણી શકશો. ઘરનો માહોલ સુંદર રહે. નાની નાની મુસાફરી કે ધક્કા વધુ ખાવા પડે. તા. ૧૭-૧૦ થી ઘરમાં નાણાં વધુ વપરાય. ઘરમાં કુટુંબીજનોની અવર-જવર વધે. મિત્રોની અવર જવર રહે. બહારગામથી પણ સગા સ્નેહી આવતાં જણાય. પડોશીની પણ અવર જવર વધી જાય. તા. ૨૦-૧૦ થી સટ્ટાકીય કામમાં વધુ પ્રવૃત્ત રહેવાય. સંતાન વધુ જિદ્દી બને. તા. ૦૧-૧૧ થી આપને તબિયતની કાળજી લેવી પડે. ભાગ્ય કામ કરતું નથી એવું લાગે. તા. ૦૫-૧૧ થી સટ્ટામાં ધ્યાન રાખજો નહીંતર મોટી નુકશાની ભોગવવાનો વારો આવી શકે. દિવાળી નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.



સિંહ

મ, ટ

વિ. સં. ૨૦૬૬ના મનોરમ્ય સુપ્રભાતે આપનો રાશિઅધિપતિ સૂર્ય ત્રીજા ભાવે તુલા રાશીમાંથી પોતાની દડમજલ આગળ વધારે છે. અને વર્ષાન્તે બારે ય રાશિ અને ભાવ ફરીને ફરી પાછો ત્રીજા જ ભાવે તુલા રાશિમાંથી પસાર થાય છે. તેવી જ રીતે ચંદ્ર પણ ત્રીજા ભાવે તુલા રાશિથી દોડવાનું ચાલુ રાખે છે અને બારે ય રાશિ અને ભાવના અનેક ચક્કરો કાપીને વર્ષાન્તે ત્રીજા ભાવે તુલા રાશિમાંથી જ પસાર થાય છે. જ્યારે ધનાધિપતિ બુધ અને કર્માધિપતિ શુક્ર વર્ષારંભે બીજા ભાવે કન્યા રાશિથી મુસાફરીને આગળ ધપાવે છે અને પોત પોતાની આગવી રીતે આગળ વધતાં વર્ષાન્તે બંને ય બારે ય રાશિ અને ભાવનું પૂરુ ચક્કર કાપીને બુધ ચોથા ભાવે વૃશ્ચિક રાશિમાંથી અને શુક્ર ત્રીજા ભાવે તુલા રાશિમાંથી પસાર થાય છે. બીજા ભાવે કન્યા રાશિમાં રહેલ શનિ વર્ષ દરમિયાન ત્યાંને ત્યાં જ રહે છે. તેવી જ રીતે ૫ મા ભાવે ધન રાશિમાં રહેલ પ્લુટો પણ છે ત્યાં ને ત્યાં જ રહે છે. રાહુ અને કેતુ વર્ષારંભે અનુક્રમે છઠ્ઠા ભાવે મકર રાશિમાં રહેલ રાહુ અને ૧૨ મા ભાવે કર્ક રાશિમાં રહેલ કેતુ વક્રગતિએ આગળ વધતાં વર્ષાન્તે રાહુ ૫મા ભાવે ધન રાશિમાંથી અને કેતુ ૧૧ મા ભાવે મિથુન રશિમાંથી પસાર થવા પામે છે. વર્ષારંભે ૭ મા ભાવે કુંભ રાશિમાં રહેલ હર્ષલ ધીમી ગતિએ આગળ વધતાં વર્ષાન્તે ૮મા ભાવે મીન રાશિમાંથી પસાર થાય છે. જ્યારે નેપ. છઠ્ઠા ભાવે મકર રાશિમાંથી આગળ વધતાં વર્ષાન્તે ૭ મા ભાવે કુંભ રાશિમાંથી પસાર થાય છે. વર્ષારંભે છઠ્ઠા ભાવે મકર રાશિમાં રહેલ ગુરુ વર્ષ દરમિયાન મીન રાશિ સુધી જઈને વર્ષાન્તે કુંભ રાશિને ૮મા ભાવેથી પસાર થવા પામે છે. જ્યારે મંગળ મહારાજ ૧૨ મા ભાવે કર્ક રાશિથી પ્રવાસ પ્રારંભે છે અને વર્ષાન્તે ૪ થા ભાવે સ્વરાશિ વૃશ્ચિકમાંથી પસાર થાય છે. આમ અવકાશમાં આપની રાશિની આજુબાજુ અને રાશિમાંથી નભોમંડળના ગ્રહોને પસાર થતા જોઈ શકાય છે. હવે તેઓ કેવું ફળ આપવા સમર્થ બને છે તે જોઈશું.

આરોગ્યની દૃષ્ટિએ જોઈએ તો સ્વાસ્થ્ય એકંદરે સારૂ રહે છતાંપણ અવાર નવાર સીઝન-ઋતુની અસર થઈ જતી જોવા મળશે. ગત જન્મના કર્મોનું ફળ આ વર્ષે વિશેષ જોવા મળશે. ૨૦-૧૨-૨૦૦૯થી ૦૨-૦૫-૨૦૦૯ દરમિયાન શરીરમાં ચરબીનું પ્રમાણ વધશે. જ્યારે કૌટુંબિક દૃષ્ટિએ ઘણાં બધા ફેરફાર જોવા મળશે. તેઓની આવક ઘણી સારી હોવા છતાં પણ તેમના મન ટૂંકા રહેશે. થોડા ઘણે અંશે કંજૂસ પણ બનતા જોવા મળશે. તમારે તેમની સાથે ૩૬નો આંકડો જોવા મળશે. આપ બોલવાનું ઓછું કરી નાંખશો તો ઘણો લાભ થશે. સૌથી વધી પરેશાન આપને આ વર્ષે આપના સંતાનો કરશે અને તમે તેમને શું કરી શકશો ? ગ્રહોની લીલા ન્યારી છે, હસતાં કે રડતાં ભોગવવાની છે.

આર્થિક દૃષ્ટિએ આપ જે પણ કામ કરશો તેનું વળતર તો મળી જ રહેશે. તે સિવાય આપ વધારાનું કામ પણ કરી શકશો. જેમને કામ કરવું જ છે તેમને નિશ્ચિંતપણે કામ મળી રહેશે. અને જેઓ નોકરિયાત છે તેમને ૨૦-૧૨-૨૦૦૯ સુધીમં બદલી કે બઢતી કે બંને મળી શકે તેમ છે. આ વર્ષે સટ્ટાકીય કામકાજમાં બહુ જ ધ્યાન રાખજો નહીંતર તકલીફ પડી જશે. તેવી જ રીતે સંપત્તિમાંથી વધુ આવક મેળવવાનો પ્રયત્ન કરો તો પણ ધ્યાન રાખીને જ કરશો. મિત્રોની નજર આપના નાણાં ઉપર હશે. તેઓના નાણાં ફસાઈ ગયા હશે અથવા તો કોઈ ઝૂંટવી જાય તો પણ નવાઈ ન કહેવાય. તેમના કામમાં પણ ધીમી ગતિએ ફેરફાર થતો જોવા મળશે. જો કે તેમનાથી કોઇ મોટું નુકશાન થતું જોવા મળતું નથી. તેથી આવક અને મિત્રોથી વરસ સારૂં જણાય છે.

સ્થાવર જંગમ મિલકતની દૃષ્ટિએ જોઈએ તો તેની પાછળ ખર્ચો વધુ થતો જણાય છે. અને તે પણ ૨૬-૦૫-૨૦૧૦ પહેલાં. નવી મિલકત વસાવવાના કે વેચવાના યોગો ઓછા બને છે. મિલકતમાંથી આવક ઉભી કરવાની તકો પણ ઘણી ઓછી છે. આપને આ વર્ષે ભાગ્યનો જોઈએ તેવો સાથ મળતો નથી. અને ૨૬-૦૫-૨૦૧૦ સુધી આમ જ રહે છે. ધાર્મિકતા પણ ઓછી જ જોવા મળશે. નવા વર્ષની શરૂઆતમાં મુસાફરીના યોગો જણાય છે. પછીથી તો તે પણ ઓછા થાય છે. અને વર્ષાન્ત સુધીમાં એકાદ સારા મિત્ર સાથેના સંબંધો બગડવાની પણ સંભાવના એટલી જ છે. હવે જાહેર જીવનમાં ફેરફાર આવતા જોવા મળશે. આમ ઉપર છલ્લી દૃષ્ટિએ ગ્રહો આવું કઈંક સૂચન કરે છે. હવે તેઓ આપના રોજ બરોજના કામને કેવી તરફ વાળે છે તે જોઈશું.

આરોગ્યની દૃષ્ટિએ :- વર્ષારંભે વાહન ચલાવતા હોવ તો જરા સંભાળીને ચલાવજો તથા ફટાકડાનું ધ્યાન રાખશો નહીંતર અકસ્માત-દાઝવાના યોગ બને છે. ૧૭-૧૧-૨૦૦૯ સુધી વાઢકાપ ન કરવી પડે તેની કાળજી લેશો. ૧૬-૧૧-૨૦૦૯ થી શરીરને કષ્ટ પડે અને કદાચ ઘરે રહીને કામ કરવાનો વારો આવી શકે છે. હૃદયને બેચેની જણાય. ૧૭-૧૧-૨૦૦૯ થી સંતાનના પ્રશ્નોથી તમે ઘેરાયેલાં જોવા મળશો. સ્વસ્થતા હોવી જરૂરી છે. ૧૬-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન તમને લાગશે કે ગયા જન્મના કર્મોનું ફળ જ તમે ભોગવી રહ્યા છો. ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન લોહીનું દબાણ ઊંચુ નીચું થતુ રહે અને બેચેની વર્તાય. ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન નબળા હૃદયવાળાએ પરિશ્રમ ઓછો ઉઠાવવો. જ્યારે ત્યાર પછીથી શારીરિક પ્રશ્નો ઓછા જણાશે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન મોટાભાઈથી કે મિત્ર વર્ગથી કે કામ કરો છો ત્યા સહ-કાર્યકર વર્ગથી પ્રશ્ન ઉભો થતાં હૃદયને આંચકો લાગી જાય. આઘાત લાગે નહીં તેની કાળજી લેશો. ૧૭-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન ખાવાપીવામાં ધ્યાન રાખશો, કાળજી લેશો તો બહુ વાંધો આવશે નહીં, નહીંતર પિત્ત અને વાયુ થકી પરેશાની ભોગવવાની થશે તે નક્કી વાત છે. કોઈ મોટું ઓપરેશન જણાતું નથી અને સ્વસ્થતા ઘણી સારી રહે છે તે નક્કી વાત છે.

આર્થિક દૃષ્ટિએ :- આ વર્ષે આપ જે કંઈ પણ કામ કરશો તેનું વળતર આપને અવશ્ય મળી રહેશે. વધારાનું ઘણું કામ શરૂઆતમાં કરી શકાય તેમ છે. પણ ૧૭-૧૧-૨૦૧૦ પછીથી સટ્ટાકીય કામમાં કાળજી લેવાની રાખશો. ત્યાં આગળથી પસાર થતો નીચનો રાહુ આપને તકલીફનું સર્જન કરી શકે છે. ૨૫-૧૦-૨૦૦૯ થી કામકાજ માટે નાણાં કમાવા માટે નાની નાની મુસાફરી કે ધક્કા ખાવા ~~પડે~~. ૦૩-૧૧-૨૦૦૯ થી બરાબર કામે લાગી જશો. જો કે મુસાફરી પણ કંટાળાજનક નહીં જ હોય. ૨૭-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન તબિયતના કારણે ઘરેથી કારોબાર સંભાળવાનો થાય તેવું જણાય છે. જ્યારે ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન તમારી પ્રવૃત્તિ સટ્ટાકીય બનતી જણાય છે. ૦૧-૧૨-૨૦૦૯થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન તમે સટ્ટામાં વધુ ધન લગાવતા જોવા મળો છો અને ૧૬-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન તમે રાત દિવસ સટ્ટાના વિચારોમાં જ ખોવાઈ જતાં જણાવ છો. ધ્યાન રાખીને કામ કરશો. ૦૬-૦૨-૨૦૧૦ થી ૨૬-૦૨-૨૦૧૦ દરમિયાન તમને મિત્રો જ ઊંધા રસ્તે દોરી જશે. નાણાંકીય મુશ્કેલીમાં મૂકશે અને તેઓ જ શત્રુ બનતા જણાય છે. ૧૪-૦૩-૨૦૧૦ થી ૩૦-૦૩-૨૦૧૦ દરમિયાન નાણાં ક્યાં આવે છે અને ક્યાં જાય છે તેની જ ખબર પડશે નહીં. ૦૬-૦૭-૨૦૧૦ સુધી આવકનો સ્તોત્ર ચાલું રહેશે. ૦૯-૦૬-૨૦૧૦ થી ૦૫-૦૭-૨૦૧૦ દરમિયાન દેશાવરનું કામ થાય. જ્યારે ૦૬-૦૭-૨૦૧૦ થી ૨૩-૦૭-૨૦૧૦ દરમિયાન ખર્ચો વધુ રહે. કૌટુંબિક માંદગીનો કે પ્રવાસનો કે બીજો કોઇ પ્રસંગનો ખર્ચ આવી શકે. પછીથી વર્ષાન્ત સુધી નાણાંકીય તકલીફ જણાતી નથી. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન નવું કામ કરવાના યોગો બને છે, ચાલુ કામ તો ચાલુ જ રહેવા પામે છે. ટૂંકમાં આ વર્ષે જે કંઈ પણ સટ્ટાકીય કામકાજ કરો તે ખૂબ જ સમજી વિચારીને કરજો અન્યથા ખોવાઇ જશો. તમારા આત્માને ચેન મળવું મુશ્કેલ છે.

કૌટુંબિક દૃષ્ટિએ :- કુટુંબની વ્યક્તિઓથી પણ આ વરસે ૩૬નો મેળ રહેતો જણાય છે. તેઓના વાણી અને વર્તનમાં ધીમો ફેરફાર અવશ્ય જણાશે. તેઓ મીંઠા રહેશે, જલદીથી કળાશે નહીં અને તમારે પણ ગુસ્સો ઓછો કરી નાંખીને ઓછું બોલવાનું રાખશો તો ઘણાં રાહત ઉભી થશે. નાના

ભાઈ-બહેન જે કંઈ પણ કામ કરશે તેમાંથી આવક મેળવશે પણ તે ક્યાં વપરાઈ જાય છે તેની તેમને જ ખબર પડશે નહીં. બીજું તેમના મનમાં પાપ ભરેલુ હશે. વળી તેઓ આંધળું સાહસ કરવા જશે તો પણ તકલીફમાં મૂકાશે. તેમને ભાગ્યનો સાથ ઓછો મળે છે. જો કે તેમને ૨૦-૦૭-૨૦૧૦ પછીથી જાત્રા-પ્રવાસે કે પરદેશગમનનો યોગ બને છે. આ વર્ષે તેઓ જો નોકરી કરતાં હશે તો બદલી કે બઢતી કે બંનેનો લાભ મળી શકે. અને સ્થાવર જંગમ મિલકત પણ વસાવી શકે છે. માતાની તબિયત બરાબર રહે નહીં. માતાનું સ્વાસ્થ્ય પણ ૨૬-૦૫-૨૦૧૦ સુધી તકલીફકર્તા રહે. માતાની આર્થિક સ્થિતિ પણ ૧૭-૧૧-૨૦૦૯ થી નબળી રહે. જો તેઓ નોકરી કરતાં હોય તો જ્યાં છે ત્યાં જ રહે તો સારૂં-બદલી કે બઢતી જણાતી નથી. સ્થાવર-જંગમ મિલકતથી પણ તેમને ખાસ સુખ મળતું નથી. આ વર્ષે ભક્તિના રંગે પણ બહુ રંગાતા જોવા મળતા નથી. તેમની ભાષા કદાચ થોડે ઘણે અંશે વિચિત્ર બનશે. સંતાનથી આ વર્ષ આખું પરેશાન રહેવાનું થશે. તેઓ શું કરે છે અને શું કરવા માંગે છે તે જ સમજમાં આવશે નહીં. જો કે તેઓ કામ કરશે. તેમને કામ મળી પણ રહેશે. ૨૦-૧૨-૨૦૦૯થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન તેમને આર્થિક - સામાજિક કે રાજકીય પ્રતિષ્ઠા પણ મળી શકે. તેમના નામે સંપત્તિ વસાવવાના યોગ બને છે. જો તેઓ નોકરી કરતાં હોય તો બદલી કે બઢતી કે બંને શક્ય બને. જો તેઓ અવિવાહિત હોય તો તેમના લગ્નની સંભાવના રહેલી છે. તેઓને પરદેશગમનની પણ શક્યતા રહેલી છે. તેમના મિત્રો તેમને કામમાં મદદરૂપ બનશે. જો તેઓ પરીણિત હશે તો તેમના બંને વચ્ચે કટુતાભાવ ઉત્પન્ન ન થાય તેની કાળજી લેવાની રાખશો. બાકી બધી રીતે સારૂં છે. જીવન સાથીથી સારૂં બને. તેમનાં વાણી અને વર્તનમાં ફેર જોવા મળશે. તેમની ઘણી મુશ્કેલીઓનું પણ નિવારણ થતું જોવા મળશે. તેમને કામકાજમાં તકલીફો રહે. કદાચ નવાં દુશ્મનો ઉભા પણ થાય. આ વરસે તેમના નામે સ્થાવર-જંગમ મિલકતમાં વધારો કરી ન શકાય. ૨૦-૧૨-૨૦૦૯ સુધી તેમણે નુકશાનીથી સાચવવાની જરૂર છે. પિતાની તબિયત સારી રહે. કાં પિતા તમને ધન આપે કાં તમારી પાસેથી અપેક્ષા રાખે. તેઓ આંધળું સાહસ કરી શકે અને ૧૭-૧૧-૨૦૦૯ પછીથી તેમની આવક ઓછી થતી જણાય છે. તેમની સ્થાવર મિલકતમાંથી વધારાની આવક ઉભી કરી શકશે. જો નોકરી કરતાં હશે તો બદલી કે બઢતીને બહુ અવકાશ રહેતો નથી. જો કે આ વર્ષે તેઓ થોડું સહકીય વલણ અપનાવતા જોવા મળશે. બહુ મતભેદો જણાતા નથી. મોટા ભાઈ બહેનની આર્થિક પરિસ્થિતિ થોડે ઘણે અંશે વિચિત્ર રહેશે. તેમનું બોલવાનું પણ તેજાબી રહેશે. ધીમી ગતિએ તેમનું કાર્યક્ષેત્ર બદલાતું જોવા મળશે. તેઓને મોજશોખ વધુ જોઈશે. જો નોકરી કરતાં હશે તો ૦૨-૦૫-૨૦૧૦ પછીથી તેમને બદલી કે બઢતી કે બંને સંભવે. મિલકત વસાવી શકે. આમ કૌટુંબિક ક્ષેત્રે જૂદી જૂદી વ્યક્તિએ જૂદું જૂદું ફળ મળતું જોવા મળે છે.

સ્થાવર જંગમ મિલકતની દ્રષ્ટિએ :- આ વર્ષે કાં મિલકત પાછળ ખર્ચો થાય અથવા કોઈક કારણસર કોર્ટે જવાનું શક્ય બને, ઝઘડામાં પડે. નવી મિલકત વસાવવી હશે તો ૨૦-૧૨-૨૦૦૯ સુધી યોગ છે. પણ તે ય જૂની જ હશે, બીજું કોઈ તેનો માલિક હશે જ. ૨૬-૦૫-૨૦૧૦ થી ૧૫-૦૬-૨૦૧૦ દરમિયાન મિલકત વસાવો તો કાળજી લેશો. તે જગ્યા દુષિત હશે અને ઘણાં બધા ઝઘડામાં તમારે ભવિષ્યમાં સંડોવવાનું થશે. જૂની સંપત્તિ વેચવી હશે તો તેનો યોગ બને છે. તે આખું યે વર્ષ શક્ય બની શકે. ઝવેરાત વસાવવા માટે ૨૭-૧૧-૨૦૦૯ થી ૨૧-૧૨-૨૦૦૯; તથા ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ સુધીનો સમય ઘણો સારો રહેશે. જો ઈલેક્ટ્રોનિક્સ કે ઈલેક્ટ્રીકલ સાધનો વસાવો તો ૨૬-૦૫-૨૦૧૦ થી ૧૫-૦૩-૨૦૧૦ સુધીનો સમય ખાસ સાચવજો નહીંતર શોર્ટ સર્કીટ થવાની શક્યતા ઘણી જ રહેલી છે. સંતાનના નામે પણ સંપત્તિ વસાવવાના યોગ થયેલા છે. મોટા ભાઈને પણ સંપત્તિ વસાવવાના યોગ છે. આપના માટે સંપત્તિ વસાવવા વરસ યોગ્ય નથી પણ સમારકામ કરવા માટે અતિ શ્રેષ્ઠ છે.

સંતાનની દ્રષ્ટિએ :- આ વર્ષે સંતાનનું સ્વાસ્થ્ય ૨૬-૦૫-૨૦૧૦ સુધી નબળું રહેશે. તેમાં પણ ૧૭-૧૧-૨૦૦૯ સુધી વધારે નબળું રહેશે. ફક્ત લોહીની અંદર હિમોગ્લોબીનની ઉણપ કે શ્વેતકણમાં થતો વધારો. ૨૬-૦૫-૨૦૧૦ પછીથી સ્વાસ્થ્ય સુધારા ઉપર રહેશે. ૧૭-૧૧-૨૦૦૯ પછીથી સંતાનનું મન વિચિત્ર વર્તન કરશે. તેને સમજવો અઘરો થઈ પડશે. આપ જો પરીણિત હોવ અને સંતાન ઈચ્છુક હશો તો આ વર્ષે શક્યતા ઓછી જણાય છે. છતાંપણ ગર્ભ રહી ગયો હોય તો આવનાર બાળક વધારે પ્રોબ્લેમ લઈને ન જન્મે તેની કાળજી અવશ્ય લેશો. નહીંતર ખુશી બરબાદીમાં ફેરવાઈ જશે. તેમાં પણ ૦૨-૦૫-૨૦૧૦ પછી તો કદાચ કસુવાવડના યોગ પણ બની શકે છે. સંતાન અભ્યાસ કરતું હશે તો તેની મહેનત ઉગી નીકળશે તે નક્કી વાત છે. પણ મહેનત તો તેણે જાતે જ કરવી પડશે ને !! સંતાન જો નોકરી કરવાં ઈચ્છુક હશે તો કામ તો મળી જશે, તેમાં વાંધો આવશે નહીં. સારી જગ્યા ૦૨-૦૫-૨૦૧૦ પછીથી મળે. જો તેઓ નોકરી કરતાં જ હશે તો ૦૨-૦૫-૨૦૧૦ પછીથી તેમની બદલી કે બઢતી કે બંને સંભવી શકે છે. સંતાન અપરીણિત હશે તો ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન તેમના વિવાહ સંભવી શકે છે. અને આ વર્ષે લગ્ન શક્ય બને. અને જો પરીણિત હોય અને સંતાન ઈચ્છુક હોય તો તે પણ આ વર્ષે શક્ય બનતું જણાય છે. સંતાનના નામે સ્થાવર જંગમ મિલકત વસાવવી હોય તો યોગ ઘણાં સારા છે. સંતાનને મોજશોખ વધુ જોઈશે. જો કે તેમના મિત્રો તેમને કામમાં અવશ્ય મદદરૂપ બનશે. સંતાનને ૦૨-૦૫-૨૦૧૦ પછીથી પરદેશગમનના પણ યોગ બનતાં જણાય છે. ફક્ત તેમના મનમાં શું ચાલી રહ્યું છે અને તેમનું વર્તન કેમ વિચિત્ર બની ગયું તે જ સમજમાં આવશે નહીં બાકી બીજી બધી રીતે સારૂં છે. કદાચ તેમના જન્મના ગ્રહો સારૂ પણ ફળ આપતા હોય તો કંઈ કહેવાય નહીં. હંમેશાં હકારાત્મક વલણો ઘણો ફાયદો કરાવે છે.

વિદ્યાર્થીઓની દ્રષ્ટિએ :- દોસ્તો ! તમે પનોતીના છેલ્લા તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો. જો કે પાયો સારો છે એટલે બહુ નુકશાન નહીં કરાવે પણ મહેનત તો અવશ્ય કરાવશે જ ને? ગુરુનું પણ બળ ઓછું મળે છે અને વિદ્યાસ્થાનમાંથી નીચનો રહાહુ ૧૭-૧૧-૨૦૦૯થી પસાર થાય છે પછી તમે શું કરશો ? મહેનત વધુ કરશો ત્યારે યોગ્ય ટકાવારી પ્રાપ્ત કરી શકશો. ધો. ૧૨ કે તેથી નીચેની કક્ષાના વિદ્યાર્થીઓને વાણિજ્ય શાખામાં અને સામાન્ય પ્રવાહમાં તો ઘણા સારા ગુણો આવી શકશે. મહેનત વધારે કરવાની છે તે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને. તેમાં પણ ભૌતિક શાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના વિદ્યાર્થીઓએ ધ્યાન વધુ આપવું પડશે. બીજું પેપર તો સરળ હશે જ્યારે ૫ મું પેપર અટપટું હશે. ૫ મા પેપરનો ૫ મો સવાલ વધુ ગુંચવડા ભર્યો હશે તેની કાળજી લેશો. ધો. ૧૦ કે નીચેના વર્ગમાં ભણતાં વિદ્યાર્થી મિત્રોને સંસ્કૃત કે અંગ્રેજીનું પ્રશ્ન પત્ર થોડું ભારે લાગશે. જ્યારે સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ જો પહેલેથી નિયમિત નહીં હોય તો તેમને વધુ ભારે પડી જશે. છેક ૨૬-૦૫-૨૦૧૦ સુધીનો સમય તમારા માટે કઠિન પૂરવાર થશે. રસાયણશાસ્ત્રના વિદ્યાર્થીઓને ૪ થા પેપરમાં ધ્યાન આપવું પડશે. ૧૪-૦૪-૨૦૧૦થી ચાલતી પરીક્ષાઓમાં ભૌતિકશાસ્ત્રના પેપરમાં વાંધો આવશે નહીં. પણ ગણિતશાસ્ત્ર, સ્ટેટેસ્ટીક્સ વિ.....ના વિદ્યાર્થીઓએ વિશેષ મહેનત કરવી પડશે. વિનયન શાખાના વિદ્યાર્થીઓને બી.ઓ.એમ.ની પરીક્ષામાં કાળજી વધુ લેવી પડશે. 30-03-૨૦૧૦ થી ૦૬-૦૬-૨૦૧૦ દરમિયાનની પરીક્ષામાં ભાગ્યનો ફાળો વધુ હશે. દાક્તરી શાખાના વિદ્યાર્થી મિત્રોને છાતીના ભાગને અનુલક્ષીને થતાં રોગો જેવા કે શરદી-સળેખમ-ટી.બી.-પ્લુરસી કે ન્યુમોનિયા ઉપર ભાર વધુ મૂકવો પડશે. ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓને ૪થા પ્રશ્નપત્રમાં તથા દરેક પ્રશ્નપત્રના ૪ થા પ્રશ્નમાં વધુ કાળજી લેવી પડશે. કાયદા શાખાના વિદ્યાર્થીઓનું નશીબ સારૂં હોવાથી ખાસ વાંધો આવતો જણાતો નથી. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રોને બહુ જ સમજીને ઉત્તરો આપવાના રહેશે. પ્રશ્નો જ અટપટા અને વિચિત્ર પૂછાશે જેમાં તમો ગૂંચવાઈ જશો. પછીથી તમે ગમે તે વિદ્યાશાખાના હોય કોઈ ફરક પડતો નથી. જ્યારે સંશોધન ક્ષેત્રથી સંકળાયેલ દોસ્તોએ કાગળો રજુ કરવાની ઉતાવળ ન કરતાં સમજીને રજુ કરવા વધુ હિતાવહ રહેશે. જો તમો પરીક્ષા પછીથી તરત નોકરી મેળવવા માંગતા હશો તો મળી પણ જશે. પણ કદાચ પસંદગીની ન પણ હોય. જો તમે અભ્યાસ સાથે જ નોકરી કરતાં હશો તો ૨૦-૧૨-૨૦૦૯ પહેલાં આપને વધુ પગારથી નિયમિત કરી પણ દે તો નવાઈ નહીં. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી નોકરીની શક્યતા ઓછી રહેશે તે છેક દિવાળી સુધી. પરદેશગમનની પણ શક્યતા ઘણી ઓછી રહે છે. બીજું કોઈ પણ કામ સ્વીકારીને નાણાં તો જરૂરથી ઉભા કરી જ શકો છો તેની ના નથી જ. ઘણી વખતે પ્રારબ્ધ કરતાં મહેનત અને આત્મવિશ્વાસ વધુ કામ કરે છે. આપને આરાધના કરવી હોય તો ભૈરવ દાદાની અને વિષ્ણુ ભગવાનની કરવી જોઈએ.

સ્ત્રીઓ માટે :- માનુનીઓ ! આપ શનિની પનોતીમાં પસાર થઈ રહ્યા છો. જો કે પાયો રૂપાનો છે એટલે બહુ ગભરાવાની જરૂર નથી. છતાં પણ

હૃદયને ચેન પડવું મુશ્કેલ લાગે છે. આપનું ભાગ્ય ૨૬-૦૫-૨૦૧૦ સુધી કામ કરતું જણાતું નથી. અને ૦૨-૦૫-૨૦૧૦ થી ૮ મો ગુરુ થતાં નાની મોટી કંઈ ને કંઈ પરેશાની કરતો રહેશે. સ્વાસ્થ્યની કાળજી ખાસ લેશો. શરીરમાં શું ફેરફારો થઈ રહ્યા છે તે જ સમજમાં આવશે નહીં. હિમોગ્લોબીનનું ઘટી જવું તથા લોહ તત્વની ઉણપ વર્તાવવી આ બંને મુખ્ય હશે. માસિક ધર્મમાં પણ કંઈક અજુગતું લાગ્યા કરશે. ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન કાળજી વધારે લેવાની રહેશે. આપ અભ્યાસ કરતાં હશો અને વાણિજ્ય શાખામાં હશો તો તો બહુ વાંધો આવશે નહીં. વિનયન શાખાની બહેનોને પણ વાંધો આવતો જણાતો નથી પણ વિજ્ઞાનક્ષેત્રના હશો તો મહેનત વધુ કરવી પડશે તેમાં પણ સ્નાતક અને અનુસ્નાતક બંને કક્ષામાં. કૌટુંબિક ક્ષેત્રે એકંદરે સારૂં હોવા છતાં પણ નાના ભાઈ બહેનથી સહકાર ઓછો મળશે. સંતાનથી ચિંતા વધુ રહેશે. માતાની તબિયત નરમ ગરમ રહેશે. જીવનસાથીની ગાડી કંઈક પાટા ઉપર ચઢતી જોવા મળશે. આપ અવિવાહિત હશો તો ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન વિવાહ થતાં જોઈ શકાશે. અને જો વિવાહિત હશો તો ઝઘડા ઓછા થતાં જીવનસાથી આપને નાણાંકીય રીતે મદદરૂપ થતાં જોવા મળશે. આપ જો કામ કરવાની ઈચ્છા ધરાવતાં હશો તો કામ મળી રહેશે. પણ તમે માંગો તેવું ન મળે. નોકરી કરતાં હશો તો ૨૦-૧૨-૨૦૦૯ પહેલાં બદલી કે બઢતી કે બંને મળી શકે એમ છે. ગુસ્સો વધુ આવશે અને તેને કાબૂમાં રાખતા તો શિખવું જ પડશે... આ વર્ષે આપના નામે જૂની સંપત્તિ હશે અને તેને કાઢવાનો વિચાર કરતાં હશો તો તે શક્ય બનશે. નવી સંપત્તિ લેવાના યોગ ઓછા બને છે. સટ્ટાકીય પ્રવૃત્તિથી દૂર રહેજો નહીંતર રોવાનો વારો આવશે. આપ પરીણિત અને સંતાન ઈચ્છુક હશો તો આ વર્ષે આશા ફળીભૂત થતી જણાતી નથી. અને છતાં યે ગર્ભ ધારણ કર્યો જ હશે તો કાળજી બહુ લેજો નહીંતર કસુવાવડ-ગર્ભપાત થવાની સંભાવના રહેલી છે. આ વર્ષે આપને ધર્મ પરત્વેની પણ રૂચિ એટલી જણાતી નથી. કદાચ એવું પણ બને કે આપનું લોકોને મળવાનું અને બોલવાનું પણ ઓછું થઈ જાય. જાત્રા-પ્રવાસ કે પરદેશગમનની તકો પણ એટલી મજબૂત બનતી જણાતી નથી. મિત્ર વર્ગ આપની પાસેથી નાણાંની અપેક્ષા રાખશે. તેઓ પણ ખરેખર તો તંગી ભોગવતા જ હશે. પ્રિયજન-પ્રેમી પાત્ર આ વર્ષે હલકી કક્ષાનું વરવું પ્રદર્શન કરતાં જોવા મળશે. તેમનું મન બગડેલું હશે અને તેઓ આપના હૃદયને જબરજસ્ત આઘાત પહોંચાડે તો નવાઈ નહીં. બની શકે તો લફરાંથી દૂર રહેજો નહીંતર પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર રહેજો. આપને આરાધના કરવી હોય તો ૨૬-૦૫-૨૦૧૦ સુધી તો ગણપતિબાપાની અને જૈનોએ વાસુપૂજ્ય સ્વામિની કરવી જોઈએ. અને ભૈરવદાદાની કરશો તો સંતાનથી - સટ્ટાથી - અને લફરાંથી બચી શકશો. કર્મનું ફળ દરેકને ભોગવવું જ પડે છે, વહેલું કે મોડું, તમારા તકદીરમાં આ વર્ષે ભોગવવાનું લખાયું હોય તેવું લાગે છે. ધીરજના ફળ હંમેશા મીઠા જ હોય છે.

વિશેષ વિગતો :- મિત્રો ! શનિની પનોતીનો આ બીજો તબક્કો રૂપાના પાયે હોવાથી આપને એટલું કષ્ટ તો નહીં જ આપે. છતાંપણ આપના આત્માને - મનને જે શાંતિ મળવી જોઈએ તે મળતી જણાતી નથી. ૨૫-૧૦-૨૦૦૯થી નાણાં કમાવા માટે નાની મુસાફરી શરૂ કરવાની થાય. દોડધામ વધી જાય. ૦૩-૧૧-૨૦૦૯ થી તે ૨૭-૧૧-૨૦૦૯ સુધીમાં કામકાજ માટે દોડવાનું વિશેષ થાય. નાના ભાઈ બહેનના શોખ વધી જાય. ૧૬-૧૧-૨૦૦૯ થી ઘરમાં વિશેષ લક્ષ્ય આપવું પડે. ૧૯-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન જીવનસાથીના કામકાજમાં કંઈક તકલીફો ઉભી થતાં તમારે પરેશાની ઉઠાવવાની થતી જણાય છે. કદાચિત સંતાન આવેશમાં આવીને ધમાલ મચાવી આવે અને તમારી દોડા દોડી વધી જતી જણાય છે. ૨૭-૧૧-૨૦૦૯ થી ઘરે રહીને કામકાજ સંભાળવાનો પ્રસંગ આવે. ૧૬-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન ઘરની અંદર સગા વ્હાલાઓની અવર જવર વધી જતી જણાય છે. ૧૭-૧૧-૨૦૦૯ થી સટ્ટાકીય કામમાં ધ્યાન નહીં આપો તો નુકશાની જવાનો વખત આવશે અને દુશ્મનોની સંખ્યા વધતી જણાય છે. ૧૬-૧૨-૨૦૦૯ થી સટ્ટાકીય કામમાં કાળજી લેશો અને સંતાનની પ્રવૃત્તિ ઉપર વિશેષ ધ્યાન આપજો. કામકાજ ધીમું પડી જતું જણાય છે. ૨૯-૧૨-૨૦૦૯ સુધી સંતાનનું ધ્યાન રાખવું જરૂરી બને છે. ૧૪-૦૧-૨૦૧૦ થી તમે હરિફ વર્ગ ઉપર પૂરતું લક્ષ્ય આપતા જોવા મળશો. ૦૬-૦૨-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન તબિયતની કાળજી વિશેષ લેશો. તેમાં પણ લોહીના દબાણમાં વધઘટ થતી જણાશે તથા હૃદયની તકલીફવાળાઓએ વિશેષરૂપથી કાળજી લેવી. જીવનસાથીની આંખનું ઓપરેશન ટાળી શકાય તો વધુ સારૂં નહીંતર દૃષ્ટિ ઓછી થતી જોવા મળશે. ૨૬-૦૨-૨૦૧૦ સુધી મિત્રો દુશ્મન બનતાં જોવા મળશે. નાણાંનો દુરૂપયોગ જોવા મળે. ૦૨-૦૩-૨૦૧૦ સુધી કાં જીવનસાથીના થઈ જાવ કાં જાહેરજીવન-સમાજજીવનમાં સંકળાવાનું વધુ બને. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન કામકાજ ઠંડુ થાય, નાના ભાઈ બહેનનું સુખ ઓછું પ્રાપ્ત થાય, ૧૪-૦૩-૨૦૧૦ થી નાણાં ક્યાં જાય છે તેની સમજ પડે નહીં તેની અસર તબિયત ઉપર થાય. જેમાં ૧૮-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન પરેશાની જ પરેશાની જોવા મળે. સંતાનનું પરાક્રમ વધે પણ સંતાન તમારું ધ્યાન પણ રાખતા જોવા મળે. પગના ભાગે દર્દ વધી જાય. ૨૭-૦૩-૨૦૧૦ થી ભાગ્યના જોરે કામ મળે અને મુસાફરીનો અવકાશ રહે. ૩૦-૦૩-૨૦૧૦ થી આવક વધે અને મિત્ર પણ મદદરૂપ બનતા જણાય. ૧૪-૦૪-૨૦૧૦ થી તમે ધર્મમાં માનતા થાવ અને જાત્રાએ જવાનો વિચાર કરો. ૦૨-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ સુધીમાં તમને ઘણાં બધા પ્રકારનો અનુભવ થઈ જતો જોવા મળશે પણ વડીલોના અને ગુરુજનોના આશિર્વાદથી તેમાંથી તમો સલામત રીતે બહાર નીકળી શકશો. ૨૬-૦૫-૨૦૧૦ થી તમને એવું લાગશે કે હવે ભાગ્યનો સાથ મળી રહ્યો છે. હિંમત વધશે. ૦૬-૦૬-૨૦૧૦ થી ૨૨-૦૬-૨૦૧૦ દરમિયાન તમે જે પણ કાર્ય કરશો તેનું વળતર મળી રહેશે. મિત્રો પણ કામમાં મદદરૂપ બનશે. ૧૫-૦૬-૨૦૧૦ થી ધંધામાં કાળજી ખૂબ જ લેજો. કાં મોટા ભાઈ-બહેનને કે મિત્રને તકલીફ થાય છે કાં સંતાન પરીણિત હોય તો તેમના લગ્ન જીવનમાં તકલીફ થાય છે કાં વધારે મેળવવાના લોભમાં તમને તકલીફ થાય છે. પ્રેમ પ્રસંગમાં પડો તો કાળજી લેશો. આબરૂના લીરા ન ઉડે તેની કાળજી લેશો. ૦૬-૦૭-૨૦૧૦ થી ૨૩-૦૭-૨૦૧૦ દરમિયાન ખર્ચો વિશેષ રહેશે. પછીથી વર્ષાન્ત સુધી કુટુંબીજનોનો સાથ અને સહકાર મળશે. ૨૦-૧૦-૨૦૧૦ થી વર્ષાન્ત સુધી તમને સુખ ઓછું પ્રાપ્ત થાય છે અને દોડાદોડી વધી જતી જણાય છે. ટૂંકમાં આ વરસ થોડે ઘણે અંશે વિચિત્ર બની રહેશે. કાં સંતાન કાં પ્રિયજન તકલીફકર્તા બનશે. લેણદેણ વિચિત્ર છે. ક્યારે-ક્યાં અને ક્યા સંજોગમાં ભોગવવાની આવે છે તે તો ફક્ત ઉપરવાળો જ જાણે છે. પરમાત્મા તમને સુખી રાખે.

માસિક ભવિષ્ય

-કાર્તિક (તા. ૧૯-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- આપને આવક તો સારી મળતી રહે છે. પગારમાં વધારો થતો જણાય છે. પદપ્રાપ્તિ પણ શક્ય બની શકે. સાથે નાના પ્રવાસનું આયોજન થાય. અથવા ધંધાર્થે નાની મુસાફરી કરવાની ચાલુ થઈ જાય. તા. ૦૩-૧૧ થી કામકાજ અર્થે ધક્કા ખાવાના-મુસાફરી કરવાની થાય. નાના ભાઈ બહેનનું બધું બરાબર ચાલતું જોવા મળે. તા. ૦૪-૧૧ થી મોસાળ પરત્વેના સંબંધો સુધરે. તા. ૧૨-૧૧ થી ઘરમાં કુટુંબીજનોની અવર-જવર વધે અને નાણું ઘરમાં વધુ વપરાય. તા. ૧૬-૧૧ થી ઘરમાં ધ્યાન અપાય અને ધંધામાં પણ.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- આખો યે મહિનો પ્રવૃત્તિશીલ બનશો. જાત જાતના અનુભવો જોવા મળશે. ગુસ્સાને કાબૂમાં અવશ્ય રાખશો. તા. ૧૭-૧૧ થી સટ્ટાકીય પ્રવૃત્તિમાં બહુ જ ધ્યાન રાખીને કામ કરવું પડશે. કોઈની સાથે પ્રેમ સંબંધથી બંધાયા હશો તો સાવચેત થઈ જજો, તેમનું અસલ સ્વરૂપ જોવા મળશે. તા. ૨૭-૧૧ થી ઘણું કામ ઘરેથી પણ કરી શકાશે. નાના ભાઈ બહેનની કંઈક મેળવવાની અપેક્ષા હશે. તા. ૦૧-૧૨ થી સંતાનની માંગણી નાણાં માટેની હશે. સટ્ટામાં રોકાણ કરો તો સાચવજો. દિમાગ ઠેકાણે આવે. તા. ૦૭-૧૨ થી લાગણીશીલતા વધે. તા. ૧૫-૧૨ થી સંતાનનું દિમાગ વિચિત્ર ચાલે.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- આ મહિનામાં પણ ઘણાં પરિવર્તનો જોવા મળશે. થોડા ઘણા અંશે એવું પણ લાગશે કે નશીબ સાથ આપતું નથી. તા. ૨૦-૧૨ થી ઘરમાં સુખ મળવું જોઈએ તે મળતું નથી એવું લાગશે. આપનો ગુસ્સો વધી શકે છે. જો કે આપનું શરીર વધવા માંડે નહીં તેની કાળજી લેશો. તા. ૨૧-૧૨ થી આપનું કાર્યક્ષેત્ર સટ્ટો ન બને તેની કાળજી લેશો. સંતાન તરફ વધુ લક્ષ્ય આપવાનું શક્ય બને. તા. ૨૬-૧૨ થી આપ રોકાણમાં કાળજી લેશો. મિત્રોથી થોડું સાવધ રહેવું. તા. ૧૩-૦૧ થી જીવનસાથી વંકાતા જોવા મળે. તા. ૧૪-૦૧ થી તબિયતની કાળજી લેશો. ધ્યાન રાખશો.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- ગુસ્સો ભારે રહે અને તેમાં જો અકસ્માત

કરશો તો ઓર તકલીફ થશે. માંદગીના યોગો પણ બને છે. જેની અસર આવક ઉપર પડતી જણાય છે. તા. ૨૭-૦૧ થી ધીમી ગતિએ પત્નીની તબિયત સુધરતી જણાશે, તેઓનું બોલવાનું વેધક બની શકે છે. તા. ૦૬-૦૨ થી નાણાંકીય રીતે સાવધ રહેવું, હાથ નીચેના માણસો આપના નાણાં વડે મજા કરે. મિત્ર જ દુશ્મન ન બને તેની કાળજી અવશ્ય લેશો. ધંધામાં પણ થોડે ઘણે અંશે નુકશાન જતું જોવા મળશે. કામકાજમાં ફેરફાર જણાશે. હિંમત ખૂલશે. તા. ૧૩-૦૨ થી આપને યશ-માન મળતા થાય. પ્રતિષ્ઠા વધે. સામાજિક ક્ષેત્રે રૂચિ વધે. પિત્ત વધે તમે જીવનસાથીમય બનો એવું જણાય છે.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- ગુસ્સા ઉપર કાબૂ ધરાવજો. હજુ એવું લાગશે કે ભાગ્યનો સાથ મળતો નથી. જીવનસાથી ખૂબ જ કાર્યરત બનતા જોવા મળશે. પિત્તથી પરેશાન થવાશે. જાહેર જીવનથી સારૂં રહેશે. તા. ૨૬-૦૨ થી નાણાંનો ઉપયોગ-હવાલો જીવનસાથીના હાથમાં હશે. મિત્રોનું વર્તન સુધરતું જણાશે. તા. ૦૨-૦૩ થી કામકાજ કરતું હોવા છતાં કેટલું થશે એ એક સવાલ છે. જીવનસાથીને ભાગ્યના જોરે ધન મળી રહે. તા. ૧૦-૦૩ થી ભાગ્ય કામ કરતું થયું છે એવું લાગશે. મકાન સંપત્તિ પાછળ નાણાં ખર્ચ કરવો પડે. માતાની તબિયતની કાળજી લેવી. તા. ૧૪-૦૩ થી તમારી પોતાની કાળજી લેવી. નાણાંનો પ્રવાહ ધીમો પડે.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- તબિયતની કાળજી વિશેષ લેવી. કૌટુંબિક સંબંધોમાં ઉણપ આવે, કોઈ સાથ સહકાર ન મળે. નાણાંની ખેંચ વર્તાય. મિત્ર વર્ગનું સુખ પણ ઓછું પ્રાપ્ત થાય. મન અને આત્માથી દુઃખી થવાના દિવસો ગણી શકાય. અને બધાય મોજશોખમાંથી રસ ઉડી જાય. જીવનસાથી મસ્ત રહે પણ તેમની તબિયત પણ બરાબર ન રહે. તા. ૨૭-૦૩ થી કામકાજમાં વેગ પકડાય અને ભાગ્યના જોરે કામ વધતું જોવા મળે. તા. ૩૦-૦૩ થી મિત્રનો સહકાર પણ સાંપડે અને નાણાં મળવાના ચાલુ થતાં કુટુંબીજનોનો પણ સહકાર મળતો જણાય છે. તા ૧૪-૦૪ થી તબિયતમાં સુધારો જણાય, ભાગ્ય ફેરવાય.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી ૧૪-૦૫-૨૦૧૦) :- ભાગ્યનો સાથ મળતાં ઘણાં બધા પ્રશ્નોનું નિરાકરણ થશે. ભાગ્યને બદલવા ઘણા બધા પરિબળો કામ કરે છે. અને છતાં યે હજુ ભાગ્ય પૂરેપૂરું કામ તો કરતું જ નથી. તબિયત સુધરતા મોટી રાહત થાય. ધાર્મિક સ્થળની મુલાકાત લેવાનું પણ મન થાય અને શક્ય બને. તા. ૨૦-૦૪ થી કામકાજ પૂરજોશથી ચાલુ થાય. નજદીકના ઘરાકોની ઘરાકી વધે. પડોશી કામમાં મદદરૂપ બને. તા. ૨૩-૦૪ થી નાણાંની તંગી વર્તાતી જોવા મળે. તા. ૦૨-૦૫ થી ૮ મો ગુરુ થતાં તબિયતની કાળજી લેશો. તા. ૧૪-૦૫ થી આપ સંપૂર્ણપણે કાર્યરત બનશો. બધુ સુધારા પર છે.

નિજવૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- આપ ઘણાં જ કાર્યરત રહેશો. યશ-માન-પ્રતિષ્ઠા મળે. કામમાં પણ આનંદ આવે. કામમાં પણ વધારો જોવા મળે. નાણાં ભાગ્યના સહારે મળી રહે. કુટુંબીજનોનો સહકાર મળે. મિત્રો પણ પ્રયત્નશીલ રહે. ધંધામાં લાભ ભાગ્ય અપાવે છે. મન અને આત્માને આનંદ વર્તાય. તા. ૧૫-૦૫ થી ચાલુ કામકાજ સિવાય વધારાની આવક ઉભી થાય તેના માટે થોડું સાહસ ઉઠાવવું પડે. સંતાનના મોજશોખ વધે. પ્રિયજન અચાનક યાદ આવી જાય. તા. ૨૬-૦૫ થી ભાગ્ય દોડતું લાગે. પૂરેપૂરો સહકાર મળે. તા. ૦૬-૦૬ થી ધંધામાં વધુ ધન લગાડી વધુ નફો લેવાય તેવું લાગે છે. તા. ૦૯-૦૬ થી દેશાવરના સંપર્કો વધે. કામ માટે બહાર જવાનું થાય.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- ભાગ્યનો સાથ મળે છે, મુસાફરી યોગ જણાય છે. દેશાવરનું કામ સારૂં થઈ શકે. દૂર સંદેશા વ્યવહારથી કામ પણ થાય છે. સંતાન શું કરે છે અને શું કરવા માંગે છે તેની જ સમજ ના પડે. ઘર માટેની લાગણી ઘણી રહે. તા. ૧૫-૦૬ થી આપ વિશેષરૂપથી સહકારી પ્રવૃત્તિ તરફ ખેંચાવ. મિત્રો પણ આપને તેના રવાડે ચઢાવે નહીં તેની કાળજી રાખશો. તા. ૨૨-૦૬ થી વધારાના કામની વધારાની આવક થાય. જેને સહકારી પ્રવૃત્તિ તરફ વાળવાનું મન થાય. મિત્રો સાથે નાણાંની લેવડ દેવડ શક્ય બને. તા. ૦૫-૦૭ થી આપ કાર્યરત બનો. તા. ૦૬-૦૭ થી ખર્ચો વધે.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા ૧૦-૦૮-૨૦૧૦) :- આપ કર્મ પ્રધાન બનશો. ખૂબ જ હિંમતથી આગળ વધશો. મિત્ર માટે લાગણી ખૂબ જ રહે. સહકારી ધંધામાં થોડી કાળજી લેવી પડે. તા. ૧૬-૦૭ થી આપનો ગુસ્સો વધતો જણાય છે. વળી શંકાશીલતા વધે. આપના કામમાં અવરોધો ઉભા થાય. બહાર ફરવાનું વધું થાય. તા. ૨૦-૦૭ થી આપ ભાગ્યના જોરે નાણાં મેળવો. ઘણી ગણતરીપૂર્વક કામ કરશો. ઘરકામમાં ખર્ચો વધશે. સાહસ ઉઠાવવાના પ્રયત્નો થાય. તા. ૨૩-૦૭ થી મિત્રો વધુ નજદીક આવે. આપ પણ નાણાંકીય બાબતે સભાન બનશો. તા. ૦૧-૦૮ થી આપ જે કામ કરશો તેનું વળતર મળશે. કુટુંબીજનોને મદદ કરશો.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯-૨૦૧૦):- ધાર્મિક મહિનો છે. બની શકે તો થોડા પૂજા-પાઠ કે મંત્ર જાપ કરશો તો ઘણું સારૂં રહેશે. આપને માટે જરૂરી છે. સંજોગવશાત તેમાંથી વિશ્વાસ ઓછો થાય તે જૂદી વાત છે. આપ મિત્રોથી સંલગ્ન વધુ રહેશો. નાણાંકીય વ્યવહારો ઉપર આપનો કાબૂ રહેશે. કુટુંબીજનો માટે લાગણી રહે. તા. ૧૭-૦૮ થી પિત્ત પ્રકોપ વધશે. આપને યશ-માન-પ્રતિષ્ઠા મળે. સ્વાસ્થ્યમાં સુધારો અનુભવાશે. તા. ૦૧-૦૯ થી આપને નાણાં મેળવવા - કામ મેળવવા દોડાદોડી કરવી પડે. મુસાફરી પણ કરવી પડે. તા. ૦૬-૦૯ થી ભાગ્ય પૂરપાટ દોડતું જણાય. કામ વધે અને આપનું સાહસ પણ વધે.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- પાછલા પંદર દિવસો તો શ્રાદ્ધના હોવાથી કોઈ નવું કામ થઈ શકશે નહીં. શરૂના પંદર દિવસોમાં જ જે કરવાનું છે તે કરી દેવુ પડે. તબિયત સારી રહે. પિત્ત પ્રકૃતિ ઉગ્ર રહે. કાળજી લેવી. યશ-માન મળે. બોલવાનું વિશેષ રહેશે. સંતાન કાર્યરત રહે. છતાં પણ સંતાન સાથે ચડભડ થયા કરે. આ વર્ષે સંતાનનો સ્વભાવ સમજવો અઘરો થઈ પડશે. તા. ૧૭-૦૯ થી આપ કુટુંબ પરત્વે લાગણી બતાવશો. સાથે સાથે આવક કેવી રીતે વધારવી તે પણ વિચારશો. સંતાન સાથે મતભેદો પણ થશે. તા. ૩૦-૦૯ થી કુટુંબીજનો પણ આવક વધારવામાં મદદરૂપ બને. જો કે આવક તો ઘણી જ સારી રહેશે. છતાંપણ નાણાંભીડ વર્તાય એવું બને. સમય સારો જ છે.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦):- નવરાત્રિના દિવસોમાં કુટુંબીજનો અને મિત્રજનો સાથે હસીખુશીનો માહોલ રહે. કામકાજમાં થોડાક ધક્કા ખાવા પડે, મજૂરી કરવી પડે તે જૂદી વાત છે. તા. ૧૭-૧૦ થી તમે વધુ પડતી હિંમત કરતાં જોવા મળશો. નાની મુસાફરીનું અને ધાર્મિક સ્થળનું પણ આયોજન થાય. નાના ભાઈ બહેનને બધા તરફથી લાગણી પ્રાપ્ત થાય. કામકાજ માટે દોડાદોડી કરવી પડે તેવું લાગે છે. તા. ૨૦-૧૦ થી ઘરનું ધ્યાન લેશો. જીવનસાથી મક્કમ બને. તેમનું ભાગ્ય અને કર્મ જોરદાર રહે. તા. ૦૧-૧૧ થી તબિયત સુધરે. તા. ૦૫-૧૧ થી ઘરમાં નાણાં વધુ ખર્ચાય. એકંદરે દિવાળીના દિવસો આનંદમય અને સુખમય પસાર થાય અને એજ દિવાળીની શુભેચ્છાઓ.



કન્યા
પ,ઠ,ણ

વિ. સં. ૨૦૬૬ના પુણ્યવંતા પ્રભાતે આપનો રાશિ અધિપતિ બુધ શનિ અને શુક્રની સાથે જ દેહભાવે કન્યા રાશિમાંથી મુસાફરીને આગળ ધપાવે છે. અને બારે ય રાશિ અને ભાવ ફરીને આગળ વધતાં ત્રીજા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થવા પામે છે. જ્યારે શુક્ર પણ રાશિચક્ર પૂરુ કરીને આગળ વધતાં વર્ષાન્તે ૨ જા ભાવે તુલા રશિમાંથી પસાર થવા પામે છે. શનિ રાશિ કે ભાવ બદલ્યા વગર જ કન્યા રાશિમાં અને દેહભાવે જ આખું યે વર્ષ રહેવા પામે છે. વર્ષારંભે ૨ જા ભાવે તુલા રાશિમાં રહેલ સૂર્ય - ચંદ્ર પોત પોતાની રીતે અને ગતિથી આગળ વધતાં બંને ય રાશિ ચક્ર અને બારેય ભાવનું ચક્ર પૂરું કરીને સૂર્ય ફરીથી તુલા રાશિને બીજા ભાવેથી અને ચંદ્ર પણ અને ચક્કરો કાપીને ફરી પાછો તુલા રાશિ અને ૨ જા ભાવેથી જ સૂર્યની સાથે જ વર્ષાન્તે પસાર થવા પામે છે. ૪થા ભાવે ધન રાશિમાં રહેલ પ્લુટો રાશિ કે ભાવ વર્ષ દરમિયાન બદલવા પામતો નથી. હર્ષલ વર્ષારંભે ૬ઠ્ઠા ભાવે કુંભ રાશિથી આગળ વધીને વર્ષાન્તે ૭ મા ભાવે મીન રાશિમાંથી પસાર થવા પામે છે. તો નેપ. પણ ૫ મા ભાવે મકર રાશિમાંથી આગળ વધીને વર્ષાન્તે ૬ઠ્ઠા ભાવે કુંભ રાશિમાંથી પસાર થતો જોવા મળે છે. ૫ મા ભાવે મકર રાશિમાં રહેલ રાહુ અને ૧૧ મા ભાવે કર્ક રાશિમાં રહેલ કેતુ વક્રગતિએ આગળ વધતાં વર્ષાન્તે રાહુ ૪થા ભાવે ધન રાશિમાંથી અને કેતુ ૧૦ મા ભાવે મિથુન રાશિમાંથી પસાર થાય છે. વર્ષારંભે ગુરુ ૫ મા ભાવે મકર રાશિથી આગળ વધી મીન રાશિ સુધી જઈને વક્રગતિયો પાછો ફરીને વર્ષાન્તે ૬ઠ્ઠા ભાવે કુંભ રાશિમાંથી પસાર થાય છે, જ્યારે મંગળ ૧૧ મા

ભાવે કર્ક રાશિથી આગળ વધતાં વર્ષાન્તે ત્રીજા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થાય છે. આમ નભોમંડળમાં આપણા સૂર્ય મંડળના ગ્રહો આપની રાશિની આજુબાજુ અને રાશિમાંથી પસાર થતા જોવા મળે છે. હવે તેઓ આપના જિવનમાં કેવી કેવી અસરો પેદા કરે છે તે જોવાનો પ્રયત્ન કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ જોઇએ તો આ વરસે તમે વાયુથી વધારે પરેશાન થશો. શનિની પનોતીના બીજા તબક્કામાંથી પસાર થઇ રહ્યા છો એટલે માનસિક પરેશાની વધુ ભોગવવાની રહેશે. શરીરમાં ધીમી ગતિના ઘણાં ફેરફારો જોવા મળશે. જો કે ૦૨-૦૫-૨૦૧૦ થી ૦૧-૧૧-૨૦૧૦ દરમિયાન આપનું શરીર વધતું જણાય છે. જો કે ૧૭-૧૧-૨૦૦૯ થી ૪ થા સ્થાનેથી પસાર થતો નીચનો રાહુ પણ આપનું સુખ હરી લેતો જણાય છે. જ્યારે કૌટુંબિક ક્ષેત્ર વર્ષારંભે તમે ઘણો સારો સુમેળ ધરાવતા હશો જે વર્ષાન્તે એટલો સુમેળ રહેતો જણાતો નથી. માતા-પિતા બંનેના મનમાં શું છે તે કળવું મુશ્કેલ થઇ પડશે. જ્યારે સંતાન કંઇ ને કંઇ રીતે પરેશાન રહેશે. જ્યારે જીવનસાથી જો સહાકીય પ્રવૃત્તિમાં સમજ્યા વગર પ્રવૃત્ત રહેશે તો મુશ્કેલીમાં મૂકાશે.

આર્થિક દૃષ્ટિએ જોઇએ તો જેમને કામ કરવું જ છે તેમને કંઇ ને કંઇ નાનુ મોટું કામ મળી રહેશે.જેઓ નોકરી કરતાં હશે તેમને ૨૦-૧૨-૨૦૦૯ પહેલાં બઢતી મળી શકે છે. અને જેઓ કામચોર હશે તેમના હાથમાંથી કામ જતું રહેવું પણ જણાય છે. સાવધ નહીં રહો તો નોકરી ધંધો ગૂમાવવાનો પણ વખત આવી શકે છે. સહાકીય પ્રવૃત્તિથી જેઓ સંકળાયેલા છે તેમણે પણ સમજીને કામ કરવું સારૂં. સ્થાવર-જંગમ મિલકતમાંથી પણ કંઇ ફાયદો થતો જણાતો નથી. બીજી વધારાની આવકનો લોભ ૨૬-૦૫-૨૦૧૦ સુધી કરશો નહીં. જ્યારે મિત્ર વર્ગથી કડવા અનુભવ શક્ય બને. તેઓની આગળ હરિફ વર્ગનું કંઇ ચાલે નહીં પણ નવા શત્રુઓ તો ઉભા થાય જ છે. સહેજ સમજીને કામ લેશો તો ખોટી ઉપાધિમાં પડતાં બચી શકાશે.

સ્થાવર જંગમ મિલકતની દૃષ્ટિએ ૧૭-૧૧-૨૦૦૯ સુધી જ યોગ બને છે પછીથી છેતરામણી પરિસ્થિતિ ઉભી થાય અને તેમાંથી કેવી રીતે નીકળવું તે પણ એક પ્રશ્ન બની રહે. જગ્યા જ અશુદ્ધ હશે અને તમારે પારાવાર મુશ્કેલી ભોગવવાની રહેશે. જર-ઝવેરાત વસાવી શકાશે, ૨૭-૧૧-૨૦૦૯ સુધી; ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ સુધી; ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ સુધી અતિ શ્રેષ્ઠ; ૨૦-૦૪-૨૦૧૦ થી ૦૯-૦૬-૨૦૧૦ સુધી અને ૦૧-૦૯-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીનો સમય અતિશ્રેષ્ઠ બની રહેશે. ભાગ્યનો સાથ સારો મળે છે. પણ જાત્રા-પ્રવાસનો યોગ ઓછો બને છે. કર્મ પ્રધાન આ વર્ષે બની શકાય તેવું જણાય છે. હવે આ ગોચરના ગ્રહો આપના જિવનના વિધવિધ ક્ષેત્રે કેવું ફળ આપવા સક્ષમ બને છે તે જોવાનો પ્રયત્ન કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ :- એકંદરે સારૂં રહેવા છતાંપણ વાયુની પ્રકૃતિ આ વર્ષે આપના શરીરમાં વધુ રહેશે. માટે તેની ઉપર કાબૂ મેળવી શકો તેવી ગોઠવણ કરજો. વધારે પડતું વિચારવાથી વિચાર વાયુ પણ શક્ય બને. ૧૭-૧૧-૨૦૦૯ સુધી પગના સાંધાનો, ઢીંચણનો દુખાવો રહેશે. પગના ગોટલા વારંવાર ચઢી જાય તેવું પણ શક્ય બને. ૨૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન ઘણી ઘણી તકલીફો ભોગવવાની થાય. ખાસ કરીને લોહીનું દબાણ અનિયંત્રિત બનતા શારીરિક પરેશાની વધે. પગના નળાના ભાગે કંઇક અથડાવાથી કે પડી જવાથી ફ્રેક્ચર થાય તો નવાઇ નહીં. તે જ વખતે હૃદયના ધબકારા પણ અનિયમિત બની શકે છે. પણ ઉપર નહીં પહોંચાય એટલે ચિંતા કરશો નહીં. ૩૦-૦૩-૨૦૧૦ થી ૦૬-૦૬-૨૦૧૦ દરમિયાન શરીરમાં એક પ્રકારનું કળતર-દુખાવો રહે. ૧૭-૦૮-૨૦૧૦ થી ૧૭-૦૯-૨૦૧૦ તબિયતની કાળજી લેવાની રાખશો. કંઇક નાની મોટી તકલીફો આવ્યા કરે. બહુ શંકા કરશો નહીં. શનિની પનોતીનો બીજો તબક્કો લોઢાને પાયે હોવાથી માનસિક-શારીરિક પરેશાની કરાવશે અને ૧૭-૧૧-૨૦૦૯થી રાહુ ૪ થે પસાર થતાં સુખ હણાઇ જતું જણાશે બાકી બીજું કંઇ જ નથી.

આર્થિક દૃષ્ટિએ :- જેમને કામ કરવું હશે તેમને મળી રહેશે પણ પોતાની મરજી-ઇચ્છા મુજબનું કદાચ ન પણ મળે. ૨૦-૧૨-૨૦૦૯ થી આવક ચાલુ થાય; કામમાં સફળતા મળે અને દેવું ઓછું થવાના પણ યોગો બને છે. જો કે નાણાં મેળવવાનો મોહ વિશેષ રહેશે. અને ધંધામાં જે પણ કામ કરો તો તેમાં સમજી વિચારીને આગળ વધવાનું રાખશો. ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૭-૧૧-૨૦૦૯ દરમિયાન તમારું નશીબ તમને નાણાં અપાવતું જોવા મળશે. ૨૫-૧૦-૨૦૦૯ થી ૧૨-૧૧-૨૦૦૯ દરમિયાન તમે સારું એવું ધન પ્રાપ્ત પણ કરશો. પણ મોજશોખ પાછળ ખર્ચાઇ જતું જોવા મળે છે. ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન તમે જે કમાશો તે ઘરમાં જ વપરાઇ જશે અને તેનો હિસાબ મળવો પણ મુશ્કેલ બનશે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન તમે સહાકીય પ્રવૃત્તિમાં રોકાણ વધુ કરતાં જણાવ છો. ભાગ્યને અજમાવી જોવાનો પ્રયત્ન કરતાં જોવા મળશો. ૦૬-૦૨-૨૦૧૦ થી ૦૨-૦૩-૨૦૧૦ દરમિયાન આપના નાણાંનો ઉપયોગ આપના હાથ નીચે કામ કરતાં લોકો કરતાં જોવા મળે તો નવાઇ નહીં. બોલવામાં કાળજી નહીં લો તો દુશ્મનાવટ વધતી જણાય છે. ૨૭-૦૩-૨૦૧૦ થી ૨૦-૦૪-૨૦૧૦ દરમિયાન નાણાં આવશે પણ ખરાં અને ક્યાંય વપરાઇ પણ જશે. તેમાંથી એકપણ રૂપિયો પાછો મળે તેવું જણાતું નથી. પછી છેક ૦૫-૦૭-૨૦૧૦ સુધી આવક સારી રહેશે. ૦૫-૦૭-૨૦૧૦ થી ૦૧-૦૮-૨૦૧૦ દરમિયાન ખર્ચો વધુ રહેશે. ૦૬-૦૯-૨૦૧૦ થી ૨૦-૧૦-૨૦૧૦ દરમિયાન વપરાયેલું ધન વાપસ આવતું જણાતું નથી. મહેનત અને પરાક્રમ ઊંધુ ન પડે તેની કાળજી લેશો. ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન લાંબા ગાળાના રોકાણથી કંઇક છૂટુ થવાની તક જણાય છે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૫-૦૭-૨૦૧૦ દરમિયાન કામકાજમાં સરકારી તકલીફો આવતી જણાય છે અને તમારા આત્મવિશ્વાસ તોડવાનું કામ થાય. નાણાંકીય દૃષ્ટિએ આવું કંઇક સૂચન મળતું જણાય છે.

કૌટુંબિક દૃષ્ટિએ :- આપ કુટુંબની સાથે સંકળાયેલા રહેશો. ઘણો સારો સુમેળ રહેશે. પણ વર્ષાન્તે પરિસ્થિતિ કદાચ જૂદી જ જોવા મળશે તે પણ હકીકત છે. તમે તેમને સહકાર ઓછો આપતા જોવા મળશો. નાના ભાઇ બહેનની તબિયત ૨૬-૦૫-૨૦૧૦ સુધી નરમ ગરમ રહેવા પામશે. તેમનો ગુસ્સો પણ ભારે રહેશે. વળી ૧૭-૧૧-૨૦૦૯ થી કેટલું સાચું બોલે છે તે પણ એક સવાલ રહેશે. જો તેઓ અભ્યાસ કરતાં હશે તો ધો. ૧૨ કે તેથી નીચેના વર્ગમાં ભણતાં ભાઇ-બહેનોએ મહેનત વધુ કરવી પડશે. જો તેઓ નોકરી કરતાં હોય તો જ્યાં રહે છે ત્યાં જ નોકરી કરવી જોઇએ. નવી જગ્યા મળવાની શક્યતા ઓછી છે. જો તેઓ અપરીણિત હશે તો આ વર્ષે તેમના વિવાહ-લગ્ન શક્યતાઓ વધી જાય છે. આ વર્ષે સ્થાવર-મિલકત વસાવવાના યોગ ઓછા દેખાય છે. માતાનો સ્વભાવ વિચિત્ર બને. તેમની તબિયત પણ નરમ ગરમ રહેવા પામે. તેમને સહાકીય કારોબારમાં કોઇ જ ફાયદો થતો જણાતો નથી. તેમના નામે સ્થાવર-જંગમ મિલકતમાં ફેરફાર કરવો હોય તો તે શક્ય બને છે. જો તેઓ નોકરી કરતાં હોય તો તેમને બદલી - બઢતી કે બંનેની શક્યતા રહેલી જણાય છે. ધાર્મિકતા ડગી જતી જણાય છે. સંતાનનું આરોગ્ય આમ તો સારૂં રહેશે. જો તેઓ અભ્યાસ કરતાં હશે તો પરિણામ પણ સારૂં જ લાવશે. તેમનું નસીબ તેમને સાથ આપતું જણાય છે. અને ધન પણ તેમને તેમના નસીબના આધારે મળતું જણાય છે. ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત દરમિયાન તેમને આર્થિક - સામાજિક કે રાજકીય ફાયદો થતો જોવા મળે છે. અવિવાહિત સંતાનના વિવાહ-લગ્નના યોગો બને છે. તથા પરીણિત સંતાન ઇચ્છુક સંતાનને ત્યાંથી સારા સમાચાર પ્રાપ્ત થતાં પણ જોવા મળે છે. સંતાનને મુસાફરી યોગ વધુ બનતો જણાય છે. જીવનસાથીની તબિયત સારી રહેશે. પણ વાયુથી વધુ પરેશાન થશે. વળી જો તેઓ સહાકીયવૃત્તિ ધરાવતા હશે તો કાળજી લેવી પડશે નહીંતર તકલીફ ઉભી કરશે. બને ત્યાં સુધી તેમણે આ વર્ષે રાજકીય - સામાજીક કે કૌટુંબિક રાજકારણથી દૂર રહેવું સારૂં ગણાશે. સ્થાવર જંગમ મિલકત ઓછી કરવાનો યોગ બને છે. નોકરી કરતાં હોય તો સાચવીને કામ કરવું સારૂં. ૧૬-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન; ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ તથા ૨૦-૧૦-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીનો સમય સારો નથી. સાવધ રહેવું. કોઇ ઉપરી વસ્તુથી પરેશાન થવાય. પિતાના આરોગ્યને વાંધો નથી. નાણાંકીય દૃષ્ટિએ થોડું ઘણું સાચવવું પડશે તેમના કુટુંબીજનોથી પરેશાન રહેશે અને ભાષા ઉગ્ર બને. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી તેના નામે રહેલી સંપત્તિમાં ફેરફાર સંભવે. જો તેઓ નોકરિયાત હશે તો તેમને બદલી કે બઢતી કે બંને મળતા જણાય છે. તેમના મિત્રો મદદની આશા રાખશે. મોટા ભાઇ બહેન વર્ષારંભે પરેશાન વધુ રહેશે. તેમની તબિયત પણ બરાબર નહીં રહે. જીવનસાથીથી પણ પરેશાન રહેશે. સહાકીય બાબતોથી દૂર રહે તો સારૂં. મુસાફરી યોગ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી વધારે બને છે. કદાચ પરદેશગમન પણ શક્ય બને. આમ કૌટુંબિક સભ્યો વિશે જાણ્યુ. બહુ સુખ પ્રાપ્ત થતું જણાતું નથી. બધુ જ સુખ ઓછું ઇશ્વર આપે પણ છે. !!!

સ્થાવર - જંગમ મિલકતની દૃષ્ટિએ :- આ વર્ષે

મિલકતમાં કોઈ જ ખાસ ફેરફાર જણાતા નથી. છતાં પણ ૧૭-૧૧-૨૦૦૯ પછીથી મિલકત વસાવો તો બહુ કાળજી લઈને લેશો. તે જગ્યાએ જરૂરથી કોઈને કોઈ અશુદ્ધિ હોવાનું સૂચન મળે છે. તમે તે જગ્યાએથી સુખચેન પ્રાપ્ત જ ન કરી શકો. પછી તો બનવાકાળને કોઈ ટાળી શકતું નથી. ૨૦-૧૨-૨૦૦૯થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન ખરીદેલી જગ્યાએ નવા દુશ્મનો ઉભા કરવાનો સમય આવશે. સંતાનના નામે જગ્યા ખરીદવાનો યોગ પણ ઓછો બને છે. ફકત માતા પિતાના નામે સંપત્તિમાં ફેરફાર કરવાનો યોગ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી બને છે. તમારે આભુષણ વસાવવા હોય કે ઘરમાં વસ્તુ વસાવવી હોય તો ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૭-૧૧-૨૦૦૯; ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ તથા ૨૦-૦૪-૨૦૧૦ થી ૦૯-૦૬-૨૦૧૦ અને ૦૧-૦૮-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીનો સમય શ્રેષ્ઠ રહેશે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૪-૦૨-૨૦૧૦ દરમિયાન સંપતિ ભાડે કે ગિરવે મૂકવાના હોવ તો પણ ધ્યાન રાખીને દસ્તાવેજ કરશો નહીંતર નાણાં મળશે નહીં અને સંપત્તિ વિવાદમાં પડી જશે તે જૂદી વાત છે. આમ સંપત્તિથી આ વર્ષે આપના માટે બહુ સારૂ નથી.

સંતાનની દૃષ્ટિએ :- સંતાન થકી આપ થોડી ઘણી પરેશાની જરૂરથી ભોગવશો. જો કે સંતાન માટેની લાગણી પણ આ વર્ષે તીવ્ર બની રહેશે તે પણ નક્કી વાત છે. જો આપ પરીણિત હોવ અને સંતાન ઈચ્છુક હશો તો આ વર્ષે આપની આશા ફળીભૂત બનતી જણાય છે. સંતાન જો અભ્યાસ કરતાં હશે તો તેઓનું ધ્યાન બહારની સાઈડે વધુ ન જાય તેની કાળજી લેશો. ધો. ૧૨ કે તેથી નીચેના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓનું નસીબ સારૂં હોતા પાસ તો થઈ જશે. જ્યારે સ્નાતક કક્ષાના સંતાનોને અઘરૂં થઈ પડશે, અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને વાંધો આવશે નહીં. અભ્યાસ બાદ સંતાનને આવક મેળવવી હશે તો કોઈને કોઈ રીતે કામ મળી રહેશે. વળી સંતાનને આ વર્ષે ૦૨-૦૫-૨૦૧૦ પછીથી આર્થિક-સામાજિક કે રાજકીય લાભ મળતો જણાય છે. સંતાન જો અવિવાહિત હોય અને વિવાહ-લગ્ન કરવા હશે તો તે શક્ય બનતા જણાય છે. અને પરીણિત સંતાન ઈચ્છુક સંતાનને ત્યાંથી શુભ સમાચાર પણ પ્રાપ્ત થતાં જણાય છે. સંતાનના નામે આ વર્ષે મિલકત ખરીદવાના યોગો ઓછા બેસે છે તો સંતાનને આ વર્ષે મુસાફરીના યોગો વધુ બેસે છે. પણ ધાર્મિકતા વધતી જણાતી નથી. મુસાફરીમાં પણ ધ્યાન રાખવું જરૂરી થઈ પડે છે નહીંતર તકલીફ ઉઠાવવાનો વારો આવી શકે છે. સંતાનના મિત્રો અરસ પરસ એકબીજાનું ધ્યાન રાખશે પણ ધ્યાન રાખવામાં જૂદી રીત હશે, વિશ્વાસનું વાતાવરણ ઓછું હશે. સંતાન ધંધો કરતાં હશે તો અને તે જો ભાગીદારીમાં હશે તો તકલીફો પેદા થઈ શકે છે. જો કે એક વાત છે કે સંતાનનું નસીબ આ વર્ષે તેમની તરફેણમાં છે તે નક્કી વાત છે એટલો આત્મ સંતોષ મેળવશો તો પણ ઘણું છે.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! આ વર્ષે તમે શનિની પનોતીના બીજા તબક્કામાંથી પસાર થાવ છો અને તે પણ લોઢાના પાયે ચાલે છે. આ વર્ષે માનસિક અને શારીરિક બંને ત્રાસ ભોગવવાનો રહે છે. જો આપ સાવધ નહીં રહો તો પરિણામ અચુક વિચિત્ર જ પ્રાપ્ત થતું જણાય છે. આપને બધું જ આવડતું હશે - લખવાનું હશે કંઈ અને લખી નાંખશો કંઈક. વિચિત્ર રીતે યાદ રાખેલું જ ભૂલાઈ જાય. સમજણ ફેર પડે અને જૂદું જ લખાઈ જાય તેવું પણ શક્ય બને. પેપર કંઈનું સમજીને ગયા હોવ અને હોય જ બીજું. બહુ ઉતાવળ આપની તરફેણ કરતી નથી જ. દોષ કોને દેશો ? છેલ્લી ઘડીની ગભરામણ પણ તકલીફકર્તા બની શકે છે. ધો. ૧૨ કે તેથી નીચેના વર્ગના વિદ્યાર્થીઓ તો દિલ દઈને અભ્યાસ કરતાં જણાય છે. છતાં પણ કંઈક ભૂલ થઈ જતી જણાય છે. મિત્રોની ઉતાવળ તમને ભારે પડી શકે એમ છે. ૧૪-૦૩-૨૦૧૦ પહેલાંની પરીક્ષામાં વધુ કાળજી લેશો. વિજ્ઞાન પ્રવાહમાં રસાયણશાસ્ત્રના પેપરમાં ઈકવેશન્સ - સમીકરણોમાં વધુ ધ્યાન રાખજો. જ્યારે ભૌતિક શાસ્ત્રમાં દાખલાઓમાં ધ્યાન આપવું પડશે. વક્રીભવન, ક્વોન્ટમ થિયરી અને લેસર કિરણોના વિષયમાં વધુ સાવધ રહેશો. વાણિજ્ય શાખાના વિદ્યાર્થીઓ બધી રીતે તૈયાર હોવા છતાં ધંધાકીય દાખલા બેલેન્સશીટસ તૈયાર કરવી; કયા ખાતામાં મૂડી નાંખવી અને છેલ્લે સરવાળામાં ધ્યાન આપશો. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થી મિત્રોને ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ સુધીની પરીક્ષાઓમાં કલા ક્ષેત્રથી સંકળાયેલા પ્રશ્નોથી વધુ કાળજી લેવી પડશે. સ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રો ૦૨-૦૫-૨૦૧૦ સુધીની પરીક્ષામાં ધ્યાન રાખવું પડશે. ચોરી કરવાનો તો ઈરાદો ધરાવશો જ નહીં, નહીંતર ઈજ્જતના કાંકરા થઈ જશે. જે પણ પ્રશ્નના ઉત્તર આપો તે ધીરજથી સમજી-વિચારીને આપશો. કદાચ એવું પણ બને કે રીચેકીંગમાં પરિણામ કઈંક જૂદૂં જ પ્રાપ્ત થાય. ખાસ કરીને ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓએ ૪ થા અને છેલ્લા પ્રશ્નમાં વધુ ધ્યાન લેવું પડશે. ડ્રોઈંગમાં ઘણી ભૂલો થતી જણાય છે. તમારી લાપરવાહી તમને તકલીફમાં મૂકી શકે. આર્કિટેકટના વિદ્યાર્થીઓએ નવી ડિઝાઈનમાં કાળજી લેવી, તમને ભૂલનો અહેસાસ થશે નહીં અને અંદર ભૂલ હશે જ. ડેન્ટલના વિદ્યાર્થી મિત્રો માટે ઉપરની હરોળના દાંતમાં વધુ ધ્યાન આપવાનું રહેશે. કેવિટીના પ્રશ્નને બરાબર સમજીને જવાબ આપશો. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન કલાક્ષેત્રના વિદ્યાર્થીઓ ઘણું સારૂં પ્રદર્શન કરી શકશે. ૧૪-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન જેમને કાયદાશાસ્ત્રની પરીક્ષા આવતી હશે તેમણે સાવધાની વધુ રાખવી પડશે. છેતરપીંડીના કેસો; બેંકમાંથી ઉચાપત; ધંધાના ઉઠામણાને લગતા કેસો ઉપર વધુ ધ્યાન આપશો. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ૦૨-૦૫-૨૦૧૦ પછીની પરીક્ષામાં ઘણી સારી પ્રગતિ કરેલી જણાઈ આવશે. યશ-માન મેળવી શકાય. જ્યારે સંશોધન ક્ષેત્રે અભ્યાસ કરતાં વિદ્યર્થી મિત્રોને ૦૨-૦૫-૨૦૧૦ પછીથી પદવી પ્રાપ્ત થવામાં કોઈ જ અડચણ નડતી નથી. પરીક્ષા પછીથી જેમને કામ કરવું હશે તેમને કામ મળી રહેશે પણ મન માગ્યું ન પણ મળે. જેઓ કામ કરતાં હશે તેમને કાં બદલી કે બઢતી મળી શકે. અને નોકરી પરત્વે બેકાળજી રાખશો તો નોકરી છૂટી જવાના યોગો પણ બને છે. આ વર્ષે તમારે પરદેશગમનની શક્યતા ઘણી ઓછી જણાય છે. આપને આરાધન કરવું હોય તો ભૈરવદાદાનું આરાધન ભૂલ્યા વગર આ વર્ષે અવશ્ય કરશો તો ઘણી રાહત થશે. બાકી ભૂલ થાપ થવાની શક્યતાઓ ઘણી જ રહે છે.

સ્ત્રીઓ માટે :- બહેનો ! આપ શનિની સાડા સાતની પનોતીના બીજા તબક્કામાંથી પસાર થાવ છો અને પાયો પણ લોઢાનો છે. વળી૧૭-૧૧-૨૦૦૯ થી રાહુ પણ ૪થો થતાં મન અને આત્માને શાંતિ મળવી ઓછી છે. વધારે ચિંતાથી વિચાર વાયુ ઉત્પન્ન થતાં શરીરમાં વાયુનું પ્રમાણ વધશે અને ૦૨-૦૫-૨૦૧૦ થી આપનું શરીર વધતું જણાય છે. વળી ૨૭-૦૧-૨૦૧૦ થી તમારા શરીરમાં ધીમા ફેરફારો થતાં જોવા મળશે. ૦૧-૧૨-૨૦૦૯ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન ઘરમાં વધુ સમય આપવાનો થાય. જ્યારે ૨૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન કયા કારણથી તમે બિમાર પડશો તે જ સમજમાં આવશે નહીં. ૩૦-૦૩-૨૦૧૦ થી ૦૬-૦૬-૨૦૧૦ દરમિયાન માથાનો દુખાવો વધુ રહેશે. ૨૬-૦૫-૨૦૧૦ થી ૦૬-૦૬-૨૦૧૦ દરમિયાન ગરમીમાં બહાર નીકળશો નહીં. બિમાર પડશો અને લૂખ લાગી જશે તો મોટી તકલીફમાં મૂકાઈ જશો. જો આપ અભ્યાસ કરતાં હોવ તો પરીક્ષાલક્ષી પ્રશ્નો ઉપર ધ્યાન વધુ રાખીને તૈયારી કરજો તથા નકારાત્મક વિચારો છોડીને પ્રશ્નને બરાબર સમજીને જવાબ લખવાનું રાખશો. તેમા પણ સ્નાતક કક્ષાના બહેનોએ વધુ કાળજી લેવી પડશે. કૌટુંબિક દૃષ્ટિએ માતા-પિતાને પરેશાની રહે તેમાં પણ પિતાને વધુ થાય. જીવન સાથીમાં પરિવર્તન આવતું જણાય. પણ તેમણે રાજકારણથી દૂર રહેવું જરૂરી થઈ પડશે. સંતાનને કંઈ ને કંઈ પરેશાની રહેશે પણ આવક ઘણી સારી થશે. જો આપ અપરીણિત હશો તો આપના વિવાહ-લગ્નના યોગ બને છે. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી પાત્ર સારૂં મળે. અને આપે લગ્ન કરેલાં હોય અને સંતાન ઈચ્છુક હશો તો પણ આપની આશા પરિપૂર્ણ થતી જણાય છે. બની શકે તો આ વર્ષે આપ નવી સંપત્તિ આપના નામે ખરીદવાનો વિચાર માંડી જ વાળજો. જગ્યા અશુદ્ધ હશે અને તમે પરેશાન થઈ જશો. જો આપને કામ કરવું જ હશે તો જરૂરથી મળી રહેશે. કદાચ મન માને તેવું ન પણ હોઈ શકે. બદલી કે બઢતીની શક્યતા નથી. પગાર વધારો ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન મળી શકે. આપના હરિફ વર્ગનો ત્રાસ ક્રમશઃ ઓછો થતો જાય. મિત્રવર્ગથી બહુ જ સાચવીને કામ કરજો. તેઓ આવેશમાં શું કરશે તે જ સમજમાં નહીં આવે. જો આપ કોઈના પ્રેમમાં હોવ તો ૧૭-૧૧-૨૦૦૯ સુધી કાળજી વધુ લેશો. તે ધોખાબાજ નીકળશે અને તમે તકલીફમાં મૂકાઈ જશો. ધીમી ધીમે આપ સમાજમાં સ્થાન પ્રાપ્ત કરતાં જશો. આ વરસે તમે વધુ પ્રમાણમાં ધર્મ તરફ ખેંચાણ અનુભવો તેવું પણ બની શકે, અને પરદેશગમન કે લાંબી મુસાફરીના યોગો ઓછા બને છે. નજીકની જગ્યાઓએ જવું હોય તો જઈ શકાશે. પણ એવું લાગે છે કે કોઈને કોઈ ચિંતા આપના મનને કોરી ખાતી હોય અને તેને પરિણામે આપ ડિપ્રેશનમાં ચાલ્યા જાવ અને મનને સુખ પ્રાપ્ત ન થાય તેવું બને. આપને તમો આ વર્ષે નિખાલસ બની શકશો નહીં. શિવની આરાધના કરવી હોય તો ભગવાન

શંકરદાદાની અને બીજી ભૈરવદાદાની કરવાની જરૂર વધુ રહેશે. મનુષ્યનો સ્વભાવ છે ચિંતા કરવાનો, દુઃખી થવાનો અને બીજાને દુઃખી કરવાનો. ભગવાન.... ભગવાન.

વિશેષ વિગતો :- આપ શનિની સાડા સાતીના બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો. પનોતી લોઢાના પાયે છે. જે માનસિક કષ્ટદાયક વિશેષ રૂપથી બનશે. શરીરમાં વિચાર વાયુનું પ્રમાણ વિશેષ રહેશે. ૨૫-૧૦-૨૦૦૯ થી આપ જે પણ કામ કરશો તેનું વળતર મળી રહેતું જણાય છે. ૨૪-૧૦-૨૦૦૯ થી ૦૬-૧૧-૨૦૦૯ દરમિયાન ખર્ચો વિશેષ રહેશે. જ્યારે ૦૩-૧૧-૨૦૦૯ થી ભાગ્ય ધન અપાવતું રહેશે. ૦૩-૧૧-૨૦૦૯ થી ૦૬-૧૧-૨૦૦૯ દરમિયાન જણસ - દાગીનો લો તો બરાબર ચકાસણી કરીને લેજો. ૧૨-૧૧-૨૦૦૯ કામકાજ માટે નાની મુસાફરી કે ધક્કા ખાવાના થતા જણાય છે. જ્યારે ૧૯-૧૧-૨૦૦૯ થી દૂર સંદેશા વ્યવહારથી ઘણું કામ પતી જતું જણાશે. ૨૭-૧૧-૨૦૦૯ થી નાણાં મેળવવા મુસાફરી કરવાની થાય અને ભાગ્યનો સાથ મળતો જણાય. ૧૭-૧૧-૨૦૦૯ થી આખા એ વર્ષ દરમિયાન તમારા આચરણની સમજ તમને જ પડે નહીં. સંતાન પણ કંઈ ને કંઈ રીતે પરેશાન રહેશે. ૦૧-૧૨-૨૦૦૯ થી તમે વિશેષરૂપથી ઘરમાં ધ્યાન વધુ આપતા જણાશો. કદાચ ઘરે રહીને પણ તમે કારોબારનું ધ્યાન આપશો. ૧૬-૧૨-૨૦૦૯થી ઘરમાં મહેમાન આવતા જણાય છે. ૨૯-૧૨-૨૦૦૯ સુધી આત્માને શાંતિ ઓછી મળે. ૨૧-૧૨-૨૦૦૯ થી આવકનો મોટો ભાગ ઘર ખર્ચમાં જતો જોવા મળશે. કદાચ ઘરમાં સમારકામ કરાવતા હોવ તો વિશેષ કાળજી લેશો નહીંતર ખામીઓ રહી જશે. ૧૪-૦૧-૨૦૧૦ થી સટ્ટામાં રોકાયેલ લાંબાગાળાનું રોકાણ છૂટું થઈ શકે. સટ્ટો કરશો તો ગૂમાવવાનો વારો આવશે. જો કે તમે ભાગ્યને અજમાવી જોવા માટે રોકાણ કરવાની ઈચ્છા ધરાવતા હશો. ૦૬-૦૨-૨૦૧૦ થી તમે સંતાનના કામમાં ધ્યાન વધુ આપશો તથા બીજી બાજુએ બોલવામાં કાળજી નહીં રાખો તો સંબંધો બગડશે અને નાણાં ગૂમાવવાનો વારો આવી શકે. ૨૭-૦૧-૨૦૧૦ થી જીવનસાથીની જીવનશૈલીમાં ધીમી પણ મક્કમ ગતિએ ફેરફાર થતો જોવા મળશે. ૨૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન કામ કરો છો ત્યાં નવા દુશ્મનો ઉભા ન થાય તેની કાળજી લેશો. ૦૨-૦૩-૨૦૧૦ થી "દામ કરે કામ" પ્રમાણે તમે સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી શકો. તમને અને જીવનસાથી બંનેને મોજશોખ વધુ જોઈશે ૧૪-૦૩-૨૦૧૦ થી તમે જીવનસાથીમય બની જશો. જો કે જીવનસાથીનો અહમ્ પણ અચાનક વધી જતો જણાય છે. ૨૭-૦૩-૨૦૧૦થી તમને એવું લાગશે કે ભાગ્ય કામ કરતું જ નથી જ્યારે સંતાનને મોજશોખ વધુ જોઈશે. તમે જે ધન કમાશો તેને તમારા જીવનસાથી વાપરવામાં ખર્ચી નાંખશે અને તમે પાછા હતા ત્યાંના ત્યાં જ રહેશો. ૩૦-૦૩-૨૦૧૦ થી તેની અસર તમારા શરીર ઉપર પડશે અને છેવટે કામકાજ ઉપર પણ ખરી જ. ૨૦-૦૪-૨૦૧૦ થી તમારા સંતાન કોઈના પ્રેમમાં ન પડે તો સારૂં. અને નાણાંની આવક ભાગ્ય દ્વારા ચાલુ થતી જણાશે પણ કામકાજ તો મંદ જ રહેશે. ૧૫-૦૫-૨૦૧૦ થી ભાગ્યમાં સળવળાટ શરૂ થાય. ૦૬-૦૬-૨૦૧૦ થી તમે ધાર્મિક સ્થળે જવાનો વિચાર કરો. ધર્મ થકી આગળ આવવાનો પ્રયત્ન થાય. તમને સારું કામ પણ મળી રહે. ૦૯-૦૬-૨૦૧૦ થી ચાલુ કામકાજ સિવાય નવું કામકાજ સંભવે. ૨૨-૦૬-૨૦૧૦ થી તમે કર્મ પ્રધાન બનો અને ખેંચાય તેટલું કામ ખેંચવાનો પ્રયત્ન કરશો. દેશાવરથી કામ મળે. ૦૬-૦૭-૨૦૧૦થી ચાલુ કામ સિવાય નવા વધારાના કામમાં જવાનો પ્રયત્ન થાય. ૨૦-૦૭-૨૦૧૦ થી શરીરમાં ગરમીનો પ્રકોપ વધે. ૩૦-૦૯-૨૦૧૦ સુધી દેશાવરનું કામ વધે. સાથે સાથે સારા કામમાં ધન વપરાતું જોવા મળે. ૦૧-૦૯-૨૦૧૦ થી વર્પાન્તા સુધી ભાગ્યના જોરે આવક સારી રહે. ૩૦-૦૯-૨૦૧૦ થી તમે કામકાજમાં ફેરફાર લાવવાનો પ્રયત્ન કરતાં જોવા મળશે. આમ ગ્રહો આવું સૂચન કરે છે. પ્રમાણમાં કામ ઓછું થતું જણાય છે. ભૈરવદાદાને પ્રાર્થના કરજો કે તેઓ તમને સહાયરૂપ બને. કર્મની ગતિ ન્યારી છે અને તેને સ્વીકારવું જ પડે છે.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- નવા વર્ષમાં તમારું ભાગ્ય પણ કામ કરી રહ્યું છે અને તમે કર્મપ્રધાન બનો છો. મિત્રો પરેશાન રહેશે. સંતાન માટેની લાગણી વિશિષ્ટ પ્રકારની રહે. તા. ૨૫-૧૦ થી આપ જે કામ કરશો તેનું વળતર મળી રહેશે. નાણાં માટેનો લગાવ વધે. કૌટુંબિક ધ્યાન રાખશો. તા. ૦૩-૧૧ થી આવકનું પ્રમાણ વધે. તકદીર ધન અપાવે. તા. ૦૪-૧૧ થી સંતાનના વિચારોમાં ફેરફાર થાય. લાગણીનો સ્પર્શ થાય. તા. ૧૨-૧૧ થી આપ હિંમતથી કામ કરો. કામકાજ માટે નાની નાની મુસાફરી કરવાની થાય. તા. ૧૬-૧૧ થી દૂર સંદેશા વહેવારથી કામ વધે. એકંદરે સારૂં છે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- મિત્રો પરેશાન રહે. ધંધામાં ઓછો લાભ મળે. હિંમતથી નશીબ ફેરવવાનો પ્રયત્ન કરશો. નાની નાની મુસાફરી કરવાની થાય. નાના ભાઈ બહેન મોજમજા માણી શકે. આપ તા. ૧૭-૧૧ થી સુખ અને શાંતિ ગૂમાવતા જણાવ છો. જેની અસર કામકાજ ઉપર પડે અને થોડું કરવાનું થાય. તા. ૨૭-૧૧ થી કામકાજ અર્થે મુસાફરી યોગ બને છે. કુટુંબીજનો નાના ભાઈ બહેનને મદદરૂપ બને. તેઓ સાચી વસ્તુ જણાવશે કે કેમ તે એક સવાલ છે. તા. ૦૧-૧૨ થી આપ ઘરની કાળજી લેશો. અને ધંધાનું પણ ધ્યાન રાખશો. તા. ૧૫-૧૨ થી ઘરે મહેમાનનું આગમન સંભવે.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- ઘણા બધા ફેરફાર આ વર્ષે જોવા મળે છે. આપ સુખી છો કે દુઃખી તે તમે ખુદ જ જાણશો. સંતાનનો દિમાગ પણ સાતમા આસમાને હશે. તા. ૨૦-૧૨ થી મિત્રોનું સુખ ઓછું થતું જોવા મળશે. કામમાં સફળતા મળે, દેવું ઓછું થતું જોવા મળે. તા. ૨૧-૧૨ થી આપ ઘરમાં પણ પરેશાન રહો, કામથી પણ તકલીફો જોવા મળે. તા. ૧૩-૦૧ થી શરીરમાં વાયુનું પ્રમાણ વધે. તમે હરિફ વર્ગથી અને સંતાનથી પણ પરેશાન થતા જણાશો. તા. ૧૪-૦૧ થી સટ્ટાકીય બાબતોમાં નુકશાન ન જાય તેની કાળજી લેશો. તા. ૧૫-૦૧ થી થોડી ઘણી રાહત મળે, અને કામ થતું જોવા મળે.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- ઘરનું વાતાવરણ થોડું વિચિત્ર હોવા છતાં પણ રાહત મળે. ઘરેથી કામ કરી શકાશે. આપનો મિજાજ થોડોક ઈશ્કી રહેશે. રોમાન્સનો જેટલો લાભ લેવાય તેટલો લઈ લેવાનો પ્રયત્ન કરશો. તા. ૨૭-૦૧ થી આપ એક પ્રકારની તાકાત અનુભવવાની શરૂઆત કરશો. વિચારોમાં પરિવર્તન આવવાનું શરૂ થાય. જાહેરજીવનમાં પણ ફેરફાર થતો જોવા મળે. તા. ૦૬-૦૨ થી સંતાન માટેની લાગણી વધે. તથા સટ્ટાકીય પ્રવૃત્તિમાં રસ ધરાવવાનું વિશેષ રાખો. કામકાજ સટ્ટાકીય બને. આ સાથે નાણાંકીય આવક વધે. ભાગ્યનો સાથ મળતો જણાય. રોમાન્સ વધતો જણાય છે. તા. ૧૩-૦૨ થી હરિફ વર્ગ દોડતો થાય. એકંદરે સારું છે.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- હરિફ વર્ગની પ્રવૃત્તિ સમજવી અઘરી થઈ પડે. સંતાનના મગજમાં કેમ વધુ નાણું મેળવવું અને કૌટુંબિક વિચારો ઘૂમરાયા કરે. તા. ૨૬-૦૨ થી તબિયતની કાળજી લેશો. સંતાન ભાગ્ય અજમાવવાનો પ્રયત્ન કરે. તમારું કાર્ય થોડું ખોરંભે પડે. તા. ૦૨-૦૩ થી મિત્રોનું સુખ મળતું જણાય. ધંધામાં થોડી હિંમત કરવી પડે. નાના ભાઈ-બહેનનું પણ વર્તન બદલાય. તા. ૧૪-૦૩ થી પિત્ત વધતું જોવા મળે, કામમાં લોકોનો સહકાર મળે. જાહેરજીવનમાં યશ-માન મળે. આપ જીવનસાથીમય બનો.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- યશ-માન-પ્રતિષ્ઠા મળે. સાથે સાથે પિત્તથી પરેશાન થવાશે. મોજશોખ તમને અને તમારા જીવનસાથી બંનેને જોઈશે. જાહેરજીવનમાં ટીકાને પાત્ર ન બનો તેની કાળજી લેશો. શરીરમાં પિત્ત અને વાયુથી પરેશાની ભોગવવાની થાય. તા. ૨૭-૦૩ થી જાણે ભાગ્ય કામ કરતું નથી તેવું લાગશે. વળી આવક થાય પણ ક્યાં વપરાઈ જાય તેની સમજ ન પડે. વળી કૌટુંબિક સહકાર પણ ઓછો મળે. તા. ૩૦-૦૩ તબિયતને અસર પડે અને તેના લીધે કામમાં પણ ધ્યાન ન અપાય. તા. ૧૪-૦૪ થી સરકારી કામ કે કોઈપણ કામમાં તકલીફ પડે.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી ૧૪-૦૫-૨૦૧૦) :- તબિયતની કાળજી લેશો. કંઈ ને કંઈ પરેશાની રહ્યા કરશે. અને ભાગ્યના સાથ વગર તથા કૌટુંબિક સભ્યોના પણ સાથ વગર વધવાનું રહે છે. તા. ૨૦-૦૪ થી આપને કૌટુંબિક સભ્યોનો સહકાર મળતો જણાય. આપને ભાગ્ય ફરતું જણાય અને આપની વાણીમાં પણ ફરક પડી જાય. ધર્મ તરફ થોડું વળી શકાય. તા. ૨૩-૦૪ થી તબિયતની કાળજી વધુ લેશો. જેની અસર કામ ઉપર પણ પડતી જણાય છે. તા. ૦૨-૦૫ થી આપનું શરીર વધતું જણાશે અને ધાર્મિકતા વધતી જોવા મળશે. તા. ૧૪-૦૫ થી પરદેશના સમાચાર સારા મળે.

નિજ વૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- શરીર વધતું જોવા મળશે. બીજી બાજુએ તબિયત ઠીક નહીં રહે. ભાગ્ય સારો

ફાયદો કરી આપે એમ છે. નાણાં ભાગ્યના જોરે મળતા જણાય છે. દૂરના કામથી ફાયદો પણ થાય. ગુસ્સો બહુ જ આવે. તા. ૧૫-૦૫ થી ભાગ્યના જોરે કામ વધુ મળે પણ રંગરાગ અને મોજશોખના લીધે તમે કેટલું કરી શકો છો તે જોવાનું રહે. તા. ૨૬-૦૫ થી ગુસ્સો વધુ આવે દૂરના કામમાં ભલીવાર ન આવે. ઊંઘમાં ફેરફાર થાય. તા. ૦૬-૦૬ થી તબિયત વ્યવસ્થિત થતાં એવું લાગે કે નસીબ ઠીક ચાલી રહ્યું છે. કામ માટે દૂર જવાનું મન થાય. તા. ૦૯-૦૬ થી ભાગ્ય નવું કામ અને મિત્રો અપાવે.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- ધાર્મિકતા સારી રહે. વાયુ પરેશાન વધુ કરશે. વજન વધતું જોવા મળશે. ભાગ્યનો સાથ પૂરો મળે છે. એકાદ કામ હાથમાંથી જાય તો બીજું નવું મળી પણ જાય. તા. ૧૫-૦૬ થી કામ યશ મળે, દૂરનું કામ સારૂં મળે. છતાં પણ આત્માને સંતોષ ના મળે. આપના જીવનસાથી ઉપર તાંત્રિક પ્રયોગ થવાની શક્યતા ખરી. તા. ૨૨-૦૬ થી આપ ઘણાં ઘણાં કાર્યરત રહો. તમારી વાણી કામ કરાવે. કોઈની ઉપર આધાર રાખ્યા વગર કામ મળે. તા. ૦૫-૦૭ થી ખર્ચો વધુ થાય. કૌટુંબિક સાથ ઓછો મળે. તા. ૦૬-૦૭ થી આપ મિત્રો તરફ વધુ આકર્ષાવ.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા ૧૦-૦૮-૨૦૧૦) :- યશ-માન-પ્રતિષ્ઠા મળે. એક નિષ્ઠાથી કામ કરશો. સહકાર્ય કામની પણ પૂરી કાળજી લેશો. ગુસ્સો વધુ રહેશે. મોજશોખ વધુ રહેશે. આપના આત્માને શાંતિ ન મળે તા. ૧૬-૦૭ થી સહકારીય કામ તરફનું ખેંચાણ વધે. સંતાનને યશ-માન મળે. તે પિત્ત થી પરેશાન થાય. તા. ૨૦-૦૭ થી આપ ગણતરીબાજ બનશો. તાવ આવવાની શક્યતા ખરી. હિંમત મેળવવાનો પ્રયત્ન કરશો. તા. ૨૩-૦૭ થી દોડાદોડી વધુ કરવાની થાય. દેશાવરનું કામ થાય. મન શંકાશીલ બની શકે. તા. ૦૧-૦૮ થી કુટુંબીજનો મળતા આવે. ભાગ્યનો ફાયદો મળે. નાણાંની લાલચ વધે.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯૨૦૧૦):- ધાર્મિક મહિનામાં ધર્મકાર્ય કરવાની તમને અને જીવનસાથીને બંનેને પ્રેરણા મળે. અને કદાચ ધાર્મિક જાત્રા થાય કે પ્રસંગ ઉભો થાય તો નવાઈ નહીં. તેમાં પણ રસાતુર થઈને ભાગ લેશો. મિત્રો સાથે બહાર જવાના પ્રસંગ પણ ગોઠવાય. તા. ૧૭-૦૮ થી ગુસ્સો વધુ આવે. ઊંઘ પણ આવી જાય. સંતાનનું કામ ન બને. તેનો તેને રંજ રહે. પણ તેમનું ભાગ્ય સારૂં હોતા આવક સારી રહે. તા. ૦૧-૦૯ થી આવકનું પ્રમાણ વધે, ભાગ્યનો સંપૂર્ણ સાથ મળે છે. તા. ૦૬-૦૯ થી નાણાં મેળવવા સાહસ વધે. નાણાં મળે અને વપરાઈ જાય. આપની ભાષા મીઠી બને.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- આપના મનને શાંતિ મળવી અઘરી છે. ગુસ્સો રહે. છેલ્લા પંદર દિવસ તો શ્રાદ્ધના છે. તેમાં કશું કામ થશે નહીં. એટલે શાંતિથી શરૂઆતના પંદર દિવસમાં અગત્યના કામને હાથ ઉપર લેવાનું રાખશો. દૂરનું કામ સારૂં થશે. તા. ૧૭-૦૯ થી તમે કામ કરશો તો પણ ખોટી ખોટી શંકાઓના લીધે મન અને આત્માને શાંતિ મળશે નહીં. શરીરમાં પિત્ત વધી જશે. ખાવા ઉપર કાબૂ રાખજો નહીંતર અકળામણ થશે. તા. ૩૦-૦૯ થી સ્વાસ્થ્ય થોડું ઠીક થવા માંડે. કામમાં ધ્યાન આપવા માંડો. સંતાનથી મતભેદ રહેવા છતાં સંતોષ રહે. હરિફ વર્ગનું-નોકર ચાકરનું પણ ધ્યાન બરાબર રાખશો. ખોરાક ઓછો લેજો.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦):- નવરાત્રિના દિવસો સારી રીતે ઉજવી શકશો. તમે તમારી રીતે આનંદ મેળવશો. કુટુંબીજનો તેમની રીતે મેળવશે. ધર્મ આરાધના વધે. તમે સક્રિય રીતે તેમા ભાગ લેશો. તા. ૧૭-૧૦ થી લેણાંના પૈસા મળતા જણાય. દૂરના કામના નાણાં છૂટા થાય. મહેમાન મળવા આવે. આપ કુટુંબીજનોથી સુખી થઈને તેમને મળવાનો પ્રયત્ન કરશો. જે કામ કરશો તેનું વળતર મળશે. તા. ૨૦-૧૦ થી નાના ભાઈ બહેનની જિદ વધે. તમે પૂરી તાકાતથી કામ કરશો. તા. ૦૧-૧૧ થી કામમાં સફળતા મળે, દેવું ઓછું થાય, નાણાં પ્રવાહ વધે. તા. ૦૫-૧૧ થી દોડાદોડી વધે. હિંમત વધે. દિવાળીના શુભ દિવસોની હાર્દિક શુભેચ્છાઓ.



તુલા

ર,ત

વિ. સં. ૨૦૬૬ના તેજોમય રમ્ય પ્રભાતે આપની રાશિ અધિપતિ શુક્ર ૧૨ મા ભાવે કન્યા રાશિથી આગળ વધવાનું ચાલુ રાખે છે અને વર્ષાન્તે બારે ય રાશિ અને ભાવ ફરીને પોતાની જ રાશિ તુલામાંથી અને દેહભાવેથી પસાર થવા પામે છે. ભાગ્યધિપતિ બુધ પણ ૧૨ મા ભાવે કન્યા રાશિથી જ આગળ વધે છે અને વર્ષાન્તે બારે ય રાશિ અને ભાવ પસાર કરીને પણ આગળ વધતાં બીજા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થાય છે. ૧૨ મા જ ભાવે કન્યા રાશિમાં રહેલ શનિ આખા યે વર્ષ દરમિયાન ત્યાં જ રહેવા પામે છે. તો તુલા રાશિ અને દેહભાવે રહેલ સૂર્ય અને ચંદ્ર પોત પોતાની રીતે અને ગતિથી આગળ વધે છે જેમાં સૂર્ય રાશિ ચક્ર પૂરું કરીને વર્ષાન્તે ફરી પાછો તુલા રાશિ અને દેહભાવેથી પસાર થાય છે તો ચંદ્ર રાશિચક્રના અનેક ચક્કરો કાપીને વર્ષાન્તે તે પણ તુલા રાશિ અને દેહભાવમાંથી જ પસાર થતો જોઈ શકાય છે. ત્રીજા ભાવે ધન રાશિમાં રહેલ પ્લુટો આખું યે વર્ષ રાશિ કે ભાવ બદલ્યા વગર જ ત્રીજા ભાવે ધન રાશિમાં જ રહે છે. ૪થા ભાવે રહેલ રાહુ મકર રાશિમાંથી અને ૧૦ મા ભાવે રહેલ કેતુ કર્ક રાશિમાંથી વક્રગતિએ આગળ વધતાં રાહુ ત્રીજા ભાવે ધન રાશિમાંથી અને કેતુ ૯ મા ભાવે મિથુન રાશિમાંથી પસાર થવા પામે છે. ૪ થા ભાવે મકર રાશિમાં રહેલ નેપ. ધીમી ગતિએ આગળ વધીને ૫ મા ભાવે કુંભ રાશિમાંથી વર્ષાન્તે પસાર થાય છે તો ગુરુ ૪ થા ભાવે મકર રાશિથી આગળ વધીને વર્ષાન્તે ૫ મા જ ભાવે કુંભ રાશિમાંથી પસાર થાય છે. ૫મા ભાવે વર્ષારંભે કુંભ રાશિમાં રહેલ હર્ષલ ધીમી ગતિએ આગળ વધીને વર્ષાન્તે દ્ઠ્ઠા ભાવે મીન રાશિમાંથી પસાર થાય છે જ્યારે મંગળ મહારાજ ૧૦ મા ભાવે કર્ક રાશિથી મુસાફરી આરંભીને વર્ષાન્તે ૨ જા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થતા જોવા મળે છે. આમ આકાશમાં આપણા સૂર્યમંડળના ગ્રહો આપની રાશિની આજુબાજુ અને રાશિમાંથી પસાર થતા જોવા મળે છે. હવે તેઓ આપને કેવું ફળ આપવાને સમર્થ બને છે તે ટુંકમાં જોઈશું.

આરોગ્યની દૃષ્ટિએ વર્ષારંભે આપને તાવ ન આવે અને બિમાર ન પડો તેની કાળજી લેવી પડશે. શનિની સાડાસાતીનો પહેલો તબક્કો તાંબાના પાયે હોવાથી બહુ તકલીફ નહીં પડે પણ પનોતી એ પનોતી જ કહેવાય. ૧૭-૧૧-૨૦૦૯ થી ૪ થો રાહુ હટી જતાં રાહત અનુભવાશે, ૨૦-૧૨-૨૦૦૯ થી વધુ રાહત જોવા મળશે. પણ છતાં યે વધારે સારી રાહત તો ૨૬-૦૫-૨૦૧૦ પછીથી જોઈ શકશો. કોઈ મોટી બિમારી કે વાઢકાપ જણાતા નથી તેટલું સારૂં છે. તો કૌટુંબિક દૃષ્ટિએ તેઓની દખલગીરી આપના કારોબારમાં ન થાય તેની કાળજી લેશો. તેઓ કંઈ ને કંઈ પરેશાની સર્જવાનો પ્રયત્ન કરશે. નાના ભાઈ બહેનને સમજવા અઘરા થઈ પડશે. જો કે તેમના લગ્નજીવનમાં પણ ઝંઝાવાત સર્જાતો જોવા મળશે. તો માતાનું સ્વાસ્થ્ય થોડું નરમ રહેશે. જીવનસાથીને એવું લાગશે કે તેમનું સુખ હણાઈ ગયું છે. પિતાનો સ્વભાવ થોડો આકળો વધુ થશે. આમ પરેશાની આપને રહેતી જણાશે.

આર્થિક દૃષ્ટિએ જોતા કામ કરશો તેનું વળતર મળશે પણ તે મેળવવા પરિશ્રમ વધુ કરવો પડશે અને તેમાંથી અમુક ટકા ન પણ મળે તેવું થાય ખરું. જો કે ૧૭-૧૧-૨૦૦૯ થી કામ વધતું જણાશે, જે ઓછું થયું હતું તેમાં ફરક પડી જશે. જેઓ નોકરી કરતાં હશે તેમને ૦૨-૦૫-૨૦૧૦ પછીથી બદલી કે બઢતી કે બંને મળી શકે. અને કામમાં સફળતા મળે, દેવું ઓછું કરાવે અને કંઈક અંશે નાણાંકીય રાહત અપાવશે. સહકારીય કામમાં કાળજી લેશો નહીંતર ગૂમાવવાનો વારો આવશે. લાંબાગાળાનું રોકાણ થઈ જશે. મિત્રો નાણાંકીય રીતે સદ્ધર હોવા છતાં તેમના મગજ ઉપરનો કાબૂ ગૂમાવતા જોવા મળશે તે નક્કી વાત છે. જો કે તેમને તેમના સંતાન થકી પરેશાની ભોગવવાનો વારો આવશે.

સ્થાવર-જંગમ મિલકતની દૃષ્ટિએ જૂની સંપતિ પાછળ ખર્ચો થતો જણાય છે. અને ૦૨-૦૫-૨૦૧૦ પછીથી સ્થાનફેર થવું હો તો તે પણ શક્ય બને. પરદેશગમનના પણ યોગો બને છે. સંપતિમાં રોકાણ ૨૬-૦૫-૨૦૧૦ પછીથી કરશો તો ઘણું સારૂં રહેશે. આધ્યાત્મિકતા તરફ પણ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી જ આગળ વધી શકાશે. જાહેર જીવનના લીધે આપનો કારોબાર બગડે નહીં તેની કાળજી લઈને આગળ વધશો. જો કે એક વસ્તુ નોંધવા જેવી છે કે ખોટા સાહસથી - પરાક્રમથી દૂર રહેશો તો જ સુખી થવાશે. આમ ઉપરછલ્લી નજરે આપના ગોચરના ગ્રહો આવું કંઈક સૂચન કરે છે. હવે જિવનના વિધ વિધ ક્ષેત્રે તેઓ કેવું કેવું ફળ આપવાને સમર્થ બને છે તે જોવાનો પ્રયાસ કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ :- શનિની પનોતી હોવા છતાંપણ એની અસર આપના સ્વાસ્થ્ય ઉપર ઘણી ઓછી પડવાની છે. વર્ષારંભે ૪ થો રાહુ અને ૪ થો ગુરુ આપને ચેન લેવા દે નહીં. એક પ્રકારનો ઉચાટ રહે. ૧૬-૧૧-૨૦૦૯ સુધી તાવ, ફ્લ્યુ, વાઈરલ ઈન્ફેક્શન શક્ય બની શકે. તેમાં પણ ૦૩-૧૧-૨૦૦૯ થી રાહત ઘણી મળશે અને તમે સ્વસ્થતા

અનુભવશો. ૧૭-૧૧-૨૦૦૯ થી ૪થો રાહુ ખસી જતાં વધુ રાહત મળશે. અને ૨૦-૧૨-૨૦૦૯ થી નીચનો ૪થો ગુરુ પણ હટી જતાં શરીરમાં સુધારો થાય. મેદ-ચરબી વધે; વજન પણ વધે. જો કે ૨૭-૦૧-૨૦૧૦ થી લાંબા ગાળાની અસરરૂપે કોઈક દર્દની શક્યતા રહી શકે. પણ દર્દ પકડાવું અશક્ય બનશે, ઘડીમાં એક જગ્યાએ દર્દ થાય તો મહિના-બે મહિના પછીથી તે અદૃશ્ય પણ થઈ જાય. ૧૮-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન ફરીથી બિમારીની શક્યતા ખરી અને તેનું નિદાન પણ અશક્ય જણાય છે. ૨૨-૦૬-૨૦૧૦ થી ૦૬-૦૭-૨૦૧૦ દરમિયાન હાથના ભાગોમાં સખત દુખાવો રહેશે અને તમને હૃદયરોગના જ ભણકારા વાગશે. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન કોઈકને દવાખાનામાં દાખલ કર્યા હોય અને તમારે વારે ઘડીયે ખબર કાઢવા જવું પડે તેવું પણ બને. અને કાં પછી પેટની અંદર કયા કારણથી દુખાવો થાય છે તે જ સમજમાં આવે નહીં. આમ શારીરિક દૃષ્ટિએ આવું કંઈક જણાય છે.

આર્થિક દૃષ્ટિએ :- આર્થિક દૃષ્ટિએ વરસ સારું જણાતું હોવા છતાં પણ અમુક નાણાં તમે ગૂમાવતા જ જણાવ છો. ૨૬-૦૫-૨૦૧૦ સુધી તમને કોઈને કોઈ પ્રકારે કામનું વળતર મળે છે. બીજી બાજુએ તેમાંથી અમુક હિસ્સો તો તમે મેળવી શકો તેવું લાગતું નથી. વળી નાણાં આવવા છતાં પણ ૦૨-૦૫-૨૦૧૦ સુધી તમારો હાથ ભીડમાં રહેતો લાગે છે. ૨૫-૧૦-૨૦૦૯ થી ૧૨-૧૧-૨૦૦૯ સુધી તમે નવું કામ દલાલીરૂપે કરીને વધારાની આવક ઉભી કરી શકો છો. ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૧-૧૨-૨૦૦૯ દરમિયન તમને ધન મળશે અને છતાં પણ તમે લોભી પણ બનતા જણાશો. ૧૨-૧૧-૨૦૦૯ થી ૦૧-૧૨-૨૦૦૯ દરમિયાન તમારું ભાગ્ય તમને બે નંબરની આવક રળાવી આપે. લાંબા સમયની રોકાયેલી મૂડી પરત પણ મળી શકે. ૧૬-૧૧-૨૦૦૯ થી ૧૬-૧૨-૨૦૦૯ દરમિયાન તમને ચાલુ કામકાજ સિવાય વધારાના કામનું વળતર મળે. ૦૬-૦૨-૨૦૧૦ થી ૦૨-૦૩-૨૦૧૦ દરમિયાન સટ્ટાકીય વલણ વધુ ધરાવો. અને તેમાં ગૂમાવવાના યોગો વધુ બને છે. ૧૯-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ મિત્રોના રવાડે ચઢીને બધું ગૂમાવી ન દેતા. ૦૨-૦૫-૨૦૧૦ થી નાણાંકીય આવક ચાલુ થઈ જશે અને ૨૬-૦૫-૨૦૧૦ થી ૨૦-૦૭-૨૦૧૦ દરમિયાન આવક સારી રહે. કંઈક ભેગું પણ કરી શકો. ૦૯-૦૬-૨૦૧૦ થી ૦૫-૦૭-૨૦૧૦ દરમિયાન તમે બહુ જ કામમાં પરોવાયેલા રહેશો. ૦૬-૦૭-૨૦૧૦ થી ૨૩-૦૭-૨૦૧૦ દરમિયાન ભગ્ય તમને ફળતું જણાય અને દેશાવરનું કામ મળે. ૧૭-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન ધંધામાં બહુ સાચવીને કામ કરશો. નુકશાની મોટી ન આવે તેની કાળજી લેશો. સટ્ટાકીય કામમાં પણ નુકશાન જતું જણાય છે. તો બીજી બાજુએ તમારા મોજશોખ અને ખર્ચા એવા ને એવા જ રહે છે. ટૂંકમાં આ વર્ષે એક બાજુએ નાણાં મળવાનો યોગ છે અને બીજી બાજુએ નફામાં નુકશાન પણ બતાવે છે. સમજીને ચાલશો તો વધારે નુકશાની ઉઠાવવી પડશે નહીં.

કૌટુંબિક દૃષ્ટિએ :- કૌટુંબિક વ્યક્તિઓ શારીરિક તથા માનસિક રીતે પરેશાન રહેશે. વ્યક્તિઓને મોજશોખ વધુ જોઈશે. જો કે તેઓના વિચારમાં ધીમો પણ મક્કમ ગતિનો ફેરફાર જોવા મળશે. નાના ભાઈ બહેન શરૂઆતમાં સાચી વસ્તુ નહીં જણાવે. ૧૭-૧૧-૨૦૦૯ પછીથી તેઓ જાતે પરેશાન થવા માંડશે અને તેઓનું લગ્નજીવન પણ તકલીફમાં આવી જતું જણાય છે. તેઓ તેમના સંતાન થકી ૨૬-૦૫-૨૦૧૦ સુધી દુ:ખી રહેશે. જો કામ કરવું હશે તો તેમને મળી રહેશે. નોકરી કરતાં હશે તો બદલી કે બઢતી કે બંને મળી શકે. તેવી જ રીતે તેમને મિલકત વસાવવાના યોગ પણ બને છે. માતાની તબિયત બરાબર રહે નહીં અનેઉંમરલાયક હોય તો કદાચ એકાદ-બે વાર દવાખાનામાં પણ દાખલ કરવાનો વખત આવી શકે છે. હજુ પણ તેમના મનને કળવું મુશ્કેલ પડે છે. જો તેઓ નોકરી કરતાં હોય તો વધુ આગળ વધવાની શક્યતાઓ જણાતી નથી. તથા તેમના નામે સંપત્તિમાં પણ બહુ ફેરફાર શક્ય જણાતો નથી. ધાર્મિકતા ઠીક ઠીક રહેશે. જો કે તેમને નસીબનો સાથ સારો મળી રહે છે તે જૂદી વાત છે. સંતાનમાં ધીમી ગતિનો ફેરફાર આવશે. પહેલાં કરતાં કંઈક સમજદાર બન્યા હોય તેવું જણાશે. જો કે ૧૭-૧૧-૨૦૦૯ થી અને ૨૦-૧૨-૨૦૦૯ પછી થી શારીરિક રીતે ઘણું સારૂં રહેશે. આ વર્ષે નવી સંપત્તિ વસાવવાના યોગો ઓછા બને છે. નોકરી કરતાં હોય તો બઢતીની શક્યતા ઓછી જણાય છે. તેમના લગ્ન જીવનમાં પણ બહુ ઝંઝાવાત જણાતો નથી. તેમના મિત્રોથી સારૂં જણાય છે. મુસાફરી યોગ પણ ઓછો જણાઈ આવે છે. જ્યારે જિવનસાથીનો સ્વભાવ ઉતાવળીયો રહેતા તેમણે શાંત પડવાની જરૂર રહેશે. જો કે તેમનું સ્વાસ્થ્ય પણ બગડતું જણાય છે. છાતીના દુખાવાની ફરિયાદ જોવા મળશે. તેમના કુટુંબીજનો તેમના દુશ્મન ન બને તેનું ધ્યાન તેમણે લેવાનું છે. તેમના નામે રહેલી સંપત્તિમાં ફેરફાર આવી શકે છે. જો કે ૦૨-૦૫-૨૦૧૦ પછીથી તેમને પરદેશગમન શક્ય બનશે. જો કે તેમની ધર્મ પરત્વેની ભાવનામાં ફેરફાર જોવા મળે છે. તેમના મિત્રો જ તેમના દુશ્મન ન બને તેની કાળજી તેમણે લેવી પશે. પિતાનું સ્વાસ્થ્ય બરાબર ન રહે. લોહીનું દબાણ ઊંચું રહે. તેમના ભાગીદારનું વર્તન વિચિત્ર રહે. તેમની તબિયત ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન વધુ બગડે. તેમના નામે નવી મિલકત વસાવવી અશક્ય છે. જો નોકરી કરતાં હોય તો બદલી કે બઢતીની શક્યતા જણાતી નથી. ૦૨-૦૫-૨૦૧૦ થી તેમનું ભાગ્ય ફેરવાતું જણાય અને ધાર્મિક કે યાત્રા પ્રવાસ કરી શકે એવું અવશ્ય લાગે છે. મોટા ભાઈ બહેનની આવક ઘણી હશે. છતાં મિજાજ ઉગ્ર રહેશે. અને કદાચ જો તેઓ સટ્ટો રમતા હશે તો આ વર્ષે ઘણી ઊંચીનીચી જોવાનો વખત પણ આવી જશે. નુકશાન મોટું જવાનો સંભવ ખરો. માલ મિલકત વસાવવાનો યોગ ઓછો બને છે. નોકરી કરતાં હશે તો બદલી કે બઢતી કે બંને શક્ય બને. તેમના મિત્રોની નજર આમના નાણાં ઉપર રહેશે. આમ કૌટુંબિક દૃષ્ટિએ જાત જાતના અનુભવો આપને જોવા મળશે. તમે તેમની સાથે કેટલાં સંકળાયેલા રહો છો તેની ઉપર બધો આધાર રહેલો છે.

સ્થાવર-જંગમ મિલકતની દૃષ્ટિએ :- આપને સંપત્તિમાં ફેરફાર કરવો હોય તો ૨૦-૧૨-૨૦૦૯ સુધી અવકાશ રહેલો છે. પરદેશમાં પણ તમારા નામે સંપત્તિ લેવાનો યોગ બને છે. સંપત્તિમાં સમારકામ કરાવવું હશે તો તે પણ શક્ય બનશે. સંપત્તિમાંથી નવી આવક ઉભી થવાના યોગો ઓછા બને છે. સંપત્તિના યોગ બને છે. ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૭-૧૧-૨૦૦૯ દરમિયાન ખરીદેલ જર-ઝવેરાત તમને ખૂબ જ પસંદ પડશે. અને લેટેસ્ટ ડિઝાઈનનું કહેવાશે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન ખરીદેલ જણસ ઘરની બધી વ્યક્તિ વાપરી શકે તેવી બની રહેશે. ૦૬-૦૨-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન ખરીદેલ ઈલેક્ટ્રોનિક્સના ગેરંટી-વોરંટી કાર્ડ બરાબર સાચવીને રાખજો. ક્યારે તકલાદી કામવાળો પાર્ટસ નીકળી જશે તેની જ સમજ પડશે નહીં. ૦૧-૦૯-૨૦૧૦ થી વર્ષાન્ત દરમિયાન ફરીથી નવી વસ્તુ ખરીદવાનો યોગ બને છે અને તેનો આનંદ પણ આપ ખુબ જ ઉઠાવી શકશો તે નક્કી વાત છે. આમ સ્થાવર-જંગમ મિલકત માટે આટલો જ સમય યથાયોગ્ય છે, પછીથી તો રાહ જોવી જ વધારે લાભદાયક બનશે.

સંતાનની દૃષ્ટિએ :- સંતાનનું સ્વાસ્થ્ય બરાબર રહે નહીં. કંઈ ને કંઈ પરેશાની રહ્યા કરે. તેમાં પહેલો ફેરફાર ૧૭-૧૧-૨૦૦૯ થી આવે અને બીજો ફેરફાર ૨૦-૧૨-૨૦૦૯ થી આવે. સ્વાસ્થ્ય સુધરતું જાય છતાંપણ પહેલાં જેવું તો ન જ રહે. ૨૬-૦૫-૨૦૧૦ પછીથી તબિયતમાં વધુ સુધારો જોવા મળશે. જો તેઓ અભ્યાસ કરતાં હશે તો મહેનત વધુ કરવી ડશે. નિયમિત મહેનત હશે તો જ રાહત મળશે. તેમાં સ્નાતક વર્ગના સંતાનોએ વિશેષ સાવધાની રાખવી. જો સંતાન નોકરી કરતાં હશે તો આ વર્ષે તેમણે કામમાં પણ ધ્યાન આપવું પડશે. પગાર વધારો મળે તો પણ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી મળતો જણાય છે. જો નોકરી કરતાં નહીં હોય તો ૨૦-૧૨-૨૦૦૯ સુધી તો શક્યતા જણાતી નથી સિવાય કે તેમના જન્મના ગ્રહો કંઈક જૂદું જ સૂચવતા હોય તો. ધંધામાં હોય તો હરિફાઈનો સમનો કરવો પડશે. અવિવાહિત સંતાનન વિવાહ તેમજ લગ્ન શક્ય બને. પણ જેમના વિવાહ જ થયેલા હોય તેઓ કાળજી નહીં રાખે તો ૧૭-૧૧-૨૦૦૯ પછીથી વિવાહ તૂટતા વાર પણ નહીં જ લાગે. પરીણિત અને સંતાન ઈચ્છુક સંતાનને ત્યાંથી શુભ સમાચાર મળતા જણાય છે. આપ દાદા-દાદી કે નાના-નાની બની શકો છો ખરા. આ વર્ષે તેઓને મિલકત વસાવવાનો યોગ ઓછો બને છે. કદાચ છે તે પણ જતી ન રહે તેની કાળજી લેવી પડશે. સંતાનના મિત્રો આ વર્ષે હરામીવેડા કરતાં જોવા મળશે. જો કે તેમના અંગત જીવનમાં પણ તેમને ઘણા પ્રશ્નો રહેશે. સંતાને બને તો આ વર્ષે સટ્ટાથી દૂર રહેવાની જરૂર ખરી. તેમનામાં થોડું પણ ધાર્મિકતાનું પ્રમાણ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી જોવા મળી શકે. આ વર્ષે તેમને લાંબાગાળાની મુસાફરી શક્ય બનતી જણાતી નથી. આમ સંતાનની દૃષ્ટિએ વરસ કંઈ બહુ આશાસ્પદ જણાતુ નથી. જો કે તેમના ખુદના ગ્રહો ઉપર આધાર વધુ રહેલો છે. આ તો જનરલ ગણી શકાય.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! શનિની સાડા સાતીના પ્રથમ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો,

જો કે પાયો તાંબાનો છે એટલે સારો છે બહુ વાંધો આવવા દે નહીં. પણ ઊંઘ હરામ કરી દે; મજૂરી વધુ કરાવશે. ૧૭-૧૧-૨૦૦૯ સુધી તો કરેલી મહેનતનું ફળ મળતું જણાતું નથી. તમારી મહેનત બરાબર નથી થતી અને તમે ગૂંચવામણ અનુભવો છો. ૨૦-૧૨-૨૦૦૯ થી જવાબદારી જેવું લાગે અને ગંભીરતા પૂર્વકનો અભ્યાસ થાય. ધો. ૧૨ કે તેથી નીચેની કક્ષામાં ભણતાં વિદ્યાર્થી મિત્રોને ગણિતના વિષયમાં વધુ કાળજી લેવી પડશે. ગણિતના બે પેપરમાં પહેલું તકલીફવાળું હશે તથા પરીક્ષા ચાલુ થાય તેમાં ૪થું પેપર તમને અઘરૂં લાગશે એટલે તે પ્રમાણેની મહેનત વધુ કરશો. બાયોલોજીના પેપરમાં વાંધો નહીં આવે પણ રસાયણશાસ્ત્રના પેપરમાં સમીકરણો બરાબર યાદ રાખવા પડશે. તો વાણિજ્ય શાખાના વિદ્યાર્થીઓએ તથા સામાન્ય પ્રવાહના વિદ્યાર્થી મિત્રોને આ વર્ષે લાલીયાવાડી ખાતું નહીં જ ચાલે. રાત્રિના ઉજાગરા પણ બતાવે છે અને પ્રશ્નપત્ર મેળવવા માટેની વ્યર્થ દોડધામ પણ જણાય છે. શા માટે ? પહેલેથી મહેનત કરો તો છેલ્લી ઘડીએ દોડાદોડી કરવી નહીં પડે. ધો.૧૦ થી નીચેના વર્ગમાં ભણતાં બાળકોએ કસરત - પી.ટી. માં થોડું ધ્યાન આપવું પડશે અને જેમનું ચિત્રકામ નબળું હોય તો મહેનત વધુ કરવી પડશે. સ્નાતક કક્ષામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી મિત્રો ગઈ સાલ કરતાં આ વર્ષે રાહત રહેશે. પણ સાવ જ ઈશ્વર ભરોસે છોડી દેવાશે નહીં જ. તેમાં પણ જેઓ મેથ્સ. અને સ્ટેટેસ્ટીક્સના વિદ્યાર્થીઓ હશે તેમણે વધુ મહેનત કરવી પડશે. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાનની પરીક્ષામાં વધુ કાળજી લેશો. તબિયતની પણ લેવી પડશે. રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રના વિદ્યાર્થીઓએ ૪થા પ્રશ્નોમાં વધુ કાળજી લેવાની રહેશે. જો કે આર્કિટેકના તથા એન.આઈ.ડી.ના વિદ્યાર્થીઓ સારૂં પરિણામ લાવી શકશે. જેમને પરદેશની ભાષા લીધી હોય તેમણે ધ્યાન વધુ આપવું પડશે નહીંતર પેપર અધુરૂ મૂકવું પડશે. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રોને આ વર્ષે વધુ ઉજાગરા કરવા પડે તેવું લાગે છે. તેમાં પણ કાયદાશાસ્ત્રની પરીક્ષાવાળાઓ બહુ જ સાવચેતીપૂર્વક જવાબો લખવા પડશે. જો કે ૦૨-૦૫-૨૦૧૦ થી થોડી ઘણી રાહત મળશે અને કામમાં સફળતા પણ મળશે. ૧૫-૦૫-૨૦૧૦ થી ભાગ્યનો સાથ મળશે જેઓ સંશોધન ક્ષેત્રથી સંકળાયેલા છે તેઓ ગમે તેટલી કાળજી લઈને પેપર્સ રજુ કરશે તો પણ એકવાર તેમાં સુધારા વધારા કરવા માટે આપની પાસે પાછા આવશે. બની શકે તો ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન પેપર રજુ કરી દેશો તો રાહત મળી શકશે. પરીક્ષા પછી જેઓને કામ કરવું છે તેમને ૨૬-૦૫-૨૦૧૦ પછીથી યોગ બને છે. આવક ઉભી કરી શકાય. જેઓ નોકરી કરે જ છે તેમને ૦૨-૦૫-૨૦૧૦ પછીથી બદલી કે બઢતી કે બંને મળી શકે એમ છે. જેમને પરદેશ જવું છે તેમને પરદેશગમનનો યોગ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી બને છે. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન જઈ શકાય. તમારે જગ્યા બદલવાનો યોગ પણ થાય છે. ટૂંકમાં આ વર્ષે નિયમિત અભ્યાસ કરશો તો જ ફાવી શકશો નહીંતર રાતોના ઉજાગરા અનેખોટી દોડધામ કરવાની થશે તે નફામાં. આપનેઆરાધના કરવી હોય તો વિષ્ણુ ભગવાનની અને ભૈરવદાદાની કરવી રહી. જૈનોએ આદિશ્વર ભગવાનની કરવી હિતાવહ રહેશે.

સ્ત્રીઓ માટે :- બહેનો ! શનિની સાડાસાતીનો પહેલો તબક્કો તાંબાના પાયે છે એટલી થોડી ઘણી રાહત મળશે. બાકી પનોતી એટલે જ પનોતી. નાની નાની અસરો પણ છેવટે બતાવશે જ. સ્વાસ્થ્યની દૃષ્ટિએ વર્ષારંભે ૧૨મો શનિ અને ૪થો ગુરુ-રાહુ કંઈ ને કંઈ તકલીફોનું સર્જન કરે, જો કે ૧૭-૧૧-૨૦૦૯ થી રાહુ ત્રીજે થતાં રાહત મળશે અને ૨૦-૧૨-૨૦૦૯ થી ગુરુ ૫ મો થતાં શરીરમાં ચરબીનો ભરાવો; વજન વધતું જોવા મળશે. મંગળ નીચનો જ હોવાથી હિમોગ્લોબીન તથા આયર્ન-લોહ તત્વની ખામી જોવા મળશે. ૦૩-૧૧-૨૦૦૯ સુધી કાળજી વધુ લેશો નહીંતર દવાખાને દોડવું પડશે. ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન થાપાના ભાગનો દુખાવો વધી જાય. ૨૭-૦૧-૨૦૧૦ થી ધીમી ગતિયે કોઈક દર્દના જીવાણુંઓ પરેશાની ઉભી કરતાં જણાય છે. પકડાશે નહીં અને તાંબાગાળાની અસરના હશે. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન દરમિયાન કોઈની બિમારીના લીધે તમારે દવાખાનાના ધક્કા વધુ ખાવાના થશે. આપ જો ભણતા હોવ તો અભ્યાસમાં કાળજી વધુ લેશો. ખોટી હિંમત કરશો નહીં. કૌટુંબિક ક્ષેત્રે સાસરિયા લોકોથી નવા વર્ષના શુભ દિવસોમાં પરેશાની વધુ રહેશે. માતા-પિતાની તબિયતની ચિંતા પણ આપને સતાવશે. તો સંતાન તરફથી પ્રશ્નો ઉભા થતાં જણાય છે. જીવનસાથી રાજરમત રમતાં જોવા મળશે. જો કે તેઓ ખુદ પણ પરેશાન રહેશે. નોકરી કરતાં હશે તો તેમને બદલી કે બઢતી ઉપર દૂર જવાનું થતું જણાય છે. આર્થિક દૃષ્ટિએ આપને કામનું વળતર મળતું રહેશે પણ પ્રમાણમાં ઓછું મળશે. અને ૧૭-૧૧-૨૦૦૯ સુધી કાળજી નહીં રાખો તો કામ હાથમાંથી જતું રહેતું પણ જણાય છે. નવી નોકરી જલદીથી મળતી જણાતી નથી. ૨૬-૦૫-૨૦૧૦ સુધી રાહ જોવી પડે. જો આપ અપરીણિત હશો તો વિવાહ-લગ્નની શક્યતા આ વર્ષે રહે છે ખરી. અને જો પરિણીત હોવ અને સંતાન ઈચ્છુક હશો તો આપની ઈચ્છા પૂર્ણ થતી જણાય છે. આ વર્ષે આપના નામે સંપતિ વસાવવામાં તકલીફ પડે તેમ છે. કોર્ટ કચેરી તરફ સંપતિ માટે જવાના યોગો બને છે. આ વર્ષે ધર્મ તરફ વધુ ઝોક રહે તો નવાઈ નહીં. કાં ધાર્મિક યાત્રા-પ્રવાસ થાય અથવા પર્યટન અર્થે દૂરના પ્રદેશમાં જવાનું શક્ય બને. મિત્ર વર્ગ પાસે ધન સારૂં એવું હશે. છતાં પણ તેઓ તેમના સંતાનથી પરેશાન થતાં જણાશે. કાં તેમને જેમની સાથે પ્રેમ હશે તે વ્યક્તિથી મુસીબતો ઉઠાવવાની થતી જણાય છે. આપને પણ પ્રેમીપાત્ર હોય તો તેનાથી મુશીબતો આખું યે વરસ ઉઠાવવાની થતી જણાય છે. તેની માંગણી તમારી પાસેથી વધુ નાણાં પડાવવાની રહેશે. આપને આરાધના કરવી હોય તો ૨૬-૦૫-૨૦૧૦ સુધી તો ગણપતિજીની જ ખાસ કરવાની રહેશે. આમ એકંદરે વરસ સારૂં જણાય છે.

વિશેષ વિગતો :- ૧૨ મો શનિ આખું યે વરસ રહે છે અને ધન-કુટુંબ સ્થાન ઉપર દૃષ્ટિ કરે છે.અને તે મંગળનું ઘર છે. જેથી કંઈ ને કંઈ ખટરાગ-પરેશાની-મુશીબત રહેતી જણાય છે. ૪થો રાહુ ૧૭-૧૧-૨૦૦૯ સુધી રહે છે ત્યાં સુધી હૃદયને ચેન પડે નહીં, ગડમથલ ચાલ્યા જ કરે. ૪થે નીચનો ગુરુ છે. તે પણ ૨૦-૧૨-૨૦૦૯ સુધી પરેશાની આપે. સુખ નામની ચીજ શું છે તે જ સમજમાં આવે નહીં. ૦૩-૧૧-૨૦૦૯ સુધી દોડાદોડ કરીને થાકી જવાશે. સ્વભાવ પણ થોડોક શંકાશીલ બની જાય. જો કે ૨૫-૧૦-૨૦૦૯ થી આપને એવું લાગશે કે ના ભાગ્ય હવે કામ કરી રહ્યું છે. જોમ અને ઉત્સાહ પૂરા પાડે. પણ જ્યાં સુધી કામકાજમાં કોઈ ઠેકાણું પડે નહીં ત્યાં સુધી બધું જ નકામું. ૧૨-૧૧-૨૦૦૯ થી ભાગ્યના જોરે નાણાં તો મળતાં જણાય છે. ૨૭-૧૧-૨૦૦૯ સુધી તો મોજશોખ અને વૈભવ-વિલાસથી રહી શકો તેમ છો. ૦૧-૧૨-૨૦૦૯ થી દૂર સંચાર દ્વારા ભાગ્યને વધુ ફેરવવાનો પ્રયત્ન કરશો. નાના ભાઈ બહેન કંઈક અંશે કામ કરતાં થાય તો તે ખુશીની વાત હશે. ૧૬-૧૧-૨૦૦૯ થી કામકાજ સિવાય વધારાની આવક પણ ઉભી થતી જણાય છે. અને નવા નવા કામો મળવાની શક્યતાઓ વધતી જાય છે. ૨૧-૧૨-૨૦૦૯ થી મિત્રોનો સહકાર ઓછો પ્રાપ્ત થતો જણાશે, સાથે ને સાથે હોવા છતાં પણ. અને તે તમને બંનેને ખટકશે. મિત્રો સંતાન અને તેમના મિત્રોથી વધારે પરેશાન રહેશે. ૧૪-૦૧-૨૦૧૦ થી તમે ઘરમાં વધુ ધ્યાન આપશો. ઘરે રહીને પણ અમુક કારોબાર કરશો. ૦૬-૦૨-૨૦૧૦ થી આપ સંતાન તરફ વધુ લાગણી દર્શાવશો. તો સહાકીય કારોબારમાં પણ સંપૂર્ણ રસ લેતા જોવા મળશો. પરદેશથી કે દૂર રહેતા સગાવ્હાલા આપને મળવા આવે તો પણ નવાઈ નથી. ૧૩-૦૨-૨૦૧૦ થી મિત્રોના કહ્યા ઉપર સટ્ટો રમતાં પહેલાં બે વાર વિચાર કરશો. તેમાં પણ ૨૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન બહુ જ ધ્યાન રાખવું પડશે નહીંતર નુકશાન વધું થશે. ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૦-૦૩-૨૦૧૦ દરમિયાન આપને એવું લાગશે કે નસીબનો સાથ સહકાર મળતો નથી. અને પરિણામે સુસ્તી અનુભવશો; બેચેની વધુ રહે અને આત્માને કશું જ ગમે નહીં. ૩૦-૦૩-૨૦૧૦ થી તમે એકદમ ખુશખશાલ બનતાં જોવા મળશો. ૧૪-૦૪-૨૦૧૦ થી યશ-માન-પ્રતિષ્ઠા મળે. સામાજિક પ્રતિભાવ સારો મળતાં તમે ખુશાલી અનભવશો. ૧૫-૦૫-૨૦૧૦ થી મિત્ર વર્ગનો સહકાર ઓછો મળે. જો કે ધર્મ પરતેવની શ્રદ્ધા વધે અને ભાગ્યનો સહકાર મળી રહે છે તેવું આપને લાગશે. ૦૬-૦૬-૨૦૧૦ થી ભાગ્ય થોડું નબળું પડે છતાં પણ તમે ૦૯-૦૬-૨૦૧૦ થી કામ વધુ કરીને તકલીફોને દૂર કરવાનો પ્રયત્ન કરશો. તમો કાર્યપ્રધાન બની જશો. ૦૬-૦૭-૨૦૧૦ થી દેશાવરનું કામ સારૂં મળે. અને તમે નવું કામ કરવા તરફ આગળ વધો. ૨૬-૦૫-૨૦૧૦ થી નાણાંકીય રાહત થાય અને વધારાનું કામ થઈ શકે. કુટુંબીજનોનો નવા કામમાં સહકાર મળશે. ૦૫-૦૭-૨૦૧૦ થી ૨૦-૦૭-૨૦૧૦ દરમિયાન પ્રેમ પ્રસંગમાં પડવાનું શક્ય બને. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૩-૦૮-૨૦૫૦ દરમિયાન કામકાજમાં ઠેકાણું પડે નહીં અને મિત્રોનો પણ કામમાં સહકાર બરાબર ન રહે. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન તમે શંકાશીલ વધુ બનશો. ૩૦-૦૯-૨૦૧૦ થી ભાગ્યનો સહારો ઓછો મળશે. તમે વધુ

નાણાં મેળવવા માટે લાલચું પણ બનશો. ૧૭-૧૦-૨૦૧૦ થી ભાગ્ય દોડતું થશે અને આપના મોજશોખ પાછા વધતાં જોવા મળશે. આપનો ખર્ચો વધી જશે અને તમે મોંઘી વસ્તુઓની ખરીદી કરશો. ૦૧-૧૧-૨૦૧૦ થી શરીરમાં સ્ફુર્તિ જણાય અને વર્ષાન્ત-દિવાળીના દિવસોને સારી રીતે ઉજવવાનો પ્રયત્ન કરતાં જોવા મળશો. જો કે એક વસ્તુ છે ભાગ્યનો સાથ લગભગ ૩૦% જેટલો ઓછો મળતો જોવા મળશે. શનિની પનોતીની થોડી ઘણી અસરો તો અવશ્ય જોવા મળશે જ. આપને આરાધના કરવી જ હોય તો ગણપતિજીની જ આરાધના અવશ્ય કરશો. જિવનમાં સારા અને ખરાબ દિવસો આવે છે, બધા જ દિવસો ક્યારેય સરખા હોતા નથી, જિંદગી જીવી અને માણી જાણવી જોઈએ.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- વર્ષારંભે આપને દોડાદોડી કે પ્રવાસ-મુસાફરી કરવાની થાય. આપ ઘણી તાકાતથી કામ કરવા તૈયાર થઈ જશો. કામમાં સફળતા પણ મળશે. અને જે કામ કરશો તેનું વળતર મળશે. પણ જેટલું જોઈએ તેટલું નહીં. જીવનસાથીનો સાથ મળશે. તા. ૨૫-૧૦ થી આપનું ભાગ્ય દોડતું થાય. શંકાશીલ નહીં બનો તો લાભ વધુ થશે. દલાલીનું કામ સારૂં થાય. તા. ૦૩-૧૧ થી આપના મોજશોખ વધે. અને ખુશ રહો. પોતાનામાં મસ્ત. તા. ૦૪-૧૧ થી લાગણીશીલતા વધે. તા. ૧૬-૧૧ થી મિત્રો કુટુંબીજનોથી સંકળાય. નાણાં લાભ સારો મળે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- મોજમજા વધુ ગમશે. ઘણી બધી વ્યક્તિઓને મળવાનું થાય. નાણાંની આવક ઘણી સારી રહે. દેશાવરથી પણ થાય. તા. ૧૭-૧૧ થી ખોટું સાહસ કરશો નહીં. નાના ભાઈ-બહેનનું દિમાગ વિચિત્ર ચાલશે. તા. ૨૭-૧૧ થી કુટુંબીજનોને મળવાનું વધુ થાય. નાણાંનો ખર્ચો પણ થાય. તા. ૦૧-૧૨ થી દૂર સંદેશા વહેવારથી કામ થાય. ભાગ્યમાં સુધારો જણાય. સહાકીય બાબતોમાં સમજીને કામ કરવું. સંતાનથી રાહત ઉભી થાય. તા. ૦૭-૧૨ થી સંતાન લાગણીશીલ બને. તા. ૧૫-૧૨ થી મિત્રનું વર્તન વિચિત્ર રહે. નાના ભાઈ બહેનનો વિશ્વાસ ડગી જાય.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- નાના ભાઈ બહેનનું વર્તન વિચિત્ર રહેશે. ઘણા બધા નવા અનુભવો આપને થતાં જોવા મળશે. તા. ૨૦-૧૨-૨૦૦૯ થી નાણાંકીય પરિસ્થિતિમાં વળાંક આવે. કૌટુંબિક વ્યક્તિઓનું તથા જીવનસાથીનું વલણ બદલાય. સંતાન થોડાક અહમ્ પ્રધાન બને. તા. ૨૧-૧૨ થી આપ હિંમતથી નિર્ણય લેવાનો પ્રયત્ન કરશો. તા. ૨૬-૧૨ થી ભાગ્યનો સહકાર વિચિત્ર પ્રકારનો થાય. સસુરાલના લોકોનું વર્તન વિચિત્ર બને. તા. ૧૩-૦૧ થી આપનું સુખ હણાતું જણાય. ઘરમાં અચાનક ખર્ચો વધી જાય. તા. ૧૪-૦૧ થી મિત્રોની અવરજવર ઘરમાં વધે. તા. ૧૫-૦૧ થી ભાગ્ય કામ કરે.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- ઘર પાછળ ધ્યાન આપવું જરૂરી થઈ પડે. તબિયતમાં સુધારો થાય. સહાકીય કામમાં બહુ જ ધ્યાન રાખવું જરૂરી છે. સંતાનનો પ્રશ્ન આપને મુંઝવી નાંખે. અને કોઈના દ્વારા તાંત્રિક-માંત્રિક પ્રયોગ ન થાય તેની કાળજી લેશો. તા. ૨૭-૦૧ થી હરિફ વર્ગ અલગ રીતે પરેશાન કરવાની તરકીબ અજમાવશે. લાંબા ગાળાના રોગથી કે અજાણ રોગથી સાવધ રહેજો. તા. ૦૬-૦૨ થી તબિયતમાં સુધારો સંભવે. ભાગ્ય કામ તથા ઘરે મહેમાનની અવર જવર સંભવે. ભાગ્ય કામ કરતું થાય. તા. ૧૩-૦૨ થી મોટાભાઈ-બહેનને તેમના જીવનસાથીથી ઘર્ષણ સંભવે. સંતાનનો અહમ્ ઘણો વધારે વધે. સહાકીય કામમાં કાળજી લેવી નહીંતર ઊંઘતા ઝડપાવ.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- સંતાન તથા પ્રેમીજન બંને પરેશાન કરે. તમે કોઈને કશુ કહી શકો એમ નથી. તેવી જ રીતે સહાકીય ઉથલ પાથલ તમને ગૂંચવી નાંખે. તા. ૨૬-૦૨ થી સટ્ટામાં તમે કેવા દાવ ખેલશો તે કહેવું અઘરૂં થઈ પડે છે. સંતાન અભ્યાસમાં ધ્યાન આપતા થાય. તા. ૦૨-૦૩ થી તમે હરિફ વર્ગ તથા હાથ નીચે કામ કરતાં લોકોનું પૂરતું ધ્યાન રાખશો. તા. ૧૦-૦૩ થી નાણાંકીય પરિસ્થિતિમાં થોડોક સુધારો આવે જેની અસર કામકાજ ઉપર પડે. કૌટુંબિક તેમજ જીવનસાથીનો સહકાર મળે. તા. ૧૪-૦૩ થી મિત્રો દુશ્મન ન બને તેની કાળજી લેશો. ભાગ્યથી પરેશાન.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- મોસાળથી સંબંધ રાખવો પડે તેવું થાય. હરિફ વર્ગ વધુ તીવ્ર પગલાં લેવાનો પ્રયત્ન કરે. સંતાન કમાતા હોય તો તેમની આવક ઉપર અસર પડે. જીવનસાથીનો ગુસ્સો વધે. જીવનસાથીને તથા તમારે પણ મુસાફરી-પ્રવાસનો યોગ બને છે. તા. ૨૭-૦૩ થી તમે જીવનસાથીમય બની જાવ. તેઓ નાણાંના લોભી બની જાય. તમે જાહેર જીવનમાં પણ રસ લેવાનું ચાલુ કરશો. તા. ૩૦-૦૩ થી ભાગ્યનો સાથ સહકાર મળે. દૂર રહેનાર વ્યક્તિપણ તમારી કાળજી લે, આનંદ થાય. તા. ૧૪-૦૪ થી પિત્ત વધવા માંડે, કાળજી લેવી. યશ-માન-પ્રતિષ્ઠા મળે.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી ૧૪-૦૫-૨૦૧૦) :- તમે જીવનસાથીમય બની જાવ. તેઓ તમારી કાળજી લે. તમે સામાજિક કાર્યોમાં રસ લો. જે પણ કામ કરો તેનું વળતર તો અવશ્ય મળી જ રહે. તા. ૨૦-૦૪ થી તબિયતની કાળજી લેવી. સંતાનને મોજશોખ ને વૈભવ વિલાસ ઘણા જ જોઈએ. જીવનસાથીને નાણાં મળવાના યોગ બને છે. તા. ૨૩-૦૪ થી ભાગ્ય નો જોઈએ તેવો સાથ ન મળે. દૂર રહેતી વ્યક્તિ તમારું ધ્યાન રાખે. તા. ૦૨-૦૫-૨૦૧૦ થી કામકાજમાં સફળતા મળે, દેવું હોય તો ઓછું થાય અને નાણાંની આવક વધે. તા. ૧૪-૦૫ થી કામકાજમાં તકલીફો સર્જાતી દેખાશે.

નિજ વૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- કામકાજમાં ઠેકાણું પડતું જણાતું નથી. મિત્રોનો સહકાર ઓછો મળે. આધ્યાત્મિકતા વધતી જણાય. જાત્રા-પ્રવાસનું આયોજન થાય. સંતાનને પૂરા મોજશોખ અને વૈભવ વિલાસ જોઈએ. તા. ૧૫-૦૫ થી આપનું ભાગ્ય ફેરવાતું જણાશે. ધાર્મિક કાર્યોમાં રસ લેશો. જિંદગીને માણવાનો અભિગમ રહે. લલિતકળા તરફ આકર્ષણ થાય. તા. ૨૬-૦૫ થી નાણાંખાતુ મિત્રો ન સંભાળે તેનું ધ્યાન રાખજો. જિવનસાથીની દૃષ્ટિ પણ આપની આવક ઉપર રહે. ધંધામાં લાભ મળે. તા. ૦૬-૦૬ થી ભાગ્યનો સાથ ઓછો મળે. દૂરથી જે સહકાર મળતો હતો તે બંધ થાય. તા. ૦૯-૦૬ થી આપ કર્મ પ્રધાન બનો, કામમાં ખૂબ જ રસ લેશો.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- શરૂઆતમાં એવું લાગશે કે ભાગ્ય કામ કરતું નથી. છતાં પણ નાણાં તો મળતાં જ રહેશે. આધ્યાત્મિકતા સારી રહે. મુસાફરીયોગ થયેલો છે. કામમાં વધુ રચ્યાપચ્યા રહેવાય. તા. ૧૫-૦૬ થી મિત્રોનો સાથ સહકાર સાંપડે છતાં પણ કંઈ ને કંઈ આડખીલીરૂપ આવ્યા કરે. તા. ૨૨-૦૬ થી કામકાજમાં ભાગ્યદોડી રહ્યું છે તેવું લાગે. દેશાવરનું કામકાજ પણ મળે. ધંધો સારો થાય. તા. ૦૫-૦૭ થી આપ મોજશોખ તરફ વળતાં જણાવ છો. કોઈકની સાથે આંખ મળી પણ જાય. તા. ૦૬-૦૭ થી દેશાવરનું કામ પૂરપાટ દોડતું જણાય.


આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા ૧૦-૦૮-૨૦૧૦) :- કામકાજ તો સારૂં રહે. પણ મોજશોખ અને મિત્રો સાથે સમય વધુ વપરાય. ધાર્મિકતા વધે. કંઈ વ્રત-જપ કરવાં હોય તો કરી શકાય-મુસાફરીનો યોગ પણ બને છે. તા. ૧૬-૦૭ થી યશ-માન-પ્રતિષ્ઠા મળે. સરકારી કામ ઝડપી બને. મિત્રો કામમાં મદદરૂપ થાય. તા. ૨૦-૦૭ થી જીવનસાથીએ તબિયતની કાળજી લેવી. ભાગીદારીમાં ડખા ઉભા થાય. ખર્ચો વધુ થાય. તા. ૨૩-૦૭ થી ભાગ્યના જોરે ધંધામાં લાભ વધુ મળે. મિત્રો લાલચુ-લોભિયા જોવા મળે. તા. ૦૧-૦૮ થી આપ વધારે સમય બહાર ગાળશો પછી તે ધંધા માટે હોય કે ગપ્પા માટે.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯-૨૦૧૦):- બહાર ફરવાનું વધુ રહે. ધાર્મિક પ્રવાસ પણ સંભવે. નવી નવી વાનગીઓ ચાખવાનું પણ મન થાય. ખર્ચો રહેશે. શંકાશીલતા ઓછી કરજો. વધુ ગળપણ લેશો નહીં નહીંતર ડાયાબિટિસ આવી જશે. સંપત્તિ પાછળ નાણાંનો ખર્ચો સંભવે છે. તા. ૧૭-૦૮ થી સહાકીય પ્રવૃત્તિમાં વધારો થતો જણાય છે પછી તે રેસ હોય-લોટરી-સટ્ટો કે જુગાર હોય. તા. ૦૧-૦૯ થી આપ મસ્ત થઈને ફરશો. મોજશોખ ને પોષશો. જીવનસાથીના નાણાંનો પણ ઉપયોગ કરશો. તા. ૦૬-૦૯ થી તમે નાણાંકીય બાબતે સભાન થશો. જીવનસાથી સાથે આખો મહિનો સરસ તાલમેલ રહે.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- શરૂઆતમાં મનમાં મંથન ચાલતું હોય તેવું લાગશે. નિર્ણય લેવામાં વાર લાગે. સંતાનના મિત્રોનો પ્રશ્ન સતાવે. શરૂઆતના પંદર જ દિવસ કામના છે પછીના શ્રાદ્ધના દિવસો હોતાં કોઈ શુભ કાર્ય કરી શકાશે નહીં. નાણાંકીય આવક તો હોવા છતાં જે આત્મ સંતોષ થવો જોઈએ તે થાય નહીં. તા. ૧૭-૦૯ થી મિત્રો સાથે કાં તો બહાર ફરવાનું થાય. અને કદાચ જો તેઓ પૈસા પાછળ હોય તો તમે ધંધાર્થે બહાર જાવ તેવું બને. ધંધામાં લાભ ઓછો મળતો જણાય છે. તા. ૩૦-૦૯ થી ભાગ્યકામ કરતું નથી તેવું લાગે. સરકારી કામમાં ધ્યાન રાખજો. મુસાફરીમાં ખિસ્સાનું અને સામાનનું ધ્યાન

રાખજો. પોલિસ લફરાંથી બચજો.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦):- નવરાત્રિના દિવસો તમે પૂરા ઉમંગથી ઉજવી શકશો. કુટુંબીજનો સાથે હર્ષ-ઉલ્લાસ-આનંદ અને કિલ્લોલ મનાવો. નાણાંકીય ભીડ જણાતી નથી. તા. ૧૭-૧૦ થી આપનો અહમ વધે. મિત્રો માટે લાગણી વધુ રહે. ધંધા ઉપર પણ પૂરતું ધ્યાન આપશો. ભાગ્ય કામ કરે છે, સાથ આપે છે, લાભ લઈ લેવા જેવો ખરો. તા. ૨૦-૧૦ થી જીવનસાથીની નાણાં માટેની માંગણી વધે. કુટુંબીજનો તેમનામાં મસ્ત રહે. તા. ૦૧-૧૧ થી સંતાનની પણ માંગણીઓ વધે. તા. ૦૫-૧૧ થી મહેમાનોની સંખ્યા વધે. મુલાકાતીઓથી આનંદ રહે. દિવાળીના શુભ દિવસો આનંદમાં પસાર થાય એજ શુભેચ્છા.



વૃશ્ચિક

ન,ય

વિ. સં. ૨૦૬૬ના

વર્ષારંભે આપનો રાશિઅધિપતિ મંગળ ૯મા - ભાગ્યભુવનમા - કર્ક રાશિનો છે અને પ્રવાસનો પ્રારંભ કરે છે, તે વર્ષાન્તે વૃશ્ચિક રાશિ અને દેહભાવેથી પસાર થવા પામે છે. ધનાધિપતિ ગુરુ ત્રીજા ભાવે મકર રાશિથી મુસાફરી ચાલુ રાખે છે આગળ વધી પાછા ફરીને વર્ષાન્તે ૪થા ભાવે કુંભ રાશિમાંથી પસાર થાય છે. ૨ જા ભાવે ધન રાશિમાં રહેલ પ્લુટો રાશિ કે ભાવ બદલતો નથી. ત્રીજા ભાવે મકરનો નેપ. વર્ષ દરમિયાન ધીમી ગતિએ આગળ વધીને વર્ષાન્તે ૪થા ભાવે કુંભ રાશિમાંથી પસાર થાય છે. ૪ થા ભાવે કુંભ રાશિમાં રહેલ હર્ષલ પણ ધીમી ગતિએ આગળ વધીને ૫ મા ભાવે મીન રાશિમાંથી પસાર થાય છે. જ્યારે ત્રીજા ભાવે મકર રાશિનો રાહુ અને ૯મા ભાવે કર્કનો કેતુ વક્રગતિથી પોતાની નિયત ગતિથી આગળ વધતાં વર્ષાન્તે રાહુ ૨ જા ભાવે ધન રાશિમાંથી અને કેતુ ૮ મા ભાવે મિથુન રાશિમાંથી પસાર થવા પામે છે. ૧૧ મા ભાવે કન્યા રાશિમાં રહેલ શનિ રાશિ કે ભાવ બદલતો નથી અને જ્યાં છે ત્યાં જ રહે છે. જ્યારે ૧૧ મે રહેલ બુધ અને શુક્ર પોત-પોતાની રીતે અને ગતિથી પ્રવાસને ચાલુ રાખે છે અને બંને ય બારે ય રાશિ અને ભાવ ફરીને વર્ષાન્તે બુધ વૃશ્ચિક રાશિ અને દેહભાવેથી પસાર થાય છે તો શુક્ર ૧૨ મા ભાવે તુલા રાશિમાંથી પસાર થતો જોવા મળે છે. ૧૨ મા ભાવે રહેલ સૂર્ય અને ચંદ્ર તુલા રાશિથી પોતપોતાની રીતે અને ગતિથી આગળ વધે છે અને વર્ષાન્તે સૂર્ય રાશિચક્ર અને બારે ય ભાવ પૂરા કરીને ફરી પાછો તુલા રાશિમાંથી પસાર થાય છે તો ચંદ્ર અનેક ચક્કરો કાપીને વર્ષાન્તે તુલા રાશિ અને ૧૨ મા ભાવેથી જ પસાર થાય છે. આમ આકાશમાં આપણા સૂર્યમંડળના ગ્રહો આપની રાશિની આજુબાજુ અને રાશિમાંથી પસાર થતા જોવા મળે છે. હવે તેઓ કેવું ફળ આપે છે તે ઉપરછલ્લી નજરે જોઈશું.

આરોગ્યની દૃષ્ટિએ જોઈએ તો વર્ષારંભે તબિયત થોડી નબળી રહેશે જે વર્ષાન્તે આપ સ્વસ્થ અને મજબૂત બનેલા જોવા મળશો. આ વર્ષે આપને શનિની પનોતી નથી કે ૪ થો, ૮મો કે ૧૨મો રાહુ પણ નથી. ૨૬-૦૫-૨૦૧૦ સુધી આપનો રાશિ અધિપતિ નીચનો હોવાથી કંઈ ને કંઈ પરેશાની આપ્યા કરશે. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન પેટના ભાગે કંઈક પરેશાની ઉભી થાય. આ સિવાય કોઈ મોટી બિમારી કે શસ્ત્રક્રિયા જણાતી નથી. જ્યારે કૌટુંબિક દૃષ્ટએ કંઈ ને કંઈ પ્રશ્નો ઉભા થશે. તેઓ ગતકડાં કાઢયા જ કરશે. નાના ભાઈ બહેન તેમના કર્મોથી દુખી થશે. માતાની તબિયત બરાબર રહે નહીં. સંતાન ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન પ્રશ્નો સર્જશે. મોટા ભાઈ બહેન વધારે સુખી જણાશે.

આર્થિક દૃષ્ટિએ જોઈએ તો આ વર્ષે હિસાબમાં અને ગલ્લા-તિજોરીમાં કોઈ મેળ પડવાનો નથી. નાણાં આવ્યા અને કયાં ગયા કોને ખબર ? કામમાં સફળતા મળવા છતાં નાણાંનો હિસાબ મળતો જણાતો નથી. તો સહાકીય કામમાં ધીમી ગતિનો ફેરફાર થતો જોવા મળશે. અને ચાલુ કામમાં વધારાની આવક શક્ય બને. સ્થાવર-જંગમ મિલકતમાંથી પણ કોઈ આવક ઉભી થતી જણાતી નથી, નોકરિયાત વર્ગને બદલી કે બઢતી જણાતી નથી. મિત્ર વર્ગ કામમાં મદદરૂપ બનતો જણાય. છતાં પણ તેઓ વધુ પડતાં મોજશોખના આગ્રહી બને. જો કે તેમનાં મનમાં શું છે તે સમજવું અઘરું થઈ પડશે. કદાચ મિત્રોનું એકાદ કામ છૂટી જાય કે ઓછું થાય તો પણ નવાઈ નહીં. જ. આર્થિક ક્ષેત્રે સાચવવા જેવું ખરું.

સ્થાવર-જંગમ મિલકતની દૃષ્ટિએ આ વર્ષે બહુ મેળ પડે તેવો નથી. સાચવીને કામ કરજો. નાણાંની સગવડ પહેલામાં પહેલી કરીને પછીથી જ વિચારજો. નહીંતર ભરવાઈ જશો. અને ૨૬-૦૫-૨૦૧૦ સુધી તો અનુકૂળતા જ ઓછી જણાય છે. સ્થાવર-જંગમ મિલકતમાંથી વધારાની આવક પણ ઉભી થતી જણાતી નથી. પિતાના નામે સંપત્તિ વસાવવાના યોગ ૨૦-૧૨-૨૦૦૯ સુધી બને છે. ધર્મ ભાવના ઠીક ઠીક રહે છે. ૨૦-૧૨-૨૦૦૯ સુધી જે નાના નાના યાત્રા પ્રવાસ થયા તે ઠીક છે. પરદેશગમનની શક્યતાઓ ઓછી જણાય છે. સિવાય કે તમારા જન્મના ગ્રહો કંઈ જૂદું કહેતા હોય તો વાત જૂદી છે. આમ ઉપરછલ્લી નજરે ગ્રહો આવું કંઈક સૂચવેછે. હવે વિધવિધ ક્ષેત્રે કેવું ફળ આપે છે તે જોવાનો અને સમજવાનો પ્રયત્ન આપણે અહીં કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ :- આ વર્ષે આપને વાયુથી પરેશાન થવું પડશે. ૨૬-૦૫-૨૦૧૦ સુધી કંઈ ને કંઈ પરેશાની રહેશે. તેમાં પણ ૧૭-૧૦-૨૦૧૦ થી ૨૦-૧૦-૨૦૧૦ દરમિયાન કામકાજ અર્થે મુસાફરીમાં હોવ તો સાચવીને કામ કરજો. તે સમય દરમિયાન આંખનું ઓપરેશન કરાવવાનું હોય તો ટાળજો. ફકત બોલવામાં કાળજી લેવી પડશે નહીંતર ઝઘડા મોટા થઈ જશે અને પાર વગરની મુશ્કેલી અનુભવી પડશે તે નફાની. બીજી રીતે આરોગ્ય સારૂં રહેતું જણાય છે.

આર્થિક દૃષ્ટિએ :- આ વર્ષે આપને નાણાંકીય તંગી ભોગવાનો વારો આવી શકે છે. ૧૭-૧૧-૨૦૦૯ થી બીજા-ધન સ્થાનમાંથી ધનનો નીચનો રાહુ આપને પરેશાન કરી શકે. જો કે ૨૦-૧૨-૨૦૦૯ સુધી આપને આર્થિક-સામાજિક કે રાજકિય ફેરફારો જોવા મળશે. અને તે પણ આપના સારા માટે હશે. આ વર્ષે આપને કામ મળવું અઘરૂં રહેશે. છતાં પણ પ્રયત્ન થકી ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન મળી જાય તો નવાઈ નહીં. નોકરી કરતાં હશે તેમને બદલી કે બઢતીની બહુ શક્યતા જણાતી નથી. જેઓ સદા બજારથી સંકળાયેલા છે તેમણે કાળજી લઈને કામ કરવું. ૧૬-૧૧-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન કામ કરવું હશે તો પણ કેટલું કરી શકશો તે એક સવાલ છે. કોઈને કોઈ અડચણ આવ્યા કરે અને તમે અટવાઈ જાવ. જ્યારે ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન તમે કામકાજ માટે દોડધામ કે નાની મુસાફરી કરતાં જોવા મળશો. ૦૧-૧૨-૨૦૦૯ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન ધંધામાં ફાયદો મેળવવા તમે ખૂબ આંટીઘૂંટી રમશો છતાં પણ કેટલા ફાવશો તે કંઈ કહી શકાય નહીં. જ્યારે ૨૧-૧૨-૨૦૦૯ થી તમે ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન ઘણી નાણાંકીય તંગી અનુભવશો. ૧૩-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન કાં તમે ઘરે બેસીને કામકાજ કરશો કાં કરેલા કામનું બધુ ફળ ઘરમાં વપરાઈ જતું જોવા મળશે. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન કરેલાં લાંબાગાળાના રોકાણમાંથી નફો મળી શકે. લાલચ કરવાં જશો તો તે પણ હાથમાંથી જતો રહેતો જોવા મળશે. ૧૪-૦૩-૨૦૧૦ થી ૩૦-૦૩-૨૦૧૦ દરમિયાન તમે વધારાની મૂડીનું-નોકરી સિવાયની-સટ્ટામાં રોકાણ કરતાં જોવા મળશો. સમજીને કરશો તો ફાવી પણ જાવ. ૦૨-૦૫-૨૦૧૦ થી સટ્ટાકીય રોકાણ વધતું જણાય છે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન કામકાજમાં કોઈ ભલીવાર આવશે નહીં. ખોટું સાહસ લેશો જ નહીં. પછીથી વર્ષાન્ત સુધી ઠીક ઠીક રહેશે. પણ આ વર્ષે મોટો નાણાંકીય ફટકો ન પડે તેની કાળજી લઈને આગળ વધશો તો સારૂં રહેશે.

કૌટુંબિક દૃષ્ટિએ :- વર્ષારંભે તમો અને કુટુંબજનો એકબીજાનું દૂર રહીને ધ્યાન રાખશો. કુટુંબીજનો સાચી વસ્તુ જણાવશે નહીં અને તેમનું મન મેલું રહેશે, જેથી આખું યે વરસ તેઓને પરેશાની ઉઠાવવાની રહેશે. નાના ભાઈ બહેન વર્ષારંભે વધુ દુ:ખી જણાય છે છતાંપણ સમાધાન કરવાની પણ તત્પરતા દાખવતા જણાય છે. જો તેઓ અભ્યાસ કરતાં હશે તો અભ્યાસમાં ધ્યાન આપવું પડશે. તથા તેમને ધન મળતું રહેશે. જો તેઓ અવિવાહિત હશે તો લગ્નની શક્યતાઓ પૂરી રહેલી છે અને પરીણિત હશે અને સંતાન ઇચ્છુક હશે તો તે ઇચ્છા પણ પરિપૂર્ણ થતી જણાય છે. આ વર્ષે તેમને સ્થાવર જંગમ મિલકત વસાવવાના યોગ ઓછા બને છે. માતાને રાહત મળે. ૧૭-૧૧-૨૦૦૯ પછીથી સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળશે. જો કે તમને ભાગ્યનો સાથ મળતો જણાતો નથી. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી તેમને કામમાં સફળતા મળે અને નાણાં જણાય. જો તેઓ નોકરી કરતાં હશે તો બદલીની સંભાવના ઓછી છે, પગાર વધારો શક્ય બને. સટ્ટાકીય કામમાં તેમને નુકશાની વધુ થાય તેવું લાગે છે. સંતાન અભ્યાસ કરતાં હોય તો તેમની

કાળજી વધુ લેવી પડશે. તેમના મિત્રોને સમજવા અઘરાં થઈ પડશે, જો કે તેમના માટે લાગણી વધુ રહેશે. આ વર્ષે તેઓને જલદીથી કામ મળતું જણાતું નથી. જે છે તે જ ચાલુ રાખવું પડે તેમ છે. આ વર્ષે બદલીના યોગો બને છે. દૂર જવાનું શક્ય થાય. અવિવાહિત સંતાનના વિવાહ તથા લગ્નના યોગો બને છે તો પરીણિત સંતાન ઈચ્છુકને ત્યાંથી ખુશ ખબરના સમાચાર પ્રાપ્ત થાય. સંતાને રાજકારણથી દૂર રહેવું ઈચ્છનીય બનશે. જીવનસાથીને મોજશોખ વધુ જોઈશે. તેમના નાના ભાઈ સાથેના સંબંધો વર્ષારંભે તંગ બની શકે છે. આ વર્ષે જો તેઓ નોકરી કરતાં હશે તો પગાર વધારો મળશે. અને સ્થાવર મિલકતમાંથી પણ આવક ઉભી કરી શકશે. તેમનું વલણ સહાકીય વધુ રહેશે જો કે તેમણે તબિયતની કાળજી લેવી પડશે. મિત્રો પણ વધુ મોજશોખના આગ્રહી રહેશે. આ વર્ષે તેમને યાત્રા-પ્રવાસના યોગો ઓછા બને છે. ધાર્મિકતા ઠીક ઠીક રહેશે. પિતાનું સ્વાસ્થ્ય સારૂં રહે. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી ધ્યાન રાખવું પડે. નોકરી કરતાં હશે તો તેમને બદલી અને બઢતી બંને મળી શકે એવું લાગે છે. તેમને આવક ઘણી સારી રહેશે. સંપત્તિના મામલે નુકશાની થતી જણાય છે. તેમાંથી વધારે આવક ઉભી કરવાનું વિચારશો નહીં, નહીંતર મિલકતને પણ તકલીફ પડશે. તેમના મિત્રોની દૃષ્ટિ આમના નાણાં ઉપર જ રહેશે. મોટા ભાઈ બહેનનું સ્વાસ્થ્ય સારૂં રહે. તેમને સમજવા અઘરાં થઈ પડશે અને તેઓ પોતે પણ દુઃખી રહેશે. તેમનું કામકાજ ઓછું થતું જણાય છે. નોકરી કરતાં હશે તો બદલીની સંભાવના વધુ રહેશે. ધાર્મિકતા ઠીક ઠીક રહેશે. વર્ષારંભે સહામાં તેઓને ઉથલપાથલ થવાની સંભાવના છે. આમ જૂદી જુદી કૌટુંબિક વ્યક્તિનું ફળ ઉપરોક્ત મુજબ મળતું જણાય છે.

સ્થાવર જંગમ મિલક્તની દૃષ્ટિએ :- આ વર્ષે આપ સ્થાવર મિલકતમાંથી આવક ઉભી કરી શકશો. પણ નવી મિલકત વસાવવાના યોગ ઓછા બને છે. જે મિલકતનો નિકાલ નહોતો આવતો તે આવી જશે. ૨૭-૦૧-૨૦૧૦ પછીથી લાંબાગાળાનું રોકાણ થયેલ હશે તમાંથી છૂટકારો મળી જશે આ વર્ષે તમારે સ્થાનફેર થવાના યોગો પણ ઓછા જણાય છે. ઝવેરાતમાં રોકાણ કરવું હોય તો તે શક્ય બનશે. ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૭-૧૧-૨૦૦૯ દરમિયાન ખરીદેલ ઝવેરાત બહાર પહેરવામાં અવારનવાર કામમાં લેવાશે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન ખરીદેલ ટૂંકા પ્રવાસમાં અને અડોશ પડોશના પ્રસંગોમાં વધુ વપરાશે. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન ખરીદાયેલ વસ્તુનો સંતાન વધુ ઉપયોગ કરશે. પ્રેમીજનને ખુશ કરી શકાશે. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન ખરીદાયેલ વસ્તુ તમને પ્રિય રહેશે અને જીવનસાથીને પણ પ્રિય રહેશે જ. ૦૧-૦૯-૨૦૧૦ પછીથી ખરીદેલ વસ્તુનો દિવાળી દરમિયાન ઉપયોગ વધુ કરી શકશો. જ્યારે ૧૬-૧૧-૨૦૦૯ સુધી નવા ઈલેક્ટ્રીકલ કે ઈલેક્ટ્રોનિક ઉપકરણોને તમારે રિપેર વારે વારે કરાવવાના થશે. મિલકત પરત્વે કઈંક આવું જણાય છે.

સંતાનની દૃષ્ટિએ :- આપ પરીણિત હોવ અને સંતાન ઈચ્છુક હશો તો ૦૨-૦૫-૨૦૧૦ પછીથી સંતાન પ્રાપ્તિના યોગો બને છે. જો સંતાન હોય અને અભ્યાસ કરતાં હોય તો તેમણે અભ્યાસમાં ધ્યાન આપવું પડશે નહીંતર એકાદ વિષયમાં તો તકલીફ પડશે જ. ૨૬-૦૫-૨૦૧૦ સુધીનો સમય તેમના માટે વિચિત્ર જણાય છે. પછી તે ગમે તે કક્ષામાં હોય. જો સંતાન અભ્યાસ કરી રહ્યા હોય તો તેમને કામ તો મળી જશે. પણ ૦૬-૦૯-૨૦૧૦ થી કામમાં વધુ ઠેકાણું પડશે. જો કે ૦૨-૦૫-૨૦૧૦ થી તેમનું નશીબ કામ કરતું જરૂરથી થઈ જશે. જો તેઓ અવિવાહિત હોય અને વિવાહ-લગ્ન માટેની શોધખોળ ચાલુ હોય તો જરૂરથી તેમાં સફળતા મળશે અને આ વર્ષે લગ્ન થઈ શકશે. અને પરીણિત સંતાન જો સંતાન ઈચ્છુક હશે તો તેમાં પણ તેમની ઈચ્છાઓ સંતોષાતી જણાય છે. અને સારા સમાચાર બધાને આપી શકે તેવું લાગે છે. આ વર્ષે તેઓ સ્થાવર-મિલકત વસાવવાના હોય તો મોકુફ રાખે તેમાં બહુ રહેવાના યોગો જણાતા નથી. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન તો બિલકુલ જ ન વસાવે. આ વર્ષે તેમને પરદેશ જવાના યોગો પણ ઓછા બને છે. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન ધંધો ચાલુ કરવો હોય તો કરી દે જેથી ભાગ્યમાં વૃદ્ધિ થાય. યોગ સારા બને છે. મિત્રો પરેશાન રહેશે. પણ તે તેમના સ્વભાવ થકી. ધાર્મિકતા વર્ષના ઉત્તરાર્ધમાં વધતી જણાશે. આમ સંતાનને અભ્યાસ અને મિલકત સિવાય ઘણું સારૂં છે ચિંતા કરવાની જરૂર નથી.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! આ વર્ષે આપને ૪ થો, ૮ મો, કે ૧૨ મો શનિ-ગુરુ કે રાહુ કશું જ નથી. શનિની પનોતી પણ ચાલતી નથી. એટલે એમ કહી શકાય કે ગ્રહોનો સંપૂર્ણ સાથ મળી રહ્યો છે. જેટલી વધુ તમે મહેનત કરશો તેટલું સારૂં ફળ લાવી શકશો. ફક્ત ધ્યાન જે રાખવાનું છે તે વાઈવામાં જ. મૌખિક પરીક્ષામાં ધ્યાન નહીં રાખો તો ફસાઈ જ જશો. ધો.૧૨ કે તેથી નીચેના વર્ગોમાં ભણતા બાળકોને ૧લા જ પ્રશ્નપત્રમાં તકલીફોનો સામનો કરવાનો થશે. પછીથી તે ગમે તે વિષયનું હોય. જો અંગ્રેજીનું પેપર હોય તો બરાબરની તૈયારી કરી લેજો. બાયોલોજીનું પેપર એકંદરે ઘણું સારૂં જશે, સારા ગુણ મેળવી શકાશે. રસાયણશાસ્ત્રના ૪થા પ્રશ્નમાં કાળજી વધુ લેશો. વાણિજ્ય શાખા અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ મૌખિક પરીક્ષામાં બહુ જ કાળજી લેવી પડશે. જો તમે ગભરાઈ જશો તો ભૂલ કરશો. જેટલી અને જેવી તૈયારી કરી હોય એકવાર તો હિંમતથી જવાબ આપી જ દેશો જેથી ભૂલી ન જવાય. જેઓ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ છે. કોલેજમાં ભણતા - તેમણે વધારે સમય તો મિત્રો સાથે પરામર્શ કરીને જ પરીક્ષાલક્ષી મહેનત કરવાની રહે છે તેવું આપના માટે જણાય છે. ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ સુધીમાં જેમને પરીક્ષાઓ આવતી હોય તેવા વાણિજ્ય શાખાના અને દાક્તરી તથા ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓને સારૂં પરિણામ મળતું જણાય છે. મતલબ કે સી.એ. ; એમ.બી.એ ; તથા મેડીકલ એન્જી.ના વિદ્યાર્થીઓ થોડો વધુ પરિશ્રમ કરશે તો મહેનત સફળ થઈ જશે. પણ દાક્તરીના વિદ્યાર્થીઓએ વાઈવામાં વધુ ધ્યાન આપવું પડશે. ૩૦-૦૩-૨૦૧૦ થી ૦૬-૦૬-૨૦૧૦ દરમિયાન જેમને વાણિજ્ય શાખામાં પરીક્ષા હોય તેમણે કાળજી વધુ લેવી પડશે. તેમાં પણ એકાઉન્ટસમાં અને મેનેજમેન્ટના પેપરોમાં વધુ કાળજી લેશો. ૧૪-૦૪-૨૦૧૦ થી ૨૭-૦૪-૨૦૧૦ દરમિયાન કાયદાશાસ્ત્રના વિદ્યાર્થીઓએ ધ્યાન આપવું પડશે. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન આર્કિટેક્ટના વિદ્યાર્થીઓ ઘણું સારૂં પ્રદર્શન કરી શકશે તેવી જ રીતે કલાક્ષેત્રથી સંકળાયેલા વિદ્યાર્થીઓને સારૂં ફળ મળશે. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રોની પરીક્ષા ૦૨-૦૫-૨૦૧૦ પહેલાં સંશોધન ક્ષેત્રના વિદ્યાર્થી મિત્રોએ પેપર રજુ કરવા જોઈએ નહીં. પછીથી વાંધો નથી. પરીક્ષા પછીથી જેઓને નોકરી મેળવવી છે તેમણે રાહ જોવી પડે તેમ છે. કોઈપણ બીજા ક્ષેત્રમાં મળી જતી હોય તો તે લઈ લેવા જેવી ખરી. જેમને ધંધો ચાલુ કરવો છે તેમને કોઈ જ તકલીફ નથી. પ્રિન્ટીંગ, લેડીઝ ચીજવસ્તુઓ, મોંઘી ચીજવસ્તુઓ વિ....ના ધંધામાં સહેલાઈથી જઈ શકાય તેમ છે. જેમને નોકરી ચાલું છે તેમને પણ બદલી કે બઢતી જણાતી નથી. હા, પગાર વધારાથી સંતોષ માણવો પડશે. જેમને પરદેશ જવું છે તેમને પણ તેવા યોગો બનતા નથી. એટલે એ શક્યતા પણ ઓછી જણાય છે. આપને આરાધના કરવી હોય તો ભૈરવદાદાની કરજો. અને સાથે સાથે ગણપતિજીની કે જેથી તમારું સ્વાસ્થ્ય સારૂં રહે અને અભ્યાસ બરાબર કરી શકો. આમ વરસ અભ્યાસની દૃષ્ટિએ ઘણું જ સારૂં છે તેમાં ના ન કહી શકાય-ગુડલક.

સ્ત્રીઓની દૃષ્ટિએ :- બહેનો ! આ વરસ તમારા માટે ખરેખર સારૂં વરસ છે. પનોતી નામની બલા નથી ; ૪ થો - ૮ મો - ૧૨ મો રાહુ નથી અને ગુરુ પણ મદદકર્તા છે, પછી બીજું જોઈએ શું ? સ્વાસ્થ્યની દૃષ્ટિએ મંગળ નીચનો છે એટલે કઈં ને કઈં પરેશાની ૨૬-૦૫-૨૦૧૦ સુધી તો રહેવાની છે અને તે પણ ખાસ કરીને હિમોગ્લોબીનનું ઘટી જવું કે શરીરમાં ફિક્કાશ દેખાવી ; અશક્તિ-કમજોરી આવવી તો શક્ય છે. તેના માટે ગણપતિજીનું આરાધન કરશો તો ઘણું સારૂં રહેશે. બીજું વાયુથી પરેશાન થવાનું જણાય છે તો વાયુ પ્રકોપ કરે તેવી ખાદ્યચીજોથી દૂર રહો કે ઓછી વાપરશો. કોઈ મોટી સર્જરી જણાતી નથી. અને બની શકે તો ૧૭-૧૧-૨૦૦૯ સુધી ટાળશો તો તે તમારા લાભમાં હશે. જો આપ અભ્યાસ કરતાં હોવ તો અભ્યાસમાં કાળજી વધુ લેજો. તથા જો મૌખિક પરીક્ષા આપવાની થતી હોય તો બોલવામાં કાળજી લેજો. બહુ ઉતાવળ કરવા જશો તો ફસાઈ જશો અને ટૂંકમાં પતાવશો તો સમજફેર ઓછી થશે નહીંતર ચોખવટ કરવી પડશે. સ્નાતક તથા અનુસ્નાતક કક્ષામાં કોઈ જ વાંધો આવશે નહીં. કૌટુંબિક દૃષ્ટિએ તમે ઘણાં પરેશાન થઈ જશો. બને તેટલું બોલવાનું ઓછું રાખશો તો ફાયદામાં છો. કુટુંબીજનોના વિચારો વિચિત્ર રહેશે. તેમની વાણી અને વર્તણૂંક પણ વિચિત્ર જ રહેશે. નાના ભાઈ બહેનને ૧૭-૧૦-૨૦૧૦ થી ૨૦-૧૦-૨૦૧૦ દરમિયાન કાળજી લેવાની જરૂર પડશે. માતાની તબિયત નરમ ગરમ રહેશે. સંતાનથી ઘણું સારૂં જણાય છે. તો જીવનસાથીને મોજશોખ વધુ જોઈશે. સાસરીયામાં નવા વર્ષ દરમિયાન મોટો ઝઘડો ન-

થાય તેની કાળજી લેશો. જો આપ નોકરી કરવા માંગતા હશો તો આ વર્ષે રાહ જોવી પડે તેમ છે. જે કામ મળે તે સ્વીકારી લેશો તો આવક ચાલુ થઈ જશે. આ વર્ષે તમને ૨૦-૧૨-૨૦૦૯ સુધી આર્થિક, સામાજિક કે રાજકીય લાભ મળે તેમ છે. ત્યાર પછી ૦૨-૦૫-૨૦૧૦ સુધી કામમાં સફળતા મળે તેમ છે તથા માથેથી દેવું ઓછું થાય તેમ છે. નોકરી કરતાં હોવ તો બદલી કે બઢતીની શક્યતા બહુ જણાતી નથી. પણ ૨૦-૦૫-૨૦૧૦ થી દોડી રહ્યું હોય તેવું અવશ્ય લાગશે જ. આપ જો અવિવાહિત હશો તો આ વર્ષે વિવાહ અને લગ્નના યોગો સારા બને છે. લાભ લઈ લેવા જેવો ખરો. જો આપ પરીણિત હશો અને સંતાન ઈચ્છુક હશો તો આપની ઈચ્છા પરિપૂર્ણ થતી જણાય છે. પરીણિત સંતાન જો સંતાન જો સંતાન ઈચ્છુક હશે તો તેમની પણ ઈચ્છા પરિપૂર્ણ થતી જણાય છે. જો આપ સંપતિ બનાવવાનું વિચારતા હોવ તો હાલમાં મોકુફ રાખજો કદાચ ખોટું રોકાણ થઈ જવાનો ભય ખરો. સંપતિમાંથી આવક ઉભી કરી શકશો. જૂની સંપત્તિ કાઢી નાંખવી હશે તો તે પણ શક્ય બનશે. મિત્ર વર્ગ જલસાવાળો મળશે. તેમના મિત્રો હરામી હશે તે પણ નક્કી વાત છે. આપને આધ્યાત્મિકતા તરફ આગળ વધવાનો યોગ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી શરૂ થાય છે. જાહેર જીવનમાં હોવ તો વાણી ઉપર કાબૂ રાખજો - ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન તકલીફોનું સર્જન ન થાય તેનું પણ ધ્યાન રાખવું પડશે. આ વર્ષે મોટી મુસાફરીનો યોગ જણાતો નથી. નાની નાની મુસાફરી શક્ય બનશે. તેમાં પણ ૧૭-૧૧-૨૦૦૯ સુધી ધાર્મિક યાત્રામાં અચાનક પરિવર્તન આવે તો પણ નવાઈ નહીં જ. પ્રેમપ્રસંગ ઉદ્ભવતા જણાય છે. પણ જેને પ્રેમ કરો છો તે કેટલી ગંદી રાજરમત રમી રહેલ છે તે તો પછીથી જ ખબર પડશે. આપને આરાધના કરવી જ હોય તો ભૈરવદાદાની ખાસ જ કરજો, મુશીબતથી ઉગરી જશો.

વિશેષ વિગતો :- વર્ષારંભે ખાવા પીવામાં કાળજી લેશો, નહીંતર વાયરલ ઈન્ફેકશન લાગી જશે તો ૧૭-૧૧-૨૦૦૯ સુધી પરેશાન થઈ જશો તે નફામાં. શરદી-કફ-ખાંસી, ફેફસામાં તકલીફ થવી શક્ય બનશે. ૧૬-૧૧-૨૦૦૯ થી તમે ઘણું કામ કરતાં થઈ જશો. ૨૫-૧૦-૨૦૦૯ થી ૧૨-૧૧-૨૦૦૯ દરમિયાન તમને જીવનસાથીનો કે ભાગીદારનો સાથ સહકાર સારો મળે અને તમે ઉત્સાહપૂર્વક કામ કરતાં પણ જણાશો. ૧૯-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન કામમાં ગૂંચ ઉત્પન્ન થતી જણાય છે. ધીરજ રાખશો તો તે આપોઆપ ઉકલી જશે. ૦૧-૧૨-૨૦૦૯ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન આવક થશે અને વપરાઈ પણ જશે. વધારાની આવક ક્યાં ગઈ તે સમજમાં આવશે નહીં. ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન બે નંબરની આવક શક્ય બને. જૂની ઉઘરાણી કે દેશાવરનું ધન મળતું જણાય છે. ૧૬-૧૨-૨૦૦૯ થી ૨૯-૧૨-૨૦૦૯ દરમિયાન કૌટુંબિક આંટીઘૂંટીમાં અટવાઈ પડશો. કામકાજમાં છેતરામણી સ્થિતિની ઉપસ્થિતિ ન થાય તેની પણ કાળજી લેશો. ૨૦-૧૨-૨૦૦૯ થી કામકાજમાં રાહત મળે અને સફળતા મળતી જણાશે. આવતું ધન ઘરમાં ફટાફટ વપરાતું જણાશે. ૨૭-૧૦-૨૦૧૦ થી કામકાજ કરવાની પદ્ધતિમાંથી સ્થિરતાં આવતી જણાશે અને ઘણાં અખતરાં કરી લીધા તેવું લાગશે. હવે કદાચ લાંબાગાળામાં સહાકીય પ્રવૃત્તિ તરફ વળવાનો ઝોક જણાય છે. ૦૬-૦૨-૨૦૧૦ થી ૨૬-૦૨-૨૦૧૦ દરમિયાન નાના ભાઈ બહેનનું સુખ ઓછું મળે. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન લાંબાગાળાના રોકાણની પ્રવૃત્તિ વધતી જણાશે. એવું પણ બને કે નવું પ્રેમપ્રકરણ ચાલું થાય. સંતાન ભણવાના બદલે ઈતર પ્રવૃત્તિ તરફ ન વળે તેની કાળજી લેશો. ૧૮-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન આત્મવિશ્વાસ ન ગૂમાવશો. ઘણા બધાં પરિબળો એકી સામટા કામ કરશે. ધ્યાન સંતાન તરફ કે પ્રીતિપાત્ર વ્યક્તિ તરફ વિશેષ રહેશે. મિત્રોનું વલણ વિચિત્ર રહે ; ભાગીદાર પણ પરેશાન કરે, કામની જગ્યાએ હાથ નીચેના માણસોથી સહકાર ન મળે અને ગૂંચવામણ ઉભી થાય. ૩૦-૦૩-૨૦૧૦ થી ૦૬-૦૬-૨૦૧૦ દરમિયાન મિત્રો દુશ્મન બને. સાથે કામ કરતાં લોકો પણ દુશ્મન બને. ૨૭-૦૩-૨૦૧૦ થી ૨૦-૦૪-૨૦૧૦ દરમિયાન જીવનસાથી કે ભાગીદાર પણ ત્રાસ આપવામાંથી બાકાત રહે નહીં. સમજી લો બધા લેણું લેવા જ આવ્યા છે. ૧૪-૦૪-૨૦૧૦ થી ૨૭-૦૪-૨૦૧૦ દરમિયાન તમને એવું લાગશે કે હરિફ વર્ગના ગ્રહો વધુ મજબૂત છે એટલે તેઓ તાકાતવાન બનતા જાય છે. પછીથી કામમાં સારૂં જણાય છે. ૨૭-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન "દુનિયા જખ મારે છે" મુજબ તમે વર્તીને રંગમાં આવી જશો કે લોકોને તમારી ઈર્ષ્યા થાય. ૧૫-૦૫-૨૦૧૦ થી ૧૫-૦૬-૨૦૧૦ દરમિયાન તમે જાહેર જીવનનું કામ સારું કરી શકશો. ૦૬-૦૬-૨૦૧૦ થી ૧૫-૦૬-૨૦૧૦ દરમિયાન મિત્રોનો સાથ અને સહકાર મળશે. ૦૯-૦૬-૨૦૧૦ થી ૦૫-૦૭-૨૦૧૦ દરમિયાન જીવનસાથીના સહારાથી ભાગ્ય પલટાતું લાગશે. દેશાવરથી પણ સારા સમાચાર મળે. ૨૬-૦૫-૨૦૧૦ થી ૨૦-૦૭-૨૦૧૦ દરમિયાન તમે કર્મપ્રધાન બની જશો. અને ખૂબ મક્કમતાથી આગળ વધતાં જણાશો. ૦૬-૦૭-૨૦૧૦ થી મિત્રો ભાગ્ય ફેરવવામાં મદદરૂપ બનશે. ૧૬-૦૭-૨૦૧૦ થી તમે કામકાજ અર્થે મુસાફરી વધુ કરશો. ૨૩-૦૭-૨૦૧૦ થી ૩૦-૦૯-૨૦૧૦ દરમિયાન મિત્રો કામકાજમાં મદદ કરશે. ૦૫-૦૭-૨૦૧૦ થી ૦૧-૦૮-૨૦૧૦ દરમિયાન જીવનસાથી નો કામમાં સહકાર મળશે. ૧૭-૦૮-૨૦૧૦ થી ૧૭-૦૯-૨૦૧૦ દરમિયાન કામ ઘણું રહેશે. જૂદાજૂદા પરિબળોથી કામ મળશે. ૦૬-૦૯-૨૦૧૦ થી ૨૦-૧૦-૨૦૧૦ દરમિયાન યાત્રા-પ્રવાસ-મુસાફરી શક્ય બને. ૧૭-૧૦-૨૦૧૦ થી ૨૦-૧૦-૨૦૧૦ મુસાફરીમાં સાચવજો. વર્ષાન્તે સારો જણાય છે. આમ વર્ષ દરમિયાન બે-ત્રણ તબક્કા એવા આવશે કે જ્યારે તમે ગૂંચવાઈ જશો. રસ્તો સૂઝવો ભારે થઈ પડશે. બાકી સારું છે. બુદ્ધિ ત્યારે જ કસાય છે કે જ્યારે મુશીબત આવી પડે છે નહીંતર તો ભગવાનને પણ મનુષ્ય ગણકારતો નથી તે હકીકત છે.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- વર્ષારંભે તબિયતની કાળજી લેશો. અકસ્માતથી સાવચેત રહેજો, નહીંતર તકલીફમાં આવી જશો. ગુસ્સાને કાબૂમાં રાખવાની જરૂર ખરી. મોજશોખ વધુ રહેશે.ધાર્મિક સ્થળોની મુલાકાત લેવાશે. તા. ૨૫-૧૦ થી મિત્રો બહાર ફરવાના આગ્રહી રહે. ધંધા માટે તમે મુસાફરીએ જવાનો વિચાર કરો. દલાલીનું નાનું મોટું કામ થઈ શકે. તા. ૦૩-૧૧ થી જીવનસાથી મુસાફરીએ જવાનો આગ્રહ રાખે. તમને ફરવાનું ગમે. તા. ૧૨-૧૧ થી તબિયતની કાળજી લેશો. મિત્રોથી વધુ સંકળાવ. તા. ૧૬-૧૧ થી તમે કર્મપ્રધાન બનો. કામને વધુ મહત્વ આપો. પિત્ત અને યશ બંને વધે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- આખા મહિનામાં જાત જાતના અનુભવો થશે. પિત્ત વધશે. વધારે તીખુ-મસાલાવાળુ-તળેલું ઓછું ખાશો તો ફાયદો થશે. તા. ૧૭-૧૧ થી આપની આવકમાં તથા કૌટુંબિક સંબંધોમાં ફેરફાર જણાશે.તા. ૨૭-૧૧ થી આપ મોજશોખમાં વધુ ડૂબશો તથા જીવનસાથીને મહત્વ વધુ આપશો. તા. ૦૧-૧૨ થી ધંધામાં લાભ મળે. નાણાં આવે અને વપરાઈ પણ જાય. છતાં પણ મનને શાંતિ મળે. તા. ૦૭-૧૨ થી આપ લાગણીશીલ બનો. ઘરની અંદર પણ શાંતિની ઝંખના કરશો. તા. ૧૫-૧૨ થી આપ જે પણ કામ કરશો તેનું વળતર મળશે, છતાં સંતોપ ન મળે.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- નાણાંકીય અને કૌટુંબિક સ્થિતિમાં ઘણાં પરિબળો કામ કરશે. આપને મોજશોખ મળતા હોવા છતાં સંતોપ નહીં મળે. કૌટુંબિક વિખવાદ વધતાં જોવા મળશે. તા. ૨૦-૧૨ થી આપનું ભાગ્ય વિચિત્ર કામ કરશે. આપને કામમાં સફળતા મળશે તથા માથે રહેલું દેવું ઓછું થવાની શક્યતા રહે છે. તા. ૨૧-૧૨ થી જીવનસાથીને આપના નાણાંમાં રસ વધુ રહેશે.તા. ૨૬-૧૨ થી મિત્રોનું વર્તન વિચિત્ર રહેશે. તા. ૧૩-૦૧ થી આપને સુખ મળતું જ નથી એવું લાગશે. તા. ૧૪-૦૧ થી કામકાજ માટે નાની મુસાફરી કરવાની થાય. તા. ૧૫-૦૧ થી નાણાંકીય રાહત મળે.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- કામમાં સફળતા મળે. નાણાં ફસાયેલા રહે. કૌટુંબિક સંબંધો વિચિત્ર જ રહે. નાના ભાઈ બહેનથી પરેશાન થવાય. નાની નાની મુસાફરીના યોગ બને છે. મિત્ર વર્ગની નજર આપના નાણાં ઉપર રહેશે. તા. ૨૭-૦૧ થી સંતાનના સ્વભાવમાં પરિવર્તન આવતું જોવા મળશે. સહાકીય બાબતોમાં પણ ઉથલ પાથલ ન થાય તેની કાળજી લેવી. તા. ૦૬-૦૨ થી જીવનસાથીનું સ્વાસ્થ્ય પણ સુધરે તેઓ કાર્યરત બને, તથા નાના ભાઈ બહેનની પરેશાની સમજવી મુશ્કેલ થઈ પડે. મિત્રો તેમના સંતાનમાં ખોવાઈ જાય. તા. ૧૩-૦૨ થી ઘરેથી પણ કામ થઈ શકે. કામમાં સફળતા મળે. વિશ્વાસ વધે અને આત્માને સુખ મળે.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- ઘરની અંદર ઘણી બધી ચહલપહલ જોવા મળશે. છતાંપણ કાર્ય થાય, સફળતા મળે. કુટુંબીજનો સહકાર આપે. સંતાનનો ગુસ્સો રહે. તા. ૨૬-૦૨ થી મિત્રોની અવરજવર ઘરમાં વધે.ઘડીમાં વાતાવરણ ઉગ્ર બને. પાછું બધુ ઠંડુ પડી જાય. તા. ૦૨-૦૩ થી સંતાનના પરાક્રમ વધે, મોજશોખ વધે, સહાકીય બાબતોમાં કાળજી લેશો.

તા. ૧૦-૦૩ થી આપની તબિયત વ્યવસ્થિત થવા માંડશે. અને તમે યાત્રા કરવા તૈયાર થઈ જશો. હરિફ વર્ગ તથા નોકર ચાકર વર્ગથી રાહત મળે. તા. ૧૪-૦૩ થી સહાકીય પ્રવૃત્તિ વધે. ધ્યાન રાખીને કામ કરવું સાચવવું.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- સહાકીય પ્રવૃત્તિમાં ખૂબ જ સાવધ રહેજો નહીંતર ખોવાઈ જશો. યશ-માન-પ્રતિષ્ઠા હોડમાં મૂકાય. સંતાન સાથે વિખવાદ ઉભો થાય. લફરાંસદનમાં પણ ધ્યાન રાખવું, આબરૂનો સવાલ છે. કામમાં જો કે સફળતા મળે. સંતાન ગંદુ રાજકારણ રમવા જાય અને પકડાઈ જાય. તા. ૨૭-૦૩ થી જીવનસાથી શંકાશીલ બને. મોસાળના સભ્યોથી ઘણો વિરોધ રહે. તેઓ દુશ્મનનું કામ નિભાવતા જોવા મળે. તા. ૩૦-૦૩ થી મિત્રો દુશ્મન બનતાં જોવા મળશે. તા. ૧૪-૦૪ થી કામકાજમાં મન ન લાગે અને હાથ નીચેના માણસો પણ પરેશાન કરતા જોવા મળે.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી ૧૪-૦૫-૨૦૧૦) :- આ મહિનામાં તો દાનપુણ્યનું મહત્વ વધારે છે. અને તમે કરી શકો એમ પણ છો. હરિફવર્ગથી થોડું ઘણું પરેશાન થવાય એવું લાગે છે. તા. ૨૦-૦૪ થી જીવનસાથીની સાથે સાથે તમને મોજમજા અને રંગરાગ જોઈશે. દૂર વસતી વ્યક્તિ તમારૂં ધ્યાન રાખે. તા. ૨૩-૦૪ થી મિત્રોના વિચારો વધુ વિચિત્ર બને. ધંધામાં નફાનું પ્રમાણ વધુ ઘટવું જણાય. મોટા ભાઈ બહેનની હરકતોથી તંગ આવી જવાય. તા. ૦૨-૦૫ થી શરીર વધે, અધ્યાત્મ વધે. તા. ૧૪-૦૫ થી પિત વધે, અહમ વધે, સમાજમાં સ્થાન મળે અને કામ થાય.

નિજ વૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- સંતાનનો અહમ્ વધે અને સંતોષાય. તેઓને નાની મુસાફરી-દોડધામ કરવાની થાય. તમે જાહેરજીવનમાં પ્રવૃત્ત થઈ જાવ. જીવનસાથી પણ પ્રવૃતિમય બને. તમને તમારા કાર્યથી સંતોષ મળે. તા. ૧૫-૦૫ થી જીવનસાથીનું લક્ષ્ય નાણાં જ રહે. તા. ૨૬-૦૫ થી તેમને કુટુંબ માટેની લાગણી રહે. તા. ૨૬-૦૫ થી તમે કામમાં વધુ પ્રવૃત્ત બનો, તમારો વધુ ને વધુ સમય કામ પાછળ જાય. તમારૂં સ્વાસ્થ્ય ઘણું જ સારૂં રહે. હાથ નીચેના માણસો મદદરૂપ બને. તા. ૦૬-૦૬ થી મિત્રો તમારા લોકોનું ધ્યાન રાખે. જીવનસાથી કુટુંબીજનોને સારી રીતે રાખે. તા. ૦૯-૦૬ થી જીવનસાથી ધર્મકાર્યમાં પરોવાય. તેમના થકી તમે ધર્મ આરાધના કરી શકો.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- આ મહિનામાં થોડીક માનસિક હતાશા અને થાક રહે. યશ-માન-પ્રતિષ્ઠા મળે. કામ સારૂં થાય. સામાજિક કામ પણ સારૂં થાય. સ્વાસ્થ્ય સારૂં રહે. તા. ૧૫-૦૬ થી કામમાં વિઘ્નો આવવાના શરૂ થાય. અને કામ થવું અટકી પડે. સાથે નાણાંની થોડી ખેંચ પણ રહે. તા. ૨૨-૦૬ થી મિત્રોનું સુખ ઓછું મલે. ધંધામાં નફો પણ ઓછો કરવાનો થાય. મોટા ભાઈ બહેનનું કામ ધમધોકાર ચાલે. તા. ૦૫-૦૭ થી જીવનસાથી કામમાં મદદરૂપ થાય. દૂરનું કામ મળે. તા. ૦૬-૦૭ થી મિત્રોનો સહકાર ફરીથી મળે. પિતૃવર્ગના આશિર્વાદથી ભાગ્ય ફરે.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા ૧૦-૦૮-૨૦૧૦) :- સ્વાસ્થ્ય સારૂં રહે. ધાર્મિકતા વધુ રહે. શરીરનો ઘેરાવો વધી શકે. ભાગ્ય દોડતું હોય એવું લાગે. સંતાન પણ ભણવામાં આગળ રહે. પણ તે શું કરે છે તે સમજવું અઘરૂં થઈ પડે. તા. ૧૬-૦૭થી કામકાજ માટે મુસાફરી કરવાની થાય. કામમાં પ્રવૃત્ત રહેતાં ભાગ્ય ફળતું હોય તેવું લાગે. ધર્મમાં વિશ્વાસ વધે. તા. ૨૦-૦૭ થી મિત્ર તરફ લક્ષ્ય વધુ રહે. સંતાનનું પણ ધ્યાન રખાય. સહાકીય પ્રવૃત્તિ તરફ વારંવાર ધ્યાન જાય. તા. ૨૩-૦૭ થી મિત્રો કામમાં મદદરૂપ બને. તા. ૦૧-૦૮ થી પ્રેમાલાપ વધે. દૂરની વ્યક્તિને મળવાનું થાય.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯-૨૦૧૦):- મિત્રો સાથે વધુ સમય વિતાવવાનો થાય. મિત્રો કામમાં મદદરૂપ થાય. ધર્મ કાર્ય ઘણું સારૂં થાય. ગત જન્મના શુભ કર્મો થકી ધર્મકાર્ય સંપન્ન બને. સંતાન વધુ ગણતરીબાજ બને. મોજશોખ પણ વધુ જોઈએ-તમને અને સંતાનને બંનેને. તા. ૧૭-૦૮ થી કામ વધતું જણાય. તમે કામમાં ખૂબ જ પ્રવૃત્ત રહો. કામની કદર થાય જે ઉત્સાહ વધારે. સરકારી કામથી ફાયદો મળે. તા. ૦૧-૦૯ થી મોજશોખ વધે. બહાર ફરવાનું થાય. તા. ૦૬-૦૯ થી મુસાફરીયોગ બને છે. જીવનસાથીની સાથે સાથે મુસાફરી સંભવે અથવા રાત્રિના ઉજાગરા થાય.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- કાં ધંધાકીય લાભમાં ઘણાં પરિબળો કામ કરે કાં મિત્રાચારીમાં. મુસાફરીયોગ સારો જણાય છે. જાત્રા-પ્રવાસ સંભવે. શરૂઆતના પંદર દિવસમાં જ સારા કામ થાય પછીથી શ્રાધ્ધપક્ષ હોવાથી સારા કામ કરવાને અવકાશ રહેતો નથી. તા. ૧૭-૦૯ થી ચાલુ કામકાજ સિવાય વધારાનું કામ થાય અને મિલકતમાં વધારો કરી શકાય. સહાકીય લાભ મળી જાય તો નવાઈ નહીં. સંતાનને યશ-માન-પ્રતિષ્ઠા મળે. મિત્રો શંકાશીલ બને. મોટા ભાઈ બહેનનો રૂઆબ જ જૂદો હોય. તા. ૩૦-૦૯ થી મિત્રો તેમનામાં મસ્ત રહે. સંતાનની સામાજિક પ્રવૃત્તિ વધે. ધંધામાં લાભનું પ્રમાણ વધે. જીવનસાથીને સટ્ટામાં નફો મળે.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦):- નવરાત્રિના દિવસો પૂરા આનંદ મંગલમય જાય. રાત્રિના ઉજાગરા વધુ થાય. ધાર્મિક ભાવનાનું પોષણ થાય. તા. ૧૭-૧૦-૨૦૧૦ થી ગુસ્સો વધુ આવે. કામ માટે બહાર ફરવાનું વધુ થાય. રાત્રિના ઉજાગરા થાય. મુસાફરીમાં થાક વર્તાય. દલાલીનું કામ સહજમાં પતી જાય. તા. ૨૦-૧૦ થી ફરીથી જોમવંતા બનો. નોકર ચાકરનો સાથ મળે. ઘરનું ધ્યાન રાખો. તા. ૦૧-૧૧ થી ઘરમાં કુટુંબીજનોની અવર જવર વધી જાય. ખર્ચો પણ વધે. સંતાન નાણાંની માંગણી કરે. તા. ૦૫-૧૧ થી મિત્રો સાથેના સંપર્કો વધે. તબિયતની કાળજી લેવી. દિવાળીની ખુશી મનાવી લો એજ શુભેચ્છા...



ધન

ભ, ધ, ફ, ઢ

વિ. સં. ૨૦૬૬ના ફુટતા ફટાકડાઓના અવાજવાળા સુપ્રભાતે આપનો રાશિઅધિપતિ ગુરુ ૨ જા સ્થાને મકર રાશિમાં રાહુ અને નેપ. સાથે છે ત્યાંથી પ્રવાસ ચાલુ રાખીને આગળ વધતાં મીન રાશિ સુધી જઈ પાછો ફરીને વર્ષાન્તે ત્રીજા ભાવે કુંભ રાશિમાંથી પસાર થાય છે. નેપ. પણ ૨ જા ભાવે મકર રાશિથી ધીમી ગતિએ આગળ વધીને વર્ષાન્તે ત્રીજા ભાવે કુંભમાંથી જ પસાર થાય છે. જ્યારે ૨ જા ભાવે મકર રાશિથી રાહુ અને ૮ મા ભાવે કર્ક રાશિથી કેતુ વક્રગતિએ આગળ વધીને વર્ષાન્તે રાહુ દેહભાવે ધન રાશિમાંથી અને કેતુ ૭ મા ભાવે મિથુન રાશિમાંથી પસાર થાય છે. દેહ ભાવે ધન રાશિમાં રહેલ પ્લુટો વર્ષ દરમિયાન રાશિ કે ભાવ બદલતો નથી. જ્યારે ૧૦ મા ભાવે કન્યા રાશિમાં રહેલ શનિ પણ રાશિ કે ભાવ બદલ્યા વગર ૧૦ મે જ રહે છે. ૩ જા ભાવે કુંભ રાશિમાં રહેલ હર્ષલ ધીમી ગતિએ પ્રવાસ કરીને વર્ષાન્તે ૪ થા ભાવે મીન રાશિમાંથી પસાર થાય છે. સૂર્ય અને ચંદ્ર ૧૧ મા ભાવે તુલા રાશિથી પોત પોતાની રીતે અને ગતિથી પ્રવાસ ચાલુ રાખે છે અને સૂર્ય એક રાશિ ચક્ર પૂરું કરીને અને ચંદ્ર અનેકવાર રાશિચક્ર અને ભાવો પૂરા કરીને વર્ષાન્તે ફરીથી પાછા બંને તુલા રાશિ અને ૧૧ મા ભાવેથી જ પસાર થવા પામે છે. ૧૦ મા ભાવે રહેલ બુધ અને શુક્ર કન્યા રાશિથી પોતપોતાની રીતે અને ગતિથી પ્રવાસ ચાલુ રાખે છે અને વર્ષાન્તે બંનેય રાશિચક્ર પૂરું કરીને બારે ય ભાવોમાંથી પસાર થઈને શુક્ર ૧૧ મા ભાવેતુલા રાશિમાંથી અને બુધ ૧૨ મા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થાય છે. મંગળ મહારાજ વર્ષારંભે ૮ મા ભાવે કર્ક રાશિથી પ્રવાસને આગળ ધપાવે છે અને વર્ષાન્તે ૧૨ મા ભાવે પોતાની વૃશ્ચિક રાશિમાંથી પસાર થવા પામે છે. આમ આકાશમાં આપણા સૂર્યમંડળના ગ્રહો આપની રાશિમાંથી કે તેની આજુબાજુમાંથી પસાર થતાં વર્ષ દરમિયાન જોઈ શકાય છે. હવે તેઓ આપને કેવું ફળ આપવાનો ઈરાદો ધરાવે છે તે જોવા અને સમજવાનો પ્રયત્ન કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ જોઈએ તો ૧૭-૧૧-૨૦૦૯ થી દેહભાવેથી પસાર થતો નીચનો રાહુ કઈં ને કઈં તકલીફોનું સર્જન કરતો રહેશે. જો કે શનિની પનોતી નથી એટલું સારૂં છે. દેહાધિપતિ ગુરુ પણ વર્ષ દરમિયાન સારો છે એટલે કોઈ વાંધો નથી. ૮ મો નીચનો મંગળ ૨૬-૦૫-૨૦૧૦ સુધી કઈંક પરેશાની આપતો રહેશે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન કઈંક કૌટુંબિક પરેશાની આપને પરેશાન કરી દેશે. કુટુંબની વ્યક્તિને કેવા પ્રકારની પરેશાની આવશે તે કહેવું અઘરૂં છે. નાના ભાઈ બહેનનું સ્વાસ્થ્ય પણ થોડું નબળુ વર્ષારંભે રહેશે. જીવનસાથીથી કોઈ જ વાંધો નથી. સંતાનના મનને વ્યગ્રતા વધુ પડતી જોવા મળશે. અને સાસરી પક્ષમાં પરેશાની ચાલ્યા કરે અને સંબંધોમાં અચાનક કાપકૂપ થઈ જાય તો પણ નવાઈ નહીં જ.

આર્થિક દૃષ્ટિએ નાણાં મેળવવા આપ દોડધામ કરતાં રહેશો. ૨૦-૧૨-૨૦૦૯ સુધી લાલચ વધુ રહેશે. જેમને કામ કરવું જ છે તેમને કામ મળી રહેશે. જેઓ નોકરી કરે છે તેમને બદલી કે બઢતી કે બંને આ વર્ષે મળી રહેતા જણાય છે. નવું કામ

પણ ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન શક્ય બનશે. આ વર્ષે આપ થોડું ઘણું દેવું પણ ઓછું કરી શકશો તે નક્કી વાત છે. મિત્રો થોડા શંકાશીલ બનશે. વળી વધુ પડતું પરાક્રમ બતાવવાના મૂડમાં પણ હશે. અને તેમને વધારે પડતી મુસાફરી કે ધક્કાધોડા ખાવા પડે તેવું પણ જણાય છે. આપ સટ્ટાથી દૂર રહો તો સારૂં રહેશે નહીંતર પસ્તાવાનો વારો આવશે કે દાવ ખોટા કેમ પડે છે ? બને તો ૨૬-૦૫-૨૦૧૦ સુધી તો સાચવીને જ કામ કરવાનું રાખશો તે હિતમાં છે.

સ્થાવર જંગમ મિલકતની દ્રષ્ટિએ આ વર્ષે નવી સંપત્તિ વસાવવાના કે વેચવાના યોગો બને છે. વધારે સારા યોગ ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત સુધી બને છે. મિલકતમાંથી આવક ઉભી થવાના યોગ ૨૬-૦૫-૨૦૧૦ પછીથી બને છે. સમારકામ કરવું હોય, નવું વધારાનું બાંધકામ કરવું હોય કે તેમાં નવા ઉપકરણો બેસાડવા હોય તો પણ સારો યોગ છે. આ વર્ષે આપને પરદેશગમનના કે લાંબા અંતરની યાત્રાના યોગો ઘણાં સારા બને છે. ધાર્મિકતા તરફ ગત જન્મના પૂણ્યના ઉદયે આગળ વધી શકાશે. અને ઘરે રહીને જ તમે તેમાં પ્રગતિ કરી શકશો. આમ ઘણી બધી રીતે વરસ તો સારૂં જણાય છે. ફક્ત ભાગીદારીમાં ફેરફાર શક્ય બને. હવે તેઓ જીવનના વિધ વિધ ક્ષેત્રે કેવું પરિણામ આપે છે તે જોવાનો અને સમજવાનો પ્રયત્ન કરીશું.

આરોગ્યની દ્રષ્ટિએ :- આ વર્ષે આપને શનિની પનોતી નથી તે એક મોટી રાહત છે. રાહુ પણ ૮ મો કે ૧૨ મો નથી. તે બીજી રાહત છે ૨૦-૧૨-૨૦૦૯ થી ગુરુ ત્રીજો થતાં તમે દોડવા માંડશો. પરાક્રમ બતાવવા થનગની ઉઠશો. પણ તે વખતે દેહભાવે નીચનો રાહુ તમને કેવું અને કેટલું દોડવા દેશે તે એક સવાલ છે. તે કંઈ ને કંઈ પરેશાની વર્ષભર આપ્યા જ કરશે. તમે પણ કંટાળી જશો અને તમારો સ્વભાવ પણ ચિડચિડો થઈ જતો જોવા મળશે. ૨૬-૦૫-૨૦૧૦ પછીથી મંગળ ૮ મા સ્થાનેથી હટી જતાં કંઈક રાહત અનુભવશો. ૧૫-૦૫-૨૦૧૦ થી ૧૫-૦૬-૨૦૧૦ દરમિયાન ખોટી દોડધામ વધી જતાં અકસ્માત સર્જાવાના યોગ બને છે. બને તો સહકુટુંબ એક જ વાહનમાં મુસાફરી કરવાનું ટાળજો. આમ તો તમે ૦૨-૦૫-૨૦૧૦ પછીથી ઘરેથી પણ ઘણો બધો કારોબાર ચલાવી શકો તેમ છો, અને રાહત પણ મળશે. આમ આરોગ્યની દ્રષ્ટિએ બીજો કોઈ વાંધો આવતો નથી. ભૈરવદાદાની આરાધના કરજો, પ્રાર્થના કરજો કે શરીર સુખ સારૂં આપે, સ્વસ્થ રાખે.

આર્થિક દ્રષ્ટિએ :- આપ જે પણ કામ કરશો તેનું કંઈક ને કંઈક વળતર મળતું જણાય છે. કામમાં સફળતા મળતી જણાય છે અને જો ભગવાનને માથે રાખીને કામ કરશો તો જરૂરથી નિરાશ થવુ પડશે નહીં. જેમને કામ કરવું જ છે તેમને મળી પણ રહેશે જ પણ જો મનમાં પાપ ભર્યુ હશે તો સફળતા પ્રમાણમાં ઓછી મળશે તે પણ નક્કી જ છે. ૨૫-૧૦-૨૦૦૯ થી ૧૨-૧૧-૨૦૦૯ દરમિયાન ચાલુ કામ સિવાય વધારાની આવક ઉભી થતી જણાય છે. ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૭-૧૧-૨૦૦૯ દરમિયાન ધંધામાં સારો લાભ મળે. ૧૬-૧૧-૨૦૦૯ થી નશીબ થોડું પાછુ પડતું હોય તેવું લાગે પણ દૂરના કામકાજમાં સારો લાભ મળે. ૧૯-૧૧-૨૦૦૯ થી ૦૨-૧૨-૨૦૦૯ દરમિયાન ધારી સફળતા ન મળે. અથવા સામાન કે ચેક/ડ્રાફટ ચોરાઈ જાય તેવું બને અને ખોટી રીતે પોલિસથી સંડોવવાનો વારો આવી શકે. કાળજી લેશો તો બચી જશો. ૦૧-૧૨-૨૦૦૯ થી ૦૬-૦૨-૨૦૦૯ દરમિયાન તમે ઘણું કામ કરી શકશો. ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન નોકર-ચાકર વર્ગથી સાચવજો. ૦૬-૦૨-૨૦૧૦ થી ૨૬-૦૨-૨૦૧૦ દરમિયાનનો સમય અતિશ્રેષ્ઠ રહેશે. લેવાય તેટલો લભ લઈ લેવા જેવો ખરો. ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન વેપારમાં સારો લાભ થાય. ઘરે બેઠા લક્ષ્મી આવ્યા જેવું લાગે. ૧૪-૦૩-૨૦૧૦ થી ૩૦-૦૩-૨૦૧૦ દરમિયાન ભાગીદાર પણ વધુ સક્રિય થતા મોટો લાભ મળે. ૨૬-૦૫-૨૦૧૦ સુધી સટ્ટાકીય પ્રવૃત્તિમાં જાળવીને કામ કરજો નહીંતર નાણાં ગયા ખાતે સમજજો. ૦૯-૦૬-૨૦૧૦ થી ૦૫-૦૭-૨૦૧૦ દરમિયાન ધંધામાં બહુ લાભ ન મળે. ૦૬-૦૭-૨૦૧૦ થી ૨૩-૦૭-૨૦૧૦ દરમિયાન સંપૂર્ણ નિષ્ક્રિયતા જેવું વાતાવરણ ઉભુ થાય. ૧૬-૦૭-૨૦૧૦ થી ૧૭-૦૮-૨૦૧૦ દરમિયાન ભાગ્યનો કોઈ સાથ જ મળતો નથી તેવું લાગશે. ૦૧-૦૮-૨૦૧૦ થી મિત્રો કામમાં મદદરૂપ બને, નોકરોનો પણ સહકાર મળશે. ૩૦-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન કામકાજ ધમધોકાર ચાલે. જેઓ નોકરી કરતાં હશે તેમને બદલી કે બઢતી કે બંનેના યોગો બને છે અને ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત દરમિયાન તમે ઘણું બધુ દેવું ઓછું કરી શકો તેમ છો. આમ નાણાંકીય દ્રષ્ટિએ તો વરસ ઘણું સારૂં જણાય છે.

કૌટુંબિક દ્રષ્ટિએ :- આ વર્ષે કોટુંબિક ઝઘડાનું પ્રમાણ ઓછું રહેશે. છતાં યે પૂર્ણ શાંતિ તો ૨૬-૦૫-૨૦૧૦ પછીથી શક્ય બનશે. ૧૭-૧૧-૨૦૦૯ થી તેઓ પરેશાન રહેતાં તમે પરેશાન બનશો. ૨૦-૦૭-૨૦૧૦ પછીથી તેઓને વધુ રાહત રહેશે. જો કે નાણાંકીય રીતે તેઓ સદ્ધર જ હશે. નાના ભાઈ બહેન સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પરેશાન વધુ રહેશે. તેમને એવું લાગશે કે તેમને તકદીરનો સાથ મળતો નથી. જો તેઓ અભ્યાસ કરતાં હશે તો અવશ્ય સારૂં ફળ મળશે. જો તેઓ નોકરી કરતાં હશે તો તેમને બદલી કે બઢતી મળતી જણાતી નથી. નવી નોકરી મળવી પણ મુશ્કેલ જણાય છે. અવિવાહિત હશે તો લગ્નની શક્યતા રહેલી છે. કદાચ તેઓ પરીણિત હોય અને સારા સમાચાર હોય તો કાળજી લેવી પડશે નહીંતર કસુવાવડ-ગર્ભપાત થવાની શક્યતા રહે છે. આ વર્ષે તેમને સંપતિ વસાવવાના યોગ પણ ઓછા બને છે. માતાનું સ્વાસ્થ્ય સારૂં રહે પણ વાયુથી પરેશાન રહે. માતા પણ તેમના કુટુંબીજનોથી પરેશાન રહેશે. જો તેઓ નોકરી કરતાં હોય તો જ્યાં છે ત્યાં જ સારૂં છે. જો કે તેમનું ભાગ્ય ૦૨-૦૫-૨૦૧૦ પછીથી દોડતું થાય છે. આ વર્ષે તેમના નામે પણ સંપતિમાં ફેરફારને અવકાશ ઓછો રહે છે. સંતાનની દ્રષ્ટિએ જોઈએ તો તેઓનું દિમાગ ફટકેલું રહેશે. તેમનો ગુસ્સો ભારે રહેશે. તેઓ શેનાથી પરેશાન છે તેની તેમને ખુદને જ સમજ પડશે નહીં. જો તેઓ અભ્યાસ કરતાં હશે તો વર્ષારંભે કાળજી વધુ લેવી પડશે. તેમાં પણ જેઓ સ્નાતક કક્ષામાં હશે તેમને વધારે પરેશાની ભોગવવાની થશે. જો તેઓ કામ કરવા ઈચ્છતા હશે તો કામ તો મળી જ રહેશે. અને કામ કરતાં હશે તો બદલી કે બઢતી પણ મળતી જણાય છે. જો તેઓ અવિવાહિત હશે અને લગ્ન કરવાં હશે તો તે પણ શક્ય બનશે. અને પરીણિત સંતાન ઈચ્છુકને ત્યાંથી ખુશખબર પણ પ્રાપ્ત થતાં જણાય છે. તેમને પરદેશગમનની પણ શક્યતા રહેલી છે. જીવનસાથી અપને કામમાં મદદરૂપ બની શકશે. તેમનું સ્વાસ્થ્ય સારૂં રહેશે અને જો તેઓ કામ કરવા ઈચ્છતા હશે તો જરૂરથી કામ મળી રહેશે. જો કે તેમની ભાષા ઉગ્ર રહેશે. અને કામ કરતાં હશે તો બદલી કે બઢતી ૦૨-૦૫-૨૦૧૦ પછીથી મળતાં જણાય છે. તેમને નામે સ્થાવર જંગમ મિલકતમાં ફેરફાર કરવો હશે તો તે શક્ય બની શકશે. પિતાનું સ્વાસ્થ્ય સારૂં રહેશે. વાયુ તેમને વધુ પરેશાન કરશે. તેમના હૃદયને ચેન પડશે નહીં. જો તેઓ નોકરી કરતાં હશે તો તેમને બઢતી મળવાની શક્યતા રહેલી છે. તેમના મિત્ર સાથેના સંબંધો કપાઈ જતા જણાય છે. મિત્રોની નજર પણ તેમના નાણાં ઉપર રહેશે. જ્યારે મોટા ભાઈ બહેન શંકાશીલ વધુ બનશે. તેઓ મિલિટરીના માણસ જેવું વર્તન કરશે. તેમના જીવનસાથી કહેશે તે પ્રમાણે વર્તન કરીને પરેશાની વધારશે. અને જે પણ પરાક્રમ કરશે તે અવિચારી હશે. આમ કુટુંબની જૂદી જૂદી વ્યક્તિઓથી કેવું ફળ આપને મળી શકે તેમ છે ટૂંકમાં જોયું છે.

સ્થાવર-જંગમ મિલકતની દ્રષ્ટિએ :- આ વર્ષે આપને સંપત્તિમાં ફેરફાર કરવો હશે તો તે શક્ય બનશે. વર્ષની શરૂઆતથી ૨૦-૧૨-૨૦૦૯ સુધી તથા ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીનો સમય ઘણો સારો છે. મકાનમાં સમારકામ કરાવવું હશે તો તે પણ શક્ય બનશે. અને તેને એકદમ નવા અંદાજમાં કે એકદમ જૂની શૈલીમાં પણ રજૂ કરી શકાય તેમ છે. નવું મકાન-દુકાન-ઓફિસ કોઈપણ ધાર્મિક સ્થળની નજીકમાં હોય તેવું જણાય છે. આ સિવાય મોજશોખની આધુનિક ચીજો પણ વસાવી શકાય તેમ છે. મ્યુઝિકલ સિસ્ટમ છે, વાહન છે કે અદ્‌ભુત રચના છે તેને વસાવી શકાશે. જર ઝવેરાત માટે સારો સમય છે. વર્ષની શરૂઆતથી ૨૭-૧૧-૨૦૦૯ સુધી; ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ સુધી; ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ સુધી; ૧૫-૦૫-૨૦૧૦ થી ૦૯-૦૬-૨૦૧૦ સુધી; ૦૧-૦૮-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીનો સમય ઘણો સારો જણાય છે. આ વર્ષે મકાન-જમીનમાં રોકાણ કરવું લાભકારક બનશે પણ મન કેટલું માને છે તે જોવાનું રહે છે. મનમાં ગડમથલ બહુ જ ચાલતી હશે.

સંતાનની દ્રષ્ટિએ :- આ વર્ષે જો આપ સંતાન ઈચ્છુક હશો તો આપની ઈચ્છા પરિપૂર્ણ થતી જણાય છે. જો આપના પરીણિત સંતાન હોય અને તેઓ ઈચ્છા ધરાવતા હશે તો તેમની ઈચ્છા પણ સંતોષાતી જણાય છે. અને આમ આપને દાદા-દાદી કે નાના-નાની બનવાના યોગો પણ બને છે. સંતાનનું દિમાગ આ વર્ષે વિચિત્ર ચાલશે. તેઓ મારફાડ પ્રવૃતિમાં ધકેલાઈ ન જાય તેની કાળજી લેશો. ૧૭-૧૧-૨૦૦૯ સુધી તેમને સુખ શું ચીઝ છે તેનો પણ અહેસાસ થતો જણાતો નથી. અને પછીથી તેમના ભાગ્યમાં

રૂકાવટો આવતી જણાય છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ માનસિક પરેશાન તો શારીરિક પરેશાન રહેવાશે જ. ૨૦-૧૨-૨૦૦૯ સુધી તો અભ્યાસમાં બહુ વાંધો આવતો જણાતો નથી. પણ પછીથી કાળજી લેવી પડે. જેમની પરીક્ષા ૦૨-૦૫-૨૦૧૦ પછીથી છે તેમને પણ કોઈ વાંધો આવતો જણાતો નથી. જેઓ કામ-નોકરી શોધી રહ્યા છે તેમને બદલી કે બઢતી મળી શકે તેમ છે. જેઓ પરદેશ જવાની ઈચ્છા ધરાવતા હશે તેમની મનની મુરાદ પૂરી થતી જણાય છે. અને જેઓ સ્થાવર-જંગમ મિલકત વસાવવા માંગતા હશે તેમની આશા પણ પરિપૂર્ણ થતી જણાય છે. તેઓ મિલકતમાં રોકાણ કરી શકે તેમ છે. આધ્યાત્મિકતા તરફ આગળ વધવું છે તેમને માટે પણ ૦૨-૦૫-૨૦૧૦ થી સમય સારો ચાલે છે. તેમના મિત્રો જ દુશ્મન ન બને તેની કાળજી તેમણે જ લેવાની રહેશે. મિત્રોના મિત્રો થકી ઘણાં પ્રશ્નો ઉભા થતા જણાય છે. ૨૬-૦૫-૨૦૧૦ થી સંતાનનો સમય સારો ચાલુ થતો જણાય છે. જેઓ અવિવાહિત છે તેમના વિવાહ કે લગ્ન પણ આ વર્ષે કરવા હશે તો તે શક્ય બનશે જ. જો તેમને આરાધન કરવું હોય તો ગણપતિજીનું આરાધન કરશે તો ઘણું જ સારું ફળ પ્રાપ્ત થશે તેમાં શંકાને કોઈ સવાલ જ નથી. ટૂંકમાં વર્ષ સારું જ છે.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! વરસ ઘણું જ સારું છે સારી ટકાવારી લાવી શકાય તેમ છે. શંકા-કુશંકાઓને દૂર કરીને કામકાજમાં-ભણવામાં મચી જ પડો અને ધાર્યા ગુણ અને વર્ગ લાવીને સફળતા મેળવો તે માટે એડવાન્સમાં શુભેચ્છા પાઠવી દઉં છું. આ વર્ષે શનિની પનોતી નથી. વળી ગુરુ મહારાજ તમને પ્રોત્સાહન આપી રહ્યા છે. ફક્ત રાહુ તમને આડા અને અવળા રસ્તે લઈ જવાનો પ્રયત્ન કરે છે. મનને શાંત કરી અને સારા ગુણ પ્રાપ્ત કરવાના સંકલ્પ સાથે અભ્યાસ વધારી દો અને સમયનો લાભ લઈ લો. ધો-૧૨ કે તેથી નીચેના વર્ગમાં અભ્યાસ કરતાં બાળકોને ફક્ત પ્રશ્નપત્રનો ડર જ રહેશે. ઉત્તરો તો અચાનક જ મનમાં યોગ્ય આવી જ જશે. ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાનનો સમય તમને સામાજિક અને આર્થિક સ્ટેટસ અપાવે તેવો છે. પરીક્ષા સારી જશે તો બધા જ હૉશિયાર છે તેવું કહેશે અને કામ કરવું હશે તો તે કરીને આર્થિક લાભ પણ ઉત્પન્ન કરી શકાશે. તમને ફક્ત ભૌતિકશાસ્ત્રનું પેપર સહેજ અઘરું લાગશે છતાં પણ તેમાં સારા ગુણ આવશે. વાણિજ્ય અને સામાન્ય પ્રવાહના બાળકોને તો પરીક્ષા જેવું કશું લાગશે જ નહીં. ધો.૧૦ થી નીચેના વર્ગમાં ભણતા બાળકોએ શિલ્પ-ચિત્રકામ તથા પી.ટી. ના વર્ગોમાં ધ્યાન આપવું પશે. પાસ તો જરૂરથી થઈ જ જવાશે. સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ એનેટોમીમાં વધુ ધ્યાન આપવાનું રહેશે. મસ્તિષ્ક ઉપર વિશેષ લક્ષ્ય આપશો. વાણિજ્ય શાખાના વિદ્યાર્થીઓએ એકાઉન્ટસમાં તથા સી.સી. માં કાળજી લેવાની રહેશે. આર્ટસ અને આર્કીટેકટ તથા મેસ્સ. અને સ્ટેટેસ્ટીકસના વિદ્યાર્થીઓને વરસ સારું રહેશે. ફાઈન આર્ટ, એન.ડી.એ.; એન.આઈ.ટી; ફેશન ડિઝાઈનીંગના વિદ્યાર્થીઓ વધુ સારી વસ્તુઓ બનાવીને નવો અભિગમ બતાવી શકશે. જ્યારે અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રો માનસિક વધુ પરેશાની અનુભવશે. તેઓ જો કે સિઝોફેનિયાક બની ન જાય તેની પણ કાળજી લેવાની રહેશે. અને તેઓ કદાચ ડ્રોપ લેવાનો વિચાર કરતાં હોય તો તે પડતો મૂકવાની જરૂર છે. પરિણામ સારૂં આવશે ચિંતા કરશો નહીં. જેઓ સંશોધન ક્ષેત્રથી સંકળાયેલા છે તેઓને પદવી આ વર્ષે જરૂરથી મળી શકે તેમ છે. જલદી જલદી પૂરું કરી પદવી હાંસલ કરી લો. પરીક્ષા પછીથી જેમને કામ કરવું હશે - નોકરી કરવી હશે તેમને મળી જશે. અને જેઓ નોકરી કરતાં હશે તેમને બદલી અને બઢતી બંને મળતા જણાય છે. તથા જેઓ પરદેશ જવાનું વિચારતા હોય તેમને માટે પણ સમય સાનુકૂળ છે. આમ દરેક રીતે વિદ્યાર્થઓ માટે વરસ સારૂં છે. ફક્ત ભુલભુલૈયા જણાશે. મનમાં દ્વિધા રહેશે અને સમજણ નહીં પડે કે શું કરવું છે ? ભૈરવદાદાનું ધ્યાન-આરાધન કરી તેમને બધી જવાબદારી સોંપી તમે આગળ વધો. અને જીવનનું ધ્યેય-લક્ષ્ય પાર પાડો એ જ આશિર્વાદ.

સ્ત્રીઓની દૃષ્ટિએ :- બહેનો ! આ વરસ આમ તો ઘણું જ સારૂં હશે. પણ તમારું મન ઠેકાણે નહીં હોય. શું કરવું અને શું ન કરવું તેની જ સમજ પડશે નહીં. પરિણામે તમે પરીણિત હશો તો બંને વચ્ચે ઝઘડા ઉભા થવાના. બીજું તમે જ સાચા છો એ તમારો અહમ્ બાજુએ મૂકશો તો સુખી થશો. વધુ પડતો ગુસ્સો પણ ખોટું પરિણામ લાવી શકે છે. ૨૬-૦૫-૨૦૧૦ સુધી માસિકની સમસ્યા પણ નડી શકે છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ ગર્ભવતી સ્ત્રીઓએ વધુ કાળજી લેવી પડશે. બીજી કોઈ મોટી બિમારી જણાતી નથી. જો આપ અભ્યાસ કરતાં હોવ તો આપ જરૂરથી પાસ થઈ જશો પણ વધુ સારા ગુણથી પાસ થવું હોય તો બીજી બધી ચિંતા અને પંચાત છોડીને અભ્યાસમાં બરાબર લાગુ પડી જાવ અને સારા ગુણથી પાસ થઈ જાવ. અનુસ્નાતક કક્ષામાં ભણતી સન્નારીઓએ વધુ ધ્યાન આપવું પડશે. જેઓ કામ કરવા માગતા હશે તો તેમને કામ મળી રહેશે. જેઓ કામ કરતાં હશે તેમને બદલી કે બઢતી બંને મળી શકે તેમ છે. જો તમો સહકારીય કામકાજથી જોડાયેલા હોવ તો બહુ જ સાચવીને કામ કરશો. નહીંતર ઘણું બધુ ગૂમાવવાનો વારો ૨૬-૦૫-૨૦૧૦ સુધી રહેલો છે. પછીથી ભાગ્ય પ્રબળ થતાં લાભ થઈ શકે એમ છે. આ વર્ષે કુટુંબના સભ્યો તમને કામકાજમાં મદદરૂપ બની શકે છે. તેમના સ્વભાવમાં પણ આવેલું પરિવર્તન જોઈ શકાશે. જો કે તેઓને પરેશાન રહેવાનું શક્ય બનશે. માતા-પિતાને બહુ વાંધો આવતો નથી. સંતાનને વધારે પરેશાની રહેશે. જીવનસાથી મસ્ત થઈને રહેશે અને તેઓ આપના કામમાં મદદરૂપ પણ બનશે. જો કે જાહેરજીવનથી અલિપ્ત થવાના યોગો સારા બને છે. મોટા ભાઈ બહેન તેમના કર્મથી દુઃખી રહેશે. આર્થિક રીતે તમે આ વર્ષે જો દેવું હશે તો ઘણું બધું ચૂકાવી દેશો. ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન તમે આર્થિક, સામાજિક કે રાજકીય પ્રતિષ્ઠા મેળવી શકો છો. આ વર્ષે આપ અવિવાહિત હોવ તો વિવાહ-લગ્નના યોગો બને છે. અને જો પરીણિત હોવ તો મનને શાંત રાખીને વર્તશો તો વધુ ફાયદો થશે, નહીંતર લગ્નજીવનમાં કકળાટ અને કંકાશ રહેશે. આ વર્ષે આપની ધાર્મિક ભાવનામાં વધારો થતો જણાય છે. ૦૨-૦૫-૨૦૧૦ થી તે વધુ વધતી જણાય અને બીજી બાજુએ ધર્મ પરત્વે શંકાનું વાતાવરણ ઉભુ થાય. આપના નામે સ્થાવર-જંગમ મિલકત વસાવવી હશે તો તે શક્ય બનશે. મિલકતમાંથી આવક ઉભી થવાના યોગો ૨૬-૦૫-૨૦૧૦ પછીથી બને છે. આપને મુસાફરી અને યાત્રા એમ બંને યોગો બને છે. ૨૬-૦૫-૨૦૧૦ પછીથી પરદેશ જવાની તકો પણ ઉજળી રહેલી છે. આપનો મિત્રવર્ગ થોડે ઘણે અંશે પરેશાન રહેશે - તેમના શંકાશીલ સ્વાભાવથી - કામ મક્કતમાથી લેવા બાબતે - મનમાં પાપ રહેલું હોવાથી અને વધુ પડતા મોજશોખના લીધે કુટુંબીજનોથી દુઃખી થવાનું લખાયેલું છે. આપના પ્રિયપાત્રને પણ દુઃખી થવાનું છે તેના અહમવાળા સ્વભાવથી - ખોટું રાજકારણ રમીને અને સહકારીય પ્રવૃત્તિ થકીથી. આપને આરાધના કરવી હોય તો ગણપતિજીની અને ભૈરવદાદાની કરવી જોઈએ જેથી સારી રાહત મળે.

વિશેષ વિગતો :- ૨૫-૧૦-૨૦૦૯ થી આપને ચાલુ કામકાજની આવક સિવાય વધારાની આવક ઉભી થતી જણાય છે. ૦૩-૧૧-૨૦૦૯ થી આપના દુશ્મનો પણ મિત્ર બનતા જણાય છે. પણ સાચવીને કામ કરજો. નોકર-ચાકરની મદદથી કામ ધંધો વધારી શકાશે. ૧૨-૧૧-૨૦૦૯ થી દૂરનું કામ સારૂં થઈ શકે. ભાગીદારને કે જીવનસાથીને યાત્રા-પ્રવાસનો યોગ બનતો જણાય છે. ૨૭-૧૧-૨૦૦૯ થી મિત્રો બહાર ફરવાના શોખીન રહે અને તમે તેમને સાથ આપો પણ ખરા. ૦૧-૧૨-૨૦૦૯ થી તમે કામકાજ ને વધુ મહત્વ આપશો. જો કે ૧૭-૧૧-૨૦૦૯ થી તમારા મનને શું થયું છે તે જ સમજમાં આવશે નહીં. વધુ પડતા ચિડિયા થઈ જશો. થોડી શાંતિ અને ધીરજ રાખવી જરૂરી ખરી. ૧૬-૧૨-૨૦૦૯ થી તમને એવું લાગશે કે ભાગ્ય કામ કરતું નથી અને ૨૯-૧૨-૨૦૦૯ સુધી આપનો સ્વભાવ ઉગ્રપણ બની જાય તો નવાઈ નહીં. પછીથી શાંતિ મળશે. જો કે ૨૧-૧૨-૨૦૦૯ થી મિત્રવર્ગનો સારો સહકાર મળતા રાહત અનુભવાશે. ધંધામાં વધુ પડતા સક્રિય રહેશો તો દુઃખ જલદીથી ભૂલી જવાશે. ૧૪-૦૧-૨૦૧૦ થી તમે કામમાં અને તે સિવાય વધારાની આવક ઉભી કરવાની પેરવીમાં હશો. તમારી વાણીમાં પણ ફેરફાર થતો જણાશે. અને તમારું ભાગ્ય તમને મદદ કરી રહ્યું છે તેવું લાગશે. ૨૦-૧૨-૨૦૦૯ થી તમારી હિંમત ખૂલતી જશે અને સાહસ ઉઠાવવા પણ તૈયાર થઈ જશો. ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન ભાગ્ય તમને ધન અપાવતું હોય તેવું લાગશે. ૦૬-૦૨-૨૦૧૦ થી તમે જે પણ કામ કરશો તેમાં વળતર મળી રહેશે. જો કે જીવનસાથી આપની પાસેથી નાણાંકીય અપેક્ષા રાખશે. ૨૬-૦૨-૨૦૧૦ થી ૦૨-૦૩-૨૦૧૦ દરમિયાન મિત્રો સાથે નાના પ્રવાસનું આયોજન શક્ય બનશે. ૧૪-૦૩-૨૦૧૦ સુધી કામકાજ અર્થે મુસાફરી કરવાની થાય. ૧૪-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન મોજશોખ-વૈભવ વિલાસ વધી જાય. ઘરમાં આનંદનો માહોલ રહે. ઘરે મિત્રોની અને સંબંધીઓની અવર જવર વધી જતી જણાશે. ૨૭-૦૩-૨૦૧૦ થી તમે મિત્રોના

લીધે સહાકીય પ્રવૃત્તિ તરફ વળતા જણાવ છો. ૩૦-૦૩-૨૦૧૦ થી ૦૬-૦૬-૨૦૧૦ દરમિયાન તે તમારી બીજી પ્રવૃત્તિ બની શકે છે. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન મિત્રો જ શત્રુનું કામ નિભાવતા જોવા મળશે. ૧૪-૦૪-૨૦૧૦ થી ૨૭-૦૪-૨૦૧૦ દરમિયાન સટ્ટામાં ઉથલ પાથલ થતાં તમારા આત્મવિશ્વાસને ઠેસ લાગી શકે. સંતાન પણ વધુ પડતો અહમ્ ધરાવશે. ૧૫-૦૫-૨૦૧૦ થી ૦૯-૦૬-૨૦૧૦ દરમિયાન મિત્રો આપની કાળજી લેશે, ધ્યાન રાખશે અને જીવનસાથીને રાહત પૂરી પાડતા જોવા મળશે. ૨૬-૦૫-૨૦૧૦ થી સંતાન આપને મદદરૂપ બની શકે. જ્યારે ૦૨-૦૫-૨૦૧૦ થી તમને કામમાં સફળતા મળવાની શરૂ થશે અને બધા આપની તરફ દોડી આવતાં જોવા મળશે. ૦૬-૦૬-૨૦૧૦ થી કામકાજમાં હાથ નીચેના માણસો ઉપર વિશ્વાસ મૂકવાનો આવી શકે. ૧૫-૦૬-૨૦૧૦ થી તમારા જીવનસાથીને કંઈક પ્રશ્નો ઉભા થાય. ૨૨-૦૬-૨૦૧૦ થી તેમની તબિયત વધુ બગડે. તેમણે ખોટા સાહસથી દૂર રહેવું જરૂરી થઈ પડશે. બને તો તમે જાહેરજીવનથી ૦૬-૦૭-૨૦૧૦ સુધી અલિપ્ત રહેશો તો વધુ સારૂં રહેશે. ૦૬-૦૭-૨૦૧૦ થી ૨૩-૦૭-૨૦૧૦ દરમિયાન કામકાજમાં ભલીવાર આવશે નહીં. જો કે મિત્રો તમને ધર્મકાર્યમાં અને ભાગ્યને ઉંચું લાવવામાં સાથ આપશે. ૨૦-૦૭-૨૦૧૦ થી સંતાનની તબિયત થોડી ઘણી નરમ ગરમ રહેશે. ૧૬-૦૭-૨૦૧૦ થી તેમાં પણ ૨૦-૦૭ થી ૦૩-૦૮-૨૦૧૦ દરમિયાન તમને એવું લાગશે કે ભાગ્યનો સાથ મળતો નથી. ૧૭-૦૯-૨૦૧૦ થી તમારૂં કામકાજ સારૂં ચાલતું હોવા છતાં કંઈક કમી છે તેવું મહેસૂસ થશે. ૩૦-૦૯-૨૦૧૦ થી ગ્રહો ઘણું સારૂં ફળ આપતા જોવા મળશે અને તમારો વર્પાન્ત સુધરી જતો તમે જોઈ શકશો. જો તમારે આરાધના કરવી હોય તો ભૈરવદાદાની ખાસ કરજો. અને ગણપતિજીની તથા જૈનોએ વાસુપૂજ્ય સ્વામિની કરવી જેથી રાહત મળે. કોઈક જ વ્યક્તિને બધા જ પ્રકારનું સુખ મળે છે બાકી કંઈ ને કંઈ પરેશાની ચાલ્યા કરે.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- આ વર્ષમાં કુટુંબીજનો માટે લાગણી ઘણી રહે. કામકાજમાં ઘણાં પ્રવૃત રહેશો. જે કામ કરશો તેનું વળતર મળી રહેશે. કામમાં મજા પણ આવશે. મિત્રો પણ મદદ કરશે. જીવનસાથીનો સાથ-સહકાર સારો મળે. તા. ૨૫-૧૦ થી ચાલુ કામ સાથે વધારાની આવક ઉભી થાય. તા. ૦૩-૧૧ થી મિત્રોનો સહકાર ઘણો સારો મળે. જો કે સહાકીય કામ બહુ જ સાચવીને કરવું. તા. ૦૪-૧૧ થી કુટુંબીજનોનું વલણ પણ સુધરતું જોવા મળશે. તા. ૧૨-૧૧ થી કામકાજ માટે બહાર જવાનું થાય. અથવા દૂરનું કામ કરી શકાય. તા. ૧૬-૧૧ થી ગુસ્સો વધે, ભાગ્ય નડે છે તેવું લાગે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- ઘણાં બધા અનુભવો આ મહિનામાં થાય. જાત જાતની વ્યક્તિને પણ મળવાનું થાય. તા. ૧૭-૧૧ થી તબિયતમાં ગરબડ શરૂ થવાનું સૂચન મળે છે. વિચારો વિચિત્ર આવે અને સ્વભાવ ચિઢિયો બની જાય. તા. ૨૭-૧૧ થી હરિફ વર્ગ વધુ દોડાદોડી કરે. મિત્રો બહાર ફરવામાં મશગૂલ રહે. મોટા ભાઈ બહેન નાણાં પાછળ પડેલા જોવા મળે. તા. ૦૧-૧૨ થી જીવનસાથી માટે લાગણી થાય. કર્મ પ્રધાન બનો. કામ વધુ રહે. નાના ભાઈ બહેનની વર્તણૂંક સુધરે. તા. ૦૭-૧૨ થી નાના ભાઈ બહેન લાગણીશીલ બને. તા. ૧૫-૧૨ થી ભાગ્ય ફેરવાતું જણાય. ગુસ્સો ઓછો થાય. પણ અહમ્ વધે. પિત્ત વધે. માન મેળવવાની લાગણી થાય. સારૂં છે.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- મનને અને સ્વાસ્થ્યને ઘણાં બધા પરિબળો અસર કરે. જીવનસાથીની લાગણીને પૂરૂં માન આપશો. તેમનું સ્વાસ્થ્ય પણ બરાબર ન રહે. માનસિક મૂંઝવણ વધુ અનુભાવ. રિલેક્ષ થાવ, બધો સમય સરખો નથી હોતો. તા. ૨૦-૧૨ થી સંતાનનું વર્તન વિચિત્ર રહે. તે પણ બેચેની અનુભવે. તમે હિંમતથી કામ કરી શકો. આર્થિક, સામાજિક કે રાજિકય પરિસ્થિતિમાં પરિવર્તન આવે. તા. ૨૧-૧૨ થી નોકર-ચાકરનું ધ્યાન બરાબર રાખશો. મિત્રો નજદીક આવે. તા. ૨૬-૧૨ થી કામકાજ થોડું મંદ પડે. તા. ૧૩-૦૧ થી કામનું વળતર ઓછું મળે. તા. ૧૪-૦૧ થી ભાગ્યથી ધન મળે. તા. ૧૫-૦૧ થી ફરીથી કામકાજ વ્યવસ્થિત થતાં કામને મહત્વ વધુ આપશો.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- નાના ભાઈ બહેનને ઘણાં પરિબળો અસર કરે. આપને પણ ભાગ્યનો સાથ મળતો જણાય. અચાનક જ ભાગ્યમાં ફેરફાર જોવા મળે. નાની નાની મુસાફરી કરવાની થાય. હિંમતથી પરિસ્થિતિનો સામનો કરી શકો. તા. ૨૭-૦૧ થી કામ કરવાની પદ્ધતિમાં ધીમી ગતિનો સુધારો જોવા મળે. તા. ૦૬-૦૨ થી જીવનસાથી નાણાંની માંગણી કરે. જે કામ કરો તેનું વળતર મળે. મોજેખમાં વધારો થાય. નફાનું પ્રમાણ વધે. તા. ૧૩-૦૨ થી ભાગ્ય ધીમી ગતિએ દોડતું જોવા મળે. એકંદરે મહિનો સારો છે.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- ઘણાં બધા પરિબળો સાહસ કરવા પ્રેરશે. ખોટા સાહસથી દૂર રહેજો. નાના ભાઈ બહેનને સમજવા અઘરાં થઈ પડશે. તા. ૨૬-૦૨ થી કામકાજ માટે મુસાફરી કરવાની થાય. જિવનસાથીને ધાર્મિક જાત્રા કરવાનું શક્ય બને. તા. ૦૨-૦૩ થી આપ મોજશોખ તરફ આકર્ષાશો. નવું વાહન કે સંપત્તિ વસાવવાના યોગ બને છે. તા. ૧૦-૦૩ થી નાણાંકીય આવકમાં ફેર પડે. સંતાનનું સ્વાસ્થ્ય સુધરે. તા. ૧૪-૦૩ થી ધર્મ ઘરે રહીને પણ સારો થઈ શકે. કામ થાય. સરકારી કામમાં સફળતા મળે. ઘરેથી કામમાં તકલીફ ન પડે. જીવનસાથી પણ કાર્યરત બને.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- મન અને આત્માને શાંતિ ઓછી મળે. કામમાં કંઈ ને કંઈ ડખાં ઉભા થાય. ઘરની અંદરની ચહલપહલથી અશાંતિ સર્જાય. છતાં પણ મોજશોખ અને વૈભવ વિલાસ વધે. સટ્ટાકીય બાબતોમાં કાળજી લેશો. કદાચ ઘણાં બધામાં ગૂમાવવાનો વારો આવે. મન વિચિત્ર પગલાં લેવાનું વિચારે. તા. ૨૭-૦૩ થી આપ ઈશ્કબાજી તરફ આગળ વધી શકો. મિત્રો સટ્ટાકીયક્ષેત્રે માર્ગદર્શન આપે. હરિફ વર્ગ તમારી પરિસ્થિતિનું અવકલોકન કરતો જણાશે. તા. ૩૦-૦૩ થી કામકાજમાં સટ્ટાને વધુ મહત્વ અપાય. સંતાન વધુ ચકોરતા દાખવે. તા. ૧૪-૦૪ થી ભાગ્યનો સહકાર મળે.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી ૧૪-૦૫-૨૦૧૦) :- સંતાનની પ્રવૃત્તિ વધે. તમે પણ ઈશ્કબાજીમાં પ્રવૃત્ત થઈ જાવ. કામકાજ અંકદરે સારૂં રહે. ભાગીદાર સાથે ખટપટ રહે. જીવનસાથી વધુ પડતું સાહસ ઉઠાવતા નજરે પડે. તા. ૦૨-૦૪ થી હરિફ વર્ગ રંગમાં આવી જાય અને પોતાનું પ્રદર્શન કરી બતાવે. નોકર ચાકરનું સુખ ઠીક ઠીક મળે. તા. ૨૩-૦૪ થી મિત્રવર્ગનું વર્તન વિચિત્ર રહે. જીવનસાથી પણ કંઈક અંશે વિચિત્ર વર્તે. તા. ૦૨-૦૫ થી તમે ઘરમાં સંપૂર્ણ ધ્યાન આપશો. ઘરે રહીને પણ કારોબાર કરશો. ધાર્મિકતા વધે. તેના પુણ્યથી કારોબાર સારો ચાલે. તા. ૧૪-૦૫ થી સામાજિક કાર્યમાં વધારો થાય.

નિજ વૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- જીવનસાથીને મોજશોખ વધુ જોઈએ. જો કે તેમના નામે આવક વધે. તેમને નાણાંની તંગી ન પડે. તેઓ હિંમતથી આગળ વધે. પણ તેમનો ગુસ્સો ભારે રહે. સંતાનને બોલવા વધુ જોઈએ. તેમને મુસાફરીનો યોગ થાય છે. તા. ૧૫-૦૫ થી મિત્ર આપનું ધ્યાન રાખે. જીવનસાથીને વિચિત્ર પ્રકારના શોખ-અભરખા ઉભા થાય. નોકર-ચાકરનું સુખ સારૂં મળે. વળી મોસાળની વ્યક્તિ ધ્યાન રાખે. તા. ૨૬-૦૫ થી સટ્ટાકીય કામમાં ભાગ્યનો સાથ મળે. સંતાન ભણવામાં રૂચિ બતાવે. તા. ૦૬-૦૬ થી જીવનસાથી શંકાશીલ બને. કામમાં હાથ નીચેના માણસોનો સહકાર જરૂરી. પિતાનું ભાગ્ય ખૂલે. તા. ૦૯-૦૬ થી મિત્ર સુખ ઓછું મળે.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- કામકાજ સારૂં થાય પણ હાથ નીચેના માણસોનો સહકાર જોઈએ. સરહકારી કામમાં લાભ મળે. જીવનસાથી માનસિક પરેશાની અનુભવે. પણ તેમને વધારાની આવક થાય છે. મિત્ર સુખ ઓછું જણાય છે. તા. ૧૫-૦૬ થી ભાગ્યના પ્રતાપે જાહેર જીવનમાં ભાગ લેવાનું શક્ય બને. જીવનસાથીને અને તમને પિત્ત પરેશાન કરશે. તા. ૨૨-૦૬ થી જીવનસાથી સ્વસ્થ બને. તમારું કામકાજ વધે. યશ-માન-ઈજ્જત મળે અને સુખી જણાવ તે નફામાં. તા. ૦૫-૦૭ થી મિત્રનો સહકાર મળે. નોકર ચાકરથી સારૂં રહે તે રીતે ભાગ્ય ફળતું લાગે. તા. ૦૬-૦૭ થી કામકાજ મંદ પડે, પિતાને લાભ.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા ૧૦-૦૮-૨૦૧૦) :- જાહેર જીવનમાં સહેજ સાચવજો - કોઈક કાંકરીચાળો કરતું હોય તેવું લાગે છે. નોકરી કામકાજમાં બદલી કે બઢતી સંભવે છે. ભાગ્યનો સાથ સહકાર સારો મળે છે. યાત્રા-પ્રવાસ શક્ય બને. તા. ૧૬-૦૭ થી ભાગ્ય કામ કરતું નથી તેવું લાગે. ઘરમાં નાણાંની ખેંચ રહેતી જણાય. ધર્મ પરત્વેના વલણમાં પણ ફેરફાર આવતો જણાય છતાંપણ ધર્મ ટકી રહે છે. તા. ૨૦-૦૭ થી મિત્રો તરફનું ખેંચાણ વધે. સંતાને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડે. તા. ૨૩-૦૮ થી કામકાજ માટે દોડવાનું થાય. સારૂં કામ મળે. જીવનસાથી પણ હિંમત દાખવે. તા. ૦૧-૦૮થી મિત્રો કામમાં મદદ કરે.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯૨૦૧૦):- ધાર્મિક છો અને ધર્મનો મહિનો શરૂ થાય છે. કામકાજ કરતાં કરતાં પણ સેવા-પૂજા અને વ્રત કરી શકો છો. ઘરે રહીને પણ કામકાજનું ધ્યાન રાખશો. ગણતરીપૂર્વક બધુ કામ થતું જણાય છે. દેશાવરનું કામ થાય.સંતાન પણ કામમાં મદદરૂપ બને. સહ્રાકીય કામ તરફ પણ લક્ષ્ય જતું જણાય છે. તા. ૧૭-૦૮ થી ભાગ્યનો સાથ મળે. ધાર્મિક ભાવમાં વૃદ્ધિ થાય. સંતાન અભ્યાસમાં ઉજ્જવળ રહે. તા. ૦૧-૦૯ થી તમે શોખીન વધુ બનો. દુશ્મન મિત્ર બનતા આવે. મિત્રો મોજમજામાં વધુ માનતા થાય. તા. ૦૬-૦૯ થી તમે ઈશ્કબાજી તરફ ખેંચાવ. સહ્રાકીય લગાવ વધે.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- થોડે ઘણે અંશે નિષ્ક્રિયતાવાળો મહિનો છે. કામકાજથી મન વ્યથિત રહે. જો કે માથે દેવું થતું નથી છતાંપણ ચિંતા-તનાવ રહે. સહ્રાકીય લાભ લેવાનો પ્રયત્ન કરશો. સંતાનને પણ મોજશોખ વધુ જોઈશે. તેઓ આક્રમક પણ વધુ રહેશે. શરૂઆતના પંદર દિવસમા જે સારા કામ હાથ ઉપર લેવા હોય તે લઈ શકાય. પછીના પંદર દિવસો શ્રાદ્ધના હોવાથી કોઈ મેળ પડશે નહીં એટલે નવરાત્રિની રાહ જોવી પડે. તા. ૧૭-૦૯ થી કામ સારું ચાલે. યશ-માન મળે, સ્ફુર્તિ રહે. ભાગ્ય ફરતું જણાય. તા. ૩૦-૦૯ થી જીવનસાથીનો સહકાર સારો મળે. તેઓ તેમના ગૃહકાર્યમાં વ્યસ્ત રહે. તમે કામકાજ માટે વિટંબણામાં મૂકાવ.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦):- નવરાત્રિના દિવસોમાં કામકાજમાં વ્યસ્ત બહુ જ રહેશો. સાથે સાથે દાંડિયા-રાસનો લ્હાવો પણ માણશો. સંતાન સૌથી વધુ ઉમંગથી મોજ મજા માણશે. જીવનસાથી થોડાક ઈશ્કી મિજાજ ધરાવનાર રહેશે. તા. ૧૭-૧૦ થી ભાગ્યના જોરે વધારાની આવક ઉભી કરવાનો પ્રયત્ન થાય. મિત્રોનો અહમ્ વધે. નાણાંકીય આવક ચોક્કસ વધે. દલાલીમાં પણ મળે. સહ્રાકીય વલણ પણ લાભ અપાવે. તા. ૨૦-૧૦ થી સંતાનને મુસાફરીનો કે બહાર રખડવાનો યોગ બને છે. ગણતરીપૂર્વકની મુસાફરી થાય. તા. ૦૧-૧૧ થી સાહસ કરવાનું મન થાય. તથા તા. ૦૫-૧૧ થી જીવનસાથી સાથે યાત્રા પ્રવાસનું આયોજન થાય. દિવાળીના શુભ દિવસોની હૃદયપૂર્વક શુભેચ્છા.



મકર

ખ,જ

વિ. સં. ૨૦૬૬ના ખુબસૂરત ખુશનુમા સુપ્રભાતે આપનો રાશિ અધિપતિ શનિ ભાગ્યસ્થાને - ૯ મે કન્યા રાશિથી ધીમી ગતિએ પ્રસ્થાન ચાલુ રાખે છે અને વર્ષાન્તે રાશિ કે ભાવ બદલ્યા વગર જ ૯ મે કન્યા રાશિમાંથી જ પસાર થાય છે. તેવી જ રીતે ૧૨ મા ભાવે ધન રાશિમાં રહેલ પ્લુટો પણ રાશિ કે ભાવ બદલ્યા વગર જ ત્યાં ને ત્યાં જ રહે છે. વર્ષારંભે દેહભાવે આપની મકર રાશિમાથી ગુરુ - રાહુ અને નેપ. મુસાફરીને આગળ ધપાવે છે, નેપ. એક ભાવ અને રાશિ આગળ વધીને કુંભમાં રજે ભાવે જાય છે, તો ગુરુ થોડો વધુ આગળ જઈ પાછો આવીને તે પણ ૨ જા ભાવે કુંભ રાશિમાંથી વર્ષાન્તે પસાર થાય છે. જ્યારે રાહુ અને કેતુ વક્રગતિએ આગળ વધતાં રાહુ ૧૨ મા ભાવે ધન રાશિમાંથી અને કેતુ ૬ઠ્ઠા ભાવે મિથુન રાશિમાંથી વર્ષાન્તે પસાર થવા પામે છે. વર્ષારંભે ૭ મા ભાવે કર્ક રાશિમાં રહેલ મંગળ આગળ વધતાં વર્ષાન્તે ૧૧મા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થાય છે. સૂર્ય અને ચંદ્ર ૧૦ મા ભાવે તુલા રાશિથી પોત પોતાની મુસાફરી ચાલુ રાખે છે અને સૂર્ય રાશિચક્ર અને બારે ય ભાવ ફરીને તથા ચંદ્ર રાશિ ચક્રના અનેક ચક્કરો કાપીને વર્ષાન્તે બંને પાછા તુલા રાશિ અને ૧૦ મા ભાવેથી જ પસાર થતા જોવા મળે છે. બુધ અને શુક્ર પણ ૯મા ભાવે કન્યા રાશિથી વર્ષારંભે પોત પોતાની રીતે પ્રયાણ શરૂ કરે છે અને વર્ષાન્તે રાશિ ચક્ર અને બારે ય ભાવ ફરીને શુક્ર તુલા રાશિ અને ૧૦ મા ભાવેથી જ્યારે બુધ વૃશ્ચિક રાશિને ૧૧ મા ભાવેથી પસાર થતાં વર્ષાન્તે જોવા મળે છે. આમ આકાશની અંદર આપણા સૂર્યમંડળના ગ્રહો આપની રાશિની આજુબાજુ અને રાશિમાંથી પસાર થતાં વર્ષ દરમિયાન જોવા મળે છે. હવે તેઓ આપના જીવનમાં કેવો પ્રભાવ પાડી શકે છે. શું અસરો આપી શકે તેમ છે તે જોવા અને સમજવાનો પ્રયાસ આપણે અહીં કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ તો બહુ વાંધો આવતો જણાતો નથી પણ છતાં યે આપને ખોટી મહેનત, ખોટા ધક્કા ખાવાના પરિણામે હાડમારી ભોગવવાનો વારો આવે તેવું લાગે છે. આપ મક્કમ રહેવાનો પ્રયત્ન કરો પણ પરિસ્થિતિ જ એવી ઉત્પન્ન થાય કે તમે લાચાર બની જાઓ. શનિની પનોતી નથી. ગુરુની સ્થિતિ પણ સારી છે. પણ ૧૨મો રાહુ ૧૭-૧૧-૨૦૦૯થી થતાં અચાનક મુશ્કેલીઓ આવતી જણાય. ૧૬-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન હૃદયને તકલીફ પડે અથવા આંખમાં કશુંક ઈન્ફેક્શન લાગુ પડે. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન કંઈક બીજો પ્રશ્ન ઉદ્ભવે. કૌટુંબિક દૃષ્ટિએ સારૂં છે. તેમનો સહકાર સારો મળી રહે. મામીનું કે માસાનું વર્તન વિચિત્ર રહેવા પામશે. જીવન સાથીને કંઈ ને કંઈ પ્રશ્ન રહ્યા કરે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન તેને હૃદયની કંઈક તકલીફ જણાય.

આર્થિક દૃષ્ટિએ જોઈએ તો ભાગ્ય સારૂં કામ આપે છે એટલે નાણાં તો મળ્યા જ કરશે, પણ તેવો આકસ્મિક ખર્ચો પણ આવી પડે તો નવાઈ નહીં. આ વર્ષે જે કામ છે તે જ ચાલુ રાખવું પડે તેમ છે. બદલી કે બઢતી જણાતી નથી. હા, ૦૨-૦૫-૨૦૧૦ પછીથી આપના જીવનમાં આર્થિક, સામાજિક કે રાજકીય પરિવર્તન આવતું જણાય છે. અને તે પણ સારા માટે, કામકાજ માટે મુસાફરીના યોગ પણ બને છે. સાથે કામ કરતાં લોકોનું વર્તન થોડું વિચિત્ર રહેશે. મિત્રો આપનું ધ્યાન બરાબર રાખશે અને તમે તેમનું પણ ધ્યાન રાખશો. જો કે તેમની ભાષા વિચિત્ર બની રહેશે. તેઓ તેમના કુટુંબીજનોથી પરેશાન વધુ રહેશે. આપને સહ્રાકીય કામકાજથી લાભ થતો જણાય છે તો સમજી વિચારીને લાભ લઈ શકાય એમ છે.

સ્થાવર-જંગમ મિલકતની દૃષ્ટિએ રાહ જોઈ હશે તો વધુ સારૂં ફળ મળશે તેમ કહી શકાય. ૨૬-૦૫-૨૦૧૦ સુધી તો ફસામણીનો યોગ છે. અને ત્યારપછી ૨૦-૦૭-૨૦૧૦ સુધી તો મિલકત ગૂમાવવા સુધીનો યોગ બને છે. હા, મોજશોખની ચીજવસ્તુ વસાવવી હશે તો તે શક્ય બનશે. માતાના નામે કે પિતાના નામે સંપત્તિ વસાવી શકાશે. આ વર્ષે આપનું ભાગ્ય કામ કરતું જણાય છે. મોટી મુસાફરી કે જાત્રા કરવી હોય તો શક્ય બને, પરદેશગમન પણ શક્ય બને. અને ધાર્મિકતા તરફ પણ ૦૨-૦૫-૨૦૧૦ થી આગળ વધી શકાય તેવું લાગે છે. આમ ઉપર છલ્લી નજરે ગ્રહો તરફથી આવું સૂચન મળે છે. હવે તેઓ જીવનના વિધ વિધ ક્ષેત્રે કેવી અસરો આપે છે તે જોઈશું.

આરોગ્યની દૃષ્ટિએ :- આમ તો સ્વાસ્થ્ય સારૂં રહેવું જણાય છે. પણ શરદી-સળેખમ-ખાંસી-ઉધરસ જેવું વર્ષારંભે વિશેષ રહેશે. પીવાની ચીજ-વસ્તુમાં કાળજી વધુ લેશો. ૧૬-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન આંખનું ઑપરેશન કરાવવાનું હોય તો ૨૯-૧૨-૨૦૦૯ સુધી મોકુફ રાખજો નહીંતર આપની આંખની દૃષ્ટિ ઓછી થઈ જશે કે સંપૂર્ણ જતી જ રહેશે. તથા ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન તાવ-ગરમી વધુ રહેશે. લોહીનું પ્રેશર પણ ઊંચું જ રહેશે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન હૃદયને લગતી બીમારી લાગે અથવા ત્રીજા મણકામાં તકલીફ ઉભી થતા દર્દ સહન કરવું ભારે થઈ પડે. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન પેટમાં ઘણી તકલીફ ઉભી થાય. તથા અવાર નવાર કંઈ ને કંઈ પ્રશ્નો ઉભા થતા તેની અસર સ્વાસ્થ્ય ઉપર પણ પડશે. આમ દુનિયાની દૃષ્ટિએ તમે ઘણા સુખી હશો અને આમ કયા પ્રકારની બિમારી તમને લાગુ પડી છે તે જ સમજમાં આવશે નહીં. સમય સમયની બલિહારી જ છે ને !!

આર્થિક દૃષ્ટિએ :- આ વર્ષે આપનું ભાગ્ય ધન રળાવી આપશે તે નક્કી વાત છે. કામકાજમાં સારી સફળતા પણ મળતી જણાય છે. અને તેવી જ રીતે ૧૭-૧૧-૨૦૦૯ થી અચાનક જ ખર્ચો પણ ઉભો થતો જણાય છે. ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૭-૧૧-૨૦૦૯ દરમિયાન કામકાજ સારૂં એવું થશે. તમને ૧૨-૧૧-૨૦૦૯ સુધી તો એવું જ લાગશે કે "ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ". ૨૧-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન દેશાવરનું કામ સારૂં થાય. કદાચ કામકાજ અર્થે દૂરની મુસાફરી પણ સંભવે છે. પણ જો સહ્રાકીય કામકાજથી સંકળાયેલા હોવ તો ધ્યાન રાખીને કામ કરશો જેથી ખોટ ન જાય કે લાંબા ગાળાનું રોકાણ ન થાય. જ્યારે ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ દરમિયાન તમે કર્મ પ્રધાન બની જશો અને બીજું બધું જ ભૂલી જશો. જ્યારે ૧૩-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન જે પણ કમાશો તે ક્યાં વપરાઈ જશે તેની સમજ જ પડશે નહીં. ૨૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન ભાગ્યના જોરે સારું ધન કમાઈ શકશો. એક કરતાં વધુ પરિબળોથી નાણાં કમાવાનું શક્ય બનશે. દલાલીનું કામ સારું મળી શકે એમ છે. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન આપ સહ્રાકીય પ્રવૃત્તિ તરફ આગળ વધતા જણાવ છો. ૧૫-૦૫-૨૦૧૦ થી ૧૫-૦૬-૨૦૧૦ દરમિયાન

સહાકીય પ્રવૃત્તિમાં બહુ જ ધ્યાન રાખવું પડશે. તો બીજી બાજુએ ૦૬-૦૬-૨૦૧૦ થી ૨૨-૦૬-૨૦૧૦ દરમિયાન ભાગ્યના જોરે સહાકીય પ્રવૃત્તિમાં સારો લાભ મળી શકે તેમ છે. ૦૫-૦૭-૨૦૧૦ થી ૦૧-૦૮-૨૦૧૦ સુધી પણ સહાકીય પ્રવૃત્તિમાં કાળજી લઈને આગળ વધવું પડશે. જો આપ નોકરી કરતાં હશો તો આપને બદલી કે બઢતીની શકયતા જણાતી નથી. તો સંપત્તિમાંથી આવક ઉભી કરવી હશે તો જરૂરથી થઈ શકશે. બીજું નોકરી કરતાં હોવ ત્યાંથી બીજી વધારાની આવક ઉભી કરવાનો પ્રયત્ન કરતાં હોવ તો ધ્યાન રાખીને આગળ વધશો નહીંતર સમાજમાં તમારી છાપ બગડવાનો સંભવ ૨૬-૦૫-૨૦૧૦ સુધી રહેલો જણાય છે. આમ આર્થિક દૃષ્ટિએ વરસ એકંદરે સારૂં જણાય છે. ફક્ત સહાકીય પ્રવૃત્તિમાં જ કાળજી લેશો.

કૌટુંબિક દૃષ્ટિએ :- ઘણાં વખતથી કુટુંબીજનો સાથે જે સંબંધો વણસ્યા હતા તેમાં કદાચ ધીમો સુધારો થતો જોવા મળશે. નાના ભાઈ બહેન માટે વર્ષારંભે લાગણી બતાવવાનો આપ દંભ કરી શકશો. જો કે નાના ભાઈ બહેનની વાણી વિચિત્ર હશે. તથા તેઓને સટ્ટામાં નુકશાની ઉઠાવવાનો વારો પણ આવી શકે તેમ છે. તેઓ તેમના સંતાન થકી પણ પરેશાન રહેશે. વળી આ વર્ષે ૧૭-૧૧-૨૦૦૯ થી કાર્ય પદ્ધતિમાં ઘણો મોટો ફેરફાર આવશે જે તેમનું સુખ છિનવી લેશે. તથા તેમને પરદેશ જવાના યોગો પણ ઓછા બને છે. માતાની તબિયત બરાબર ન રહેતાં મોટા ભાગનો સમય ઘરમાં ગાળવો પડે. તેઓને ૧૭-૧૧-૨૦૦૯ સુધી વાયરલ ઈન્ફેકશન લાગવાની પણ શકયતા રહેલી છે. ભૂલમાં પણ મેમોગ્રાફી કરાવશો તો સંદેહયુક્ત રિપોર્ટ મળી શકે તેવું લાગે છે. જો માતા નોકરી કરતાં હશે તો તેમને બદલી કે બઢતી કે બંને મળી શકે એવું જણાય છે. જો માતાને કામ કરવું હશે તો જરૂરથી મળી રહેશે. માતાને પરદેશગમનની પણ શકયતા રહેલી છે. માતાને આધ્યાત્મિકતા તરફ પણ આગળ વધવાના યોગો જણાય છે. વળી માતાને સંપત્તિમાં ફેરફાર કરવો હશે તો તે પણ શક્ય બનશે. સંતાનનું સ્વાસ્થ્ય વર્ષારંભે સારૂં રહેતું જણાય છે પણ ૧૭-૧૧-૨૦૦૯ થી કંઈ ને કંઈ પરેશાની ઉભી થતી જણાશે. આપનો તેમની સાથેનો ઘરોબો ઘણો સારો રહેશે. તેઓ અભ્યાસમાં પણ ઘણાં સારા રહેશે. જો તેઓ નોકરી-કામ શોધતા હશે તો નવું કામ મળવું મુશ્કેલ રહેશે. ચાલુ કામમાં વાંધો ન આવે. જો કે તેમને ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન પગારનો વધારો મળી શકે તેમ છે. જો કે સટ્ટામાં તેમના જન્મના ગ્રહો સારા હશે તો સારો ફાયદો થઈ શકશે. આ વર્ષે તેમને નવી સંપતિ વસાવવાના યોગ બનતા નથી. તેમજ પરદેશગમનની પણ શકયતા ઘણી ઓછી રહે છે. જીવનસાથી સાથે વર્ષારંભે સંબંધો તંગ રહેશે. તેમનું સ્વાસ્થ્ય પણ બરાબર નહીં હોય. જો કે તેમને નવું કામ મળવું અશક્ય જણાય છે. પણ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી તેમને એવું લાગશે કે તેમનું ભાગ્ય ફેરવાઈ રહ્યું છે. તેમના નામે નવી સંપતિ ઉભી કરવાના યોગો પણ ઓછા બને છે. તેઓ કામ કરવા ઉત્સુક હશે પણ કરવા અસમર્થ રહેશે. અને આખું યે વરસ તેમને ઊંઘની તકલીફ રહેતી જણાય છે. પિતાનું સ્વાસ્થ્ય બરાબર ન રહે. તેઓ નાણાં કમાવા માટે ઘણું કામ કરવા પ્રયત્ન કરશે. વળી તેઓ આંધળું સાહસ કરવા પણ પ્રેરાશે. તેમના નામે સંપત્તિમાં ફેરફાર થઈ શકતો જણાય છે. જો તેઓ નોકરી કરતાં હશે તો તેમની બદલી નિશ્ચિત છે. સટ્ટામાં તેમણે સમજી ને રોકાણ કરવું જરૂરી બનશે. મોટા ભાઈ બહેનની તબિયત બરાબર નહીં રહે. તેઓ વાતો પણ બનાવી જાણશે. જો કે તેમને યશ-માન અને પ્રતિષ્ઠા મળતા જણાય છે પણ તેમનું ભાગ્ય બે ડગલા પાછળ ચાલતું હોય તેવું તેમને લાગશે. તેઓને સંપતિ સુખ મળી શકતું જણાય છે. અને તેમના સંતાન થકી તેઓ સંપૂર્ણ સુખી રહેશે. આમ જૂદા જૂદા સભ્યો પરત્વે જૂદું જૂદું ફળ મળતું જણાય છે. દરેકનું ભાગ્ય તેમના કર્મને આધિન હોય છે.

સ્થાવર-જંગમ મિલકતની દૃષ્ટિએ :- આ વર્ષે આપને મિલકત વસાવવાનો ખાસ યોગ બનતો નથી. મિલકતમાંથી આવક ઉભી થઈ શકે તેમ છે. અને કદાચ વસાવવી હોય તો માતા કે પિતાના નામે ૦૨-૦૫-૨૦૧૦ પછીથી શક્ય બને. ૨૬-૦૫-૨૦૧૦ સુધીમાં તમારા નામે મિલકત વસાવશો તો દુઃખી થઈ જશો. તમારા જીવનસાથીને વધારે અસર મળતી જણાશે. ૦૬-૦૨-૨૦૧૦ થી ૦૨-૦૩-૨૦૧૦ દરમિયાન દુકાન-ઓફિસ જેવી જગ્યા લેવી હશે તો લઈ શકાશે. વાહન લેવું હશે તો તે તથા જર-ઝવેરાત વસાવવું હશે તો તે શક્ય બનશે. ૦૩-૧૧-૨૦૦૯ થી ૨૭-૧૧-૨૦૦૯ ; ૧૪-૦૧-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ ; ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ તથા ૦૧-૦૮-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીનો સમય અતિશ્રેષ્ઠ બની રહેશે. આમ આ વર્ષે જર-ઝવેરાત કે વાહન વસાવવું સારૂં રહેશે અને સ્થાવર મિલકત માટે થોડી રાહ જોવી હિતાવહ બની રહેશે.

સંતાનની દૃષ્ટિએ :- આપ જો પરીણિત હોવ અને સંતાન ઈચ્છુક હશો તો આપની ઈચ્છા ફળીભૂત થતી જણાય છે. જો સંતાન અભ્યાસ કરતાં હોય તો બહુ વાંધો આવતો જણાતો નથી. પણ નાની ઉંમરમાં જ પ્રેમ સંબંધથી બાંધવાના યોગ ઉભા થાય છે. આ તરુણાવસ્થાનું આકર્પણ જ હશે તે નક્કી છે. ધો. ૧૨ની અંદરના બાળકો પ્રેમમાં સપડાશે તો ભણશે શું ? જો બાળકોનો અભ્યાસ પતી ગયો હોય તો નોકરી મળવી અશક્ય લાગતા હાલમાં જે કામ મળે તેને સ્વીકારી લેવું જોઈએ. એકવાર આવક તો ઉભી થઈ જાય. જો તેઓ સટ્ટાના રવાડે ચઢી જશે તો તેમાંથી પાછા વાળવા મુશ્કેલ થઈ જશે. જો તેઓ ધંધામાં બેસવા માગતા હોય તો તેમાં જગ્યા કરાવી દેવી સારી. જે બાળકો નોકરી કરતાં હોય તેમને બદલી કે બઢતીની શકયતા નથી. પગાર વધારો ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન મળે તેવું લાગે છે. અપરીણિત સંતાનના લગ્ન-વિવાહના યોગો આ વર્ષે સારા છે. તો તમને પણ પદપ્રાપ્તિ થઈ શકે. અને પરીણિત સંતાનને ત્યાં ઘોડિયું બંધાવાના સારા સમાચાર પ્રાપ્ત થતા જણાય છે. સંતાનના નામે સંપતિ વસાવવાના યોગો ઓછા બને છે પણ જો મિલકત હોય તો તેમાંથી આવક ઉભી કરવાના યોગો સારા બને છે. આ વર્ષે સંતાન તેમના પાછલા જન્મના કર્મનું શુભ ફળ મેળવતા જણાય છે તથા શાસ્ત્રીય અભ્યાસ કરવો હોય તો ૦૨-૦૫-૨૦૧૦ પછીથી કરી શકે એમ છે. સંતાનને પરદેશગમનના યોગો પણ ઓછા બને છે. સંતાને ૧૭-૧૧-૨૦૦૯ પછીથી સ્વાસ્થ્યની કાળજી લેવી જરૂરી થઈ પડશે. બાકી બીજી રીતે ખાસ કોઈ વાંધો જણાતો નથી. તેમનું મિત્ર વર્તુળ બદલાતું જણાય છે તે જૂદી વાત છે.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! તમારે શનિની પનોતી ચાલતી નથી. ૪થો, ૮મો ગુરુ કે રાહુ નથી. પણ ૧૭-૧૧-૨૦૦૯ થી તમારે ૧૨મો રાહુ શરૂ થશે. જે તમારા અભ્યાસમાં અને પરીક્ષામાં જાત જાતના વિઘ્નો નાંખી શકે. જેવા કે બિમાર પડવું, પરીક્ષા વખતે ભૂલી જવું, લખવાનું હોય કંઈ - આવડતું હોય - અને લખો કાંઈ, ખોટું જ પેપર આપવા જાવ વિ... વિ... ટાઈપનું બની શકે. તમારે દરેક બાબતે સાવધ રહેવું પડે. છેવટે સરવાળામાં પણ ભૂલ થઈ શકે છે. ધો. ૧૨ કે તેથી નીચેના વર્ગમાં ભણતાં વિદ્યાર્થીઓએ સૌથી છેલ્લા પ્રશ્નપત્રમાં કે દરેક પ્રશ્નપત્રનો છેલ્લો પ્રશ્ન બહુ જ સમજી વિચારીને લખવો. બાયોલોજીનું પેપર સારૂં જશે. રસાયણશાસ્ત્રના પેપરમાં ચોરી કરવાનું તો વિચારતા જ નહીં, નહીં તો ફસાઈ જશો. ગણિતશાસ્ત્ર તથા ભૌતિકશાસ્ત્રમાં બહુ વાંધો આવશે નહીં. વાણિજ્ય શાખાના વિદ્યાર્થીઓનું ભાગ્ય એટલું પ્રબળ છે કે પાસ થઈ જ જવાશે. ૨૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન કરેલી બધી જ મહેનત ઉગી નીકળશે. જ્યારે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થી મિત્રોને છેલ્લામાં છેલ્લી પરીક્ષામાં બહુ જ ધ્યાન રાખવું પડશે તે નક્કી છે. પેપર ગમે તે વિષયનું હોય. ધો.૧૦ થી નીચેના વર્ગમાં ભણતા બાળકોએ સ્વાસ્થ્યની કાળજી લેવાની રહેશે. અને શારીરિક શિક્ષણમાં પણ ધ્યાન રાખવું પડશે તે નક્કી વાત છે. સ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રોને ઉપરવાળાની મહેરબાનીથી બહુ તકલીફ નહીં પડે. અહીં તમે ભાગ્યના જોરે આગળ વધી શકો છો. આપને કાર્ય સફળતાનો યોગ બને છે. છતાં પણ મિત્રોના રવાડે ચઢશો નહીં. તેઓ તમારે કેડો નહીં મૂકે અને તમે તેમનો કેડો મૂકતા જણાતા નથી. તેમા પણ આર્કીટેકટ - ગણિતશાસ્ત્ર - અને સ્ટેટેસ્ટીકસના વિદ્યાર્થીઓએ વધારે ધ્યાન આપવું પડશે. વિનયન શાખાના વિદ્યાર્થી મિત્રોને ભાષાના અને તેમાં યે સંસ્કૃત-પ્રાકૃત-અંગ્રેજી-ફારસી-ફ્રેન્ચ-જર્મન વિ... જેવા વિષયમાં ધ્યાન વધુ આપવું પડશે. વાણિજ્ય શાખાના વિદ્યાર્થી મિત્રોને કોરસપોન્ડન્ટસ, અને એડમિનિસ્ટ્રેશનમાં વધુ કાળજી લેવી પડશે. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રોને વગર તકલીફે બહાર નીકળતા હોવ તેવું જણાઈ આવે છે. જ્યારે સંશોધન ક્ષેત્રથી સંકળાયેલ વ્યકિતઓને તેમનું તકદીર અને તેમના ગુરુની કૃપા સહાય કરતાં જણાય છે. આ વર્ષે ૦૨-૦૫-૨૦૧૦ પછીથી તમે જલદીમાં જલદીથી પદવી પ્રાપ્ત કરતાં જણાવ છો. વળી આપ વિદ્યાર્થી મિત્રોને આર્થિક, સામાજિક કે રાજકીય પરિવર્તન પણ આપના જીવનમાં જોવા મળશે. જો આપ નોકરી કરવા માંગતા હોવ તો મન માને તેવી મળવી અઘરી છે પણ જે મળે તે સ્વીકારી લેશો તો તેમાં સફળતા મળશે જ. જો આપ નોકરી કરતાં હશો તો આપને પગાર વધારો મળી શકે છે. જો આપ પરદેશ જવાની ઈચ્છા ધરાવતા હશો તો મહેનતે આગળ વધી

શકશો. પણ પરિશ્રમ ઘણો ઉઠાવવો પડશે. મિત્રોનો સાથ છેક ૨૬-૦૫-૨૦૧૦ સુધી યથાવત રહે છે. મિત્રો હોવા જોઈએ પણ આપણું સામાજિક સ્તર બગાડે તેવા તો નહીં જ. બાકી સારૂં છે. ભૈરવનાથની અને ગણપતિજીની આરાધના કરશો તો અવશ્ય સારૂં ફળ મળશે જ.

સ્ત્રીઓની દૃષ્ટિએ :- આ વર્ષે આપનું મન સમજવું કઠિન થઈ પડશે. આરોગ્યની દૃષ્ટિયે શરીર ઘોવાનું નજરે પડશે. જેના હિસાબે અશક્તિ ઘણી લાગશે. તમે ઘણા મજબૂત છો તેવું જ બતાવવાનો પ્રયત્ન કરશો. ૧૭-૧૧-૨૦૦૯ સુધી આ પરિસ્થિતિ રહેશે ત્યાર પછી અચાનક જ આપને કંઈ ને કંઈ પ્રશ્નો સતાવ્યા કરે. લોહીની ખામી, હિમોગ્લોબીનનું ઓછું થવું આપને પરેશાન કરશે. ૧૬-૧૨-૨૦૦૯ થી ૧૪-૦૧-૨૦૧૦ દરમિયાન આંખનું ઓપરેશન ટાળશો તો તે આપના હિતમાં હશે. અને ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન કેડનો દુખાવો ઘણો જ રહેશે. કાં હાથ ઉપર ઓપરેશન આવી શકે એમ છે. આપ અભ્યાસ કરતાં હશો અને સ્નાતક કક્ષાના વિદ્યાર્થીની હશો તો મહેનત વધુ કરવી પડશે. અને બાકીની કક્ષામાં વાંધો આવશે નહીં. મહેનત કરીને કરેલું સંશોધનનું કાર્ય ઝડપથી પૂરું કરીને આ વર્ષે પદવી લઈ લો. સમય આપની રાહ જોઈને ઉભો છે. જો આપ નોકરી શોધતા હોવ તો તમે માંગો છો તેવી નહીં મળે, પણ જે કામ મળે તે લઈ લેશો તો તેમાં સફળતા આપના પગના તળિયાને સ્પર્શતી જોવા મળશે. કૌટુંબિક રાહત થોડી ઘણી રહેશે. તમારા મામી કે માસા તરફથી પરેશાની વધુ રહેશે. વર્ષારંભે જીવનસાથી પરેશાન રહેશે પણ ૦૨-૦૫-૨૦૧૦ થી તેઓ વધુ કાર્યરત બનશે. આ વર્ષે થોડું ઘણું રોકાણ શેરમાં કરી શકાય એમ છે અને તેમાં તમને લાભ પણ મળતો જણાય છે. આ વર્ષે આપના નામે સંપત્તિ કરવામાં તકલીફ પડે એમ છે. પણ નામ ઉપર હોય તેવી સંપત્તિમાંથી આવક ઉભી કરી શકશો. આપ જો અપરીણિત હશો તો આ વર્ષે ૦૨-૦૫-૨૦૧૦ પછીથી આપના વિવાહ-લગ્ન થઈ જતાં જણાય છે. અને જો આપ પરીણિત હોવ અને સંતાન ઈચ્છુક હશો તો આપની આશાઓ ફળીભૂત થતી જણાય છે. અને જો આપના સંતાન પરીણિત હોય અને તેઓ સંતાન ઈચ્છુક હશે તો તેમની આશા પણ પરિપૂર્ણ થતી જણાય છે. આમ આપ દાદી કે નાની બની શકો એવું લાગે છે. આપની ધાર્મિકતા સારી રહેતી જણાય છે અને તેમાં પણ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જણાય છે. આ વર્ષે આપ લાંબા અંતરની મુસાફરી કરવાના હોય તો કાળજી લઈને કરશો. મુસાફરીમાં કંઈક ગરબડ થવાની શક્યતા ઉભી થાય છે. આપ નોકરી કરતાં હશો તો આ વર્ષે આપને બદલી કે બઢતીની શક્યતા જણાતી નથી પણ હા પગારમાં વધારો થઈ શકે અને આપને આર્થિક-સામાજિક કે રાજકીય લાભ પણ મળી શકે તેવું લાગે છે. આપ જો કોઈના પ્રેમમાં હોવ તો તેમાં સફળતા મળતી જણાય છે. પણ પહેલાં તમે એ નક્કી કરી લેજો કે તમારો કેટલામો નંબર આવે છે. આપના દિલને મોટો ધોખો ન લાગે માટે સાવચેતીથી આગળ વધશો તો સારૂં રહેશે. આ વર્ષે આપને આરાધના કરવી હોય તો ગણપતિજીની અને ભૈરવદાદાની કરવાની જરૂર છે. જૈન બહેનોએ વાસુપૂજ્ય સ્વામિ અને ભૈરવદાદાની કરવી જોઈશે. આમ એકંદરે વરસ સારૂં છે પણ શરીરની કાળજી ખાસ લેજો નહીંતર નબળા પડી જશો અને મનમાં ચિંતા પણ ઘર કરી જશે તે નફામાં.

વિશેષ વિગતો :- વર્ષારંભે ગુરુ-રાહુ-નેપ. આપની રાશિમાં છે અને નીચનો મંગળ જૂએ છે.જે તબિયતમાં અણધાર્યા ફેરફાર બતાવે. ખાવા-પાવાની બાબતમાં બહુ સાચવજો. જો કે રાશિ અધિપતિ શનિ ભાગ્યમાં સારો છે જેથી બહુ વાંધો ન આવે. ૨૫-૧૦-૨૦૦૯ થી કાં નોકર-ચાકરના સહકારથી કામકાજ સારૂં થાય અથવા તો હરિફ વર્ગની દખલગીરી તમારા કામમાં જોવા મળે. ૦૩-૧૧-૨૦૦૯ થી તમે મોજશોખ અને વૈભવ વિલાસથી કામકાજ કરતાં જોવા મળશો. નાણાંની આવક ઘણી સારી થતી જણાય છે. ૦૬-૧૧-૨૦૦૯ થી ૧૯-૧૧-૨૦૦૯ દરમિયાન કામકાજ કંઈક અંશે મંદ પડતું જોવા મળે. જ્યારે ૧૬-૧૧-૨૦૦૯ થી એકાદ મહિના માટે મિત્રનું સુખ ઓછું પ્રાપ્ત થાય. આપના આત્માને શાંતિ મળે નહીં. જેની અસર ધંધા ઉપર પડે. ૧૨-૧૧-૨૦૦૯ થી ૦૧-૧૨-૨૦૦૯ દરમિયાન હરિફ વર્ગ મિત્ર બનવાનો પ્રયત્ન કરે. પણ આ દંભ જ હશે. ૨૭-૧૧-૨૦૦૯ થી સંતાન ધંધાથી સંકળાવાનો પ્રયત્ન કરે. અને તમે કામકાજની સાથે સાથે સહકારીય પ્રવૃતિ ઉપર પણ વધુ ધ્યાન આપશો એવું લાગે છે. ૦૧-૧૨-૨૦૦૯ થી દેશાવરથી કામ થાય તો સારૂં ફળ મળે નહીંતર એવું લાગે કે ભાગ્ય કામ કરતું નથી. ૧૬-૧૨-૨૦૦૯ થી ૨૯-૧૨-૨૦૦૯ દરમિયાન ગુસ્સાને કાબુમાં રાખજો. ૨૧-૧૨-૨૦૦૯ થી સંતાન સાથે કંઈ ને કંઈ તકલીફો રહેતા તેનો સહકાર ઓછો મળશે, ખર્ચો વધુ કરશે. શેર-સટ્ટામાં પણ કાળજી લેવી પડશે. ૧૪-૦૧-૨૦૧૦ થી તમે કર્મ પ્રધાન બનશો. જેટલું કામ થઈ શકે તેટલું કરવાનો પ્રયત્ન કરશો. પણ તમે તબિયતની કાળજી લઈને કરશો. તાવ-વાયરલ અચાનક જ તમને પકડી લે તેવું બને. ૦૬-૦૨-૨૦૧૦ થી ભાગ્યના જોરે નાણાં મળતાં જોવા મળશે. ૨૬-૦૨-૨૦૧૦ સુધીનો સમય સારો કહી શકાય. તમે જે કામ કરશો તેનું વળતર મળી રહેશે. ૧૪-૦૩-૨૦૧૦ સુધીનો સમય ઘણો સારો એક કરતાં વધુ પરિબળથી ધન કમાશો. ૨૭-૦૧-૨૦૧૦ થી તો કુટુંબીજનો તરફથી પણ રાહત થતી જણાશે. ૦૨-૦૩-૨૦૧૦ થી કામકાજ માટે નાની નાની મુસાફરી કરવાની થાય. ૨૭-૦૩-૨૦૧૦ સુધી સંતાન મિત્રોમાં જ મશગૂલ રહે. ૩૦-૦૩-૨૦૧૦ થી ૨૦-૦૪-૨૦૧૦ દરમિયન ઘરનું કામકાજ નીકળે અને તે પહેલાં કરવું પડે તેવું પણ બને. ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન તેમાં પણ ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૧-૦૩-૨૦૧૦ દરમિયાન નાના ભાઈ બહેનો સાથે સંઘર્ષમાં ઉતરશો નહીં. તેઓ ૧૦૦% રાજકારણ રમતાં હોવા છતા તમને ફસાવી દેવાનો પ્રયત્ન કરશે. તથા બીજા પણ સરકારી કે કોઈ કાગળમાં સહી કરતાં વિચાર કરજો. ૧૫-૦૫-૨૦૧૦ થી ૦૯-૦૬-૨૦૧૦ દરમિયાન કામકાજમાં કોઈની આડકતરી દખલગીરી આપને પરેશાન કરાવી દેશે. ૨૬-૦૫-૨૦૧૦ થી ૨૦-૦૪-૨૦૧૦ દરમિયાન મિત્રનું સુખ ઓછું મળે જે આપને પરેશન કરી મૂકે. ૨૦-૦૭-૨૦૧૦ થી ૦૬-૦૯-૨૦૧૦ દરમિયાન મિત્રોથી ઠીક ઠીક રહે પણ છતાં યે પરેશાની રહેતી જણાય. કદાચ નવા નવા મિત્રો જીવનમાં પ્રવેશે અને તેમના થકી ભાગ્ય પરિવર્તન સંભવે. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન કામકાજમાં પણ ઝડપી ફેરફાર સંભવે અને આપને મુસાફરી અને સાથે યાત્રાનો પણ લાભ મળે. ૧૭-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન જીવનસાથીની ઇચ્છા મુજબ ધાર્મિક સ્થળની મુલાકાત અચાનક લેવાનું ગોઠવાય. ૩૦-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન કદાચ "વેરભાવે વૈકુંઠ મળ્યા" જેવો ભાવ થાય. ન જવું હોય અને કોઈક કારણ જ એવું આવી પડે કે જવાનું થાય અને સાથે સાથે ભાગ્યના જોરે જાત્રા પણ થઈ જાય. અને અચાનક નવું પરિણામ જોવા મળે. સાળા - સાળી કે દિયર - નણંદના વિચારોમાં પણ ફેરફાર આવી શકે. પછીથી વર્ષાન્ત સુધી ઘણું સારૂં રહેશે. શારીરિક રીતે બિમારી મંગળ થકી ૨૬-૦૫-૨૦૧૦ સુધી રહેશે અને ૧૨ મા રાહુના હિસાબે કંઈ ને કંઈ તકલીફ ઉભી થાય. તો ભૈરવદાદાની આરાધના ચાલું રાખશો તો ફાયદો થશે. પણ પાછલા વર્ષોની સરખામણીમાં આ વરસ એકંદરે ઘણું સારૂં જણાય છે.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- આપનું ભાગ્ય આપને મદદ કરી રહ્યું છે. નાણાં ભાગ્યના જોરે મળતાં જ રહેશે. અને કૌટુંબિક ભાવના ઘણી સારી જણાય છે. આપ કયો અને કેવો નિર્ણય લેશો તે કહેવું મુસ્કેલ બને છે. તા. ૨૫-૧૦ થી આપને કામ ઘણું મળે. નોકર-ચાકરનો પણ સહકાર પ્રાપ્ત થાય. તા. ૦૩-૧૧ થી આપ કામમાં દોડતા થઈ જશો. નાણાંનો પ્રવાહ ચાલુ રહેશે. સહકારીય લાભ પણ લઈ શકાય. તા. ૦૪-૧૧ થી લાગણી પ્રધાન-ભાવના પ્રધાન બનાય. તા. ૧૨-૧૧ થી હરિફવર્ગ મિત્ર બનીને આવતો જણાય. તા. ૧૬-૧૧ થી મિત્રોનું સુખ ઓછું મળે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- નાણાં મળતાં રહે. કામ પણ મળતું રહે. નવું વાહન લઈ શકાય. આ મહિનામાં જાત જાતના અનુભવો મળે. તા. ૧૭-૧૧ થી તબિયતની કાળજી લેવી. રાહુ ૧૨ મો થાય છે. તા. ૨૭-૧૧ થી કામકાજમાં મિત્રોની સહાય મળે. સહકારીય પ્રવૃતિ વધે. ઈશ્કી પ્રવૃત્તિને પ્રાધાન્ય મળે. તા. ૦૧-૧૨ થી નાણાંકીય પ્રવૃત્તિમાં સુધારો જણાય. ભાગ્ય પણ ફેરવાતું જણાય. હરિફ વર્ગ કામ ધંધે લાગી જાય. તા. ૦૭-૧૨ થી આપ કુટુંબ પરત્વે વધુ લાગણી ધરાવશો. નાણાંનો મોહ લાગે. તા. ૧૫-૧૨ થી ગુસ્સો વધે. કામકાજમાં વિલંબ થાય. ખર્ચો અને ખોટી દોડાદોડ વધે.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- આ મહિનામાં ખર્ચો વધુ રહે. ખોટી દોડાદોડ કરવાની થાય. મિત્રોને મનોરંજન જોઈએ. તા. ૨૦-૧૨ થી મિત્રોનું વર્તન વિચિત્ર બને. સંબંધો કપાઈ ન જાય પણ કામકાજ ઉપર અવશ્ય અસર પડે જ. થોડાક વ્યથિત થવાય. નાણાં મળતા થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. તા. ૨૧-૧૨ થી દેશાવરનું કામ મળે. સહકારીય કામમાં ધ્યાન રાખવું

પડે. તા. ૨૬-૧૨ થી ભાગ્યનો વિચિત્ર અનુભવ થાય. નોકર-ચાકરના સુખમાં અવરોધ આવે. તા. ૧૩-૦૧ થી ભાગ્ય વિચિત્ર રીતે દોડતું દેખાય જેની સીધી અસર નાણાં અને કૌટુંબિક સભ્યો પર પડે. તા. ૧૪-૦૧ થી તબિયતની કાળજી લેવી. તા. ૧૫-૦૧ થી ભાગ્યમાં હળવો સુધારો થતો જોવા મળે.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- શારીરિક રીતે પરેશાન રહેવાશે. પિત્ત પ્રકોપ વધી જાય. મોજશોખ વધુ જોઈશે. કર્મપ્રધાન બનો. પણ ભાગ્યનો સાથ જોઈએ તેટલો મળે નહીં. તા. ૨૭-૦૧ થી નાણાંકીય સ્થિતિ હળવી બને. આપનામાં ધીમે ધીમે કાં હિંમત વધતી જાય અથવા ઓછી થતી જાય. ભાગ્યમાં સુધારો થતો જણાય. તા. ૦૬-૦૨ થી કામકાજ ધમધોકાર ચાલુ થાય. સહાકીય પ્રવૃતિમાં પણ રસ વધે. સંતાન પરત્વે લાગણી વધે. ભાગ્યનો સહકાર મળે. નોકર ચાકરનું સુખ મળે. તા. ૧૩-૦૨ થી પિત્ત ઓછું થાય. નાણાંભીડ વર્તાય. કૌટુંબિક સભ્યોનું વર્તન વિચિત્ર રહે. સારૂં છે.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- ભાગ્યનો સાથ ઘણો સારો મળે છે. કૌટુંબિક અને નાણાંકીય ચિંતા સતાવે. નાણાં મળ્યા કરે. છતાં યે લોભ અને લાલચ રહે. દલાલી દ્વારા પણ નાણાં મળી શકે છે. તા. ૨૬-૦૨ થી ધન યોગ સારો બને છે. લોહીનું દબાણ વધે. બોલવામાં ઉગ્રતા ન વધે તેની કાળજી લેવી. તા. ૦૨-૦૩ થી કામકાજ માટે નાની નાની મુસાફરી કરવાની થાય. સંતાનને મોજમજા જોઈએ. તા. ૧૦-૦૩ થી મિત્રોનો સહકાર વધે. કામકાજ વધે. દલાલીનું કામ સારૂં મળે. તા. ૧૪-૦૩ થી યાત્રા પ્રવાસમાં ધ્યાન વધુ રાખવું. હાથ નીચેના માણસો સાથે તથા શેઠ સાથે ઘર્ષણ વધે.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- ખોટું સાહસ કે હિંમત કરશો નહીં. ભાગ્યને ઘણા બધા પરિબળો અસર કરે છે. નાના ભાઈ બહેનને સમજવા અઘરાં થઈ પડે. જાત જાતની ભૂલો કરે અને પકડાઈ પણ જાય. જીવનસાથી અક્કડ વલણ દાખવે. સંતાન મિત્રોમાં જ ખોવાયેલા રહે. તા. ૨૭-૦૩ થી આપ ઘરેથી પણ કામ કરી શકો. સહાકીય બાબતોમાં ધ્યાન રાખીને કામ કરજો નહીંતર રોકાણ થઈ જશે. સંતાને બહાર ફરવા કરતાં અભ્યાસમાં ધ્યાન આપવું જરૂરી ખરું. તા. ૩૦-૦૩ થી નોકર ચાકરનું સુખ મળે. તા. ૧૪-૦૪ થી સંતાને અભ્યાસમાં વધુ ધ્યાન રાખવું પડે.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી ૧૪-૦૫-૨૦૧૦) :- ઘરમાં શાંતિનો ભંગ થતો હોય તેવું લાગે. જો કે કામ સારૂં ચાલવા છતાં હતોત્સાહ થવાય. મન ચકાવે ચઢે. સંતાનનો ગુસ્સો ભારે રહે. મિત્રોનો સહકાર સારો મળે. તા. ૨૦-૦૪ થી આપ સહાકીય કામ તરફ વધુ આકર્ષણ અનુભવો. પછીથી તે જુગાર-લોટરી કે રેસ હોઈ શકે. વળી ઈશ્કી મિજાજમાં આવી જવાય. તા. ૨૩-૦૪ થી ભાગ્ય થોડું વંકાયેલું રહે. કામમાં ન જોઈતી અડચણો ઉભી થાય. તા. ૦૨-૦૫ થી આધ્યાત્મિકતા વધે. તા. ૧૪-૦૫ થી સહામાં સાચવીને કામ કરજો. ધર્મ અને આધ્યાત્મ કેટલાં બચાવશે તે એક જૂદો સવાલ છે. બાકી સારૂં છે.

નિજ વૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- સંતાન તરફ લક્ષ્ય વધુ રહે. તેમને મોજશોખ વધુ જોઈએ. નાણાં માટેની માંગણી અવાર-નવાર થાય. જીવનસાથી પણ સંતાન પરત્વે ચિંતિત રહે. તા. ૧૫-૦૫ થી સંતાનનો ધ્યેય ફક્ત નાણાં જ હોય. તમને ધન મળે છે પણ અટવાયેલું રહે છે. હરિફ વર્ગ છાની છૂપી વાતોમાં જ રસ વધુ ધરાવે. તા. ૨૬-૦૫ થી જીવનસાથી જે પણ કામ કરશે તેનું વળતર તેમને મળશે. મિત્રો તેમના કામમાં મશગૂલ રહે. સંતાન થોડાક વધારે આક્રમક બને. તમે શાંતિની ખોજમાં ખોવાયેલા રહો. તા. ૦૬-૦૬ થી ભાગ્યના જોરે સંતાનમાં સુધારો આવે. સહાકીય કામમાં થોડો ઘણો લાભ મળે. તા. ૦૯-૦૬ થી જીવનસાથીને અને તમને બંનેય ને મોજશોખ વધુ જોઈશે તે નક્કી છે.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- સંતાન અહમ્‌ને સંતોપવા પરાક્રમ કરી બતાવે. તમે થોડે ઘણે અંશે નોકર-ચાકરથી તથા તમારા હરિફથી પરેશાન થશો. આધ્યાત્મિકતા રહે. નાની નાની મુસાફરી કરવાની થાય. સરકારી લફરું ન આવે તેની કાળજી અવશ્ય લેશો. તા. ૧૫-૦૬ થી સરકારી કામકાજ સમજી વિચારીને કરવું. કોઈપણ કાગળ ઉપર કે ચેક ઉપર સમજી વિચારીને સહી કરજો. વાંચ્યા વગર કર્યા તો ફસાઈ જ જશો. તા. ૨૨-૦૬ થી સંતાન કંઈક અંશે શાંત થાય. તા. ૦૫-૦૭ થી કામકાજ બરાબર ચાલે નહીં. સંતાન અભ્યાસ પરત્વે દુર્લક્ષ્ય સેવે. તા. ૦૬-૦૭ થી નોકર ચાકરનું સુખ મળે.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા ૧૦-૦૮-૨૦૧૦) :- જીવનસાથીને મોજશોખ વધુ જોઈએ. તેમનો ગુસ્સો ભારે રહે. ખર્ચો વધુ થાય. ભાગ્યનો તમને સાથ મળે છે. હાથ નીચેના માણસો તમારી કાળજી લેશે. તા. ૧૬-૦૭ થી તમને યશ-માન-પ્રતિષ્ઠા મળે. સામાજિક ક્ષેત્રે સારૂં યોગાદાન આપી શકો છો. જીવનસાથી નાણાંના લોભીયા રહે. તા. ૨૦-૦૭ થી મિત્રનું સુખ પ્રાપ્ત થાય. તમે ઘરની કાળજી લઈ શકો. ગણતરીપૂર્વક આગળ વધાય. તા. ૨૩-૦૭ થી ભાગ્ય કામ ઓછું કરે છે તેવું લાગે. હાથ નીચેના માણસોનું સુખ બિલકુલ ઓછું મળે. તા. ૦૧-૦૮ થી સંતાન ભાગ્યના જોરે આગળ વધે. કામકાજ અર્થે મુસાફરી થાય.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯-૨૦૧૦):- ધાર્મિક મહિનો છે. તમે ધાર્મિક ભાવના ધરાવો છો. તીર્થ સ્થાનોની મુલાકાત લઈ શકાય એમ છે. મોજશોખ વધુ જોઈશે. મિત્ર મંડળ સહિત યાત્રાએ જવાના યોગ બને છે. કુટુંબીજનોનો પૂરો સહકાર મળશે. તા. ૧૭-૦૮ થી જીવનસાથીને નાણાં સારા મળતા જણાય છે. તમારું કામ થોડુંક મંદ ગતિનું થાય. નાણાં ફસાય નહીં તેની કાળજી લેશો. તા. ૦૧-૦૯ થી આપનું કામ વધે. આવક વધે. વાહન લઈને વટ પાડી શકો. સંતાનનો સહયોગ સારો મળે. સટ્ટા-જુગાર તરફ આકર્ષાશો. તા. ૦૬-૦૯ થી મિત્રો કામમાં મદદ કરે. તમને સ્ફુર્તિ જણાય.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- આપને ભાગ્યનો સહકાર સારો મળે છે. તીર્થયાત્રા તરફ મન આકર્ષશે. જીવનસાથીનો પણ સહકાર સારો મળશે. મોજશોખ બંને જણાને જોઈશે અને તે પૂરા પણ પડશે. છતાં પણ આપને એવું જ લાગશે કે ભાગ્યનો સાથ અને સહકાર નથી. શરૂના પંદર દિવસમાં જ સારા કાર્ય કરી શકાશે પછીથી શ્રાદ્ધના દિવસોમાં કામ નહીં થાય અને નવરાત્રિની રાહ જોવી પડશે. તા. ૧૭-૦૯ થી આપનું કામ ધીમે ધીમે વ્યવસ્થિત થતું જણાય. સરકારી કામમાં પણ રાહત મળે. જીવનસાથી નાણાં મેળવવા સાહસ ઉઠાવે. તા. ૩૦-૦૯ થી ભાગ્યનો સાથ સહકાર મળે. ભાગ્યને કામ કરતું કરવા ઘણાં બધા પરિબળો કામ કરતાં જણાય છે. શાંતિ ફળે છે.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦):- નવરાત્રિના દિવસોમાં ભાગ્યનો સાથ સંપૂર્ણ મળે છે તેનો ફાયદો ઉઠાવી લો. શક્તિની આરાધના પણ કરી શકશો અને સાથે સાથે દાંડિયા રાસને પણ માણી શકશો. તા. ૧૭-૧૦ થી કામકાજ થોડું આગળ વધે. પણ સંતોષ ન થાય. તથા દલાલીનું વધારાનું કામ પણ થતું જણાય છે. મિત્રોની મદદ મળે છે. સંતાનની મદદ મળે છે બીજું જોઈએ શું ? તા. ૨૦-૧૦ થી મિત્રો તેમનામાં મશગૂલ થઈ જાય. તમે વધારાની આવક મેળવી શકો છો. તા. ૦૧-૧૧ થી તમારા દૂરના નાણાં કે ફસાયેલા નાણાં ઉઘરાણીના નાણાં છૂટા થાય છે. ધન લાભ મળે. તા. ૦૫-૧૧ થી મિત્રો સાથે ફરવાનું વધુ થાય. દિવાળીના દિવસો આનંદ કિલ્લોલમાં પસાર થતાં જોવા મળશે.



કુંભ
ગ, સ, શ, ષ

વિ. સં. ૨૦૬૬ના પ્રારંભે સુવર્ણમયી સુપ્રભાતે આપનો રાશિઅધિપતિ શનિ ૮ મા ભાવેથી કન્યા રાશિથી પ્રવાસ ચાલુ રાખે છે અને તે આખું યે વરસ ૮ મા ભાવે કન્યા રાશિમાં જ રહે છે. તેવી જ રીતે ૧૧ મા ભાવે ધન રાશિમાં રહેલ પ્લુટો રાશિ કે ભાવ બદલ્યા વગર જ જ્યાં છે ત્યાં વરસ દરમિયાન રહે છે. કુંભ રાશિમાં રહેલ હર્ષલ ધીમી ગતિએ આગળ વધીને વર્ષાન્તે ૨ જા ભાવે મીન રાશિમાંથી પસાર થવા પામે છે. વર્ષારંભે ૬ઠ્ઠા ભાવે રહેલ કર્કનો મંગળ પોતાની રીતે આગળ વધીને વર્ષાન્તે ૧૦ મા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થાય છે. ૧૨ મા ભાવે વર્ષારંભે રહેલ ગુરુ-રાહુ અને નેપ. ત્રણેય મકર રાશિથી પોત પોતાની રીતે પ્રવાસને આગળ ધપાવે છે અને વર્ષાન્તે ગુરુ કુંભ રાશિમાં ૧ લા ભાવેથી, રાહુ ૧૧ મા ભાવે ધન રાશિમાંથી અને નેપ. ૧ લા ભાવે કુંભ રાશિમાંથી પસાર થતાં જોવા મળે છે. તો કેતુ વર્ષારંભે કર્ક રાશિ અને ૬ઠ્ઠા ભાવેથી વક્રગતિએ આગળ વધતાં ૫ મા ભાવે મિથુન રાશિમાંથી પસાર થાય છે. વર્ષારંભે ૯ મા ભાવે તુલા રાશિથી સૂર્ય અને ચંદ્ર પોત પોતાની રીતે અને ગતિથી આગળ વધતાં સૂર્ય રાશિચક્ર અને બારેય ભાવ ફરીને વર્ષાન્તે ચંદ્રની સાથે જ, જે અનેક ચક્કરો રાશિ ચક્રના કાપીને ફરી તુલા રાશિ અને ૯મા ભાવેથી જ પસાર થાય છે. ૮ મા ભાવે કન્યા રાશિમાં વર્ષારંભે રહેલ બુધ અને શુક્ર પોત-પોતાની રીતે આગળ વધીને બંનેય રાશિચક્ર અને બારે ય ભાવ ફરીને શુક્ર ૯મા ભાવે તુલા રાશિમાંથી

અને બુધ ૧૦ મા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થતા જોવા મળે છે. આમ નભોમંડળમાં આપની રાશિમાંથી અને આજુબાજુમાંથી આપના સૂર્ય મંડળના ગ્રહોને પસાર થતાં જોવા મળે છે. હવે તેઓ આપને કેવી કેવી અસરો આપી શકે છે તે જોવાનો પ્રયત્ન કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ જોવા જઈએ તો આપને શનિની પનોતી ચાલે છે. જો કે તાંબાના પાયે હોવાથી બહુ તકલીફ નહીં પડે. જો કે વર્ષારંભે શનિ ૮ મે છે, ગુરુ-રાહુ ૧૨ મે છે અને મંગળ પણ ૧૨મા સ્થાનને જોઈ રહે છે. આમ ૧૭-૧૧-૨૦૦૯ સુધી તબિયત બરાબર નહીં જ રહે. જેમની બરાબર રહેતી ન હોય તેમણે કાળજી વધુ લેવી પડશે. ૨૦-૧૨-૨૦૦૯ પછીથી રાહત ઉભી થઈ શકશે. ૧૭-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન વધુ કાળજી લેશો. જયારે કૌટુંબિક દૃષ્ટિએ જોઈએ તો વર્ષારંભે તેઓ થોડા વાંકા ચાલશે, તમે તેમનું ધ્યાન બરાબર જ રાખશો. સંતાનથી થોડા પ્રશ્નો ઉદ્ભવશે. જીવનસાથીથી પ્રશ્ન જણાતો નથી. પણ તેઓ તબિયત વિશે અવારનવાર ફરિયાદ કરશે. મોટા ભાઈ-બહેન કામકાજમાં વ્યસ્ત હોવા છતાં પણ-આવક સારી હોવા છતાંપણ પરેશાન જોવા મળશે. જે તેમનો પ્રશ્ન છે.

આર્થિક દૃષ્ટિએ આપને આવકના પ્રમાણમાં જાવક વધુ રહેતી જોવા મળે છે. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી કઈક સફળતા મળે અને આવક વધે તો નવાઈ નહીં. જેઓ નોકરી કરે છે તેમને બદલી કે બઢતી જોવા મળતી નથી. તો જેઓનું સટ્ટાકીય કામ છે તેઓ પણ જો સમજ્યા વિચાર્યા વગર કામ કરશે તો ઘણું બધુ મૂકવાનો વારો આવી શકે તેમ છે. સંતાનની પણ કઈ એવી આવક જણાતી નથી. તેનું સાહસ મોંઘું પડે તેમ છે. જીવનસાથીને ૦૨-૦૫-૨૦૧૦ સુધી આવક સારી રહે. સંપત્તિમાંથી પણ વધુ આવક મળતી જણાતી નથી. ઉલટાને ખર્ચ ઉઠાવવો પડે તેમ છે. મિત્રોની દાનત ૧૭-૧૧-૨૦૦૯ પછીથી બગડેલી જોવા મળશે. જો કે તેમનું કામ ધમધોકાર ચાલતું હશે. ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન સંબંધ વધુ ગાઢ બનતા જણાય છે.

સ્થાવર જંગમ મિલકતની દૃષ્ટિએ જોઈએ તો આ વર્ષે બહુ સારા યોગ બનતા નથી. કદાચ જૂની સંપત્તિને તોડીને નવું વસાવવું હોય તો જૂદી વાત છે. સંપત્તિના સમારકામ માટે ખર્ચો કરી શકાશે. મોજશોખ-વૈભવ વિલાસની વસ્તુ વસાવશો તો પણ એટલો લાભ થતો જણાતો નથી. આપનો આધ્યાત્મિકતા તરફ આગળ વધવું હોય તો પ્રયાસ કરશો તો પણ કેટલું ફળ પ્રાપ્ત કરશો તે એક સવાલ છે. બીજી બાજુએ લાંબા-પ્રવાસનું કે ધાર્મિક યાત્રાનું પણ કઈ ઠેકાણું પડતું જણાતું નથી. પરદેશગમન મુશ્કેલ લાગે છે. ભાગ્યનો જે સાથ અને સહકાર જોઈએ તે મળતો નથી. હવે ગોચરના ગ્રહો આપના જીવનમાં વિધ વિધ ક્ષેત્રે કેવી કેવી અસરો આપે છે તે જોવાનો પ્રયાસ કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ :- શનિની અઢી વર્ષની નાની પનોતી તાંબાના પાયે આપને ચાલે છે. પનોતી એટલે પનોતી. તે તેની કઈક ને કઈક અસર તો બતાવે જ. વળી ગુરુ અને રાહુ બંને ૧૨ મે છે. આમ ૧૭-૧૧-૨૦૦૯ સુધી પરેશાની વધુ રહેશે. પછી રાહત મળશે. ૨૦-૧૨-૨૦૦૯ થી કૌટુંબિક પ્રશ્નો ઓછા થતાં વધારે રાહત મળશે. ૧૪-૦૧-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન અને તેમાં પણ ૦૬-૦૨-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન વધુ કાળજી લેશો. કાં લોહીનું દબાણ વધી જાય અને પડી જશો તો મુશ્કેલી ઉભી થશે. કાં પેટમાં કોઈ તકલીફ ઉભી થાય. અને સહન કરવામાં તકલીફ પડે. ૧૪-૦૩-૨૦૧૦ થી ૧૪-૦૪-૨૦૧૦ દરમિયાન જીવનસાથીને તકલીફ ઉભી થતાં તમે પરેશાન થઈ જશો. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન અને તેમાં પણ ૨૨-૦૬-૨૦૧૦ થી ૦૬-૦૭-૨૦૧૦ દરમિયાન આપને સંતાનથી ઝઘડો ન થાય તેની કાળજી લેશો નહીંતર બંને જણને તેની ખરાબ અસર થશે તે નક્કી વાત છે. ૧૭-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન યશ-માન-પ્રતિષ્ઠાની દૃષ્ટિએ કાળજી લેવાની જરૂરત જણાશે. બાકી બીજો કોઈ વાંધો જણાતો નથી.

આર્થિક દૃષ્ટિએ :- આ વર્ષે આપને ૨૦-૧૨-૨૦૦૯ સુધી ખર્ચો ઘણો જ ઉઠાવવો પડે તેમ છે. કૌટુંબિક-ધાર્મિક-માંગલિક કે પ્રવાસનો હોઈ શકે. આપના કરતાં જીવનસાથી વધારે શોખીન હોવાથી તેમનો ખર્ચો પણ વિશેષરૂપથી હશે. આ વર્ષે જે કામ છે તે ચાલુ રાખવું પડે તેમ છે અને તે જતું રહેશે તો નવું મળતાં ઘણી વાર થશે. નોકરિયાત વર્ગને બદલી કે બઢતી મળતી જણાતી નથી. જેમને કામ કરવું છે તેમને પણ મળવું અઘરૂં છે. જે મળે તે સ્વીકારીને ચાલો તો જ મેળ પડી શકે તેમ છે. સટ્ટાકીય કામકાજમાં પણ સાચવીને - સમજીને કામ કરવું હિતાવહ રહેશે તે નક્કી વાત છે. ૦૩-૧૧-૨૦૦૯ થી ભાગ્ય કામ કરતું થાય. અને આપના હૃદયને થોડીક શાંતિ મળે. ૧૨-૧૧-૨૦૦૯થી સટ્ટાકીય કામમાં થોડીક રાહત મળે. ૧૬-૧૧-૨૦૦૯થી કામકાજમાં ભાગીદાર કે જીવનસાથીનો સાથ મળે છતાં પણ તમને એવું લાગે કે દખલગીરી કરે છે. ૨૧-૧૨-૨૦૦૯ થી ચાલુ કામની આવક સિવાય વધારાની આવક થાય. ભાગ્યના જોરે કામ વધે. ૦૬-૦૨-૨૦૧૦ સુધી સટ્ટાકીય લાભ મળી શકે. ૧૪-૦૧-૨૦૧૦ થી ભાગીદાર નો સાથ ઓછો મળે. ભાગ્ય કામ કરતું નથી એવું લાગે. ૦૬-૦૨-૨૦૧૦ થી ૧૩-૦૨-૨૦૧૦ દરમિયાન સટ્ટાકીય કામમાં લાંબાગાળાની ફસામણી શક્ય બને. ૦૨-૦૩-૨૦૧૦ થી ભાગ્યના જોરે નાણું મળે. ૧૪-૦૩-૨૦૧૦ થી સટ્ટાકીય ફાયદો કાગળ ઉપર જણાય. ખરેખર હકીકતમાં નાણાં કયાં ગયા છે તે જ સમજમાં આવે નહીં. ૨૬-૦૫-૨૦૧૦ થી તમને કરેલા કામનું વળતર મળે અને કામ કરવાનું મન થશે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન સટ્ટાકીય કામમાં બહુ જ સાચવજો. ૩૦-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન ફરીથી સટ્ટામાં નુકશાની ન જાય તેની કાળજી લેશો. બાકી વરસ સારૂં છે. મિલકતમાંથી પણ ખાસ ઉપજ થતી જણાતી નથી. એટલે તે આશા રાખવી નકામી છે.

કૌટુંબિક દૃષ્ટિએ :- વર્ષારંભે કુટુંબની વ્યક્તિઓનો વર્તાવ વિચિત્ર રહે તેવું બની શકે. અને તમે પણ દરેક વસ્તુનું મૂલ્યાંકન કરતાં નજરે પડશો. ૨૦-૧૨-૨૦૦૯ પછીથી થોડી ઘણી પરિસ્થિતિ સુધરતી જાય અને ૦૨-૦૫-૨૦૧૦ પછીથી વર્ષાન્ત સુધી પરિસ્થિતિ એકંદરે ઘણી સારી રહેશે. નાના ભાઈ-બહેન હકીકતમાં પરેશાન હોવા છતાં કળાવા દેશે નહીં. તેમની આવક સારી હશે. પણ તેઓ કયાં વાપરે છે તે સમજાશે નહીં. તેઓ ૧૭-૧૧-૨૦૦૯ સુધી ગંદુ રાજકારણ રમતાં જોવા મળશે. પણ પછીથી ભાગ્યનો સાથ નહીં મળતા ગૂંચવાઈ જશે. જો તેઓ અભ્યાસ કરતાં હશે તો તેમાં કાળજી લેવી પડશે અને નહીંતર એકાદ વિષયમાં નપાસ થવાની સંભાવના ખરી. જો તેઓ અવિવાહિત હશે તો લગ્ન-વિવાહની શક્યતા ખરી. તેમના નામે સંપતિ વસાવવાનો યોગ ખરો. તેવી જ રીતે અચાનક પરદેશગમનની પણ શક્યતા વધે છે. માતાનું સ્વાસ્થ્ય સારૂં રહે. માતાને નામે આવક પણ સારી થાય. કૌટુંબિક સુખ પણ સારૂં મળે છે. માતાને કામ કરવું હોય તો ૨૦-૧૨-૨૦૦૯ થી મળી રહે. જો માતા નોકરિયાત હોય તો બદલી કે બઢતી જોવા મળતી નથી. તથા માતાના નામે સંપત્તિ હોય તો તેમાંથી વધારાની આવક ઉભી કરી શકાય છે. પણ નવી મિલકત વસાવવાના યોગ ઓછા બને છે. માતામાં આધ્યાત્મિક લાગણી વધુ ઉભી થાય અને તેમને જાત્રા-પ્રવાસના યોગ ઓછા બને છે, માતાના નામે સટ્ટાકીય લાભ મેળવી શકાય તેમ છે. સંતાનનું સ્વાસ્થ્ય એકંદરે ઠીક ઠીક રહે. ૧૭-૧૧-૨૦૦૯ થી રાહત મળે અને ૨૦-૧૨-૨૦૦૯ થી વધુ સુધારા ઉપર આવે. સંતાન અભ્યાસ કરતાં હોય તો ધો. ૧૨ સુધીના વર્ગમાં ભણતાં બાળકોએ વિશેષ ધ્યાન આપવું. પછીથી વાંધો નથી. સંતાનના હાથમાં ધન ટકતું જણાતું નથી. જો તેઓ કામ કરવા માંગતા હશે તો તે શક્ય બનશે. અને કરવું જ જોઈએ. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી સારી કમાણી થાય અને તેમના નામે સંપત્તિ વસાવી શકાય. પરદેશ રહેતા સંતાન ત્યાંથી કમાયેલા નાણાં દ્વારા અહીં સંપત્તિ ખરીદી શકે એમ છે. તેમના વિવાહ-લગ્નના યોગો ૨૦-૧૨-૨૦૦૯ પછીથી બને છે. જીવનસાથીનું સ્વાસ્થ્ય સારું રહે. તેમની આવક સારી રહે. જો તેઓ નોકરિયાત હોય તો ૨૦-૧૨-૨૦૦૯ પહેલાં બદલી કે બઢતી કે બંને શક્ય બને. તેમના નામે સંપત્તિ હોય તો તેમાંથી ૨૬-૦૫-૨૦૧૦ પહેલાં આવક થતી જણાતી નથી. બીજું તેમાં વધારે પડતાં દુઃખી થવાનો વારો આવી શકે. તેમને બીજી રીતના ઘણી સારી આવક મળતી જણાય છે. તેમને ૨૦-૧૨-૨૦૦૯ સુધી મુસાફરી યોગ જણાય છે. પિતાનું સ્વાસ્થ્ય થોડું નબળું રહેશે. શરદી-કફ-સળેખમથી વધુ પિડાય. ૧૬-૧૧-૨૦૦૯ થી ૧૬-૧૨-૨૦૦૯ દરમિયાન શ્વાસ લેવામાં તકલીફ પડે. તેઓની આવક ચાલુ રહેશે. ૨૦-૧૨-૨૦૦૯ પછીથી કામમાં સફળતા મળશે. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી તેઓ સટ્ટાબાજીને વધુ મહત્વ આપતા જોવા મળશે. જો તેઓ નોકરિયાત હોય તો બદલી કે બઢતીની શક્યતા નથી. તેમના નામે મિલકત વસાવવમાં પણ તકલીફ પડે એમ છે. કુટુંબથી એકંદરે સારૂં રહેશે. મિત્રો વધારે પડતાં મોજશોખમાં હોય તેવું દૃશ્ય ભવિષ્યમાં જોવા મળશે. તો મોટા ભાઈ બહેનને ૧૭-૧૧-૨૦૦૯ થી પતિ / પત્ની વચ્ચેના ઝઘડા સંભવી શકે છે. તેમને કામકાજ ચાલુ રહેશે. જીવનસાથીનો કકળાટ વધુ રહશે. સંતાન થકી પરેશાન રહેશે. તેમની આવક ઘણી સારી રહેશે. આમ કૌટુંબિક

દૃષ્ટિએ જૂદી જૂદી વ્યક્તિએ જૂદું જૂદું ફળ મળતુ જણાય છે.

સ્થાવર-જંગમ મિલકતની દૃષ્ટિએ :- આ વર્ષે આપના નામે સંપત્તિ કરવાનો પ્રયત્ન કરશો પણ તમે તેને ભોગવી શકશો કે કેમ એ સવાલ રહે છે. થોડીક રાહ જોવી વધુ સારી ગણી શકાય. જૂની મિલકત હોય તેને તોડીને નવી બનાવી શકાય. અથવા તો તેને વેચી પણ દઈ શકાય. જર-ઝવેરાતની દૃષ્ટિએ પણ સમય એટલો સારો નથી. સંતાનના નામે સંપત્તિ વસાવવાનો યોગ સારો બને છે. જીવનસાથીના નામે ઝવેરાત વસાવવાનો યોગ બને છે. તથા તેમના નામે મોંઘી ચીજવસ્તુ વસાવવી હશે તો તે પણ શક્ય બનશે. વર્ષની શરૂઆતથી ૨૭-૧૧-૨૦૦૯ સુધી; ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ સુધી; ૨૦-૦૪-૨૦૧૦ થી ૦૯-૦૬-૨૦૧૦ સુધી; તથા ૦૧-૦૮-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીનો સમય સારો ગણી શકાય. આમ આ વર્ષે આપના નામ ઉપર સંપત્તિ વસાવવાનું મન મોકુફ રાખશો તો વધુ લાભ થશે. આપના જન્મના ગ્રહો કઈંક જૂદું કહેતા હોય તો વાત જૂદી છે.

સંતાનની દૃષ્ટિએ :- જો આપ પરીણિત અને સંતાન ઈચ્છુક હશો તો ૨૦-૧૨-૨૦૦૯થી યોગ બને છે. સાથે સાથે ગર્ભવતી મહિલાઓ જો કાળજી નહીં લે તો ગર્ભપાત થવાની પણ શક્યતા વધુ રહેલી છે. જો સંતાન હોય અને અભ્યાસ કરતાં હોય તો ધો. ૧૨ અને તેથી નીચેના વર્ગોમાં ભણતા બાળકોએ વધુ ધ્યાન આપવું પડશે. નહીંતર એકાદ વિષયમાં તકલીફ ઉભી થશે, સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના બાળકોને કોઈ તકલીફ જણાતી નથી. સંતાનને કામ કરવું હશે તો જરૂરથી મળી રહેશે. સંતાને વર્ષારંભે સ્વાસ્થ્યની કાળજી લેવી પડશે. સંતાન અપરીણિત હશે તો તેમના વિવાહ અને લગ્નની શક્યતાઓ રહેલી છે. તથા પરીણિત સંતાન ઈચ્છુક સંતાન આપને ખુશખબર આપી શકે તેમ છે. આપ દાદા-દાદી કે નાના-નાની બની શકો તેવું લાગે છે. સંતાન ૦૨-૦૫-૨૦૧૦ પછીથી થોડાક ધાર્મિક બનતા જણાય છે. આ વર્ષે સંતાનના નામે સંપત્તિ વસાવવી હોય તો તેમાંથી વધારાની આવક પણ ઉભી થઈ શકે એમ છે. આ વર્ષે સંતાનના હાથે ખર્ચો વધુ થતો જણાય છે. તેમના નાણાં ઉપર તેમના મિત્રોની નજર વધુ રહેશે. જો તેઓ નોકરી કરતાં હશે તો તેમને બદલી કે બઢતીની શક્યતા વધુ રહે છે. તથા સહકારી કામમાં ધ્યાન નહીં રાખે તો નુકશાન જવાની શક્યતા રહેલી છે. અને મિત્રોના મનમાં શું હશે અને શું કરશે તેની પણ ખબર પડતી નથી. સંતાનને પરદેશ જવાના યોગો ઓછા બને છે. આમ સંતાનની દૃષ્ટિએ આવું ફળ મળતું જણાય છે. આપ થોડે ઘણે અંશે તેમનાથી પરેશાન રહેશો તે નક્કી છે.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! આ વર્ષે તમે પનોતીમાંથી પસાર થઈ રહ્યા છો. જો કે પાયો તાંબાનો છે પણ ખ્યાલ નહીં રાખો તો પરેશાની વધારી દેશો. પરીક્ષામાં ધ્યાન વધુ આપવું પડશે. ધો. ૧૨ કે તેથી નીચેના વર્ગોમાં ભણતા બાળકોને ૨૦-૧૨-૨૦૦૯ પછીથી રસ ઉત્પન્ન થતો જણાશે. અને દિલ દઈને ભણી શકાશે પણ મિત્રોથી કાળજી નહીં લો તો વધુ પરેશાન થવાશે. તેઓના મનમાં શું ચાલે છે અને શું નહીં તેની પણ સમજ પડશે નહીં. રસાયણશાસ્ત્રના વિષયમાં વધુ કાળજી લેવી પડશે. તેવી જ રીતે ગણિતનું પેપર પણ તકલીફકર્તા જ હશે. બાયોલોજીનું પેપર સહેલું હશે એટલે બહુ વાંધો આવશે નહીં. વાણિજ્ય શાખાના વિદ્યાર્થી મિત્રોને ૦૬-૦૨-૨૦૧૦ થી ૨૬-૦૨-૨૦૧૦ દરમિયાન રાત્રિના ઉજાગરા થતાં જણાય છે. આંકડાશાસ્ત્રમાં કાળજી વધુ લેશો. અને જેમાં પણ દાખલા ગણવાના થતાં હોય તેમાં પણ ધ્યાન રાખવું જ પડશે. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને કોઈ વાંધો આવતો જણાતો નથી. સ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રોને ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાનની પરીક્ષાઓ એકંદરે સારી જશે. તે પહેલાં જેમને પરીક્ષા હશે તેમણે દોડાદોડી વધુ કરવાની રહેશે. જ્યારે અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રોને મટિરિયલ ભેગું કરવા માટે દોડાદોડી કરવી પડશે. સ્નાતક કક્ષામાં રસાયણશાસ્ત્ર; ભૌતિકશાસ્ત્ર; આંકડાશાસ્ત્ર; અને જિયોલોજી - મેટાલર્જીના વિદ્યાર્થીઓએ વધુ ધ્યાન આપવું પડશે. ઈજનેરીના વિદ્યાર્થી મિત્રો કાળજી નહીં લે તો એ.ટી.કે.ટી.તો આવશે જ. દાક્તરી શાખાના વિદ્યાર્થી મિત્રોને ખાસ વાંધો નથી. કાયદાશાસ્ત્રના વિદ્યાર્થી મિત્રોએ ૨ જા પ્રશ્નપત્રમાં વધુ કાળજી લેવી પડશે. આ વર્ષે સંશોધનક્ષેત્રથી સંકળાયેલી વ્યક્તિઓએ થોડી વધુ મહેનત કરીને પણ આ વર્ષે પેપર્સ રજુ કરી દેવા જોઈએ જેથી પદવી મળી જાય અને એક વસ્તુનો નિકાલ આવી જાય. જેમને કામ કરવું છે તેમને એટલું આસાનીથી કામ મળતું જણાતું નથી. તો હાલમાં મનપસંદ ન પણ હોય તો પણ સ્વીકારીને આગળ વધવું પડશે. જેઓ કામ કરે છે તેમને બદલી કે બઢતી મળતી જણાતી નથી પણ થોડોક પગાર વધારો જરૂરથી મળી શકે એમ છે. જેઓને અભ્યાસ પછીથી પરદેશ જવું છે તેમની પણ ઈચ્છાપૂર્તિ થતી જણાતી નથી. મિત્રો ૧૭-૧૧-૨૦૦૯ પછીથી જો તમે તમારા મિત્રો ઉપર વધુ ભરોસો મૂક્યો તો ફસાયા સમજજો અને ફરીવાર તેના તે જ વર્ગમાં નવા ભાઈબંધો બનાવવાનો સુવર્ણલાભ તમને પ્રાપ્ત થશે. આ વર્ષ આપનું ભાગ્ય જોઈએ તેટલું પ્રબળ બનતું જોવા મળતું નથી. આપને જો આરાધના કરવી હોય તો ગણપતિજીની અને સરસ્વતી દેવીની ખાસ કરજો. બીજી રીતે વરસ સારૂં જણાય છે. મહેનત કરો અને આગળ વધો એજ શુભેચ્છા....

સ્ત્રીઓની દૃષ્ટિએ :- બહેનો ! આપને અઢી વર્ષની શનિની નાની પનોતી તાંબાના પાયે ચાલી રહે છે. વર્ષારંભે ગુરુ અને રાહુ પણ ૧૨ મા ભાવે નબળા થઈને બેઠા છે. દેહ સ્થાન ઉપર નીચના મંગળની દૃષ્ટિ છે. જો આપ સ્વાસ્થ્યનું ધ્યાન નહીં રાખો તો તકલીફ ઉભી થશે. ભાગ્યનો પણ સાથ મળતો નથી. ૧૭-૧૧-૨૦૦૯ સુધી તો બહુ જ કાળજી લેશો. ખોટી દોડધામ કરવા જશો તો પડી જશો અને હાડકા ભાંગશો તે નફામાં. ત્યાર પછી થોડી રાહત થશે અને ૨૦-૧૨-૨૦૦૯ પછીથી વધુ રાહત મળશે. ૨૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન અને તેમાં પણ ૦૪-૦૩-૨૦૧૦ સુધી વધુ ધ્યાન રાખવું પડશે. કૌટુંબિક સભ્યોનો પણ સાથ અને સહકાર ભૂલી જજો. સંતાન બોલવામાં વધુ ઉગ્ર હશે જે સંબંધો બગાડશે. જીવન સાથીનો ગુસ્સો ભારે રહેશે. જો કે તેઓને સહકારી પ્રવૃત્તિમાં નુકશાન થતું જણાય છે. મોટા ભાઈ બહેનના મનમાં શું ચાલે છે તે સમજવું ભારે થઈ પડશે. જો આપ અભ્યસ કરતાં હોવ તો તમારે થોડું વધારે ધ્યાન આપવું પડશે. ૨૦-૦૪-૨૦૧૦ થી ૧૫-૦૫-૨૦૧૦ દરમિયાન સ્નાતક કક્ષાની બહેનોને સારો સમય જણાય છે. અનુસ્નાતક કક્ષાની બહેનોએ ૩૦-૦૩-૨૦૧૦ પછીથી વધુ મહેનત કરવી પડશે. જ્યારે જે બહેનો સંશોધનક્ષેત્રે કામ કરતી હોય તેમણે આ વર્ષે પદવી લઈ લેવી જ જોઈશે. આ વર્ષે તમને પદવી મળી શકે એમ છે. જો આપ નોકરી કરવા માંગતા હશો તો જે કામ મળે તે સ્વીકારી લેવું પડશે. જેઓ નોકરી કરે છે તેમને બદલી કે બઢતી મળતી જણાતી નથી. પગાર વધારો ૦૨-૦૫-૨૦૧૦ પછીથી મળી શકે એમ છે. જો તમે અવિવાહિત હોવ અને લગ્ન કરવાં ઉત્સુક હશો તો આ વર્ષે તમને સારી તકો રહેલી છે. વિવાહ અને લગ્ન બંનેની શક્યતા છે. જો આપ પરીણિત હોવ અને સંતાન ઈચ્છુક હશો તો આપની ઈચ્છા પરિપૂર્ણ થતી જણાય છે. જો આપ ગર્ભવતી હશો તો કસુવાવડ ન થઈ જાય તેની કાળજી લેવી પડશે. આ વર્ષે આપના નામે કોઈ સંપતિ લેવી હોય તો બે વાર વિચાર કરજો નહીંતર દુ:ખી થઈ જશો. આપ સહકારી કામથી સંકળાયા હોવ તો કાળજી લેશો નહીંતર ધન મૂકવાનો જ વારો આવશે. આપ આ વર્ષે ધર્મ તરફ બહુ વળી શકો એવું જણાતું નથી. આપના મિત્રો આ વર્ષે પરેશાન રહેશે અને તમને પણ પરેશાન કરશે. તમારે ધ્યાન રાખીને - અંતર રાખીને - કામ કરવું પડશે. આ વર્ષે આપને પરદેશ જવાના યોગો ઓછા બને છે. વળી નાની મોટી યાત્રા પણ ઓછી જણાય છે. હરિફ વર્ગ ઓછો પણ થાય છે અને તે વગર વિચાર્યુ સાહસ કરવા પણ તૈયાર થઈ જાય તેવું લાગે છે. આપના પ્રેમ સંબંધો આ વખતે કપાઈ જતા જણાય છે. તેઓની ભાષા પણ બહુ ખરાબ હશે અને ગાળી ગલોચ કરતાં પણ અચકાશે નહીં. આપને આરાધન કરવું હોય તો ગણપતિજીનું ધ્યાન વિશેષ ધરવું પડશે. શનિની પનોતી થોડી ઘણી અસરો તો આપશે જ ને !!! પ્રભુ સ્મરણ જ દુ:ખને ભૂલવામાં મદદ કરે છે.

વિશેષ વિગતો :- વર્ષારંભે ૮મો શનિ, અને ૧૨ મો ગુરુ અને રાહુ આપની તબિયત બગાડતો જોવા મળે છે. કાળજી નહીં લો તો ૧૭-૧૧-૨૦૦૯ સુધીમાં આપની તબિયત અવશ્ય બગડશે, કાં તમે પડી જાવ કે અકસ્માત થાય તો હાડકા ભાંગવાનો વારો આવી શકે છે. ૦૩-૧૧-૨૦૦૯ થી આપને ભાગ્ય કામ કરતું હોય તેવું લાગે. ૧૨-૧૧-૨૦૦૯થી આપ સહકારી કામમાં વિશેષ રૂચી લેતા થાવ તેવું શક્ય બને. ૧૬-૧૧-૨૦૦૯ થી ભાગીદાર કે જીવનસાથી આપને કામમાં મદદરૂપ બને. ૧૭-૧૧-૨૦૦૯ થી મોટા ભાઈ બહેન તથા મિત્રોને સમજવા ઘણાં અઘરાં થઈ પડશે. સંતાનનું દિમાગ પણ વિચિત્ર ચાલે અને સહકારીય કામકાજમાં ધ્યાન નહીં રાખો તો મોટી નુકશાની ઉઠાવવાનો વારો આવી શકે એમ છે. ૦૧-૧૨-૨૦૦૯ થી ચાલુ કામ સિવાયના વધારાના કામમાં ઓછો ફાયદો થતો જણાય છે. ૧૬-૧૨-૨૦૦૯ થી ૨૯-૧૨-૨૦૦૯ દરમિયાન ધંધામાં નફો

ઓછો મળતો જોવા મળશે. ૨૧-૧૨-૨૦૦૯ થી ભાગ્યના જોરે ધંધામાં કોઈ લાભ થતો જોવા મળશે. ૦૬-૦૨-૨૦૧૦ થી સહ્રામાં ધ્યાન નહીં રાખો તો લાંબા ગાળાનું રોકાણ શકય બને. જ્યારે બીજી બાજુએ આપને મોજશોખ વધુ જોઈશે. સારો સમય છે અને તેને મનાવી લેવો જોઈએ તેવો વિચાર આવે. આપ સુખી સુખી થઈ ગયેલા જણાશો. ૧૩-૦૨-૨૦૧૦ થી આપને પિત્તથી પરેશાન થવાનો વારો આવી શકે છે. ૧૯-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ દરમિયાન તકલીફ વધી શકે. જીવનસાથી સાથે ટકરાવ ઉભો થઈ શકે. તાવ આવી શકે. વાયુ અને પિત્તની અસર સ્પષ્ટ જણાઈ આવે. ૨૬-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ દરમિયાન ધ્યાન વધુ આપશો નહીંતર ખતરો ઉભો થઈ શકે તેમ છે. ૦૨-૦૩-૨૦૧૦ થી ભાગ્યના જોરે ધનનો પ્રવાહ વધતો જતો જણાય છે. ૧૪-૦૩-૨૦૧૦ થી સહ્રાકીય લાભ સારો મળી શકે છે. સંતાન આપની પાસેથી નાણાંકીય આશા રાખતા હશે. તમે પણ ૨૭-૦૩-૨૦૧૦ દરમિયાન ઇશ્કબાજીમાં ખોવાઈ ન જાવ તેનું ધ્યાન રાખજો. આ બધુ જ અચાનક અને કેમ બને છે તેની સમજ પડશે નહીં. ૧૪-૦૩-૨૦૧૦ થી અને તેમાં પણ ૧૮-૦૩-૨૦૧૦ થી ૩૧-૦૩-૨૦૧૦ દરમિયાન જીવનસાથી જો બિમાર હોય તો બિમારી ગંભીર બની શકે એમ છે. ૨૦-૦૪-૨૦૧૦ થી તમે ફરી મોજશોખ તરફ વળતા જણાવ છો. ભાગ્યનો સાથ મળે છે. ૨૭-૦૪-૨૦૧૦ થી જીવનસાથીનું ભાગ્ય ફેરવાતું જણાય. સંતાનના મિત્રો વધુ પડતા અહમ્ પ્રધાન બનતા જણાય. ૧૪-૦૫-૨૦૧૦ થી માતા પૈસા માટેની માંગણી વધુ કરે. તમે પોતે પણ ઇશ્કી મિજાજવાળા બનો. ૦૨-૦૫-૨૦૧૦ થી મિત્રોની નજર આપના ધન ઉપર રહે. તથા કુટુંબીજનો પણ કેવું વલણ ધરાવશે તે કહેવું અઘરું થઈ પડે. ૦૬-૦૬-૨૦૧૦ થી સંતાનને બહાર જવાનું શકય બને. ઘરની અંદર શાંતિ જોખમાતી જણાય છે. સુખ ઓછું મળતું ૨૨-૦૬-૨૦૧૦ સુધી લાગશે. ૨૨-૦૬-૨૦૧૦ થી તમે સહ્રાકીય કામમાં ધ્યાન નહીં રાખો તો ફસાઈ જશો. આબરૂ ગૂમાવવાનો વારો આવી શકે. ૦૬-૦૭-૨૦૧૦ સુધી સંતાન સાથે મહા ઘર્ષણ પણ થઈ શકે. જેઓને હ્રદયની તકલીફ હોય તેમણે કાળજી લેવી અને વધુ પરિશ્રમથી દૂર રહેવું. ૧૬-૦૭-૨૦૧૦ થી જીવનસાથીને તકલીફો ઉભી થાય. કદાચ તેમને દવાખાનામાં દાખલ કરવાનો વારો પણ આવી શકે છે. ૨૩-૦૭-૨૦૧૦ થી તબિયતની કાળજી ફરીથી લેશો. તમારું કોઈપણ જોખમ મોંઘુ બની શકે. જો કે સંતાન આપનું પણ ધ્યાન રાખે અને આપના જીવનસાથીને પણ માન આપે. અને આપને સામાજિક જીવનથી પણ લાભ મળતો જણાય છે. તમે દિલ દઈને કામ કરશો. ૦૧-૦૮-૨૦૧૦ થી ૦૧-૦૯-૨૦૧૦ દરમિયાન આપને એવું લાગે કે નશીબનો સાથ મળતો નથી. ૩૦-૦૯-૨૦૧૦ થી સંતાન સુખ ઓછું પ્રાપ્ત થાય. અને ૦૧-૦૯-૨૦૧૦ થી આપ ધર્મમાં માનતા થાવ. અને ૦૬-૦૯-૨૦૧૦ થી આપને કામકાજમાં દૂર જવાનું થાય. અને વર્ષાન્ત સુધરતો જણાય. આપને આરાધના કરવી હોય તો ગણપતિની જરૂરથી કરજો. રિદ્ધિ-સિદ્ધિના દાતા છે. શારીરિક સ્વસ્થતાની જરૂર છે. સમય સમયનું કામ કરે છે. સમયની જ રાહ જોવી પડે છે તે નક્કી છે.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- તબિયતની કાળજી લેવી પડશે. જીવનસાથીને મોજશોખ વધુ જોઈશે. ખર્ચો વધુ રહેશે. વર્ષારંભે મુશીબત ઉઠાવવી પડે તેમ છે. ખાવા પીવામાં અને બહાર ફરવા જવામાં કાળજી લેશો. તા. ૨૫-૧૦ થી સંતાનનું ભવિષ્ય બદલાતું જણાશે. સહ્રાકીય કામકાજમાં કાળજી લેશો. તા. ૦૩-૧૧ થી શાંતિનો અનુભવ થાય. આપને લાગે કે ભાગ્યનો સાથ છે. તા. ૦૪-૧૧ થી મુશીબતોમાં રાહત મળતી જણાશે. તા. ૧૨-૧૧ થી સંતાન કામકાજમાં મદદરૂપ બને. સહ્રાકીય પ્રવૃતિ વધતી જોવા મળે. તા. ૧૬-૧૧ થી જીવનસાથીનો કામકાજમાં સહકાર મળશે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- આપનું ભાગ્ય આપને ફળી રહ્યું છે. શાંતિનો અહેસાસ થાય. ખર્ચો વધુ રહેશે. જાત જાતના અનુભવો જોવા મળશે. તા. ૧૭-૧૧ થી આપ મુશ્કેલ સમયમાંથી છૂટકારો મેળવશો. સહ્રાકીય કામમાં બહુ જ ધ્યાન રાખવું પડશે. તા. ૨૭-૧૧ થી કામમાં પ્રવૃત્ત રહેવા છતાં ઘરનું કામ પણ સંભાળાશે. તા. ૦૧-૧૧ થી આપ મિત્રોના થકી સહ્રાકીય લાભ મેળવવાનો પ્રયત્ન કરશો. સંતાનનું સ્વાસ્થ્ય કાળજી માંગી લે છે. તા. ૦૧-૧૨ થી તબિયતમાં સુધારો જોવાય. જુસ્સો વધે. તા. ૭-૧૨ થી આપ લાગણીશીલ બનતા જોવા મળશો. તા. ૧૫-૧૨ થી ચાલુ કામ સિવાયની આવક મળે.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- આ મહિનામાં પણ ઘણાં અનુભવો થાય. મિત્રો ગૂંચવાયેલા જોવા મળશે. સંતાન શું કરવા માંગે છે તે જ સમજમાં આવે નહીં. તા. ૨૦-૧૨ થી કામકાજમાં અચાનક જ ફેરફાર જોવા મળે. પરાક્રમ સમજીને કરશો. આપને કુટુંબ માટે લાગણી થાય. મિત્રો નજદીક આવે. તા. ૨૧-૧૨ થી ભાગ્ય ધંધામાં લાભ અપાવે. મિત્રો તરફથી પણ વ્યવહાર સારો જોવા મળે. તા. ૨૬-૧૨ થી સહ્રામાં ખૂબ જ સંભાળવું. તા. ૧૩-૦૧ થી તબિયતની કાળજી વધુ લેવી પડે તેવું થાય. તા. ૧૪-૦૧ થી આપનો ગુસ્સો વધે. જીવનસાથીનો સહકાર ન મળે. તા. ૧૫-૦૧ થી સહ્રામાં રાહત થાય.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- આપના મનમાં ઘણી બધી ગડમથલ ચાલ્યા કરે. ગુસ્સાને કાબૂમાં રાખજો. મિત્રોનો સ્વભાવ વિચિત્ર બની રહે. સહ્રામાં નુકશાન ન જાય તેની કાળજી લેશો. તા. ૨૭-૦૧ થી કુટુંબીજનોનું વર્તન વિચિત્ર બની રહે. નાણાંકીય બાબતોમાં ઘણા ફેરફારો થતાં જોવા મળશે. બોલવામાં પણ આપે કાળજી લેવી પડશે. તા. ૦૬-૦૨ થી સંતાને સ્વાસ્થ્યની કાળજી લેવી પડશે. નહીંતર દવાખાનામાં તમારે ભરતી કરાવવી પડશે. વયસ્ક અને હ્રદયના દર્દીઓએ પણ બહાર જવાનું મોકુફ રાખવું જરૂરી થઈ પડશે. તમારો ભાગ્યોદય ઝડપી થાય અને તમે સુખનો અહેસાસ પણ કરી શકશો. તા. ૧૩-૦૨ થી તમારો અહમ્ વધે તથા પિત્તનો પણ વધારો થાય.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- આપ ઘણાં જ ગૂંચવાઈ ગયેલા જોવા મળશો. શું કરવું અને શું ન કરવું સમજમાં જ નહીં આવે. તબિયતની કાળજી હજુ પણ લેવી પડે તેમ છે. તા. ૨૬-૦૨ થી સંતાન પરત્વે લગાવ વધે. પણ હ્રદયની કાળજી લેવાની થાય. પિત્ત અને વાયુ હ્રદય ઉપર દબાણ કરશે. આખો યે મહિનો પિત્ત પરેશાન કરશે તા. ૦૨-૦૩ થી તમે ભાગ્યના જોરે નાણાં મેળવશો. કુટુંબીજનો તેનો ઉપયોગ પણ જરૂરથી કરશે જ. તા. ૧૦-૦૩ થી આપ સ્ફુર્તિ અનુભવશો. કામકાજમાં સફળતા મળતી જણાશે. તા. ૧૪-૦૩ થી જીવનસાથી નાણાંની અપેક્ષા રાખશે. તથા નાણાં ક્યાં વપરાય છે તે ન સમજાય.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- સારા વિચારો આવે. કુટુંબ માટે લાગણી રહે. કુટુંબમાં ઘણી બધી ઉથલપાથલ થતી જોવા મળે. નાણાંકીય પરિસ્થિતિ વિશે પણ વિચારવું પડે. બોલવામાં બહુ જ કાળજી લેશો નહીંતર મુશીબત સર્જાશે. સંતાનને વિવાદથી દૂર જ રાખશો. તેઓ જાત જાતના કામથી સંકળાશે. તા. ૨૭-૦૩ થી સુખનો અહેસાસ થોડો જોવા મળે. ભાગ્યનો સહકાર પૂરો મળે. સંપત્તિ માટે કઈં ને કઈં તકલીફ ઉભી થતી જોવા મળે. તા. ૩૦-૦૩ થી જીવનસાથીને નાણું તેમના ભાગ્યના જોરે મળે. સંતાન મિત્રોથી વધુ સંકળાય. તા. ૧૪-૦૪ થી જીવનસાથીનું ભાગ્ય દોડે.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી ૧૪-૦૫-૨૦૧૦) :- ખોટા સાહસથી દૂર રહેજો. પછીથી પરેશાની ઉભી થશે. નાના ભાઈ બહેન પણ હવામાં ઉડતા જણાશે. સંતાન મિત્રોથી વધુ સંકળાશે. સંતાન બોલવામાં તડ ને ફડ કરી દેશે. કામમાં નોકરોનો સાથ જરૂરી ખરો. તા. ૨૦-૦૪ થી આપને સુખ મળતું જણાય છે. ઘરનું વાતાવરણ આનંદિત બને. તા. ૨૩-૦૪ થી સંતાનનું વર્તન વિચિત્ર રહેશે. સંતાનના સ્વાસ્થ્ય ઉપર અસર થતી જણાય છે. તા. ૦૨-૦૫ થી કુટુંબીજનો શાણપણપૂર્વક વર્તતા જોવા મળશે. તા. ૧૪-૦૫ થી જીવનસાથી ઘરનું પણ બરાબર ધ્યાન રાખે અને બહારનું કામ પણ સંભાળે.

નિજ વૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- ઘરમાં ઘણાં બધા પરિબળો કામ કરતાં જોવા મળશે. ઘરેથી પણ આપ કામકાજ કરી શકશો. જો કે ઘરનું વાતાવરણ પ્રફુલ્લિત રહેશે. તા. ૧૫-૦૫ થી સહ્રામાં ભાગ્યને અજમાવવાનો પ્રયત્ન કરશો. ઘર - મિલકતમાંથી કેવી રીતે આવક ઉભી કરી શકાય તે વિશે વિચારશો. સંતાનના મોજશોખ વિચિત્ર રહે. તા. ૨૬-૦૫ થી કામકાજ ધમધોકાર થાય. શરીરમાં વીજળી સ્ફુર્તિ ઉભી થતી જણાય. નાણાંકીય આવક વધારવાનો પ્રયત્ન થાય. હિંમતથી બધુ કરવાનો પ્રયત્ન કરશો. તા. ૦૬-૦૬ થી જીવનસાથી તેમના નાણાં તેમના કામમાં લગાડે. તા. ૦૯-૦૬ થી મોજશોખ ઓછા મળે. ભાગ્યનો સહકાર મળતો નથી એવું લાગશે.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- કામકાજ સારૂં થાય. જીવનસાથી સાથે મોજમજા માણી લેશો. ધર્મ પરત્વે સારૂં જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરશો. નાણાંકીય સ્થિતિ સારી જણાય છે. કામમાં યશ-માન મળે. સરકારી કામકાજ પણ ઝડપથી પતી જાય. તા. ૦૫-૦૬ થી જાહેર જીવનમાંથી ધન મેળવવાનો પ્રયત્ન કરશો.


સહ્રાકીય પ્રવૃતિથી લાભ મળવાની શક્યતા છે. સંતાન તરફનું આકર્ષણ રહે. તા. ૨૨-૦૬ થી સંતાનની પ્રતિભા ખિલતી જણાય. તેમને ઘર માટેની લાગણી થાય. તા. ૦૫-૦૭ થી મોજશોખ વધુ જોઈએ. તા. ૦૬-૦૭ થી સંતાન પ્રશ્નો ઉભા ન કરે તેની કાળજી લેવી. જીવનસાથી વધુ ખર્ચો કરતાં જોવા મળે.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા ૧૦-૦૮-૨૦૧૦) :- જીવનસાથી સાથે મોજમજા માણી શકો. સહ્રાકીય પ્રવૃત્તિ રહે. સંતાનથી પ્રશ્ન રહે. તેના અહમ્‌ને સંતોષવામાં પોતાની જાતને નુકશાન કરશે. સાહસિક વધુ રહે. નાણાં મુખ્ય ધ્યેય તેના માટે રહે. તા. ૧૬-૦૭ થી આપનું કામ થોડું સરળ બનશે. તા. ૨૦-૦૭ થી આપ ગણતરીબાજ હોવા છતાં કામમાં વધારો નહીં કરી શકો. તબિયતની કાળજી લેવી. તા. ૨૩-૦૭ થી સંતાન તમારું ધ્યન રાખે. જાહેર જીવન તરફ આકર્ષાય. તા. ૦૧-૦૮ થી ભાગ્ય કામ કરતું નથી એવુ લાગે.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯-૨૦૧૦):- ધર્મનો મહિનો છે. આપ ધર્મમાં રસ લો છો. આપનું કામ સરલ બની જાય છે. જીવનસાથીની આવક સારી એવી રહે છે. જો કે તેમનો ગુસ્સો પણ ભારે રહે છે. તબિયતની કાળજી લેવી પડે તેમ છે. તા. ૧૭-૦૮ થી તેમને પિત્તથી પરેશાન થવાનું થાય. વળી તેમનો અહમ્ સંતોષાતા ઘણી રાહત મળે. બોલવા વધારે જોઈશે. તમને જાહેરજીવનથી સારૂં. તમને પણ પિત્ત ન વધે તેની કાળજી લેવી પડે. તા. ૦૧-૦૯ થી ભાગ્યનો સાથ સહકાર મળે છે તેવું લાગે છે. ધર્મ તરફ આસ્થા વધે. તા. ૦૬-૦૯ થી મિત્રો કામમાં મદદ કરે. ધન મળતું થાય. ધાર્મિક કાર્યો કરી શકાય.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- યશ-માન મળે. સરકારી કામ ઝડપથી થઈ જાય. સામાજિક કામમા ભાગ લેવાય. જીવનસાથીની સાથે સાથે તમને પણ પિત્ત રહે. તળેલાં અને તીખા પદાર્થો ઓછા ખાવા. શરૂઆતના પંદર દિવસમાંજ સારૂં કામ થઈ શકશે. પછીથી શ્રાદ્ધ પક્ષ હોતા કામ નહીં થાય અને નવરાત્રિ સુધી રાહ જોવાની થાય. સંતાનનો રોમાન્સ પૂરજોશમાં ચાલતો હોય. તા. ૧૭-૦૯ થી જીવનસાથીને તેમના કુટુંબ માટેની લાગણી ઘણી રહે. તમારે દોડાદોડી ઓછી કરવાની જરૂર છે. કામકાજ ધીમી ગતિએ થતું જણાય છે. તા. ૩૦-૦૯ થી સંતાન પરીક્ષા પરત્વે સભાન રહે કે કેમ તે સવાલ છે. તમારે તેમના થકી જીભાજોડી થાય.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦):- નવરાત્રિના દિવસોમાં ધાર્મિક વાંચન વિશેષ થાય. તે જ્ઞાન બીજાને પણ આપી શકાય તેમ છે. સાથે સાથે મોજ મજા અને આનંદ પ્રમોદ મેળવી શકશો. દાંડિયા-રાસનો લાભ મળી શકે. તા. ૧૭-૧૦ થી કામકાજમાં ઝડપ આવે. મુસાફરી કરવાની થાય. જીવનસાથીની હિંમત વધે. સંતાન અભ્યાસમાં વધુ ધ્યાન આપે. તા. ૨૦-૧૦ થી કામકાજ તમે સ્ફુર્તિથી કરી શકો. તેના માટે દોડાદોડી અને નાના પ્રવાસ પણ કરી શકો. તા. ૦૧-૧૧ થી તમને કૌટુંબિક લાગણી રહે. મિત્રોની નજદીક આવો. તા. ૦૫-૧૧ થી સંતાન સાથે-કુટુંબ સાથે દિવાળીની ઉજવણી કરી શકો. દિવાળીના શુભ દિવસો સુંદર બને તેવી શુભ મનોકામનાઓ.



મીન

દ, ચ, ઝ, થ

વિ. સં. ૨૦૬૬ના દર્શનીય મંગલ પ્રભાતે આપનો રાશિ અધિપતિ ગુરુ ૧૧ મા સ્થાને રહેલ રાહુ અને નેપ.ની સાથે મકર રાશિમાંથી પ્રવાસ ચાલુ રાખે છે અને આગળ વધતાં વર્ષાન્તે ૧૨મા ભાવે કુંભ રાશિમાંથી પસાર થાય છે. નેપ. પણ પોતાની આગવી ગતિથી આગળ વધતાં વર્ષાન્તે ૧૨માં ભાવે કુંભ રાશિમાંથી જ પસાર થાય છે. જ્યારે રાહુ વક્રગતિથી આગળ વધતાં વર્ષાન્તે ૧૦ મા ભાવે ધન રાશિમાંથી પસાર થવા પામે છે. ધન રાશિમાં ૧૦ મા ભાવે રહેલ પ્લુટો રાશિ કે ભાવ બદલવા પામતો નથી. ૧૨ ભાવે વર્ષારંભે કુંભ રાશિમાં રહેલ હર્ષલ ધીમી ગતિએ આગળ વધીને વર્ષાન્તે દેહભાવે મીન રાશિમાંથી પસાર થવા પામે છે. ૫મા ભાવે કર્ક રાશિમાં રહેલ મંગળ અને કેતુ વર્ષારંભે પોતપોતાની રીતે અને ગતિથી આગળ વધે છે. કેતુ વક્રગતિથી આગળ જતાં વર્ષાન્તે ૪થા ભાવે મિથુન રાશિમાંથી પસાર થાય છે તો મંગળ આગળ વધતાં વર્ષાન્તે ૯મા ભાવે વૃશ્ચિક રાશિમાંથી પસાર થાય છે. ૭મા સ્થાને કન્યા રાશિમાં રહેલ બુધ-શુક્ર અને શનિ પોત પોતાની રીતે અને ગતિથી આગળ વધે છે. શનિ વર્ષ દરમિયાન રાશિ કે ભાવ બદલવા પામતો નથી અને ૭મે જ કન્યા રાશિમાં રહે છે. જ્યારે બુધ અને શુક્ર રાશિચક્ર અને બારે ય ભાવ ફરીને વર્ષાન્તે બુધ ૯ મા ભાવે વૃશ્ચિક રાશિમાંથી અને શુક્ર ૮ મા ભાવે તુલા રાશિમાંથી પસાર થવા પામે છે. જ્યારે ૮ મા ભાવે તુલા રાશિમાં રહેલ સૂર્ય અને ચંદ્ર વર્ષ દરમિયાન બારે ય રાશિ અને ભાવ ફરીને વર્ષાન્તે ફરી પાછા તુલા રાશિમાં અને ૮ મા ભાવેથી જ પસાર થતાં જોવા મળે છે. આમ નભોમંડળમાં આપણા સૂર્યમંડળના ગ્રહોને આપની રાશિમાંથી તથા આજુબાજુમાંથી પસાર થતાં વર્ષ દરમિયાન જોઈ શકાય છે. હવે તેઓ આપને કેવું ફળ આપવાને સમર્થ બને છે તે જોવાનો અને સમજવાનો આપણે અહીં પ્રયાસ કરીશું.

આરોગ્યની દૃષ્ટિએ જોઈએ તો વર્ષારંભે આપને ૪થો, ૮મો કે ૧૨મો ગુરુ-રાહુ કે શનિ નથી. શનિની પનોતી ચાલતી નથી. વર્ષ દરમિયાન ગેસ આપને બહુ પરેશાન કરશે. વાયુનો ઉપચાર કરશો તો ઘણી રાહત થશે. તથા ૨૭-૦૧-૨૦૧૦ પછીથી કાં તો આપ મજબૂત બનતાં જાવ છો કાં આપ કમજોર બનતા જાવ છો. ધીમી ગતિનો ફેરફાર છે. પણ એક વાત ચોક્કસ છે કે આપ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી સાત્વિક વિચારો ધરાવનાર થતાં જશો અને આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરી શકશો. કૌટુંબિક દૃષ્ટિએ જોઈએ તો તમે ૨૬-૦૫-૨૦૧૦ સુધી પરેશાન રહેશો. અને વર્ષ દરમિયાન આપને એવું લાગશે કે સુખ ઓછું થતું જાય છે. ૧૭-૧૧-૨૦૦૯ સુધી સંતાનથી સૌથી વધુ પરેશાન રહેવાશે. ૨૬-૦૫-૨૦૧૦ પછીથી રાહત મળશે. જીવનસાથીથી સારૂં. માતા પિતાના થોડાક પ્રશ્નો રહેશે. પણ એકંદરે સારૂં રહેશે.

આર્થિક દૃષ્ટિએ જોઈએ તો ૨૬-૦૫-૨૦૧૦ સુધી પ્રશ્નો રહેશે. પણ જો સહ્રાકીય રીતે વધુ સંકળાશો તો વધુ પરેશાની ભોગવશો. નોકરિયાત વર્ગને બદલી કે બઢતી મળતી જણાતી નથી. કોઈ વધારાનો લાભ મળે તેવું પણ લાગતું નથી. જો કે ૧૭-૧૧-૨૦૦૯ પછીથી જ્યાં જે પણ કામ કરો છો તેમાં ખટપટો ઘણી વધી જતી જોવા મળશે. અને જો જીવનસાથી નોકરી કરતાં હશે તો તેમને ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન બદલી કે બઢતી કે બંને મળી શકે એમ છે. મિત્રોનું વલણ બદલાતું જણાશે. તેઓ મુશીબતમાં આવતા જણાય છે. તેઓની રીતિનીતિમાં પણ ફેરફાર જોવા મળશે. તેઓ તેમના લગ્નજીવનમાં ઘણી તકલીફ ઉઠાવતા જોવા મળશે. તે તેમનું કર્મ છે. તમે શું કરી શકશો?

સ્થાવર જંગમ મિલકતની દૃષ્ટિએ આપ ઇચ્છા ખૂબ જ ધરાવશો કે કઇંક બદલાવ લાવવો છે. શક્ય છે કે બદલાવ આવે પણ ખરો. ૧૭-૧૧-૨૦૦૯ થી કાં સંપત્તિ ઓછી થાય અથવા તેને તોડીને નવી વસ્તુ બનાવવાની ૨૦-૧૨-૨૦૦૯ પછીથી શક્ય બને. કોઈ હાથમાંથી પડાવી ન જાય તેની કાળજી લેશો. અને ઓફિસ માટેની કે કામકાજ માટેની જગ્યા લો તો જગ્યાના જાણકાર પાસેથી જાણકારી મેળવીને આગળ વધશો નહીંતર ભરાઈ જશો. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી ધર્મ તરફ આગળ વધી શકાય અને ૨૬-૦૫-૨૦૧૦ પછીથી ધાર્મિક જાત્રા સંભવ બને. પરદેશગમન ઓછું જણાય છે. હવે ગ્રહો આપના દૈનિક જીવનમાં વિધ વિધ ક્ષેત્રે કેવો ભાગ ભજવે છે તે જોઈશું.

આરોગ્યની દૃષ્ટિએ :- આપને આખા યે વરસ દરમિયાન વાયુથી પરેશાન થવાનું છે. માટે તેની કાળજી વિશેષ લેજો. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી શરીરનો ઘેરાવો વધતો જશે અને શરીરમાં ચરબી એકઠી ન થાય તેની કાળજી લેશો તો વરસ વધુ સારૂં બની રહેશે. વળી ૧૭-૧૧-૨૦૦૯ પછીથી આપને એવું જ લાગશે કે સુખ હણાઈ ગયું છે. ૨૦-૧૨-૨૦૦૯ થી કાં અવાર નવાર બહારગામ જવાનું શક્ય બને અથવા તો દવાખાનામાં. કોઈ મોટી વ્યાધિ જણાતી નથી. પણ ૧૩-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન મુસાફરીમાં હોવ તો કાળજી લેજો. પડવા-વાગવાની કે અકસ્માત થવાની શક્યતા છે. તેમાં પણ ૧૯-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ દરમિયાન અને તેમાં પણ ૨૬-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ દરમિયાન કાળજી વધુ લેશો નહીંતર આંખને મોટું નુકશાન થતું જણાય છે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન આપની ઉપર તાંત્રિક-માંત્રિક પ્રયોગ ન થાય તેની પણ કાળજી તમારે લેવી પડશે. ઘરમાં દર્પણ વધશે. અને તમારા આત્માને સુખ અને ચેન મળશે નહીં. ૨૨-૦૬-૨૦૧૦ થી ૦૬-૦૭-૨૦૧૦ દરમિયાન એકદમ હૃદય ઉપર કોઈ ઓપરેશન્ કરાવશો નહીં. વધુ પડતાં વાયુના હુમલાના લીધે પરેશાન થઈ જવાશે. ૧૭-૦૯-૨૦૧૦ થી ૧૭-૧૦-૨૦૧૦ દરમિયાન આપના શરીરમાં વાયુ અને પિત્ત બંને વધી જશે એટલે થોડી કાળજી લેવી પડશે. કોઈ મોટી

શસ્ત્રક્રિયા જણાતી નથી એટલે તે કરાવવાની હોય તો બરાબર ગ્રહો જોઈને થવાની હોય તો જ કરાવજો.

આર્થિક દૃષ્ટિએ :- આ વર્ષે આપની આવક તો ચાલુ રહે છે પણ તે કાં તમે સટ્ટામાં લગાડી દો અથવા તેમાંથી મોટોભાગ સંતાન લઈ જાય અને કાં તમે પ્રિયજન પાછળ વાપરી દો તેવું લાગે છે. લગાતાર ૧૭-૧૧-૨૦૦૯ સુધી તો ઓછી થતી જ જણાય છે. ત્યારપછીથી કામકાજમાં તથા નોકરીમાં ખટપટો ચાલુ થતાં મોટો ભાગ આપનો તેની પાછળ ખર્ચાતો જણાય છે. ૨૦-૧૨-૨૦૦૯ થી આપ શંકાશીલ બનો અને આપનું કામ ખોરંભાતુ જણાય. કાં મુસાફરી ધંધાર્થે વધુ કરવી પડે અથવા તો ખોટા ધક્કા વધુ ખાવાનો વારો આવે. ૨૦-૧૨-૨૦૦૯ થી નાણાંની તંગી વધુ ભોગવવાની થાય તે ૧૦-૦૩-૨૦૧૦ સુધી રહે. સંતાન પણ તમને તંગ કરી મૂકે. ૨૬-૦૨-૨૦૧૦ થી ૧૪-૦૩-૨૦૧૦ દરમિયાન ઘરનો ખર્ચો પણ વધુ રહે અને તમારે ઉછીના કોઈની પાસેથી લેવાનો વારો આવી શકે તેમ છે. તમારી સ્થાવર મિલકતમાંથી પણ કોઈ નવી આવક ૨૬-૦૫-૨૦૧૦ સુધી ઉભી થતી જણાતી નથી. હા, જીવનસાથીનું તકદીર સારૂં હોતા ત્યાંથી તેમની આવક ચાલુ રહેતાં બહુ વાંધો આવતો જણાતો નથી. ૨૬-૦૫-૨૦૧૦ પછીથી સંતાનની આવક ચાલુ થાય કે તેનો ખર્ચો ઓછો થતાં એટલી રાહત તો આપને મળી શકશે. ૨૦-૦૭-૨૦૧૦ થી તમને કામકાજમાં સફળતા મળે. નાણાં દ્વારા જીવનસાથીને રાહત આપી શકો અને ધન મળવું જણાય. જો કે જાહેરજીવનમાં કે સામાજિક કામમાં ખટપટ કરવાં જશો તો ખોટી શક્તિ વેડફાઈ જશે અને પરેશાન થઈ જશો તે નફામાં. ૦૬-૦૯-૨૦૧૦ થી ૨૦-૧૦-૨૦૧૦ દરમિયાન તમે ક્યાંથી નાણાં ઉભા કરો છો અને ક્યાં વપરાઈ જાય છે તે જ સમજમાં આવશે નહીં. તમને એવું લાગશે કે સાલું તકદીર જ કામ કરતું નથી. પછીથી વર્ષાન્ત સુધી બહુ વાંધો આવતો જણાતો નથી. જો આપને નાણાંકીય દૃષ્ટિએ આરાધન કરવું હોય તો ગણપતિબાપાનું જ કરજો અને રિદ્ધિ અને સિદ્ધિ મળે તેવી પ્રાર્થના કરજો. બાકી વરસ થોડું વિકટ છે.

કૌટુંબિક દૃષ્ટિએ :- આ વર્ષે આપને પરેશાની વધુ ઉઠાવવી પડશે. તેઓના દિમાગ વિચિત્ર ચાલશે અને તેઓ શું કરવા માંગે છે તે જ સમજમાં આવશે નહીં. છેક ૨૦-૦૭-૨૦૧૦ સુધી આ પરિસ્થિતિ રહેવા પામે છે. નાના ભાઈ બહેન વર્ષારંભે આપનું ધ્યાન સારું રાખતા જોવા મળશે. પણ તેમના જીવનસાથીથી તેઓ પરેશાન રહેશે. જો તેઓ અભ્યાસ કરતાં હશે તો કોઈ વાંધો આવતો જણાતો નથી. નોકરી કરતાં હોય તો બદલી કે બઢતીની શક્યતા જણાતી નથી. બની શકે તો જે કામ મળે તે સ્વીકારી લેશે તો સારો ફાયદો થશે. જોઈએ તેવું કામ આ વર્ષે મળશે નહીં. અવિવાહિત હોય તો ૦૨-૦૫-૨૦૦૯ પછીથી વિવાહ-લગ્નની શક્યતા ખરી. પરદેશગમન જણાતું નથી. નવી સંપત્તિ વસાવવાનો યોગ ઓછો છે. માતાની તબિયત સુધરતી જશે. ૨૦-૧૨-૨૦૦૯ પછીથી વધુ સારી થાય. તેમને સંપત્તિમાં ફેરફાર કરવાના યોગો ૦૨-૦૫-૨૦૧૦ પછીથી બને છે. જો તેઓ નોકરી કરતાં હશે તો બદલી અને બઢતી બંનેની સંભાવના રહેલી છે. કૌટુંબિક દૃષ્ટિએ તેમણે પરેશાની ભોગવવાની છે તે હકીકત છે. અને ૧૭-૧૧-૨૦૦૯ પછીથી જીવનસાથી સાથે પણ વારંવાર મનદુ:ખ થયા કરશે. સંતાનની તબિયત પણ નરમ ગરમ રહેશે. ૨૬-૦૫-૨૦૧૦ સુધી તે પરેશાન અને બીજાને પણ પરેશાન કરશે. જો તેઓ અભ્યાસ કરતાં હોય તો કાળજી લેવી પડશે. તેમાં પણ અનુસ્નાતક કક્ષામાં હોય તો વધુ કાળજી લેવી પડશે. જો તેઓ નોકરી કરતાં હોય તો જે છે તે જ ચાલુ રાખવી પ્રડશે. નવી નોકરી મળવી મુશ્કેલ રહેશે. આ વર્ષે તેમને બદલી કે બઢતી મળવાની પણ સંભાવના રહેલી નથી. વિવાહ કરવાના હોય તો ૦૨-૦૫-૨૦૧૦ પછીથી યોગ બને છે. પરીણિત સંતાન ઈચ્છુક સંતાનને ત્યાંથી સારા સમાચાર પ્રાપ્ત થઈ શકે. સંતાનને પરદેશગમનનો યોગ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી બને છે. સંતાનના નામે સંપત્તિ વસાવવાનો યોગ ઓછો બને છે. જીવનસાથી આપનું ધ્યાન બરાબર રાખશે અને તમો તેમનું ધ્યાન રાખશો. તેઓને મોજશોખ વધુ જોઈશે. જો તેઓ નોકરી કરતાં હશે તો ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ સુધીમાં પગાર વધારો મળી શકે. તેમણે તેમના મિત્રોથી સાચવવાની જરૂર વધુ રહેશે. જો કે મિત્રો વર્તુળ થોડુંક નાનું બને તો પણ નવાઈ નહીં જ. તેમના મનનો કળવું અઘરૂં થઈ પડશે અને શાંતિ ઓછી મળશે. જો કે સમાજમાં એક પ્રકારનું વિશિષ્ટ સ્થાન તેઓ પ્રાપ્ત કરે તેવું લાગે છે. પિતાની તબિયતને અસર પહોંચે. તેમને સમજવા અઘરાં થઈ પડે. તેમના નામે સંપત્તિ હોય તો ૨૦-૧૨-૨૦૦૯ પહેલાં તેમાં ફેરફાર કરી શકાય. નહીં તો પછી ૦૨-૦૫-૨૦૧૦ પછીથી થઈ શકે. તેમની આવકમાં પણ સુધારો થાય. પ્રવાસ સારો થઈ શકે. મોટા ભાઈ-બહેનનું વર્તન થોડું વિચિત્ર રહેશે. તેમના જીવનસાથીથી પરેશાન થતાં તેઓ શું કરશે અને શું નહીં તે કહેવું અઘરૂં થઈ પડે છે. જો કે ૧૭-૧૧-૨૦૦૯ પછીથી તેમને થોડીક રાહત થશે. જો કે નાણાંકીય તકલીફ જણાતી નથી. જો કે તેઓ તેમના મિત્રોથી પણ પરેશાન થશે. આમ કૌટુંબિક વ્યક્તિઓના પ્રશ્નો જૂદા જૂદા હશે પણ મતલબ એક જ હશે કે આપને તેઓ થકી પરેશાની ભોગવવાનો વારો આવશે.

સ્થાવર-જંગમ મિલકતની દૃષ્ટિએ:- આ વર્ષે આપને સ્થાવર-મિલકત ખરીદવી હોય તો થોડો વિચાર કરજો. આપના નામે જૂની સંપત્તિ હોય તો તેને તોડીને નવી કરી શકાય. ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાનનો સમય સારો રહે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન આપ નવી સંપત્તિ આપના નામે ખરીદ કરવાના હોવ તો તે જમીન શુદ્ધ છે કે નહીં તેની બરાબર તપાસ કરીને જ આગળ વધજો. નહીંતર જિંદગીભર પરેશાન થવાનો વારો આવશે. આંપને ઝવેરાત વસાવવું હોય કે મોંઘી ચીજવસ્તુઓ વસાવવી હોય તો ૦૩-૧૧-૨૦૦૯ સુધી; ૧૪-૦૧-૨૦૧૦ થી ૦૬-૦૨-૨૦૧૦ સુધી; ૦૨-૦૩-૨૦૧૦ થી ૨૭-૦૩-૨૦૧૦ સુધી; ૦૯-૦૬-૨૦૧૦ થી ૦૫-૦૭-૨૦૧૦ સુધીનો સમય ઘણો સારો રહેશે. માતાના નામે સંપત્તિ વસાવવી હશે તો ૦૨-૦૫-૨૦૧૦ થી વર્ષાન્ત સુધીનો સમય સારો બને છે. જીવનસાથીના નામે પણ ઉપરોક્ત સમય સારો જ છે. આપને સંપત્તિ હોય તો તેમાંથી વધારાની આવક ઉભી કરવાના યોગો ઓછા બને છે. ૨૬-૦૫-૨૦૧૦ સુધી તો નહીં જ. આમ સંપત્તિની દૃષ્ટિએ ગ્રહો કઈંક આવો સંકેત આપી રહ્યા છે.

સંતાનની દૃષ્ટિએ :- જો આપ પરીણિત અને સંતાન ઈચ્છુક હશો તો આપની આશા પરિપૂર્ણ થતી જણાય છે. જો કોઈ બહેને ગર્ભ ધારણ કરેલ હોય તો ૧૭-૧૧-૨૦૦૯ સુધી કાળજી લેવી પડશે જેથી કરીને ગર્ભપાત-કસુવાવડ ના થઈ જાય. જો આપને સંતાન હોય અને અભ્યાસ કરતાં હોય તો તેમનું સ્વાસ્થ્ય બરાબર રહે છે કે નહીં તેનું ધ્યાન રાખજો. સંતાનને સળેખમ-શરદી-તાવ-વાઈરલ જલદી લાગુ પડી જાય. વળી તેમનું લોહી પણ શુદ્ધ ન રહે તેવું બની શકે. ૧૭-૧૧-૨૦૦૯ સુધી વધુ કાળજી લેવી. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી તેમનું સ્વાસ્થ્ય બરાબર રહેતું થાય. અભ્યાસ કરતાં બાળકોને બહુ વાંધો આવતો જણાતો નથી. ફક્ત અનુસ્નાતક કક્ષાના સંતાનોએ વધુ ધ્યાન રાખવું પડશે. સંતાન જો નોકરી કરતાં હશે તો તેમને બદલી કે બઢતી મળતી જણાતી નથી. જો કામ શોધતાં હોય તો જે મળે તે સ્વીકારી લેવું સારૂં. આ વર્ષે આપની પસંદગીનું કામ મળવું અશક્ય છે. જો સંતાન અવિવાહિત હોય તો તેમના વિવાહ ૦૨-૦૫-૨૦૧૦ પછીથી શક્ય બને. અને પરીણિત સંતાન જો સંતાન ઈચ્છુક હશે તો તેમની ઈચ્છા પરિપૂર્ણ થતી જણાય છે. મતલબ કે તમે દાદા-દાદી કે નાના-નાની બની શકો છો. જો સંતાનના નામે સંપત્તિ વસાવવાનો વિચાર કરતાં હોય તો થોડી રાહ જોવી જરૂરી ખરી. જો સંતાનને પરદેશ જવું હોય તો આ વર્ષે ૦૨-૦૫-૨૦૧૦ પછીથી યોગ છે. ચોક્કસ જઈ શકાય તૈયારી કરવી જોઈએ. તેમના મિત્રોને વધુ પડતો મોજશોખ જોઈશે. ફક્ત સ્વાસ્થ્ય સિવાય બીજી બધી રીતે સારૂં જણાય છે. બહુ ચિંતા કરવા જેવું નથી. તેઓ ગણપતિજીનું જો આરાધન કરશે તો મોટી માંદગી - બિમારીમાંથી બચશે તે નક્કી છે.

વિદ્યાર્થીઓ માટે :- દોસ્તો ! આ વર્ષે આપને શનિની પનોતી નથી, ૪થો - ૮મો કે ૧૨મો રાહુ નથી. ૨૦-૧૨-૨૦૦૯ થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન ૧૨મો ગુરુ થશે જે આપને નપાસ નહીં કરે, ધક્કો મારીને ઉપર ચઢાવી દેશે. પણ જો આપ છેલ્લા વર્ષમાં હશો તો આપનો વર્ગ અને ટકાવારી ન બગડે તેની કાળજી લેશો. ડીગ્રી વર્ષમાં નહીં હોય તો એ.ટી.કે.ટી. મળવાની શક્યતા રહે છે. વર્ષારંભે મિત્રોની સાથે સમય વધુ વ્યતિત કરતાં જણાવ છો. પણ તેમના મનમાં પાપ છે તે સમજવાની જરૂર છે. તેમનો ખોટો અહમ પોષવા તેઓ બધુ જ કરી છૂટશે. ૧૭-૧૧-૨૦૦૯ થી થોડી રાહત મળશે. અને ૨૦-૧૨-૨૦૦૯ થી વધુ રાહત મળશે. ધો. ૧૨ કે તેથી નીચેની કક્ષામાં ભણતાં બાળકોએ ગણિત અને રસાયણશાસ્ત્ર તથા ભૌતિકશાસ્ત્રમાં કાળજી વધુ લેવાની રહેશે. તમે ગમે તેટલી મહેનત કરી હશે તો પણ કઈં ને કઈં તો લખવાનું બાકી રહી જ ગયું હશે. પ્રશ્નપત્રો પૂરેપૂરા લખી શકો તો સમજજો કે ઉપરવાળાની પૂરી મહેરબાની તમારી ઉપર છે. વાણિજ્ય શાખામાં ભણતા વિદ્યાર્થીઓએ પત્ર

વ્યવહાર અને અંગ્રેજીના વિષયમાં વધુ ધ્યાન આપવું પડશે. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થી મિત્રોને કોઈ જ વાંધો જણાતો નથી. સ્નાતક કક્ષાના વિદ્યાર્થી મિત્રોએ પરીક્ષાને નજર સામે રાખીને મહેનત કરવી જરૂરી બનશે. વળી આપની કામ કરવાની પદ્ધતિ આ વર્ષે સદંતર ભૂલ ભરેલી હશે. અને જો આપ નિયમિત નહીં રહો તો પાસ કેવી રીતે થશો તે એક સવાલ બને છે. અને જેઓને મૌખિક પરીક્ષા-વાઈવા આપની થતી હોય તેવાઓએ બહુ કાળજી લઈ સમજ્યા-વિચાર્યા વગર જવાબ આપવાની ઉતાવળ કરવી નહીં. ૦૨-૦૫-૨૦૧૦ પછીથી જેમને જેમને પરીક્ષા આપવાની થતી હશે તેમને ખાસ વાંધો આવશે નહીં. ૪ થા સેમિસ્ટરમાં ભણતા નવયુવાનોએ ત્રીજી પરીક્ષામાં કાળજી વધુ લેવી. વાણિજ્યના વિદ્યાર્થીઓએ સી.સી.માં અને એડમિનિસ્ટ્રેશનના પેપરોમાં વધુ ધ્યાન આપવું પડશે. વિનયન શાખાના વિદ્યાર્થી મિત્રોને વરસ સારૂં જણાય છે. કાયદાશાસ્ત્રના વિદ્યાર્થી મિત્રોએ ૧૪-૦૪-૨૦૧૦ થી ૨૭-૦૪-૨૦૧૦ દરમિયાન આવતી પરીક્ષામાં ધ્યાન રાખવું. આર્કિટેક્ટના; ફેશન ડિઝાઈનીંગ; આર્ટિસ્ટોને; મોજશોખ સાથે સંકળાયેલા વિષયોને; કુક અને હોટેલ મેનેજમેન્ટના વિદ્યાર્થી મિત્રોને વરસ સારૂં જણાય છે. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને મહેનત વધુ કરવી પડશે. ઝેરોક્સનો, ગાઈડોનો ખર્ચો પણ ઉઠાવવો પડશે. સંશોધન ક્ષેત્રથી સંકળાયેલાઓએ આ વર્ષે પેપર રજુ કરી દેવા સારા. પદવી મળવાના યોગો મહત્તમ છે. તો તેનો લાભ લઈ લેવા જેવો ખરો. જેમને પરીક્ષા પછીથી નોકરી કરવી છે તેમને યથાયોગ્ય મળતી જણાતી નથી. જે કામ મળે તે સ્વીકારી લેવું. જેઓ નોકરી કરે છે તેમને યશ-માન મળે. જેમને પરદેશ જવું છે તેમને શક્યતા ઓછી રહે છે. આપને આરાધના કરવી હોય તો ગણપતિજીની વિશેષ કરવી. સરસ્વતીદેવીની આરાધના પણ ચોક્કસ સારૂં ફળ આપશે જ.

સ્ત્રીઓની દૃષ્ટિએ :- બહેનો ! આ વર્ષે આપને શનિની પનોતી નથી કે ૪થો, ૮મો કે ૧૨મો રાહુ નથી. ફક્ત ૨૦-૧૨-૨૦૦૯થી ૦૨-૦૫-૨૦૧૦ દરમિયાન ૧૨ મો ગુરુ બને છે. તે સિવાય ગ્રહો બધા જ સારા છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ તમને વાયુ આખું યે વરસ પરેશાન કરશે. વિચારવાયુથી થતું નુકશાન અટકાવવું હોય તો બહુ વિચારવાનું અને શંકા કરવાનું છોડી દેજો. આપને બીજી તકલીફ નડી શકે તો તે છે લોહીની. હિમોગ્લોબીન ઓછું ન થઈ જાય તેની કાળજી લેશો. બધું યે હોવા છતાં ૧૭-૧૧-૨૦૦૯ થી મનને હૃદયને સુખ મળતું જણાતું નથી. કારણ તમે પોતે જ હશો અને તમારા વિચારો હશે. ૨૬-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ દરમિયાન રસોડામાં રસોઈ કે ચા-પાણી કરતાં તમારા માથાના વાળ અને સાડીનો પાલવ કે દુપટ્ટો છૂટા ન રહે તેનું વિશેષ ધ્યાન રાખજો. નહીંતર હવાનું એક જ ઝોકું આપને અગ્નિની જવાળાઓ ભેગા કરી દેશે. ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૫-૦૭-૨૦૧૦ દરમિયાન કેડનો - પીઠનો કે મણકાનો દુખાવો ઘણો રહેશે. આપ જો અભ્યાસ કરતાં હોવ તો અનુસ્નાતક કક્ષામાં વધુ મહેનત કરવી પડશે. જો કે સ્નાતક કક્ષામાં વધુ કાળજી લેવી જરૂરી બનશે. આપ જો નોકરી કરવા માંગતા હશો તો આપને મનપસંદ કામ મળતું જણાતું નથી. પણ બીજી બાજુએ તમે જે કામ કરશો તેમાં સફળતા સારી મળશે. અને માન મળશે. આપ અવિવાહિત હશો તો વિવાહ-લગ્નની શક્યતા વધુ રહે છે. આપ પરીણિત હશો અને આપ સંતાન ઇચ્છુક હશો તો આપની ઈચ્છા ફળીભૂત થતી જણાય છે અને તેવી જ રીતે આપ દાદી કે નાની બની શકો છો. આપ સંપત્તિ વસાવવા માંગતા હોવ તો કોઈ વાંધો નથી પણ ૧૫-૦૬-૨૦૧૦ થી ૧૬-૦૭-૨૦૧૦ દરમિયાન લેવામાં ઉતાવળ કરશો નહીં. આપની ધાર્મિકતા ૦૨-૦૫-૨૦૧૦ પછીથી ઉત્તોરોત્તર વધતી જાય. આપને પરદેશગમનના યોગો ઓછા જણાય છે પણ ધાર્મિક જાત્રાઓ ઘણી થઈ શકે એમ છે. આપના મિત્રો આપનું ધ્યાન બરાબર રાખશે. અને તમે તેમની નજીક વધુ પહોંચશો. તમારે તમારા કામમાં ધ્યાન આપવું વધુ જરૂરી બનશે. આપ કોઈના પ્રેમમાં હશો તો વર્ષારંભે ઝાટકો ન લાગે તેની કાળજી લેશો. કદાચ સંબંધ પણ કપાઈ પણ જાય. આપને જો આરાધના કરવી હોય તો ગણપતિજીની જરૂરથી કરજો. જૈન બહેનોએ વાસુપૂજ્ય સ્વામિનું આરાધન કરવું. એકંદરે વરસ ઘણું સારૂ છે.

વિશેષ વિગતો :- આપને શનિની પનોતી નથી. ૪ થો, ૮ મો કે ૧૨ મો રાહુ કે ગુરુ પણ નથી. એટલી રાહત તો તમે લઈ શકો છો. આખું યે વરસ આપ વાયુથી અને તેમાં પણ વિચાર વાયુથી વધુ પરેશાન રહેશો. ૨૫-૧૦-૨૦૦૯ થી સંતાનથી પરેશાન રહેવાશે. તેઓ કઈ દુનિયામાં હશે તે સમજવું અઘરૂં થઈ પડશે. ૦૩-૧૧-૨૦૦૯ થી આપને સુખ ઓછું મળે છે તેવો અહેસાસ થતો રહેશે. ૧૨-૧૧-૨૦૦૯ થી આપના જીવનસાથીની હિંમત વધી જાય. અને સહાકીય લાભ પણ આપને ભાગ્યને સહારે મળી રહેશે. ૧૬-૧૧-૨૦૦૯થી ભાગ્ય થોડું વધારે કામ કરતું થાય. નોકર-ચાકર અને હાથ નીચેના માણસો કઈંક અંશે ઉપયોગી બની શકે. ૧૭-૧૧-૨૦૦૯ થી કામકાજમાં કઈંને કઈં તકલીફો ઉભી થવાની શક્યતા રહે છે. અને તે આખું યે વરસ બની રહેશે. જે આપનું સુખ છીનવી શકે છે. ૦૧-૧૨-૨૦૦૯ થી સંતાન તથા જીવનસાથી કામમાં મદદરૂપ બનતા જોવા મળશે. તો આપ ચાલુ કામમાં સહાકીય કામનો પણ ઉમેરો કરતાં જોવા મળશો. ૦૮-૧૨-૨૦૦૯ થી સંતાન વધુ પડતી લાગણીશીલતાથી દૂર થતાં જોવા મળશે. મિત્રોની લાગણીમાં પણ ઑટ આવતી જોવા મળશે. ૧૬-૧૨-૨૦૦૯ થી આપના કામમાં હાથ નીચેના માણસો ખોટી દખલગીરી ન કરે તેની કાળજી લેશો. સરકારી કામમાં કઈં ને કઈં અડચણઓ આવીને ઉભી રહે. ૨૦-૧૨-૨૦૦૯ થી આપની તબિયતની કાળજી લેશો. મુસાફરી વધુ કરવાની થાય. શંકાશીલતા વધતી જોવાશે. કામકાજ માટે દૂરની મુસાફરી કરવાની થાય. ૨૧-૧૨-૨૦૦૯ થી કામકાજમાં થોડી મંદતા ૧૪-૦૧-૨૦૧૦ સુધી આવતી જોવા મળે. ૨૭-૦૧-૨૦૧૦ થી આપનામાં ચેતનાનો સંચાર થતો જોવા મળે. આપ સ્વસ્થ બનીને આગળ વધતાં જોવા મળશો. ૦૬-૦૨-૨૦૧૦ થી જીવનસાથી અને ભાગીદાર આપને ધંધામાં વધુ વ્યસ્ત રહેવાનું જણાવતા જોવા મળશે. જ્યારે સંતાન વધુ ખર્ચાળ બને કે તેમના માટે નાણું ખર્ચવાનો વારો આવે અને તેના લીધે જીવનસાથી જોડે બોલવાનું પણ થતું જોવા મળશે. ૧૩-૦૨-૨૦૧૦ થી હરિફ વર્ગ આપને પરેશાન કરવાનું ચૂકે નહીં. ૨૬-૦૨-૨૦૧૦ થી ૦૪-૦૩-૨૦૧૦ દરમિયાન આપ મુસાફરી કરતાં હોવ તો જરૂરી દવા સાથે લઈને કરશો. તબિયત બગડી શકે છે અથવા અકસ્માત થઈ શકે છે અથવા સરકારી લફરું મોટું થાય અને આપની પરેશાની વધી જાય. બને તો ઉંમરલાયક વ્યક્તિઓએ તો મુસાફરી જ ટાળવી જોઈએ. આંખનું ઑપરેશન કરાવવાનું હોય તો એક અઠવાડિયું મોકુફ રાખજો. ૦૨-૦૩-૨૦૧૦ થી આપ થોડીક હિંમત કરીને આગળ વધવાનો પ્રયત્ન કરશો. નાના ભાઈ બહેનની માયાવી જાળમાં ફસાઈ પણ શકો છો. ૧૪-૦૩-૨૦૧૦ થી આપને પિત્ત અને વાયુથી પરેશાન થવાનો વારો આવે. આપની નજીક જીવનસાથી અને ભાગીદાર આવે અને આપને સુખનો અહેસાસ કરાવે. ૧૪-૦૪-૨૦૧૦ થી આપના નાણાં ઉપર હાથ નીચેના માણસોની દૃષ્ટિ રહે. ૧૫-૦૫-૨૦૧૦ થી દુશ્મનો વધુ પડતા સક્રિય થઈ જશે. તમે કાળજી નહીં લો તો તેઓ ભારે પડશે. અને બીજી બાજુએ આપનું સુખ પણ છિનવાઈ જતું જોવા મળશે. ૦૨-૦૫-૨૦૧૦ થી તમે જીવનસાથીની કાળજી વધુ લેશો. અને કર્મપ્રધાન બનશો. કામને મહત્વ આપશો. ૨૬-૦૫-૨૦૧૦ થી આપનું ધન ક્યાં જાય છે તે ખ્યાલ આવશે જ નહીં. ૦૫-૦૭-૨૦૧૦ થી હરિફવર્ગનું કશું જ ઉપજશે નહીં. ૧૬-૦૭-૨૦૧૦ થી સંતાનનો અહમ વધતો જોવા મળશે. ૨૩-૦૭-૨૦૧૦ થી જીવનસાથીને મુસાફરી નો યોગ બને છે. ૩૦-૦૯-૨૦૧૦ થી સામાજિક કાર્યમાં સફળતા મળશે. ૨૦-૧૦-૨૦૧૦ થી નાણાં ભાગ્યના જોરે મળતા રહેશે અને દિવાળીના દિવસો સુધરતાં જણાય છે. આપને આરાધના કરવી હોય તો કામકાજ માટે ભૈરવનાથજીની કરશો તો રાહત મળશે. નાણાં માટે ગણપતિજીની. આપનું વરસ સુખ-શાંતિ અને સમૃદ્ધિમય બને તેવી શુભેચ્છા સહ.

માસિક ભવિષ્ય

કાર્તિક (તા. ૧૯-૧૦-૨૦૦૯ થી તા. ૧૬-૧૧-૨૦૦૯) :- નવા વર્ષની શરૂઆતે વાયુ પ્રકૃતિથી તમને તકલીફ પડે તેમ છે. તળેલું અને વાસી ઓછું ખાજો. જાહેર જીવન - સામાજિક પ્રવૃત્તિ વિશેષ રહેશે. તા. ૨૫-૧૦ થી જીવનસાથી નાણાંનો આગ્રહ વિશેષ રાખશે. આપને સુખ હણાઈ જતું જણાશે. તા. ૦૩-૧૧ થી નાના ભાઈ બહેનો આપનો પ્રતિકાર કરે. સાસરિયાં પક્ષથી સારૂં રહેશે. તા. ૦૪-૧૧ થી સંતાન થોડેક અંશે ભાવુક-લાગણીશીલ બનશે. તા. ૧૨-૧૧ થી આપને લાગે કે કોઈ પ્રકારના સુખનો સૂર્ય દેખાય છે. જીવનસાથી વધારે પડતી હિંમત દાખવે. તા. ૧૬-૧૧ થી આપનું કામ ઝડપી ગતિએ થાય. ધાર્મિક ભાવના જાગે.

માર્ગશીર્ષ (તા. ૧૭-૧૧-૨૦૦૯ થી તા. ૧૬-૧૨-૨૦૦૯) :- આ મહિનામાં તમે ઘણાં પ્રવૃત્ત રહેશો. જાત જાતના અનુભવો થશે. તમે ક્યાં છો અને શું કરો છો તે પણ સમજમાં આવશે નહીં. તા. ૧૭-૧૧ થી કામકાજમાં ફેરફાર જોવા મળે. થતું કામ અટકી પડતું જોવા મળે. સુખ કપાતું જણાશે. તા.

૨૭-૧૧ થી નાના ભાઈ બહેનને મોજ મજા અને મસ્તી જોઈશે. તમે મુસાફરી કરી શકો છો. તા. ૦૧-૧૨ થી જીવનસાથી કામમાં મદદરૂપ બને. હાડમારીમાં રાહત મળે. તા. ૦૭-૧૨ થી ભાવુકતા ભૂલી જવાશે. અને તા. ૧૫-૧૨ થી કામકાજ પાછળ પડી જશો. સફળતા મેળવવા બધા જ અખતરા કરતાં જોવા મળશે. કાર્યરત રહેશો.

પૌષ (તા. ૧૭-૧૨-૨૦૦૯ થી તા. ૧૫-૦૧-૨૦૧૦) :- આ મહિનામાં પણ ઘણાં પ્રકારના અનુભવો થતાં જોવા મળશે. તા. ૨૦-૧૨ થી નાણાંકીય પરિસ્થિતિ થોડી તંગ બનતી જોવાશે. સહાકીય કામમાં રાહ જોજો. ઉતાવળ તકલીફ કરશે. આપ શંકાશીલ બનશો. દેશાવરનું કામકાજ કરી શકાય. તા. ૨૧-૧૨ થી કામમાં આનંદ આવે. નાના ભાઈ બહેન કામમાં મદદ કરે. તા. ૨૬-૧૨ થી જીવનસાથી થોડાક વાંકા ચાલે. સહકાર ઓછો મળે. તા. ૧૩-૦૧ થી નફાનું પ્રમાણ થોડું ઓછું થાય. મિત્રોનો સહકાર ઓછો મળે. દૂરથી રહેતા સ્વજનો સાથે મિલન સંભવે. તા. ૧૪-૦૧ થી કામ ઝડપથી આગળ વધે. તા. ૧૫-૦૧ થી જીવનસાથીનો સહકાર મળે.

માઘ (તા. ૧૬-૦૧-૨૦૧૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૦) :- મિત્રો સાથે મોજશોખમાં સમય સારો વ્યતિત થાય. કામ સિવાય વધારાની આવક ઉભી કરી શકાય. દુશ્મન-મિત્ર બનતા આવે. નોકર ચાકરનો સહકાર મળે. સંતાન ઉશ્કેરાટ અનુભવે. સહાકીય પ્રવૃત્તિમાં કાળજી રાખવી-ખોટા રાજકારણથી દૂર રહેજો નહીંતર પસ્તાવાનો વારો આવી શકે તેમ છે. તા. ૨૭-૦૧ થી તમે વધુ જોશ અને ચેતના અનુભવશો. કંઈક કરી બતાવવાની ઉમ્મેદ દાખવશો. તા. ૦૬-૦૨ થી ઘરેલું બાબતોની, જીવનસાથીની, સામાજિક બાબતોની ચર્ચા મિત્રો સાથે થઈ શકશે. હિંમત ખૂલે અને આગળ વધવાનો પ્રયત્ન થાય. તા. ૧૩-૦૨ થી ગુસ્સો વધે. કામમાં ઢીલાસ વર્તાય. નોકર-ચાકરથી પણ પરેશાની અનુભવાય.

ફાલ્ગુન (તા. ૧૫-૦૨-૨૦૧૦ થી તા. ૧૫-૦૩-૨૦૧૦) :- ગુસ્સો વધારે આવે. કામમાં ધક્કા ખાવા પડે. મનને અને આત્માને કંઈ ગમે નહીં અને મુસાફરી-જાત્રા કરવાનું મન થાય. તા. ૦૬-૦૨ થી જીવનસાથી સાથે યાત્રા-પ્રવાસ સંભવે. તમારે બંનેએ સ્વાસ્થ્યની કાળજી લેવી પડે. હૃદયની બિમારીવાળાએ તો ખાસ જ. તા. ૦૨-૦૩ થી તમે વધુ પડતી હિંમત દાખવશો. નાના ભાઈ બહેનની વધારે નજદીક જાવ. તા. ૧૦-૦૩ થી ભાગ્ય ફરતું જણાય. નાણાંકીય ભીડ હળવી થાય. સહાકીય પ્રવૃત્તિ વધે. તા. ૧૪-૦૩ થી પિત્ત અને અહમ્ વધે. હાથ નીચેના માણસોથી સહકાર મળે. તા. ૧૪-૦૩થી સુખનો અહેસાસ થાય.

ચૈત્ર (તા. ૧૬-૦૩-૨૦૧૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૦) :- મન થોડે ઘણે અંશે ગૂંચવડામાં પડી જાય. કંઈ સમજ પડે નહીં. નિર્ણય લેવામાં તકલીફ પડે. જીવનસાથી પણ બનતા પ્રયત્ને સાથ આપે. એક બાજુએ આનંદ મળે તેમ છે, કામમાં ગૂંચવાઈ જતાં તે ગુમાવવાનો વારો આવે તેમ છે. વધુ પડતી શંકા પણ તકલીફકર્તા બને. તા. ૨૭-૦૩ થી નાના ભાઈ બહેન નાણાં માટે માંગણી કરે. જીવનસાથીના હાથમાં નાણાં આવે કે વપરાઈ ગયા જણાય. તા. ૩૦-૦૩ થી તેઓ વધુ નાણાંની માંગણી કરશે. ઘરમાં નાણાંની જરૂર વધુ રહે. તા. ૧૪-૦૪ થી હાથ ઉપર તંગી રહે. હાથ નીચેના માણસો પણ નાણાં માટે આગ્રહી થાય. શાંતિ રાખવી.

અધિક વૈશાખ (તા. ૧૫-૦૪-૨૦૧૦ થી ૧૪-૦૫-૨૦૧૦) :- નાણાંભીડ રહે. કુટુંબીજનો ભેગા પણ થાય. વાર્તાલાપ થાય. સંતાનનું વલણ થોડું ઉગ્રતા ભરેલું હે. તેઓ કાર્યરત વધુ રહેશે. જીવનસાથીને દરેક ક્ષેત્રે સામનો કરવાનો વારો આવે. તા. ૨૦-૦૪ થી નાના ભાઈ બહેન તેમની મસ્તીમાં જીવે. જો કે તેમને મોસાળનો સાથ મળતો જણાય. તા. ૨૩-૦૪ થી જીવનસાથીની તબિયત બગડે. ઘરમાં પણ થોડો ખટરાગ જણાય. તમને સુખ ઓછું મળે છે તેવું લાગે. તા. ૦૨-૦૫થી તમે કાર્યરત બરાબરના થાવ. તમે તમારો સારો પરિચય બધાને આપશો. તા. ૧૪-૦૫ થી નોકરને, હાથ નીચેના માણસોને બરાબરના કામે લગાડી શકાય.

નિજ વૈશાખ (તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦) :- આપ કદાચ નાની નાની મુસાફરી કરો પણ ખરા. નાના ભાઈ બહેન તેમનામાં મસ્ત રહે. પડોશી વર્ગનો સાથ સહકાર સારો મળે. તમે જીવનસાથીનું ધ્યાન પૂરુ રાખશો. તમે કામમાં પણ વધુ પડતાં પ્રવૃત્ત રહેશો. સંતાનોની કાળજી પૂરેપૂરી લેશો. તમને લાગશે કે ધર્મ થકી તમે આ બધું પ્રાપ્ત કર્યું છે. તા. ૧૫-૦૫ થી પડોશીની અવર જવર ઘરમાં વધતી જણાય જેને કારણે તમને તમારી શાંતિ જોખમાતી લાગે. નાણાંભીડ નાના ભાઈ બહેનને નડતી જણાતી નથી. તા. ૨૬-૦૫ થી ભાગ્યનો સાથ મળે. તા. ૦૯-૦૬ થી તમે પ્રણયક્ષેત્રમાં પ્રગતિના પંથે જતાં જોવા મળશો.

જયેષ્ઠ (તા. ૧૩-૦૬-૨૦૧૦ થી તા. ૧૧-૦૭-૨૦૧૦) :- આપ ન્યાયપ્રિય બનતા જણાવ. ધાર્મિકતા સામેનાને સ્પર્શી જાય. વાંચન વધી શકે. કર્મપ્રધાન બની રહેશો. પ્રણય આગળ વધતો જણાય. જીવનમાં તે પણ જરૂરી છે. ઘરના વાતાવરણથી થોડા તંગ રહેશો. સ્વભાવ ચિડચિડો થઈ જાય. તા. ૧૫-૦૬ થી કામકાજ ધમધોકાર ચાલે. પણ નાની સરખી ભૂલની ટીકા ઘણી સહન કરવી પડે. આપની ઉપર તાંત્રિક-માંત્રિક પ્રયોગ કે જાદુટોના ન થાય તેની કાળજી લેશો. તા. ૨૨-૦૬ થી મિલકતમાંથી ધન ઉભું કરવાનો પ્રયાસ થાય. તા. ૦૫-૦૭ થી જીવનસાથી ખર્ચાળ બને. તા. ૦૬-૦૭ થી તેઓ તેમના મિત્ર વર્તુળથી વધુ સંકળાય.

આષાઢ (તા. ૧૨-૦૭-૨૦૧૦ થી તા ૧૦-૦૮-૨૦૧૦) :- આધ્યાત્મિકતા તરફ વધુ આગળ વધાય. ચાતુર્માસ દરમિયાન તેનો લાભ મળી શકે. જીવનસાથીને મોજશોખ અને વૈભવ-વિલાસ વધુ જોઈશે. તંત્ર-મંત્રથી સાચવવું. જીવને શાંતિ ન મળે. જીવનસાથીના કામની ટીકા વધુ થાય. તા. ૧૬-૦૭ થી હરિફ વર્ગ ફરતો થઈ જાય સંતાનનો અહમ વધે. તમે સહાકીય પ્રવૃત્તિ તરફનું ખેંચાણ અનુભવશો. તા. ૨૦-૦૭ થી જીવનસાથી આક્રમક બને. નાણાંકીય પરિસ્થિતિમાં સુધારો થાય. તા. ૨૩-૦૭ થી સુખ ઓછું મળે. જીવનસાથી શંકાશીલ બને. તા. ૦૧-૦૮ થી ગળ્યુ ખાવાનું ઓછું રાખજો નહીંતર ડાયાબિટિસ આવશે.

શ્રાવણ (તા. ૧૧-૦૮-૨૦૧૦ થી તા. ૦૮-૦૯-૨૦૧૦):- ધાર્મિક મહિનો છે. જપ-તપ-ધ્યાન-આરાધના આપ કરી શકો એમ છો અને જો સહેજ પણ વિચાર કરતાં હોવ તો અમલમાં મૂકી દો. સફળતા મળશે. જીવનસાથીનો ગુસ્સો વધતો જણાશે. તેમને મોજશોખ-વૈભવ-વિલાસ વધુ ગમશે. ગળ્યું ખાવા ઉપર કાબૂ રાખજો. બંને ય જણાં. તા. ૧૭-૦૮ થી કામ સરળ બને. પણ જીવનસાથીનો ગુસ્સો વધે. માતાની તબિયતની કાળજી લેવી પડે. તા. ૦૧-૦૯ થી સંતાનને વાહન અને મોંઘી ચીજવસ્તુઓ જોઈશે. તા. ૦૬-૦૯ થી ભાગ્યનો સાથ સહકાર નથી તેવું લાગશે. જીવનસાથી સાહસ ખેડી નાંખવા તૈયાર થાય.

ભાદ્રપદ (તા. ૦૯-૦૯-૨૦૧૦ થી તા. ૦૭-૧૦-૨૦૧૦) :- ધર્મ ભાવના ખૂબ જ સારી રહે. જીવ-પ્રાણી માત્ર પરત્વે દયાની લાગણી ઉદ્ભવે. જીવનસાથી વધુ પડતાં વિચારો કરીને પોતાની જાત ઉપર ગુસ્સો કરે. સંતાનની ઊંઘ ઓછી રહે. શરૂઆતના પંદર દિવસોમાં જ સારૂં કામ થઈ શકશે પછીના પંદર દિવસો શ્રાદ્ધ પક્ષના હોવાથી કામ નહીં થાય. નવરાત્રિની રાહ જોવી પડશે. તા. ૧૭-૦૯ થી જાહેરજીવનમાં ભાગ લેવાનો પ્રસંગ આવે. પિત્ત પ્રકૃતિ બંનેની વધે. યશ-માન બંનેને મળી શકે. છતાંપણ આત્માને જોઈતી શાંતિ ના મળે. હાથ નીચેના માણસો ચણભણ કરતાં પણ કામ કરશે. તા. ૩૦-૦૯ થી ગૃહકામમાં જીવનસાથી સારો રસ દાખવે. જીવનસાથી સ્વસ્થ રહે પણ વાયુ અને પિત્તથી પરેશાન થાય.

આશ્વિન (તા. ૦૮-૧૦-૨૦૧૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૦):- નવરાત્રિના દિવસોમાં નાણાં ક્યાં આવે છે અને ક્યાં વપરાઈ જાય છે તે જ સમજમાં આવશે નહીં. તમે અને જીવનસાથી પોત પોતાનામાં મશગૂલ હોવા છતાં એકબીજાનું ધ્યાન રાખશો. તા. ૧૭-૧૦ થી કામકાજમાં થોડી અડચણો ઉભી થાય. હાથ નીચેના માણસનો સહકાર ઓછો મળે. જીવનસાથીને નાણાં પરત્વેનો લગાવ રહે. તમે દુઃખી થઈ જાવ. તા. ૨૦-૧૦ થી ભાગ્યનો સહકાર સારો મળે. નાણાં મળવાના ચાલુ થાય. રાહત મળે. તા. ૦૧-૧૧ થી શંકાશીલ વર્તન બને. ઘરનું ધ્યાન રાખશો. દૂરનું કામ થાય. તા. ૦૫-૧૧ થી જીવનસાથી હિંમતથી કામ લે. દિવાળીના દિવસો સુધરી જાય. શુભ મનોકામનાઓ.

નક્ષત્ર ઉપર ગ્રહોના વેધથી તેજી-મંદીની અસરો

લેખક : ડૉ. રામપ્રસાદ નવિનચંદ્ર દવે

૧૬, વિશ્વનાથ સોસાયટી, હેતલ સ્કૂલની પાછળ, પૂર્વ વિભાગ,
કલોલ-૩૮૨૭૨૧. મો. ૯૮૨૪૬૯૧૮૪૬.

સૂર્યાદિ ગ્રહો ભ્રમણ કરતા ૨૭ નક્ષત્રો પરથી પસાર થાય છે. ભ્રમણ કરતા નક્ષત્રો પર ગ્રહોનો વેધ થાય છે. ૨૭ નક્ષત્રો પરથી શુભ ગ્રહ, ક્રૂર ગ્રહોના વેધને લીધે તેજી-મંદીની અસરો બજાર પર જોવા મળે છે. તેમાં પણ કઇ વસ્તુઓમાં તેજી થાય કે મંદી થાય તેની જાણકારી પણ લેખકે આપી છે. જો અહીં એક ઉદાહરણ આપ્યું હોત તો વિદ્યાર્થી વર્ગને જરૂર પ્રોત્સાહન મળત.

સંશોધન વિભાગ

નક્ષત્રો પર ગ્રહોના વેધથી તેજી-મંદીની અસરો થાય છે. નક્ષત્રો પર સૌમ્ય ગ્રહોના વેધથી મંદી તથા ક્રૂર ગ્રહોના વેધથી તેજીની સ્થિતિ સર્જાય છે. આપણે અહીંયા કયાં નક્ષત્રના વેધથી ક્યાં ? અને કેટલા સમય સુધી ? તથા કઈ વસ્તુ પર પ્રભાવ પડે છે. તેની ચર્ચા કરીશું. ગ્રહોની દશાઓની ગણના કૃતિકા નક્ષત્રથી થાય છે અને વેધની વ્યવસ્થા સર્વતોભદ્ર ચક્રમાં કૃતિકાથી જ થાય છે એટલે અમે અહીંયા કૃતિકા નક્ષત્રથી જ ક્રમ ચાલુ કરીએ છીએ.

કૃતિકા નક્ષત્ર : શુભ ગ્રહનો વેધ થાય (ચંદ્ર, શુક્ર, બુધ, ગુરૂ) તો ચોખા, જવ, ઘઉં, વટાણા, સોનું, ચાંદી, હીરા, પન્ના, પોખરાજ, તેલ, તલ, દક્ષિણના પ્રદેશોમાં તેજી આવે.

કૃતિકાના પહેલાં નવમાંશનો સ્વામી ગુરૂ હોવાથી હળદર, તગડ, મીઠું, સરસવનું તેલ, જીરૂં, રાઈ તથા પીળા રંગથી ઉત્પાદન કરતી વસ્તુઓમાં મંદી આવે, નવમાંશના બીજા, ત્રીજા ચરણનો સ્વામી શનિ હોવાથી કડવી તથા તીખી વસ્તુઓ, કાળા તલ, અડદ, ડુંગળી, ઉન, ચામડું, ગળી, કાળા રંગની વસ્તુઓમાં તેજી. ચોથા નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી પીળા રંગની વસ્તુ હળદર, સરસવ, સિંધાલુણ, પીળા ફૂલ, ધાર્મિક વસ્તુમાં મંદી આવે.

રોહિણી નક્ષત્ર : પાપગ્રહ અથવા શુભગ્રહનો વેધ થાય. દરેક અનાજ, દરેક ધાતુ, મીઠું, ઉન (ગરમ વસ્ત્ર)માં તેજી આવે, પૂર્વ દિશામાં સાત દિવસમાં ઉપરોક્ત વસ્તુમાં મંદી જોવા મળે.

પહેલાં નવમાંશનો સ્વામી મંગળ, લાલ રંગના ફૂલો, ગોળ, મગ, મરી, મસાલા, પારો, લીલું પરવાળું, નંગ, શસ્ત્ર વગેરેમાં તેજી જોવા મળે. બીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી રેશમી વસ્ત્ર, ચાંદી, સુતરાઉ કાપડ, હીરા, કટલરીની વસ્તુઓ, સૌંદર્ય પ્રસાધન, ઈલેક્ટ્રોનિક્સ, સ્ફટિક, ત્રિફળા, ખાંડ, ચોખા, લોટ, જાયફળ, રૂ વગેરે વસ્તુમાં તેજી જોવા મળે. ત્રીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી કાગળ, વટાણા, જુવાર, ઘાસ-ચારો, લીલા રંગની વસ્તુઓ, કઠોળ વગેરેમાં તેજી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી ચંદ્ર હોવાથી દૂધ, માવાની વસ્તુઓ, મોતી, મીઠું, ચોખા, પાણી વગેરેમાં તેજી જોવા મળે.

મૃગશીર્ષ નક્ષત્ર : મૃગશીર્ષ નક્ષત્રમાં શુભ ગ્રહોનો વેધ થાય તો ગાય, ભેંસ, પાલતું પ્રાણીના મૂલ્યમાં ઘટાડો થાય અને પાપગ્રહનો વેધ થાય તો તેજી આવે. પહેલાં નવમાંશનો સ્વામી સૂર્ય તાંબુ, ગવર્મેન્ટ, કંપનીના શૅર, સોનું, ચામડું, બિયારણ, સરસવ, કેમિકલ્સ વગેરેમાં તેજી આવે. બીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી મગ, વનસ્પતિ, પન્ના, જુવાર, વટાણા, લીલા રંગની વસ્તુમાં મંદી જોવા મળે. મૃગશીર્ષના ત્રીજા નવમાંશનો સ્વામી શુક્ર રેશમી વસ્તુ, કાપડ, હીરા, ચાંદી, સાકર, જર-ઝવેરાત, સૌંદર્યપ્રસાધન, સુગંધિત વસ્તુઓ, ઇલેક્ટ્રોનિક્સ વસ્તુમાં મંદી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી મંગળ હોવાથી લાલ રંગની વસ્તુ, ગોળ, મગ, તીખા પદાર્થ, પારો, તાંબુ, શસ્ત્ર, લાલ મરચું, લાલ ફળ-ફૂલમાં તેજી આવે.

આદ્રા નક્ષત્ર : આદ્રા નક્ષત્રમાં શુભ તથા પાપગ્રહમાં વેધ થતો હોય તો એક મહિનામાં પશ્ચિમ દિશામાં તેની અસર જોવા મળે છે. શુભ ગ્રહમાં મંદી અને પાપગ્રહમાં તેજી આવે, પહેલાં નવમાંશનો સ્વામી ગુરૂ હોવાથી ધાર્મિક વસ્તુઓ, હળદર, સિંધા લુણ, સરસવ, તેલ, તલ વગેરેમાં મંદી આવે. બીજા અને ત્રીજા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, લોખંડનું ફર્નિચર, લેબરકામ, ચામડું, ઈંટો, ઊંટ, ભેંસ, કડવી વસ્તુઓમાં તેજી આવે. ચોથા નવમાંશનો સ્વામી ગુરૂ હોવાથી પીળા રંગની વસ્તુઓ, હળદર, ધાર્મિક વસ્તુઓ, સરસવ, પોખરાજ, સોનું, પિત્તળ વગેરેમાં મંદી આવે.

પુનર્વસુ નક્ષત્ર : પુનર્વસુ નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો વેધ થતો હોય તો ઉત્તર દિશામાં પ્રભાવ જોવા મળે. પાપગ્રહોથી તેજી ને શુભ ગ્રહોથી મંદી આવે, પહેલાં નવમાંશનો સ્વામી મંગળ હોવાથી ઘઉં, લાલ રંગની વસ્તુઓ, લાલ રંગના ફળ-ફૂલ, ગોળ, સૂકું મરચું, તાંબું, મરી, મસાલા, દવાઓ, લાકડું, કલર વગેરેમાં તેજી જોવા મળે, બીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી ચોખા, હીરા, ચાંદી વગેરેમાં મંદી જોવા મળે. ત્રીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી મગ, લીલી વસ્તુઓ, લીલા રંગની વસ્તુઓમાં મંદી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી ચંદ્ર હોવાથી દૂધ, દૂધની બનાવટ, સફેદ રંગની વસ્તુઓમાં મંદી જોવા મળે.

પુષ્ય નક્ષત્ર : પુષ્ય નક્ષત્રમાં શુભ અને પાપગ્રહનો વેધ થાય તો આઠ માસની અંદર ઉત્તર દિશામાં તેની અસર જોવા મળે. શુભ ગ્રહના વેધથી મંદી અને પાપગ્રહના વેધથી તેજી આવે. પહેલાં નવમાંશમાં સ્વામી સૂર્ય હોવાથી સરકારી કંપનીના શેર, માણેક, સોનું, તાંબુ, ચોખા, કડવી વસ્તુઓ, નાણું, દરેક પ્રકારની સુગંધિત વસ્તુઓમાં તેજી આવે. બીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી લીલા રંગની વસ્તુઓ, ઘાસ, મગ, પન્નુ, શાકભાજી, શેરબજાર, બેન્કિંગ સેવાઓ, શિક્ષણને લગતા કાર્યો, વીમા કંપની વગેરેમાં મંદી આવે. ત્રીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી પ્લાસ્ટિકની વસ્તુઓ, ચાંદી, રૂ, કાપડ, કાચ, કોસ્મેટિક વસ્તુઓ, સૌંદર્ય પ્રસાધન વસ્તુઓમાં મંદી આવે. ચોથા નવમાંશનો સ્વામી મંગળ હોવાથી ઘઉં, ગોળ, મગ, મસૂર, લાલ રંગના ફૂલો, સફરજન, મરી, મસાલા, હોટલ કન્સ્ટ્રકશન, જમીનને લગતા ધંધામાં તેજી આવે.

આશ્લેષા નક્ષત્ર : આશ્લેષા નક્ષત્રમાં શુભ ગ્રહ કે પાપગ્રહનો વેધ થાય તો પશ્ચિમ દિશામાં ૧ માસમાં તેની અસર જોવા મળે. શુભ ગ્રહના વેધમાંથી મંદી અને પાપગ્રહના વેધમાં તેજી જોવા મળે. પહેલા ને ચોથા નવમાંશમાં સ્વામી ગુરૂ

હોવાથી હળદર, ચણા, સરસવ, તેલ, વનસ્પતિ ઘી, તલ સફેદ, સિંધાલુણ, પીળા રંગના ફળ-ફૂલમાં મંદી જોવા મળે. બીજા ને ત્રીજા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, લોખંડની વસ્તુઓ, પેટ્રોકેમિકલ્સ, કોલસો, ઈંટો, રેતી, સિમેન્ટ, કાળા તલ, અડદ, ચામડું, કાળા રંગની વસ્તુઓમાં તેજી જોવા મળે.

મઘા નક્ષત્ર : મઘા નક્ષત્રમાં શુભ ગ્રહ કે પાપગ્રહનો વેધ થાય તો ૨ માસમાં ઉત્તર દિશામાં તેની અસર જોવા મળે. શુભ ગ્રહના વેધથી મંદી અને પાપગ્રહના વેધથી તેજીની અસર જોવા મળે. પહેલાં નવમાંશનો સ્વામી મંગળ હોવાથી લાલ રંગની વસ્તુઓ લાલ ફળ-ફૂલ, ધાન્યમાં તેજી રહે તથા ઘઉં, મધ, પારો, મરી-મસાલા, તાંબુ, મૂંગા, શસ્ત્રમાં તેજી જોવા મળે. બીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી ખાંડ, ચોખા, કાપડ, રૂ, ચાંદીમાં મંદી જોવા મળે. ત્રીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી મગ-મગદાળ, લીલા રંગની વનસ્પતિ, ઘાસચારો, શાકભાજી, શિક્ષણ, બેન્કિંગમાં મંદી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, કડવી વસ્તુઓ, કોલસા, અડદ, કાળા તલ, ચામડું, ડુંગળી, પેટ્રોકેમિકલ્સ વસ્તુઓમાં તેજી જોવા મળે.

પૂર્વાફાલ્ગુની નક્ષત્ર : પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં શુભ ગ્રહ કે પાપગ્રહનો વેધ થાય તો આઠ (૮) માસમાં દક્ષિણ દિશામાં અસર જોવા મળે. શુભ ગ્રહના વેધથી મંદી તથા પાપ (અશુભ) ગ્રહના વેધથી તેજી જોવા મળે. પહેલાં નવમાંશનો સ્વામી સૂર્ય હોવાથી સોનું, તાંબુ, માણેક, સરકારી કામકાજ, રેશમી વસ્ત્ર, કડવી દવાઓ, કેમિકલ્સ વગેરેમાં તેજી આવે. બીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી બેન્કિંગ, વીમા કંપની, શિક્ષણ ક્ષેત્ર, મગ, લીલા રંગની વસ્તુઓ, ઘાસચારો, શાકભાજી વગેરેમાં મંદી જોવા મળે. ત્રીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી ખાંડ-ચોખા, પ્લાસ્ટિક, ચાંદી, ઘરેણા, રૂ, મીઠી વસ્તુઓ, કાચ, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓમાં મંદી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી મંગળ હોવાથી ઘઉં, ગોળ, દવાઓ, લાકડું, ફળ-ફળાદિ, મરી-મસાલા વગેરેમાં તેજી આવે.

ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર : ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં શુભ ગ્રહનો વેધ થાય તો મંદી તથા અશુભ ગ્રહનો વેધ થાય તો તેજી જોવા મળે. ઉત્તરાફાલ્ગુનીના પહેલા નક્ષત્રમાં નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી હળદર, તગડ, મીઠું, સરસવનું તેલ, જીરું, રાઈમાં મંદીની અસર જોવા મળે. બીજા અને ત્રીજા નવમાંશનો સ્વામી શનિ હોવાથી કડવી તથા તીખી વસ્તુઓ, કાળા તલ, અડદ, ડુંગળી, ઉન, ચામડું, ગળી, કાળા રંગની વસ્તુઓમાં તેજી આવે. ચોથા નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી પીળા રંગની વસ્તુઓ, હળદર, સરસવ, સિંધા લુણ, પીળા ફૂલ, તેલ વગેરેમાં મંદી આવે.

હસ્ત નક્ષત્ર : હસ્ત નક્ષત્રમાં પાપગ્રહ અથવા શુભ ગ્રહનો વેધ થાય તો પાપગ્રહના વેધથી તેજી અને શુભ ગ્રહના વેધથી મંદી થાય. પહેલા નવમાંશનો સ્વામી મંગળ લાલ રંગના ફૂલ, ગોળ, મગ, મરી-મસાલા, પારો, તાંબુ, પરવાળું નંગ, શસ્ત્ર વગેરેમાં તેજી આવે. બીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી રેશમી વસ્ત્ર, ચાંદી, સુતરાઉ કાપડ, હીરા, કટલરીની વસ્તુઓ, સૌંદર્યપ્રસાધન, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ, સ્ફટિક, ત્રિફળા, ખાંડ, ચોખા, જાયફળ, રૂ વગેરેમાં મંદી જોવા મળે. ત્રીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી કાગળ, વટાણા, જુવાર, ઘાસચારો, લીલા રંગની વસ્તુઓ, કઠોળ વગેરેમાં મંદી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી ચંદ્ર હોવાથી દૂધ, માવાની વસ્તુઓ, મોતી, મીઠું, ચોખા, પાણી વગેરેમાં મંદી જોવા મળે.

ચિત્રા નક્ષત્ર : ચિત્રા નક્ષત્રમાં શુભ ગ્રહોનો વેધ થાય તો ગાય, ભેંસ, પાલતું પ્રાણીના મૂલ્યમાં ઘટાડો થાય અને પાપગ્રહનો વેધ થાય તો તેજી આવે. પહેલાં નવમાંશનો સ્વામી સૂર્ય તાંબું, ગવર્મેન્ટ કંપનીના શેર, સોનું, ચામડું, બિયારણ, સરસવ, કેમિકલ્સ વગેરેમાં તેજી આવે. બીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી મગ, વનસ્પતિ, પન્નુ, જુવાર, વટાણા, લીલા રંગની વસ્તુમાં મંદી જોવા મળે. ત્રીજા ચરણે નવમાંશનો સ્વામી શુક્ર રેશમી વસ્ત્ર, કાપડ, હીરા, ચાંદી, સાકર, જર-ઝવેરાત, સૌંદર્યપ્રસાધનની વસ્તુઓ, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુમાં મંદી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી મંગળ હોવાથી લાલ રંગની વસ્તુ, ગોળ, મગ, તીખા પદાર્થ, પારો, તાંબુ, શસ્ત્ર, લાલ મરચું, લાલ ફળ-ફૂલમાં તેજી આવે.

સ્વાતિ નક્ષત્ર : સ્વાતિ નક્ષત્રમાં શુભ તથા પાપગ્રહમાં વેધ થતો હોય તો એક મહિનામાં પશ્ચિમ દિશામાં તેની અસર જોવા મળે. શુભ ગ્રહમાં મંદી અને પાપગ્રહમાં તેજી આવે. પહેલાં નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી ધાર્મિક વસ્તુઓ, હળદર, સિંધાલુણ, સરસવ તેલ, તલ વગેરેમાં મંદી આવે. બીજા અને ત્રીજા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, લોખંડનું ફર્નિચર, લેબરકામ, ચામડું, ઈંટો, પેટ્રોલિયમ પેદાશ, સંચળ, અડદ, કાળા તલ, ડુંગળી, ભેંસ, ઊંટ, કડવી વસ્તુઓમાં તેજી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી પીળા રંગની વસ્તુઓ, હળદર, ધાર્મિક વસ્તુઓ, સરસવ, પોખરાજ, સોનું, પિત્તળ વગેરેમાં મંદી આવે.

વિશાખા નક્ષત્ર : વિશાખા નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો વેધ થતો હોય તો ઉત્તર દિશામાં પ્રભાવ જોવા મળે. પાપગ્રહોથી તેજી અને શુભ ગ્રહથી મંદી આવે. પહેલાં નવમાંશનો સ્વામી મંગળ હોવાથી. ઘઉં, લાલ રંગની વસ્તુઓ, લાલ રંગના ફળ-ફૂલ, ગોળ, સૂકુ મરચું, તાંબુ, મરી-મસાલા, દવાઓ, લાકડું, કલર વગેરેમાં તેજી જોવા મળે.

અનુરાધા નક્ષત્ર : અનુરાધા નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો વેધ થતો હોય તો ઉત્તર દિશામાં પ્રભાવ જોવા મળે. પાપગ્રહોથી તેજી અને શુભ ગ્રહથી મંદી આવે. ૮ માસમાં ઉત્તર દિશામાં તેની અસર જોવા મળે. પહેલાં નવમાંશમાં સ્વામી સૂર્ય હોવાથી સરકારી કંપનીના શેર, માણેક, સોનું, તાંબુ, ચોખા, દરેક પ્રકારની સુગંધિત વસ્તુઓમાં તેજી આવે. બીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી લીલા રંગની વસ્તુ, ઘાસ, મગ, પન્નુ, શાકભાજી, શેરબજાર, બેન્કિંગ સેવાઓ, શિક્ષણને લગતા કાર્યો, વીમા કંપની વગેરેમાં મંદી આવે. ત્રીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી પ્લાસ્ટિક વસ્તુ, ચાંદી, રૂ, કાપડ, કાચ, કોસ્મેટિક વસ્તુ, ઘરેણાં, ચોખા, ખાંડમાં મંદી આવે. ચોથા નવમાંશનો સ્વામી મંગળ હોવાથી ઘઉં, ગોળ, મગ, મસૂર, લાલ રંગના ફૂલો, લાલ રંગના સફરજન, લાલ રંગના ફળ-ફૂલ, પારો, મરી-મસાલા, સૂકું મરચું વગેરેમાં તેજી આવે.

જયેષ્ઠા નક્ષત્ર : જયેષ્ઠા નક્ષત્રમાં શુભ ગ્રહો કે પાપગ્રહનો વેધ થાય તો પશ્ચિમ દિશામાં ૧ માસમાં તેની અસર જોવા મળે. શુભ ગ્રહના વેધમાં મંદી આવે અને અશુભ ગ્રહના વેધમાં તેજી જોવા મળે. પહેલા, ચોથા નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી હળદર, સરસવ, તેલ, વનસ્પતિ ઘી, સફેદ તલમાં મંદી જોવા મળે. બીજા ત્રીજા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, લોખંડની વસ્તુ, પેટ્રોકેમિકલ્સ, કોલસો, ઈંટો, રેતી, સિમેન્ટ, કાળા તલ, અડદ, ચામડું, કાળા રંગની વસ્તુઓમાં તેજી જોવા મળે.

મૂળ નક્ષત્ર : મૂળ નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો વેધ થાય તો ૨ માસમાં ઉત્તર દિશામાં તેની અસર જોવા મળે. શુભ ગ્રહનો વેધ થાય તો મંદી અને પાપગ્રહનો વેધ થાય તો તેજી આવે. પહેલાં નવમાંશનો સ્વામી મંગળ હોવાથી લાલ રંગની વસ્તુઓ, લાલ ફૂલ-ફળ, ધાન્યમાં તેજી રહે તથા ઘઉં, મધ, પારો, મરી-મસાલા, તાંબું, મગ, મૂંગા, શસ્ત્રમાં તેજી જોવા મળે. બીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી ખાંડ, ચોખા, કાપડ, રૂ, ચાંદી, સ્ફટિક, સફેદ રંગની વસ્તુઓ, સુગંધિત વસ્તુઓમાં મંદી આવે, ત્રીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી મગ-

મગદાળ, લીલા રંગની વનસ્પતિ, ઘાસચારો, શાકભાજી, શિક્ષણ, બેન્કિંગ ક્ષેત્રે મંદી આવે. ચોથા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, કડવી વસ્તુઓ, કોલસા, અડદ, કાળા તલ, ચામડું, સંચળ, ડુંગળી, પેટ્રોકેમિકલ્સ વતુઓમાં તેજી જોવા મળે.

પૂર્વાષાઢા નક્ષત્ર : પૂર્વાષાઢા નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો વેધ થાય તો તેજી-મંદી જોવા મળે. પહેલા નવમાંશનો સ્વામી સૂર્ય હોવાથી સોનું, તાંબુ, માણેક, સરકારી કામકાજ, રેશમી વસ્ત્ર, કડવી દવાઓ, કેમિકલ્સ વગેરેમાં તેજી આવે, બીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી માર્કેટિંગ લાઇનમાં તકલીફ થાય. શિક્ષણ ક્ષેત્ર, બેન્કિંગ ક્ષેત્રે માર્કેટિંગ લાઇનમાં, વીમા કંપનીમાં મંદી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, કડવી વસ્તુઓ, કોલસા, અડદ, કાળા તલ, ચામડું, સંચળ, ડુંગળી, પેટ્રોકેમિકલ્સ વસ્તુઓમાં તેજી જોવા મળે.

ઉત્તરાષાઢા નક્ષત્ર : શુભ ગ્રહનો વેધ થાય (ચંદ્ર, શુક્ર, બુધ, ગુરૂ) ગ્રહનો વેધ થાય તો ચોખા, જવ, ઘઉં, વટાણા, સોનું, ચાંદી, હીરા, પન્ના, પોખરાજ, તેલ દક્ષિણના પ્રદેશોમાં ૮ માસમાં મંદી આવે અને પાપગ્રહોનો વેધ થાય, શનિ, સૂર્ય, રાહુ, મંગળનો વેધ થાય તો લોખંડ, લાકડું, દવાઓ, વનસ્પતિ, સરકારી વસ્તુઓના શેર, પેટ્રોકેમિકલ્સના શેર, દક્ષિણ પ્રદેશોમાં તેજી આવે. ઉત્તરાષાઢાના પહેલા નવમાંશનો સ્વામી ગુરૂ હોવાથી હળદર, તગડ, મીઠુ,સરસવનું તેલ, જીરું, રાઇ તથા પીળા રંગની ઉત્પાદન કરતી વસ્તુઓમાં મંદી આવે. નવમાંશનો બીજા, ત્રીજા ચરણનો સ્વામી શનિ હોવાથી કડવી તથા તીખી વસ્તુઓ, કાળા તલ, અડદ, ડુંગળી, ઉન, ચામડું, ગળી, કાળા રંગની વસ્તુમાં તેજી આવે, ચોથા નવમાંશનો સ્વામી ગુરૂ હોવાથી પીળા રંગની વસ્તુ હળદર, સરસવ, સિંધાલુણ, પીળા ફૂલમાં મંદી આવે.

શ્રવણ નક્ષત્ર : શ્રવણ નક્ષત્રનો વેધ થાય, પાપગ્રહ અથવા શુભ ગ્રહનો વેધ થાય, દરેક અનાજ, દરેક ધાતુ, મીઠુ, ઉન (ગરમ વસ્ત્ર)માં તેજી આવે. પૂર્વ દિશામાં સાત દિવસમાં ઉપરોક્ત વસ્તુમાં મંદી જોવા મળે. પહેલા નવમાંશનો સ્વામી મંગળ, લાલ રંગના ફૂલો, ગોળ, મગ, મરી-મસાલા, પારો, તાંબું, પરવાળું નંગ, શસ્ત્ર વગેરેમાં તેજી જોવા મળે. બીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી રેશમી વસ્ત્ર, ચાંદી, સુતરાઉ કાપડ, હીરા, કટલરીની વસ્તુઓ, સૌંદર્યપ્રસાધન, ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓ, સ્ફટિક, ત્રિફળા, ખાંડ, ચોખા, સોનું, જાયફળ, રૂ વગેરે વસ્તુમાં તેજી જોવા મળે. ત્રીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી કાગળ, વટાણા, જુવાર, ઘાસચારો, લીલા રંગની વસ્તુ, કઠોળ વગેરેમાં તેજી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી ચંદ્ર હોવાથી દૂધ, માવાની વસ્તુઓ, મોતી, મીઠુ, ચોખા, પાણી વગેરેમાં તેજી જોવા મળે.

ધનિષ્ઠા નક્ષત્ર : ધનિષ્ઠા નક્ષત્રમાં વેધ થાય તો ભેંસ, પાલતુ પ્રાણીના મૂલ્યમાં ઘટાડો થાય અને પાપગ્રહનો વેધ થાય તો તેજી આવે. પહેલાં નવમાંશનો સ્વામી સૂર્ય તાંબુ, ગવર્મેન્ટ કંપનીના શેર, સોનું, ચામડું, બિયારણ, કેમિકલ્સ વગેરેમાં મંદી આવે. બીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી મગ, વનસ્પતિ, પન્નુ, જુવાર, વટાણા, લીલા રંગની વસ્તુમાં મંદી જોવા મળે. ધનિષ્ઠા નક્ષત્રના ત્રીજા નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી ધાર્મિક વસ્તુઓ, હળદર, સિંધાલુણ, સરસવ તેલ, તલ વગેરેમાં મંદી આવે. બીજા અને ત્રીજા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, લોખંડનું ફર્નિચર, લેબરકામ, ચામડું, ઇંટો, પેટ્રોલિયમ પેદાશ, સંચળ, અડદ, કાળા તલ, ડુંગળી, ભેંસ, ઊંટ, કડવી વસ્તુઓમાં તેજી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી પીળા રંગની વસ્તુઓ હળદર, ધાર્મિક વસ્તુઓ, સરસવ, પોખરાજ, સોનું, પિતળ વગેરેમાં મંદી આવે.

શતભિષા નક્ષત્ર : શતભિષા નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો વેધ થતો હોય તો પશ્ચિમ દિશામાં પ્રભાવ જોવા મળે. પાપગ્રહોથી તેજી અને શુભ ગ્રહથી મંદી આવે. પહેલાં નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી ધાર્મિક વસ્તુઓ, હળદર, સિંધાલુણ, સરસવ તેલ, તલ વગેરેમાં મંદી આવે. બીજા અને ત્રીજા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડના ફર્નિચર, લેબરકામ, ચામડું, ઇંટો, પેટ્રોલિયમ પેદાશ, સંચળ, અડદ, કાળા તલ, ડુંગળી, કડવી વસ્તુઓમાં તેજી આવે. ચોથા નવમાંશનો સ્વામી ગુરુ હોવાથી પીળા રંગની વસ્તુઓ હળદર, ધાર્મિક વસ્તુઓ સરસવ, પોખરાજ, સોનું વગેરેમાં મંદી આવે.

પૂર્વાભાદ્રપદ નક્ષત્ર : પૂર્વાભાદ્રપદ નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો વેધ થતો હોય તો ઉત્તર દિશામાં તેની અસર જોવા મળે. પાપગ્રહોથી તેજી આવે, શુભ ગ્રહથી મંદી આવે. પહેલાં નવમાંશનો સ્વામી મંગળ હોવાથી ઘઉં, લાલ રંગ વસ્તુઓ, લાલ રંગના ફળ-ફૂલ, ગોળ, સૂકું મરચું, તાંબું, મરી-મસાલા, દવાઓ, લાકડું, કલર વગેરેમાં તેજી જોવા મળે. પહેલા નવમાંશનો સ્વામી મંગળ હોવાથી ઘઉં, લાલ રંગની વસ્તુઓ, જમીન વગેરેમાં તેજી આવે. બીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી સફેદ વસ્તુ, ચોખા, હીરા, ચાંદી, સૌંદર્યપ્રસાધન, સુગંધિત વસ્તુઓમાં મંદી આવે. ત્રીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી લાલ રંગની વસ્તુ મગ, શેરબજાર, વીમા કંપની વગેરેમાં મંદી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી ચંદ્ર હોવાથી દૂધ, સફેદ વસ્તુઓ, ચાંદી વગેરેમાં મંદી જોવા મળે.

ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર : ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો વેધ થતો હોય તો ઉત્તર દિશામાં તેની અસર જોવા મળે. પહેલા નવમાંશમાં સ્વામી સૂર્ય વેધથી તેજી આવે જેમાં ખાસ કરીને સરકારી કંપનીના શેર, માણેક, સોનું, તાંબં હોવાથી સરકારી કંપનીના શેર, માણેક, સોનું, તાંબુમાં જોવા મળે. બીજા નવમાંશનો સ્વામી બુધ લીલા રંગની વસ્તુ, ઘાસ, મગ, પન્નુ, શાકભાજી, શેરબજાર, બેન્કિંગ સેવાઓ, શિક્ષણને લગતા કાર્યો, વીમા કંપની વગેરેમાં મંદી આવે. ત્રીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી પ્લાસ્ટિક, વસ્તુ, ચાંદી, રૂ, કાપડ વગેરેમાં મંદી આવે. ચોથા નવમાંશનો સ્વામી મંગળ હોવાથી ઘઉં, ગોળ, મગ, મસૂર, લાલ રંગના ફૂલો, લાલ રંગના સફરજન, લાલ રંગના ફળ-ફૂલ, પારો, મરી-મસાલા, સૂકું મરચુંમાં તેજી આવે.

રેવતી નક્ષત્ર : રેવતી નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો વેધ થતો હોય તો પશ્ચિમ દિશામાં ૧ માસમાં તેની અસર જોવા મળે. શુભ ગ્રહના વેધમાં મંદી અને અશુભ ગ્રહમાં તેજી જોવા મળે. પહેલાં ચોથા નવમાંશનો સ્વામી ગુરૂ હોવાથી હળદર, સરસવ, તેલ, વનસ્પતિ, ઘી, સફેદ તલ, સિંધાલુણ, પીળા રંગમાં મંદી જોવા મળે. બીજા ત્રીજા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, લોખંડની વસ્તુ, પેટ્રોકેમિકલ્સ, કોલસો, ઇંટો, રેતી, સિમેન્ટ, કાળા તલ, અડદ, ચામડું, કાળા રંગની વસ્તુઓમાં તેજી જોવા મળે.

અશ્વિની નક્ષત્ર : અશ્વિની નક્ષત્રમાં શુભ ગ્રહ અને પાપગ્રહનો શુભ ગ્રહનો વેધ થાય તો બે માસમાં ઉત્તર દિશામાં તેની અસર જોવા મળે. મંદી અને પાપગ્રહનો વેધ થાય તો તેજીની અસર જોવા મળે. પહેલા નવમાંશનો સ્વામી મંગળ હોવાથી લાલ રંગની વસ્તુઓ, લાલ ફૂલ-ફળ, ધાન્યમાં તેજી રહે તથા ઘઉં, મધ, પારો, મરી-મસાલા, તાંબું, મૂગાં, શસ્ત્રમાં તેજી જોવા મળે. બીજા નવમાંશનો સ્વામી શુક્ર હોવાથી ખાંડ, ચોખા, કાપડ, રૂ, ચાંદી, સ્ફટિક, સફેદ રંગની વસ્તુઓ, સુગંધિત વસ્તુઓમાં મંદી આવે. ત્રીજા નવમાંશનો સ્વામી બુધ હોવાથી મગ, મગદાળ, લીલા રંગની વનસ્પતિ, ઘાસચારો, શાકભાજી, શિક્ષણ, બેન્કિંગ ક્ષેત્રે મંદી, માર્કેટિંગ લાઇનમાં, વીમા કંપનીમાં મંદી જોવા મળે. ચોથા નવમાંશનો સ્વામી શનિ હોવાથી લોખંડ, કડવી વસ્તુઓ, કોલસા, અડદ, કાળા તલ, ચામડું, સંચળ, ડુંગળી, પેટ્રોકેમિકલ્સ વસ્તુઓમાં તેજી જોવા મળે.

સ્થિર લગ્નો

લેખક : શ્રી દર્શન વાય. મુનિ
સી-૨૦૧, પટેલનગર સોસાયટી, એમ. જી. ક્રોસ રોડ-૪, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭. મો.-૯૮૧૯૨૮૪૦૨૩, ૯૮૨૧૧૨૪૯૮૬.

ચાર સ્થિર લગ્નોની કુંડળીઓની અહીં ચર્ચા કરેલ છે. કુંડળીમાં રહેલ વિગતોને યોગ વિચારણા મારફત સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ચાર લગ્નોની અલગ અલગ ખાસિયતો અને ખામીઓ ઉદાહરણો દ્વારા સમજાવેલ છે તેથી વાચકવર્ગને જરૂર ગમશે.

સ્થિર લગ્નોમાં ચાર લગ્નોનો સમાવેશ થાય છે. (૧) વૃષભ (૨) સિંહ (૩) વૃશ્ચિક અને (૪) કુંભ.

આપણે ક્રમશઃ દરેક લગ્નનાં અલગ-અલગ નવા નિયમો વિશે જાણતા જઈએ.

(A) વૃષભ લગ્ન :

(૧) વૃષભ લગ્ન માટે લગ્નમાં વૃષભ રાશિમાં થયેલી ચંદ્ર+બુધ+શુક્રની અંશાત્મક યુતિ વ્યક્તિને કલાનાં ક્ષેત્રમાં રસ અપાવે છે તથા જાતક ઉચ્ચ કક્ષાની કલા-સાધના નામ+દામ મેળવે છે.

ઉદા :-૧. જ.તા. ૨૦-૬-૬૩/ ૪:૪૧ સવારે/ મુંબઈ. (Mumbai)

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૨	૩	૨	૫	૨	૧૨	૨	૧૦(R)	૩	૯

યોગ-વિવરણ : અહીં આ સ્ત્રી જાતકને લગ્નમાં-વૃષભ રાશિમાં **ચંદ્રના નક્ષત્રમાં** ચંદ્ર+બુધ+શુક્રની **અંશાત્મક** યુતિ થયેલી છે.

ચંદ્ર તથા શુક્રનો સંબંધ કલાના ક્ષેત્ર તરફ રસ તો ચોક્કસપણે આપે જ છે. તેમાં જો બુધનો ઉમેરો થાય તો કલા સારી રીતે પ્રદર્શિત કરવાનો ગુણ પણ કેળવાય છે.

આ સ્ત્રીજાતક ક્લાસિકલ ડાન્સર-નૃત્યાંગના તરીકે પોતાની સારી કારકિર્દી બનાવી શકયા છે.

આ કુંડળીમાં સૌથી વધુ પાવરફુલ બાબત એ છે કે લગ્ન સ્થાન પર કોઈ પણ પાપગ્રહની દૃષ્ટિ નથી.

ભવિષ્યમાં હજુ પણ આ સ્ત્રી જાતક વધુ પ્રગતિ કરશે તેવું તેમના ગ્રહો પરથી ચોક્કસ જણાય છે.

(૨) વૃષભ લગ્ન માટે લગ્નમાં સૂર્યનાં નક્ષત્રમાં થયેલી સૂર્ય+મંગળની અંશાત્મક યુતિ કેમિસ્ટ્રી/કેમિકલના અભ્યાસમાં ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરાવે છે તથા કેન્સર સંબંધિત રોગોના નિદાનમાં રિસર્ચ કરાવડાવે છે.

ઉદા :-૨. જ.તા. ૨૧-૫-૫૧/ ૬:૭ (સવારે)- મુંબઈ. (Mumbai)

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૨	૨	૮	૨	૧	૧૨	૩	૬(R)	૧૧	૫

યોગ-વિવરણ : આ પુરુષ જાતકને લગ્ન સ્થાનમાં સૂર્યના નક્ષત્રમાં સૂર્ય+મંગળની અંશાત્મક યુતિ થયેલી છે.

વૃષભ રાશિ તથા તેમાં આવેલા સૂર્ય+મંગળનો સંબંધ કેન્સર સંબંધિત બાબતોનો નિર્દેશ કરે છે.

આ જાતકે કેમિસ્ટ્રીમાં Ph.D કરેલું છે તથા હાલ એક મેડિકલ રિસર્ચ લેબોરેટરીમાં કેન્સરની દવા બનાવતા ડિવિઝનમાં H.O.D છે.

આ પુરુષ જાતકને પ્રથમથી જ કેમિસ્ટ્રી વિષયમાં ઊંડો રસ રહેલો છે.

અહીં સૂર્ય+મંગળ હોવાથી રિસર્ચ ફિલ્ડ સાથે સંકળાયેલા છે તથા કેન્સર સંબંધિત મેડિસિનમાં આગળ વધી શકયા છે.

આ ઉપરાંત મંગળનો કેતુ સાથેનો સંબંધ પણ રિસર્ચમાં રસ દર્શાવે છે.

(૩) વૃષભ લગ્ન માટે ચોથે સિંહ રાશિમાં શુક્રનાં નક્ષત્રમાં થયેલી મંગળ+શુક્રની અંશાત્મક યુતિ બિલ્ડિંગ-ક્ષેત્રથી સારી આવક દર્શાવે છે.

ઉદા :-૩. જ.તા. ૧૪-૮-૫૯/ ૦૦:૧૩ મિનિટ/- ભોપાલ- મ.પ્ર. (Bhopal)

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૨	૪	૮	૫	૪(R)	૭	૫(R)	૯(R)	૬	૧૨

યોગ-વિવરણ : આ પુરુષ જાતકે B.E. civil engg. કરેલું છે. આ જાતક નાનપણથી બિલ્ડિંગ લાઈનમાં રસ ધરાવે છે. મંગળ+શુક્રનો ચોથા સ્થાન સાથેનો સંબંધ સિવિલ એન્જિનિયરિંગ માટે રસ દર્શાવે છે.

મંગળ+શુક્રનો સંબંધ લક્ઝરીયસ બિલ્ડિંગના કન્સ્ટ્રક્શન દર્શાવે છે.

અહીં મંગળ+શુક્રનો સંબંધ શુક્રના નક્ષત્રમાં થયેલ હોવાથી શુક્રનું વૈભવીપણું કન્સ્ટ્રક્શનમાં દેખાઈ આવે છે.

આ જાતકે સફળ બીલ્ડર તરીકે પોતાની કારકિર્દી બનાવી છે. હજી પણ આગળ જતાં હોટલનાં કન્સ્ટ્રક્શનમાં ઝંપલાવે તેવા પ્રકારનાં યોગો છે. હાલ આ જાતક રેસીડેન્સિયલ બાંધકામ સાથે સંકળાયેલા છે.

(૪) વૃષભ લગ્ન માટે સાતમે વૃશ્ચિક રાશિમાં બુધનાં નક્ષત્રમાં થયેલી ગુરુ+શુક્રની યુતિથી સફળ સ્કીન સ્પેશ્યાલિસ્ટ બની શકાય છે.

ઉદા :-૪. જ.તા. ૨૧-૧-૬૦/ ૧૩:૫૬/ સુરત- ગુજરાત Surat (Guj.)

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૨	૧૦	૭	૯	૧૦	૮	૮	૯	૬	૧૨

યોગ-વિવરણ : આ જાતકને સાતમે વૃશ્ચિક રાશિમાં બુધનાં નક્ષત્રમાં શુક્ર+ગુરુની અંશાત્મક યુતિ થયેલી છે.

અહીં બુધ ન.પતિ તથા શનિ એ ઉ.ન.પતિ છે. બુધ ચામડી-સ્કીન-Skin નો કારક છે. શનિ એ લાંબો સમય ચાલતા રોગ-દર્દનો નિર્દેશ કરે છે.

શુક્ર તથા ગુરુની અંશાત્મક યુતિ દર્શાવે છે કે આ પુરુષ જાતકને ગુપ્ત ભાગ સાથે સંકળાયેલ Skin Disease ના રોગોનું નિદાન કરવામાં સારી આવડત હોય.

આ જાતકે M.D. Skin V.D. કરેલું છે. Skin Specialist તરીકે છેલ્લાં ૧૨ વર્ષથી સ્વતંત્ર પ્રેક્ટિસ કરી રહ્યા છે તથા સારી નામનાં પ્રાપ્ત કરી શકયા છે.

આ ઉપરાંત વૃશ્ચિક રાશિ પણ ગુપ્ત ભાગ-ગુપ્ત રોગનો નિર્દેશ કરે છે તેથી તે સ્થાનો સાથે સંબંધિત સ્કીન બીમારી-રોગનું નિદાન કરવાની કુશળતા જાતકમાં કુદરતી હોય છે.

આ જાતક હજી ભવિષ્યમાં વિશેષ પ્રગતિ કરશે તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે.

(૫) વૃષભ લગ્ન માટે પાંચમે કન્યા રાશિમાં મંગળના નક્ષત્રમાં થયેલી ગુરુ+શુક્રની અંશાત્મક યુતિ ગારમેન્ટના સફળ વેપારી બનાવે છે.

ઉદા :-૫. જ.તા. ૪-૧૧-૬૯/ ૧૯:૧૯/પાલનપુર- (Palanpur)

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૨	૭	૫	૧૦	૭	૬	૬	૧(R)	૧૧	૫

યોગ-વિવરણ : આ જાતકને બુધ તથા શુક્ર વચ્ચે પરિવર્તનયોગ થયેલો છે જે એક મહત્ત્વનું પરિબળ છે.

આ પુરુષ જાતકને પાંચમે કન્યા રાશિમાં મંગળના નક્ષત્રમાં ગુરુ+શુક્રની અંશાત્મક યુતિ થયેલી છે.

અહીં ગુરુનો શુક્ર સાથે યુતિનો સંબંધ છે તથા મંગળ પર દૃષ્ટિ સંબંધ છે. આ પ્રકારની ગ્રહોની પરિસ્થિતિને કારણે આ જાતક ગારમેન્ટ્સના ધંધામાં વિશાળ સફળતા મેળવી શકયા છે.

ગુરુ પોતે કાપડ-ગારમેન્ટ સાથે સંબંધિત ગ્રહ છે. તેનો શુક્ર તથા મંગળ સાથેનો પોઝિટિવ સંબંધ ગારમેન્ટ્સના બિઝનેસમાં મોટી સફળતા આપે છે.

હજી આવનારા સમયમાં આ જાતક વિશેષ સફળતા પ્રાપ્ત કરે તે સ્પષ્ટ છે.

(B) સિંહ લગ્ન :

(૬) સિંહ લગ્ન માટે બારમે કર્ક રાશિમાં શનિનાં નક્ષત્રમાં થયેલી ચંદ્ર+મંગળ+રાહુની અંશાત્મક યુતિ ડિવોર્સ- છૂટાછેડા કરાવડાવે છે.

ઉદા :-૬. જ.તા. ૨૧-૧૦-૧૯૬૨/ ૩:૩૬/અમદાવાદ-ગુજરાત (Ahmedabad)

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૫	૭	૪	૪	૬	૧૧(R)	૮	૧૦	૪	૧૦

યોગ-વિવરણ : અહીં બારમે કર્ક રાશિમાં શનિના નક્ષત્રમાં ચંદ્ર+મંગળ+રાહુની અંશાત્મક યુતિ છે. આ ઉપરાંત શનિ તથા રાહુની અંશાત્મક પ્રતિયુતિ પણ થયેલી છે જે એક વધારાનું નકારાત્મક પરિબળ છે.

આ ઉપરાંત લગ્નેશ સૂર્ય પણ નીચ રાશિમાં છે તથા શનિની દૃષ્ટિમાં છે, એ એક ઓર નકારાત્મક પાસું છે તથા ગુરૂનો ન.પતિ રાહુ છે જે લગ્નજીવનનું સુખ આપતો નથી.

આમ, તમામ પરિબળોને ધ્યાનમાં લેતાં એમ નક્કી કરી શકાય કે આ જાતકના નસીબમાં લગ્નસુખ તથા સુખી લગ્નજીવનનો યોગ નથી.

આ સ્ત્રી જાતકના એક વખત ડિવોર્સ- છૂટાછેડા થયેલા છે.

ભવિષ્યમાં પણ લગ્નજીવન સાથે સંબંધિત પરિબળો હકારાત્મક જણાતા નથી.

(૭) સિંહ લગ્ન માટે ત્રીજે તુલા રાશિમાં મંગળનાં નક્ષત્રમાં થયેલી મંગળ+બુધની યુતિ ઇલેક્ટ્રીકલ એન્જિનિયર બનાવે છે.

ઉદા :-૭. જ.તા. ૨૩-૯-૬૧/ ૫:૫૪/ (સવારે)/મુંબઈ- મહારાષ્ટ્ર.

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૫	૬	૧૧	૭	૭	૧૦(R)	૫	૯(R)	૫	૧૧

યોગ-વિવરણ : અહીં તુલા રાશિમાં મંગળ+બુધની અંશાત્મક યુતિ થયેલી છે. આ યુતિ ઑન્જિનિયરિંગ લાઇન તરફ વધારે રસ આપે છે.

આ યુતિનો ન.પતિ મંગળ તથા ઉ.ન.પતિ બુધ હોવાથી જાતકે ઇલેક્ટ્રીકલ એન્જિનિયરિંગમાં B.E. કરેલું છે તથા હજી આગળ અભ્યાસ કરવા ઇચ્છે છે.

અહીં ધનના વક્રી શનિની સૂર્ય પર દૃષ્ટિ હોવાથી સંઘર્ષ ઘણો કરવો પડેલો છે. પરંતુ અંતે સારી કક્ષા સુધી - પોસ્ટ સુધી- પહોંચી શક્યા છે.

૮) સિંહ લગ્ન માટે છઠ્ઠે મકર રાશિમાં સૂર્યના નક્ષત્રમાં થયેલું ગુરૂ+શનિની યુતિ વિખવાદવાળું લગ્નજીવન આપે છે.

ઉદા :-૮. જ.તા. ૨૦-૨-૬૧/ ૧૮:૩૩/ હરિયાણા-કરનાલ.

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૫	૧૧	૧	૩	૧૧(R)	૧૦	૧૨	૧૦	૫	૧૧

યોગ-વિવરણ : અહીં મકર રાશિમાં સૂર્યના નક્ષત્રમાં ગુરુ તથા શનિની અંશાત્મક યુતિ થયેલી છે જે લગ્નજીવન વિખવાદવાળું બનાવે છે તથા દર્શાવે છે.

આ ઉપરાંત સાતમે સૂર્ય+બુધ+કેતુની યુતિ છે જેનો ન.પતિ રાહુ છે. જે એક વધારાનું નેગેટિવ પાસું છે.

આ પ્રકારની ગ્રહોની પરિસ્થિતિને કારણે જાતક અને તેના પત્ની વચ્ચે વિખવાદ રહેતો હોવાથી છેલ્લાં ૪ (ચાર) વર્ષથી આ જાતક પત્નીથી અલગ રહે છે.

હજી આગળ જતાં શક્ય છે કે જાતક કાયદેસર રીતે પત્નીથી અલગ થાય. તેવા પ્રકારનાં નેગેટિવ યોગો મોજૂદ છે.

(૯) સિંહ લગ્ન માટે દસમે વૃષભ રાશિમાં મંગળના નક્ષત્રમાં થયેલી મંગળ+બુધની અંશાત્મક યુતિ કૉમ્પ્યુટરના ફિલ્ડમાં સારી આવક તથા નામના આપે છે.

ઉદા :-૯. જ.તા. ૧૯-૬-૫૧/ ૧૦:૨૪/ પટણા-બિહાર.

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૫	૩	૮	૨	૨	૧૨	૪	૬	૧૧	૫

યોગ-વિવરણ : આ જાતકની પોતાની સોફ્ટવેર ડેવલપિંગની ફર્મ છે. અહીં આ જાતકને દસમે વૃષભ રાશિમાં મંગળના નક્ષત્રમાં મંગળ+બુધની યુતિ થયેલી છે.

આ યુતિ કૉમ્પ્યુટર ફિલ્ડ તરફ વલણ દર્શાવે છે. મંગળ+બુધની અંશાત્મક યુતિ બુદ્ધિની તીક્ષ્ણતા આપે છે.

આથી આ જાતક જેમાં બૌદ્ધિક કાર્યોનો વધારે ઉપયોગ કરવો પડે તેવા કાર્યમાં છે.

જાતક પહેલા અન્ય ફિલ્ડમાં હતા. છેલ્લાં ૧૪ વર્ષથી કૉમ્પ્યુટર ફિલ્ડમાં આવેલા છે અને ઝડપથી પ્રગતિ કરેલી છે.

આ પ્રગતિનું મૂળ કારણ મંગળ+બુધની યુતિ છે. હજી આગળ જતાં આ જાતક પોતાની ફર્મ- વધારે વિકસાવે તેવું મહાદશા સ્પષ્ટપણે દર્શાવી રહી છે.

(૧૦) સિંહ લગ્ન માટે લગ્નમાં સિંહ રાશિમાં શુક્રના નક્ષત્રમાં થયેલી બુધ+સૂર્ય+રાહુની યુતિ ચામડીના લાંબા સમયનાં રોગો ઊભા કરે છે.

ઉદા :-૧૦. જ.તા. ૬-૯-૬૦/ ૭:૧- સવારે/મુંબઈ-મહારાષ્ટ્ર

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૫	૫	૧૧	૨	૫	૯	૬	૯(R)	૫	૧૧

યોગ-વિવરણ : અહીં શુક્રના નક્ષત્રમાં સૂર્ય+બુધ+રાહુની યુતિ થયેલી છે જે ચામડીના રોગો ઊભા કરે છે.

જાતકને છેલ્લાં સાત વર્ષથી ખરજવાનો રોગ થયેલો છે. આ ઉપરાંત મંગળની પણ બુધ+સૂર્ય+રાહુની યુતિ પર દૃષ્ટિ છે જે એક નકારાત્મક પરિબળ છે.

અહીં મંગળની બુધ પર અંશાત્મક દૃષ્ટિ છે જેથી કરીને રોગ ઝડપથી કાબૂમાં નથી આવતો.

હજી ભવિષ્યમાં બીજા કોઈ રોગો ચામડીનાં ન થાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

(૧૧) વૃશ્ચિક લગ્ન માટે નવમે કર્ક રાશિમાં ગુરુના નક્ષત્રમાં થયેલી અંશાત્મક યુતિમાંના મંગળની દૃષ્ટિ બારમે તુલા રાશિમાં મંગળના નક્ષત્રમાં થયેલી ચંદ્ર+ગુરૂ સાથે થતાં જાતક કાપડના મોટા વેપારી બને છે.

ઉદા :-૧૧. જ.તા. ૧૨-૭-૧૯૭૦/ ૧૬:૧૫/ (Delhi)

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૮	૩	૭	૪	૪	૭	૫	૧	૧૧	૫

યોગ-વિવરણ : અહીં મંગળ+બુધની અંશાત્મક યુતિ છે તથા ગુરુ+ચંદ્રની અંશાત્મક યુતિ છે.

અહીં ગુરૂ એ મંગળના નક્ષત્રમાં છે તથા મંગળ એ ગુરુના નક્ષત્રમાં છે. આ એક સૌથી વધુ પ્રબળ પાસું છે.

મંગળ+બુધની યુતિમાંથી મંગળનો સંબંધ ગુરુ+ચંદ્ર સાથે થવાથી કાપડનાં-ગારમેન્ટના મોટા વેપારી બની શકાય છે.

જાતક નાની ઉંમરથી આ ધંધામાં છે તથા ઘણી જ સારી સફળતા મેળવેલી છે. હજી આવનારો સમય વધુ સારી સફળતા આપશે તે નક્કી છે.

અહીં શનિની અંશાત્મક દૃષ્ટિ સૂર્ય પર હોવાથી આગળ જતાં ભવિષ્યમાં પૈસા ગુમાવવાનો યોગ બને છે.

(C) વૃશ્ચિક લગ્ન :-

(૧૨) વૃશ્ચિક લગ્ન માટે દસમે સિંહ રાશિમાં શુક્રના નક્ષત્રમાં થયેલી ગુરુ+સૂર્યની અંશાત્મક યુતિ કેમિકલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં સારી સફળતા આપે છે.

ઉદા :-૧૨. જ.તા. ૮-૯-૬૮/ ૧૩:૨૯/ રાજકોટ

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૮	૫	૧૨	૪	૬	૫	૬	૧(R)	૧૨	૬

યોગ-વિવરણ : સૂર્ય એ રસાયણવિદ્યા સાથે સંકળાયેલો ગ્રહ છે. અહીં સૂર્ય+ગુરુની અંશાત્મક યુતિ શુક્રના નક્ષત્રમાં થયેલી છે. આ યોગથી જાતક કેમિસ્ટ્રી વિષયમાં ઊંડો રસ ધરાવે છે.

આ જાતકે કેમિકલ એન્જિનિયરિંગ કરેલું છે તથા પોતાનાં ડિપાર્ટમેન્ટનો સિનિયર ઑફિસર છે.

અહીં જાતક કોસ્મેટિક બનાવતી કંપની સાથે જોડાયેલો છે. કોસ્મેટિક એ શુક્રની અંદર આવતું ફિલ્ડ છે.

સૂર્ય+ગુરુનો ન.પતિ શુક્ર હોવાથી સૌંદર્ય-પ્રસાધનો સાથે આ જાતક સંકળાયેલો છે.

હજી આ જાતક ભવિષ્યમાં સારી પ્રગતિ કરશે તેવું મહાદશા પરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૩) વૃશ્ચિક લગ્ન માટે પાંચમે મીન રાશિમાં બુધનાં નક્ષત્રમાં થયેલી બુધ+શુક્રની અંશાત્મક યુતિ જાતકને સ્ક્રીપ્ટ રાઈટર તથા ગઝલકાર બનાવડાવે છે.

ઉદા :-૧૩. જ.તા. ૧૯-૪-૬૧/ ૨૦:૪૭/ચુરુ-રાજસ્થાન

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૮	૧	૨	૩	૧૨	૧૦	૧૨(R)	૧૦	૫	૧૧

યોગ-વિવરણ : બુધ-લેખનકાર્ય સાથે સંકળાયેલો ગ્રહ છે. શુક્ર એ ગઝલ સાથે સંકળાયેલો ગ્રહ છે.

બુધ+શુક્રનો સંબંધ-ગઝલ બનાવવા-સ્ક્રીપ્ટ બનાવવા માટે ઉપયોગી છે.

અહીં બુધ+શુક્રની યુતિનો ન.પતિ બુધ છે જે એક પ્રબળ બાજુ છે. આ જાતક ટી.વી. સિરિયલોમાં સ્ક્રીપ્ટ રાઈટર છે તથા નવી-નવી ગઝલોનું સર્જન પણ કરે છે.

બુધ+શુક્રનો સંબંધ સાહિત્ય-લિટરેચર સાથે સામીપ્ય આપે છે. આ ઉપરાંત ભાગ્યેશ ચંદ્ર પણ ઉચ્ચનો હોવાથી સારી સફળતા મળેલી છે. ગુરુ+શનિની યુતિ ઊંડી વિચારસરણી આપે છે. જે આ ફિલ્ડ માટે અનિવાર્ય છે.

જાતકને હાલ શનિની મહાદશા ચાલે છે જે હજી વધુ સફળતા આપશે તે નક્કી છે.

(૧૪) વૃશ્ચિક લગ્ન માટે સાતમે વૃષભ રાશિમાં મંગળનાં નક્ષત્રમાં થયેલી મંગળ+શુક્રની અંશાત્મક યુતિ લવમેરેજ કરાવડાવે છે.

ઉદા :-૧૪. જ.તા. ૧૭-૭-૬૪/ ૧૪:૪૮/ નાસિક-મહારાષ્ટ્ર

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૮	૪	૭	૨	૪	૧	૨	૧૧(R)	૩	૯

યોગ-વિવરણ : મંગળ તથા શુક્ર એ પ્રેમ-આકર્ષણ- જાતીય લાગણીઓ સાથે સંકળાયેલા ગ્રહો છે.

આ ગ્રહોનો પરસ્પર સંબંધ પ્રેમાકર્ષણ ઉત્પન્ન કરે છે. સાતમું સ્થાન વિજાતીય પાત્રનું સ્થાન છે.

અહીં મંગળ-શુક્ર મંગળનાં નક્ષત્રના હોવાથી જાતકે લવમેરેજ કરેલા છે અને આ યુતિનો ઉ.ન. પતિ ગુરુ હોવાથી જાતકનું લગ્નજીવન સુખી પણ રહેલું છે.

આ ઉપરાંત જાતકને લગ્ન પછી ભાગ્યોદય પણ સારો થયેલો છે.

(૧૫) વૃશ્ચિક લગ્ન માટે વૃષભ રાશિમાં ચંદ્રના નક્ષત્રમાં થયેલી સૂર્ય+બુધની અંશાત્મક યુતિ અર્થશાસ્ત્રમાં ઉચ્ચ ડિગ્રી અપાવે છે.

ઉદા :-૧૫. જ.તા. ૭-૬-૬૨/ ૧૮:૩૨/ મુંબઈ-મહારાષ્ટ્ર

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૮	૨	૪	૧	૨(R)	૧૧	૩	૧૦(R)	૪	૧૦

યોગ-વિવરણ : બુધ એ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલો ગ્રહ છે. સૂર્ય+બુધની અંશાત્મક યુતિ ચંદ્રના નક્ષત્રમાં થયેલી હોવાથી જાતકે અર્થશાસ્ત્રમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરેલું છે.

જાતક બૅન્કિંગ ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દા પર છે.

બુધ પ્રબળ હોય તો અર્થવ્યવસ્થા શૅરબજાર સાથે સંકળાયેલો જાતક સફળતા પ્રાપ્ત કરે છે.

જાતક હજી આગળ વધી શકે તેવા પ્રબળ યોગો છે. જાતકની મહાદશા સારી ચાલતી હોવાથી જાતક વધુ સફળતા પ્રાપ્ત કરી શકે તેવા યોગો છે.

(D) કુંભ લગ્ન :-

(૧૬) કુંભ લગ્ન માટે દસમે વૃશ્ચિક રાશિમાં બુધનાં નક્ષત્રમાં થયેલી અંશાત્મક યુતિ હૉટલ ઉદ્યોગથી સારો લાભ અપાવે છે.

ઉદા :-૧૬. જ.તા. ૨૧-૧-૧૯૬૦/ ૮:૫૫ (સવારે)/ મુંબઈ મહારાષ્ટ્ર

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૧૧	૧૦	૭	૯	૧૦	૮	૮	૯	૬	૧૨

યોગ-વિવરણ : આ પુરુષ જાતકને સમૃદ્ધિયોગ થયેલો છે.

ગુરુ+શુક્રની યુતિ બુધનાં નક્ષત્રમાં છે. શુક્ર-હૉટલ સાથે સંકળાયેલ ગ્રહ છે તે બુધના નક્ષત્રમાં હોવાથી હૉટલ ઉદ્યોગને વધુ સારી રીતે સમજી શકે છે.

ગુરુની સાથે શુક્રની યુતિ હોવાથી બિઝનેસનો ફેલાવો ઝડપથી થઈ શકે છે.

આ જાતકની પોતાની બે હૉટલ છે. નાનપણથી હૉટલ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે.

આવનારી મહાદશા-અંતરદશા હજી વધુ સારું પરિણામ આપે તેવા યોગો છે.

આ ઉપરાંત ગુરુ તથા મંગળ વચ્ચે પરિવર્તનયોગ થયેલો છે જે ધંધો વધારવાની હિંમત તથા આંતરિક સૂઝ આપે છે. હજી ભવિષ્યમાં પોતાના બિઝનેસનું વિસ્તરણ આ જાતક કરી શકે તેવો યોગો છે.

(૧૭) કુંભ લગ્ન માટે દસમે વૃશ્ચિક રાશિમાં શનિના નક્ષત્રમાં થયેલી બુધ+ગુરુની અંશાત્મક યુતિ પ્રોફેસર-લેક્ચરર બનાવે છે.

ઉદા :-૧૭. જ.તા. ૬-૧૧-૫૯/ ૧૩:૪૬/ કટક.

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૧૧	૭	૧૦	૭	૮	૮	૬	૯	૬	૧૨

યોગ-વિવરણ : બુધ-ગુરુ એ અભ્યાસ-શિક્ષણકાર્ય સાથે સંકળાયેલા ગ્રહો છે.

બુધ અને ગુરુ જ્યારે શનિનાં નક્ષત્ર સાથે સંકળાય છે ત્યારે જે તે વિષયને સમજવાની ઊંડી સમજણશક્તિ જાતક પાસે કુદરતી હોય જ છે.

અહીં આ જાતકે માર્કેટિંગમાં ઉચ્ચ ડિગ્રી મેળવીને પ્રોફેસર તરીકે પોતાને સફળ સાબિત કરે છે.

આ જાતક પ્રોફેસર તરીકે સફળ સાબિત થયા તેમાં બુધ+ગુરુની શનિનાં નક્ષત્રમાં અંશાત્મક યુતિ મહત્ત્વનો ભાગ ભજવી ગઈ.

હજી આ જાતક ઉચ્ચ કક્ષાએ પોતાને લઈ જઈ શકે તેવું ગ્રહોની સ્થિતિ તથા મહાદશા-અંતર્દશા દર્શાવી રહ્યા છે.

(૧૮) કુંભ લગ્ન માટે આઠમે કન્યા રાશિમાં ચંદ્રના નક્ષત્રમાં થયેલી બુધ+ગુરુની અંશાત્મક યુતિ સેલ્સ ડિવિઝનમાં ઉચ્ચ હોદ્દો આપે છે.

ઉદા :-૧૮. જ.તા. ૪-૯-૬૯/ ૧૮:૧૯/ બૅંગલોર-કર્ણાટક

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૧૧	૫	૨	૮	૬	૬	૪	૧(R)	૧૧	૫

યોગ-વિવરણ : આ જાતક સેલ્સ ડિવિઝનમાં જનરલ મૅનેજરના હોદ્દા સુધી પહોંચી શક્યા છે.

આ કુંડળીમાં સૌથી મહત્ત્વના બે યોગ છે.

(૧) બુધ+ગુરુની ચંદ્રના નક્ષત્રમાં અંશાત્મક યુતિ થયેલી છે.

(૨) મંગળ-ચંદ્રની અંશાત્મક પ્રતિયુતિ છે.

આ બંને પ્રકારની ગ્રહોની પરિસ્થિતિને કારણે જાતકે સેલ્સ વિભાગમાં ઘણું ઝડપી તથા સારું પ્રદર્શન કરેલું છે અને ટૂંકા ગાળામાં જનરલ મૅનેજરના ઉચ્ચ હોદ્દા સુધી પહોંચી શક્યા છે.

બુધ+ગુરુ માર્કેટને સમજવાની ઊંડી શક્તિ આપે છે. મંગળ-ચંદ્રનો સંબંધ હિંમતથી પોતાની વાતને રજૂ કરવાની કળા આપે છે.

આમ, આ જાતક હજી ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરે તેવું ચોક્કસપણે લાગે છે.

(૧૯) કુંભ લગ્ન માટે ત્રીજે મેષ રાશિમાં શુક્રના નક્ષત્રમાં થયેલી સૂર્ય+મંગળની અંશાત્મક યુતિ ડેન્ટિસ્ટ-Dentist બનાવે છે.

ઉદા :-૧૯. જ.તા. ૨૯-૪-૬૬/ ૨:૩૧/ પુના-મહારાષ્ટ્ર

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૧૧	૧	૪	૧	૧૨	૩	૧૧	૧૨	૨	૮

યોગ-વિવરણ : મંગળ તથા સૂર્ય એ સર્જરી સાથે સંકળાયેલા ગ્રહો છે.

મંગળ+સૂર્યનો સંબંધ શુક્ર સાથે કે શુક્રના નક્ષત્ર સાથે થવાથી સફળ ડેન્ટિસ્ટ ચોક્કસપણે બની શકાય છે.

આ જાતક નાની ઉંમરથી સ્વતંત્ર રીતે ડેન્ટિસ્ટ તરીકેની પ્રેક્ટિસ કરી રહ્યા છે. તેમાં આ યુતિનો ફાળો જ મોટો છે.

હજી આ જાતક વધુ આધુનિકીકરણ કરી પોતાને ઉચ્ચ કક્ષાએ લઈ જાય તેવા પ્રકારના યોગો

(અનુસંધાન પાનું-૨૩૩)

સાચું વૈદિક પંચાંગ

લેખક : શ્રી રમણલાલ એમ. પંચાલ

૧૧૯/૨, સેક્ટર-૨ડી, ગાંધીનગર-૩૮૨૦૦૭. મો.- ૯૪૨૮૯૯૮૪૧૫.

આજે ભારતમાંથી પ્રસિદ્ધ થતાં પંચાંગો નિરયનમાન પર આધારિત છે. આ પંચાંગો ખગોળસિદ્ધ હોવાથી કુદરત સાથે સુસંગત હોવા જોઈએ એમ જણાવી લેખક ઋતુચક સાથે તાલમેલ કરતું સાયનમાન મુજબનું પંચાંગ હોવું જોઈએ તે ઋતુ અને માસ સાથેના સંબંધો દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રશ્ન એ છે કે પંચાંગ કેવું હોવું જોઈએ ? એનો ઉત્તર એમ આપી શકાય કે કુદરત સાથે કાયમ માટે સુસંગત રહે એવું હોવું જોઈએ. કુદરત સાથે એટલે ઋતુઓ સાથે પંચાંગના માસ અતૂટ જોડાયેલા રહેવા જોઈએ. કાળક્રમે એ બન્નેનો સંબંધ ખોરવાઈ જવો ન જોઈએ. વળી એ ખગોળસિદ્ધ હોવું જોઈએ. જો પંચાંગ ખગોળસિદ્ધ હોય તો એ આપોઆપ કુદરત સાથે સુસંગત જ રહે છે.

આથી હવે બીજો પ્રશ્ન એ થાય છે કે આપણું ભારતીય પંચાંગ જે નિરયન પંચાંગ તરીકે ઓળખાય છે એ ખરેખર ખગોળસિદ્ધ અને ઋતુઓ સાથે અતૂટ જોડાયેલ રહે એવું છે ? તો આ પ્રશ્નનો સાચો ઉત્તર એવો છે કે આપણું કાર્તિકાદિ માસવાળું ભારતીય નિરયન પંચાંગ કુદરતી ઋતુઓ અને ખગોળીય ઘટનાઓ સાથે સુસંગત રહેતું નથી ! આ એક કડવું સત્ય છે.

આપણા પંચાંગમાં મહિનાઓ અને ઋતુઓ સાથે સંબંધ માનેલો છે. કાર્તિકથી માઘ માસ શિયાળો, ફાલ્ગુનથી જયેષ્ઠ ઉનાળો અને અષાઢથી અશ્વિન માસ ચોમાસું. માસ અને ઋતુનું જોડાણ કાયમ માટે આ પ્રમાણે જ રહેવું જોઈએ. આ એક પ્રાથમિક શરત છે. તો શું આ શરત આપણા નિરયન પંચાંગમાં સંતોષાય છે ? આ પ્રશ્નનો ઉત્તર 'ન'કારમાં છે.

આપણા નિરયન પંચાંગના મહિના અને ઋતુઓનો સંબંધ એટલા મોટા પ્રમાણમાં ખોરવાઈ ગયો છે કે હાલમાં ચોમાસું જે અષાઢમાં બેસવું જોઈએ એ જયેષ્ઠ માસમાં જ બેસી જાય છે ! આ આપણા સૌના અનુભવની જ વાત છે. શિયાળો કાર્તિકમાં બેસવાને બદલે આસો માસમાં જ બેસી જાય છે ! આવું કેમ થાય છે ? તો આ પ્રશ્નનો ઉત્તર ફરીથી પણ એ જ આપવાનો રહે છે કે આપણું નિરયન પંચાંગ એ સુધારો માગે છે !

તો હવે આગળ પ્રશ્ન થાય છે કે ભૂલ ક્યાં છે ? તો ભૂલ વર્ષમાનમાં છે. આપણા નિરયન પંચાંગનું વર્ષમાન કુદરતી રીતે હોવું જોઈએ તેના કરતાં સહેજ મોટું છે ! ૨૦ મિનિટ અથવા ૫૦ પળ લગભગ મોટું છે.

આપણા નિરયન પંચાંગનું વર્ષમાન ૩૬૫ દિવસ, ૬ કલાક, ૯ મિનિટ, ૧૦ સેકન્ડનું છે. (તેને દશાંશમાં દર્શાવીએ તો ૩૬૫.૨૫૬૩૬ દિવસ થાય).

ઉપરોક્ત નિરયન વર્ષમાનથી લગભગ ૨૦ મિનિટ નાનું વર્ષમાન ઋતુ આધારિત વર્ષમાન છે, જે સાયન વર્ષમાનને નામે ઓળખાય છે. કોઈ પણ પંચાંગ માટે આ સાયન વર્ષમાન જ સાચું વર્ષમાન છે. આ સાયન વર્ષમાન ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ, ૪૬ સેકન્ડનું છે. (તેને દશાંશમાં દર્શાવીએ તો ૩૬૫.૨૪૨૨ દિવસ થશે). દુનિયાભરમાં વપરાતું અંગ્રેજી કેલેન્ડર સાયન વર્ષમાન આધારિત છે, આથી એ કેલેન્ડર હંમેશાં ઋતુ સાથે સુસંગત રહે છે અને હજારો વર્ષે પણ તેમાં ઋતુ ભૂલ પ્રવેશતી નથી.

વર્ષ હંમેશાં ઋતુ આધારિત જ હોવું જોઈએ. વર્ષ શબ્દનો અર્થ જ ઋતુ વર્ષ થાય છે ! કારણ કે વર્ષાઋતુ ઉપરથી વર્ષ શબ્દ બનેલો છે !

પંચાંગનું વર્ષમાન મોટું હોય તો લાંબે ગાળે શું અસર થાય ? અસર એવી થાય કે પંચાંગનું વર્ષ પૂરું થતાં પહેલાં ૨૦ મિનિટ અગાઉ ઋતુવર્ષ પૂરું થઈ જાય ! આમ દર વર્ષે થયા કરે. આથી દર વર્ષે ૨૦ મિનિટના દરથી ભૂલ ભેગી થતી જાય ! ગણિત કરી જોતાં જણાશે કે દર ૭૨ વર્ષે આપણા નિરયન પંચાંગમાં ઋતુ ૧ દિવસ વહેલી શરૂ થશે ! (૧ દિ=૨૪×૬૦=૧૪૪૦ મિ. અને ૧૪૪૦÷૨૦=૭૨ વર્ષ) ઋતુ ૧ દિવસ વહેલી શરૂ થવા માટે ૭૨ વર્ષ લાગે તો એક માસ વહેલી થવા માટે કેટલા લાગે ? તો : ૭૨×૩૦=૨૧૬૦ વર્ષ લાગે.

ઉત્તરાયન, દક્ષિણાયન, વસંતસંપાત, શરદસંપાત વગેરે કુદરતી ઘટનાઓના આધારે કહી શકાય છે કે હાલના સમયમાં આપણા નિરયન પંચાંગમાં ઋતુચક્ર ૨૪ દિવસ વહેલું ચાલી રહ્યું છે ! આથી જો આપણે આપણા પંચાંગમાં ઋતુ ભૂલ સુધારવી હોય તો ૨૪ દિવસ કાપી નાખવા પડે ! પણ આપણું પંચાંગ ચાંદ્ર માસવાળું એટલે કે શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ મળીને થનાર માસવાળું હોઈ એક ચાંદ્ર માસ કાપી નાખવો પડે ! (આપણા પંચાંગમાં ૨૪ દિવસ કાપવાની જોગવાઈ નથી).

આપણા નિરયન પંચાંગમાંથી એક માસ કાપવાનો સારામાં સારો મોકો, અધિક માસ આવે ત્યારે ઊભો થાય ! જ્યારે અધિક માસ આવે ત્યારે એક વાર એ નહીં લેવો ! પછીના અધિક જે આવે એ લેવા. આમ કરવાથી આપણા પંચાંગની ઋતુ ભૂલ સુધરી જશે. બહુ જ સરળ રીતે સુધરી જશે. સામાન્ય જનસમૂહને તો ખબર પણ નહીં પડે કે એક અધિક માસ રદ થઈ ગયો છે !

સંશોધન વિભાગ

અંગ્રેજી પંચાંગમાં પણ અગાઉ વર્ષમાનની નાની ભૂલ હતી, જે પોપ ગ્રેગરીએ સને ૧૫૮૨માં પંચાંગમાંથી ૧૦ દિવસ એકી ઝાટકે કાપી નાખી સુધારેલી. ત્યારથી હાલનું અંગ્રેજી કેલેન્ડર ગ્રેગેરિયન કેલેન્ડર તરીકે ઓળખાય છે. એ પહેલાં એ જુલિયન કેલેન્ડર તરીકે ઓળખાતું હતું. ખોટા વર્ષમાનથી ભેગી થયેલી ભૂલ સુધાર્યા પછી એ ખોટું વર્ષમાન પણ સુધારવું પડે કે જેથી ફરીવાર એ પ્રકારની ભૂલ સુધારવી ના પડે. આથી પોપ ગ્રેગરીએ લીપ ઈયરના નિયમમાં સુધારો કરેલો. જુલિયનમાં ૪૦૦ વર્ષના ગાળામાં ૧૦૦ લીપ ઈયર આવતા હતા, જે ગ્રેગેરિયનમાં ત્રણ ઓછા એટલે ૯૭ લીપ ઈયર આવે છે. (લીપ ઈયરમાં ફેબ્રુ.ના ૨૯ દિ. હોય છે, જયારે સામાન્ય વર્ષમાં ફેબ્રુ.ના ૨૮ દિવસ હોય). પોપ ગ્રેગરીના સુધારા પછી અંગ્રેજી કેલેન્ડરનું વર્ષમાન સાયન વર્ષમાનની તદ્દન નજીકનું થઈ ગયું છે. તફાવત નજીવો હોઈ ૩૩૩૩ વર્ષે લગભગ એક દિવસની ભૂલ ભેગી થાય છે.

આપણે પણ ભારતીય પંચાંગમાં એક અધિક માસ રદ કરી ભૂલ સુધાર્યા પછી સાયન વર્ષમાન અપનાવવું પડે કે જેથી ફરીથી ભૂલ એકઠી થાય જ નહીં.

પશ્ચિમના દેશોએ એમના પંચાંગની ભૂલ આજથી ૪૦૦ વર્ષ પહેલાં ૧૦ દિવસ કાપીને સુધારેલી, જયારે આપણા ભારતીય પંચાંગમાં લગભગ એક માસની ભૂલ છે એ આપણે આજે પણ સુધારવા તૈયાર નથી ! આ કેવડું મોટું આશ્ચર્ય છે ?

પંચાંગનું આ જ્ઞાન-વિજ્ઞાન ગણિત સામાન્ય માણસને ના સમજાય એ તો માની શકાય એમ છે, પણ આપણા જન્મકુંડળી જોનારા કહેવાતા પ્રખર જ્યોતિષીઓ પણ આ વાત સમજી શકતા નથી એ એક વધારે મોટું આશ્ચર્ય છે !

આપણા કુંડળી જોનારા જ્યોતિષીઓમાંથી

સાચું વૈદિક પંચાંગ

સાયન નિરયનનો ભેદ કેટલા જાણતા હશે ? અયનાંશ એટલે શું ? આ પ્રશ્નનો ઉત્તર કેટલા જોશીઓ જાણતા હશે ? અયન ચલનનો ખગોળીય ખુલાસો કેટલા જ્યોતિષી જાણતા હશે ? ફલિત જ્યોતિષના પાયામાં ખગોળ જ્યોતિષ છે, એ ખગોળ જાણવા, ભાણવા, શીખવા કેટલા જ્યોતિષીઓ પ્રયત્ન કે અભ્યાસ કરે છે ?

જ્યોતિષશાસ્ત્ર વેદાંગ છે અને વેદનું ચક્ષુ છે એમ આપણા જ્યોતિષીઓ કહ્યા કરે છે, પણ પોતે તેનો અર્થ સમજે છે ખરા ? શું તેઓ એમ માને છે કે કુંડળી જોઇને ભવિષ્ય ભાખવું એ જ જ્યોતિષ છે ? જો તેઓ એવું માનતા હોય તો એ તેમની ભૂલ છે. વેદાંગ જ્યોતિષનો અર્થ થાય છે, ખગોળ (Astronomy). આપણે Astronomyને વેદાંગ સમજી બેઠા છીએ. આપણે આપણા શાસ્ત્રોના લખાણમાં અર્થઘટનની પણ ભૂલો કરી છે ! એ અર્થઘટનની ભૂલ આપણને જ્યારે કોઇ બતાવે અને એ આપણને સમજાય, છતાં અભિમાનવશ થઇ આપણે આપણી ભૂલ સ્વીકારવા તૈયાર થતા નથી ! આ દુઃખ કોને કહેવું ?

સૂર્યસિદ્ધાંત નામના આપણા જ્યોતિષશાસ્ત્રના ગ્રંથમાં કહ્યું છે કે

"ભાનોર્મકરસંક્રાંતે : ષણ્માસા ઉત્તરાયણમ્
ભાનોર્કર્કસંક્રાંતેઃ ષણ્માસા દક્ષિણાયણમ્"

અર્થાત્ ઉત્તરાયન અને દક્ષિણાયન મળીને એક વર્ષ થાય છે એવો ભાવાર્થ છે. ઉપરાંત ઉત્તરાયન એ જ મકરસંક્રાંતિ છે, એમ કહે છે. શું આપણું નિરયન ભારતીય પંચાંગ સૂર્યસિદ્ધાંતના ઉપરોક્ત સૂત્ર મુજબનું છે ? જો ઉત્તરાયન અને દક્ષિણાયન મળીને એક વર્ષ ચાલતું હોય તો એ સાયન વર્ષ જ હોય, જ્યારે આપણું વર્ષ નિરયન છે. પછી સૂત્રમાં કહે છે કે સૂર્યની મકરસંક્રાંતિ થાય ત્યારે ઉત્તરાયન થાય છે. આપણા નિરયન પંચાંગમાં તો મકરસંક્રાંતિ અને ઉત્તરાયન છૂટા પડી ગયા છે. બન્ને વચ્ચે ૨૪ દિવસનું અંતર રહે છે ! અને આ અંતર દિવસે દિવસે વધતું જાય છે. હમણાં સુધી નિરયન મકરસંક્રાંતિ ૧૪મી જાન્યુઆરીએ આવતી હતી, પણ હવે એ ૧૫મી જાન્યુ.એ આવવાની શરૂઆત થઇ ચૂકી છે !

તો પછી સાચી મકરસંક્રાંતિ કઇ ? ૧૪/૧૫ જાન્યુઆરીની કે ૨૨મી ડિસેમ્બરની ? હાલમાં આકાશમાં ઉત્તરાયન ૨૨મી ડિસેમ્બરે થાય છે, જે નરી આંખે જોઇ શકાય છે. આ ઉત્તરાયન એક ખગોળીય ઘટના છે જેને આપણે તેના કુદરતી સ્થાનેથી બદલીને બીજે લઇ જઇ શકતા નથી. આથી સૂર્યસિદ્ધાંતના સૂત્ર મુજબ મકરસંક્રાંતિ પણ ૨૨મી ડિસેમ્બરે જ થાય. સાયનમાં મકરસંક્રાંતિ ૨૨મી ડિસેમ્બરે જ થાય છે. આથી સ્પષ્ટ સાબિત થાય છે કે સાયનમાન જ સાચું છે. આપણો પ્રાચીન ગ્રંથ સૂર્યસિદ્ધાંત સાયનમાનની જ વાત કરે છે. આપણે નિરયનમાનનું જે અર્થઘટન કર્યું છે એમાં આપણી ભૂલ જ છે.

આ બાબતે હજુ વધારે સ્પષ્ટતા જોઇતી હોય તો પંચાંગમાં સૂર્યની ક્રાંતિ દર્શાવવામાં આવે છે એનું નિરીક્ષણ કરો ! સૂર્યની ક્રાંતિ સાયનમાન સાથે જ બંધબેસે છે. નિરયનમાસ સાથે તેને બિલકુલ સંબંધ નથી એ તમને સ્પષ્ટ દેખાશે. ૨૦/૨૧ માર્ચ (વસંત સંપાત), ૨૧/૨૨ જૂન (કર્કસંક્રાંતિ), ૨૨/૨૩ સપ્ટેમ્બર (શરદ સંપાત અથવા તુલા સંક્રાંતિ) તથા ૨૨ ડિસેમ્બર (મકરસંક્રાંતિ) જોવા મળશે, પણ ઉપરોક્ત સંક્રાંતિઓ વેળા તમને નિરયન સૂર્ય એક રાશિ પાછળ દર્શાવેલ જોવા મળશે ! આથી સ્પષ્ટ થાય છે કે સાયનમાન જ કુદરતી છે, જ્યારે ક્રાંતિ શૂન્ય હોય ત્યારે જ મેષ રાશિ પણ શૂન્ય અંશ થાય. આમ થવું સાયનમાનમાં જ શકય છે.

ઉપરોક્ત બધાં પ્રમાણો સામાન્ય જનસમૂહ કે સામાન્ય જ્યોતિષી ભલે ન જાણતા કે ન સમજતા હોય, પણ આપણા વિદ્વાન પંચાંગકારો તો બધું બરાબર સમજે જ છે અને સમજવા છતાં પણ સત્ય સ્વીકારી સાયનમાન અપનાવી શકતા નથી એ પણ એક મોટું આશ્ચર્ય જ છે ! પણ હવે સાચી વાત સ્વીકારી સાયન પંચાંગ શરૂ કરવાનો સમય પાકી ગયો છે. હવે ફક્ત થોડીક હિંમત કરવાની જ જરૂર રહે છે. તો શું આપણા પંચાંગકારો આવી હિંમત કરશે ?

આપણે ત્યાં સંપ્રદાયવાદ અને ગુરૂવાદનું બહુ જોર છે. દરેક સંપ્રદાયવાળા પોતાનો કક્કો જ ખરો માને ! ગુરુ પણ પોતાની માન્યતા જ અનુયાયીઓમાં ઠસાવે રાખે !

જ્યોતિષમાં પણ બે સંપ્રદાય પડી ગયા છે ! એક નિરયન અને બીજો સાયન ! બન્ને સંપ્રદાય એકબીજાની વાતને કાપે રાખે છે ! હવે બન્ને સંપ્રદાયવાળા સાથે બેસીને શાસ્ત્રાર્થ કરે એ સમય પાકી ગયો છે. આવા પ્રકારનો એક શાસ્ત્રાર્થ ગોઠવવાની પહેલ કોણ કરશે ? આપણા દેશમાં ઠેર ઠેર દર વર્ષે કેટલાંય જ્યોતિષ સંમેલનો ભપકાબંધ ભરાય છે, તેમાં ધૂમ ખર્ચા થાય છે પણ આ ચર્ચા કયાંય કરવામાં આવતી નથી.

આપણા કેટલાક જ્યોતિષીઓ તો વળી એવું માને છે કે સાયનવાદ પરદેશી છે અને નિરયનવાદ ભારતીય છે, આથી આપણે નિરયનવાદને બરાબર પકડી રાખવો અને પરદેશી સાયનવાદને પેસવા નહીં દેવો ! (પરદેશી માલ હોંશે હોંશે ખરીદવામાં વાંધો નથી).

ખરેખર તો સાયનવાદ જ ભારતીય છે, સૂર્યસિદ્ધાંત આદિ જ્યોતિષશાસ્ત્રના પ્રાચીન ગ્રંથો સાયનવાદની જ વાત કરે છે એવું એ ગ્રંથો આધારે જ પુરવાર થાય છે, છતાં ભૂતકાળમાં કયારેક આપણાથી થઇ ગયેલ ખોટું અર્થઘટન આપણે છોડવા તૈયાર નથી ! આ મિથ્યાભિમાનનું શું કરવું ?

આપણે ત્યાં પંચાંગ સુધારણા માટે વિચાર નથી થયો એવું પણ નથી. આઝાદી આવ્યા પછી સને ૧૯૫૨માં ભારત સરકારે ડૉ. મેઘનાદ સાહાના અધ્યક્ષપદે પંચાંગ સુધારણા સમિતિની રચના કરી હતી. સમિતિએ પોતાના રિપોર્ટમાં નોંધ્યું છે કે 'આપણા ધાર્મિક કાર્યો પંચાંગ આધારે કરવામાં આવતા હોઇ હાલના ખોટા પંચાંગથી અધર્મ થાય છે.' આમ છતાં પણ પંચાંગ સુધારણા થઇ નહીં ! કારણ ? કારણ, પરંપરા ! પરંપરા જે ચાલી આવે છે, એ ખોટી છે, એવું સમજવા છતાં એ સમિતિ પણ ખોટી પરંપરા તોડી શકી નથી ! આ પણ એક મોટું આશ્ચર્ય છે !

કોપરનિકસે જ્યારે કહ્યું કે પૃથ્વી ગોળ દડા જેવી છે અને એ સૂર્યની આસપાસ ચકાવા લે છે, ત્યારે એ વેળાના સમાજે એની વાતનો વિરોધ કરેલો. અત્યારે બરાબર એ જ પ્રમાણે આપણે એ સમિતિના રિપોર્ટ સામે કરી રહ્યા છીએ !

પંચાંગ સુધારણા સમિતિ સાચા અર્થમાં જે પંચાંગ સુધારણા કરવી જોઇતી હતી એ કરી શકી નહીં. આથી એણે કામચલાઉ એક ભારતીય કેલેન્ડર બનાવી દીધું ! જેમાં એણે મહિનાઓના નામ ચૈત્ર આદિ દેશી નામ અને અંગ્રેજી કેલેન્ડરની માફક ૩૦ અને ૩૧ દિવસના મહિના રાખ્યા ! વર્ષમાન સુધારીને સાયન કર્યું, પણ અયનાંશને સવા ત્રેવીસ અંશ ઉપર સ્થિર કરી દીધા ! (વર્ષમાન સાયન કરવામાં આવે એટલે અયનાંશ આપોઆપ જ સ્થિર થઇ જાય). ખરેખર તો સમિતિએ અયનાંશને શૂન્ય અંશ ઉપર સ્થિર કરવા જોઇતા હતા. એમ કરવામાં આવે તો જ સાચા અર્થમાં સુધારો કર્યો કહેવાય. અંશતઃ સુધારો કરવો એ તો સુધારો નહીં પણ બગાડો જ કહેવાય, કારણકે એક નકામો ગૂંચવાડો વધ્યો ! આ ભારતીય કેલેન્ડર સરકારના અથાક પ્રયત્નો છતાં વપરાશમાં આવ્યું નથી. દેશમાં સર્વત્ર અંગ્રેજી કેલેન્ડર જ વ્યવહારમાં વપરાય છે અને ધાર્મિક કાર્યો તથા તહેવારો માટે પેલું જૂનું નિરયન પંચાંગ જ જનતા વાપરે છે કે જેનાથી અધર્મ થાય છે એવું પંચાંગ સુધારણા સમિતિ કહે છે ! આ અધર્મ થતો અટકાવવા હવે આપણા પંચાંગકાર અને જ્યોતિષીઓએ પહેલ કરવાની જરૂર છે. એ પહેલ ક્યારે થશે ?

ઉપર આપણે જોયું કે પંચાંગ સુધારણા સમિતિએ આપણા હાલના પંચાંગની ભૂલ શોધી કાઢી અને સુધારાની આવશ્યકતા દર્શાવી, પણ પોતે પંચાંગ સુધારી શકી નહીં. આવો જ એક પ્રયત્ન આજથી લગભગ ૧૦૦ વર્ષ ઉપર પણ થયેલો છે ! એ વખતે શ્રીમદ્ શંકરાચાર્યે આદેશ બહાર પાડયો છે કે સાયન પંચાંગ જ શાસ્ત્રસંમત છે. તેઓશ્રીના સંસ્કૃત ભાષામાં લખાયેલ આદેશનો ભાવાર્થ એવો છે કે 'સાયન નિરયન પંચાંગ વિશે બધા પુરાવાનો વિચાર કરતાં નિરયન પંચાંગો શ્રુતિસ્મૃતિ પુરાણવિહિત કાલદર્શક નહીં હોવાથી બહુ જ વિચારાસ્પદ થઇ ગયા છે. સાયન પંચાંગ ઉક્ત કાલદર્શક હોવાથી પ્રમાણભૂત હોઇને યાવદ્ધર્મ કૃત્યોને માટે ગ્રાહ્ય હોવા વિશે આ શ્રી જગદ્ગુરુસંસ્થાન તરફથી અભ્યનુજ્ઞા છે. મિતિ ફાલ્ગુન શુકલ ૨, સ્થિરવાર, સંવત ૧૯૪૯.

શ્રીમદ્ શંકરાચાર્યના આદેશને પણ આપણે ઘોળીને પી ગયા છીએ !

સંશોધન વિભાગ

ભારતીય હિન્દુ પંચાંગ મૂળે સાયનમાનનું હતું એ વાતનો પુરાવો-ઐતિહાસિક પુરાવો-આપણને મળે છે, પણ પછી સાયનમાંથી નિરયન ક્યારે અને કેવી રીતે થઈ ગયું એની કોઈ માહિતી આપણને મળતી નથી. કલિયુગ આદિ આપણી પ્રાચીન યુગ પદ્ધતિનાં વર્ષો સાયનમાનના છે, એ જ મોટો ઐતિહાસિક પુરાવો છે. કલિયુગના ૪૩૨૦૦૦ (ચાર લાખ બત્રીસ હજાર) વર્ષ સાયનમાનના છે ! પુરાવો નીચે મુજબ છે-

રાશિચક્ર=૩૬૦ અંશ

૧ અંશ=૬૦ કળા

૧ કળા=૬૦ વિકળા

તેથી રાશિચક્રની કુલ વિકળા=૩૬૦×૬૦×૬૦=૧૨૯૬૦૦૦. અયનબિંદુની વાર્ષિક ગતિ ૫૦ વિકળા છે અને રાશિચક્રમાં આ અયનબિંદુની ગતિની દિશા ઉલટી એટલે કે પૂર્વથી પશ્ચિમ છે. આથી રાશિચક્રની કુલ ૧૨૯૬૦૦૦ વિકળામાંથી દર વર્ષે ૫૦ વિકળા કપાશે. આથી ૧૨૯૬૦૦૦÷૫૦=૨૫૯૨૦ વર્ષમાં અયનબિંદુ રાશિચક્રનો એક આંટો મારશે. હવે, ૨૫૯૨૦÷૬=૪૩૨૦ વર્ષ અને ૪૩૨૦×૧૦૦=૪૩૨૦૦૦ વર્ષ.

આ ચાર લાખ બત્રીસ હજાર વર્ષ કલિયુગના છે.

કલિના બે ગણાં એટલે ૮૬૪૦૦૦ વર્ષનો દ્વાપરયુગ છે.

કલિનાં ત્રણ ગણાં એટલે ૧૨૯૬૦૦૦ વર્ષનો ત્રેતાયુગ છે.

કલિનાં ચાર ગણાં એટલે ૧૭૨૮૦૦૦ વર્ષનો સતયુગ છે અને ચારે યુગોનો સરવાળો ૪૩૨૦૦૦૦ (તેંતાલીસ લાખ વીસ હજાર) વર્ષની એક ચતુર્યુગી અથવા મહાયુગ કહેવાય છે અને એવા ૧૦૦૦ મહાયુગનો કલ્પ કહ્યો છે. કલ્પ=૪૩૨૦૦૦૦૦૦૦ વર્ષ.

આથી કહી શકાય કે યુગ પદ્ધતિનાં વર્ષો અયન ગતિ આધારે ઠરાવેલા છે અને ગણિતીય રીતે એ સાયનમાનના ઠરે છે.

યુગપદ્ધતિમાં આગળ કહે છે કે ૭૧ મહાયુગનો ૧ મન્વંતર થાય છે અને ૧૪ મન્વંતરનો ૧ કલ્પ છે. આથી ૪૩૨૦૦૦૦×૭૧×૧૪=૪૨૯૪૦૮૦૦૦૦ વર્ષ એક કલ્પના થાય છે, અહીં અગાઉ આપણે કલ્પનાં વર્ષનો આંક કાઢયો છે એ ૪૩૨૦૦૦૦૦૦૦ (સાત મીંડાં) છે, તો હવે બન્ને આંક વચ્ચેનો તફાવત શોધો.

૪૩૨૦૦૦૦૦૦૦ - ૪૨૯૪૦૮૦૦૦૦=૨૫૯૨૦૦૦૦.

હવે જુઓ, આ તફાવતનો આંક શું બતાવે છે ? અગાઉ આપણે જોયું કે ૨૫૯૨૦ વર્ષ એટલે રાશિચક્રમાં અયનબિંદુનો એક આંટો. તેથી ૨૫૯૨૦૦૦૦ વર્ષ એટલે અયનબિંદુના ૧૦૦૦ આંટા ! આ વર્ષો સંધિ સમય દર્શાવે છે. કહ્યું છે કે ૧૪ મન્વંતરની ૧૫ સંધિ થાય છે અને એક સંધિ સમય એક સતયુગ સમાન છે ! તો હવે તાળો મેળવી લો, મળી જશે ! નીચે મુજબઃ

૧૭૨૮૦૦૦×૧૫=૨૫૯૨૦૦૦૦.

આથી શંકારહિત કહી શકાય છે કે પ્રાચીન યુગપદ્ધતિનો પાયો અયનાંશ ઉપર આધારિત છે ! અને ગણિતીય દૃષ્ટિએ જોતાં યુગપદ્ધતિનાં વર્ષો સાયનમાનનાં છે ! આથી નિર્વિવાદ કહી શકાય કે મૂળે પ્રાચીનકાળમાં ભારતીય હિન્દુ પંચાંગનું વર્ષમાન સાયન હતું. સમગ્ર જ્યોતિષ સાયન જ હતું.

તો પછી પ્રશ્ન થાય કે આપણા પંચાંગમાં નિરયનમાન ક્યારથી આવી ગયું ?

યુગપદ્ધતિના ગણિત ઉપરથી તો સાબિત થાય છે કે પ્રાચીન કાળના ઋષિમુનિઓને અયન ચલનનું જ્ઞાન હતું, પણ પછી આળસ કે વધારે પડતા આત્મવિશ્વાસ કે ગમે તે કોઈ અગમ્ય કારણસર આપણે ખગોળ ઉપરથી આપણી પકડ ખોઈ અને અર્થઘટનમાં ભૂલ કરી બેઠા ! પરિણામે પંચાંગમાં નકામું નિરયનમાન પેસી ગયું ! અને પછી તો એવું થયું કે નિરયનમાન એટલે ભારતીય હિન્દુ અને સાયનમાન એટલે મલેચ્છ લોકોનું પરદેશી જ્યોતિષ ! એ મ્લેચ્છ લોકોના પરદેશી જ્યોતિષને આપણાથી કેમ અડકાય ?

પણ આ ભૂલભરેલ વિચારસરણી આપણે છોડવી પડશે કારણકે સાયન જ્યોતિષ જ સાચું હિન્દુ ભારતીય છે, તો હવે નિરયનમાન ઉપરથી સાયનમાન ઉપર આવવામાં વિલંબ શાને ?

સૂર્ય સિદ્ધાંત આદિ પ્રાચીન ગ્રંથોમાં ઉત્તરાયન, દક્ષિણાયન, સંપાત વગેરે શબ્દો જોવા મળે છે, પણ ક્યાંય 'અયનાંશ' શબ્દ જોવા મળતો નથી, નિરયન કે સાયન શબ્દો પણ જોવા મળતા નથી. આ વાતનું અર્થઘટન એ થાય કે અયનાંશ શૂન્ય લેવાના છે. શૂન્ય અયનાંશ એટલે સાયન. ગણિત, શૂન્ય અયનાંશ સમજીને જ કરવાનું કહ્યું છે અને ગણિતના પરિણામમાંથી અયનાંશ બાદ કરી નિરયનમાન કરવાનો પણ ક્યાંય ઉલ્લેખ નથી, છતાં આપણે અર્થઘટનની ભૂલ કરીને અયનાંશ બાદ કરીએ છીએ. અર્થઘટનની ભૂલ થયા પછી જ આપણે નિરયન-સાયન શબ્દો નવા યોજવા પડ્યા છે. નિરયન જેવું કંઈ છે જ નહીં, જે છે તે સાયન જ છે.

સૂર્યસિદ્ધાંતના એક શ્લોકમાં શબ્દો છે કે 'ત્રિંશત્ કૃત્યો યુગે ભાનાં ચક્ર પ્રાક્ પરિલંબતે.' ભાવાર્થ એવો છે કે એક યુગમાં ભચક્ર (૩૦×૨૦)=૬૦૦ જેટલું પૂર્વ તરફ જાય છે. અહીં ભચક્રને ખસતું કહ્યું છે. ખરેખર તો ભચક્ર સ્થિર છે અને અયનબિંદુ પશ્ચિમમાં ખસે છે, છતાં ભચક્રને ખસતું બતાવ્યું અને અયનબિંદુને સ્થિર બતાવ્યું. અયનબિંદુને સ્થિર કહેવું એનો અર્થ જ સાયનમાન !

(ત્રિંશતૃ શબ્દમાં પાઠફેર થયો છે. "ત્રિસહસ્ત્ર" જોઈએ અને કૃતિઃ એટલે વીસની સંખ્યા કૃતિઃ ઉપરથી અંગ્રેજીમાં Score અને ગુજરાતીમાં કોડી શબ્દ થયા લાગે છે !

ત્રિસહસ્ત્ર કૃત્યો એટલે (૩૦૦૦×૨૦=)૬૦૦૦૦. આ સાઠ હજાર અંશ છે. શ્લોકમાં યુગ એટલે ૪૩૨૦૦૦૦ વર્ષ (મહાયુગ) હવે ગણિત કરી તાળો મેળવી લો મળી જશે. અયનબિંદુ દર ૭૨ વર્ષે એક અંશ ખસે છે. તેથી ૬૦૦૦૦×૭૨=૪૩૨૦૦૦૦ વર્ષ.

પ્રાચીન કાળમાં છાયાથી સમયમાપન થતું. જ્યોતિષ ગણિતમાં છાયાનો આધાર લેવામાં આવે ત્યારે સૂર્યનું સાયનમાન જ મળે. વળી ગ્રહણના ગણિતમાં પણ સાયનમાન જ લેવું પડે છે. પછી તેને નિરયનમાં ફેરવીને પંચાંગમાં દર્શાવે છે.

આથી જ્યોતિષ સાયન જ છે. નિરયન જેવી કોઈ વસ્તુ જ નથી.

ચિત્રા સન્મુખ (૧૮૦ અંશ) મેષ શૂન્ય અંશ લેવા એવું બહુમતીથી ઠરાવવા પાછળ કોઈ વૈજ્ઞાનિક આધાર છે ? ચિત્રા નક્ષત્રના એ તારામાં એવી શું વિશિષ્ટતા છે ? અહીં ફક્ત વાત એટલી જ છે કે આજથી લગભગ ૧૭૨૮ વર્ષ પહેલાં સંપાતબિંદુ ચિત્રા સન્મુખ હતું. એ વેળા મેષ શૂન્ય અંશ ત્યાંથી શરૂ થતા હતા. આજે સંપાતબિંદુ ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં છે. (રેવતી અંતેથી ઉલટા ગણતાં ૨૪ અંશ) તો શું આ નવી પરિસ્થિતિને આપણે અવગણવી ? અને જૂની સ્થિતિને વળગી રહેવું ? કાળક્રમે જે જે પરિવર્તનો થાય તે સ્વીકારવા જ પડે.

મારી વાતને મેં ઉપર તર્કબદ્ધ રીતે જેટલી સ્પષ્ટ થાય એટલી સ્પષ્ટ કરીને બતાવવા પ્રયત્ન કર્યો છે. તો સૌ જ્યોતિષીઓને વિચારવા વિનંતી છે.

નિરયન પંચાંગને આપણે વૈદિક પંચાંગ તરીકે ઓળખાવીએ છીએ એ ખરી રીતે તો ખોટું છે. ખરેખરું સાચું વૈદિક પંચાંગ તો સાયન પંચાંગ જ છે. વેદકાળમાં ઋતુ આધારિત સાયનમાન જ હતું તેના અસંખ્ય પુરાવા મળે છે, જે બધા અહીં આપવા શક્ય નથી, છતાં એક પુરાવો આપણે જોઈએ. પ્રાચીનકાળમાં મધુ, માધવ, શુક્ર, શુચિ, નભઃ, નભસ્ય, ઇષ, ઉર્જ, સહઃ, સહસ્ય, તપઃ અને તપસ્ય એ નામના માસ હતા. આ નામોનો ઋતુઓ સાથે કંઈક સંબંધ કે અર્થ દેખાઈ આવે છે. મધુ માધવ વસંતના માસ, શુક્ર અને શુચિ ગ્રીષ્મ ઋતુ, નભઃ અને નભસ્ય વર્ષાઋતુ વગેરે.

મધુ માસ એટલે ચૈત્ર માસ. એ કાળમાં ચૈત્ર માસમાં વસંત ઋતુ બેસતી. આજે તો મહા માસમાં જ બેસી જાય છે. આગળ કહ્યું એમ આપણા નિરયન પંચાંગમાં ઋતુઓ વહેલી આવવા માંડી છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે 'માસાનામ્ માર્ગશીર્ષો હં.' એટલે કે એ વેળા માર્ગશીર્ષ માસ પહેલો હતો. માર્ગશીર્ષથી શિયાળો બેસતો. આપણા નિરયન પંચાંગમાં કાર્તિકથી શિયાળો બેસે છે અને ખરેખર આજે આસો માસથી શિયાળો બેસે છે. આમ જોતાં તો શ્રીકૃષ્ણના જમાનાથી ગણતાં બે માસ ઋતુ આગળ (વહેલી) આવી ગઈ છે ! અસ્તુ.

વાસ્તુશાસ્ત્રમાં વૃક્ષનું મહત્વ

લેખિકા : આશા એમ. શાહ
સુરેખ-બી-૧૫, ૨૪, દાદાભાઈ રોડ, વિલે પાર્લે (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૫૬. ફોન : ૨૬૭૧૨૯૯૧.

વાસ્તુશાસ્ત્ર મુજબ દરેક દિશા ગ્રહ સાથે સંબંધ ધરાવે છે તે જણાવી લેખિકા તે દિશામાં કયાં વૃક્ષ વાવવા તે જણાવે છે. આમ વાસ્તુ-ગ્રહ અને વૃક્ષથી શુભ ઊર્જા મેળવી સુખમય જીવન જીવવાની પ્રેરણા આ લેખ દ્વારા મળે છે.

સંશોધન વિભાગ

અવકાશમાં રહેલ ગ્રહોના આધારે જ્યોતિષી અંદર પડેલા ભેદ ઉકેલી શકે છે, તેવી જ રીતે વાસ્તુશાસ્ત્રી પર્યાવરણમાં રહેલ પાંચ તત્ત્વો વડે પ્રકૃતિના ભેદ જાણી લે છે અને આકાશ, પૃથ્વી, અગ્નિ-વાયુ, જળની સમતુલા જાળવીને ગૃહમાં શાંતિ, સમૃદ્ધિ લાવી શકે છે.

સૂર્ય એ પૂર્વ દિશાનો સ્વામી ગ્રહ છે. જે પૃથ્વીને નવજીવન બક્ષે છે, આની અંદર વૃક્ષ મહત્ત્વનો ભાવ ભજવે છે. જે દિવસે સૌરઊર્જા-શક્તિ ને ગ્રહણ કરીને ઓક્સીજન છોડે છે. વળી વૃક્ષો જળને પણ ખેંચી લાવે છે, જેથી વરસાદ થાય છે. પૃથ્વી રસાતળ બને છે.

આર્પદ્દષ્ટા ઋષિમુનીઓ વાસ્તુ સમીપના રહેલા વૃક્ષોને જોવા વડે શુભા-શુભ ફળો વાસ્તુધારક માટે કહેતા, આધુનિક વાસ્તુશાસ્ત્રીઓ પણ શાસ્ત્રના આધારે આજે ભાવિના ભેદધારકને ખોલી આપે છે. કેટલીક વનસ્પતિ અને વૃક્ષો ઉપયોગી હોવા છતાં વાસ્તુની નજીક રહેતા અશુભફળ દેખાડે છે, કારણકે વનસ્પતિમાં પણ જીવ છે, અને જીવધારીને પોતાના સ્વભાવની ખાસીયત પ્રકૃતિની સાથે મેળ રહેલો હોય છે.

સમરાંગણ સૂત્રધાર ગ્રંથ મુજબ-
બદરી કદલી ચૈવ, દાડમી બીજ પૂરિકા ।
પરોહન્તિ ગૃહે યત્ર તદ્ગૃહં ન પ્રરોહતિ ॥

અર્થ : બોરડી, કેળ, દાડમ, લીંબુડી, જેવાં વૃક્ષ વાસ્તુ સમીપે ઊગેલા હોય છે, તેવા ઘરની વૃદ્ધિ થતી નથી.

પરંતુ આવા વૃક્ષોને કાપવા ન જોઈએ, એવું પણ શાસ્ત્રકારો સમજાવે છે, અને સાથે-સાથે ગૃહમાં સુખાકારી અકબંધ રહે તેવા ઉપાયો પણ બતાવે છે. આ નિયમોનું વાસ્તુશાસ્ત્રી પાલન કરે છે. તેઓ વેધયુક્ત વૃક્ષ તેમ જ ગૃહવાસ્તુની વચ્ચે શુભ થતા હોય તેવાં વૃક્ષનું રોપાણ કરાવી અશુભતા ઘટાડી નાખે છે અને કોસ્મીક એનર્જીને જાળવે છે. પુન્નાગ, નાગકેસર અશોક, અરીઠા, કેસર, ફણસ, શમી, સુગંધી વૃક્ષોથી દોષ નાશ પામે છે. પવિત્ર એવી તુળસીમાં ૨૭ પ્રકારની ધાતુ રહેલી છે. આધ્યાત્મિક રીતે પણ ઉત્તમ છે, આયુર્વેદિક રીતે ઉપયોગી છે. વળી તે હાનિકારક વાયુના જંતુઓને વાસ્તુથી દૂર રાખે છે.

વડનું ઝાડ મનોકામના પૂર્તિ કરનારું સૂર્યની ઉગમણી પૂર્વ દિશામાં શુભ બને છે, પરંતુ આજ વડનું ઝાડ સૂર્યની આથમણી પશ્ચિમ દિશામાં રાજ્ય તરફથી પીડા, સ્ત્રીને પીડા તેમ જ કૂળનાશ સૂચવે છે. જ્યારે પીપળાનું વૃક્ષ પશ્ચિમે હોય તો શુભ છે અને પૂર્વમાં પીપળો ગૃહસ્વામીની નિર્ધનતા સૂચવે છે.

ઉત્તર દિશામાં ગૂલરવૃક્ષ નેત્રરોગ સૂચવે છે. જ્યારે દક્ષિણ દિશામાં શુભ છે અને આંબો ધનનાશ સૂચવે છે.

નૈઋત્ય કોણમાં આમલી શુભ છે. આ વિદિશામાંથી પિતૃઓના આશીષ મળે છે. ઇશાન કોણમાં વાટિકા (બગીચો) શુભફળ આપે છે. જ્યારે મોટા વૃક્ષ અશુભ ગણાય છે.

અગ્નિકોણમાં દાડમડી શુભ છે. જ્યારે વાયવ્ય કોણમાં વેલાઓ સારા ફળ આપે છે.

વાસ્તુશાસ્ત્રીને જ્યોતિષશાસ્ત્રનું પણ જ્ઞાન હોવાથી ગ્રહોની માલિકી ધરાવતી દિશા મુજબ વાસ્તુના શુભાશુભ ફળને જાણીને ગ્રહને 'ગૃહમંદિર' જેવું બનાવી શકે છે.

પૂર્વ દિશામાં સૂર્ય ગ્રહનું સ્થાન છે.
દક્ષિણ દિશામાં મંગળ ગ્રહનું સ્થાન છે.
પશ્ચિમ દિશામાં શનિ ગ્રહનું સ્થાન છે.
ઉત્તર દિશામાં બુધ ગ્રહનું સ્થાન છે.
ઈશાન કોણમાં ગુરુ ગ્રહનું સ્થાન છે.
અગ્નિ કોણમાં શુક્ર ગ્રહનું સ્થાન છે.
નૈઋત્ય કોણમાં રાહુ ગ્રહનું સ્થાન છે.
વાયવ્ય કોણમાં ચંદ્ર ગ્રહનુ સ્થાન છે.
બ્રહ્મસ્થાને મધ્યમા કેતુ ગ્રહનું સ્થાન છે.

વાસ્તુશાસ્ત્રના આધારે ગ્રહ બુધ, ગુરુ અને સૂર્યની દિશામાં વાસ્તુના ઈશાને પૂર્વ તેમ જ ઉત્તર ભાગે ભૂમિગત (અંડરગ્રાઉન્ડ) પાણી તેમ જ નાના છોડવાની વાટિકા બનાવવી જોઈએ. જ્યારે રાહુ, મંગળ અને શનિ જેવા પાપી ગ્રહોની દિશામાં વાસ્તુના નૈઋત્ય કોણ, દક્ષિણ અને પશ્ચિમે મોટાં વૃક્ષો ઉગાડવા જોઈએ. કારણકે પૂર્વ દિશામાં ઉગતા સૂર્યના 'અલ્ટ્રાવાયોલેટ કિરણો' ભૂમિ ઉપર પડતાં જ સીધા ભૂમિગત પાણીમાં શોષાઈ જાય અને તેની શુભઊર્જા (હકારાત્મક ઊર્જા) શક્તિ વાસ્તુને મળે જ્યારે પશ્ચિમ દિશામાં આથમતા સૂર્યના 'ઇન્ફારેડ કિરણો'ની અશુભ ઊર્જા ને મોટા વૃક્ષો શોષી લઈ વાસ્તુની શીતળતા જાળવી રાખે છે. વાસ્તુના મધ્યભાગમાં બ્રહ્મસ્થાને પૃથ્વી શક્તિ છે આ સ્થાન સુખ-સમૃદ્ધિ - શાંતિ આપે છે. આ ભાગ હલકો તેમ જ ખુલ્લો રાખવો જોઈએ, શુદ્ધ રાખવો જોઈએ.

વરાહસંહિતા મુજબ, બીજોરૂ, કેળ, દાડમ, લીંબુ, આંકડો, આમલી, બાવળ, બોરડી, ઘણાં પીળા ફૂલોવાળા વૃક્ષો અશુભ છે. જે વાસ્તુની સમીપે હોતા કૂળનો નાશ કરનાર પુરવાર થાય છે.

વાસ્તુ પ્લોટના કંપાઉન્ડ વોલની અંદર ભવનની ફરતે કેળ, પપૈયા, સીતાફળ, ચીકુ, જાંબુ હોય તો રોજ નવી મુસીબત જન્મે છે.

કેકટ્સ જેવા કાંટાળા વૃક્ષ કે છોડવા કુટુંબક્લેશ, કાયદા-કચેરી, વિખવાદ ઝઘડા-ટંટા, શત્રુભય સૂચવે છે.

જે વૃક્ષને કાપવાથી દૂધ જેવું કે લોહી જેવું ચીકણું પ્રવાહી નીકળે તેવાં વૃક્ષ વાસ્તુની પાસે હોવાથી લક્ષ્મીનાશ સૂચવે છે.

અપરાજીતા, વિષ્ણુકાન્તા, માલતી, કપાસ શસ્ત્રથી મૃત્યુની ઘાત તેમ જ પીડાકારી સૂચવે છે.

ઘણાં લાંબા ઝાડ ખજૂરી-તાડ અશુભ છે. હિંસક જંતુઓનો ઉપદ્રવ કરે છે. કષ્ટ કરે છે.

ગૃહના મુખ્ય દ્વારની સામે વૃક્ષવેધ હોય તો સંતાનની હાનિ કરે છે. સરલ, દાડમ, નાગકેસર, અશોક, શમીવેલ શુભફળ આપે છે. ગુલાબ, ચમેલી, કેતકી, જાસુદ, દાલચીની, નાળિયેરી, ચંદન, કેસર, અશોક, માલતી વિદિશામાં શુભ છે.

ઘરની અંદર ફર્નિચર બનાવવા માટે શ્રીપર્ણી, સાગ-મરુડો ખેર, સીશમ, ચંદન શ્રેષ્ઠ કાસ્ટ ગણાય પરંતુ એક જ જાતનું લાકડુ વાપરવું જોઈએ તો ઉત્તમ ગણાય.

શાસ્ત્રકારોના મતે અનિવાર્ય સંજોગોમાં વૃક્ષને જો કાપવું પડે તો શુભ મુહૂર્તે મૃગશીર્ષ, રેવતી, ચિત્રા, અનુરાધા, વિશાખા, હસ્ત, અશ્વિની પુષ્ય, રોહિણી, શતતારા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ વગેરે નક્ષત્રમાં શુભવાર, શુભતિથિએ પાડવું જોઈએ. પરંતુ વૃક્ષને પાડવા પહેલાં આગળના દિવસે વૃક્ષની ઉપર નિવાસ કરનાર પક્ષી-જંતુ અન્ય જીવોની માફી માગીને દહીં-ભાતનો નૈવેદ્ય ચડાવી, પૂજા કરીને ઝાડ પૂર્વ તરફ જમીન ઉપર પડે તે રીતે પાડવું જોઈએ અને સાથેસાથે અન્ય સ્થાને તે વૃક્ષની પૂર્તિ હેતુ એક નવું વૃક્ષ રોપવું જોઈએ.

આ રીતે વાસ્તુશાસ્ત્રમાં વૃક્ષનું મહત્ત્વ આવનારા ફળોના ગૃહધારક માટે દિશાસૂચન બની રહે છે. ●

શિવ-સ્વરોદય

લેખક : શ્રી શિવયોગી
૧૦, હરિહર શોપિંગ, સ્ટેશન રોડ, મલાડ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૪. મો.-૯૨૨૩૩૩૪૦૬૩.

શિવજી દ્વારા મળેલ શિવ-સ્વરોદયનું જ્ઞાન મનુષ્યજીવનને માટે ખરેખર બ્રહ્મત્વનો અનુભવ છે. મનુષ્ય દ્વારા લેવાતા શ્વાસોશ્વાસની ક્રિયા તે જ સ્વરોદય. જમણા અને ડાબા નસકોરા દ્વારા થતી શ્વાસોશ્વાસની ક્રિયા સૂર્ય અને ચંદ્ર સ્વર તરીકે ઓળખાય છે તેની પ્રાથમિક માહિતી આપી સ્વરનો ઉપયોગ કઈ રીતે કરવો તેની માહિતી લેખક આપે છે.

અનાદિ કાળથી જ મનુષ્યદેહ સાથે તેના ઉત્પતિના સમયથી જોડાયેલી એક અદ્ભુત બ્રહ્મવિદ્યા એટલે શિવ સ્વરોદય.

આ શિવ સ્વરોદયનું અદ્ભુત જ્ઞાન આજના મનુષ્યોને ભારતીય યોગ-મહર્ષિઓની અણમોલ ભેટ છે; દેવોને માટે પણ અતિ દુર્લભ એવું આ બ્રહ્મજ્ઞાન, દરેક જ્ઞાનમાં સંપૂર્ણ અને મસ્તક મુકુટમણી સમાન છે. આ જ્ઞાન મનુષ્યો માટે દરેક ભૌતિક અને આધ્યાત્મિક સફળતા પ્રદાન કરી બ્રહ્મત્વનો અનુભવ કરાવે છે.

આ જ્ઞાનની ટૂંકી વિગતોનું દર્શન અહીં આપણે ભૌતિક સફળતાના સંદર્ભે જોઈએ; સામાન્ય રીતે સ્વરોદય એટલે મનુષ્ય કે કોઈ પણ જીવંત પ્રાણી જે સ્વાસોશ્વાસની ક્રિયા દ્વારા પ્રાણશક્તિ (હવા)ને પોતાના શરીરમાં લઈ રહ્યાં છે એટલે બહાર કાઢી રહ્યો છે તે જ સ્વરોદય-(આ લૌકિક અર્થ છે. આધ્યાત્મિક અર્થ બિલકુલ અલગ છે).

જમણાં નસકોરાં દ્વારા થતી શ્વાસોશ્વાસની પ્રક્રિયાને સૂર્યસ્વર તરીકે ઓળખવામાં આવે છે. આ સૂર્યસ્વર જમણાં નાકનાં માધ્યમથી જે નાડીમાં ગતિ કરે છે તે નાડીને પિંગલા કરે છે.

ડાબા નસકોરાં દ્વારા થતી શ્વાસોશ્વાસની પ્રક્રિયાને ચંદ્રસ્વર કહેવામાં આવે છે અને તે ડાબા નસકોરાંમાં જોડાયેલી નાડી દ્વારા આવાગમન કરે છે; તેને ઈડા નાડીથી ઓળખવામાં આવે છે.

આ બંને નસકોરા દ્વારા એકસાથે સમાન કે અસમાન માત્રામાં પ્રાણનું વહન થતું હોય તો તે શિવ સ્વર તરીકે ઓળખાય છે; અને જે નાડીઓના સમૂહ દ્વારા આવાગમનની પ્રક્રિયા કરે છે તે સુષુમ્ણા નાડી તરીકે પ્રખ્યાત છે.

હવે આ ત્રિ-નાડીના ઉપયોગથી આપણને દૈનિક જીવનમાં શું લાભ પ્રાપ્ત થઈ શકે તેને સમજીએ. સર્વ પ્રથમ પિંગલા, ત્યાર બાદ ઈડા અને છેલ્લે સુષુમ્ણા નાડીનાં કાર્યોની વિગત જોઈએ :

પિંગલા નાડી : જમણાં નસકોરાંમાં પ્રાણનું વહન થતું હોય ત્યારે પિંગલા નાડી ચાલુ છે તેમ કહેવાય.

ઈડા નાડી : ડાબા નસકોરામાં પ્રાણનું વહન થતું હોય ત્યારે ઈડા નાડી ચાલુ છે તેમ કહેવાય.

સુષુમ્ણા નાડી : બંને નસકોરામાં પ્રાણનું વહન થતું હોય ત્યારે સુષુમ્ણા નાડી ચાલુ છે તેમ કહેવાય.

દરરોજ સવારે પ્રથમ ઊઠતી વખતે મનુષ્ય જે સંસારમાં પોતાનું હિત ઈચ્છે છે તેણે પોતાના સ્વરનું અવશ્ય નિરીક્ષણ કરવું જોઈએ; આ સમયે જો આપનો જમણો સ્વર એટલે કે સૂર્યસ્વર ચાલુ હોય તો જમણાં હાથથી મોઢાને સ્પર્શ કરી આખા મોં પર હાથ ફેરવી ૐ વિષ્ણવે નમોઃ ચૈતન્ય, એમ પાંચ વખત બોલવું અને ત્યાર બાદ ધરતી માતા પર પ્રથમ જમણો પગ મૂકી એકી સાથે પાંચ પગલાં ભરી ચાલી જવું. આ સમયે ડાબો પગ ઊંચો રાખવો.

જો આપનો ચંદ્ર સ્વર એટલે કે ડાબુ નસકોરા ચાલુ હોય તો ડાબા હાથથી આખા મોંને સ્પર્શ કરી ૐ બ્રહ્માય નમોઃ ચૈતન્ય, એમ ચાર વખત બોલી, ધરતી માતા પર ડાબો પગ સર્વ પ્રથમ મૂકી ચાર પગલાં પ્રમાણથી ચાલી જવું. આ સમયે જમણાં પગને જમીનથી ઊંચો રાખવો અને જો એકી સાથે બંને નસકોરાં ચાલુ હોય એટલે કે સુષુમ્ણા નાડી ચાલુ હોય તો શક્ય હોય તો આ સમયને શાંતિથી પસાર કરવો. બંને હાથોને આખા મોં પર ફેરવવાં અને બોલવું ૐ રૂદ્રાય નમોઃ ચૈતન્ય, આ રીતે ૩ વખત બોલીને બંને પગોને એકી સાથે જમીન મૂકી ૩ પગલાં ભરવા. ત્યાર બાદ જમણાં નાકથી ઊંડો શ્વાસ લઈ ડાબુ નાક બંધ કરી જમણું પગલું પ્રથમ મૂકી આગળ વધવું.

આ પ્રમાણેની પ્રાથમિક ક્રિયાઓ કરવાથી આપનો દિવસ અવશ્ય શુભ પસાર થશે. ઓછામાં ઓછી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

પિંગલા નાડી : દરેક પ્રકારની મુસાફરીઓ કે જે દેશમાં જ કરવાની હોય તેમાં દરેક પ્રકારનાં ભ્રષ્ટકાર્યો, ક્રૂર કર્મો, આર્થિક ધિરાણ એટલે કે વ્યાજે પૈસા આપવામાં, પોતાના ઓફિસના સ્ટાફને કે હાથ નીચેના નોકરોને સલાહ આપવામાં કે ખીજાવા માટે, આભિચારિક મંત્ર-તંત્રની સાધના નવા મંત્રોની દીક્ષા લેવામાં, ક્રૂર દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં, વાસ્તુયજ્ઞ કરવામાં, શત્રુઓ સાથે ઝઘડો કરી વિજય પ્રાપ્ત કરવાં, અન્ય લોકો પર ગુસ્સે થવામાં, કોઈ પણ પ્રકારની ખરીદી કે વેચાણ કરવામાં, નવા લેખ કે લેખનકાર્યની સરળતા અને સફળતા મેળવવા માટે, દરેક પદાર્થોનો ઉપયોગ કરવા માટે, પોતાના કાર્યોથી અન્ય લોકોનું ધ્યાન ખેંચવા, નવી જમીનની ખરીદી કરવામાં, ટેનામેન્ટ, એપાર્ટમેન્ટ બાંધવામાં, પાયાનું પ્રથમ ખાત મુહૂર્ત કરવામાં, અગત્યનાં દસ્તાવેજો બનાવવામાં, અગત્યની સહીઓ કરવામાં, ચેકબુકમાં રકમ ભરવા અને સહીઓ કરવા માટે, અન્ય લોકોનું ઋણ ચૂકવવા માટે, ઈંટો, કાષ્ટ, પથ્થરો, લોખંડ, ચૂનો-સિમેન્ટ વગેરેની ખરીદી માટે, ખેતીની જમીન ખેડવા માટે હીરા-ઝવેરાત, સુવર્ણાદી ધાતુઓની ખરીદી, દાગીના બનાવવા, રત્નો જડાવવાં, રત્નો પર

સંશોધન વિભાગ

પહેલ પાડવામાં નવી પ્રોડક્ટસનું રિસર્ચ કરવામાં, બનાવવામાં, માર્કેટમાં લોન્ચ કરવામાં, માર્કેટિંગ કરવામાં ડિસપ્લે, પ્રમોશન, એડવર્ટાઈઝિંગ કરવામાં, મેડિકલ રિપ્રેઝેન્ટીવ્સોએ ડોકટરોને મળવામાં તથા પોતાની પ્રોડક્ટસ વિશે સમજાવવામાં, ડોક્ટરોએ ક્રિટીકલ સર્જરી કરવામાં, સરકારી ઑફિસોએ દરોડા પાડવામાં, નવી કંપનીઓ રજિસ્ટર્ડ કરાવવામાં, ભાગીદારી કરાવવામાં, નવા ધંધાની શરૂઆત પ્રબળ કરવામાં, સ્ટાફની ભરતી કરવામાં, સરકારી ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલા દરેક કાર્યોની સફળતા માટે, નવી ઈન્ડસ્ટ્રીઝ, નવી મશીનરી, નવું યુનિટ શરૂ કરવામાં પ્રથમ વખત મશીનો ચાલુ ચાલુ કરવામાં, ઈલેક્શનમાં ફોર્મ્સ કરવા, લોકોને પ્રભાવશાળી રાજનીતિક ભાષણો આપવામાં અને લોકોને પોતાના પ્રભાવમાં લાવવા માટે સત્તા કે વિજય પ્રાપ્ત કરવા માટે, દરિયાઈ મુસાફરીમાં સી-સીકનેશથી બચવા માટે, પર્વતો પર ટ્રેકિંગ કરવામાં, કસરતો અને આસનો કરવા માટે, ગુન્નેગારોને પકડવા અને તેમને સજા અપાવવા માટે, પોતાના વાહનોમાં બેસવા માટે, ચલાવવામાં, વકીલોએ પોતાની દલીલોને પ્રભાવશાળી બનાવવા તેમ જ અસીલોને વિજય અપાવવા માટે, પરદેશથી પરત ફરવામાં, એન્જિનિયરિંગ , ટેક્નોલૉજી, સાયન્સ જેવા જટિલ વિષયો શીખવા માટે, સમજવા માટે, નાસ્તા-ભોજન લેવામાં, હાર્ડ ડ્રિંક્સ લેવામાં, શરદી અને અન્ય કફજન્ય બીમારીઓ મટાડવા જેવા અનેક કાર્યોમાં સૂર્યસ્વર પૂર્ણ સફળતા આપે છે.

ઈડા નાડી : દરેક પ્રકારના શુભ અને પુષ્ટિદાયક કર્મો ચંદ્ર સ્વરમાં સફળતા મેળવે છે.

શરીરમાં કોઈ પણ પ્રકારનું ફુડ પોઈઝનિંગ, એલર્જી, ઝેરી ડંખ, જખમ, જેવી કોઈ પણ તકલીફોમાં ચંદ્ર સ્વરને ગતિમાન કરવાથી મેડિકલ ઈમર્જન્સી મળે ત્યાં સુધી કુદરતી સહાય મેળવી શકાય છે. (ડાબા નસકોરાં દ્વારા શ્વાસોશ્વાસ લેવા).

દરેક પૂજા ઉપાસના-વ્રત, જપ, જે સાત્વિકતા

(અનુસંધાન પાનું ૨૩૩)

સર્વતોભદ્ર ચક્ર...

(૧૨૩માં પાનાથી ચાલુ)

સર્વતોભદ્ર ચક્ર દ્વારા વેધફળ વાસ્તવમાં, ગોચરફળ જ છે, પરંતુ આ ગોચરફળ અતિસૂક્ષ્મ રહે છે. વેધફળનો નિર્ણય કરતી વખતે વેધફળનું પ્રમાણ પણ જાણવું જોઈએ. આ માટે ગ્રહનો પોતે જે રાશિ પર હોય તે રાશિ સાથેનો સંબંધ તથા જેના પર વેધ પડતો હોય તેની રાશિ સાથેનો સંબંધ ધ્યાન પર લેવાનો રહે. ઘટતો સમન્વય કરીને વેધફળ નક્કી કરવું જોઈએ. અન્ય ગ્રહનોના વેધ સાથે ચંદ્રનો વેધ ઉમેરાય ત્યારે જ ખરેખર વેધળનો આવિર્ભાવ થાય છે એ ભૂલવું નહીં.

શુભ ગ્રહ	વેધ ફળ	અશુભ ફળ	વેધ ફળ
સ્વરાશિ પર	૧૦૦%	સ્વરાશિ પર	૨૫%
મિત્રરાશિ પર	૭૫%	મિત્રરાશિ પર	૫૦%
સમરાશિ પર	૫૦%	સમરાશિ પર	૭૫%
શત્રુરાશિ પર	૨૫%	શત્રુરાશિ પર	૧૦૦%
શુભ ગ્રહની વિધ્ધ પર	વેધફળ	અશુભ ગ્રહની વિધ્ધ પર	વેધફળ
પૂર્ણ દૃષ્ટિ	૧૦૦%	પૂર્ણ દૃષ્ટિ	૪૮%
ત્રિપાદ દૃષ્ટિ	૪૫%	ત્રિપાદ દૃષ્ટિ	૩૬%
દ્વિપાદ દૃષ્ટિ	૩૦%	દ્વિપાદ દૃષ્ટિ	૨૪%
એકપાદ દૃષ્ટિ	૧૫%	એકપાદ દૃષ્ટિ	૧૨%

ક્રૂર ગ્રહોના વેધ સંબંધમાં :-

આપણા ઋષિમુનિઓ તથા જ્યોતિષશાસ્ત્રના અન્ય વિદ્વાનોએ સૂર્ય, મંગળ, શનિ, રાહુ તથા કેતુ આ પાંચ ગ્રહોને ક્રૂર તરીકે વર્ણવ્યા છે. બુધ સૌમ્ય ગ્રહ હોવા છતાં તે જ્યારે જ્યારે આ પાંચમાંના કોઈ પણ એક સાથે એ જ નક્ષત્રમાં, એક જ પાદમાં એટલે એક જ નવમાંશમાં સાથે હોય ત્યારે બુધને પણ ક્રૂર ગ્રહ ગણવામાં આવેલ છે. આ ક્રૂર ગ્રહોના વેધ માટે વેધ ઉપરાંત બીજી એક વિશેષતા દર્શાવવામાં આવી છે અને તેના નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ પ્રકાર છે.

(૧) દગ્ધ : ક્રૂર ગ્રહ જે નક્ષત્રને ભોગવી ગયેલ હોય તેને તથા જે નક્ષત્રને વેધ કરી ગયેલ હોય તેને, આ બેઉ નક્ષત્રોને દગ્ધ કહેવાય છે.

(૨) જ્વલિત : ક્રૂર ગ્રહ જે નક્ષત્રમાં હોય તથા તે જે નક્ષત્રને વેધ કરતો હોય તે બેઉ નક્ષત્રોને જ્વલિત કહેવામાં આવેલ છે.

(૩) ધૂમિત : ક્રૂર ગ્રહ હવે પછી જે નક્ષત્રમાં જવાનો હોય તેને તથા તે જે નક્ષત્રને વેધ કરવાનો હોય, તે બેઉ નક્ષત્રોને ધૂમિત કહેવાય છે.

આ નિયમો સૂર્ય-મંગળ, શનિ તથા રાહુ-કેતુ માટેના છે. બુધ તો આ પાંચમાંના કોઈ પણ એક સાથે એક નક્ષત્રમાં, એક ચરણમાં (એક જ નવમાંશમાં) સાથે હોય તેટલા સમય પૂરતો જ ક્રૂર બને છે. તે સિવાય તેની ગણના સૌમ્ય ગ્રહ તરીકે જ કરવામાં આવી છે. બુધ યોગથી થતા દગ્ધ, જ્વલિત અને ધૂમિત યોગોના તો તેની સાથેના ગ્રહના આવા યોગોમાં જ સમાઈ જાય છે. ક્રૂર ગ્રહોના થતા આ ત્રણે યોગો તે તે ગ્રહના સ્વભાવ, બળાબળ, અધિકાર, કારકત્વ વગેરે અનુસાર ફળ આપે છે અને તે અનુભવે છે.

આવા દગ્ધ, જ્વલિત અને ધુમિત નક્ષત્રો ઉપરથી ચંદ્ર પસાર થતાં તે તે નક્ષત્રો શુદ્ધ થઈ જાય છે. પછી તેનું 'અશુભત્વ' રહેતું નથી, તેથી તે નક્ષત્રો મુહૂર્તમાં પસંદ કરી શકાય.

નિર્જીવો માટે : નિર્જીવ ચીજવસ્તુઓ અંગે સર્વતોભદ્ર ચક્ર પરથી ખાસ તો તેજી-મંદીનો નિર્ણય કરવાનો હોય છે. અશુભ ગ્રહોનો વેધ જે તે ચીજવસ્તુની ભાવસપાટી ઊંચે જવાનું તથા શુભ ગ્રહોનો વેધ જે તે ચીજવસ્તુની ભાવસપાટી નીચે જવાનું સૂચવે છે. તેજી-મંદીનું પ્રમાણ નક્કી કરવા માટે ઉપર જણાવેલા નિયમોને જ અનુસરવું.

પ્રદેશો માટે : સર્વતોભદ્ર ચક્ર કૃતિકા નક્ષત્રથી શરૂ થાય છે ને ભરણી નક્ષત્ર પર પૂર્ણ થાયછે. સગવડતા ખાતર અભિજિત નક્ષત્ર આમાં લીધું પણ તેને જુદું ગણતરીમાં લેવાનું નથી. આમ ૨૭ નક્ષત્રો થશે. ક્રમાનુસાર ૩-૩ નક્ષત્રો લઈને ૯ વિભાગ પાડી શકાય. આ ૯ વિભાગો ક્રમશઃ મધ્ય ભાગ, પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈર્ઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર, ઈશાન દિશાઓ દર્શાવે છે. જે તે ગ્રહ પોતાની પ્રકૃતિ પ્રમાણે વિવિધ પ્રદેશો પર અસરો ઊભી કરતા જોવા મળે છે ને આ અસરો ગ્રહોનો વેધ જે નક્ષત્રો પર પડે તે નક્ષત્ર સૂચિત દિશાઓમાં અનુભવાય છે. ધારો કે કોઈ ખાસ વિસ્તાર-પ્રદેશ-શહેર-પ્રાંત-દેશ વગેરેનું વેધફળ જાણવું હોય તો તેના પ્રચલિત નામનો પ્રથમ અક્ષર કયા નક્ષત્રમાં આવે છે તે જોવું. એ નક્ષત્રથી શરૂઆત કરીને ૩-૩ નક્ષત્રોના વિભાગો દ્વારા તેટલા પૂરતું ઉપર જણાવ્યા પ્રમાણે દિશાઓ નિયત કરી લેવી અને એ પ્રમાણે ગ્રહોના વેધ પરથી પ્રાદેશિક ફળ જાણવું. શરૂઆતનાં ૪ નક્ષત્રો તથા ૧૪મું-૧૮મું-૨૫મું નક્ષત્ર જ્યારે કોઈ પણ ગ્રહથી વેધાય છે ત્યારે વેધ અનુસાર સારો કે નરસો નોંધપાત્ર બનાવ બનવાનો પૂરો સંભવ રહે છે અને નોંધપાત્ર બનાવોનો એ સિવાય સંભવ નહીંવત્ હોય છે.

સર્વતોભદ્ર ચક્ર દ્વારા પ્રશ્નફળ

વિવિધ પ્રશ્નો ઉદ્ભવતી વખતે તાત્કાલિક ફળકથન માટે સામાન્ય રીતે પ્રશ્નકુંડળીઓ મૂકી ફળકથન કરવામાં આવે છે. જોકે પ્રશ્નકુંડળી પદ્ધતિ વૈજ્ઞાનિક નથી અને ગળે ઊતરે તેવી નથી. એમાં ઘણા ગૂંચવાડાઓ ઊભા થાય છે. સમાધાન મળતાં નથી. સર્વતોભદ્ર ચક્ર દ્વારા પ્રશ્નફળ જાણી શકાય છે, પરંતુ તે તરફેણમાં કે વિરુદ્ધમાં એટલું જ જાણી શકાય છે. એટલે કે પ્રશ્નકર્તા પ્રશ્નનો પ્રથમ અક્ષર તથા તે અનુસાર થતા નક્ષત્ર-તિથિ-રાશિ-અક્ષર-સ્વર વગેરે પરના વેધ તપાસી પ્રશ્નફળ જાણવું. પ્રશ્નના પ્રથમાક્ષરાદિને અશુભ ગ્રહનો વેધ હોય તો ઉત્તર વિરુદ્ધમાં ને શુભ ગ્રહનો વેધ હોય તો ઉત્તર તરફેણમાં જાણવો.

અસ્ત દિશા જ્ઞાન

સર્વતોભદ્ર ચક્રમાં વૃષભ-મિથુન-કર્ક પૂર્વમાં, સિંહ-કન્યા-તુલા દક્ષિણમાં, વૃશ્ચિક-ધન-મકર પશ્ચિમમાં તથા કુંભ-મીન-મેષ ઉત્તરમાં રહે છે. અહીં સૂર્ય જે દિશામાં હોય તે દિશામાં રહેલી બધી રાશિઓ અસ્ત પામે છે. સર્વતોભદ્ર ચક્રમાં પોતાની રાશિ અસ્તની હોય તે વખતે જાતકે એ રાશિ સર્વતોભદ્ર ચક્ર પ્રમાણે જે દિશામાં હોય તે દિશામાં સ્થળાંતર કદાપિ કરવું નહીં કેમ કે એમ કરતાં છેવટે કલ્યાણ થતું નથી. પોતાની રાશિ અસ્તની હોય તે સમયગાળા દરમિયાન જાતકે બહુ જ સજાગ-સભાન રહેવું. કેમ કે અન્ય પ્રકારે એ દરમિયાન પોતાના સફળતાથી આક્રમણ થઈ શકે છે ને અંત હાનિ પહોંચી શકે છે. દરેક જાતક માટે આવો સમયગાળો ૧ વર્ષમાં ૧ વાર સળંગ મહિનાનો આવે છે.

વેધની સમજ :-

આગળના પાનામાં દર્શાવેલ કોઠાઓમાં ત્રણ મુખ્ય ખાનાઓ છે અને દરેકની અંદર પેટા ખાનાઓ છે.

પહેલા મુખ્ય ખાનામાં વેધના ગ્રહો તથા નક્ષત્રો આપેલ છે. પહેલા પેટા ખાનામાં જણાવેલ ગ્રહ બીજા પેટા ખાનામાં જણાવેલ નક્ષત્રમાં છે અને ત્રીજા પેટા ખાનામાં જણાવેલા ગ્રહ ચોથા પેટા ખાનામાં જણાવેલ નક્ષત્રમાં છે. ગ્રહ, વકી હોતા R સંજ્ઞાથી, માર્ગી D સંજ્ઞાથી, શીઘ્ર હોતાં + સંજ્ઞાથી તેમ જ મધ્યમ ગતિનો થતાં M સંજ્ઞાથી દર્શાવેલ છે. ગ્રહ શીઘ્ર કે મધ્યમ ગતિનો થાય તેનો સમય ચોક્કસ દર્શાવેલ છે. ગ્રહ શીઘ્ર કે મધ્યમ ગતિનો થાય તેનો સમય ચોક્કસ થઈ શકતો ન હોવાથી સમયના કલાક-મિનિટની કોલમમાં ગ્રહનો અક્ષર તથા શીઘ્ર માટે + તથા મધ્યમ ગતિ માટે M નિશાનીથી દર્શાવેલ છે.

બીજા મુખ્ય ખાનામાં નક્ષત્ર વેધના સમયના આરંભ તથા સમાપ્તિકાળ, તારીખ, કલાક, મિનિટમાં છે.

ત્રીજા મુખ્ય ખાનામાં નક્ષત્ર, ચરણ, વેધના સમયના આરંભ તથા સમાપ્તિકાળ, તારીખ, કલાક-મિનિટમાં આપેલા છે તથા તે સમયે વેધના ગ્રહો કયા નવમાંશમાં છે તે પણ જુદા ખાનામાં દર્શાવેલ છે. પહેલા ખાનાનો ગ્રહ નવમાંશના પહેલા ખાનામાં જણાવેલ નવમાંશમાં તથા ત્રીજા ખાનાનો ગ્રહ બીજા ખાનામાં જણાવેલ નવમાંશમાં છે.

દરેક વખતે વધકર્તા ગ્રહ-એક અથવા બે-ને વેધના કોઠાઓમાં કાળા અક્ષરથી દર્શાવવામાં આવેલ છે. બન્નેનો પરસ્પર થતો વેધ હોય છે ત્યારે બંને ગ્રહોને કાળા અક્ષરોમાં છાપવામાં આવેલ છે તથા જ્યારે વેધ થતો નથી છતાં ગ્રહો તે જ નક્ષત્રમાં સ્થિત રહેતા હોય છે ત્યારે બન્ને ગ્રહોને નાના અક્ષરોમાં છાપેલ છે.

શિવ-સ્વરોદય

લેખક : શ્રી શિવયોગી
૧૦, હરિહર શોપિંગ, સ્ટેશન રોડ, મલાડ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૪. મો.-૯૨૨૩૩૩૪૦૬૩.

શિવજી દ્વારા મળેલ શિવ-સ્વરોદયનું જ્ઞાન મનુષ્યજીવનને માટે ખરેખર બ્રહ્મત્વનો અનુભવ છે. મનુષ્ય દ્વારા લેવાતા શ્વાસોશ્વાસની ક્રિયા તે જ સ્વરોદય. જમણા અને ડાબા નસકોરા દ્વારા થતી શ્વાસોશ્વાસની ક્રિયા સૂર્ય અને ચંદ્ર સ્વર તરીકે ઓળખાય છે તેની પ્રાથમિક માહિતી આપી સ્વરનો ઉપયોગ કઈ રીતે કરવો તેની માહિતી લેખક આપે છે.

અનાદિ કાળથી જ મનુષ્યદેહ સાથે તેના ઉત્પતિના સમયથી જોડાયેલી એક અદ્દભુત બ્રહ્મવિદ્યા એટલે શિવ સ્વરોદય.

આ શિવ સ્વરોદયનું અદ્દભુત જ્ઞાન આજના મનુષ્યોને ભારતીય યોગ-મહર્ષિઓની અણમોલ ભેટ છે; દેવોને માટે પણ અતિ દુર્લભ એવું આ બ્રહ્મજ્ઞાન, દરેક જ્ઞાનમાં સંપૂર્ણ અને મસ્તક મુકુટમણી સમાન છે. આ જ્ઞાન મનુષ્યો માટે દરેક ભૌતિક અને આધ્યાત્મિક સફળતા પ્રદાન કરી બ્રહ્મત્વનો અનુભવ કરાવે છે.

આ જ્ઞાનની ટૂંકી વિગતોનું દર્શન અહીં આપણે ભૌતિક સફળતાના સંદર્ભે જોઈએ; સામાન્ય રીતે સ્વરોદય એટલે મનુષ્ય કે કોઈ પણ જીવંત પ્રાણી જે સ્વાસોશ્વાસની ક્રિયા દ્વારા પ્રાણશક્તિ (હવા)ને પોતાના શરીરમાં લઈ રહ્યાં છે એટલે બહાર કાઢી રહ્યો છે તે જ સ્વરોદય-(આ લૌકિક અર્થ છે. આધ્યાત્મિક અર્થ બિલકુલ અલગ છે).

જમણાં નસકોરાં દ્વારા થતી શ્વાસોશ્વાસની પ્રક્રિયાને સૂર્યસ્વર તરીકે ઓળખવામાં આવે છે. આ સૂર્યસ્વર જમણાં નાકનાં માધ્યમથી જે નાડીમાં ગતિ કરે છે તે નાડીને પિંગલા કરે છે.

ડાબા નસકોરાં દ્વારા થતી શ્વાસોશ્વાસની પ્રક્રિયાને ચંદ્રસ્વર કહેવામાં આવે છે અને તે ડાબા નસકોરાંમાં જોડાયેલી નાડી દ્વારા આવાગમન કરે છે; તેને ઈડા નાડીથી ઓળખવામાં આવે છે.

આ બંને નસકોરા દ્વારા એકસાથે સમાન કે અસમાન માત્રામાં પ્રાણનું વહન થતું હોય તો તે શિવ સ્વર તરીકે ઓળખાય છે; અને જે નાડીઓના સમૂહ દ્વારા આવાગમનની પ્રક્રિયા કરે છે તે સુષુમ્ણા નાડી તરીકે પ્રખ્યાત છે.

હવે આ ત્રિ-નાડીના ઉપયોગથી આપણને દૈનિક જીવનમાં શું લાભ પ્રાપ્ત થઈ શકે તેને સમજીએ. સર્વ પ્રથમ પિંગલા, ત્યાર બાદ ઈડા અને છેલ્લે સુષુમ્ણા નાડીનાં કાર્યોની વિગત જોઈએ :

પિંગલા નાડી : જમણાં નસકોરાંમાં પ્રાણનું વહન થતું હોય ત્યારે પિંગલા નાડી ચાલુ છે તેમ કહેવાય.

ઈડા નાડી : ડાબા નસકોરામાં પ્રાણનું વહન થતું હોય ત્યારે ઈડા નાડી ચાલુ છે તેમ કહેવાય.

સુષુમ્ણા નાડી : બંને નસકોરામાં પ્રાણનું વહન થતું હોય ત્યારે સુષુમ્ણા નાડી ચાલુ છે તેમ કહેવાય.

દરરોજ સવારે પ્રથમ ઊઠતી વખતે મનુષ્ય જે સંસારમાં પોતાનું હિત ઈચ્છે છે તેણે પોતાના સ્વરનું અવશ્ય નિરીક્ષણ કરવું જોઈએ; આ સમયે જો આપનો જમણો સ્વર એટલે કે સૂર્યસ્વર ચાલુ હોય તો જમણાં હાથથી મોઢાને સ્પર્શ કરી આખા મોં પર હાથ ફેરવી ૐ વિષ્ણવે નમોઃ ચૈતન્ય, એમ પાંચ વખત બોલવું અને ત્યાર બાદ ધરતી માતા પર પ્રથમ જમણો પગ મૂકી એકી સાથે પાંચ પગલાં ભરી ચાલી જવું. આ સમયે ડાબો પગ ઊંચો રાખવો.

જો આપનો ચંદ્ર સ્વર એટલે કે ડાબુ નસકોરા ચાલુ હોય તો ડાબા હાથથી આખા મોંને સ્પર્શ કરી ૐ બ્રહ્માય નમોઃ ચૈતન્ય, એમ ચાર વખત બોલી, ધરતી માતા પર ડાબો પગ સર્વ પ્રથમ મૂકી ચાર પગલાં પ્રમાણથી ચાલી જવું. આ સમયે જમણાં પગને જમીનથી ઊંચો રાખવો અને જો એકી સાથે બંને નસકોરાં ચાલુ હોય એટલે કે સુષુમ્ણા નાડી ચાલુ હોય તો શક્ય હોય તો આ સમયને શાંતિથી પસાર કરવો. બંને હાથોને આખા મોં પર ફેરવવાં અને બોલવું ૐ રૂદ્રાય નમોઃ ચૈતન્ય, આ રીતે ૩ વખત બોલીને બંને પગોને એકી સાથે જમીન મૂકી ૩ પગલાં ભરવા. ત્યાર બાદ જમણાં નાકથી ઊંડો શ્વાસ લઈ ડાબુ નાક બંધ કરી જમણું પગલું પ્રથમ મૂકી આગળ વધવું.

આ પ્રમાણેની પ્રાથમિક ક્રિયાઓ કરવાથી આપનો દિવસ અવશ્ય શુભ પસાર થશે. ઓછામાં ઓછી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

પિંગલા નાડી : દરેક પ્રકારની મુસાફરીઓ કે જે દેશમાં જ કરવાની હોય તેમાં દરેક પ્રકારનાં ભ્રષ્ટકાર્યો, ક્રૂર કર્મો, આર્થિક ધિરાણ એટલે કે વ્યાજે પૈસા આપવામાં, પોતાના ઑફિસના સ્ટાફને કે હાથ નીચેના નોકરોને સલાહ આપવામાં કે ખીજાવા માટે, આભિચારિક મંત્ર-તંત્રની સાધના નવા મંત્રોની દીક્ષા લેવામાં, ક્રૂર દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં, વાસ્તુયજ્ઞ કરવામાં, શત્રુઓ સાથે ઝઘડો કરી વિજય પ્રાપ્ત કરવાં, અન્ય લોકો પર ગુસ્સે થવામાં, કોઈ પણ પ્રકારની ખરીદી કે વેચાણ કરવામાં, નવા લેખ કે લેખનકાર્યની સરળતા અને સફળતા મેળવવા માટે, દરેક પદાર્થોનો ઉપયોગ કરવા માટે, પોતાના કાર્યોથી અન્ય લોકોનું ધ્યાન ખેંચવા, નવી જમીનની ખરીદી કરવામાં, ટેનામેન્ટ, એપાર્ટમેન્ટ બાંધવામાં, પાયાનું પ્રથમ ખાત મુહૂર્ત કરવામાં, અગત્યનાં દસ્તાવેજો બનાવવામાં, અગત્યની સહીઓ કરવામાં, ચેકબુકમાં રકમ ભરવા અને સહીઓ કરવા માટે, અન્ય લોકોનું ઋણ ચૂકવવા માટે, ઈંટો, કાષ્ટ, પથ્થરો, લોખંડ, ચૂનો-સિમેન્ટ વગેરેની ખરીદી માટે, ખેતીની જમીન ખેડવા માટે હીરા-ઝવેરાત, સુવર્ણાદી ધાતુઓની ખરીદી, દાગીના બનાવવા [illegible], રત્નો પર

સંશોધન વિભાગ

પહેલ પાડવામાં નવી પ્રોડક્ટસનું રિસર્ચ કરવામાં, બનાવવામાં, માર્કેટમાં લોન્ચ કરવામાં, માર્કેટિંગ કરવામાં ડિસપ્લે, પ્રમોશન, એડવર્ટાઈઝિંગ કરવામાં, મેડિકલ રિપ્રેઝેન્ટીવ્સોએ ડોક્ટરોને મળવામાં તથા પોતાની પ્રોડક્ટસ વિશે સમજાવવામાં, ડૉક્ટરોએ ક્રિટીકલ સર્જરી કરવામાં, સરકારી ઑફિસોએ દરોડા પાડવામાં, નવી કંપનીઓ રજિસ્ટર્ડ કરાવવામાં, ભાગીદારી કરાવવામાં, નવા ધંધાની શરૂઆત પ્રબળ કરવામાં, સ્ટાફની ભરતી કરવામાં, સરકારી ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલા દરેક કાર્યોની સફળતા માટે, નવી ઈન્ડસ્ટ્રીઝ, નવી મશીનરી, નવું યુનિટ શરૂ કરવામાં પ્રથમ વખત મશીનો ચાલુ ચાલુ કરવામાં, ઈલેક્શનમાં ફોર્મ્સ કરવા, લોકોને પ્રભાવશાળી રાજનીતિક ભાષણો આપવામાં અને લોકોને પોતાના પ્રભાવમાં લાવવા માટે સત્તા કે વિજય પ્રાપ્ત કરવા માટે, દરિયાઈ મુસાફરીમાં સી-સીકનેશથી બચવા માટે, પર્વતો પર ટ્રેકિંગ કરવામાં, કસરતો અને આસનો કરવા માટે, ગુન્હેગારોને પકડવા અને તેમને સજા અપાવવા માટે, પોતાના વાહનોમાં બેસવા માટે, ચલાવવામાં, વકીલોએ પોતાની દલીલોને પ્રભાવશાળી બનાવવા તેમ જ અસીલોને વિજય અપાવવા માટે, પરદેશથી પરત ફરવામાં, ઍન્જિનિયરિંગ , ટેક્નોલૉજી, સાયન્સ જેવા જટિલ વિષયો શીખવા માટે, સમજવા માટે, નાસ્તા-ભોજન લેવામાં, હાર્ડ ડ્રિંક્સ લેવામાં, શરદી અને અન્ય કફજન્ય બીમારીઓ મટાડવા જેવા અનેક કાર્યોમાં સૂર્યસ્વર પૂર્ણ સફળતા આપે છે.

ઈડા નાડી : દરેક પ્રકારના શુભ અને પુષ્ટિદાયક કર્મો ચંદ્ર સ્વરમાં સફળતા મેળવે છે.

શરીરમાં કોઈ પણ પ્રકારનું ફુડ પોઈઝનિંગ, એલર્જી, ઝેરી ડંખ, જખમ, જેવી કોઈ પણ તકલીફોમાં ચંદ્ર સ્વરને ગતિમાન કરવાથી મેડિકલ ઈમર્જન્સી મળે ત્યાં સુધી કુદરતી સહાય મેળવી શકાય છે. (ડાબા નસકોરાં દ્વારા શ્વાસોશ્વાસ લેવા).

દરેક પૂજા ઉપાસના-વ્રત, જપ, જે સાત્વિકતા

(અનસંધાન પાનું ૨૩૩)

સર્વતોભદ્ર ચક્ર...

(૧૨૩માં પાનાથી ચાલુ)

સર્વતોભદ્ર ચક્ર દ્વારા વેધફળ વાસ્તવમાં, ગોચરફળ જ છે, પરંતુ આ ગોચરફળ અતિસૂક્ષ્મ રહે છે. વેધફળનો નિર્ણય કરતી વખતે વેધફળનું પ્રમાણ પણ જાણવું જોઈએ. આ માટે ગ્રહનો પોતે જે રાશિ પર હોય તે રાશિ સાથેનો સંબંધ તથા જેના પર વેધ પડતો હોય તેની રાશિ સાથેનો સંબંધ ધ્યાન પર લેવાનો રહે. ઘટતો સમન્વય કરીને વેધફળ નક્કી કરવું જોઈએ. અન્ય ગ્રહનોના વેધ સાથે ચંદ્રનો વેધ ઉમેરાય ત્યારે જ ખરેખર વેધળનો આવિર્ભાવ થાય છે એ ભૂલવું નહીં.

શુભ ગ્રહ	વેધ ફળ	અશુભ ફળ	વેધ ફળ
સ્વરાશિ પર	૧૦૦%	સ્વરાશિ પર	૨૫%
મિત્રરાશિ પર	૭૫%	મિત્રરાશિ પર	૫૦%
સમરાશિ પર	૫૦%	સમરાશિ પર	૭૫%
શત્રુરાશિ પર	૨૫%	શત્રુરાશિ પર	૧૦૦%

શુભ ગ્રહની વિધ્ધ પર	વેધફળ	અશુભ ગ્રહની વિધ્ધ પર	વેધફળ
પૂર્ણ દૃષ્ટિ	૧૦૦%	પૂર્ણ દૃષ્ટિ	૪૮%
ત્રિપાદ દૃષ્ટિ	૪૫%	ત્રિપાદ દૃષ્ટિ	૩૬%
દ્વિપાદ દૃષ્ટિ	૩૦%	દ્વિપાદ દૃષ્ટિ	૨૪%
એકપાદ દૃષ્ટિ	૧૫%	એકપાદ દૃષ્ટિ	૧૨%

ક્રૂર ગ્રહોના વેધ સંબંધમાં :-

આપણા ઋષિમુનિઓ તથા જ્યોતિષશાસ્ત્રના અન્ય વિદ્વાનોએ સૂર્ય, મંગળ, શનિ, રાહુ તથા કેતુ આ પાંચ ગ્રહોને ક્રૂર તરીકે વર્ણવ્યા છે. બુધ સૌમ્ય ગ્રહ હોવા છતાં તે જ્યારે જ્યારે આ પાંચમાંના કોઈ પણ એક સાથે એ જ નક્ષત્રમાં, એક જ પાદમાં એટલે એક જ નવમાંશમાં સાથે હોય ત્યારે બુધને પણ ક્રૂર ગ્રહ ગણવામાં આવેલ છે. આ ક્રૂર ગ્રહોના વેધ માટે વેધ ઉપરાંત બીજી એક વિશેષતા દર્શાવવામાં આવી છે અને તેના નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ પ્રકાર છે.

(૧) દગ્ધ : ક્રૂર ગ્રહ જે નક્ષત્રને ભોગવી ગયેલ હોય તેને તથા જે નક્ષત્રને વેધ કરી ગયેલ હોય તેને, આ બેઉ નક્ષત્રોને દગ્ધ કહેવાય છે.

(૨) જ્વલિત : ક્રૂર ગ્રહ જે નક્ષત્રમાં હોય તથા તે જે નક્ષત્રને વેધ કરતો હોય તે બેઉ નક્ષત્રોને જ્વલિત કહેવામાં આવેલ છે.

(૩) ધૂમિત : ક્રૂર ગ્રહ હવે પછી જે નક્ષત્રમાં જવાનો હોય તેને તથા તે જે નક્ષત્રને વેધ કરવાનો હોય, તે બેઉ નક્ષત્રોને ધૂમિત કહેવાય છે.

આ નિયમો સૂર્ય-મંગળ, શનિ તથા રાહુ-કેતુ માટેના છે. બુધ તો આ પાંચમાંના કોઈ પણ એક સાથે એક નક્ષત્રમાં, એક ચરણમાં (એક જ નવમાંશમાં) સાથે હોય તેટલા સમય પૂરતો જ ક્રૂર બને છે. તે સિવાય તેની ગણના સૌમ્ય ગ્રહ તરીકે જ કરવામાં આવી છે. બુધ યોગથી થતા દગ્ધ, જ્વલિત અને ધૂમિત યોગોના તો તેની સાથેના ગ્રહના આવા યોગોમાં જ સમાઈ જાય છે. ક્રૂર ગ્રહોના થતા આ ત્રણે યોગો તે તે ગ્રહના સ્વભાવ, બળાબળ, અધિકાર, કારકત્વ વગેરે અનુસાર ફળ આપે છે અને તે અનુભવે છે.

આવા દગ્ધ, જ્વલિત અને ધુમિત નક્ષત્રો ઉપરથી ચંદ્ર પસાર થતાં તે તે નક્ષત્રો શુદ્ધ થઈ જાય છે. પછી તેનું 'અશુભત્વ' રહેતું નથી, તેથી તે નક્ષત્રો મુહૂર્તમાં પસંદ કરી શકાય.

નિર્જીવો માટે : નિર્જીવ ચીજવસ્તુઓ અંગે સર્વતોભદ્ર ચક્ર પરથી ખાસ તો તેજી-મંદીનો નિર્ણય કરવાનો હોય છે. અશુભ ગ્રહોનો વેધ જે તે ચીજવસ્તુની ભાવસપાટી ઊંચે જવાનું તથા શુભ ગ્રહોનો વેધ જે તે ચીજવસ્તુની ભાવસપાટી નીચે જવાનું સૂચવે છે. તેજી-મંદીનું પ્રમાણ નક્કી કરવા માટે ઉપર જણાવેલા નિયમોને જ અનુસરવું.

પ્રદેશો માટે : સર્વતોભદ્ર ચક્ર કૃતિકા નક્ષત્રથી શરૂ થાય છે ને ભરણી નક્ષત્ર પર પૂર્ણ થાયછે. સગવડતા ખાતર અભિજિત નક્ષત્ર આમાં લીધું પણ તેને જુદું ગણતરીમાં લેવાનું નથી. આમ ૨૭ નક્ષત્રો થશે. ક્રમાનુસાર ૩-૩ નક્ષત્રો લઈને ૯ વિભાગ પાડી શકાય. આ ૯ વિભાગો ક્રમશઃ મધ્ય ભાગ, પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર, ઈશાન દિશાઓ દર્શાવે છે. જે તે ગ્રહ પોતાની પ્રકૃતિ પ્રમાણે વિવિધ પ્રદેશો પર અસરો ઊભી કરતા જોવા મળે છે ને આ અસરો ગ્રહોનો વેધ જે નક્ષત્રો પર પડે તે નક્ષત્ર સૂચિત દિશાઓમાં અનુભવાય છે. ધારો કે કોઈ ખાસ વિસ્તાર-પ્રદેશ-શહેર-પ્રાંત-દેશ વગેરેનું વેધફળ જાણવું હોય તો તેના પ્રચલિત નામનો પ્રથમ અક્ષર કયા નક્ષત્રમાં આવે છે તે જોવું. એ નક્ષત્રથી શરૂઆત કરીને ૩-૩ નક્ષત્રોના વિભાગો દ્વારા તેટલા પૂરતું ઉપર જણાવ્યા પ્રમાણે દિશાઓ નિયત કરી લેવી અને એ પ્રમાણે ગ્રહોના વેધ પરથી પ્રાદેશિક ફળ જાણવું. શરૂઆતનાં ૪ નક્ષત્રો તથા ૧૪મું-૧૮મું-૨૫મું નક્ષત્ર જ્યારે કોઈ પણ ગ્રહથી વેધાય છે ત્યારે વેધ અનુસાર સારો કે નરસો નોંધપાત્ર બનાવ બનવાનો પૂરો સંભવ રહે છે અને નોંધપાત્ર બનાવોનો એ સિવાય સંભવ નહીંવત્ હોય છે.

સર્વતોભદ્ર ચક્ર દ્વારા પ્રશ્નફળ

વિવિધ પ્રશ્નો ઉદ્ભવતી વખતે તાત્કાલિક ફળકથન માટે સામાન્ય રીતે પ્રશ્નકુંડળીઓ મૂકી ફળકથન કરવામાં આવે છે. જોકે પ્રશ્નકુંડળી પદ્ધતિ વૈજ્ઞાનિક નથી અને ગળે ઊતરે તેવી નથી. એમાં ઘણા ગૂંચવાડાઓ ઊભા થાય છે. સમાધાન મળતાં નથી. સર્વતોભદ્ર ચક્ર દ્વારા પ્રશ્નફળ જાણી શકાય છે, પરંતુ તે તરફેણમાં કે વિરુદ્ધમાં એટલું જ જાણી શકાય છે. એટલે કે પ્રશ્નકર્તા પ્રશ્નનો પ્રથમ અક્ષર તથા તે અનુસાર થતા નક્ષત્ર-તિથિ-રાશિ-અક્ષર-સ્વર વગેરે પરના વેધ તપાસી પ્રશ્નફળ જાણવું. પ્રશ્નના પ્રથમાક્ષરાદિને અશુભ ગ્રહનો વેધ હોય તો ઉત્તર વિરુદ્ધમાં ને શુભ ગ્રહનો વેધ હોય તો ઉત્તર તરફેણમાં જાણવો.

અસ્ત દિશા જ્ઞાન

સર્વતોભદ્ર ચક્રમાં વૃષભ-મિથુન-કર્ક પૂર્વમાં, સિંહ-કન્યા-તુલા દક્ષિણમાં, વૃશ્ચિક-ધન-મકર પશ્ચિમમાં તથા કુંભ-મીન-મેષ ઉત્તરમાં રહે છે. અહીં સૂર્ય જે દિશામાં હોય તે દિશામાં રહેલી બધી રાશિઓ અસ્ત પામે છે. સર્વતોભદ્ર ચક્રમાં પોતાની રાશિ અસ્તની હોય તે વખતે જાતકે એ રાશિ સર્વતોભદ્ર ચક્ર પ્રમાણે જે દિશામાં હોય તે દિશામાં સ્થળાંતર કદાપિ કરવું નહીં કેમ કે એમ કરતાં છેવટે કલ્યાણ થતું નથી. પોતાની રાશિ અસ્તની હોય તે સમયગાળા દરમિયાન જાતકે બહુ જ સજાગ-સભાન રહેવું. કેમ કે અન્ય પ્રકારે એ દરમિયાન પોતાના સફળતાથી આક્રમણ થઈ શકે છે ને અંત હાનિ પહોંચી શકે છે. દરેક જાતક માટે આવો સમયગાળો ૧ વર્ષમાં ૧ વાર સળંગ મહિનાનો આવે છે.

વેધની સમજ :-

આગળના પાનામાં દર્શાવેલ કોઠાઓમાં ત્રણ મુખ્ય ખાનાઓ છે અને દરેકની અંદર પેટા ખાનાઓ છે.

પહેલા મુખ્ય ખાનામાં વેધના ગ્રહો તથા નક્ષત્રો આપેલ છે. પહેલા પેટા ખાનામાં જણાવેલ ગ્રહ બીજા પેટા ખાનામાં જણાવેલ નક્ષત્રમાં છે અને ત્રીજા પેટા ખાનામાં જણાવેલા ગ્રહ ચોથા પેટા ખાનામાં જણાવેલ નક્ષત્રમાં છે. ગ્રહ, વકી હોતા R સંજ્ઞાથી, માર્ગી D સંજ્ઞાથી, શીઘ્ર હોતાં + સંજ્ઞાથી તેમ જ મધ્યમ ગતિનો થતાં M સંજ્ઞાથી દર્શાવેલ છે. ગ્રહ શીઘ્ર કે મધ્યમ ગતિનો થાય તેનો સમય ચોક્કસ દર્શાવેલ છે. ગ્રહ શીઘ્ર કે મધ્યમ ગતિનો થાય તેનો સમય ચોક્કસ થઈ શકતો ન હોવાથી સમયના કલાક-મિનિટની કોલમમાં ગ્રહનો અક્ષર તથા શીઘ્ર માટે + તથા મધ્યમ ગતિ માટે M નિશાનીથી દર્શાવેલ છે.

બીજા મુખ્ય ખાનામાં નક્ષત્ર વેધના સમયના આરંભ તથા સમાપ્તિકાળ, તારીખ, કલાક, મિનિટમાં છે.

ત્રીજા મુખ્ય ખાનામાં નક્ષત્ર, ચરણ, વેધના સમયના આરંભ તથા સમાપ્તિકાળ, તારીખ, કલાક-મિનિટમાં આપેલા છે તથા તે સમયે વેધના ગ્રહો કયા નવમાંશમાં છે તે પણ જુદા ખાનામાં દર્શાવેલ છે. પહેલા ખાનાનો ગ્રહ નવમાંશના પહેલા ખાનામાં જણાવેલ નવમાંશમાં તથા ત્રીજા ખાનાનો ગ્રહ બીજા ખાનામાં જણાવેલ નવમાંશમાં છે.

દરેક વખતે વધકર્તા ગ્રહ-એક અથવા બે-ને વેધના કોઠાઓમાં કાળા અક્ષરથી દર્શાવવામાં આવેલ છે. બન્નેનો પરસ્પર થતો વેધ હોય છે ત્યારે બંને ગ્રહોને કાળા અક્ષરોમાં છાપવામાં આવેલ છે તથા જ્યારે વેધ થતો નથી છતાં ગ્રહો તે જ નક્ષત્રમાં સ્થિત રહેતા હોય છે ત્યારે બન્ને ગ્રહોને નાના અક્ષરોમાં છાપેલ છે.

બૃહજ્જાતક અને પરાશરી દૃષ્ટિએ રાજયોગોનું મહત્વ

લેખક : શ્રી વસંતલાલ એમ. સોમપુરા
સ્વપ્નીલ સોસાયટી, એ/૫, ફ્લેટ નં. ૪૦૩, શાંતિનગર, સેક્ટર-૭,
મીરા રોડ, જિ. થાણા. ફોન : ૨૮૧૦૬૨૦૧.

પ્રાચીન ગ્રંથોમાં આપેલ રાજયોગોની માહિતીને સરળતાથી સમજાવવાનો લેખકે અહીં પ્રયત્ન કર્યો છે. ઉદાહરણ આપી રાજયોગની શુભ-અશુભ સમજણ આપી હોવાથી વિદ્યાર્થી વર્ગને જરૂર ગમશે.

પ્રાચીન સમયમાં રાજાઓ થતા હતા. તે સમયે રાજાના દરબારમાં રાજ જ્યોતિષીઓ હતા. રાજાઓ દરેક સમયે રાજ-જ્યોતિષીઓની સલાહ લેતા હતા.

પ્રાચીન ગ્રંથકારોએ તેમના ગ્રંથોમાં અનેક રાજયોગોનું વર્ણન કર્યું છે. આ બધાનું વર્ણન અને વિવરણ કરીએ તો કદાચ ઘણાં પુસ્તકો લખાય. કોઈ પણ ગ્રંથ એવો નથી કે જેમાં રાજયોગોનો ઉલ્લેખ ન હોય.

આધુનિક યુગમાં રાજયોગોનું મૂલ્યાંકન બીજી રીતે કરવું પડશે. જન્મકુંડળીમાં થતા રાજયોગો જાતકને નાના પાયા પરથી જીવનના ઉચ્ચ શિખરે લઈ જાય છે. સામાન્ય માનવી અસામાન્ય બની જાય છે. તેના જ્વલંત ઉદાહરણોમાં અમેરિકાના પહેલા અશ્વેત પ્રમુખ બરાક હુસેન ઓબામા, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામ સાહેબ, માયાવતી, સ્વ.જગજીવનરામ, ધીરૂભાઈ અંબાણી, નરેન્દ્ર મોદી વગેરે આવાં ઘણાં નામો આપી શકાય.

રાજકીય ક્ષેત્રોમાં ઊંચું પદ, ઊંચો હોદ્દો કે સરકારી કે અર્ધ સરકારી નોકરીઓમાં, ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉચ્ચપદ જાતક રાજયોગો થવાથી મેળવે છે. જાતક સત્તા, ધન અને વૈભવ ભોગવે છે. ટૂંકમાં રાજયોગો જાતકને સત્તાવાન, ધનવાન અને વૈભવી જીવન આપે છે.

બૃહજ્જાતક ગ્રંથ અને રાજયોગો

જેના જન્મ સમયે ત્રણ કે ત્રણથી વધારે ગ્રહો પોતાના ઉચ્ચ સ્થાનમાં રહેલા હોય તો રાજા થાય છે. આ ઉચ્ચ ગ્રહોમાં શુભગ્રહો પણ હોઈ શકે અને ક્રૂર ગ્રહો પણ હોઈ શકે. આમાં યવનમત અને જીવશર્માના મતો જુદા જુદા છે.

યવનમત અનુસાર રાજયોગો

જો શુભ ગ્રહો ઉચ્ચના હોય તો જાતક સુબુદ્ધિશાળી રાજા થાય છે અને પાપગ્રહો ઉચ્ચના થતા હોત તો જાતક કુબુદ્ધિશાળી રાજા થાય છે. જો ક્રૂર અને શુભ ગ્રહો ઉચ્ચના થયા હોય તો પાપબુદ્ધિ અને સુબુદ્ધિશાળી રાજા થાય છે.

જીવશર્માના મતથી રાજયોગો

પોતાના ઉચ્ચ સ્થાનોમાં ક્રૂર ગ્રહો હોવાથી તે રાજા નહીં પણ રાજતુલ્ય ધનવાન થાય છે. આ જીવશર્માનો સિદ્ધાંત છે.

બત્રીસ પ્રકારના રાજયોગો

(૧) મંગળ, શનિ, સૂર્ય અને ગુરૂ - આ ચારેય ગ્રહો પોતાના ઉચ્ચ સ્થાનોમાં રહીને પરસ્પર પ્રત્યેક લગ્નમાં રહેલા હોય તો ચાર રાજયોગો થાય છે.

(૨) મંગળ, શનિ, સૂર્ય અને ગુરૂ - આ ચાર ગ્રહોમાંથી ત્રણ ગ્રહો પોતાના ઉચ્ચ સ્થાનોમાં રહી ને પરસ્પર પ્રત્યેક લગ્નમાં હોય તો બાર રાજયોગો થાય છે.

(૩) મંગળ, શનિ, સૂર્ય અને ગુરૂ - આ ચાર ગ્રહોમાંથી બે ગ્રહો પોતાના ઉચ્ચ સ્થાનમાં રહીને અંદરોઅંદર દરેક લગ્નમાં રહેલા હોય અને ચંદ્ર સ્વગૃહી હોય તો બાર રાજયોગો થાય છે. (આ રાજયોગોમાં ચંદ્ર સ્વગૃહી હોવો જોઈએ.)

(૪) મંગળ, શનિ, સૂર્ય અને ગુરૂ આ ચાર ગ્રહોમાંથી કોઈ પણ એક ગ્રહ ઉચ્ચનો થઈ લગ્નમાં રહેલો હોય અને ચંદ્ર સ્વગૃહી હોય તો ચાર રાજયોગો થાય છે.

(૫) વર્ગોત્તમી લગ્ન હોય અને એને ચંદ્ર સિવાય બીજા ચાર-ચાર ગ્રહો, પાંચ પાંચ ગ્રહો તથા છ છ ગ્રહો જોતા હોય તો બાવીસ રાજયોગ થાય છે.

(૬) વર્ગોત્તમી ચંદ્ર હોય અને એને બીજા ચાર-ચાર ગ્રહો, પાંચ પાંચ ગ્રહો તથા છ છ ગ્રહો જોતા હોય તો બાવીસ રાજયોગ થાય છે.

(૭) વધૂપડતા ગ્રહો સ્વગૃહી કે ઉચ્ચના થતા હોય તો રાજયોગનું ફળ આપે છે.

આ સિવાય બીજા અનેક રાજયોગો બૃહજ્જાતક ગ્રંથના ૧૧મા અધ્યાયમાં આપેલ છે.

કેન્દ્રમાં બળવાન શુભગ્રહો ઉચ્ચના કે સ્વગૃહી થતા હોય તો રાજયોગ કરે છે.

અધિયોગ

બૃહજ્જાતક ગ્રંથના ચંદ્ર યોગાધ્યાય અધ્યાય-૧૩ શ્લોક ૨માં અધિયોગ યોગ આપેલો છે તે પણ એક પ્રકારનો રાજયોગ છે.

જન્મકુંડળીમાં ચંદ્રના સ્થાનથી છઠ્ઠા, સાતમા અને આઠમા એ ત્રણેમાં કે બેમાં અથવા એક જ સ્થાનમાં બધા જ શુભગ્રહો રહેલા હોય તો અધિયોગ થાય છે. આ અધિયોગ સાત પ્રકારે થાય છે. જેમ કે છઠ્ઠા સ્થાનમાં બધા શુભ ગ્રહો એક, સાતમા સ્થાનમાં બધા જ શુભ ગ્રહો બે, આઠમા સ્થાનમાં બધા શુભ ગ્રહો ત્રણ, છઠ્ઠા અને સાતમા સ્થાનમાં બધા શુભ ગ્રહો ચાર, સાતમા અને આઠમા સ્થાનમાં બધા શુભ ગ્રહો પાંચ, છઠ્ઠા અને આઠમા સ્થાનમાં બધા શુભ ગ્રહો છ અને છઠ્ઠા, સાતમા અને આઠમા સ્થાનમાં બધા શુભ ગ્રહો -

સંશોધન વિભાગ

આ અધિયોગમાં જન્મ હોય તો સેનાપતિ, મંત્રી કે રાજા થાય છે.

આ અધિયોગ કરનારા ગ્રહો પાપગ્રહના સમાગમ કે દૃષ્ટિ વગરના હોવા જોઈએ અને બળવાન હોવા જોઈએ અને અસ્તના ના હોવા જોઈએ.

સુનફા, અનફા અને દુર્ધરા યોગો

બૃહજ્જાતક ગ્રંથમાં આપેલ સુનફા, અનફા અને દુર્ધરા યોગો પણ રાજયોગનું ફળ આપે છે.

જન્મકુંડળીમાં ચંદ્રથી બીજા સ્થાનમાં સૂર્ય સિવાય કોઈ પણ ગ્રહ રહેલો હોય તો સુનફા યોગ થાય છે.

જન્મકુંડળીમાં ચંદ્રથી બારમા સ્થાનમાં સૂર્ય સિવાય કોઈ પણ ગૃહ રહેલો હોય તો અનફા યોગ થાય છે.

જન્મકુંડળીમાં ચંદ્રથી બીજા અને બારમા સ્થાનમાં સૂર્ય સિવાય કોઈ પણ ગ્રહ રહેલા હોય તો દુર્ધરા યોગ થાય છે.

નાભસ યોગોમાં રાજયોગો

બૃહજ્જાતક ગ્રંથમાં બારમો અધ્યાય નાભસ યોગમાં કેટલાક યોગો રાજયોગનું ફળ આપે છે જે નીચે પ્રમાણે છે : (૧) અર્ધચંદ્ર યોગ, (૨) ચક્ર યોગ, (૩) સમુદ્ર યોગ.

અર્ધચંદ્ર યોગ

કેન્દ્રાદિ સ્થાનો છોડીને પણફર અને આપોક્લિમ સ્થાનોથી સાત સાત સ્થાનોમાં ગ્રહો રહેલ હોય તો અર્ધચંદ્ર નામનો યોગ થાય છે.

અર્ધચંદ્ર યોગ પણ એક રાજયોગનું ફળ આપે છે.

ચક્ર યોગ

લગ્નથી ૧૧ ભાવ સુધી એક-એક ભાવ છોડીને

૧-૩-૫-૭-૯-૧૧ ભાવોમાં બધા ગ્રહો આવે તો ચક્ર નામનો યોગ થાય છે. ચક્ર યોગમાં જન્મેલ જાતક રાજાઓ પાસે પણ પોતાના પગ પૂજાવે છે.

સમુદ્ર યોગ

ધનભાવથી બારમા ભાવ સુધી એક એક સ્થાન છોડીને એટલે કે ૨-૪-૬-૮-૧૦ અને બારમા ભાવમાં બધા ગ્રહો આવે તો સમુદ્ર નામનો યોગ થાય છે. સમુદ્ર યોગમાં જન્મનાર ધનવાન, પુત્રવાન, રાજા જેવો અને ભોગી થાય છે.

ગજકેસરી યોગ

વરાહમિહિરે બૃહજ્જાતક ગ્રંથમાં ગજકેસરી યોગ ઉપર કંઈ જ લખ્યું નથી. પારાશર હોરાશાસ્ત્ર અધ્યાય-૩૪ શ્લોક ૩ અને ૪માં ગજકેસરી યોગ બાબતમાં દર્શાવ્યું છે. ગજકેસરી યોગ એક પ્રકારનો રાજયોગ છે. ચંદ્રથી ગુરુ કેન્દ્રમાં હોવો જોઈએ. આ યોગ જો કેન્દ્રમાંથી થાય અને ચંદ્ર અને ગુરુ બળવાન હોય તો ગજકેસરી યોગ રાજયોગનું ફળ આપે છે.

ગજકેસરી યોગમાં જન્મેલ જાતક તેજસ્વી, બુદ્ધિવાન, ધનવાન, રાજ્ય તરફથી પદ, પ્રતિષ્ઠા તેમ જ સન્માન પ્રાપ્ત કરવાવાળો હોય છે. જીવનમાં ઉચ્ચ પદે સફળતા મેળવે છે તથા રાજ્યની સેવામાં ઉન્નતિ કરે છે. નામ પ્રમાણે ગજકેસરી યોગવાળો જાતક સભામાં પોતાનું વર્ચસ્વ જમાવે છે.

પંચમહાપુરુષ યોગો

મંત્રેશ્વરે તેમના ફલદીપિકા ગ્રંથમાં અધ્યાય-૬ શ્લોક-૧માં પંચમહાપુરુષ યોગોનું વર્ણન કરેલ છે જે એક પ્રકારના રાજયોગો છે. ઘણાખરા રાજકારણીઓ તેમ જ એડમિનિસ્ટ્રેટરોમાં એકથી વધારે પંચમહાપુરુષ યોગો જોવામાં આવે છે.

રુચક યોગ

જન્મકુંડળીમાં મંગળ જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈ કેન્દ્રમાં હોય તો રુચક નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

ભદ્ર યોગ

જન્મકુંડળીમાં બુધ જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈને કેન્દ્રમાં હોય તો ભદ્ર નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

હંસ યોગ

જન્મકુંડળીમાં ગુરુ જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈને કેન્દ્રમાં હોય તો હંસ નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

માલવ્ય યોગ

જન્મકુંડળીમાં શુક્ર જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈને કેન્દ્રમાં હોય તો માલવ્ય નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

શશ યોગ

જન્મકુંડળીમાં શનિ જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈને કેન્દ્રમાં હોય તો શશ નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

સ્ટેલીનની કુંડળીમાં રુચક અને માલવ્ય યોગ છે. ડૉ. રાધાકિશનની કુંડળીમાં ભદ્ર યોગ, મોતીલાલ નહેરુની કુંડળીમાં હંસ યોગ, જવાહરલાલ નહેરુની કુંડળીમાં માલવ્ય યોગ અને સરદાર પટેલની કુંડળીમાં શશ અને રુચક યોગ છે.

વિપરીત રાજયોગ

છઠ્ઠા, આઠમા અને બારમાના સ્થાનોને ખાડાના સ્થાનો (અશુભ સ્થાનો) કહેવામાં આવ્યા છે. આ છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાન અધિપતિઓ છઠ્ઠે, આઠમે અને બારમે રહ્યા હોય તો તેને વિપરીત રાજયોગ કહેવામાં આવે છે.

જ્યોતિષશાસ્ત્રના નિયમ પ્રમાણે છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાન અધિપતિઓ જે સ્થાનમાં બેસે તે સ્થાનનું ફળ ખરાબ કરે છે. છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાનના અધિપતિઓ છઠ્ઠે, આઠમે અને બારમે બેસવાથી આપણા કેન્દ્રસ્થાનો અને ત્રિકોણ સ્થાનો સુરક્ષિત રહે છે. એટલે આ સ્થાનો બગડતા નથી તેથી આને વિપરીત રાજયોગ કહે છે.

પારાશરના મતે રાજયોગો

પારાશર મુનિએ બૃહત પારાશરી તથા લઘુ પારાશરીમાં રાજયોગોને અલગ રીતે વર્ણવ્યા છે.

કેન્દ્રસ્થાનો એ વિષ્ણુસ્થાનો છે અને ત્રિકોણ સ્થાનો એ લક્ષ્મીસ્થાનો છે. વિષ્ણુ અને લક્ષ્મીનો સંબંધ એટલે કેન્દ્ર અને ત્રિકોણનો સંબંધ રાજયોગ કરે છે. કેન્દ્ર અને ત્રિકોણનો સંબંધ ચાર પ્રકારે થાય છે.

(૧) કેન્દ્ર-ત્રિકોણના સ્થાનોના અધિપતિઓની યુતિ.

(૨) કેન્દ્ર-ત્રિકોણ સ્થાનના અધિપતિઓ વચ્ચે પરિવર્તન યોગ.

(૩) કેન્દ્ર-ત્રિકોણ સ્થાનના અધિપતિઓની પરસ્પર દૃષ્ટિ.

(૪) કેન્દ્ર-ત્રિકોણ સ્થાનના અધિપતિની એકતર દૃષ્ટિ.

આ રીતે કેન્દ્ર-ત્રિકોણના સ્થાનના અધિપતિઓનો સંબંધ રાજયોગનું સર્જન કરે છે.

કેન્દ્ર-ત્રિકોણના રાજયોગ કરતા અધિપતિઓ જો અશુભ સ્થાનોના માલિકો થાય તો રાજયોગનું ફળ મળતું નથી. લઘુ પારાશરીમાં કેટલાક હલક પ્રકારના રાજયોગ અને નિષ્ફળ રાજયોગોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

દરેક લગ્નમાં આવતા રાજયોગોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. (૧) સફળ રાજયોગો, (૨) હલકા રાજયોગો (રાજયોગનું ઓછું ફળ આપનાર) (૩) નિષ્ફળ રાજયોગો નિષ્ફળ રાજયોગો રાજયોગનું ફળ મળતું નથી.

લગ્ન	સફળ રાજયોગ	હલકા પ્રકારના રાજયોગો	નિષ્ફળ રાજયોગો
મેષ લગ્ન	(૧) સૂ-મં (૨) સૂ-ચં	(૧) સૂ.-શ. (૨) સૂ-શુ (૩) મં-ગુ (૪) ચં-ગુ	(૧) ગુ.-શ. (૨) ગુ-શુ
વૃષભ લગ્ન	(૧) શનિ (૨) શ-બુ (૩) સૂ-શ	(૧) મં.-શ. (૨) શુ-શ (૩) સૂ-બુ	(૧) શુ-બુ (૨) મં-બુ
મિથુન લગ્ન	(૧) બુ-શુ	--	(૧) ગુ-શુ (૨) ગુ-શ (૩) બુ-શ
કર્ક લગ્ન	(૧) મંગળ (૨) ચં-મં	(૧) મં.-શ. (૨) ચં-ગુ (૩) મં-શુ (૪) મં-ગુ	(૧) ગુ-શુ (૨) ગુ-શ
સિંહ લગ્ન	(૧) મંગળ (૨) સૂ-મં	(૧) સૂ-ગુ (૨) મં-શુ (૩) મં-ગુ	(૧) મં-શ (૨) ગુ-શુ (૩) ગુ-શ
કન્યા લગ્ન	(૧) બુ-શુ	(૧) બુ-શ	(૧) ગુ-શુ (૨) ગુ-શ
તુલા લગ્ન	(૧) શનિ (૨) શુ-શ (૩) બુ-શ (૪) ચં-શ (૫) ચં-બુ (૬) બુ-શુ	(૧) મં-શ	(૧) મં-બુ

બૃહજ્જાતક અને પરાશરી દષ્ટિએ રાજયોગોનું મહત્વ

લેખક : શ્રી વસંતલાલ એમ. સોમપુરા
સ્વપ્નીલ સોસાયટી, એ/૫, ફ્લેટ નં. ૪૦૩, શાંતિનગર, સેક્ટર-૭, મીરા રોડ, જિ. થાણા. ફોન : ૨૮૧૦૬૨૦૧.

પ્રાચીન ગ્રંથોમાં આપેલ રાજયોગોની માહિતીને સરળતાથી સમજાવવાનો લેખકે અહીં પ્રયત્ન કર્યો છે. ઉદાહરણ આપી રાજયોગની શુભ-અશુભ સમજણ આપી હોવાથી વિદ્યાર્થી વર્ગને જરૂર ગમશે.

સંશોધન વિભાગ

પ્રાચીન સમયમાં રાજાઓ થતા હતા. તે સમયે રાજાના દરબારમાં રાજ જ્યોતિષીઓ હતા. રાજાઓ દરેક સમયે રાજ-જ્યોતિષીઓની સલાહ લેતા હતા.

પ્રાચીન ગ્રંથકારોએ તેમના ગ્રંથોમાં અનેક રાજયોગોનું વર્ણન કર્યું છે. આ બધાનું વર્ણન અને વિવરણ કરીએ તો કદાચ ઘણાં પુસ્તકો લખાય. કોઈ પણ ગ્રંથ એવો નથી કે જેમાં રાજયોગોનો ઉલ્લેખ ન હોય.

આધુનિક યુગમાં રાજયોગોનું મૂલ્યાંકન બીજી રીતે કરવું પડશે. જન્મકુંડળીમાં થતા રાજયોગો જાતકને નાના પાયા પરથી જીવનના ઉચ્ચ શિખરે લઈ જાય છે. સામાન્ય માનવી અસામાન્ય બની જાય છે. તેના જ્વલંત ઉદાહરણોમાં અમેરિકાના પહેલા અશ્વેત પ્રમુખ બરાક હુસેન ઓબામા, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામ સાહેબ, માયાવતી, સ્વ.જગજીવનરામ, ધીરૂભાઈ અંબાણી, નરેન્દ્ર મોદી વગેરે આવાં ઘણાં નામો આપી શકાય.

રાજકીય ક્ષેત્રોમાં ઊંચું પદ, ઊંચો હોદ્દો કે સરકારી કે અર્ધ સરકારી નોકરીઓમાં, ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉચ્ચપદ જાતક રાજયોગો થવાથી મેળવે છે. જાતક સત્તા, ધન અને વૈભવ ભોગવે છે. ટૂંકમાં રાજયોગો જાતકને સત્તાવાન, ધનવાન અને વૈભવી જીવન આપે છે.

બૃહજ્જાતક ગ્રંથ અને રાજયોગો

જેના જન્મ સમયે ત્રણ કે ત્રણથી વધારે ગ્રહો પોતાના ઉચ્ચ સ્થાનમાં રહેલા હોય તો રાજા થાય છે. આ ઉચ્ચ ગ્રહોમાં શુભગ્રહો પણ હોઈ શકે અને ક્રૂર ગ્રહો પણ હોઈ શકે. આમાં યવનમત અને જીવશર્માના મતો જુદા જુદા છે.

યવનમત અનુસાર રાજયોગો

જો શુભ ગ્રહો ઉચ્ચના હોય તો જાતક સુબુદ્ધિશાળી રાજા થાય છે અને પાપગ્રહો ઉચ્ચના થતા હોત તો જાતક કુબુદ્ધિશાળી રાજા થાય છે. જો ક્રૂર અને શુભ ગ્રહો ઉચ્ચના થયા હોય તો પાપબુદ્ધિ અને સુબુદ્ધિશાળી રાજા થાય છે.

જીવશર્માના મતથી રાજયોગો

પોતાના ઉચ્ચ સ્થાનોમાં ક્રૂર ગ્રહો હોવાથી તે રાજા નહીં પણ રાજતુલ્ય ધનવાન થાય છે. આ જીવશર્માનો સિદ્ધાંત છે.

બત્રીસ પ્રકારના રાજયોગો

(૧) મંગળ, શનિ, સૂર્ય અને ગુરુ - આ ચારેય ગ્રહો પોતાના ઉચ્ચ સ્થાનોમાં રહીને પરસ્પર પ્રત્યેક લગ્નમાં રહેલા હોય તો ચાર રાજયોગો થાય છે.

(૨) મંગળ, શનિ, સૂર્ય અને ગુરુ - આ ચાર ગ્રહોમાંથી ત્રણ ગ્રહો પોતાના ઉચ્ચ સ્થાનોમાં રહી ને પરસ્પર પ્રત્યેક લગ્નમાં હોય તો બાર રાજયોગો થાય છે.

(૩) મંગળ, શનિ, સૂર્ય અને ગુરુ - આ ચાર ગ્રહોમાંથી બે ગ્રહો પોતાના ઉચ્ચ સ્થાનમાં રહીને અંદરોઅંદર દરેક લગ્નમાં રહેલા હોય અને ચંદ્ર સ્વગૃહી હોય તો બાર રાજયોગો થાય છે. (આ રાજયોગોમાં ચંદ્ર સ્વગૃહી હોવો જોઈએ.)

(૪) મંગળ, શનિ, સૂર્ય અને ગુરુ આ ચાર ગ્રહોમાંથી કોઈ પણ એક ગ્રહ ઉચ્ચનો થઈ લગ્નમાં રહેલો હોય અને ચંદ્ર સ્વગૃહી હોય તો ચાર રાજયોગો થાય છે.

(૫) વર્ગોત્તમી લગ્ન હોય અને એને ચંદ્ર સિવાય બીજા ચાર-ચાર ગ્રહો, પાંચ પાંચ ગ્રહો તથા છ છ ગ્રહો જોતા હોય તો બાવીસ રાજયોગ થાય છે.

(૬) વર્ગોત્તમી ચંદ્ર હોય અને એને બીજા ચાર-ચાર ગ્રહો, પાંચ પાંચ ગ્રહો તથા છ છ ગ્રહો જોતા હોય તો બાવીસ રાજયોગ થાય છે.

(૭) વધુપડતા ગ્રહો સ્વગૃહી કે ઉચ્ચના થતા હોય તો રાજયોગનું ફળ આપે છે.

આ સિવાય બીજા અનેક રાજયોગો બૃહજ્જાતક ગ્રંથના ૧૧મા અધ્યાયમાં આપેલ છે.

કેન્દ્રમાં બળવાન શુભગ્રહો ઉચ્ચના કે સ્વગૃહી થતા હોય તો રાજયોગ કરે છે.

અધિયોગ

બૃહજ્જાતક ગ્રંથના ચંદ્ર યોગાધ્યાય અધ્યાય-૧૩ શ્લોક ૨માં અધિયોગ યોગ આપેલો છે તે પણ એક પ્રકારનો રાજયોગ છે.

જન્મકુંડળીમાં ચંદ્રના સ્થાનથી છઠ્ઠા, સાતમા અને આઠમા એ ત્રણેમાં કે બેમાં અથવા એક જ સ્થાનમાં બધા જ શુભગ્રહો રહેલા હોય તો અધિયોગ થાય છે. આ અધિયોગ સાત પ્રકારે થાય છે. જેમ કે છઠ્ઠા સ્થાનમાં બધા શુભ ગ્રહો એક, સાતમા સ્થાનમાં બધા જ શુભ ગ્રહો બે, આઠમા સ્થાનમાં બધા શુભ ગ્રહો ત્રણ, છઠ્ઠા અને સાતમા સ્થાનમાં બધા શુભ ગ્રહો ચાર, સાતમા અને આઠમા સ્થાનમાં બધા શુભ ગ્રહો પાંચ, છઠ્ઠા અને આઠમા સ્થાનમાં બધા શુભ ગ્રહો છ અને છઠ્ઠા, સાતમા અને આઠમા સ્થાનમાં બધા શુભ ગ્રહો -

આ અધિયોગમાં જન્મ હોય તો સેનાપતિ, મંત્રી કે રાજા થાય છે.

આ અધિયોગ કરનારા ગ્રહો પાપગ્રહના સમાગમ કે દષ્ટિ વગરના હોવા જોઈએ અને બળવાન હોવા જોઈએ અને અસ્તના ના હોવા જોઈએ.

સુનફા, અનફા અને દુર્ધરા યોગો

બૃહજ્જાતક ગ્રંથમાં આપેલ સુનફા, અનફા અને દુર્ધરા યોગો પણ રાજયોગનું ફળ આપે છે.

જન્મકુંડળીમાં ચંદ્રથી બીજા સ્થાનમાં સૂર્ય સિવાય કોઈ પણ ગ્રહ રહેલો હોય તો સુનફા યોગ થાય છે.

જન્મકુંડળીમાં ચંદ્રથી બારમા સ્થાનમાં સૂર્ય સિવાય કોઈ પણ ગૃહ રહેલો હોય તો અનફા યોગ થાય છે.

જન્મકુંડળીમાં ચંદ્રથી બીજા અને બારમા સ્થાનમાં સૂર્ય સિવાય કોઈ પણ ગ્રહ રહેલા હોય તો દુર્ધરા યોગ થાય છે.

નાભસ યોગોમાં રાજયોગો

બૃહજ્જાતક ગ્રંથમાં બારમો અધ્યાય નાભસ યોગમાં કેટલાક યોગો રાજયોગનું ફળ આપે છે જે નીચે પ્રમાણે છે : (૧) અર્ધચંદ્ર યોગ, (૨) ચક્ર યોગ, (૩) સમુદ્ર યોગ.

અર્ધચંદ્ર યોગ

કેન્દ્રાદિ સ્થાનો છોડીને પણફર અને આપોક્લિમ સ્થાનોથી સાત સાત સ્થાનોમાં ગ્રહો રહેલ હોય તો અર્ધચંદ્ર નામનો યોગ થાય છે.

અર્ધચંદ્ર યોગ પણ એક રાજયોગનું ફળ આપે છે.

ચક્ર યોગ

લગ્નથી ૧૧ ભાવ સુધી એક-એક ભાવ છોડીને

૧-૩-૫-૭-૯-૧૧ ભાવોમાં બધા ગ્રહો આવે તો ચક્ર નામનો યોગ થાય છે. ચક્ર યોગમાં જન્મેલ જાતક રાજાઓ પાસે પણ પોતાના પગ પૂજાવે છે.

સમુદ્ર યોગ

ધનભાવથી બારમા ભાવ સુધી એક એક સ્થાન છોડીને એટલે કે ૨-૪-૬-૮-૧૦ અને બારમા ભાવમાં બધા ગ્રહો આવે તો સમુદ્ર નામનો યોગ થાય છે. સમુદ્ર યોગમાં જન્મનાર ધનવાન, પુત્રવાન, રાજા જેવો અને ભોગી થાય છે.

ગજકેસરી યોગ

વરાહમિહિરે બૃહજ્જાતક ગ્રંથમાં ગજકેસરી યોગ ઉપર કંઈ જ લખ્યું નથી. પારાશર હોરાશાસ્ત્ર અધ્યાય-૩૪ શ્લોક ૩ અને ૪માં ગજકેસરી યોગ બાબતમાં દર્શાવ્યું છે. ગજકેસરી યોગ એક પ્રકારનો રાજયોગ છે. ચંદ્રથી ગુરુ કેન્દ્રમાં હોવો જોઈએ. આ યોગ જો કેન્દ્રમાંથી થાય અને ચંદ્ર અને ગુરુ બળવાન હોય તો ગજકેસરી યોગ રાજયોગનું ફળ આપે છે.

ગજકેસરી યોગમાં જન્મેલ જાતક તેજસ્વી, બુદ્ધિવાન, ધનવાન, રાજ્ય તરફથી પદ, પ્રતિષ્ઠા તેમ જ સન્માન પ્રાપ્ત કરવાવાળો હોય છે. જીવનમાં ઉચ્ચ પદે સફળતા મેળવે છે તથા રાજ્યની સેવામાં ઉન્નતિ કરે છે. નામ પ્રમાણે ગજકેસરી યોગવાળો જાતક સભામાં પોતાનું વર્ચસ્વ જમાવે છે.

પંચમહાપુરુષ યોગો

મંત્રેશ્વરે તેમના ફલદીપિકા ગ્રંથમાં અધ્યાય-૬ શ્લોક-૧ માં પંચમહાપુરુષ યોગોનું વર્ણન કરેલ છે જે એક પ્રકારના રાજયોગો છે. ઘણાખરા રાજકારણીઓ તેમ જ એડમિનિસ્ટ્રેટરોમાં એકથી વધારે પંચમહાપુરુષ યોગો જોવામાં આવે છે.

રુચક યોગ

જન્મકુંડળીમાં મંગળ જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈ કેન્દ્રમાં હોય તો રુચક નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

ભદ્ર યોગ

જન્મકુંડળીમાં બુધ જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈને કેન્દ્રમાં હોય તો ભદ્ર નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

હંસ યોગ

જન્મકુંડળીમાં ગુરુ જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈને કેન્દ્રમાં હોય તો હંસ નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

માલવ્ય યોગ

જન્મકુંડળીમાં શુક્ર જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈને કેન્દ્રમાં હોય તો માલવ્ય નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

શશ યોગ

જન્મકુંડળીમાં શનિ જો સ્વગૃહી કે ઉચ્ચનો થઈને કેન્દ્રમાં હોય તો શશ નામનો પંચમહાપુરુષ યોગ થાય છે.

સ્ટેલીનની કુંડળીમાં રુચક અને માલવ્ય યોગ છે. ડૉ. રાધાકિશનની કુંડળીમાં ભદ્ર યોગ, મોતીલાલ નહેરુની કુંડળીમાં હંસ યોગ, જવાહરલાલ નહેરુની કુંડળીમાં માલવ્ય યોગ અને સરદાર પટેલની કુંડળીમાં શશ અને રુચક યોગ છે.

વિપરીત રાજયોગ

છઠ્ઠા, આઠમા અને બારમાના સ્થાનોને ખાડાના સ્થાનો (અશુભ સ્થાનો) કહેવામાં આવ્યા છે. આ છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાન અધિપતિઓ છઠ્ઠે, આઠમે અને બારમે રહ્યા હોય તો તેને વિપરીત રાજયોગ કહેવામાં આવે છે.

જ્યોતિષશાસ્ત્રના નિયમ પ્રમાણે છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાન અધિપતિઓ જે સ્થાનમાં બેસે તે સ્થાનનું ફળ ખરાબ કરે છે. છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાનના અધિપતિઓ છઠ્ઠે, આઠમે અને બારમે બેસવાથી આપણા કેન્દ્રસ્થાનો અને ત્રિકોણ સ્થાનો સુરક્ષિત રહે છે. એટલે આ સ્થાનો બગડતા નથી તેથી આને વિપરીત રાજયોગ કહે છે.

પારાશરના મતે રાજયોગો

પારાશર મુનિએ બૃહત પારાશરી તથા લઘુ પારાશરીમાં રાજયોગોને અલગ રીતે વર્ણવ્યા છે.

કેન્દ્રસ્થાનો એ વિષ્ણુસ્થાનો છે અને ત્રિકોણ સ્થાનો એ લક્ષ્મીસ્થાનો છે. વિષ્ણુ અને લક્ષ્મીનો સંબંધ એટલે કેન્દ્ર અને ત્રિકોણનો સંબંધ રાજયોગ કરે છે. કેન્દ્ર અને ત્રિકોણનો સંબંધ ચાર પ્રકારે થાય છે.

(૧) કેન્દ્ર-ત્રિકોણના સ્થાનોના અધિપતિઓની યુતિ.

(૨) કેન્દ્ર-ત્રિકોણ સ્થાનના અધિપતિઓ વચ્ચે પરિવર્તન યોગ.

(૩) કેન્દ્ર-ત્રિકોણ સ્થાનના અધિપતિઓની પરસ્પર દૃષ્ટિ.

(૪) કેન્દ્ર-ત્રિકોણ સ્થાનના અધિપતિની એકતર દૃષ્ટિ.

આ રીતે કેન્દ્ર-ત્રિકોણના સ્થાનના અધિપતિઓનો સંબંધ રાજયોગનું સર્જન કરે છે.

કેન્દ્ર-ત્રિકોણના રાજયોગ કરતા અધિપતિઓ જો અશુભ સ્થાનોના માલિકો થાય તો રાજયોગનું ફળ મળતું નથી. લઘુ પારાશરીમાં કેટલાક હલક પ્રકારના રાજયોગ અને નિષ્ફળ રાજયોગોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

દરેક લગ્નમાં આવતા રાજયોગોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. (૧) સફળ રાજયોગો, (૨) હલકા રાજયોગો (રાજયોગનું ઓછું ફળ આપનાર) (૩) નિષ્ફળ રાજયોગો નિષ્ફળ રાજયોગો રાજયોગનું ફળ મળતું નથી.

લગ્ન	સફળ રાજયોગ	હલકા પ્રકારના રાજયોગો	નિષ્ફળ રાજયોગો
મેષ લગ્ન	(૧) સૂ-મં (૨) સૂ-ચં	(૧) સૂ.-શ. (૨) સૂ-શુ (૩) મં-ગુ (૪) ચં-ગુ	(૧) ગુ.-શ. (૨) ગુ-શુ
વૃષભ લગ્ન	(૧) શનિ (૨) શ-બુ (૩) સૂ-શ	(૧) મં.-શ. (૨) શુ-શ (૩) સૂ-બુ	(૧) શુ-બુ (૨) મં-બુ
મિથુન લગ્ન	(૧) બુ-શુ	--	(૧) ગુ-શુ (૨) ગુ-શ (૩) બુ-શ
કર્ક લગ્ન	(૧) મંગળ (૨) ચં-મં	(૧) મં.-શ. (૨) ચં-ગુ (૩) મં-શુ (૪) મં-ગુ	(૧) ગુ-શુ (૨) ગુ-શ
સિંહ લગ્ન	(૧) મંગળ (૨) સૂ-મં	(૧) સૂ-ગુ (૨) મં-શુ (૩) મં-ગુ	(૧) મં-શ (૨) ગુ-શુ (૩) ગુ-શ
કન્યા લગ્ન	(૧) બુ-શુ	(૧) બુ-શ	(૧) ગુ-શુ (૨) ગુ-શ
તુલા લગ્ન	(૧) શનિ (૨) શુ-શ (૩) બુ-શ (૪) ચં-શ (૫) ચં-બુ (૬) બુ-શુ	(૧) મં-શ	(૧) મં-બુ

લગ્ન	સફળ રાજયોગ	હલકા પ્રકારના રાજયોગો	નિષ્ફળ રાજયોગો
વૃશ્ચિક લગ્ન	(૧) સૂ-ચં	(૧) ચં-મં (૨) ચં-શ (૩) ચં-શુ (૪) ચં-ગુ	(૧) મં-ગુ (૨) ગુ-શુ (૩) ગુ-શ
ધન લગ્ન	(૧) સૂ-બુ	(૧) મં-ગુ (૨) સૂ-ગુ	(૧) મં-બુ
મકર લગ્ન	(૧) શુક્ર (૨) શુ-શ (૩) બુ-શુ	(૧) મં-શુ (૨) બુ-શ (૩) ચં-બુ (૪) ચં-શુ	--
કુંભ લગ્ન	(૧) શુક્ર (૨) બુ-શ	(૧) શ-શુ (૨) બુ-શુ (૩) મં-શુ (૪) સૂ-શુ	(૧) સૂ-બુ
મીન લગ્ન	(૧) ચં-ગુ (૨) મં-ગુ	(૧) ચં-બુ	(૧) મં-બુ

રાહુ - રાજયોગ

રાહુ અને કેતુ જેવા ગ્રહો પણ રાજયોગનું ફળ આપે છે. ઘણાખરા રાજકારણીઓના દશમા સ્થાનમાં રાહુ જોવામાં આવ્યો છે.

લઘુ પારાશરી - યોગાધ્યાય ૨માં એકવીસમા શ્લોકમાં રાહુ અને કેતુ કેવી રીતે યોગકારક બને છે તે દર્શાવવામાં આવ્યું છે.

રાહુ અને કેતુ કેન્દ્ર અથવા ત્રિકોણમાં હોય અને તે ત્રિકોણેશ અથવા કેન્દ્રેશથી (કેન્દ્રમાં હોય તો ત્રિકોણેશથી અને ત્રિકોણમાં હોય તો કેન્દ્રેશથી) સંબંધ કરતા હોય તો તે યોગકારક બને છે. એટલે કે રાજયોગનું ફળ આપે છે.

આપણા વડા પ્રધાનો અને રાજયોગો

રાજ્યતંત્રમાં સફળતા મેળવવા માટે રાજયોગો હોવા જરૂરી છે.

અહીં અત્યાર સુધી થયેલા વડા પ્રધાનની પ્રાપ્ત થયેલી કુંડળીઓ પ્રસ્તુત કરું છું.

(૧) જવાહરલાલ નહેરુ :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૪	૮	૪	૬	૭	૯	૭	૫	૩	૯

રાજયોગો : શુક્ર સ્વગૃહી ચતુર્થ સ્થાનમાં-માલવ્ય યોગ
ચંદ્ર લગ્નમાં સ્વગૃહી, લગ્નેશ બળવાન
ગુરુ સ્વગૃહી
રાહુ ઉચ્ચનો કેતુ ઉચ્ચનો
મંગળ રાજયોગકારક ગ્રહ થઈને પરાક્રમ સ્થાનમાં.

(૨) ઇન્દિરા ગાંધી :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૪	૮	૧૦	૫	૮	૨	૯	૪	૯	૩

રાજયોગો : (૧) મંગળ એકલો રાજયોગકારક થઈને ધન સ્થાનમાં (વાણી સ્થાનમાં) બેઠો છે
(૨) ગુરુ-શુક્રનો પરિવર્તન યોગ
(૩) ચંદ્ર-મંગળનો પરિવર્તન યોગ
(૪) શનિ-ચંદ્રનો પરિવર્તન યોગ

પરિવર્તન યોગોથી તેમના છ-છ ગ્રહો બળવાન થયા.

(૩) આઈ. કે.ગુજરાલ :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૪	૮	૧	૬	૮	૪	૭	૫	૮	૨

રાજયોગો : (૧) શુક્ર ચતુર્થ સ્થાનમાં સ્વગૃહી-માલવ્ય યોગ
(૨) લગ્નેશ ચંદ્ર કર્મ સ્થાનમાં, મંગળની દૃષ્ટિ કર્મ સ્થાનમાં ચંદ્ર ઉપર
(૩) ગુરુ લગ્નમાં ઉચ્ચનો, હંસ નામનો મહાપુરુષ યોગ
(૪) મંગળ એકલો રાજયોગકારક થઈને પરાક્રમ સ્થાનમાં
(૫) ભાગ્યેશ ગુરુ લગ્નમાં

(૪) વી. પી. સિંહ :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૪	૩	૭	૫	૩	૪	૨	૯	૧૨	૬

રાજયોગો : (૧) મંગળ કેન્દ્ર-ત્રિકોણનો સ્વામી થઈને ધન સ્થાનમાં (મિત્ર સૂર્યના ઘરમાં) રાજયોગકારક ગ્રહ
(૨) ગુરુ-લગ્નમાં ઉચ્ચનો, હંસ નામનો પંચ મહાપુરુષ યોગ
(૩) શુક્ર સ્વગૃહી લાભસ્થાનમાં
(૪) બુધ સ્વગૃહી

(૫) મોરારજી દેસાઈ :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૩	૧૧	૫	૧૦	૧૦	૪	૧૦	૭	૧૧	૫

રાજયોગો : (૧) ઉચ્ચનો ગુરુ ધન સ્થાનમાં, રાજ્ય સ્થાન પર દૃષ્ટિ
(૨) શનિ તુલાનો ઉચ્ચનો ત્રિકોણ સ્થાનમાં
(૩) બુધ-શુક્રની યુતિ (કેન્દ્ર-ત્રિકોણ સ્થાનના અધિપતિઓની યુતિ)
(૪) ત્રણ ગ્રહો મંગળ, ગુરુ અને શનિ ઉચ્ચના

(૬) લાલબહાદુર શાસ્ત્રી :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૮	૬	૬	૫	૬	૨	૭	૧૦	૫	૧૧

રાજયોગો : (૧) સૂર્ય-ચંદ્રની યુતિ (કેન્દ્ર-ત્રિકોણના સ્વામીઓની યુતિ) ભાગ્યેશ-કર્મેશ
(૨) બુધ સ્વગૃહી
(૩) શુક્ર સ્વગૃહી
(૪) શનિ સ્વગૃહી
(૫) લગ્નેશ મંગળ કર્મ સ્થાનમાં
(૬) રાહુ દશમે (રાજ્ય સ્થાનમાં) રાજકારણીઓ માટે ઉત્તમ)
(૭) ગુરુ પંચમેશ થઈ ચતુર્થ સ્થાનના અધિપતિ શનિ ઉપર દૃષ્ટિ.

(૭) ચંદ્રશેખર :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૩	૧	૭	૩	૩	૧૧	૨	૮	૩	૩

રાજયોગો : (૧) લગ્નેશ બુધ લગ્નમાં ભદ્ર નામનો મહાપુરુષ યોગ
(૨) સૂર્ય પરાક્રમ સ્થાનનો સ્વામી થઈને લાભ સ્થાનમાં ઉચ્ચનો
(૩) શુક્ર સ્વગૃહી
(૪) રાહુ ઉચ્ચનો લગ્નમાં, કેતુ ઉચ્ચનો સાતમા સ્થાનમાં
(૫) કર્મેશ ગુરુ ભાગ્ય સ્થાનમાં, ધનેશ ચંદ્ર પર દૃષ્ટિ
(૬) ગુરુની લગ્ન પર દૃષ્ટિ અને લગ્નમાં બેઠેલા લાભેશ પર દૃષ્ટિ

(૮) રાજીવ ગાંધી :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૫	૫	૫	૬	૫	૫	૫	૩	૪	૧૦

રાજયોગો : (૧) મંગળ (કેન્દ્ર-ત્રિકોણનો સ્વામી) રાજયોગકારક ગ્રહ થઈને ધનસ્થાનમાં
(૨) લગ્નેશ સૂર્ય સ્વગૃહી
(૩) ગુરુ-શુક્રની યુતિ લગ્નમાં. ગુરુ-શુક્ર ત્રિકોણ-કેન્દ્રના માલિક
(૪) સૂર્ય-ગુરુ (કેન્દ્ર ત્રિકોણના સ્વામી)ની યુતિ લગ્નમાં
(૫) કર્મેશ શુક્ર (રાજ્યેશ) લગ્નમાં
(૬) ભાગ્યેશ મંગળની ભાગ્ય સ્થાનમાં દૃષ્ટિ

(૯) પી. વી. નરસિંહરાવ :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૬	૩	૧૨	૩	૩	૫	૧	૫	૭	૧

રાજયોગો : (૧) ગુરુ-શનિની યુતિ (કેન્દ્ર-ત્રિકોણના સ્વામી)
(૨) સૂર્ય-મંગળ દશમે (રાજ યોગકારક ગ્રહ)

(૩) બુધ લગ્નનો સ્વામી રાજ્ય સ્થાનમાં (દશમે)
(૪) બુધ સ્વગૃહી કર્મ સ્થાનમાં, ભદ્ર નામનો પંચ મહાપુરુષ યોગ

(૧૦) અટલ બિહારી વાજપેયી :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૭	૯	૮	૧૨	૯	૯	[illegible]	૭	૪	૧૦

રાજયોગો : (૧) શનિ ઉચ્ચનો થઈને લગ્નમાં, શશ નામનો મહાપુરુષ યોગ
(૨) શનિ એકલો રાજયોગ કર્તા ગ્રહ-કેન્દ્ર-ત્રિકોણનો સ્વામી
(૩) ગુરુ સ્વગૃહી પરાક્રમ સ્થાનમાં ભાગ્યસ્થાન પર દૃષ્ટિ
(૪) સૂર્ય પરાક્રમ સ્થાનમાં
(૫) ભાગ્યેશ બુધની ભાગ્ય સ્થાન પર દૃષ્ટિ
(૬) મંગળ છઠ્ઠા સ્થાનમાં શત્રુઓનો નાશ કરનાર
(૭) રાહુ દશમા સ્થાનમાં
(૮) ચંદ્ર-શુક્રની યુતિ (લગ્નેશ-કર્મેશની યુતિ) ધન સ્થાનમાં

(૧૧) ચરણસિંહ :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૯	૯	૬	૬	૯	૧૦	૯	૧૦	૭	૧

રાજયોગો : (૧) સૂર્ય-બુધની યુતિ લગ્નમાં (ભાગ્યેશ-કર્મેશની યુતિ) (કેન્દ્ર-ત્રિકોણના સ્વામીઓની યુતિ.)
(૨) ચંદ્ર-મંગળની યુતિ (કર્મ સ્થાનમાં)
(૩) લગ્નમાં બુધ દિગ્બલી
(૪) દશમે મંગળ દિગ્બલી
(૫) શનિ સ્વગૃહી ધન સ્થાનમાં
(૬) રાહુ લાભ સ્થાનમાં મિત્રક્ષેત્રી

(૧૨) એચ. ડી. દેવગૌડા (હસન જિલ્લાના ભૂમિપુત્ર) :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૪	૨	૧૧	૫	૧	૫	૨	૧૦	૧૧	૫

રાજયોગો : (૧) મંગળ કેન્દ્ર ત્રિકોણનો સ્વામી રાજયોગ કારક ગ્રહ (વાણી સ્થાનમાં મંગળ)
(૨) શનિ સ્વગૃહી શશ નામનો મહાપુરુષ યોગ
(૩) શુક્ર સ્વગૃહી લાભ સ્થાનમાં
(૪) મંગળ-ગુરુની યુતિ (ધન સ્થાનમાં) કેન્દ્ર-ત્રિકોણના સ્વામીઓની યુતિ (ભાગ્યેશ-કર્મેશની યુતિ)
(૫) પંચમેશ-ભાગ્યેશની યુતિ
(૬) શુક્ર સ્વગૃહી લાભ સ્થાનમાં
(૭) ધનેશ-લાભેશની યુતિ લાભ સ્થાનમાં, ભાગ્યેશ ગુરુની દૃષ્ટિ દશમા સ્થાનમાં દૃષ્ટિ

(૧૩) ડૉ. મનમોહન સિંઘ :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૪	૬	૪	૪	૬	૫	૪	૧૦	૧૧	૫

ભારતના અર્થતંત્રને મજબૂત કરવામાં નિઃશંકપણે ડૉ. મનમોહન સિંઘનો પ્રથમ ક્રમ આવે.

રાજયોગો : (૧) લગ્નેશ ચંદ્ર સ્વગૃહી
(૨) ચંદ્ર-મંગળની યુતિ લગ્નમાં (લક્ષ્મીયોગ)
(૩) મંગળ એકલો રાજયોગ કારક ગ્રહ (કેન્દ્ર-ત્રિકોણનો સ્વામી)
(૪) મંગળ-શુક્રની યુતિ લગ્નમાં (કેન્દ્ર-ત્રિકોણના સ્વામી)
(૫) ભાગ્યેશ ગુરુ ધનસ્થાનમાં (મિત્રના ઘરમાં)
(૬) લાભેશ શુક્ર લગ્નમાં
(૭) શનિ સ્વગૃહી (શશ નામનો મહાપુરુષ યોગ કેન્દ્રમાં)
(૮) ધનેશ સૂર્યની ભાગ્યસ્થાન પર દૃષ્ટિ
(૯) બુધ ઉચ્ચનો થઈ પરાક્રમ સ્થાનમાં ધનેશ સાથે.

આ સિવાય બીજા ઘણા યોગો એવા છે કે જે રાજયોગનું ફળ આપે છે. જેવા કે વેશી યોગ, વોશી યોગ, ઉભયચારી યોગ, શુભ કર્તરી યોગ, અમલા કીર્તિ યોગ, પર્વત યોગ, ચામર યોગ, કાહલ યોગ, માલિકા યોગ, મૃદંગ યોગ, શ્રીનાથ યોગ, ભેરીયોગ, અંશાવતાર યોગ, કુસુમ યોગ, દાનીયોગ, કલાનિધિ યોગ, હરિહર બ્રહ્મ યોગ.

લેખની મર્યાદાને ધ્યાનમાં લઈને ઉપરના રાજયોગ યોગોનું વર્ણન કર્યું નથી. ●

શિવ-સ્વરોદય

(૨૨૮માં પાનાથી ચાલુ)

સાથે જોડાયેલા છે; ધાર્મિક યાત્રાઓ, દૂર દેશ-(ફોરેન)ની મુસાફરીઓ, દેવ-ધર્મગુરુઓ-વડીલો-સંતો વગેરેનાં દર્શન કરવામાં અને આશીર્વાદ લેવામાં કપાળમાં તિલક કરવામાં, નવા વસ્ત્રો પ્રથમ વખત, ધારણ કરવામાં, સ્ત્રીઓએ પોતાના કપાળમાં ચાંદલો કરવામાં, સૌંદર્ય પ્રસાધન અને શણગાર સજવામાં, આંખોમાં કાજળ લગાવવાં, ઘરની રસોઈ બનાવવામાં, નવા મકાનો-ફ્લેટોમાં પ્રથમ વખત રહેવા જતી વખતે, અનાજનો સંગ્રહ-ખરીદી કરવામાં, પોતાના સંતાનોને પ્રથમ વખત નર્સરીમાં મોકલવામાં, નવા વિષયો શિખવવા માટે, કોમર્સ,આર્ટસ, એનીમેશન, એજ્યુકેશન (દરેક પ્રકાર) બેંકિંગ, ફાયનાન્સ, મલ્ટી મીડિયા, મૅનેજમેન્ટ, એડવર્ટાઈઝિંગ, ફોટોગ્રાફી, નવલકથા-કવિતા જેવા વિષયો, હરવા-ફરવામાં, આનંદ-પ્રમોદ કરવામાં, ફિલ્મો જોવામાં પિકનિક પર જવામાં, બોટમાં મુસાફરી કરવામાં, ગીત-સંગીત-નાટક-મિમિક્રી વગેરેમાં, અન્યના વાહનોમાં મુસાફરી કરવામાં, પોતાના માલિક કે બોસને મળવામાં, રાજકીય નેતાઓને મળવામાં, મિત્રો સાથે વાર્તાલાપ કે અન્ય ગોષ્ઠિ કરવામાં, શત્રુઓ સાથે સમાધાન કરવામાં, રિસાઈ ગયેલાને ફરી મનાવવા માટે, પતિ-પત્ની વચ્ચેના મતભેદ દૂર કરવા માટે, કોઈ પણ પ્રકારનું ફાયનાન્સ મેળવવા માટે, શાંતિ મંત્રોની દીક્ષા લેવા-યોગ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે, લાંબા સમય બાદ કુટુંબીજનોને.... મળવા અર્થે, દૂધ-દહીં,છાશ,શરબત,પાણી જેવા પ્રવાહીઓ પીવામાં, લીકવીડ દવાનું સેવન કરવામાં, વજન વધારનાર દ્રવ્યો, તેમ જ પુષ્ટિદાયક દ્રવ્યોનું સેવન કરવામાં, નવગ્રહની શાંતિ કરાવવામાં, લગ્નનો દરેક મુહૂર્તો, કન્યા વિદાય વખતે, રસોઈ, સૌંદર્ય અને ગૃહ વિજ્ઞાનનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં, આવા અનેક પ્રકારના શુભકાર્યો ચંદ્રસ્વરને આધીન કરવાથી અવશ્ય લાભ પ્રાપ્ત કરી શકાય છે.

સુષુમ્ણા નાડી : આ શિવ સ્વરમાં બંને નાક સાથે ચાલતા હોવાનો અનુભવ થાય છે. આ સમય દરમિયાન કોઈ પણ પ્રકારના ભૌતિક કર્મો સંપૂર્ણ ત્યજ્ય છે. આ નાડી ફક્ત બ્રહ્મજ્ઞાન અને પ્રાપ્તિ માટે જ પ્રશસ્ત છે. આ નાડીમાં સકામ ભક્તિ પણ સફળતાને નહીં પામે આથી લૌકિક જીવન જીવતાં મનુષ્યોએ આ સમય શાંતિથી ભગવદ્સ્મરણ સાથે પસાર થવા દેવો જ ઈષ્ટ છે....

સ્વરોદયના નિત્ય અભ્યાસથી મનુષ્ય સ્વયં બ્રહ્મ સ્વરૂપ બને છે. અહીંયા તો ફક્ત આપની સમક્ષ આજના આધુનિક સમય પ્રમાણે ભૌતિક સફળતાનું વર્ણન કરેલ છે. ●

સ્થિર લગ્નો

(૨૨૩માં પાનાથી ચાલુ)

મોજૂદ છે.

(૨૦) કુંભ લગ્ન માટે છઠ્ઠે કર્ક રાશિમાં શનિના નત્રમાં થયેલી મંગળ+શુક્રની અંશાત્મક યુતિ કિડનીના રોગોમાં સ્પેશ્યાલિસ્ટ બનાવે છે.

ઉદા :-૨૦. જ.તા. ૧૫-૬-૫૯/ ૨૩:૫૨/ મદ્રાસ-ચેન્નઈ. (તમિલનાડુ)

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૧૧	૩	૬	૪	૩	૮(R)	૪	૯(R)	૬	૧૨

યોગ-વિવરણ : કિડની માટે મંગળ-શુક્રનો સંબંધ ધ્યાનમાં લેવો જરૂરી છે એવું મારું માનવું છે.

શનિના નક્ષત્રમાં થયેલી મંગળ+શુક્રની અંશાત્મક યુતિથી જાતક સફળ નેફ્રોલોજિસ્ટ-કિડનીના રોગોના સ્પેશ્યાલિસ્ટ બની શકયા છે.

આ ઉપરાંત ગુરુની મંગળ તથા શુક્ર ઉપર દૃષ્ટિ હોવાથી ટૂંકા સમયમાં સારી નામના તથા આવક મેળવી શકયા છે.

આ જાતક હજી ભવિષ્યમાં ચોક્કસપણે વધુ આગળ આવશે તેવું મહાદશા તથા અંતરદશા પરથી લાગે છે.

ખાસ નોંધ : કોઈ પણ કુંડળી જોતી વખતે માત્ર જન્મલગ્ન કુંડળીને મહત્ત્વ ન આપતા નવમાંશ કુંડળી, ગ્રહોની મહાદશા-અંતરદશા- પ્રત્યંતર દશા તથા સૂક્ષ્મદશા પણ જોવી જરૂરી છે. આ ઉપરાંત દરેક ગ્રહના ન.પતિ તથા ઉ.ન.પતિ પણ જાણવા જરૂરી છે. આ દરેક બાબતનું યોગ્ય સંયોજન કર્યા પછી જ ફળકથન કરવામાં આવે તો સાચા ફળકથન સુધી પહોંચી શકાય છે. ●

વિશિષ્ટ લગ્ન : ઈન્દુ લગ્ન

લેખિકા : વિનતિ દાવડા
'અમીદૃષ્ટિ', યોગીવંદના પ્લોટ, શેરી નં.-૨, સ્વામિનારાયણ મંદિર પાછળ, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭. મો.- ૯૪૨૯૪૩૨૨૮૯.

ઈન્દુ લગ્નને વિશિષ્ટ લગ્ન તરીકે ઓળખી તેને શોધવાની પદ્ધતિ અને તેનાથી થતું ફળકથન લેખમાં આપેલ છે. ઉદાહરણ સહિત તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે તેથી વાચક વર્ગને જરૂર ગમશે.

જ્યોતિષીઓને પૂછવામાં આવતા પ્રશ્નોમાં એક પ્રશ્ન સામાન્ય હોય છે. 'હું પૈસાદાર ક્યારે થઈશ ?' દરેક વ્યક્તિને પોતાની આર્થિક સ્થિતિ કેવી રહેશે એ જાણવામાં રસ હોય છે. આ માટે ઉત્તરકાલામૃતમાં કાલીદાસે એક વિશિષ્ટ લગ્નનું વર્ણન કરેલ છે જેના દ્વારા જાતક ક્યારે ને કેટલાં પ્રમાણમાં આર્થિક રીતે સમૃદ્ધ થશે તે જાણી શકાય છે. આ વિશિષ્ટ લગ્ન ધન લગ્ન અથવા ઈન્દુલગ્ન તરીકે ઓળખાય છે.

ઈન્દુલગ્ન શોધવાની પદ્ધતિ

સૂર્યથી લઈને શનિ સુધીનાં ૭ ગ્રહો નીચે મુજબ કલાઓ ધરાવે છે.

સૂર્ય-૩૦	મંગળ-૬	ગુરૂ-૧૦	શનિ-૧
ચંદ્ર-૧૬	બુધ-૮	શુક્ર-૧૨	

(૧) જન્મલગ્નથી અને ચંદ્રલગ્નથી નવમાસ્થાનના અધિપતિ નોંધી લો.

(૨) આ બંને અધિપતિઓની કલાઓનો સરવાળો કરો.

(૩) જે જવાબ મળે તેને ૧૨ વડે ભાગો. (જો જવાબ ૧૨ કરતાં ઓછો હોય તો ભાગવાની જરૂર રહેતી નથી)

(૪) ૧૨ વડે ભાગતા જે શેષ વધે તે નોંધી લો. જેટલી શેષ વધી હોય તેટલા સ્થાન જન્મ ચંદ્રથી ગણતા જે સ્થાન આવે તે ઈન્દુ લગ્ન. જો શેષ ૦ હોય તો ચંદ્રથી ૧૨મું સ્થાન સમજવું.

ઈન્દુલગ્નમાં શુભ ગ્રહો રહેલાં હોય તો જાતક અત્યંત ધનાઢ્ય બને છે. ઈન્દુલગ્ન સ્થિત પાપગ્રહથી દૂષિત થયા વિનાનો એકમાત્ર શુભગ્રહ પણ સમૃદ્ધિ અર્પે છે. ઈન્દુલગ્નમાં સૂર્ય, શનિ અથવા મંગળ જેવા સામાન્ય પાપગ્રહોનો પ્રભાવ સામાન્ય આર્થિક સ્થિતિ આપે છે. જો પાપગ્રહ ઉચ્ચનો હોય તો શરૂઆતમાં સામાન્ય પરંતુ બાદમાં ધનવાન બનાવે છે. ઈન્દુ લગ્નમાં રહેલો એક શુભગ્રહ અને એક પાપગ્રહ પણ ધનાઢ્ય બનાવે છે. આ જ નિયમો ગ્રહોની દૃષ્ટિઓને પણ લાગુ પડે છે. જ્યારે ઘણા બધાં ગ્રહો ઈન્દુલગ્ન સાથે સંકળાયેલાં હોય, દૃષ્ટિ કરતાં હોય કે ઈન્દુલગ્નથી ૨જે અથવા ૧૧મા સ્થાને રહેલાં હોય ત્યારે પણ આર્થિક પરિસ્થિતિ ઉત્તમ રહે છે. ઈન્દુલગ્નથી ગ્રહો બળવાન બનતાં હોવા જોઈએ. જો ગ્રહો નબળા હોય, ખાસ કરીને ૨જાં અને ૧૧મા સ્થાનના અધિપતિ હોય તો ખાસ આવક હોતી નથી.

ઈન્દુલગ્નમાં રહેલાં અથવા દૃષ્ટિ કરતાં તે ઈન્દુલગ્નથી કેન્દ્ર-ત્રિકોણમાં રહી શુભ રીતે સંકળાયેલા ગ્રહો તેમની દશા-અંતર્દશા દરમિયાન સંપત્તિ આપે છે. જ્યારે ૩, ૬, ૮ અને ૧૨મા સ્થાને રહેલા અશુભ રીતે સંકળાયેલા ગ્રહો તેમની દશા-અંતદર્શામાં સંપત્તિનો નાશ કરે છે અને બિનજરૂરી ખર્ચાઓ કે નુકસાન કરાવે છે. ઈન્દુલગ્ન અને દશાસ્વામી પરસ્પર એકબીજાંથી ક્યાં સ્થાનમાં રહેલાં છે તેના પર પણ આધાર રહે છે. દા.ત. જ્યારે ઈન્દુલગ્ન દશાસ્વામીથી ચતુર્થસ્થાન સ્થિત હોય અથવા દશાસ્વામી ઈન્દુલગ્નનાં ચતુર્થસ્થાનમાં રહેલો હોય તો મકાન, વાહન, જમીન દ્વારા સંપત્તિની પ્રાપ્તિ થાય અથવા માતા માટે એ સમય લાભપ્રદ રહે.

ગોચરમાં ઈન્દુલગ્નથી ૩, ૬, ૧૦ અને ૧૧ ઉપચય સ્થાનોમાંથી પસાર થતા ગ્રહો સંપતિ આપે છે. ઈન્દુલગ્નમાંથી કે તેનાં ત્રિકોણમાંથી પસાર થતો ગુરૂ આર્થિક લાભ કરાવે છે. આ સાથે અષ્ટકવર્ગમાં ગ્રહો-સ્થાનોએ મેળવેલ બિંદુઓ પણ અગત્યના બની રહે છે. અષ્ટકવર્ગને સાંકળીને ધનયોગી તપાસવા જોઈએ.

જન્મલગ્નથી જોવામાં આવતાં ધનયોગો ઈન્દુલગ્નથી પણ જોવા. ધનયોગો ૧, ૨, ૫, ૯, ૧૦ અને ૧૧માં સ્થાનનાં અધિપતિઓનાં પરસ્પર સંકળાવાથી બને છે. જ્યારે જન્મલગ્નની સાથે સાથે ઈન્દુલગ્નથી પણ ધનયોગો રચાતાં હોય ત્યારે ઉત્તમ આર્થિક પરિસ્થિતિની ખાતરી આપી શકાય છે.

દૃષ્ટાંત

બિલ ગેટ્સ

જન્મતારીખ : ૨૮-૧૦-૧૯૫૫

જન્મસમય : ૯.૧૫ P.M.

જન્મસ્થળ : સિએટ્લ, વૉશિંગ્ટન, યુ.એસ.એ.

ગ્રહ	લ	સૂ	ચં	મં	બુ	ગુ	શુ	શ	રા	કે
રાશિ	૩	૭	૧૨	૬	૬	૫	૭	૭	૮	૨

આ કુંડળી માઈક્રોસોફ્ટ સોફ્ટવેર કંપનીના સ્થાપક અને દુનિયાનાં ધનાઢ્યોમાં ગણતરી પામતાં બિલ ગેટ્સની છે.

(૧) જન્મલગ્નથી નવમેશ શનિ છે. તેની કલા ૧ છે. ચંદ્ર લગ્નથી નવમેશ મંગળ છે. તેની કલા ૬ છે.

(૨) ૧ અને ૬નો સરવાળો કરતાં જવાબ ૭ આવશે.

સંશોધન વિભાગ

(૩) ૭ એ ૧૨ કરતાં નાની સંખ્યા હોવાથી ૧૨ વડે ભાગવાની જરૂર રહેતી નથી.

(૪) ચંદ્ર મીનરાશિ સ્થિત છે. મીન રાશિથી ૭ સ્થાન ગણતાં કન્યા રાશિ ઈન્દુલગ્ન બનશે.

ઈન્દુલગ્નમાં લગ્નેશ બુધ પોતાની ઉચ્ચ રાશિમાં મંગળ સાથે રહેલો છે. લાભેશ ચંદ્ર સપ્તમસ્થાનમાં રહીને લગ્નને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે. આમ લગ્ન બળવાન બન્યું છે. ચંદ્ર-મંગળની પ્રતિયુતિ થવાથી લક્ષ્મીયોગ રચાયો છે. બુધ અને તૃતીયેશની લગ્નસ્થાનમાં યુતિ થવાથી તેમણે પર્સનલ કૉમ્પ્યુટર ક્ષેત્રે ક્રાંતિ આણી. જન્મલગ્નની સાથે સાથે ઈન્દુલગ્નથી પણ ધનયોગો રચાયા છે. પંચમેશ શનિ અને નવમેશ શુક્રની ધનસ્થાનમાં યુતિ છે. શનિ અને શુક્રની સાથે સૂર્ય પોતાની નીચરાશિ સ્થિત છે. પરંતુ ઉચ્ચના શનિ સાથે હોવાને લીધે સૂર્યનો નીચભંગ રાજયોગ થયો છે. વ્યવસ્થાન અષ્ટકવર્ગમાં ૩૬ બિંદુ મેળવીને બળવાન બનેલું છે. જેથી દ્વિતીયસ્થાનમાં રહેલો સૂર્ય પરદેશથી ધનલાભ થવાનું સૂચન કરે છે.

માઈક્રોસોફ્ટની સ્થાપના વર્ષ ૧૯૭૫માં થઈ અને ૧૯૭૫થી જ તેમની કેતુ દશા શરૂ થઈ. કેતુ ઈન્દુલગ્નથી નવમસ્થાન સ્થિત છે અને કેતુનો ડિસ્પોઝીટર શુક્ર ધનસ્થાન સ્થિત છે. વર્ષ ૧૯૮૨થી ૨૦૦૨ સુધી તેમણે શુક્રની દશા ભોગવી જે ધનેશ થઈ સ્વગૃહી રહેલો છે. બિલ ગેટ્સે પોતાની મહત્તમ સંપત્તિ ૧૯૯૦ના દાયકામાં શુક્ર દશા દરમિયાન એકઠી કરી. ૨૦૦૦ની સાલથી તેમણે પોતાની માઈક્રોસોફ્ટના સી.ઈ.ઓ. તરીકેની જવાબદારી ઓછી કરી નાખી. તેઓ પોતાનો વધુને વધુ સમય બિલ ઍન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને આપવા લાગ્યા. આ ફાઉન્ડેશન મોટી રકમોનું દાન

(અનુસંધાન પાનું ૨૩૬)

ભારતીય સંસ્કૃતિના માંગલ્ય પ્રતીકો અને વાસ્તુશાસ્ત્ર

લેખક : ડૉ. કનુભાઈ એન. રાવલ

સી-૩, હરેકૃષ્ણ બંગ્લોઝ, આકાશદર્શન સોસાયટી, મોટેરા રોડ, સાબરમતી, અમદાવાદ - ૩૮૦૦૦૫. મો. : ૦૯૪૨૭૩૨૯૫૮૨.

જ્યોતિષશાસ્ત્રની વિગત ન હોવા છતાં ભારતીય સંસ્કૃતિએ બક્ષેલ કેટલાક માંગલિક પ્રતીકોને વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ અહીં સમજાવેલ છે, જે વાસ્તવિક જીવનમાં જરૂર ઉપયોગી થશે અને શુભ ઊર્જા દ્વારા સુખમય જીવન જીવી શકાય તેવો લેખકનો પ્રયાસ છે.

સંશોધન વિભાગ

વાસ્તુશાસ્ત્ર એ ભારતીય સંસ્કૃતિની અમુલ્ય દેન છે. આપણા આર્ષદ્રષ્ટા ઋષિઓએ લોક-કલ્યાણ માટે તેની રચના કરેલી છે. વાસ્તુશાસ્ત્ર અનુસાર મહાલયો, આવાસો, મંદિરો કે વ્યાપાર સંકુલો બનાવવાનો મુખ્ય આશય પ્રાકૃતિક તત્વો સાથેનું સાંનિધ્ય સાધવાનો છે. આપણા શાસ્ત્રોમાં દર્શાવેલ પંચ મહાભૂત તત્વો, પૃથ્વી, અગ્નિ, વાયુ, જળ, અને આકાશનો ઉપયોગ યોગ્ય રીતે સહી દિશાઓ પ્રમાણે થાય તો આ તત્વો સાશ્વત છે. એકબીજામાં ભળી જાય છે. જેના લીધે એક શક્તિનું બીજી શક્તિમાં રૂપાંતર થાય છે. તેથી મનુષ્ય ભૌતિક સુખો, મનની શાંતિ અને સંતોષ પ્રાપ્ત કરી શકે છે.

વાસ્તુશાસ્ત્ર એ આધ્યાત્મિક વિદ્યા છે. તેમાં ગહન સત્યો અને વિજ્ઞાન છુપાયેલ છે. જે ગૂઢ અને આધ્યાત્મિક તત્વોથી ભરપૂર છે. પંચમહાભૂતો પ્રકૃતિમાં સમાયેલ હોવાના લીધે કર્મ પ્રકૃતિ દ્વારા તે પ્રાપ્ત થઈ શકે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-જીવનના આ ચાર પરમ લક્ષો છે. આ ચાર પરમ લક્ષો ત્યારે પ્રાપ્ત થઈ શકે છે, જ્યારે શરીર સ્વસ્થ, આત્મ, મન સ્થિર તેમ જ બુદ્ધિ નિર્મલ હોય.

ભારતીય સંસ્કૃતિએ આપણને વેદો, ઉપનિષદો, પુરાણો, ધર્મકથાઓ, ધાર્મિક પરંપરાઓ, તત્વજ્ઞાન તેમ જ મંગલ પ્રતીકો આપેલ છે. આવા મંગલ પ્રતીકો વાસ્તુદોષ કે ઉણપો આપણે દૂર કરી શકીએ છીએ. હિન્દુ સંસ્કૃતિમાં પૂજા બે સ્વરૂપે થાય છે. સાકાર અને નિરાકાર. સાકાર પૂજામાં પ્રતિમા કે યંત્ર, ચક્ર કે પ્રતીક બનાવીને પૂજા થાય છે.

આવા કેટલાક માંગલિક પ્રતીકો વિશે આપણે વિગતે જોઈએ :

રંગોળી : દિવાળીના તહેવારો કે અન્ય ભારતીય ઉત્સવોમાં મકાનના આંગણામાં સુંદર વિવિધ રંગોથી રંગોળી બનાવવામાં આવે છે. જે આત્મોન્નતિ માટે તેમ જ સુખ શાંતિ માટે હકારાત્મક ઊર્જા ઉત્પન્ન કરે છે. નકારાત્મક ઊર્જાને દૂર કરી તેનાથી આપણને રક્ષણ આપે છે. વાર તહેવારે નહિ પરંતુ દરરોજ મકાનના આંગણામાં આવી રંગોળી બનાવવી જોઈએ. જેનાથી મકાનમાં નકારાત્મક ઊર્જા પ્રવેશી શકશે નહિ. આવનાર વ્યક્તિની નજર રંગોળી ઉપર પડતાં તેના નકારાત્મક વિચારોમાં પરિવર્તન આવશે. પારસી લોકોમાં, મહારાષ્ટ્રમાં અને દક્ષિણ ભારતમાં આજે પણ મકાન આગળ રંગોળી બનાવવાનું પ્રચલિત છે. ખાસ કરીને આવનાર વ્યક્તિના અશુભ વિચારો ઘરમાં ન પ્રવેશે તે માટે આ જરૂરી છે.

શ્રી ગણેશ : હિન્દૂ સંસ્કૃતિમાં દર્શાવેલ તમામ ધર્મકાર્યો કે પૂજા પાઠનો શુભારંભ '' શ્રી ગણેશાય નમઃ''થી કરવામાં આવે છે. ભગવાન શ્રી ગણેશ અનેક શક્તિઓના સ્તોત્ર છે. અષ્ટ સિદ્ધિ નવ નિધિના દાતા છે. મંગળ મૂર્તિ છે. તેથી જ દરેક પૂજન કાર્યમાં પ્રથમ ગણપતિની પૂજા કરવામાં આવે છે. ભગવાન ગણપતિ વિઘ્નહર્તા છે. જે આપણી દરેક સમસ્યાઓનું આપણને માર્ગદર્શન કરે છે. મકાનમાં પૂજા સ્થાન ઈશાન હૉલમાં રાખવામાં આવે છે. જેમાં ગણપતિની પ્રતિમા અવશ્ય રાખવી જોઈએ. શ્રી ગણેશની દૃષ્ટિ મકાનમાં રહે તે રીતે મુખ્ય દ્વાર ઉપર ફોટો કે પ્રતિમા રાખવાથી રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ અને શાંતિ પ્રાપ્ત થાય છે. એટલું જ નહિ પરંતુ તેઓ મંગળમૂર્તિ હોઈ ઘરમાં દરેકમાં મંગલતાની ભાવના પેદા થાય છે.

ૐ : હિન્દુ સંસ્કૃતિમાં ૐના ૧૦૦૧ અર્થ થાય છે. ૐ પ્રણવ છે, નાદ બ્રહ્મ છે. તેના ત્રણે અક્ષરો 'અ' 'ઉ' 'મ' માં અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ, મહેશની સાથે સાથે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ સમાયેલ છે. તેના ઉચ્ચારથી માણસના શરીરમાં ઊર્જા ઉત્પન્ન થાય છે. જે એક ઔષધિનું કામ કરે છે. ૐના ઉચ્ચારથી હૃદય, મસ્તક અને સમગ્ર સુક્ષ્મ ઈન્દ્રિયો ઉપર તેની અસર થાય છે. તેનાથી ધ્યાન, ધારણા તેમ જ સમાધિની સાધના સરળતાથી થઈ શકે છે. ઘરના મુખ્ય દ્વાર ઉપર કે પૂજા સ્થાનમાં, ઑફિસ કે દુકાનમાં ૐ લગાવવાથી જરૂર લાભ થાય છે. શરીરમાં ચેતના પ્રગટે છે. નકારાત્મક ઊર્જા દૂર થાય છે.

સ્વસ્તિક : સ્વસ્તિક એટલે કલ્યાણકારી, સ્વસ્તિક માનવીના વિકાસ અને સંરક્ષણ માટે કવચનું કામ કરે છે. સ્વસ્તિકના ચાર ભાગ ચતુર્વિધ પુરુષાર્થ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં સફળતાની ભાવના દર્શાવે છે. સ્વસ્તિકમાં આડી અને ઊભી કુલ આઠ બારીઓ થાય છે. જે અષ્ટસિદ્ધિ દર્શાવે છે. સ્વસ્તિકની ચાર રેખાઓ ઈન્દ્ર, બ્રહ્મા, સૂર્ય અને વિષ્ણુ સાથે સંકળાયેલ છે. સ્વસ્તિકમાં વિજય કલ્યાણની ભાવના છુપાયેલી છે. સ્વસ્તિક અતિ પ્રાચીન ધાર્મિક સૌભાગ્યનું પ્રતીક છે. માટે જ સ્વસ્તિક માટે ''સ્વસ્તિક સર્વતો ઋદ્ધિ'' કહેવાય છે. અર્થાત સર્વ પ્રકારે અને સર્વ દિશાઓની સુવાસથી માનવજીવનનું કલ્યાણ થાય. સ્વસ્તિકમાં વસુદેવ કુટુંબકમ્ એટલે કે વિશ્વ બંધુત્વની ભાવના રહેલી છે. માટે જ કોઈ પણ મંગળ કાર્યનો શુભારંભ કરતાં પહેલાં સ્વસ્તિ વાંચન કરવામાં આવે છે. હિન્દુ સંસ્કૃતિ ઉપરાંત અન્ય સંસ્કૃતિઓમાં પણ જુદા જુદા સ્વરૂપે સ્વસ્તિકનો ઉપયોગ કરવામાં આવે છે.

આવા મંગલકારી પ્રતીકને સવારે દરરોજ ઘરમાં ઉંબરાનું પૂજન કરી ઉંબરા ઉપર દરરોજ સ્વસ્તિકનો નિયમ રાખવો જોઈએ તથા ઘરમાં મુખ્ય દ્વાર ઉપર સ્વસ્તિકનું શુભ પ્રતીક લગાવવાથી બધા અનિષ્ટોનું નિવારણ થાય છે અને શ્રી ગણેશ તથા લક્ષ્મીની કૃપા ઘરમાં ઉતરે છે. ઘરમાં હકારાત્મક ઊર્જા પેદા થાય છે અને નકારાત્મક ઊર્જા દૂર થાય છે. લાલ સિંદુરથી બનાવેલ સ્વસ્તિકને અતિશુભ માનવામાં આવે છે. મકાનમાં જે સ્થાન પર વાસ્તુદોષ હોય તે સ્થાનમાં સ્વસ્તિક ચિહ્ન લગાવવામાં આવે તો દોષ દૂર થાય છે. ઘરમાં જે રૂમમાં તિજોરી હોય તેના ઉપર પણ સ્વસ્તિક ચિતરવો જોઈએ.

કળશ : કળશ વિશ્વકર્માએ એક એક કલા, અંશ લઈને બનાવ્યો હોવાથી તેને કળશ કહેવામાં આવે છે. કળશના મુખમાં બ્રહ્મા, કંઠમાં શંકર, મુખમાં વિષ્ણુ, મધ્યમા માતૃકાગણ એની દશેય દિશામાં દશ દિક્પાલ, અંદર સાત સાગર, નવગ્રહો, સત્તાવીશ નક્ષત્રો, કૂલ પર્વતો, ગંગાનદી, નદીઓ અને ચાર વેદો રહેલા છે. કળશને આપણા શાસ્ત્રોએ શુભ અને સમૃદ્ધિનું પ્રતીક ગણેલ છે. પ્રવેશદ્વારની બંને બાજુ આવા કળશનાં ચિત્રો લગાવવા જોઈએ. પૂજા સ્થાનમાં આસોપાલવ કે આંબાના પાનની વચ્ચે શ્રીફળ સાથે જળ ભરેલ કળશ મૂકવામાં આવે અને

દરરોજ પૂજાપાઠનું નિત્યક્રમ પૂર્ણ થતાં કળશનું જળ ઘરમાં ચારે દિશાએ છંટકાવ કરવાથી માનવીના જીવનમાં આવતી આધિ, વ્યાધિ અને ઉપાધિમાં રક્ષણાત્મક અને માર્ગદર્શક બની રિદ્ધિ, સમૃદ્ધિ અને શાંતિ પ્રદાન થાય છે. ઘર હંમેશાં ધનધાન્યથી ભરપૂર રહે છે. ઘરમાં કોઈ અનિષ્ટ પ્રવેશી શકશે નહિ.

ત્રિશુળ : ત્રિશુળ ભગવાન શિવજીનું શસ્ત્ર માનવામાં આવે છે. સાથે સાથે શક્તિનું પ્રતીક છે. શક્તિ એટલે મા દુર્ગા, અંબા ભવાની વગેરે મા ના સ્વરૂપો. દુર્ગુણોના પ્રતીક જેવા દુરાચારીઓના સંહાર માટે અને ભક્તોના રક્ષણ માટે ભગવાન શિવનું અને મા દુર્ગા તેનો ઉપયોગ કરતાં. એવું કહેવાય છે કે ભગવાન સૂર્યના હૃદયમાં વિરાજમાન ભગવાન વિષ્ણુના તેજમાંથી વિશ્વકર્માએ આ આયુધ કાનસથી ઘસી ઘસીને તૈયાર કર્યું છે.

ત્રિશુળને ત્રણ પાંખડીઓ હોવાથી અને અગ્નિની જ્વાળામાં પણ ત્રણ ભાગ હોવાથી ત્રિશુળ અગ્નિની નિશાની પણ ગણાય છે. સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ ત્રણ વેદો બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ ત્રણેય અવસ્થા, ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેય કાળ, દેવ, મનુષ્ય અને રાક્ષસ એ ત્રણેય આત્મશક્તિ એમ જે ત્રણની સંખ્યામાં છે તે સર્વને શિવ ધારણ કરે છે. આમ ત્રિશુળ એ ત્રણ દર્શાવનારું છે. દરવાજા ઉપર ત્રિશુળનું ચિત્ર લગાવવાથી ઘરમાં અનિષ્ટ દાખલ થઈ શકતું નથી. ત્રિશુળ અશુભ તેમ જ અનિષ્ટને અટકાવશે. અતૃપ્ત આત્મા ઘરમાં પ્રવેશી શકશે નહિ.

આમ આવાં અનેક પ્રતીકો ભારતીય સંસ્કૃતિએ અર્પેલ છે. પ્રતીકો જેટલાં કુદરતમાં છે તેટલાં બીજે કોઈ જગાએ જોવા નહિ મળે. નૈસર્ગિક પ્રતીકોમાં ઊર્જા અને નાદ હોય છે. જેનો પ્રભાવ આપણને કુદરત સાથે પ્રત્યક્ષ રીતે જોડવાનું કામ કરે છે. પ્રતીકો આપણી માનસિક સ્થિતિને નિયંત્રિત કરે છે. આપણી લાગણીઓ અને ભાવનાઓ ઉપરાંત આધ્યાત્મિક સ્થિતિને નિત્ય નવિન સંદેશાઓ આપતાં હોય છે. કુદરતના સાંનિધ્યનો અનુભવ કરાવે છે. જો આપણે આપણા મકાનને આવાં માંગલ્ય પ્રતીકોથી સુશોભિત કરીશું તો અનિષ્ટ આપોઆપ દૂર થશે. ●

વિશિષ્ટ લગ્ન

(૨૩૪ પાનાંથી ચાલુ)

આપવા માટે પ્રખ્યાત છે. બિલ ગેટ્સે દાનવીર તરીકે પણ ખ્યાતિ પ્રાપ્ત કરેલી છે. વર્ષ ૨૦૦૨થી તેમને વ્યયેશ સૂર્યની દશા શરૂ થઈ. વ્યયસ્થાન એ દાન-ધર્મનું સ્થાન પણ છે. હાલ વર્ષ ૨૦૦૮થી તેમને લાભેશ ચંદ્રની દશા ચાલી રહી છે.

શાહરૂખ ખાન

જન્મતારીખ : ૨-૧૧-૧૯૬૫

જન્મસમય : ૨.૩૦ a.m.

જન્મસ્થળ : નવી દિલ્હી

ગ્રહ	લ	સૂ	ચં	મં	બુ	ગુ	શુ	શ	રા	કે
રાશિ	૫	૭	૧૦	૮	૮	૩	૯	૧૧	૨	૮

આ કુંડળી ઊંચું મહેનતાણું મેળવતાં પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા શાહરુખ ખાનની છે.

(૧) જન્મલગ્નથી નવમસ્થાનનો સ્વામી મંગળ છે અને તેની કલા ૬ છે. ચંદ્રથી નવમસ્થાનનો સ્વામી બુધ છે અને તેની કલા ૮ છે.

(૨) બંને ગ્રહોની કલાઓનો સરવાળો કરતાં જવાબ ૧૪ થશે.

(૩) ૧૪ ને ૧૨ વડે ભાગતાં શેષ ૨ વધશે.

(૪) મકર રાશિના ચંદ્રથી ૨ સ્થાન ગણતાં કુંભ રાશિ ઈન્દુલગ્ન થશે.

લગ્નેશ શનિ સ્વગ્રહી થઈને લગ્નસ્થાન સ્થિત છે. પાપગ્રહ મંગળ અને શુભગ્રહ ગુરુની લગ્ન પર દૃષ્ટિ છે. આમ લગ્નેશ લગ્નમાં સ્વગ્રહી અને ગુરુ-મંગળની દૃષ્ટિને લીધે લગ્નસ્થાન મજબૂત બન્યું છે. ધનેશ અને લાભેશ ગુરુ પંચમસ્થાન સ્થિત છે. જ્યારે નવમાસ્થાનનો અધિપતિ શુક્ર લાભસ્થાનમાં રહેલો છે. આમ ઈન્દુલગ્નથી સુંદર ધનયોગ રચાયો છે.

વર્ષ ૧૯૯૨માં શાહરુખની પ્રથમ ફિલ્મ રજૂ થઈ અને તેમની ફિલ્મ કારકિર્દી શરૂ થઈ. તેમને ગુરુની દશા પણ વર્ષ ૧૯૯૨થી જ શરૂ થઈ. ગુરુ લાભેશ અને ધનેશ થઈ પંચમસ્થાનમાં રહીને નવમસ્થાન, લાભસ્થાન અને ઈન્દુલગ્નને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે.

સર્વાષ્ટક વર્ગમાં ગુરુ ૨૯ બિંદુ સાથે મિથુન રાશિમાં રહેલો છે તથા નવમાંશમાં સ્વરાશિ સ્થિત છે. આર્થિક દૃષ્ટિએ ગુરુની દશા શાહરુખ માટે લાભદાયક પુરવાર થઈ. ઈન્દુલગ્નથી ગુરુ પંચમસ્થાન સ્થિત છે. પંચમસ્થાન સર્જનાત્મકતા, પ્રતિભા તથા કલાનું સ્થાન છે. આથી ગુરુની દશા દરમિયાન શાહરુખે પોતાની કલા તથા પ્રતિભાના બળે ધન મેળવ્યું. શાહરુખની કારકિર્દીની મહત્ત્વપૂર્ણ ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' ઑક્ટોબર ૧૯૯૫માં રજૂ થઈ. એ સમયે ગોચરમાં ઈન્દુલગ્નનો સ્વામી શનિ કુંભ રાશિમાં લગ્નમાંથી પસાર થઈ રહ્યો હતો. અને ગુરુ તથા મંગળ દસમાં ઉપચય સ્થાને વૃશ્ચિક રાશિમાં ગોચર ભ્રમક કરી રહ્યા હતા. ગુરુની દશામાં શનિની અંતર્દશા ચાલી રહી હતી. ગુરુ અને શનિ બંને ઈન્દુલગ્ન સાથે શુભ રીતે સંકળાયેલાં ગ્રહો છે. શાહરુખની કારકિર્દીની બીજી મહત્ત્વપૂર્ણ ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ'ની રજૂઆત સમયે ઑક્ટોબર ૧૯૯૮માં ગોચરમાં ગુરુ કુંભ રાશિમાં ઈન્દુલગ્નમાંથી પસાર થઈ રહ્યો હતો અને શનિ મેષ રાશિમાં તૃતીય ઉપચય સ્થાને ગોચર ભ્રમણ કરી રહ્યો હતો. હાલ વર્ષ ૨૦૦૮થી તેમને ઈન્દુલગ્નના સ્વામી શનિની દશા ચાલી રહી છે.

આમ, જન્મલગ્નની સાથે ઈન્દુલગ્ન પણ જાતકની આર્થિક સદ્ધરતા જાણવાં માટે મહત્ત્વનું બની રહે છે. ●

ડૉક્ટર થવાના યોગો

(૨૫૦ પાનાંથી ચાલુ)

(૨) આંખના ડૉક્ટર

(જ. તા. ૧૨/૧૦/૧૯૮૧)

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.
૭	૬	૧૨	૫	૭	૬	૮	૬	૪	૧૦

(પષ્ઠેશ ગુરુ, કર્મેશ, ચંદ્ર પરસ્પર દૃષ્ટિમાં - સૂર્ય-શનિ-ગુરુનો યોગ- ધનેશ મંગળની છઠ્ઠા સ્થાને પૂર્ણ દૃષ્ટિ - સૂર્યચિત્રા નક્ષત્રમાં છે.

(૩) બાળકોના ડૉક્ટર

(જ. તા. ૨૪/૧૦/૧૯૭૭)

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.
૧૦	૮	૧	૯	૮	૪	૭	૫	૫	૧૧

અહીં ગુરુ ઉચ્ચનો થઈ સાતમા સ્થાને રહી પષ્ઠેશ બુધ પર પૂર્ણ દૃષ્ટિ, કર્મસ્થાને વાયુતત્ત્વની રાશિનો શુક્ર સ્વગ્રહી, ધનેશ શનિની કર્મસ્થાન ઉપર પૂર્ણ દૃષ્ટિ બુધ વર્ગોત્તમી છે.

(૪) સ્ત્રીરોગ નિષ્ણાત (ગાયનેક)

(જ. તા. ૨૨/૮/૧૯૭૫)

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.
૫	૫	૧૧	૨	૫	૧	૫	૪	૮	૨

પષ્ઠેશ શનિની છઠ્ઠે દૃષ્ટિ, ધનેશ બુધ, કર્મેશ શુક્ર અને સ્વગ્રહી સૂર્યની યુતિ, વાયુતત્વની રાશિના ચંદ્ર તથા મંગળની યોગકારક સ્થિતિ. આ બેન મેડિકલ ઑફિસર છે.

(૫) મેડિકલ લેકચરર (જ. તા. ૧૪/૧/૧૯૭૯)

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.
૧	૯	૪	૧૦	૯	૪	૮	૫	૫	૧૧

આ કુંડળીમાં વાણીના બીજા સ્થાનનો સ્વામી શુક્ર આઠમે રહી બીજા સ્થાને પૂર્ણ દૃષ્ટિ કરે છે. કર્મેશ શનિની ધન સ્થાને બીજે પૂર્ણ દૃષ્ટિ છે. કર્મ સ્થાને ઉચ્ચ રાશિનો મંગળ, સુખ સ્થાને સ્વગ્રહી ચંદ્ર સાથે ઉચ્ચ રાશિનો ગુરુ, ધનેશ શનિની ધન સ્થાને દૃષ્ટિ છે. સૂર્ય-મંગળ ઉ.ષા. નક્ષત્રમાં છે. આ કુંડળીમાં પંચ મહાપુરુષ યોગો પણ થયેલા છે. ●

દ્વાદશાંશ કુંડળી

લેખક : શ્રી જગદીશ શુક્લ

૩૭/૮૫૭ શિવમ્ ફ્લેટસ, ભાઈલાલ પટેલ પાર્ટી પ્લોટ સામે,
ગોરવા, વડોદરા-૧૬. મો. - ૯૯૨૫૨૮૨૦૮૦.

રાશિનો બારમો ભાગ એટલે દ્વાદશાંશ. દ્વાદશાંશ કુંડળી દ્વારા માતાપિતાના સુખનો વિચાર કરવામાં આવે છે. જે માટે દ્વાદશાંશોના સ્વામી, તેનું ભાવગત ફળ, રાશિફળ, સાધારણ ફળ, દ્વાદશાંશ લગ્નમાં રહેલ ગ્રહનું ફળ સમજાવી ઉદાહરણ દ્વારા લેખને વધુ સમૃદ્ધ કરેલ છે.

સંશોધન વિભાગ

ફળકથન

દ્વાદશાંશ એટલે રાશિનો બારમો ભાગ. એક રાશિ=૩૦ અંશ તેનો બારમો ભાગ ૩૦÷૧૨= અઢી અંશ. એક દ્વાદશાંશ અઢી અંશનો હોય છે. स्वभात् द्वादशांशा:। એ મુજબ બધી રાશિઓના દ્વાદશાંશ ક્રમથી પોતાની રાશિથી શરૂ થાય છે.

स्याद् द्वादशांशे पितुमातृ सोख्यम्।

દ્વાદશાંશથી માતાપિતાના સુખનો વિચાર થાય છે. અન્યત્ર પણ કહેવાયું છે કે

कलत्र सौख्यादि नवमांश लग्नात्
विलोक्यगकाँशकतोऽत्र पित्रोः।

નવમાંશ લગ્નથી સ્ત્રી સુખાદિ તથા દ્વાદશાંશથી માતાપિતાનું સુખ જાણવું.

દ્વાદશાંશ કુંડળી જનઃ લોક તથા વિશુદ્ધિ ચક્રનું પ્રતિનિધિત્વ કરે છે. ગુરુ તથા શનિ તેના સ્વામી છે.

विशुद्धौ द्वादशांशः स्यात् पितृचिन्ता तथा गुरुः।
द्वादशांशे शनैश्चारी, नाशचिन्ता च कीर्तिता।।

ઉપરોક્ત શ્લોકનો ભાવાર્થ લેતા દ્વાદશાંશ વિશુદ્ધિચક્રની બરાબર છે. માતાપિતા તથા તેમના તરફથી મળતા સુખ માટે દ્વાદશાંશ જોવાય છે. અને તેનો સ્વામી ગુરુ છે. બીજી તરફ દુઃખ અને ચિંતા વગેરે માટેનો સ્વામી શનિ છે.

દ્વાદશાંશ કુંડળીમાં બળવાન ગુરુ અને શનિ શુભસ્થાનમાં અને શુભરાશિમાં હોય તો જાતકને વિદ્યા, બુદ્ધિ, જ્ઞાન, ડહાપણ, ભૌતિક સુખ અને લાંબુ આયુષ્ય આપે છે. અને જીવન દુઃખોથી મુક્ત રહે છે. પરંતુ જો બેમાંથી એક નિર્બળ હોય તો દુઃખ અને તકલીફ જેવા અશુભ ફળો આપે છે.

દ્વાદશાંશોના સ્વામી

દ્વાદશાંશોના સ્વામી ક્રમશઃ ગણેશ, અશ્વિનીકુમાર, યમ અને સર્પ છે. આ મુજબ ૧.૫.૯ દ્વાદશાંશોના સ્વામી ગણેશ ૨.૬.૧૦માં દ્વાદશાંશોના સ્વામી અશ્વિનીકુમાર એમ ક્રમશઃ છે.

અને તેના ફળ સ્વામીઓના નામ મુજબ કલ્પના કરવી. દા.ત. પહેલું, પાંચમું અને નવમું દ્વાદશાંશ મહેનત પછી સફળતા અપાવે છે. બીજુ, છઠ્ઠુ અને દશમું દ્વાદશાંશ જેના સ્વામી અશ્વિનીકુમાર છે. જાતકની સુખાકારી સારી રાખે છે અને મિત્ર સમાન કાર્ય કરે છે. મૃત્યુના દેવ યમ ના દ્વાદશાંશ (૩, ૭, ૧૧) મૃત્યુ કે મૃત્યુતુલ્ય કષ્ટ આપે છે અને ૪-૮-૧૨મા દ્વાદશાંશ દુર્ભાગ્ય અને દુઃખ આપે છે.

अकाँशपेंऽगो पितुतुल्यभाग्यः
त्रिकस्थितेनात्मसुखं न पित्रोः।
लाभस्थिते तातधनं सुगुप्तं
नीचास्ते-पापारिखलेश्वभद्रम्।।

દ્વાદશાંશ પતિ જો જન્મકુંડળીમાં લગ્નમાં હોય, તો જાતક પિતાની બરાબર ભાગ્યવાન થાય છે. જો ત્રિક-સ્થાનમાં હોય તો તેને પોતાનું (પોતાના શરીરનું) તથા માતાપિતાનું સુખ મળતું નથી. જો દ્વાદશાંશ પતિ લાભસ્થાનમાં હોય તો પિતાનું ગુપ્ત ધન (અથવા અન્ય રીતે વારસો) મળે છે. જો દ્વાદશાંશ પતિ જન્મકુંડળીમાં નીચ, અસ્ત, શત્રુગૃહી હોય (અથવા નીચ, અસ્ત શત્રુગ્રહથી યુત-દૃષ્ટ હોય) તો માતાપિતાની હાનિ, ક્લેશ - દુઃખ આદિ અભદ્ર-અશુભ ફળ મળે છે.

દ્વાદશાંશેશ ભાવગત ફળ

દ્વાદશાંશપતિ જન્મલગ્નમાં હોય તો જાતક પિતા બરાબર ભાગ્યશાળી થાય છે. એવો અર્થ ઉપરોક્ત શ્લોકનો થાય છે. પરંતુ શ્રી મુકુન્દ દૈવજ્ઞ તથા ડૉ. સત્યેન્દ્ર મિશ્રા પ્રમાણે દ્વાદશાંશ પતિ જો જન્મલગ્નમાં હોય તો જાતક પિતા સમાન ધની અને ગુણી નથી હોતો. પિતાથી ઓછો ગુણવાન અને અલ્પધની હોય છે.

દ્વાદશાંશપતિ જો કુંડળીમાં ધન-સ્થાનમાં હોય તો જાતક પિતાથી વધારે ગુણવાન અને ધની થાય છે. દ્વાદશાંશ પતિ જો કુંડળીમાં ત્રીજા ભાવમાં હોય તો જાતક પિતાથી વધારે યશસ્વી થાય છે. ચોથા સ્થાનમાં હોય તો ભાગ્યશાળી, પાંચમાં સ્થાનમાં હોય તો બુદ્ધિમાન અને પિતાને સુખ આપનાર. છઠ્ઠા સ્થાનમાં આર્થિક શત્રુઓ વાળો અને સાતમા સ્થાનમાં હોય તો સુખ-લાભ પ્રાપ્ત કરનાર હોય છે.

આઠમા સ્થાનમાં હોય તો પિતાનું કે પોતાનું શસ્ત્ર, શત્રુ કે ઝેરીલા જીવથી અપમૃત્યુ કે આત્મહત્યા થાય છે.

દ્વાદશાંશપતિ જન્મકુંડળીમાં નવમાં સ્થાનમાં હોય તો જાતકના પિતા ધાર્મિક વૃત્તિવાળા તથા તીર્થાટન કરનાર હોય છે. દશમા સ્થાનમાં હોય તો જાતક પિતાથી સાધક સુખસમૃદ્ધિ ભોગવ છે. દ્વાદશાંશપતિ જન્મકુંડળીમાં લાભસ્થાનમાં હોય તો ગુપ્ત (દાટેલું) ધનભંડાર મળે છે. અથવા સટ્ટો-લૉટરી વગેરેથી આકસ્મિક ધનલાભ થાય છે. જો દ્વાદશાંશેશ જન્મકુંડળીમાં બારમા ભાવમાં હોય તો ધનનાશ, દુષ્ટ સંગત તથા અનીતિથી ચાલવાથી નિન્દનીય થાય છે.

દ્વાદશાંશ રાશિફળ

મેષ દ્વાદશાંશમાં જન્મનાર લુચ્ચો, ચોર અને પાપી હોય છે.

વૃષભ દ્વાદશાંશમાં જન્મનાર સ્ત્રીયુક્ત, ધનવાન પણ રોગી હોય છે.

મિથુન દ્વાદશાંશમાં જન્મનાર જુગારી પણ સારા સ્વભાવનો હોય છે.

કર્ક દ્વાદશાંશમાં જન્મનાર દુષ્ટ આચારવિચાર વાળો હોય છે.

સિંહ દ્વાદશાંશમાં જન્મનાર શૂરવીર અને રાજાનું કામ કરનાર હોય છે.

કન્યા દ્વાદશાંશમાં જન્મનાર જુગાર રમવાવાળો અને સ્ત્રીઓમાં પ્રીતિ વાળો હોય છે.

તુલા દ્વાદશાંશમાં જન્મનાર ધનવાન અને વ્યાપારી હોય છે.

વૃશ્ચિક દ્વાદશાંશમાં જન્મનાર લુચ્ચો, ચોરોનો સ્વામી, વધ કરનાર હોય છે.

ધન દ્વાદશાંશમાં જન્મનાર પિતૃ, દેવો અને બ્રાહ્મણોનો ભક્ત હોય છે.

મકર દ્વાદશાંશમાં ધનવાન અને નોકર ચાકર યુક્ત હોય છે.

કુંભ દ્વાદશાંશમાં કારણવિના લુચ્ચાઈ કરનાર.

મીન દ્વાદશાંશમાં જન્મ લેનાર ધનવાન તથા વિદ્વાન હોય છે.

સાધારણ ફળ વિચાર

બૃહદ્ જાતક દ્વાદશાંશનું ફળ મેષાદિ રાશિમાં રહેલ ચંદ્ર પ્રમાણે જોવાનું કહે છે.

+ દ્વાદશાંશપતિ જો જન્મકુંડળીમાં સ્વગૃહી, ઉચ્ચ કે મિત્રક્ષેત્રી હોય તો જાતક ખૂબ જ ભાગ્યશાળી થાય છે. પરંતુ જો દ્વાદશાંશપતિ જન્મકુંડળીમાં નીચ, અસ્ત પાપયુત કે પાપદૃષ્ટ હોય તો જાતકને રોગ, શત્રુ અને જાતજાતની ચિંતાઓથી પરેશાન થવું પડે છે.

+ દ્વાદશાંશપતિ પુરુષગ્રહ હોય અને તે સ્વગૃહી, મિત્રગૃહી કે ઉચ્ચસ્થ થઈ કેન્દ્ર કે ત્રિકોણમાં બેઠો હોય તો જાતકને પિતાનું પૂર્ણ સુખ મળે છે. પરંતુ જો તે નીચ, અસ્ત, શત્રુગ્રહની કે પાપગ્રહની રાશિમાં હોય અથવા ત્રિકમાં બેઠો હોય તો પિતાનું સુખ અલ્પ હોય છે અથવા પિતા કષ્ટમય જીવન પસાર કરે છે.

+ જો દ્વાદશાંશપતિ સ્ત્રીગ્રહ હોય તે સ્વગૃહી, ઉચ્ચ કે મિત્ર રાશિમાં રહી કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો જાતકને માતાનું પૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે. પરંતુ જો તે સ્ત્રીગ્રહ દ્વાદશાંશેશ નીચ, અસ્ત પાપયુક્ત-પાપદૃષ્ટ થઈ ત્રિકમાં હોય તો માતાનું સુખ નથી મળતું અથવા માતા અસ્વસ્થ રહે છે.

+ માતાપિતાના સુખ માટે કારક ગ્રહોનો ઉપયોગ પણ કરી શકાય. જ્યારે સૂર્ય દ્વાદશાંશ કુંડળીમાં બળવાન હોય, ઉચ્ચ સ્વગૃહી કે મિત્રક્ષેત્રી હોય ત્યારે પિતાનું સુખ ઉત્તમ હોય છે. આથી વિપરીત જ્યારે કુંડળીમાં સૂર્ય નીચ રાશિમાં કે શત્રુરાશિમાં ત્રિક સ્થાનમાં હોય તો પિતાનું સુખ મળતું નથી.

+ જ્યારે ચંદ્ર દ્વાદશાંશ કુંડળીમાં ઉચ્ચ, સ્વગૃહી કે મિત્રક્ષેત્રી હોય, કેન્દ્ર ત્રિકોણ કે લાભ ભાવમાં હોય ત્યારે માતાનું પૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે. જ્યારે દ્વાદશાંશ કુંડળીમાં ચંદ્ર નીચ કે શત્રુક્ષેત્રી કે ત્રિકસ્થાનમાં હોય તો માતાનું સુખ મળતું નથી.

+ દ્વાદશાંશ કુંડળીમાં દ્વાદશાંશ લગ્ન ઉપરાંત માતા માટે દ્વાદશાંશ કુંડળીનું ચતુર્થ સ્થાન તથા પિતા માટે દ્વાદશાંશ કુંડળીનું નવમું સ્થાન જોવું જરૂરી છે. જ.ભૂ. પંચાંગ સં. ૨૦૫૬ના મારા લેખ માતૃરિષ્ટ યોગના ઉદાહરણોમાં માતાના નાની ઉંમરમાં મરણ માટે દ્વાદશાંશ કુંડળીનું લગ્ન તથા ચતુર્થ સ્થાન દૂષિત હતા.

દ્વાદશાંશ લગ્નમાં રહેલ ગ્રહોનું ફળ

દ્વાદશાંશ લગ્નમાં સૂર્ય હોય તો જાતક ક્રૂર, અલ્પાયુ, કામી, આળસુ અને ચપળ હોય છે.

દ્વાદશાંશ લગ્નમાં ચંદ્ર હોય તો જાતક અનેક રત્નોથી યુક્ત, જુદા જુદા રસ્તે ધન મેળવનાર, સુશીલ અનેક મિત્રોવાળો તથા કુળનો પ્રધાન થાય છે.

દ્વાદશાંશ લગ્નમાં મંગળ હોય તો જાતક પાપી, મૂર્ખ, ગંદો, રોગી, વ્યસની અને ધર્મમાં બહુ નહીં માનનાર હોય છે.

દ્વાદશાંશ લગ્નમાં બુધ હોય તો જાતક સુશીલ, વિદ્યા મેળવવામાં પ્રીતિ રાખનાર, ગુરુ અને દેવોનો ભક્ત અને રતિ લાલસાવાળો હોય છે.

દ્વાદશાંશ લગ્નમાં ગુરુ હોય તો જાતક પવિત્ર આચરણવાળો, વિદ્વાન, શાસ્ત્રનો અર્થ જાણનાર, વક્તા, સુખી, દીર્ઘાયુ અને સંબંધીઓને આશ્રય દેનાર હોય છે.

દ્વાદશાંશ લગ્નમાં શુક્ર હોય તો જાતક સુન્દર, નૃત્ય-ગીતમાં પ્રીતિ રાખનાર, ઘણું ધન ભોગવનાર, પવિત્ર, દાતા, વક્તા, ક્ષમા કરનાર હોય છે.

દ્વાદશાંશ લગ્નમાં શનિ હોય તો પાપી, ચપળ, કપટી, કામી, બીજાના ધનની ઈચ્છા રાખનાર, બંધુ બાંધવોથી રહિત, દુઃખી, ગંદો અને અધર્મી હોય છે.

કુંભ લગ્નઃ કુંભ દ્વાદશાંશ

સત્યાચાર્યના મત મુજબ કુંભ લગ્ન શુભ હોતું નથી. તેઓ કહે છે 'કુંભ લગ્નમાં જન્મનાર જાતક હંમેશાં દુઃખ અને શોકથી સંતમ રહે છે.'

પ્રાચીન યવનાચાર્યો કોઈ પણ લગ્નમાં કુંભ દ્વાદશાંશને અશુભ ગણે છે. આચાર્ય શ્રુતકીર્તિ મુજબ કુંભ દ્વાદશાંશમાં જન્મનાર જાતક પારકુ અન્ન ખાનારો અને સદા દુઃખી હોય છે.

આપણે કુંભ લગ્નને કે બધી રાશિઓના કુંભ દ્વાદશાંશને અશુભ ન માનીયે, તોપણ એટલું તો જરૂર કહી શકાય કે કુંભ લગ્નમાં કુંભ દ્વાદશાંશ અતિ અશુભ ફળદાતા છે. સારાવલીમાં નષ્ટજાતક અધ્યાયમાં રાશિ, હોરા, દ્રેષ્કાણ તથા નવમાંશના જુદા જુદા વર્ગના ફળો આપેલા છે. દ્વાદશાંશના ફળો નથી. ફક્ત यत्प्रोक्त राशिफल, द्वादशभागेऽपि तत्फला वाच्यम् કહી રાશિના ફળોની જેમ જ દ્વાદશાંશનું ફળ કહ્યું છે. માનસાગરી ના ત્રીજા અધ્યાયના શ્લોક ૪૫૨થી ૪૫૮ સુધી દ્વાદશાંશના ફળ આપેલ છે. જિજ્ઞાસુઓ તે જોઈ શકે છે. અંતમાં, દ્વાદશાંશમાં મુખ્યત્વે માતાપિતાનું સુખ-અરિષ્ટ જોવાતુ હોઈ અહીં ત્રણ કુંડળીઓ માતૃ-પિતૃ અરિષ્ટની ઉદાહરણ રૂપે આપી છે. સંવત્ ૨૦૫૬ના પંચાંગમાં પણ દ્વાદશાંશ કુંડળીઓમાં ઉદાહરણ મેં આપેલા છે. અસ્તુ !

ઉદાહરણ કુંડળીઓ :- નાની ઉંમરમાં પિતાનું મૃત્યુ.

જ.તા. ૨૪-૪-૮૫ ૫ ક.-૩૯ મિ I.S.T. 28N 39. 77E13

	લ	સૂ	ચં	મં	બુ	ગુ	શુ	શ	રા
જન્મ લગ્ન :	૬	૧	૨	૨	૧૨	૧૦	૧૨	૮	૧
દ્વાદશાંશ :	૪	૫	૧	૪	૬	૬	૪	૯	૧૦

જન્મકુંડળીમાં નવમેશ શુક્ર ઉચ્ચનો પણ નીચ રાશિના ગ્રહ બુધ સાથે છે તેનાથી ત્રિકોણમાં શનિ છે. નવમ સ્થાનમાં અષ્ટમેશ મંગળ લાભેશ ચંદ્ર સાથે છે અને શનિથી દૃષ્ટ છે. પિતૃકારક સૂર્ય આઠમે રાહુ સાથે છે. સૂર્યથી નવમેશ ગુરુ નીચ રાશિનો શનિથી દૃષ્ટ છે. આમ પિતાનું સ્થાન અતિ દુષિત થયેલ છે.

દ્વાદશાંશમાં લગ્નમાં નીચ રાશિનો મંગળ કેતુની સાથે છે. લગ્નેશ ચંદ્રથી કેન્દ્ર ત્રિકોણમાં પાપગ્રહો હોવાથી શુભ નથી. લગ્ન કે લગ્નેશ પર કોઈ શુભગ્રહની દૃષ્ટિ નથી. નવમેશ ગુરુ જે ષષ્ઠેશ પણ છે. ૬ઠે રહેલ શનિથી [illegible] સૂર્યથી

ત્રિકોણમાં શનિ છે.

નાની ઉમરમાં પિતાનું મૃત્યુ થયેલ.

કુંડળી નં-૨. સ્ત્રી જાતકઃ બે વર્ષમાં માતાનું મૃત્યુ.

	લ	સૂ	ચં	મં	બુ	ગુ	શુ	શ	રા
જન્મ લગ્ન :	૧૧	૫	૧	૫	૪	૯	૩	૨	૧૦
દ્વાદશાંશ :	૯	૧૦	૭	૧૧	૨	૧૧	૨	૧૨	૧૦

જ.તા. ૨૯-૮-૭૨. સમય સાંજના ૬ ક.-૪૦ મિ. ધનબાદ (બિહાર)

પ્રસ્તુત કુંડળી વિ.સં. ૨૦૫૬ના પંચાંગમાં 'માતૃરિષ્ટ યોગ' લેખ અંતર્ગત વિસ્તારથી ચર્ચાઈ ગઈ છે. અહીં ફક્ત દ્વાદશાંશ કુંડળીના યોગો આપું છું.

દ્વાદશાંશ લગ્ન પર પાપગ્રહ શનિની દૃષ્ટિ છે. ચતુર્થેશ ગુરુ પાપગ્રહ મંગળ સાથે છે અને સૂર્ય શનિની પાપકર્તરિમાં છે. કારક ચંદ્રથી કેન્દ્ર ત્રિકોણમાં પાપગ્રહો છે અને ચંદ્રનો ડિસ્પોઝીટર છઠા સ્થાનમાં ચંદ્રથી આઠમા સ્થાનમાં છે. આમ માતૃસુખ માટે ગ્રહો શુભ જણાતા નથી.

કુંડળી નં. ૩ શ્રીમતિ ઈન્દિરા ગાંધી : માતૃરિષ્ટ જ. તા. ૧૯-૧૧-૧૭. ૨૩-૧૧I.S.T. 25N 27. 81E51.

	લ	સૂ	ચં	મં	બુ	ગુ	શુ	શ	રા
લગ્ન :	૪	૮	૧૦	૫	૮	૨	૯	૪	૯
દ્વાદશાંશ :	૨	૯	૧૨	૧૧	૧	૮	૫	૧૨	૧૨

જન્મકુંડળીમાં ચતુર્થેશ શુક્ર ૬ઠે રાહુ સાથે છે. માતૃ કારક ચંદ્ર શનિથી દૃષ્ટ છે. તથા ચંદ્રથી ૬-૭-૮ મે પાપગ્રહો છે. ચતુર્થ પર કોઈ શુભગ્રહોની દૃષ્ટિ નથી.

દ્વાદશાંશ કુંડળીમાં ચતુર્થેશ ૬ઠે છે. ચતુર્થસ્થ શુક્ર ષષ્ઠેશ (અને લગ્નેશ) છે. ચતુર્થ કારક, ચંદ્ર શનિ રાહુ સાથે છે. દ્વાદશાંશ લગ્ન પર શનિ મંગળ બે પાપગ્રહોની શનિ-મંગળની દૃષ્ટિ છે. આમ અહીં ચતુર્થ સ્થાન, કારક અને લગ્ન દુષિત છે. ઈન્દિરા ગાંધીની માતાનું મૃત્યુ Feb. 1936માં થયું હતું.

પરદેશગમનમાં પુષ્કરાંશ ગુરુનું મહત્ત્વ

લેખક : શ્રી ભાસ્વાન આર. રાવલ

૪, પ્રભુકુંજ સોસાયટી, જૂની આરાધના સ્કૂલ પાસે, મણિનગર,
અમદાવાદ - ૩૮૦૦૦૮. મો.- ૯૪૨૬૩૦૧૩૭૬.

નવમાંશ ગણિતમાં ફળદાયી નવમાંશ એટલે 'પુષ્કર નવમાંશ'. બારે રાશિમાં અમુક ચોક્કસ અંશને પુષ્કર નવમાંશ કહે છે. લેખકે અહીં બારે રાશિમાંના 'પુષ્કર નવમાંશ' આપી પુષ્કર નવમાંશમાં જ્યારે ગુરુ પસાર થાય ત્યારે પરદેશગમનના યોગોને બળવાન કરે છે તે ઉદાહરણ સહિત દર્શાવેલ છે.

સંશોધન વિભાગ

પરદેશગમનના સૈદ્ધાંતિક યોગોનો જાતકની જન્મકુંડળી, ચંદ્રકુંડળી, સ્પષ્ટગ્રહો, મહાદશા, અંતર્દશા, પ્રત્યંતર્દશા તથા ગોચર ગ્રહો સાથે સૂક્ષ્મ ગાણિતિક સમન્વય કરતાં જાતકને પરદેશગમન માટે વિઝા મેળવવાનો સચોટ સમય, તારીખો આપી શકાય છે. તે જ પ્રમાણે નવમાંશ કુંડળી દ્વારા પણ તેના વિશિષ્ટ સૂક્ષ્માતિસૂક્ષ્મ ગણિતને કારણે પરદેશગમનના ફળાદેશમાં વધુ સચોટ પરિણામ સુધી પહોંચી શકાય છે.

૩૬૦°ના બનેલા ભચક્રના ૧૨ સરખા ભાગ કરતાં ૧ ભાગ ૩૦°નો બને છે, જેને રાશિ કહે છે અને ૧ રાશિના નવ સરખા ભાગ કરતાં ૩°-૨૦'નો એક ભાગ બને છે તેને નવમાંશ કહે છે. જ્યોતિષશાસ્ત્રના ફળકથનમાં ઉત્કૃષ્ટ એવા નવમાંશ ગણિતમાં અતિ મહત્ત્વનું શુભ ફળદાયી નવમાંશ 'પુષ્કર નવમાંશ' તરીકે સ્થાપિત થયેલું છે, જે ભચક્રની બારેય રાશિઓમાં અમુક ચોક્કસ અંશોમાં ઉદ્ભવે છે અને આ પુષ્કર નવમાંશનો જ્યોતિષશાસ્ત્રના પ્રાચીન ગ્રંથો વિદ્યામાધવીયમ્, કલાવૃત્તમ અને કલાવિધાનમ્, ધ્રુવનાડી, ચંદ્રકલાનાડી, (દેવકેરલમ્)માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ, તત્ત્વોમાં વહેંચાયેલી બારેય રાશિઓના નોંધપાત્ર પુષ્કર નવમાંશ આ સાથે નીચે દર્શાવેલ કોઠા મુજબ આવે છે તે મુજબ તે અંશોમાંથી જ્યારે ગોચર ગુરુ પસાર થાય, ભ્રમણ કરે, ત્યારે જે તે ભાવને લગતા શુભ ફળો પ્રાપ્ત થાય.

તત્ત્વ	રાશિ	પુષ્કર નવમાંશ	અંશો	પુષ્કરાંશ
અગ્નિ	મેષ, સિંહ, ધન	૭મું - તુલા ૯મું - ધન	૨૦°-૦૦'થી ૨૩°-૨૦' ૨૬°-૪૦'થી ૩૦°-૦૦'	૨૧°-૦૦'
પૃથ્વી	વૃષભ, કન્યા, મકર	૩જું - મીન ૫મું - વૃષભ	૬°-૪૦'થી ૧૦°-૦૦' ૧૩°-૨૦'થી ૧૬°-૪૦'	૧૪°-૦૦'
વાયુ	મિથુન, તુલા, કુંભ	૬ઠ્ઠું - મીન ૮મું - વૃષભ	૧૬°-૪૦' ૨૦°-૦૦' ૨૩°-૨૦થી ૨૬°-૪૦'	૨૪°-૦૦'
જળ	કર્ક, વૃશ્ચિક, મીન	૧લું - કર્ક ૩જું - કન્યા	૦૦°-૦૦'થી ૩°-૨૦' ૦૬°-૪૦'થી ૧૦°-૦૦'	૦૭°-૦૦'

અગ્નિતત્ત્વની મેષ, સિંહ, ધનરાશિમાં ૨૦°-૦૦'થી ૨૩°-૨૦' સુધીનું ૭મું તુલા નવમાંશ અને ૨૬°-૪૦થી ૩૦°-૦૦' સુધીનું ૯મું ધન નવમાંશ, પુષ્કર નવમાંશ ગણાય છે. જેમાં ત્રણેય રાશિના તુલા પુષ્કર નવમાંશમાં ૨૧°-૦૦'એ અતિ શુભ, સૂક્ષ્મ ગાણિતિક 'પુષ્કરાંશ' ગણાય છે અને ધનરાશિમાં ધન પુષ્કર નવમાંશ એ વર્ગોત્તમી નવમાંશ ગણાય છે, જેમાં રહેલ કોઈ પણ ગ્રહ અતિ શુભ ફળ આપે છે.

પૃથ્વી તત્ત્વની વૃષભ, કન્યા, મકર રાશિમાં ૦૬°-૪૦'થી ૧૦°-૦૦' સુધીનું ૩જું મીન નવમાંશ અને ૧૩°-૨૦'થી ૧૬°-૪૦' સુધીનું ૫મું વૃષભ નવમાંશ પુષ્કર નવમાંશ ગણાય છે, જેમાં ત્રણેય રાશિના વૃષભ પુષ્કર નવમાંશમાં ૧૪° એ અતિ શુભ, સૂક્ષ્મ, ગાણિતિક 'પુષ્કરાંશ' ગણાય છે અને વૃષભ રાશિમાં વૃષભ પુષ્કર નવમાંશ એ વર્ગોત્તમી નવમાંશ પણ ગણાય છે, જેમાં રહેલ કોઈ પણ ગ્રહ અતિ શુભ ફળ આપે છે.

આ જ પ્રમાણે વાયુતત્ત્વની મિથુન, તુલા, કુંભ રાશિમાં ૧૬°-૪૦'થી ૨૦°-૦૦' સુધીનું છઠ્ઠું મીન નવમાંશ અને ૨૩°-૨૦'થી ૨૬°-૪૦' સુધીનું ૮મું વૃષભ નવમાંશ પુષ્કર નવમાંશ ગણાય છે, જેમાં ત્રણેય રાશિના વૃષભ પુષ્કર નવમાંશમાં ૨૪°- એ અતિ શુભ, સૂક્ષ્મ ગાણિતિક 'પુષ્કરાંશ' ગણાય છે.

જળતત્ત્વની કર્ક, વૃશ્ચિક, મીન રાશિમાં ૦૦°-૦૦'થી ૦૩°-૨૦' સુધીનું ૧લું કર્ક નવમાંશ અને ૦૬°-૪૦'થી ૧૦°-૦૦' સુધીનું ૩જું કન્યા નવમાંશ પુષ્કર નવમાંશ ગણાય છે, જેમાં ત્રણેય રાશિના કન્યા પુષ્કર નવમાંશમાં ૦૭°-૦૦'એ અતિ શુભ સૂક્ષ્મ ગાણિતિક 'પુષ્કરાંશ' ગણાય છે અને કર્ક રાશિમાં ૧લું કર્ક પુષ્કર નવમાંશ એ વર્ગોત્તમી નવમાંશ પણ બને છે, જેમાં રહેલ કોઈ પણ ગ્રહ અતિ શુભ ફળ આપે છે.'

આમ ભચક્રની દરેક રાશિમાં બે-બે પુષ્કર નવમાંશ લેખે કુલ ૨૪ પુષ્કર નવમાંશ આવે છે. આ બધા શુભ નવમાંશો છે. તેમના સ્વામીઓ શુભ ગ્રહો છે અને દરેક બાબતોમાં મળતા શુભ પરિણામોની જેમ જ પરદેશગમનમાં પણ અન્ય યોગોની સાથે સાથે પુષ્કર નવમાંશનો ઉપયોગ કરતાં ઘણું સચોટ પરિણામ મળે છે. આ સાથે પરદેશગમનમાં પુષ્કરાંશ ગુરુના મહત્ત્વને સામર્થ્ય આપતાં કેટલાક ઉદાહરણો ચકાસીએ.

ઉદાહરણ : ૧													સ્ત્રી જાતક
જન્મ તારીખ :	૧૫-૯-૧૯૮૪		જન્મ સમય :		ક : ૧૬.૨૦ મિ			જન્મસ્થળ :					અમદાવાદ
ગ્રહો	લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ	હર્ષલ	નેપ્ચ્યૂન	પ્લૂટો
જન્મકુંડળી	૧૦	૫	૧	૮	૫	૯	૬	૭	૨	૮	૮	૯	૭
નવમાંશકુંડળી	૨	૯	૮	૧૦	૪	૩	૫	૧૨	૧૨	૬	૮	૨	૯
વક્રી									વક્રી	વક્રી			
ગોચરગ્રહ ૧-૮-૨૦૦૮		૪	૪	૫	૪	૯	૪	૫	૧૦	૪	૧૧	૧૦	૯
ગોચર વક્રી ગ્રહ						વક્રી			વક્રી	વક્રી	વક્રી	વક્રી	વક્રી

પરદેશગમનના સૈદ્ધાંતિક યોગો, દશાઓ અને ગોચરનો સમન્વય કરીને જાતકને ઉચ્ચ વિદ્યાભ્યાસાર્થે અમેરિકાના સ્ટુડન્ટ વિઝા આપેલ તારીખે જ તા. ૧-૮-૨૦૦૮ના રોજ મળ્યો.

આ સમયે વ્યયેશ સ્વગૃહી ગુરુ સાથે ગોચર ગુરુ પણ વ્યયસ્થ સ્વગૃહી થઈને ૧૨મે વિદેશ સ્થાનમાં ધનરાશિમાં ૨૦°-૪૫'નો તુલા પુષ્કર નવમાંશમાં ભ્રમણ કરતો હતો અને બંને ગુરુ-જન્મ તથા ગોચરની પાંચમી દ્રષ્ટિ ૪થે ઉચ્ચ ડિગ્રી સ્થાન પર પડતી હતી તેથી ઉચ્ચ વિદ્યાપ્રાપ્તિ અર્થે જાતકને અમેરિકાનો ૫ વર્ષનો સ્ટુડન્ટ વિઝા તા. ૧-૮-૦૮ના રોજ મળ્યો અને તા. ૨૫-૮-૦૮ના રોજ જાતક અમેરિકા જવા રવાના થયા.

ઉદાહરણ : ૨													સ્ત્રી જાતક
જન્મ તારીખ :	૧૦/૧૧-૧૨-૧૯૮૪		જન્મ સમય :		ક : ૦૨.૧૦ મિ રાત્રે			જન્મસ્થળ :					વડોદરા
ગ્રહો	લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ	હર્ષલ	નેપ્ચ્યૂન	પ્લૂટો
જન્મકુંડળી	૬	૮	૩	૧૦	૯	૯	૧૦	૭	૨	૮	૮	૯	૭
નવમાંશકુંડળી	૩	૧૧	૨	૫	૨	૭	૧૨	૩	૧૦	૪			
વક્રી					વક્રી				વક્રી	વક્રી			
ગોચરગ્રહ ૧૭-૪-૨૦૦૮		૧	૫	૩	૧	૯	૧૨	૫	૧૧	૫	૧૧	૧૦	૯
ગોચર વક્રી ગ્રહ								વક્રી	વક્રી	વક્રી			વક્રી

જાતકની વિવિધ કુંડળીઓમાં રહેલા ગ્રહોના સૂક્ષ્મ અભ્યાસ થકી જાતકને લગ્ન દ્વારા પરદેશયોગ સૂચવેલ તે મુજબ તા. ૨૬-૧-૦૮ના રોજ જાતકના લગ્ન ઑસ્ટ્રેલિયા સ્થિત યુવક સાથે થયા અને જાતકને આપેલ સમય દરમિયાન તા. ૧૭-૪-૨૦૦૮ના રોજ પતિ દ્વારા પરદેશગમન માટેનો ઑસ્ટ્રેલિયાનો વિઝા મળ્યો. જાતક તા. ૧૨-૫-૨૦૦૮ના રોજ ઑસ્ટ્રેલિયા જવા રવાનાં થયાં.

તા. ૧૭-૪-૨૦૦૮ના રોજ ગોચર ગુરુ ૨૭°-૩૬'નો ધન પુષ્કર નવમાંશમાં ધનરાશિમાં વર્ગોત્તમી થાય છે. જન્મના સ્વગૃહી ગુરુ સાથે યુતિમાં અને બંને ગુરુની નવમી દ્રષ્ટિ વિદેશ સ્થાન પર સ્થાયી થવાના યોગ સૂચવે છે. નવમાંશમાં સાતમે ગોચર ગુરુ ધનરાશિમાં ધન નવમાંશમાં પુષ્કર નવમાંશમાં સમમસ્થ થઈને ભ્રમણ કરે છે તેથી લગ્ન થકી પરદેશયોગ થાય છે.

ઉદાહરણ : ૩													સ્ત્રી જાતક
જન્મ તારીખ :	૧૨-૧૦-૧૯૮૪		જન્મ સમય :		ક : ૧૦.૦૬ મિ.			જન્મસ્થળ :					વિલે પાર્લે, મુંબઈ
ગ્રહો	લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ	હર્ષલ	નેપ્ચ્યૂન	પ્લૂટો
જન્મકુંડળી	૮	૬	૯	૪	૬	૨	૫	૧૧	૩	૯	૫	૭	૫
નવમાંશકુંડળી	૮	૫	૩	૧૦	૪	૧૦	૫	૮	૭	૧	૬	૧	૭
વક્રી						વક્રી		વક્રી	વક્રી	વક્રી			
ગોચરગ્રહ ૯-૬-૨૦૦૮		૨	૫	૪	૨	૯	૨	૫	૧૦	૪	૧૧	૧૧	૯
ગોચર વક્રી ગ્રહ					વક્રી	વક્રી			વક્રી	વક્રી		વક્રી	વક્રી

જાતકની કુંડળીમાં વ્યયેશ શુક્ર કર્મસ્થ થઈ નવમાંશમાં પણ વર્ગોત્તમી થાય છે અને સિંહ રાશિમાં કર્મસ્થ સૂર્ય-શુક્રની યુતિ તથા સમમસ્થ સૂર્ય-શુક્રનું ગોચર ભ્રમણ તથા ગોચર ગુરુ ધનરાશિમાં સ્વગૃહી વક્રી થઈ ૨૬°-૫૯'નો ધન પુષ્કર નવમાંશમાં તા. ૯-૬-૦૮ એ ભ્રમણ કરીને નવમી દૃષ્ટિ કર્મસ્થાન પર કરતો હતો તેથી એ જ દિવસે જાતકને દક્ષિણ આફ્રિકાના ટાન્ઝાનિયાનો વર્ક પરમિટ વિઝા મળ્યો. જાતક તા. ૨૮-૭-૦૮એ ટાન્ઝાનિયા જવા રવાના થયા. આમ પુષ્કર નવમાંશમાંથી પસાર થતો ગોચર ગુરુ પરદેશગમનમાં અન્ય યોગોની સાથે વિઝા મેળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

– ભાસ્વાન આર. રાવલ •

સગાઈમાં વિલંબ

(૨૪૮ પાનાંથી ચાલુ)

ત્યારે તે વર્ષમાં લગ્ન થવાની શક્યતા વધી જાય છે.

(૮) કુંડળીમાં ચંદ્ર, શુક્ર અને સપ્તમેષ આ ત્રણમાં જે વિશેષ બળવાન હોય તેની દશા અંતર્દશામાં લગ્ન થાય.

(૯) જન્મકુંડળીના લગ્નાધિપતિ પરથી ગોચર ગુરુનું ભ્રમણ.

(૧૦)લગ્નેશનો નવમાંશપતિ, જન્મકુંડળીમાં જ્યાં બેઠો છે તેના ઉપરથી ગોચર ગુરુનું ભ્રમણ.

(૧૧) વર્ષફળ કુંડળીમાં ચંદ્ર શુક્રથી દ્રષ્ટ કે શુક્રની રાશિમાં આવે ત્યારે તે વર્ષમાં લગ્નની શક્યતા વધી જાય.

(૧૨) શુક્રથી ૭મે આવેલ રાશિના સ્વામીની દશામાં લગ્ન થાય.

(૧૩) વર્ષફળ કુંડળીમાં છઠ્ઠે શુભ ગ્રહ સ્વગૃહી થઈને છઠ્ઠે બેસે ત્યારે તે વર્ષમાં લગ્ન થાય.

(૧૪) વર્ષફળ કુંડળીમાં ચંદ્ર ચોથા સ્થાનમાં આવે તે વર્ષમાં લગ્નની શક્યતા વિશેષ જાણવી.

(૧૫) કુંડળીમાં ધનેશ જે રાશિમાં બેઠો હોય તેના સ્વામીની દશામાં લગ્ન થાય.

(૧૬) જન્મની શુક્ર સાથે ગોચર ગુરુનો દ્રષ્ટિ કે યુતિ સંબંધ થાય ત્યારે લગ્ન થાય.

(૧૭) કુંડળીની જન્મલગ્નની રાશિ કે નવમાંશ કુંડળીમાં ૭મે રહેલ રાશિમાંથી ગોચર શુક્રનું ભ્રમણ.

(૧૮) સપ્તમેષથી પાંચમે કે નવમે ગોચર ગુરુનું ભ્રમણ.

(૧૯) કુંડળીમાં જન્મલગ્નેશ બેઠો છે તેનો સ્વામી અને નવમાંશ કુંડળીનો લગ્નેશ બેઠો છે તેનો સ્વામી, આ બન્નેની ગોચરમાં યુતિ થાય ત્યારે.

(૨૦) કુંડળીનો સપ્તમેષ જે રાશિમાં બેઠો છે તે રાશિતુલ્ય નવમાંશમાં ગોચર ગુરુનું ભ્રમણ થાય ત્યારે.

(૨૧) લગ્નેશ જે રાશિમાં બેઠો છે અથવા જે નવમાંશમાં છે તેનાથી ત્રિકોણની રાશિમાં સપ્તમેષનું ભ્રમણ. •

લોન લેવી ? તે ચૂકતે થશે ?

લેખક : શ્રી અશોક સોની

ડી-૨૦૧, રિદ્ધિ ટાવર, જોધપુરગામ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫. મો.- ૯૯૧૩૧૯૮૮૦૫.

નક્ષત્ર પદ્ધતિ દ્વારા લોન લેવી કે નહીં લેવી ? લોન સરળતાથી ચૂકતે થશે કે નહીં થાય ? તેની માહિતી આપેલ છે. નક્ષત્રપતિ, ઉપપતિ, ઉપઉપપતિ દ્વારા લોન મળશે ? કે લોન ભરાશે ? તે ઉદાહરણ દ્વારા સમજાવેલ છે.

સંશોધન વિભાગ

૨૧મી સદીનો માનવી ભોગપ્રધાન, અર્થપ્રધાન છે. આજના માનવીનાં લોભ-લાલચ-મોહ સતત વધતાં જાય છે. આજે તમામ સુખ સગવડ, મોજ-શોખ, બંગલા-ગાંડી, ધંધા-ભણતર માટે સરકારી બૅન્કો-ફાઈનાન્સ કંપનીઓ આકર્ષક શરતોએ લોન આપે છે. તો શું લોન લેનારનો ઉદ્દેશ પાર પડે છે ? શું લોન લેનાર નિયમિત વ્યાજ-મૂડીના હપ્તા ભરી શકે છે ? ધંધા-રોજગાર બંધ થઈ જાય, કુદરતી આપત્તિના કારણે મોટું નુકસાન થાય તો માણસ લોન ક્યાંથી ભરી શકે ? રૂપિયાની આવક ફક્ત નોકરી-ધંધા-વેપારમાંથી જ થાય છે. માનવી સરેરાશ ૬૦ ટકા સમય નોકરી-ધંધા-રોજગાર માટે ફાળવી શકે છે. લોનનું વ્યાજ આરામ કરતું નથી, રજા પાડતું નથી. વ્યાજ ૨૪ કલાક અવિરત ફરતું રહે છે. (લોન ચૂકતે થાય ત્યાં સુધી).

નિરયન જ્યોતિષ એ પાંચમો વેદ છે. સાથે સાથે કે. પી. નક્ષત્ર પદ્ધતિનો સમન્વય કરી ફળકથન કરીશું તો સાચું-અને વૈજ્ઞાનિક ફળકથન કરી શકીશું અને માર્ગદર્શન લેનારને સાચું માર્ગદર્શન આપી શકીશું. જ્યોતિષાચાર્ય પ્રો. કૃષ્ણમૂર્તિનો અટલ અને અફર નિયમ છે કે ગ્રહ-દશાનાથ-અંતરદશાનાથ પોતાના નક્ષત્રપતિનું ફળ આપે છે અને ઉપનક્ષત્રપતિ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. કે. પી. નક્ષત્ર પદ્ધતિમાં ફળકથન કસ્પકુંડળી ઉપરથી થાય છે.

લોન લેવી ? ના લેવી ના નિયમો

(૧) જેમની કે. પી. કસ્પકુંડળીમાં જે ગ્રહ તેનો નક્ષત્રપતિ, ઉપ નક્ષત્રપતિ, કે. પી. કસ્પકુંડળીમાં ભાવ-૨ (ધન), ભાવ-૬ લાભ રોજીંદુ કામ, ભાવ-૭ ભાગીદારી, ભાવ-૧૦ કર્મ, પ્રતિષ્ઠા, ભાવ-૧૧ સફળતા ઇચ્છાપૂર્તિ ભાવનો પ્રબળ નિર્દેશક હશે તે ગ્રહ પોતાની મહાદશા-અંતરદશામાં ધનસંબંધી શુભ ફળ આપશે. વેપાર-ધંધા ચાલશે, ધન મળશે અને લોન ભરાશે.

(૨) જે નોકરિયાતની કે. પી. કસ્પકુંડળીમાં જે ગ્રહ તેનો નક્ષત્ર, ઉપનક્ષત્રપતિ, કસ્પકુંડળીમાં ભાવ-૬ નોકરી, રોજીંદુ કામ, લોન-ઋણ, ભાવ-૧૦ કર્મ, ભાવ-૧૧ ઇચ્છાપૂર્તિ, સફળતા, ભાવ-૨ ધન ભાવનો પ્રબળ નિર્દેશક હશે તે ગ્રહની મહાદશા અંતરદશામાં નોકરિયાત માણસને ધન-નોકરી-કામકાજ સંબંધી શુભ ફળ મળે છે. આવક રહે છે. લોન ભરાય છે.

(૩) જેમની કે. પી. કસ્પકુંડળીમાં ભાવ-૫ નાનું ભાગ્ય, લાભ ભાવ-૬નો વ્યય, ભાવ-૮ નિરાશા, નિષ્ફળતા, ભાવ-૧૨ કુંડળીનું વ્યય ભૂવનનો જે ગ્રહ પ્રબળ નિર્દેશક હશે તે ગ્રહની મહાદશા-અંતરદશામાં મોટી નુકસાની-ખોટ-દેવું-પ્રતિષ્ઠા હાનિ થાય છે. ઘણી વખત બાધક-મારક પ્રબળ થતાં માણસ આપઘાત પણ કરે છે. આવી દશા-અંતરદશામાં લોન લેવાનું વિચારવું હિતાવહ નથી.

(૪) જ્યારે પણ લોન લેવા સંબંધી કાર્યવાહી શરૂ કરો ત્યારે તમારી કુંડળીના ભાવ-૨, ભાવ-૬, ભાવ-૧૧ના નિર્દેશકો જે ગ્રહ હોય, ત્યારે શુભ સમય શોધી લોન પેપરની શરૂઆત કરવી. ચંદ્રનો નક્ષત્રપતિ-ઉપનક્ષત્રપતિ તે સમયે તમારી કુંડળીના ભાવ-૨ દાન, ભાવ-૬ લોન, લાભ, ભાવ-૧૧ સફળતાનો નિર્દેશક બનતો હોય તો લોન સરળતાથી મળે છે અને લોન સરળતાથી ચૂકતે થાય છે.

જન્મ લગ્નકુંડળી મિથુન લગ્નમાં ત્રીજે સિંહનો કેતુ, ચોથે કન્યાના શનિ, ચંદ્ર, પાંચમે તુલાનો મંગળ, છઠ્ઠે વૃશ્ચિકનો શુક્ર, સાતમે ધનનો બુધ, આઠમે મકરનો સૂર્ય, નવમે કુંભનો રાહુ, દસમે મીનનો ગુરુ ભાવસ્થ છે.

કે. પી. કસ્પકુંડળીમાં ભાવ-૨ માં કેતુ, ભાવ-૩માં શનિ-ચંદ્ર, ભાવ-૪માં મંગળ, ભાવ-૫માં શુક્ર, ભાવ-૬ માં બુધ, ભાવ-૭માં શુક્ર, ભાવ-૮માં રાહુ, ભાવ-૯માં ગુરુ ભાવસ્થ છે.

દરેક ભાવના ઉપપતિ જે તે ભાવનું ફળ કેવું મળશે તેનો નિર્દેશ કરે છે. (૧) શુક્ર (૨) સૂર્ય (૩) રાહુ (૪) શુક્ર (૫) બુધ (૬) ગુરુ (૭) ચંદ્ર (૮) શુક્ર (૯) મંગળ (૧૦) શુક્ર (૧૧) બુધ (૧૨) ગુરુ.

તા. ૧૮-૧-૧૯૫૨, સ્ટા. ટા. ૧૭.૪૮ પી.એમ. જન્મસ્થળ : વઢવાણ (ઝાલાવાડ) મુકામે જન્મેલ વેપારી સારો વેપાર, પ્રતિષ્ઠા, નાણાકીય સક્ષમ, શાંતિમય જીવન જીવતા વેપારીની કુંડળીનું અવલોકન કરીશું. **ફળકથન કસ્પકુંડળી પ્રમાણે કરીશું.**

આ પ્રતિષ્ઠિત વેપારીને તા. ૨૨-૪-૨૦૦૦થી શનિની મહાદશા શરૂ થઈ. શનિ કન્યા રાશિના ૨૫ અંશ-૫૧ કળા-૧૨ વિકળાનો હસ્ત નક્ષત્રના સિંહ રાશિના અમલમાં ચંદ્ર સાથે ત્રીજા ભાવમાં ભાવસ્થ છે. શનિ અષ્ટમેશ, ભાગ્યેશ છે. શનિ કોઈ પણ ભાવનો ઉપપતિ નથી. શનિ હસ્ત નક્ષત્રમાં છે અને હસ્ત નક્ષત્રનો સ્વામી ચંદ્ર ધનેશ થઈ શનિ સાથે યુતિમાં ત્રીજા ભાવમાં છે. આમ શનિનો નક્ષત્રપતિ ચંદ્ર ભાવ-૨ ધન અને ભાવ-૩ના ફળનો નિર્દેશ કરે છે, પણ શનિનો ઉપ નક્ષત્રપતિ શુક્ર ભાવ-૫ અને ભાવ-૧૨નો સ્વામી થઈ ભાવ-૫માં ભાવસ્થ છે. ભાવ-૫ એ ભાવ-૬ લોન, ઋણ, રોજિંદુ કામ, લાભ ભાવનો વ્યય દર્શાવે છે અને ભાવ-૧૨ કુંડળીનું પ્રબળ વ્યયભુવન છે. આમ શનિ દશા શરૂ થતાં ધંધામાં ઘટાડો, નુકસાની ચાલુ થઈ. માનવી ધંધામાં પ્રગતિ કરવા-રૂપિયા કમાવવા માટે લોન લે છે પણ ગ્રહોના ગણિત માનવીના પાસા ઊંધા પાડે છે, આમ શનિનો ઉપનક્ષત્ર પતિ શુક્ર કુંડળીમાં ખોટ, નુકસાનનો નિર્દેશ કરે છે.

તા. ૨૪-૦૪-૦૩થી તા. ૩-૧-૦૬ સુધી શનિ મહાદશામાં બુધનું અંતર તપાસીએ. અંતરદશાનાથ બુધ ધનરાશિમાં ૧૩ અંશ, ૫૧ કળા, ૧૪ વિકળાનો પૂર્વાષાઢા નક્ષત્રનો લગ્નેશ-સુખેશ થઈ કે. પી. કસ્પકુંડળીમાં ભાવ-૬ માં ભાવ-૫, ભાવ-૧૧નો ઉપપતિ થઈ ભાવસ્થ છે. અંતરદશાનાથ બુધ પૂર્વાષાઢા નક્ષત્રમાં અને પૂર્વાષાઢા નક્ષત્રનો સ્વામી શુક્ર છે અને ઉપનક્ષત્રપતિ પણ શુક્ર જ છે. આમ લગ્નેશ, સુખેશ બુધનો નક્ષત્રપતિ શુક્ર ભાવ-૫ અને ભાવ-૧૨નો પ્રબળ નિર્દેશક છે. બુધ ભાવ-૫નો ઉપપતિ પણ છે. જે લોન ચૂકવવાની અસમર્થતા દર્શાવે છે. બુધ ભાવ-૫નો પ્રબળ નિર્દેશ કરે છે.

આમ દશાનાથ અંતરદશાનાથ શનિ-બુધના નક્ષત્ર-ઉપનક્ષત્રપતિ કસ્પકુંડળીના અશુભ ભાવ-૫, ભાવ-૧૨ના પ્રબળ નિર્દેશકો હોવાથી અને શનિ-બુધમાં રાહુનું અંતર આવતાં રાહુ શતતારા નક્ષત્રનો હોવાથી જેનો સ્વામી સ્વયં રાહુ હોતા કુંડળીનું ભાવ-૮ નિરાશા નિષ્ફળતાનો નિર્દેશક હોવાથી, મોટી ધંધાકીય ખોટ, લોન ભરવાની અસમર્થતાના હિસાબે ઉપરોક્ત વેપારી અજ્ઞાતવાસમાં ધકેલાઈ ગયા.

આમ જેમણે પણ લોન લેવાની હોય તેઓએ પોતાની કુંડળીના ભાવ ધન સંબંધી શુભ હોય, દશા-

ઉદાહરણ : ૧													સ્ત્રી જાતક
જન્મ તારીખ :	૧૫-૯-૧૯૮૪			જન્મ સમય :		ક : ૧૬.૨૦ મિ		જન્મસ્થળ :					અમદાવાદ
ગ્રહો	લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ	હર્ષલ	નેપ્ચ્યૂન	પ્લૂટો
જન્મકુંડળી	૧૦	૫	૧	૮	૫	૯	૬	૭	૨	૮	૮	૯	૭
નવમાંશકુંડળી	૨	૯	૮	૧૦	૪	૩	૫	૧૨	૧૨	૬	૮	૨	૯
વક્રી									વક્રી	વક્રી			
ગોચરગ્રહ ૧-૮-૨૦૦૮		૪	૪	૫	૪	૯	૪	૫	૧૦	૪	૧૧	૧૦	૯
ગોચર વક્રી ગ્રહ						વક્રી			વક્રી	વક્રી	વક્રી	વક્રી	વક્રી

પરદેશગમનના સૈદ્ધાંતિક યોગો, દશાઓ અને ગોચરનો સમન્વય કરીને જાતકને ઉચ્ચ વિદ્યાભ્યાસાર્થે અમેરિકાના સ્ટુડન્ટ વિઝા આપેલ તારીખે જ તા. ૧-૮-૨૦૦૮ના રોજ મળ્યો.

આ સમયે વ્યયેશ સ્વગૃહી ગુરુ સાથે ગોચર ગુરુ પણ વ્યયસ્થ સ્વગૃહી થઈને ૧૨મે વિદેશ સ્થાનમાં ધનરાશિમાં ૨૦°-૪૫'નો તુલા પુષ્કર નવમાંશમાં ભ્રમણ કરતો હતો અને બંને ગુરુ-જન્મ તથા ગોચરની પાંચમી દ્રષ્ટિ ૪થે ઉચ્ચ ડિગ્રી સ્થાન પર પડતી હતી તેથી ઉચ્ચ વિદ્યાપ્રાપ્તિ અર્થે જાતકને અમેરિકાનો ૫ વર્ષનો સ્ટુડન્ટ વિઝા તા. ૧-૮-૦૮ના રોજ મળ્યો અને તા. ૨૫-૮-૦૮ના રોજ જાતક અમેરિકા જવા રવાના થયા.

ઉદાહરણ : ૨													સ્ત્રી જાતક
જન્મ તારીખ :	૧૦/૧૧-૧૨-૧૯૮૪			જન્મ સમય :		ક : ૦૨.૧૦ મિ રાત્રે			જન્મસ્થળ :				વડોદરા
ગ્રહો	લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ	હર્ષલ	નેપ્ચ્યૂન	પ્લૂટો
જન્મકુંડળી	૬	૮	૩	૧૦	૯	૯	૧૦	૭	૨	૮	૮	૯	૭
નવમાંશકુંડળી	૩	૧૧	૨	૫	૨	૭	૧૨	૩	૧૦	૪			
વક્રી					વક્રી				વક્રી	વક્રી			
ગોચરગ્રહ ૧૭-૪-૨૦૦૮		૧	૫	૩	૧	૯	૧૨	૫	૧૧	૫	૧૧	૧૦	૯
ગોચર વક્રી ગ્રહ								વક્રી	વક્રી	વક્રી			વક્રી

જાતકની વિવિધ કુંડળીઓમાં રહેલા ગ્રહોના સૂક્ષ્મ અભ્યાસ થકી જાતકને લગ્ન દ્વારા પરદેશયોગ સૂચવેલ તે મુજબ તા. ૨૬-૧-૦૮ના રોજ જાતકના લગ્ન ઑસ્ટ્રેલિયા સ્થિત યુવક સાથે થયા અને જાતકને આપેલ સમય દરમિયાન તા. ૧૭-૪-૨૦૦૮ના રોજ પતિ દ્વારા પરદેશગમન માટેનો ઑસ્ટ્રેલિયાનો વિઝા મળ્યો. જાતક તા. ૧૨-૫-૨૦૦૮ના રોજ ઑસ્ટ્રેલિયા જવા રવાનાં થયાં.

તા. ૧૭-૪-૨૦૦૮ના રોજ ગોચર ગુરુ ૨૭°-૩૬'નો ધન પુષ્કર નવમાંશમાં ધનરાશિમાં વર્ગોત્તમી થાય છે. જન્મના સ્વગૃહી ગુરુ સાથે યુતિમાં અને બંને ગુરુની નવમી દૃષ્ટિ વિદેશ સ્થાન પર સ્થાયી થવાના યોગ સૂચવે છે. નવમાંશમાં સાતમે ગોચર ગુરુ ધનરાશિમાં ધન નવમાંશમાં પુષ્કર નવમાંશમાં સમમસ્થ થઈને ભ્રમણ કરે છે તેથી લગ્ન થકી પરદેશયોગ થાય છે.

ઉદાહરણ : ૩													સ્ત્રી જાતક
જન્મ તારીખ :	૧૨-૧૦-૧૯૮૪			જન્મ સમય :		ક : ૧૦.૦૬ મિ.			જન્મસ્થળ :				વિલે પાર્લે, મુંબઈ
ગ્રહો	લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ	હર્ષલ	નેપ્ચ્યૂન	પ્લૂટો
જન્મકુંડળી	૮	૬	૯	૪	૬	૨	૫	૧૧	૩	૯	૫	૭	૫
નવમાંશકુંડળી	૮	૫	૩	૧૦	૪	૧૦	૫	૮	૭	૧	૬	૧	૭
વક્રી						વક્રી		વક્રી	વક્રી	વક્રી			
ગોચરગ્રહ ૯-૬-૨૦૦૮		૨	૫	૪	૨	૯	૨	૫	૧૦	૪	૧૧	૧૧	૯
ગોચર વક્રી ગ્રહ					વક્રી	વક્રી			વક્રી	વક્રી		વક્રી	વક્રી

જાતકની કુંડળીમાં વ્યયેશ શુક્ર કર્મસ્થ થઈ નવમાંશમાં પણ વર્ગોત્તમી થાય છે અને સિંહ રાશિમાં કર્મસ્થ સૂર્ય-શુક્રની યુતિ તથા સમમસ્થ સૂર્ય-શુક્રનું ગોચર ભ્રમણ તથા ગોચર ગુરુ ધનરાશિમાં સ્વગૃહી વક્રી થઈ ૨૬°-૫૯'નો ધન પુષ્કર નવમાંશમાં તા. ૯-૬-૦૮ એ ભ્રમણ કરીને નવમી દૃષ્ટિ કર્મસ્થાન પર કરતો હતો તેથી એ જ દિવસે જાતકને દક્ષિણ આફ્રિકાના ટાન્ઝાનિયાનો વર્ક પરમિટ વિઝા મળ્યો. જાતક તા. ૨૮-૭-૦૮એ ટાન્ઝાનિયા જવા રવાના થયા. આમ પુષ્કર નવમાંશમાંથી પસાર થતો ગોચર ગુરુ પરદેશગમનમાં અન્ય યોગોની સાથે વિઝા મેળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

- ભાસ્વાન આર. રાવલ •

સગાઈમાં વિલંબ

(૨૪૮ પાનાંથી ચાલુ)

ત્યારે તે વર્ષમાં લગ્ન થવાની શક્યતા વધી જાય છે.

(૮) કુંડળીમાં ચંદ્ર, શુક્ર અને સમમેષ આ ત્રણમાં જે વિશેષ બળવાન હોય તેની દશા અંતર્દશામાં લગ્ન થાય.

(૯) જન્મકુંડળીના લગ્નાધિપતિ પરથી ગોચર ગુરુનું ભ્રમણ.

(૧૦)લગ્નેશનો નવમાંશપતિ, જન્મકુંડળીમાં જ્યાં બેઠો છે તેના ઉપરથી ગોચર ગુરુનું ભ્રમણ.

(૧૧) વર્ષફળ કુંડળીમાં મુંથા શુક્રથી દ્રષ્ટ કે શુક્રની રાશિમાં આવે ત્યારે તે વર્ષમાં લગ્નની શક્યતા વધી જાય.

(૧૨) શુક્રથી ૭મે આવેલ રાશિના સ્વામીની દશામાં લગ્ન થાય.

(૧૩) વર્ષફળ કુંડળીમાં છઠ્ઠે શુક્ર [illegible] સ્વગૃહી થઈને છઠ્ઠે બેસે ત્યારે તે વર્ષમાં લગ્ન થાય.

(૧૪) વર્ષફળ કુંડળીમાં ચંદ્ર ચોથા સ્થાનમાં આવે તે વર્ષમાં લગ્નની શક્યતા વિશેષ જાણવી.

(૧૫) કુંડળીમાં ધનેશ જે રાશિમાં બેઠો હોય તેના સ્વામીની દશામાં લગ્ન થાય.

(૧૬) જન્મની શુક્ર સાથે ગોચર ગુરુનો દ્રષ્ટિ કે યુતિ સંબંધ થાય ત્યારે લગ્ન થાય.

(૧૭) કુંડળીની જન્મલગ્નની રાશિ કે નવમાંશ કુંડળીમાં ૭મે રહેલ રાશિમાંથી ગોચર શુક્રનું ભ્રમણ.

(૧૮) સમમેષથી પાંચમે કે નવમે ગોચર ગુરુનું ભ્રમણ.

(૧૯) કુંડળીમાં જન્મલગ્નેશ બેઠો છે તેનો સ્વામી અને નવમાંશ કુંડળીનો લગ્નેશ બેઠો છે તેનો સ્વામી, આ બન્નેની ગોચરમાં યુતિ થાય ત્યારે.

(૨૦) કુંડળીનો સમમેષ જે રાશિમાં બેઠો છે તે રાશિતુલ્ય નવમાંશમાં ગોચર ગુરુનું ભ્રમણ થાય ત્યારે.

(૨૧) લગ્નેશ જે રાશિમાં બેઠો છે અથવા જે નવમાંશમાં છે તેનાથી ત્રિકોણની રાશિમાં સમમેષનું ભ્રમણ. •

લોન લેવી ? તે ચૂકતે થશે ?

લેખક : શ્રી અશોડ સોની

ડી-૨૦૧, રિદ્ધિ ટાવર, જોધપુરગામ રોડ, સેટેલાઇટ,
અમદાવાદ-૧૫. મો.- ૯૯૧૩૧૯૮૮૦૫.

નક્ષત્ર પદ્ધતિ દ્વારા લોન લેવી કે નહીં લેવી ? લોન સરળતાથી ચૂકતે થશે કે નહીં થાય ? તેની માહિતી આપેલ છે. નક્ષત્રપતિ, ઉપપતિ, ઉપઉપપતિ દ્વારા લોન મળશે ? કે લોન ભરાશે ? તે ઉદાહરણ દ્વારા સમજાવેલ છે.

સંશોધન વિભાગ

૨૧મી સદીનો માનવી ભોગપ્રધાન, અર્થપ્રધાન છે. આજના માનવીનાં લોભ-લાલચ-મોહ સતત વધતાં જાય છે. આજે તમામ સુખ સગવડ, મોજ-શોખ, બંગલા-ગાંડી, ધંધા-ભણતર માટે સરકારી બૅન્કો-ફાઈનાન્સ કંપનીઓ આકર્ષક શરતોએ લોન આપે છે. તો શું લોન લેનારનો ઉદ્દેશ પાર પડે છે ? શું લોન લેનાર નિયમિત વ્યાજ-મૂડીના હમા ભરી શકે છે ? ધંધા-રોજગાર બંધ થઈ જાય, કુદરતી આપત્તિના કારણે મોટું નુકસાન થાય તો માણસ લોન ક્યાંથી ભરી શકે ? રૂપિયાની આવક ફક્ત નોકરી-ધંધા-વેપારમાંથી જ થાય છે. માનવી સરેરાશ ૬૦ ટકા સમય નોકરી-ધંધા-રોજગાર માટે ફાળવી શકે છે. લોનનું વ્યાજ આરામ કરતું નથી, રજા પાડતું નથી. વ્યાજ ૨૪ કલાક અવિરત ફરતું રહે છે. (લોન ચૂકતે થાય ત્યાં સુધી).

નિરયન જ્યોતિષ એ પાંચમો વેદ છે. સાથે સાથે કે. પી. નક્ષત્ર પદ્ધતિનો સમન્વય કરી ફળકથન કરીશું તો સાચું-અને વૈજ્ઞાનિક ફળકથન કરી શકીશું અને માર્ગદર્શન લેનારને સાચું માર્ગદર્શન આપી શકીશું. જ્યોતિષાચાર્ય પ્રો. કૃષ્ણમૂર્તિનો અટલ અને અફર નિયમ છે કે ગ્રહ-દશાનાથ-અંતરદશાનાથ પોતાના નક્ષત્રપતિનું ફળ આપે છે અને ઉપનક્ષત્રપતિ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. કે. પી. નક્ષત્ર પદ્ધતિમાં ફળકથન કસ્યકુંડળી ઉપરથી થાય છે.

લોન લેવી ? ના લેવી ના નિયમો

(૧) જેમની કે. પી. કસ્યકુંડળીમાં જે ગ્રહ તેનો નક્ષત્રપતિ, ઉપ નક્ષત્રપતિ, કે. પી. કસ્યકુંડળીમાં ભાવ-૨ (ધન), ભાવ-૬ લાભ રોજીંદુ કામ, ભાવ-૭ ભાગીદારી, ભાવ-૧૦ કર્મ, પ્રતિષ્ઠા, ભાવ-૧૧ સફળતા ઇચ્છાપૂર્તિ ભાવનો પ્રબળ નિર્દેશક હશે તે ગ્રહ પોતાની મહાદશા-અંતરદશામાં ધનસંબંધી શુભ ફળ આપશે. વેપાર-ધંધા ચાલશે, ધન મળશે અને લોન ભરાશે.

(૨) જે નોકરિયાતની કે. પી. કસ્યકુંડળીમાં જે ગ્રહ તેનો નક્ષત્ર, ઉપનક્ષત્રપતિ, કસ્યકુંડળીમાં ભાવ-૬ નોકરી, રોજીંદુ કામ, લોન-ઋણ, ભાવ-૧૦ કર્મ, ભાવ-૧૧ ઇચ્છાપૂર્તિ, સફળતા, ભાવ-૨ ધન ભાવનો પ્રબળ નિર્દેશક હશે તે ગ્રહની મહાદશા અંતરદશામાં નોકરિયાત માણસને ધન-નોકરી-કામકાજ સંબંધી શુભ ફળ મળે છે. આવક રહે છે. લોન ભરાય છે.

(૩) જેમની કે. પી. કસ્યકુંડળીમાં ભાવ-૫ નાનું ભાગ્ય, લાભ ભાવ-૬નો વ્યય, ભાવ-૮ નિરાશા, નિષ્ફળતા, ભાવ-૧૨ કુંડળીનું વ્યય ભૂવનનો જે ગ્રહ પ્રબળ નિર્દેશક હશે તે ગ્રહની મહાદશા-અંતરદશામાં મોટી નુકસાની-ખોટ-દેવું-પ્રતિષ્ઠા હાનિ થાય છે. ઘણી વખત બાધક-મારક પ્રબળ થતાં માણસ આપઘાત પણ કરે છે. આવી દશા-અંતરદશામાં લોન લેવાનું વિચારવું હિતાવહ નથી.

(૪) જ્યારે પણ લોન લેવા સંબંધી કાર્યવાહી શરૂ કરો ત્યારે તમારી કુંડળીના ભાવ-૨, ભાવ-૬, ભાવ-૧૧ના નિર્દેશકો જે ગ્રહ હોય, ત્યારે શુભ સમય શોધી લોન પેપરની શરૂઆત કરવી. ચંદ્રનો નક્ષત્રપતિ-ઉપનક્ષત્રપતિ તે સમયે તમારી કુંડળીના ભાવ-૨ દાન, ભાવ-૬ લોન, લાભ, ભાવ-૧૧ સફળતાનો નિર્દેશક બનતો હોય તો લોન સરળતાથી મળે છે અને લોન સરળતાથી ચૂકતે થાય છે.

જન્મ લગ્નકુંડળી મિથુન લગ્નમાં ત્રીજે સિંહનો કેતુ, ચોથે કન્યાના શનિ, ચંદ્ર, પાંચમે તુલાનો મંગળ, છઠ્ઠે વૃશ્ચિકનો શુક્ર, સાતમે ધનનો બુધ, આઠમે મકરનો સૂર્ય, નવમે કુંભનો રાહુ, દસમે મીનનો ગુરુ ભાવસ્થ છે.

કે. પી. કસ્યકુંડળીમાં ભાવ-૨માં કેતુ, ભાવ-૩માં શનિ-ચંદ્ર, ભાવ-૪માં મંગળ, ભાવ-૫માં શુક્ર, ભાવ-૬માં બુધ, ભાવ-૭માં શુક્ર, ભાવ-૮માં રાહુ, ભાવ-૯માં ગુરુ ભાવસ્થ છે.

દરેક ભાવના ઉપપતિ જે તે ભાવનું ફળ કેવું મળશે તેનો નિર્દેશ કરે છે. (૧) શુક્ર (૨) સૂર્ય (૩) રાહુ (૪) શુક્ર (૫) બુધ (૬) ગુરુ (૭) ચંદ્ર (૮) શુક્ર (૯) મંગળ (૧૦) શુક્ર (૧૧) બુધ (૧૨) ગુરુ.

તા. ૧૮-૧-૧૯૫૨, સ્ટા. ટા. ૧૭.૪૮ પી.એમ. જન્મસ્થળ : વઢવાણ (ઝાલાવાડ) મુકામે જન્મેલ વેપારી સારો વેપાર, પ્રતિષ્ઠા, નાણાકીય સક્ષમ, શાંતિમય જીવન જીવતા વેપારીની કુંડળીનું અવલોકન કરીશું. **ફળકથન કસ્યકુંડળી પ્રમાણે કરીશું.**

આ પ્રતિષ્ઠિત વેપારીને તા. ૨૨-૪-૨૦૦૦થી શનિની મહાદશા શરૂ થઈ. શનિ કન્યા રાશિના ૨૫ અંશ-૫૧ કળા-૧૨ વિકળાનો હસ્ત નક્ષત્રના સિંહ રાશિના અમલમાં ચંદ્ર સાથે ત્રીજા ભાવમાં ભાવસ્થ છે. શનિ અષ્ટમેશ, ભાગ્યેશ છે. શનિ કોઈ પણ ભાવનો ઉપપતિ નથી. શનિ હસ્ત નક્ષત્રમાં છે અને હસ્ત નક્ષત્રનો સ્વામી ચંદ્ર ધનેશ થઈ શનિ સાથે યુતિમાં ત્રીજા ભાવમાં છે. આમ શનિનો નક્ષત્રપતિ ચંદ્ર ભાવ-૨ ધન અને ભાવ-૩ના ફળનો નિર્દેશ કરે છે, પણ શનિનો ઉપ નક્ષત્રપતિ શુક્ર ભાવ-૫ અને ભાવ-૧૨નો સ્વામી થઈ ભાવ-૫માં ભાવસ્થ છે. ભાવ-૫ એ ભાવ-૬ લોન, ઋણ, રોજિંદુ કામ, લાભ ભાવનો વ્યય દર્શાવે છે અને ભાવ-૧૨ કુંડળીનું પ્રબળ વ્યયભુવન છે. આમ શનિ દશા શરૂ થતાં ધંધામાં ઘટાડો, નુકસાની ચાલુ થઈ. માનવી ધંધામાં પ્રગતિ કરવા-રૂપિયા કમાવવા માટે લોન લે છે પણ ગ્રહોના ગણિત માનવીના પાસા ઊંધા પાડે છે, આમ શનિનો ઉપનક્ષત્ર પતિ શુક્ર કુંડળીમાં ખોટ, નુકસાનનો નિર્દેશ કરે છે.

તા. ૨૪-૦૪-૦૩થી તા. ૩-૧-૦૬ સુધી શનિ મહાદશામાં બુધનું અંતર તપાસીએ. અંતરદશાનાથ બુધ ધનરાશિમાં ૧૩ અંશ, ૫૧ કળા, ૧૪ વિકળાનો પૂર્વાષાઢા નક્ષત્રનો લગ્નેશ-સુખેશ થઈ કે. પી. કસ્યકુંડળીમાં ભાવ-૬માં ભાવ-૫, ભાવ-૧૧નો ઉપપતિ થઈ ભાવસ્થ છે. અંતરદશાનાથ બુધ પૂર્વાષાઢા નક્ષત્રમાં અને પૂર્વાષાઢા નક્ષત્રનો સ્વામી શુક્ર છે અને ઉપનક્ષત્રપતિ પણ શુક્ર જ છે. આમ લગ્નેશ, સુખેશ બુધનો નક્ષત્રપતિ શુક્ર ભાવ-૫ અને ભાવ-૧૨નો પ્રબળ નિર્દેશક છે. બુધ ભાવ-૫નો ઉપપતિ પણ છે. જે લોન ચૂકવવાની અસમર્થતા દર્શાવે છે. બુધ ભાવ-૫નો પ્રબળ નિર્દેશ કરે છે.

આમ દશાનાથ અંતરદશાનાથ શનિ-બુધના નક્ષત્ર-ઉપનક્ષત્રપતિ કસ્યકુંડળીના અશુભ ભાવ-૫, ભાવ-૧૨ના પ્રબળ નિર્દેશકો હોવાથી અને શનિ-બુધમાં રાહુનું અંતર આવતાં રાહુ શતતારા નક્ષત્રનો હોવાથી જેનો સ્વામી સ્વયં રાહુ હોતા કુંડળીનું ભાવ-૮ નિરાશા નિષ્ફળતાનો નિર્દેશક હોવાથી, મોટી ધંધાકીય ખોટ, લોન ભરવાની અસમર્થતાના હિસાબે ઉપરોક્ત વેપારી અજ્ઞાતવાસમાં ધકેલાઈ ગયા.

આમ જેમણે પણ લોન લેવાની હોય તેઓએ પોતાની કુંડળીના ભાવ ધન સંબંધી શુભ હોય, દશા-

અંતરદશાનાથ ધન સંબંધી શુભ નિર્દેશ કરતા હોય તો લોન લેવી, અન્યથા ૧૦૦ વખત વિચારવું.

જ્યોતિષશાસ્ત્ર ભાવિના શુભ-અશુભ બનાવ તરફ ચોક્કસ દિશાસૂચન કરે છે. માર્ગદર્શન લેનારને સાચું માર્ગદર્શન આપવાની આપણી નૈતિક ફરજ છે.

પુરુષ :

જન્મ તારીખ : ૧૮/૦૧/૧૯૫૨

જન્મ સમય સ્ટા. ટા. : ૧૭/૪૮/પી.એમ.

જન્મ સ્થળ : વઢવાણ (ઝાલાવાડ)

નિરયન સ્પષ્ટ ગ્રહો

ગ્રહ	રાશિ	અં.	ક.	વિ.	નક્ષત્ર	નક્ષત્રપતિ	ઉપનક્ષત્રપતિ
સૂર્ય	મકર	૦૪	૧૬	૦૫	ઉ. ષાઢા	સૂર્ય	શનિ
ચંદ્ર	કન્યા	૧૩	૩૯	૧૧	હસ્ત	ચંદ્ર	રાહુ
મંગળ	તુલા	૦૬	૧૧	૨૩	ચિત્રા	મંગળ	ચંદ્ર
બુધ	ધન	૧૩	૫૧	૧૪	પૂ. ષાઢા	શુક્ર	શુક્ર
ગુરુ	મીન	૧૫	૦૫	૦૦	ઉ. ભાદ્ર	શનિ	ગુરુ
શુક્ર	વૃશ્ચિક	૨૫	૪૮	૧૩	જયેષ્ઠા	બુધ	રાહુ
શનિ	કન્યા	૨૧	૫૧	૧૨	હસ્ત	ચંદ્ર	શુક્ર
રાહુ	કુંભ	૦૯	૨૬	૨૬	શતતારા	રાહુ	ગુરુ
કેતુ	સિંહ	૦૯	૨૬	૨૬	મઘા	કેતુ	શનિ

કે. પી. કસ્પકુંડળીમાં કેતુ બીજે, શનિ-ચંદ્ર ત્રીજે, મંગળ ચોથે, શુક્ર પાંચમે, બુધ છઠ્ઠે, સૂર્ય સાતમે, આઠમે રાહુ અને ગુરુ નવમે છે.

કે. પી. કસ્પભાવ

ભાવ:	રાશિ	અં.	કળા	વિકળા	રાશિ સ્વામી	નક્ષત્ર	ઉપપતિ
૧	મિથુન	૨૭	૫૪	૨૨	બુધ	ગુરુ	શુક્ર
૨	કર્ક	૨૨	૧૦	૪૦	ચંદ્ર	બુધ	સૂર્ય
૩	સિંહ	૧૯	૩૪	૩૦	સૂર્ય	શુક્ર	રાહુ
૪	કન્યા	૨૧	૦૬	૨૩	બુધ	ચંદ્ર	શુક્ર
૫	તુલા	૨૪	૫૪	૪૭	શુક્ર	ગુરુ	બુધ
૬	વૃશ્ચિક	૨૭	૩૭	૫૯	મંગળ	બુધ	ગુરુ
૭	ધન	૨૭	૫૪	૨૨	ગુરુ	સૂર્ય	ચંદ્ર
૮	મકર	૨૨	૧૦	૪૦	શનિ	ચંદ્ર	શુક્ર
૯	કુંભ	૧૯	૩૪	૩૦	શનિ	રાહુ	મંગળ
૧૦	મીન	૨૧	૦૬	૨૩	ગુરુ	બુધ	શુક્ર
૧૧	મેષ	૨૪	૫૪	૪૭	મંગળ	શુક્ર	બુધ
૧૨	વૃષભ	૨૭	૩૭	૫૯	શુક્ર	મંગળ	ગુરુ

પિતૃદોષ-પ્રેતદોષની શાંતિ

(૨૪૩માં પાનાથી ચાલુ)

૧૫. જો જન્મકુંડળીમાં પાંચમા ભાવમાં સૂર્ય અને શનિની યુતિ હોય તથા ચંદ્ર નિર્બળ બનીને સાતમા ભાવમાં બેઠેલ હોય અને ગુરુ બારમે બેઠેલ હોય તેમ જ લગ્નભાવ અને લગ્નેશ નિર્બળ હોય તો જાતક પ્રેતશાપ અને અતૃપ્ત આત્માઓથી પીડિત બને છે.

કુંડળીમાં જાતક કેવા યોગોમાં પિતૃદોષ અને અતૃપ્ત આત્માઓનો શિકાર બને છે તે જોયું, હવે જાતક કેવા સમયે એટલે કઈ દશામાં પિતૃદોષ અને અતૃપ્ત આત્માઓથી પીડિત બને છે તે જોઈએ.

૧. નિર્બળ લગ્નેશ જો આઠમા ભાવમાં અને અષ્ટમેશના સંબંધમાં હોય તો લગ્નેશની દશામાં પિતૃદોષ અને અતૃપ્ત આત્માઓની તકલીફો શરૂ થાય છે.

૨. આઠમા ભાવમાં રહેલો ગ્રહ પોતાના શત્રુગ્રહથી પીડિત હોય તો તે શત્રુગ્રહની દશામાં પિતૃદોષ અને પ્રેતદોષથી પીડાય છે.

૩. જો કોઈ ગ્રહ રાહુના નક્ષત્રમાં હોય તો તેની દશામાં પિતૃદોષ અને પ્રેતદોષની તકલીફો આવે છે.

૪. આઠમે રહેલા રાહુની દશામાં જાતક પિતૃદોષ અને પ્રેતદોષથી પ્રભાવિત થાય છે.

૫. જો કોઈ ગ્રહ રાહુ અને શનિના પ્રભાવમાં હોય તો તે ગ્રહની દશામાં પિતૃદોષ અને અતૃપ્ત આત્માના પ્રભાવથી કષ્ટ થાય છે.

૬. બુધ જો રાહુ-કેતુના નક્ષત્રમાં હોય તથા રાહુ-કેતુ જન્મકુંડળીમાં બુધની નિર્બળ દશામાં પિતૃદોષ અને અતૃપ્ત આત્માઓનો પ્રભાવ શરૂ થાય છે.

૭. ગુરુ જો નિર્બળ હોય તથા રાહુના પ્રભાવમાં હોય તો ગુરુની દશામાં પ્રેતબાધાઓ આવે છે.

૮. જો ગ્રહ આઠમા ભાવમાં નીચ રાશીમાં હોય તો તેની દશામાં પ્રેતબાધાઓ આવે છે.

ઉપાય :-

ભારતીય સંસ્કૃતિમાં પિતૃદોષ અને અતૃપ્ત આત્માઓની શાંતિ માટે આસો મહિનામાં પિતૃપક્ષની વ્યવસ્થા કરવામાં આવેલી છે. આ વર્ષે ૫મી સપ્ટેમ્બરથી ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૯ દરમિયાન પિતૃપક્ષ આવે છે. તે ઉપરાંત ચૈત્રકૃષ્ણ પક્ષ, કારતક કૃષ્ણપક્ષ અને કોઈપણ બુધવાર અને અમાસનો યોગ પિતૃદોષની શાંતિ માટે ઉત્તમ ગણાય છે.

જો તમે ઉપર આપેલા લક્ષણોથી પીડાતા હો તો આ લેખમાં આપેલી વિધિ પ્રમાણે તમે પિતૃદોષ અને અતૃપ્ત આત્માઓની શાંતિ કરી શકો છો. જો તમે ઉપરના લક્ષણોથી પીડિત ના હો તો પણ આ ઉપાય કરી શકો છો. તેનાથી કોઈપણ પ્રકારનું નુકસાન થવાનું નથી. કંઈકને કંઈક અપ્રત્યક્ષિત રૂપે લાભ થશે.

જો તમે પિતૃદોષથી પીડાતા હો, તો તમારા પૂર્વજનો દેહાન્ત જે તિથિએ થયો હોય તે તિથીએ આ પ્રયોગ કરવો જોઈએ. જો તમે અતૃપ્ત આત્માઓ એટલે કે ભૂતપ્રેતથી પીડિત હો તો આ પ્રયોગ અમાસના દિવસે કરવો. અતૃપ્ત આત્મા શાંતિ યંત્ર બજારમાં મળે છે. તે લાવી રાખવું. અતૃપ્ત આત્મા શાંતિ યંત્રને કાચા દૂધમાં હળદર નાખીને પવિત્ર કરવું. તે ઉપરાંત પીપળના ઝાડના થડ પાસે બેસી તેના મૂળમાં દર્ભના સહારે તે યંત્રને સ્થાપિત કરવું અને ત્રણ લોટા પાણી તે યંત્ર ઉપર રેડવું. પાણીમાં થોડી સાકર અને દૂધ નાખવું. જો દર્ભ મળી શકે તો તેના સહારે જળ ચઢાવવું. જળ ચઢાવતી વખતે પૂર્વજ અથવા અન્ય વ્યક્તિનો આત્મા પીડા આપતો હોય, તેનું ધ્યાન કરી તેમને શાંતિ માટે પ્રાર્થના કરવી. ઉપરાંત પીપળનાં વૃક્ષની સાત પરિક્રમા કરતી વખતે નીચેનો મંત્ર બોલવો.

મંત્ર- ૐ અગ્રવીરે મહાવિષ્ણુ
જવલંતં સર્વ્યેતો મુખમ્ ।
નૃસિંહ ભીષાણ ભદ્રં મૃત્યુ નમામ્યહમ્ ॥

આ વિધિ ઓછી ખર્ચાળ છે અને કોઈપણ ગરીબ વ્યક્તિ કરી શકે તેવી છે. પાણીનું વાસણ ત્રાંબાનું રાખવું. તાંબાનો લોટો ચાલી શકે. આ એક સરળ અને અનુભૂત વિધિ અને સસ્તી છે. ખોટા ખર્ચમાં ઊતર્યા વગર આ વિધિ કરીને તમારા પૂર્વજો અને અતૃપ્ત આત્માઓ-ભૂતપ્રેતોને શાંત પાડી શકાય છે. એક વખત અનુભવ કરી લાભ લેવો જોઈએ. અસ્તુ.

પિતૃદોષ-પ્રેતદોષની શાંતિ

લેખક : શ્રી ઉમાકાન્ત એસ. પટેલ

શિવમ્ જ્યોતિષ, ૧૯, જીવનજ્યોત સોસાયટી, આંખની હૉસ્પિટલ પાસે, મહેસાણા-૨. ફોન : ૦૨૭૬૨-૨૪૯૯૬૦.

પિતૃદોષ અને પ્રેતદોષને લીધે ઘણીવાર જીવનમાં અપ્રત્યક્ષિત અને અસામાન્ય ઘટનાઓ બનતી હોય છે. આવી ઘટનાઓ, જ્યોતિષશાસ્ત્રમાં થતાં યોગો અને તેની શાંતિ માટેના ઉપાયો લેખકે આપેલ છે.

પિતૃદોષ અને અતૃપ્ત આત્માઓના ખરાબ પ્રભાવથી અનેક શારીરિક, માનસિક અને અન્ય ભૌતિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. પિતૃદોષનો સામાન્ય અર્થ પોતાના કોઈ પૂર્વજના આત્માને મુક્તિ ના મળવી અને તેના કારણે જાતક ઉપર દુષ્પ્રભાવ થાય છે. આ રીતે જ અતૃપ્ત આત્માઓ એટલે પૂર્વજો સિવાયની બીજા કોઈ વ્યક્તિના આત્માને મુક્તિ ના મળી હોય અને તેના કારણે જાતક પીડાતો હોય છે. બંને પ્રકારના દોષ આત્માઓ સંબંધિત છે. આત્માઓને મુક્તિ ના મળવાના ઘણા કારણો હોય છે. જેમણે અકાળ મૃત્યુ, મરનારની અભિલાષાઓ અને ઇચ્છાઓ અતૃપ્ત રહેવી, મૃત્યુ ઉપરાંત કરવામાં આવેલા અંતિમ સંસ્કાર વિધિસરના ના હોવા વગેરે.

જે વ્યક્તિઓને પિતૃદોષ અથવા અતૃપ્ત આત્માઓ સંબંધી દોષ હોય છે તેમના જીવનમાં અપ્રત્યક્ષિત અને અસામાન્ય બનાવો બનતા હોય છે. તેનાથી અનુમાન કરી શકાય કે કોઈ વ્યક્તિ આ પ્રકારના દોષોથી પીડિત છે કે નહીં.

૧. સ્વપ્નામાં કોઈ મૃતક વ્યક્તિ કે પૂર્વજને જોવા.

૨. બિહામણાં ભયંકર સ્વપ્ના આવવા.

૩. કોઈ સમયે કારણ વગર ભયભીત થવું એટલે કે અજ્ઞાત ભય થવો.

૪. એકલા હોઈએ ત્યારે કોઈ અવાજ સાંભળવો અથવા આજુબાજુમાં કોઈ વ્યક્તિની હાજરી હોવાનું લાગે જ્યારે પ્રત્યક્ષ રીતે કોઈ વ્યક્તિ આપણી પાસે હોતી નથી.

૫. અચાનક શારીરિક રોગથી બીમાર થવું તથા એક રોગનો અંત આવતાં પૂર્વે બીજો રોગ થવો અથવા એવો રોગ થાય કે ડૉક્ટરો તેનું નિદાન ના કરી શકે.

૬. ધંધામાં અચાનક નુકસાન જવું, ચાલતી દુકાનમાં એકાએક ગ્રાહકો આવતા બંધ થઈ જવા. ધંધામાં સતત નજરમાં ના આવે તે રીતે નુકસાન જવું. નોકરીમાંથી છૂટા થઈ જવું. કોઈને કોઈ પ્રકારના આક્ષેપો થવા.

૭. મહેનત કરવાની ઇચ્છા હોવા છતાં ઘરમાં પડયા રહેવાની ઇચ્છા થવી.

૮. બહારના આત્માઓનો શરીરમાં પ્રવેશ થવો.

૯. કુટુંબમાં અચાનક અશાંતિ થવી.

૧૦. ઉન્માદ જેવા માનસિક રોગોથી પીડાવું.

ઉપરના લક્ષણોમાંથી એક કે વધુ લક્ષણ કોઈ વ્યક્તિમાં જણાઈ આવે તો કહી શકાય કે તે વ્યક્તિ પિતૃદોષ અથવા અતૃપ્ત આત્માઓના પ્રભાવ તળે છે.

ઉપરના લક્ષણો ઉપરાંત જ્યોતિષના આધારે જોઈએ તો વ્યક્તિ પિતૃદોષ અને અતૃપ્ત આત્માઓના દુષ્પ્રભાવથી પીડિત થાય છે.

૧. જાતકનો જન્મ સૂર્ય-ચંદ્ર ગ્રહણમાં હોય તથા થવાવાળું ગ્રહણ જાતકના લગ્ન, છઠ્ઠા અને આઠમા ભાવમાં થતું હોય તો જાતક પિતૃદોષ, ભૂતપ્રેત અને અતૃપ્ત આત્માઓના પ્રભાવથી પીડાય છે.

૨. જો લગ્નેશ કુંડળીમાં પોતાની શત્રુ રાશીમાં નિર્બળ હોય તથા ક્રૂર અને પાપગ્રહોની યુતિ હોય તથા શુભગ્રહોની દૃષ્ટી લગ્નભાવ અને લગ્નેશ પર પડતી ના હોય તો જાતક પિતૃદોષ અને અતૃપ્ત આત્માઓથી પીડાય છે.

૩. જો લગ્નેશ કુંડળીમાં અથવા નવાંશ કુંડળીમાં પોતાની નીચ રાશીમાં હોય તથા રાહુ, શનિ, મંગળના પ્રભાવ તળે હોય તો જાતક પિતૃદોષ કે ભૂતપ્રેતનો શિકાર બને છે.

૪. જાતકનો જન્મ કૃષ્ણપક્ષની આઠમથી શુક્લ પક્ષની સાતમની મધ્યમાં હોય અથવા ચંદ્ર પક્ષ બળમાં નિર્બળ હોય તથા રાહુ-શનિ સાથે હોય અને નક્ષત્રીય પરિવર્તન થતું હોય તો જાતક અદૃશ્ય કારણોથી પીડિત બને છે.

૫. કુંડળીમાં શનિ-ચંદ્રની યુતિ હોય અથવા ચંદ્ર, શનિના નક્ષત્રમાં તથા શનિ, ચંદ્રના નક્ષત્રમાં હોય તો જાતક પિતૃદોષ કે અતૃપ્ત આત્માઓથી તુરત જ પ્રભાવિત થાય છે.

૬. જો જન્મકુંડળીમાં ચંદ્ર-રાહુનો નક્ષત્ર પરિવર્તન યોગ થતો હોય તથા ચંદ્ર ઉપર અન્ય ક્રૂર અને પાપગ્રહોનો પ્રભાવ હોય અને લગ્ન અને લગ્નેશને શુભગ્રહો જોતા ન હોય તો જાતક અતૃપ્ત આત્માઓનો શિકાર બને છે.

૭. જો ચંદ્ર જન્મકુંડળી અથવા નવમાંશ કુંડળીમાં પોતાની નીચ રાશી (વૃશ્ચિક)માં હોય તથા ચંદ્ર અને લગ્નેશનો સંબંધ ક્રૂર અને પાપગ્રહોથી થતો હોય તો જાતક પિતૃદોષ, પ્રેતજ્વર અને અતૃપ્ત આત્માઓથી પીડાય છે.

૮. જો કુંડળીમાં ચંદ્ર, રાહુના નક્ષત્રમાં હોય તથા ક્રૂર અને પાપગ્રહોનો પ્રભાવ ચંદ્ર, લગ્નેશ અને લગ્ન ભાવ ઉપર પડતો હોય તો જાતક અતૃપ્ત આત્માઓથી પીડાય છે.

સંશોધન વિભાગ

૯. જો કુંડળીમાં ગુરુનો સંબંધ રાહુ સાથે હોય તથા લગ્નેશ અને લગ્નભાવ પાપકર્તરી યોગમાં હોય તો જાતક ભૂતપ્રેતથી પીડાય છે.

૧૦. જો કુંડળીમાં બુધ અને રાહુમાં નક્ષત્ર પરિવર્તન થતું હોય તથા લગ્નેશ નિર્બળ બની આઠમા ભાવમાં હોય, તેમ જ લગ્ન અને લગ્નેશ ઉપર ક્રૂર અને પાપ ગ્રહોનો પ્રભાવ હોય તો જાતક ભૂતપ્રેતથી પીડાઈને મનોરોગી બને છે.

૧૧. જો કુંડળીમાં અષ્ટમેશ લગ્નમાં હોય તથા લગ્ન ભાવ અને લગ્નેશ ઉપર અન્ય ક્રૂર અને પાપગ્રહોનો પ્રભાવ હોય તો જાતક ભૂતપ્રેતથી પીડાય છે.

૧૨. કુંડળીમાં અષ્ટમેશ રાહુના નક્ષત્રમાં તથા રાહુ અષ્ટમેશના નક્ષત્રમાં હોય અને લગ્ન નિર્બળ કે પીડિત હોય તો જાતક પિતૃદોષ કે અતૃપ્ત આત્માઓથી પીડાય છે.

૧૩. જો જન્મકુંડળીમાં રાહુ જે રાશિમાં બેઠો હોય અને તેનો માલિક નિર્બળ અને પીડિત થઈને આઠમા ભાવમાં બેઠો હોય તથા લગ્ન અને લગ્નેશ પાપકર્તરી યોગમાં હોય તો જાતક પ્રેતજ્વર અને અતૃપ્ત આત્માઓથી પીડાય છે.

૧૪. જો જન્મકુંડળીમાં અષ્ટમેશ પાંચમા ભાવમાં અને પંચમેશ આઠમા ભાવમાં હોય તથા ચતુર્થેશ છઠ્ઠા ભાવમાં હોય અને લગ્ન અને લગ્નેશ પાપકર્તરી યોગમાં રહેલા હોય, તો જાતક માતૃશાપ અને અતૃપ્ત આત્માઓથી પ્રભાવિત થાય છે.

(અનુસંધાન પાનુ-૨૪૨)

વાર અને અંકશાસ્ત્ર

લેખક : શ્રી રમેશભાઈ ડી. વોરા

૬, ધનલક્ષ્મી સોસાયટી, સત્યનારાયણના મંદિર પાસે, ઘાટલોડિયા, અમદાવાદ - ૩૮૦૦૬૧. ફોન : ૨૭૬૬૧૨૧૮.

તારીખ, વાર, ગ્રહના અંકો દર્શાવી મિત્ર-શત્રુ અંકો મૂળાંક અને શુભવાર, પંચતત્ત્વોની જાણકારી આપી વાર અને અંકોનો સમન્વય કરીને ફળકથનની રીત સમજાવેલ છે.

આપને તો એ જાણકારી હશે કે અંકોમાં મુલાંક ૯ સુધી આવે છે. ત્યાર પછીના અંકો મિશ્રાંક તરીકે ઓળખાય છે. આપણે મુલાંકના આધારે આ લેખને અનુસરવાનું છે. આપની જન્મતારીખનો મુલાંક આ પ્રમાણે લેવો.

જન્મ તારીખ				મુલાંક	વાર	ગ્રહ	નંગ
૧	૧૦	૧૯	૨૮	૧	રવિવાર	સૂર્ય	માણેક
૨	૧૧	૨૦	૨૯	૨	સોમવાર	ચંદ્ર	મોતી
૩	૧૨	૨૧	૩૦	૩	ગુરુવાર	ગુરુ	પોખરાજ
૪	૧૩	૨૨	૩૧	૪	રવિવાર	હર્ષલ	માણેક
૫	૧૪	૨૩		૫	બુધવાર	બુધ	પન્ના
૬	૧૫	૨૪		૬	શુક્રવાર	શુક્ર	હીરો
૭	૧૬	૨૫		૭	સોમવાર	નેપચ્યુન	મોતી
૮	૧૭	૨૬		૮	શનિવાર	શનિ	નીલમ
૯	૧૮	૨૭		૯	મંગળવાર	મંગળ	મુંગા

અંકોના મિત્ર-શત્રુ જોઈએ

અંક	મિત્રઅંક	સમઅંક	શત્રુઅંક
૧	૨,૩,૪,૯	૫,૭	૬,૮
૨	૧	૩,૪,૫,૬,૭,૯	૮
૩	૧,૯	૨,૪,૫,૬,૭,૮	-
૪	૧	૨,૩,૫,૬,૭,૮,૯	-
૫	૬	૧,૨,૩,૪,૭,૮,૯	-
૬	૫,૮	૨,૩,૪,૭,૯	૧
૭	-	૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯	-
૮	૬	૩,૪,૫,૭,૯	૧,૨
૯	૧,૩	૨,૪,૫,૬,૭,૮	-

મુળાંક અને શુભવાર

મુળાંક	શુભવાર
૧	રવિવાર, સોમવાર
૨	રવિવાર, સોમવાર, શુક્રવાર
૩	મંગળવાર, ગુરુવાર, શુક્રવાર
૪	રવિવાર, સોમવાર, બુધવાર
૫	બુધવાર, શુક્રવાર
૬	મંગળવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર
૭	રવિવાર, સોમવાર
૮	શનિવાર
૯	મંગળવાર, ગુરુવાર, શુક્રવાર

રાશિતત્વો ચાર હોવાથી અંકોનું પણ ચાર વિભાગમાં વિભાજન કરવામાં આવેલ છે.

તત્વ	રાશિ	અંક
અગ્નિ	મેષ, સિંહ, ધન	૧-૪-૯
પૃથ્વી	વૃષભ, કન્યા, મકર	૨-૮
જળ	કર્ક, વૃશ્ચિક, મીન	૩-૭
વાયુ	મિથુન, તુલા, કુંભ	૫-૬

તત્વો આપણને શું આપે છે....?

૧. **અગ્નિતત્વઃ-** અગ્નિતત્વમાં રહેલા ગ્રહો પ્રેરણા, ઉત્સાહ, મહત્ત્વાકાંક્ષા, આગેવાની આપે છે.

૨. **પૃથ્વીતત્વઃ-** પૃથ્વીતત્વમાં રહેલા ગ્રહો ધીરજ, ખંત, સાવધાની, વ્યવહારિકતા, અનુભવ આપે છે.

૩. **જળતત્વઃ-** જળતત્વમાં રહેલા ગ્રહો લાગણી, તરંગો, કલ્પનાશક્તિ આપે છે.

૪. **વાયુતત્વઃ-** વાયુતત્વમાં રહેલા ગ્રહો બુદ્ધિ, સંસ્કાર, કલ્પનાશક્તિ આપે છે.

અંક- ૧,૩,૫,૭,૯ **એકી અંકો** જાતકને અંતરજ્ઞાન, અગમચેતી, શક્તિ. તર્કશક્તિ આપે છે. જ્યારે.

અંક- ૨,૪,૬,૮ **બેકી અંકો** વિચારશક્તિ, કલ્પનાશક્તિ, નિર્ણયશક્તિ આપે છે.

વારના ગુણધર્મો જોઈએ.

રવિવાર

અંકઃ-૧. સ્વાભિમાન, મોભો, સત્તાશીલ

સંશોધન વિભાગ

સ્વભાવ, શિસ્ત, કાયદાકાનૂન પ્રમાણે વર્તે, ઉત્સાહ, સ્ફુર્તિ, સર્જક, મહેનતુ, વ્યવસ્થાપક, આત્મવિશ્વાસુ, નીડર, ગુસ્સો (અતિશય ક્રોધી નહીં), અસર કરે છે.

સોમવાર

અંકઃ-૨. ચંદ્ર એટલે મન, લાગણીશીલતા, પ્રેમાળ, દુઃખી, કલ્પનાશીલ, કવિહૃદય, ઉર્મીશીલ, ચંચળતા, નમ્રતા, લક્ષ્મી આપે છે.

મંગળવાર

અંકઃ-૯. શક્તિ, આવેગ, ગતિ, જોશ, હિંમત, મહત્ત્વાકાંક્ષા આપે છે.

બુધવાર

અંકઃ-૫. બુધ-તીવ્ર બુદ્ધિ, તાર્કિક, અત્યંત વિચારશીલ, કુશળ સેલ્સમૅન, બુદ્ધિથી બીજાને પ્રભાવિત કરે, અનેક માર્ગે કમાણી કરે, યાત્રા-ચિત્ર ખૂબ ગમે/કરે. મિત્ર સર્કલ વધારે.

ગુરુવાર

અંકઃ-૩. નેતૃત્વ કરે, ઉત્સાહી, સ્વતંત્રવિચારી, ધાર્મિક, વડીલપણું, ડહાપણ, સમજ, મોટાઈ, રાજરસ્તે જવાવાળા.

શુક્રવાર

અંકઃ-૬. પ્રમાદ-લક્ષ્મી, ચહેરા પર સૌમ્યતા, વાણીમાં વિનમ્રતા, હૃદયમાં ઉદારતા, આકર્ષક વાક્ચાતુર્ય, ગંદકી, અસભ્યતા સહેજે ગમે નહીં.

શનિવાર

અંકઃ-૮. દ્વેષ અને સ્પર્ધાની ભાવના, નગેટીવ વિચારો, હિંમતવાન, સ્વભાવ અતડો, અંતઃમુખી.

હવે આપણે વાર અને અંકોના સંબંધો જોઈશું.

રવિવાર

અંક-૧ :- રવિવાર એ અંક ૧નો અધિપતિ

વાર અને અંકશાસ્ત્ર

છે. રવિવારે અંક-૧ આવતો હોય તો તે દિવસે અંક-૧ના ગુણધર્મો વધુ જોવા મળે છે. આવા જાતકો કામમાં વિલંબ કરતાં નથી. ધાર્મિકભાવના અંધશ્રદ્ધા વગરની હોય છે. કુટુંબમાં પણ શિસ્ત પાળવાની વાત હોય છે. જ્યાં જાય ત્યાં અગ્રણી રહેતા હોય છે. આવા જાતકોને હુકમ ચલાવ્યા વિના ચેન પડતું નથી.

અંક-૨ :- રવિવારે ૧ના અંકની સાથે ૪ના અંકની અસરો જોવા મળે છે. જો જાતકનો ૨જી તારીખે કે ૧૧,૨૦,૨૯ જન્મ હોય તો તેમનામાં શિસ્તપાલન જોવા મળે છે. આવા જાતકોમાં લાગણી, પ્રેમ જોવા મળે. સાથેસાથે સિદ્ધાંત અને મર્યાદા પણ જોવા મળે. તેઓ તેમની લાગણીઓ પર અંકુશ રાખી શકે છે. કોઈક વાર હર્ષલની અસરના કારણે જ્યારે નિષ્ફળતા મળે છે, પ્રેમ અને લાગણી મળતાં નથી ત્યારે માનસિક અસરોને લીધે તોડફોડ તરફ વળે છે.

અંક-૩ :- આ અંકમાં રવિની પ્રકૃતિનું મિશ્રણ જોવા મળે છે. ડહાપણ, સમજદારી, મોટાઈ સાથે શિસ્તપાલન, સિદ્ધાંત જોવા મળે છે. આવા જાતકો મર્યાદાનું પાલન કરતાં હોય છે. તેમનું આત્મબળ મજબૂત હોય છે. સામાજિક સેવા સાથે રાજકીય કુનેહ જોવા મળે છે.

અંક-૪ :- રવિવાર એ અંક-૪ માટે સાનુકૂળ દિવસ છે. અંક-૪ના જાતકોની લાક્ષણિકતાઓ અહીં પૂર્ણ રૂપે જોવા મળે છે. જાતક તેજસ્વી, ઉત્સાહી અને નવસર્જન કરનાર હોય છે. ચીલાચાલુ પદ્ધતિઓને બદલી નવી પદ્ધતિઓ જમાના પ્રમાણે બનાવે છે. સ્વતંત્રતા અને શિસ્તનો ચાહક બને છે. તેનાં કાર્યોની અસર વર્ષો સુધી જોવા મળે છે.

અંક-૫ :- વાળા જાતકો માટે રવિ-સૂર્ય-બુધ મિત્ર હોતાં આ દિવસ શુભ બને છે. અહીં બુદ્ધિની સાથે સાથે નિયમિતતા અને શિસ્ત વધે છે. બુદ્ધિનો ઉપયોગ સર્જનાત્મક કાર્યોમાં વધારે જોવા મળે. તીવ્રબુદ્ધિ પણ જોવા મળે, રાજકીય બુદ્ધિ જોવા મળે, વ્યવસ્થાશક્તિમાં પારંગત બને છે.

અંક-૬ :- અહીં શુક્રની પ્રકૃતિમાં સૂર્યની પ્રકૃતિ ભળે છે. આ અંકમાં સૂર્યની અસરો દેખાય છે. જાતકના જીવનમાં મોજશોખ, વિલાસ વગેરે સાથે શિસ્ત અને સિદ્ધાંત જોવા મળે. વ્યવસ્થિત રહેણીકરણી તેમ જ ફેશનેબલ વસ્ત્રો પહેરવાનો શોખ હોવાં છતાં, પ્રસંગને અનુરૂપ મોભો અને મર્યાદાવાળા કપડાં પહેરે. જીવનમાં વૈભવ પ્રાપ્ત કરે. લગ્નજીવનમાં કંઈને કંઈ તકલીફ જોવા મળે છે.

અંક-૭ :- અહીં કલ્પનાશક્તિ હોય છે. સાથોસાથ મગજ ઉપર તેમ જ વિચારો પર અંકુશ હોય છે. તેમનાં વિચારોમાં દેશભક્તિ વધારે જોવા મળે છે. તેમના વિચારો તેમનાં લખાણમાં કે તેમનાં કાવ્યમાં દેખાઈ આવે છે. તેઓ સંઘર્ષથી ડરતાં નથી. વિશાળ વ્યક્તિત્વ તેમ જ મૌલિકતા દૃષ્ટિગોચર થાય છે. જીવનમાં તેમનાં કાર્યોમાં સિદ્ધાંત અને મર્યાદા સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

અંક-૮ :- જાતકનાં વિચારોમાં સંઘર્ષ વધુ જોવા મળે છે. સત્તાશાળી વ્યક્તિ અથવા સરકાર સાથે ઘર્ષણ અને અણબનાવ રહે. વિચારો ક્રાંતિકારી હોય તેમને સામાજિક નિષ્ફળતાઓ મળે છે. રાજકારણમાં વિરોધ પક્ષમાં સારું કામ કરે છે.

અંક-૯ :- આવા જાતકનો જન્મ રવિવારે થતાં તેમનામાં શક્તિ અને જુસ્સો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. જાતક પોતે જ ખૂબ જ કાર્યશીલ બને છે. સિદ્ધાંત અને નિયમિતતા તેનાં દરેક કાર્યમાં જોવા મળે છે. જાતક પોતે શિસ્તબદ્ધ રીતે દરેક કાર્ય કરે છે. જાતક ઉદાર અને તેજસ્વી જોવા મળે છે. જીવનમાં અકસ્માત કે આકસ્મિક મૃત્યુનો ભય રહે છે. પોતાના ગુસ્સા અને ક્રોધનું નિયમન કરવું પડે છે. નહીંતર દુશ્મનો ઊભા થાય છે. ગૃહજીવન સુખી હોતું નથી.

સોમવાર

અંક-૧ :- સોમ એટલે ચંદ્ર અને તે અંક-૨:૭નો આવે. સ્ત્રીઓની લાગણીશીલતાનો સ્વભાવ અંક-૧ સાથે વધારે ગોઠવાય. અહીં બાંધછોડ કરવાની વાત આવે. જેટલી કરવા જેવી હોય તેટલી બાંધછોડ કરે. ઉપરથી કઠોર લાગે પરંતુ તેમની સમીપ રહેવાથી જાણવા મળે કે આનામાં પ્રેમ જેવી કંઈ વસ્તુ છે. બીજાના હિતનો વિચાર કરે. અંક-૭નો અંક ઓછો ભાવ ભજવે છે.

અંક-૨ :- અહીં લાગણીશીલતા વધે. સ્ત્રી તત્વ વધે, દરેક વસ્તુને લાગણીથી સમજવાની વાત આવે. કલ્પનાશીલતા વધે. ચંચળતા વધે. ૨ના અંકની તીવ્રતાના કારણે દુઃખી પણ થવાય.

અંક-૩ :- અહીં ગુરુની સમજ, બુદ્ધિ સાથે લાગણીશીલતાનું પ્રમાણ વધે છે. સામેની વ્યક્તિમાં લાગણી અને પ્રેમ પોતે સમજે છે. જાતક ધનવાન અને સદ્‌ગુણી હોય છે. સમાજમાં નામના, કીર્તિ સારી હોય છે.

અંક-૪ :- આ અંક હેઠળના જાતકોમાં - તેમનાં કાર્યોમાં લાગણીશીલતા, પ્રેમ અને ઉદારતા જોવા મળે. પોતે લાગણીમાં આવી ઘણીવાર અશાંતિ અને સંઘર્ષ ઊભા કરે છે. આવા જાતકોમાં ભાગ્યવૃદ્ધિ હોય કે ભાગ્યહાનિ; ચડતી હોય કે પડતી, દરેક પરિસ્થિતિમાં લોકો માટે પ્રેમ અને લાગણી સમાન રહે છે. તેમનાં માટેનો આ દિવસ અનુકૂળ છે.

અંક-૫ :- બુધ અને ચંદ્ર નૈસર્ગિક મિત્રો ન હોવાથી અહીં તેમની લાગણીનો અને બુદ્ધિનો સંઘર્ષ જોવા મળે છે. સામાન્યતઃ આ અંક લાગણી કરતાં બુદ્ધિ સાથે નિસ્બત રાખતો હોઈ દરેક કાર્યોમાં બુદ્ધિથી જ વિચારવાની વાત આવે. જાતકનો જન્મ સોમવારે થતાં બુદ્ધિમાં લાગણીનું તત્વ ઉમેરાતાં જાતક બુદ્ધિશાળી બને છે. સાથોસાથ લાગણીશીલ પણ બને છે. લોકો તેને સમજે તો વધારે સફળ થાય છે.

અંક-૬ :- જાતક ખૂબ જ લાગણીશીલ અને પ્રેમાળ હોય છે. કલ્પનાશક્તિ અદ્‌ભુત હોય છે. આવા જાતકો સુંદર, પ્રેમ અને લાગણીસભર કાવ્યરચના કરી શકે છે. લોકો તેમને માન આપે છે. તેવી જ રીતે લોકો તરફ પ્રેમ અને લાગણી રાખતા હોય છે. નિષ્કપટ અને નિર્દોષ વ્યક્તિત્વ તેમનામાં જોવા મળે છે. સુખદુઃખને તેઓ સમજે છે. વિશાળ મિત્ર મંડળ ધરાવતાં હોય છે.

અંક-૭ :- આવા જાતકો પર નેપચ્યુનની અસર જોવા મળે છે. અહીં ચંદ્ર+નેપચ્યુનની સામૂહિક અસરના કારણે લાગણીશીલતાનો સ્વભાવ, બાંધછોડ કરવાની વાત આવે. આવા જાતકો ખૂબ જ કલ્પનાશીલ બને છે. તેઓ ઉપરથી કઠોર પણ અંદરથી મુલાયમ હોય છે. બીજાના હીતનો વિચાર કરે છે. સ્વતંત્ર વિચારના અને મનસ્વી બને છે.

અંક-૮ :- ગ્રહણશક્તિ વધે છે. જાતકની લાગણીઓ વારંવાર ઘવાય છે. માનસિક આઘાત વધુ લાગે તેવા બનાવો જીવનમાં અવારનવાર બને છે. તેમનાં જીવનમાં બહુ વિખવાદ રહેલો હોય છે. આવા જાતકો ઉદાસ અને ચિંતાગ્રસ્ત રહેતા હોય છે. નકારાત્મક લાગણી અને નકારાત્મક વિચારોનું પ્રભુત્વ વધુ રહે છે. લોકોનો વિરોધ એ તેમની ઉપેક્ષાઓનો સામનો કરવો પડે છે. માનસિક અસરો વધારે જોવા મળે છે.

અંક-૯ :- જાતક પોતે ધનવાન અને શક્તિશાળી બને છે. માનસિક શક્તિ ખૂબ જ હોય છે. જેથી જીવનમાં લક્ષ્મી મેળવવા તેનો ઉપયોગ કરે છે. મહત્ત્વાકાંક્ષી હોય છે અને પ્રગતિ કરે છે. ગુસ્સો અને ક્રોધ વધુ રહે છે. તેમ છતાં તેઓ લાગણીશીલ અને ઉદાર દિલનાં હોય છે. આવા જાતકોના જીવનમાં જે કાંઈ સમસ્યા ઊભી થાય છે તેની પાછળનું કારણ જોઈએ તો માનસિક વિચારો અને ક્રોધ જ હોય છે. ધાર્યું કરવાવાળા અને મોટા માણસોની મિત્રતાવાળા હોય છે.

મંગળવાર

અંક-૧ :- આવા જાતકોમાં ઉગ્રતા વધુ હોય. સામા થાય તેને દબાવી દે, બળ વાપરે, જુસ્સો વધી જાય, મહેનતુ ખૂબ બની જાય, જો કોઈની મદદ ન મળે તો જાતે કામ પતાવી દે. પારકી આશ ન રાખે. પોતાનું સ્વાભિમાન ઘવાય તો આક્રમક બની જાય. મંગળનું પ્રભુત્વ હોવાથી જાતક વધુ સેક્સી બને છે. ઉત્પાદકતા સાથે સંકળાય, વધુ ખાનાર હોય, પાચનશક્તિ તેજ હોય છે.

અંક-૨ :- ઉગ્રતાથી માનસિક ઉશ્કેરાટ વધે છે. પોતાની લાગણી ઘવાય તો માનસિક રીતે તેમ જ વાણીથી આક્રમક બને છે. માનસિક તાકાત સારી હોય છે. મહેનતુ હોય અને લક્ષ્મી પણ મેળવે છે.

અંક-૩ :- જાતકમાં ડહાપણ, સમજદારી, કુનેહ સાથે સાહસ પણ જોવા મળે છે. જાતક પોતે

સાહસિક બને છે. બુદ્ધિપૂર્વક અને ગણતરીપૂર્વકનું સાહસ ખેડે છે. સમાજમાં મોભો મેળવે છે. ધંધો હોય કે નોકરી સર્વેમાં લોકો તેમના સલાહસૂચન લે છે. લાગણી અને ઉશ્કેરાટ પર નિયમન કરનાર હોય છે. મહેનતથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

અંક-૪ :- જાતકમાં લડાયક તાકાત અને જુસ્સો વધારે જોવા મળે છે. આ અંકવાળા જાતકોને નવસર્જનની પ્રવૃત્તિને સારો વેગ મળે છે. વિચારશક્તિની સાથે શારીરિક તાકાત પણ જોવા મળે છે. સતત કાર્યશીલ રહે છે. લડવા, ઝઘડવા કે સંઘર્ષમાં તેમને મજા આવતી હોય છે.

અંક-૫ :- આવા જાતકો ઉગ્ર દલીલો કરનાર બને છે. વાદવિવાદમાં તેમને હરાવવા મુશ્કેલ હોય છે. તેઓનો મહેનતુ સ્વભાવ અહીં દેખાઈ આવે છે. ઘણીવાર લડાઈ-ઝઘડામાં પણ બુદ્ધિનો ઉપયોગ કરતાં હોય છે. જાતક પોતે ખૂબ કાર્યશીલ બને છે.

અંક-૬ :- જાતકની વાણીમાં વિનમ્રતા સાથે જુસ્સો વધે છે. જાતક લક્ષ્મી, માન, મોભો મેળવવા શારીરિક તેમ જ માનસિક મહેનત કરે છે. પોતાનું કાર્ય સફળ ના થાય તો વાણીમાં તેમ જ વર્તનમાં ઉગ્રતા આવી જાય છે. કળાના ક્ષેત્રમાં પ્રગતિ કરે છે. વિજાતીય સંબંધોમાં મર્યાદાનો લોપ જોવા મળે છે. પ્રેમમાં ખુલ્લાદિલના તેમ જ સાહસિક હોય છે.

અંક-૭ :- જાતક પરિવર્તનશીલ હોય છે. વિચારો સાથે શારીરિક શક્તિ અને ઉત્સાહનો સમન્વય થાય છે. તેનું વ્યક્તિત્વ હઠાગ્રહી અને તેજસ્વી બને છે. જીવનમાં વિપરીત પરિસ્થિતિમાં સંઘર્ષ કરવાની શક્તિ વધે છે.

અંક-૮ :- વ્યક્તિ પોતે ગણતરીપૂર્વક પગલાં લેવાવાળી હોય છે. ટેકનિકલ લાઇનમાં હોંશિયાર બને છે. હિંમતવાન અને સાહસિક હોય છે. જાતક મોટાં ઉદ્યોગો સાથે સંકળાય છે. મહત્ત્વાકાંક્ષી વધુ હોય છે. વિચારોમાં કુટિલતા અને સ્વાર્થીપણું જોવા મળે છે.

અંક-૯ :- જાતક ખૂબ શક્તિશાળી અને મહત્વકાંક્ષા ધરાવનાર હોય છે. મહેનતથી પોતે આગળ આવે છે. જાતક પ્રેમાળ અને ખુલ્લા દિલનો હોય છે. પોતાના આત્મવિશ્વાસના બળે તે દરેક પ્રકારના કાર્યમાં સત્તા પોતાના હાથમાં રાખે છે. હઠાગ્રહી અને કુટિલ પણ બને છે. લડાઇ, ઝઘડામાં પાછળ પડતાં નથી. રાજકારણમાં આગળ આવે છે. દાંપત્યજીવન સુખી હોતું નથી.

બુધવાર

અંક-૧ :- અહીં બુધના ગુણો ઉમેરાતાં પોતાની આવડત, મહત્ત્વ, સિદ્ધિઓ લોકો કઈ રીતે જાણે તે બતાવતા આવડે. પોતાની મહત્તા વધે તેવું કરે. બુદ્ધિપૂર્વકના કરેલા કામોથી જશ મળે. શિસ્તમાં પણ બુદ્ધિ દેખાઈ આવે. જાતક ટકોરમાં બધું સમજી જાય.

અંક-૨ :- ચંદ્ર+બુધના કારણે જાતક વાદવિવાદ અને લાગણીથી દલીલો કરનાર બને છે. લાગણીની સાથે બુદ્ધિનો વિકાસ થયેલો હોય છે. માનસિક વિચારોની સમતુલના બહુ ઓછી હોય છે.

અંક-૩ :- જાતકના જીવનમાં ડહાપણ અને બુદ્ધિનો સંઘર્ષ જોવા મળે છે. જાતક ખૂબ જ બુદ્ધિશાળી અને સમજદાર હોવા છતાં સમાજમાં તેમનાં વિચારો વિરોધાભાસી હોય છે. ઘણીવાર જાતક પોતાના વિચારોના કારણે વાદવિવાદનું કેન્દ્ર બને છે. જાતકમાં બુદ્ધિમત્તાનો આંક ઊંચો જોવા મળે છે.

અંક-૪ :- પરિવર્તનશીલ સ્વભાવમાં બુદ્ધિનું મિશ્રણ થવાથી ખૂબ જ આયોજનપૂર્વક, સારા, નરસાના પાસાનો વિચાર કરીને દરેક વસ્તુમાં ફેરફાર કરે છે. નવસર્જન બુદ્ધિપૂર્વક-ગણતરીપૂર્વક કરે છે.

અંક-૫ :- બુદ્ધિ વધારે તીવ્ર હોય, જાતક અત્યંત વિચારશીલ અને દરેક કામ આયોજનપૂર્વક અને તાર્કિક રીતે કરે છે. સાથે સાથે મહેનત નહીં કરવાનો સ્વભાવ અહીં વધે છે. જેથી જાતકને બીમારીની શક્યતા વધારે રહે છે. સંપૂર્ણપણે જાતકનું વ્યક્તિત્વ બુદ્ધિ ઉપર જ આધારિત રહે છે.

અંક-૬ :- જાતક આનંદ, પ્રમોદ, વૈભવ, વિલાસ સાથે બુદ્ધિપ્રધાન વ્યક્તિત્વ તરીકે જોવા મળે છે. જાતક સુંદર લેખનકાર્ય કરી શકે છે. ભણતર પણ સારું હોય છે. વ્યક્તિ ઇશારાથી સમજી જાય છે. મહેનત કરવામાં માનતા નથી. જીવનમાં બુદ્ધિબળથી પૈસો કમાય છે.

અંક-૭ :- જાતક વધારે કલ્પનાશીલ, વિચારશીલ અને બુદ્ધિશાળી હોય છે. મહેનતમાં ઓછું માને, જીવનમાં પૂરતું ધન કમાઈ લે છે. લોકોમાં તેમની ગણના બુદ્ધિશાળી સજ્જન તરીકે થાય છે. તેનું લખાણ મૌલિક હોય છે.

અંક-૮ :- જાતક વધારે બુદ્ધિશાળી હોય છે. તેમ જ ગણતરીબાજ ને વેપારીવૃત્તિ ધરાવનાર વ્યક્તિ બને છે. જીવનમાં પોતાને મળેલી નિષ્ફળતા ઉપર વિચાર કરી બુદ્ધિપૂર્વક કાર્ય કરી સફળતા પ્રાપ્ત કરે છે. જાતક જીવનમાં કમાવવા માટે જરૂર પૂરતી જ મહેનત કરે છે. પોતે બુદ્ધિશાળી છે છતાં લોકો તેમને સમજી શકતાં નથી તેવી પ્રબળ ભાવના તેમનાંમાં દેખાઈ આવે છે. ઘણીવાર બુદ્ધિનો દૂર ઉપયોગ લોકોને ઠગવામાં અને છેતરવામાં પણ કરી શકે છે.

અંક-૯ :- જાતક પોતે બુદ્ધિશાળી બને છે. શક્તિની સાથે સાથે બુદ્ધિનો સમન્વય થાય છે. ગણતરીપૂર્વકનું સાહસ કરે છે. વાદવિવાદમાં કુશળ હોય છે. સામેની વ્યક્તિ તેમની સાથે વાદવિવાદમાં કંટાળી જાય છે. તેથી પોતાની હાર-નિષ્ફળતા સ્વીકારી લે છે અથવા તો તેમની સાથે સંમત થાય છે. ધૂની અને જિદ્દી બને છે.

ગુરુવાર

અંક-૧ :- જાતકમાં ડહાપણ ઘણું હોય, પ્રામાણિકતા વધે, ધર્મમાં પણ આગળ વધે, આત્માનો ઉદ્ધાર થાય તેવાં કામો કરે. માન, મોભો, અહમ્, વધે પરંતુ અહમ્‌નો દેખાવ ન કરે, છતાંય અંધશ્રદ્ધાળુ નહીં, બીજાના સુખનો વિચાર કરે. પોતાના આધારીત સ્વજનોના સુખદુ:ખનો વિચાર કરે, કુટુંબનું હીત જુવે, શિસ્ત માટે આગ્રહી હોય, તેમનાં ભલા માટે જરૂર પડે તો શિક્ષા પણ કરે. લાગવગનો ઉપયોગ પોતાની વિવેકબુદ્ધિથી કરે.

અંક-૨ :- જાતક ગજકેશરી યોગ વાળો બને, ડહાપણ, પ્રામાણિકતા, લાગણીશીલતા વધે. કલ્પનાશક્તિ, નમ્રતા વધે. માન મોભો મળે તેવાં કાર્યો કરે. માનસિક વિચારો સાથે સાથે સાત્વિક હોય, મન વિશાળ હોય. નિ:સ્વાર્થી હોય, પૂજા પાઠ વગેરે કરે, પરોપકારી સ્વભાવ હોય.

અંક-૩ :- જાતક વધુ સમજદાર, ઉત્સાહી હોય છે. સાથે સાથે તેનામાં મોટાઈ વધે છે. પોતે ધનવાન, વિદ્વાન અને પોતાનું ધાર્યું કરવાવાળા હોય છે. તેમનું વ્યક્તિત્વ સામાજિક રીતે લોકો સ્વીકારે છે. તેઓ લોકપ્રિય બને છે.

અંક-૪ :- આ અંકના જાતકો સમાજમાં કંઈક નવું કરવાની, નવા ચિલા પાડવાની વિચારધારા તેમ જ સંઘર્ષ કરવાની વૃત્તિમાં થોડું પરિવર્તન આવે, જીવનમાં પરિવર્તન કરવામાં ડહાપણ અને સમજદારીનો ઉપયોગ કરે. સંઘર્ષ ઓછો કરે. થોડી ઘણી પ્રવૃત્તિ સામાજિક રીતે, ચીલચાલુ રીતે કરે.

અંક-૫ :- જાતકમાં વૈચારિક ઘર્ષણ વધુ જોવા મળે, જાતક પ્રામાણિક અને સાત્વિક હોય, ખૂબ જ બુદ્ધિશાળી વ્યક્તિત્વ જાતકમાં જોવા મળે. બીજાના સુખદુ:ખનો વિચાર કરે. ભણતર ગમે.

અંક-૬ :- જાતકનું વ્યક્તિત્વ ઊંચા પ્રકારનું હોય. જાતક વૈભવી અને શોખીન હોય, સાથેસાથે ખૂબ જ બુદ્ધિશાળી હોય, તેમનાં શોખ અને પસંદગી ખૂબ ઊંચી હોય. દરેક પ્રકારનું વર્તન મર્યાદાશીલ હોય. વ્યક્તિ સફળતા પ્રાપ્ત કરે. જાતક ખૂબ જ હોંશિયાર અને શોખીન હોય છે. મિત્ર વર્તુળ વિશાળ હોય છે. પોતાના ધનનો સારાં કાર્યોમાં સદ્-ઉપયોગ કરે.

અંક-૭ :- જાતકની કલ્પનાશક્તિ તેમ જ લેખનપ્રવૃત્તિ સમાજને અનુરૂપ હોય છે. સમાજમાં તેમને માન, મોભો મળે છે. સમાજમાં ઘણાં સુધારા કરે છે જે લોકોને સ્વીકાર્ય હોય છે. ધનઉપાર્જન કરે. પોતાના વિચાર પ્રમાણે આચરણ કરનાર હોય. સ્વતંત્રતાના ચાહક હોય.

અંક-૮ :- જાતક સ્વભાવે રૂઢિવાદી હોય, ધાર્મિક બને, પૂજા-પાઠ, મંત્ર-તંત્રમાં શ્રદ્ધા-વિશ્વાસ ધરાવે. જીવનમાં ધીમે પણ મક્કમ પ્રગતિ કરે. આધ્યાત્મિક ક્ષેત્રમાં તેમ જ યોગશિક્ષામાં સારું કામ કરી શકે. પોતે વિદ્વાન બને. સમાજ તેમનાં સલાહ સૂચનો લે છે. નકારાત્મક વિચારો ઓછાં જણાય. સામાજિક રીતે સેવાભાવી અને

વાર અને અંકશાસ્ત્ર

વ્યવહારકુશળ હોય છે.

અંક-૯ :- જાતક બુદ્ધિશાળી, શાણપણવાળો અને સારા વિચારોનો અમલ કરનાર હોય છે. અહીં પોતાની શક્તિ સમાજના ઉપયોગી કાર્યોમાં વાપરે છે. સમાજ ઉપયોગી કાર્યો કરે, ધનવાન, વિદ્વાન અને ગુણવાન હોય છે. પોતાનું ધાર્યું કરનાર હોય. સરકાર તરફથી માન-સન્માન મેળવે. જાતક જીવનમાં સુખી અને સમૃદ્ધ બને છે.

શુક્રવાર

અંક-૧ :- જાતક શિસ્તની બાબતમાં મોભાદાર, અપટુ ડેટ કપડાં પહેરે. દાઢી નિત્ય કરે. લોશન-અત્તરનો ઉપયોગ કરે. રહેણીકરણી વ્યવસ્થિત, ગર્ભશ્રીમંત જેવી હોય. પ્રસંગ ને અનુરૂપ વસ્ત્રો પહેરે. જાતક સદા આનંદી, ઉત્સાહી, ઘડપણમાં પણ યુવાન લાગે. કુદરતે ગમે તેવું શરીર આપ્યું હોય પરંતુ તે સુંદર લાગે. વૈભવની ઇચ્છા હોય. ધંધા પર ઘરની કે ઘરમાં ધંધાની વાતો ન કરે.

અંક-૨ :- કવિત્વ શક્તિ વધે. મોજશોખ ગમે, કાલ્પનિક, પ્રેમાળ અને કવિહૃદય હોય. પ્રકૃતિ સુંદર હોય, વૈભવશાળી હોય, તેમનાં દરેક કાર્યમાં કલા, કવિત્વ, લાગણી અને પ્રેમ દેખાઈ આવે છે.

અંક-૩ :- જાતક સફળતા પ્રાપ્ત કરે, બુદ્ધિ અને ડહાપણ સાથે કવિત્વશક્તિ, સંગીત, કળા તેમ જ બીજાં મોજશોખ ભળે. સ્વભાવ હસમુખો અને મિલનસાર હોય. દરેક પ્રકારની બુદ્ધિમાં કળા અને કારીગરી દેખાય છે. જાતક લાગણીશીલ, પ્રેમાળ, શોખીન, સમજદાર હોય છે. ધન સારા કાર્યો પાછળ વપરાય.

અંક-૪ :- જાતકને શુક્રવાર અને ૪ના અંકની મૂળભૂત વિચારધારા, પ્રવૃત્તિ ને અનુકૂળ આવતો ન હોવાથી તેની અસરોમાં અતિસફળતા કે અતિનિષ્ફળતા જોવા મળે છે. જાતક વૈભવ અને મોજશોખમાં રહે. સંઘર્ષ કરવાની વૃત્તિ ઓછી હોય, દુઃખ ભોગવવાની વૃત્તિ ઓછી થાય છે.

અંક-૫ :- જાતકમાં બુદ્ધિની સાથે સંગીત, કલા, લેખન, કવિત્વ જેવી ઘણી બધી પ્રવૃત્તિનું સમન્વય જોવા મળે. જાતક લેખનપ્રવૃત્તિ સારી કરી શકે. તેમનાં લખાણમાં કવિત્વશક્તિ દેખાઇ આવે છે. જીવનના મોજશોખ અને બીજી ઇતરપ્રવૃત્તિમાં પ્રગતિ કરશે.

અંક-૬ :- જાતક વિનમ્ર, ઉદાર અને સૌમ્ય ચહેરાવાળો જોવા મળે છે. લક્ષ્મી પ્રાપ્ત કરે છે. સુખ સગવડો અને વૈભવ ખૂબ ગમે છે. સ્વભાવ મિલનસાર હોય છે. મિત્રવર્તુળ પણ મોટું હોય છે. તંદુરસ્તી સારી હોય છે.

અંક-૭ :- જાતક ખૂબ જ કલ્પનાશીલ અને લાગણીશીલ હોય છે. વૈભવ, સંગીત, કળા, વગેરેમાં કંઇક નવીનતા લાવે છે. આનંદી અને ઉત્સાહી હોય છે. તેનાં વિચારો સાત્વિક હોય છે. સુંદર વસ્ત્રો તેમ જ જુદા જુદા અત્તરો ગમે છે. સારી કાવ્યરચના કરી શકે છે.

અંક-૮ :- જાતક નાની નાની વસ્તુનો અભ્યાસ કરી તે પ્રમાણે એકાગ્ર ચિતે કામ કરવાની ટેવ હોય છે. પોતે કુશળ કારીગર પણ બની શકે છે. જીવનમાં નકારાત્મક વિચારોનું પ્રભુત્વ ઓછું હોય છે. જીવનને ભોગવવાના વિચારો વધુ આવે. મિત્રોની સંખ્યા અલ્પ હોય પણ જે હોય તે બધા ઉપયોગી હોય. જીવનમાં વિજાતીય વ્યક્તિ સાથે પ્રેમ સંબંધ બંધાય છે.

અંક-૯ :- જાતકને સુખ, સગવડ, વૈભવની ખૂબ ઇચ્છા હોય છે. અન્ય લોકો તેની શક્તિનો આદર કરતાં હોય છે અને માન આપે છે. નાટક, સિનેમા, સંગીત જેવાં ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરે છે. જીવનમાં એક કરતાં વધુ વિજાતીય સંબંધો થવાની શક્યતા હોય છે. પ્રેમની બાબતમાં સર્વસ્વ ન્યોછાવર કરે છે. પ્રેમમાં સફળતા મેળવે છે. જીવન સુખ, સગવડ, આનંદ, પ્રમોદવાળું બને છે.

શનિવાર

અંક-૧ :- મહેનતુ વધારે હોય. કામ જાતે કરે, બીજાના પર વિશ્વાસ ન આવે. શિસ્તનો આગ્રહી હોય પણ પોતે શિસ્તમાં ઓછું માને. બેદરકારી આવી જાય. લોકોએ શિસ્ત પાળવું જોઇએ તેવું માને. ઉદ્યમી બને પણ આળસ પણ આવે. સ્વાભિમાન, માન હોય ન જળવાય તો માનસિક રીતે ડંખ્યા કરે. માનસિક સજા કરે, પણ બહુ કરી ન શકે. આવા જાતકો અળખામણા વધારે થાય. કીર્તિ ઘટે, થોડી વેરવૃત્તિ પણ આવે.

અંક-૨ :- નકારાત્મક વલણ વધુ જોવા મળે. સંસારમાં રસ ઓછો. આધ્યાત્મિક બને. ઊંડું ચિંતન કરે, દરેક કાર્ય ચિવટથી કરે. લોકોમાં ઓછા ભળે. એકાંતપ્રિય સ્વભાવ, લોકોમાં ઘણીવાર તેમના માટે ગેરસમજ ઊભી થાય. પોતે દુઃખી થાય, માન-કીર્તિ ઓછા મળે.

અંક-૩ :- જાતક પોતે ચિંતનશીલ અને ગહન હોય છે. દરેક વસ્તુનો ઝીણવટથી અભ્યાસ કરે છે. જીવનનાં આધ્યાત્મિક ક્ષેત્રમાં ખૂબ જ ઊંચી ભૂમિકા પ્રાપ્ત કરે છે. દરેક સાહસ અને કામ ગણતરીપૂર્વકના હોય છે.

અંક-૪ :- જાતકના દરેક કામ ગણતરીપૂર્વકના હોય છે. પોતાની તોડફોડની પ્રવૃત્તિ પર સંયમ રહે છે. જીવનમાં નવસર્જનમાં પણ નકારાત્મક વિચારધારા રહે છે. જીવનમાં દુઃખી વૃદ્ધો અને નબળા લોકો માટે કંઈ કરી છૂટવાની તમન્ના હોય છે. આધ્યાત્મિક ક્ષેત્રે પણ કંઇક નવી વિચારધારા અપનાવે છે.

અંક-૫ :- જાતક બુદ્ધિની સાથે મહેનત પણ કરશે. કામ જાતે કરે. દરેક કામમાં બુદ્ધિપૂર્વકની ચોકસાઈ હોય, બુદ્ધિમાં પણ પ્રમાદીપણું આવે, જીવનમાં નકારાત્મક વિચારધારા વધે. બુદ્ધિનો ઉપયોગ બીજાને નુકસાન કરવામાં વાપરે.

અંક-૬ :- જાતકમાં વિલક્ષણ વ્યક્તિત્વ જોવા મળે. જાતક મહેનતુ, પરિશ્રમી બને છે. તેનાં દરેક કાર્યમાં ચોકસાઇ જોવા મળે છે. કામમાં એકાગ્રતા જોવા મળે. આળસુ વ્યક્તિત્વ પણ જોવા મળે. જીવનમાં એક કરતાં વધારે વિજાતીય સંબંધો જોવા મળે.

અંક-૭ :- જાતકની કલ્પનાશક્તિમાં આધ્યાત્મિક તેમ જ જીવન અંગે નકારાત્મક વિચારો વધે. શરીર દુર્બળ જોવા મળે. કલ્પનાશક્તિથી ઘણીવાર દુઃખી બને. પોતાનામાં વેરવૃત્તિ પણ આવે. માન ઘટે. આધ્યાત્મિક તેમ જ યોગક્ષેત્રે નવું સંશોધન કરી નવા ચીલા પાડે છે, યાત્રા ખૂબ કરે. ગૂઢવિદ્યા-જ્યોતિષમાં ખૂબ માને.

અંક-૮ :- જાતક વધારે પડતો કાળજીવાળો તેમ જ હિંમતવાન બને છે. સાથોસાથ રૂઢીવાદીપણું તેમનામાં દેખાઈ આવે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં ખૂબ જ આગળ આવે. સંસાર છોડી દીક્ષા પણ લે.

અંક-૯ :- જાતક પોતે કોઈપણ ક્ષેત્રમાં ગણતરીપૂર્વક સાહસ કરે. ટેકનિકલ ધંધામાં ખૂબ જ ફાવટ આવે. ઉદ્યોગ-ધંધા સાથે સંકળાય. જાતકે પોતે ક્યારે શું કરવું ? શો નિર્ણય લેવો ? તેનું અદ્ભુત જ્ઞાન ધરાવે છે. આજ તેમનાં માટે જશ-સફળતાની ચાવી છે. ક્યારેક ગુસ્સો આવી જાય. જાતક પોતે સમજી વિચારીને પોતાની ગણતરીપૂર્વકની સાહસિકતા અને દૃઢ ઇચ્છાશક્તિથી જીવનના પોતાના ક્ષેત્રોમાં આગળ વધી સફળતાના શિખરો સર કરે છે.

અહીં આપણે અંકશાસ્ત્રના આધારે પ્રાથમિક જ્ઞાનથી લઈને ક્યા વારે ક્યા અંકવાળા જાતકો જોવા મળે તેની ટૂંકમાં રજૂઆત કરી.

આપણે વાર અને મુલાંક (જન્મમુલાંક) પરથી આગળ વધ્યા. તેમાં માસ-વર્ષ ઉમેરીએ તો...? ચકાસી જુઓ.

માસના અંક આ પ્રમાણે છે.

૧ જાન્યુ. ૨ ફેબ્રુ. ૩ માર્ચ, ૪ એપ્રિલ, ૫ મે, ૬ જૂન, ૭ જુલાઈ, ૮ ઑગસ્ટ, ૯ સપ્ટે.. ૧ ઑક્ટો., ૨ નવે., ૩ ડિસે.

હવે આપણે કોઈપણ જાતકની જન્મ તારીખ ૭-૯-૧૯૪૦ હોય તો તે જાતક દર વારે પોતાનો અંક જોશે અને ત્યાર પછી ચાલુ માસનો અંક જોશે અને તે અંકના વાર પરથી પોતાનો વાર જોશે. જેમ કે...

આજે રવિવાર છે. પોતાનો મુલાંક ૭ છે. તો રવિવારે ૭ મુલાંક જોશે. રવિવાર પછી સોમવાર આવશે. તો સોમવારે પોતાના મુલાંક પ્રમાણે જોશે. આવી રીતે દરેક વારે જાતક પોતાનો મુલાંક જોશે.

ત્યાર પછી માસના મુલાંકના વાર પરથી રોજ એ મુલાંક જોશે.

દૈનિક+માસિક મુલાંક વાંચ્યા પછી તેનું તારણ પોતાના માટે કાઢશે. આમ, પોતાનું ભવિષ્ય કે પોતાનો સ્વભાવ જોશે.

સગાઈમાં વિલંબ

આજના યાંત્રિક યુગમાં મનુષ્ય યાંત્રિક જીવન જીવતો થયો છે. ઘડિયાળના કાંટા મુજબ તેનું જીવન નિર્ધારિત બનેલ છે પરિણામે તેના ખુદના સંતાનોના લગ્નના પ્રશ્નો પરત્વે ઓછું ધ્યાન આપવામાં આવે છે. વિશેષમાં સામા પાત્ર પાસેની અપેક્ષાઓ પણ ઘણી વધતી ગઈ છે તેથી પણ નક્કી થવામાં અનેક અવરોધ નડે છે. જેમ નાદુરસ્ત તબિયત માટે સારા ડૉક્ટર પાસે યોગ્ય નિદાન થવું જરૂરી છે તેમ કુંડળીનું પણ સારા વિદ્વાન જ્યોતિષ પાસે નિદાન અને ઈલાજ કરાવવા જરૂરી બને.

લેખક : શ્રી અનિલ જે. પંડ્યા
૨, પ્રદ્યુમન પાર્ક, નહેરુનગર સર્કલ, ઉપાસના ફ્લેટ પાસે, 'એચ' કૉલોની પાછળ, અમદાવાદ - ૩૮૦૦૧૫. ફોન : ૦૭૯-૨૬૩૦૯૪૭૦.

સામાન્ય રીતે લગ્નેશ-સમમેશના સંબંધો, પાપગ્રહોની તેમાં દખલ તેમ જ કારકને મહદ્ અંશે સગાઈમાં વિલંબ થવામાં અવરોધજનક ગણીને કલત્રજીવન સંબંધી વિલંબ અને ઈલાજની દિશામાં માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કર્યો છે. ઉદાહરણ સહિત લેખ વિદ્યાર્થી વર્ગને જરૂર ગમશે.

(અ) લગ્ન વિલંબના કારણો :

(૧) દાંપત્યજીવન અને જાતીયજીવનનો કારક શુક્ર છે. તે કોઈ પણ રીતે દુઃષિત થયેલ હોય તો લગ્ન થવામાં વિલંબ થાય છે. ખાસ કરીને શુક્ર વક્રી હોય, નીચનો હોય, કેતુના નક્ષત્રમાં હોય કે પાપકર્તરીમાં હોય અથવા મૃતાવસ્થાનો હોય કે શનિ જેવા પાપગ્રહથી દ્રષ્ટ હોય.

(૨) સ્ત્રી જાતક માટે પહેલા ભાવમાં કે સાતમા ભાવમાં શનિ ચંદ્રની યુતિ થયેલ હોય. આવા વિષ યોગને કારણે તેને કાં તો લગ્નમાં વિલંબ થાય અથવા ડાયવોર્સના યોગ થઈને બીજા લગ્નમાં સુખદાયક પરિસ્થિતિ મળે છે.

(૩) કુંડળીમાં સમમેષની સ્થિતિ બગડતી હોય. અર્થાત્ નીચનો હોય. વક્રી હોય, પાપકર્તરીમાં હોય કે સમમેષનો નક્ષત્રપતિ કેતુ બનતો હોય કે તેની અવસ્થા મૃતવસ્થા હોય.

(૪) સ્ત્રી જાતકના કિસ્સામાં ગુરુ પતિકારક બને છે. તેથી તેની સ્થિતિ વક્રી હોય. રાહુ સાથે યુતિમાં આવી ચાંડાલ યોગ બનતો હોય, ગુરુ પાપકર્તરીમાં હોય, પાપદ્રષ્ટ હોય.

(૫) શનિ જ્યારે સાતમે દ્રષ્ટિ કરે છે અથવા સમમેષ ઉપર દ્રષ્ટિ કરે છે ત્યારે સગાઈ/લગ્નમાં અચૂક વિલંબ થાય જ છે તે નિર્વિવાદ હકીકત છે.

(૬) ખાસ કરીને તુલાનો મંગળ હોય કે મંગળ શુક્રનો સંબંધ (દ્રષ્ટિ સંબંધ કે યુતિ સંબંધ) થયો હોય ત્યારે વિલંબ થવાની સંભાવના ઘણી વધી જાય છે.

(૭) કુંડળીમાં વૃશ્ચિક જન્મ લગ્ન હોય અથવા શનિ રાહુની યુતિ, સૂર્ય રાહુની યુતિ હોય કે રાહુ પાંચમે, છઠ્ઠે કે ૮મે હોય ત્યારે પિતૃદોષ બને છે. પિતૃદોષ પણ લગ્નમાં વિલંબનું કારણ બને છે.

(૮) ખોટી રીતે કોઈ નંગની વીંટી પહેરી હોય. દા.ત. ધનેશ કે સમમેષ કુંડળીમાં મારક બનતા હોવાથી તે ગ્રહનું નંગ પહેરવાથી લગ્નમાં અવરોધ આવી શકે છે.

(૯) રાહુની ૭મે દ્રષ્ટિ થતી હોય તો સગાઈભંગ કે ડાયવોર્સની શક્યતા બને છે. જોકે બીજા શુભ યોગ બનતા હોય તો રાહુની અશુભ અસર ધોવાઈ જાય છે.

આમ ઉપરોક્ત કારણો કુંડળીમાં માલૂમ પડે તો તેનો નીચે મુજબ યથાયોગ્ય ઈલાજ કરી શકાય.

(૧) કુંડળીમાં શનિ ચંદ્રની યુતિ બનતી હોય તો ચંદ્રનું મોતી ૪થી ૭।। કેરેટનું ચાંદીમાં મઢાવી ટચલી આંગળીમાં પહેરી શકાય.

(૨) ગુરુ રાહુની યુતિ થતી હોય તો ગુરુના જાપ અને પૂજા તથા રાહુના મંત્રજાપ-અર્ચના વિગેરે કરવાથી ચાંડાલ યોગની અસર નાબૂત થાય છે.

(૩) ખાસ કરીને ધનેશ (દ્વિતીયેશ) અને સમમેષ કુંડળીમાં મારક બને છે તેથી તે સ્થાન (બીજું અને સાતમું)ના સ્વામીના નંગ સામાન્ય રીતે ન પહેરાય.

(૪) શનિ અવરોધજનક બનતો હોય તો શનિદેવ અથવા હનુમાનજીની પૂજાઅર્ચના-હનુમાન ચાલીસા, તેલ-અડદ સિંદૂર-આંકડાની માળા વિગેરે ઈલાજ કરવા.

(૫) મંગળ અવરોધજનક બનતો હોય તો મંગળની સ્તુતિ, મંગળના જાપ, મંગળનું દાન વિગેરે દેવું.

(૬) દાંપત્યનો કારક શુક્ર કોઈ રીતે દુઃષિત થતો હોય તો શુક્રના જાપ મંત્ર દાન, સૌભાગ્યવતી સ્ત્રીને જમાડ તથા તેને સફેદ વસ્ત્રનું દાન વિગેરે આપી શુક્રદેવને રિઝવી શકાય.

(૭) જો પિતૃદોષ બનતો હોય તો નારાયણબલિની વિધિ કરાવીને પિતૃઓને તૃપ્ત કરી શકાય. તેમ કરવાથી તેમના આશીર્વાદ મળે અને આપણું કામ પાર પડે.

આમ નડતા ગ્રહનું શાંતિકર્મ કર્યા બાદ હવે ઘરમાં

સંશોધન વિભાગ

'શરણાઈના સૂર' ક્યારે સંભળાશે તે જાણવાની ઈન્તેજારી વધી જાય તે સ્વાભાવિક છે. તો તે જાણવા માટે નીચે દર્શાવ્યા મુજબ ગણતરી મૂકી જુઓ...

(૧) હવે નજીકના ભવિષ્યમાં શુક્રની દશા-અંતર્દશા ક્યારે આવે છે (મોટે ભાગે વિંશોત્તરી જ લ્યો) તે જુઓ.

(૨) સમમેષની દશા-અંતર્દશાનો પણ અંદાજ કાઢો.

(૩) સમમેષ કે શુક્રના નક્ષત્ર પતિની દશા અંતર્દશા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

(૪) સમમેષની નવમાંશપતિનો નક્ષત્રપતિ કોણ બને છે તે ગ્રહની દશા પણ મહત્ત્વની ગણવી.

(૫) સમમેષ નવમાંશ કુંડળીમાં કઈ રાશિમાં છે તે જુઓ. તે રાશિ કે તેનાથી પાંચમી કે નવમી રાશિ મુજબ ગોચર ગુરુનું તે નવમાંશમાં ભ્રમણ શાદી-લગ્નના યોગ કરે. દા.ત. નવમાંશ કુંડળીમાં ગુરુ મેષ રાશિમાં છે તો મેષ સિંહ કે ધન નવમાંશમાં (ભલે પછી ગુરુ કોઈ પણ રાશિમાં ભ્રમણ કરતો હોય) ભ્રમણ કરે ત્યારે જાતકના લગ્ન થાય.

(૬) જ્યારે ગોચર ગુરુ જન્મના ગુરુ સાથે દ્રષ્ટિ સંબંધ બાંધે અથવા ચંદ્ર કુંડળીમાં સાતમે તથા સમમેષને જુએ ત્યારે લગ્નની શક્યતા પ્રબળ બને છે.

(૭) જન્મકુંડળીમાં ૭મા ભાવમાં જે રાશિ છે તે જ રાશિ વર્ષફળ કુંડળીમાં પ્રથમ ભાવમાં આવે

(અનુસંધાન પાનુ-૨૪૦)

ક્રિકેટ અને જ્યોતિષ

સંશોધન વિભાગ

લેખક : શ્રી શાંતિલાલ ના. ઠક્કર

'પુષ્પમ્', ૨-ભૈરવનગર, ભાગ-૨, વ્રજવિહાર ટેનામેન્ટ પાસે, પાટણ-૩૮૪૨૬૫ (ઉ. ગુ.). મો.- ૯૮૨૪૯૫૩૪૬૩.

જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ કયાં ગ્રહ, રાશિઓ, સ્થાનો અને યોગો ક્રિકેટરોને સફળતાના શિખરે પહોંચાડે છે તેની ઉદાહરણ સહિત ચર્ચા કરવામાં આવી છે. આશા છે કે વાચક વર્ગને આ લેખ જરૂર ગમશે.

આજકાલ લોકો ક્રિકેટની પાછળ ગાંડા બન્યા છે. નાના બાળકથી શરૂ કરી મોટી ઉંમરના વૃદ્ધો સુધી તમામ લોકો ચોરે ને ચૌટે ક્રિકેટની ચર્ચા કરતા જોવા મળે છે. ક્રિકેટની મૅચ ચાલતી હોય ત્યારે લોકો એકી ટશે ટીવી સામે બેસીને મૅચને નિહાળતા હોય છે. આજે આપણે ક્રિકેટના ક્ષેત્રે સફળતા માટે કયા ગ્રહો - કયાં સ્થાનો તથા કેવા યોગોનું મહત્ત્વ છે તેનું દર્શન કરીશું.

ક્રિકેટ માટે ૩-૬-૭-૧૧ અને પંચમ સ્થાનનું વિશેષ મહત્ત્વ છે. તૃતીય સ્થાન સાહસ - પરાક્રમ - પુરુષાર્થ - અભિરૂચિનું સ્થાન છે. આ સ્થાને સ્થિત ગ્રહ ભાગ્યસ્થાને દૃષ્ટિ કરે છે. સાહસ વિના સિદ્ધિ મળતી નથી.

છઠ્ઠું સ્થાન સ્પોર્ટ્સનું છે. સ્પર્ધામાં હાર કે જીત તે છઠ્ઠા સ્થાનથી જોવાય છે. શત્રુ પર પ્રતિસ્પર્ધી પર વિજય મળશે કે કેમ તે પણ છઠ્ઠા સ્થાન પરથી જોવામાં આવે છે. છઠ્ઠું સ્થાન યુદ્ધનું સ્થાન છે. યુદ્ધમાં વિજય કે પરાજય તેનું દર્શન છઠ્ઠું સ્થાન કરાવે છે. ક્રિકેટ પણ એક સંગ્રામ છે.

૭મું સ્થાન પણ પ્રતિપક્ષનું સ્થાન છે. તેમ જ તૃતીય સ્થાનનું ત્રિકોણ સ્થાન છે. ૭મે સ્થિત ગ્રહ લગ્ને દૃષ્ટિ કરે છે.

૧૧મું સ્થાન છઠ્ઠાથી છઠ્ઠું હોઈ ભાવાત ભાવમ્‌ના સિદ્ધાંત મુજબ છઠ્ઠા સ્થાનનું પૂરક સ્થાન છે. તૃતીય સ્થાનનું ત્રિકોણ સ્થાન છે તેથી તૃતીય સ્થાનનું પણ સહાયક સ્થાન છે. લાભસ્થાન યશ-કીર્તિ - આશા - આકાંક્ષા - ઇચ્છાપૂર્તિ વ.નું નિર્દેશન કરે છે. ૧૧મે સ્થિત ગ્રહ પાંચમે દૃષ્ટિ કરે છે.

પંચમસ્થાનને પણ રમતગમત સાથે સંબંધ છે. પાંચમે સ્થિત ગ્રહ લાભસ્થાને દૃષ્ટિ કરે છે.

રાશિમાં ધનુરાશિને મેદાની રમતો સાથે સીધો સંબંધ છે. તેથી ધનુ રાશિ તથા તેના ત્રિકોણમાં આવતી મેષ-સિંહ રાશિઓનું મહત્ત્વ રમતગમત માટે વધી જાય છે.

ગ્રહોનો વિચાર કરીએ તો સૌથી વિશેષ મહત્વ મંગળનું છે કારણ તે સ્પોર્ટ્સ-રમતનો કારક છે.

મંગળ સાહસ - પરાક્રમ - પુરુષાર્થ - પ્રહારશક્તિ હિંમત - સંગ્રામનો કારક છે. ત્રીજા અને છઠ્ઠા ભાવનો કારક છે. મંગળ ઉપરાંત ગુરુ અને શનિનું પણ મહત્વ છે. પરંતુ મંગળનું મહત્ત્વ વિશેષ છે. જગતના મોટા ભાગના ક્રિકેટરોમાં મેષ-મકર-સિંહ - ધનુ કે વૃશ્ચિકનો મંગળ હોય અથવા લગ્ને - ત્રીજે - છઠ્ઠે - સાતમે - અગિયારમે - પાંચમે સ્થાને મંગળ હોય કે આ સ્થાનો પર મંગળ દૃષ્ટિ કરતો હોય તેવું જોવા મળેલ છે.

ભારતના ભૂતપૂર્વ કપ્તાન, વિશ્વકપ વિજેતા અને ઑલરાઉન્ડર ક્રિકેટર કપિલ દેવને સાતમા સ્થાને મેષનો મંગળ છે.

ભારતના ઓપનિંગ બૅટ્સમેન અને વિરોધીઓના છક્કા છોડાવનાર શ્રીકાંતને પણ મેષનો મંગળ છે.

ઇ.સ. ૧૯૭૧માં વેસ્ટ ઇન્ડિઝ અને ઇંગ્લેન્ડને તેમની જ ધરતી પર ધરાશાયી કરનાર અજિત વાડેકરને મકરનો ઉચ્ચનો મંગળ છે.

સુનીલ ગાવસ્કરની કુંડલીમાં મંગળ અન્યો અન્ય થકી ઉચ્ચનો થયેલો જોવા મળે છે.

લિટલ માસ્ટર સચીન તેન્ડુલકરને મકરનો ઉચ્ચનો મંગળ છે.

મિસ્ટર વોલ તરીકે જાણીતા બનેલા રાહુલ દ્રાવિડને વૃશ્ચિકનો સ્વગૃહી મંગળ છે.

સૌરવ ગાંગુલીને ત્રીજે મંગળ છે. શ્રીનાથને લગ્ને મંગળ છે. અનિલ કુંબલેની કુંડલીમાં મંગળ ષષ્ઠેશ બનીને લાભસ્થાને બેઠા છે. વિરેન્દ્ર સહેવાગની કુંડલીમાં લાભેશ મંગળ સ્થાન બલિ થઈને દશમા સ્થાને સ્થિત થઈ લગ્ને દૃષ્ટિ કરે છે. છ બૉલમાં છ સિક્સર ફટકારનાર ડાબોડી બૅટધર યુવરાજની કુંડલીમાં યોગકારક શનિની યુતિમાં પંચમસ્થાને સ્થિત મંગળ પોતાના રાશિ સ્વામી અને સપ્તમ સ્થાને સ્થિત એવા બુધના પરિવર્તન યોગમાં છે.

કર્નલ સી. કે. નાયડુને વૃશ્ચિકનો સ્વગ્રહી મંગળ છે. વિશ્વપ્રસિદ્ધ બૅટ્સમેન બ્રેડમેનને પંચમસ્થાને સિંહનો મંગળ લગ્નેશ થઈને બેઠો છે અને લાભ સ્થાને દૃષ્ટિ કરે છે. ટૂંકમાં મોટા ભાગના ક્રિકેટરોની કુંડલીમાં તેમની સફળતાનું રહસ્ય મંગળ હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે.

ક્રિકેટની બાબતોના રહસ્યને જાણવા માટે કેટલાક જાણીતા ખેલાડીઓની કુંડલીઓનું અધ્યયન રસપ્રદ હોઈ તે નીચે દર્શાવિલ છે.

(૧) કપિલ દેવ :

જ. તા. ૬-૧-૧૯૫૯ જ.સ. સવારે ૨.૩૪.

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૭	૯	૮	૧	૯	૮	૧૦	૯	૬	૧૨

વિશ્વકપ વિજેતા કપિલ દેવની કુંડલીનું અંતરદર્શન કરતાં જણાય છે કે તમામ ગ્રહોની શક્તિ મંગળમાં ટ્રાન્સફર થાય છે. ચંદ્ર મંગળની રાશિ વૃશ્ચિકમાં છે, સૂર્ય-બુધ-શનિ-કેતુનો રાશિ સ્વામી ગુરુ મંગળની રાશિ વૃશ્ચિકમાં છે, શુક્રનો રાશિ સ્વામી શનિ છે અને શનિનો રાશિ સ્વામી ગુરુ મંગળની રાશિ વૃશ્ચિકમાં છે, રાહુના રાશિ સ્વામી બુધનો રાશિ સ્વામી ગુરુ મંગળની રાશિ વૃશ્ચિકમાં છે. આમ તમામ ગ્રહોની શક્તિ મંગળમાં ટ્રાન્સફર થાય છે જ્યારે મંગળ મેષમાં સ્વગૃહી હોઈ મંગળની શક્તિ કોઈ ગ્રહમાં ટ્રાન્સફર થતી નથી અને તમામ ગ્રહોની શક્તિ મંગળમાં એકત્રિત થાય છે. નવમાંશમાં પણ મંગળ સ્વનવમાશમાં - વૃશ્ચિકમાં છે. ટૂંકમાં કપિલ દેવની કુંડલીમાં મંગળ પ્રબળ થઈને સપ્તમ સ્થાને સ્થિત થયો છે અને લગ્ને દૃષ્ટિ કરે છે. કપિલ દેવને સફળતાના શિખરે પહોંચાડવામાં આ મંગળનું મોટું યોગદાન છે. કપિલ દેવમાં જોવા મળતા જોમ-જુસ્સા અને સાહસિકતાનું કારણ પણ મંગળ છે.

કપિલદેવની તુલા લગ્નની કુંડલીમાં સ્પોર્ટ્સના સ્થાન - છઠ્ઠા સ્થાનનો સ્વામી ગુરુ કર્મેશ ચંદ્ર સાથે મંગળની રાશિ વૃશ્ચિકમાં સ્થિત થયો છે. ષષ્ઠેશ ગુરુ ઉચ્ચ નવમાંશમાં છે અને છઠ્ઠા સ્થાને દૃષ્ટિ કરે છે. ગુરુની કર્મસ્થાને પણ દૃષ્ટિ પડે છે.

તૃતીય સ્થાને એકાદશેશ સૂર્ય, ભાગ્યેશ બુધ, ચતુર્થેશ - પંચમેશ યોગકારક શનિ બેઠા છે. આ ત્રણે ગ્રહો ભાગ્યસ્થાને દૃષ્ટિ કરે છે. ત્રણે ગ્રહો મેદાની રમતની રાશિ ધનુમાં છે. પંચમેશ શનિની પંચમસ્થાને પણ દૃષ્ટિ છે. ક્રિકેટના ક્ષેત્રે સફળતા પ્રદાન કરતાં તમામ યોગો રચાયા હોઈ કપિલ દેવે અમર નામના મેળવી છે.

(૨) અજિત વાડેકર :

જન્મ તા. ૧-૪-૧૯૪૧

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૯	૧૨	૨	૧૦	૧૧	૧	૧૨	૧	૬	૧૨

મેદાની રમતની રાશિ ધનુ લગ્ને છે. લગ્નેશ ગુરુ પંચમસ્થાને મંગળની રાશિ મેષમાં સ્થિત થઈ ભાગ્યસ્થાને, લાભસ્થાને તથા લગ્ને દૃષ્ટિ કરે છે. ગુરુનો રાશિ સ્વામી મંગળ ઉચ્ચનો છે. તૃતીયેશ શનિ

(અનુસંધાન પાનુ-૨૫૩)

ડૉક્ટર થવાના યોગો

લેખક : શ્રી જયેશ સુમંતરાય રાવલ

૪૦૭, આંગી એપાર્ટમેન્ટ, વરદાન ટાવરની બાજુમાં, પ્રગતિનગર, નારણપુરા, અમદાવાદ-૬૩. મો.- ૯૪૨૬૩૨૩૯૬૯.

વૈદકીયશાસ્ત્ર એટલે આરોગ્યને લગતી બાબતો અને તેના જાણકાર એટલે ડૉક્ટર. ડૉક્ટર બનવા માટે કયા ગ્રહો તેમ જ તેથી થતા યોગો મદદરૂપ થાય છે તેના કેટલાક નિયમોની છણાવટ ઉદાહરણ સહિત કરેલ છે.

વેદાંગમાં નેત્રરૂપી જ્યોતિષશાસ્ત્ર હંમેશાં કારકિર્દીના માર્ગદર્શન માટે દીવાદાંડી સમાન રહ્યું છે. પોતાનું બાળક કયા ક્ષેત્રના અભ્યાસમાં સફળતા મેળવશે તેની જિજ્ઞાસા દરેક માતા-પિતાને રહે છે. અહીં મેડિકલ પ્રેક્ટિસનર (ડૉક્ટર) બનવા માટે કેવા ગ્રહયોગ હોવા જોઈએ તેની મિમાંસા કરવામાં આવી છે. મેડિકલ સાયન્સ એટલે તબીબી (શરીરના આરોગ્યને લગતી) સારવારની જાણકારી આપતું વિજ્ઞાન. આ આરોગ્ય શાસ્ત્રના નિષ્ણાતને તબીબ, હકીમ, વૈદ્ય કે ડૉક્ટર કહેવાય. આમ, મેડિકલ સાયન્સનું મૂળ આયુર્વેદ શાસ્ત્રમાં છે અને આયુર્વેદ એ ઋગ્વેદનો ઉપવેદ છે. જ્યોતિષ એ વેદાંગ ગણાય છે. સનાતન ધર્મ સાહિત્યની ૧૮ વિદ્યાઓ પૈકીના આયુર્વેદ અને જ્યોતિષ બન્નેનો સમાવેશ વેદોમાં થયેલો છે. જ્યોતિષશાસ્ત્રમાં રોગનિદાનની જાણકારી આપેલી છે. પહેલાંના સમયમાં આયુર્વેદના જાણકાર ડૉક્ટર પાસે જ્યોતિષનું જ્ઞાન હોવું ફરજિયાત ગણાતું. કારણકે નક્ષત્ર-રાશિ અને ગ્રહોની સ્થિતિના આધારે રોગ નિદાન કરવામાં સરળતા રહેતી. હવે જન્મકુંડળી સ્થિત ગ્રહયોગના આધારે 'મેડિકલ સાયન્સ'માં અભ્યાસ કરવાની તકો અને ડૉક્ટરી વ્યવસાયના પ્રકારો વિશે ચર્ચા કરીએ.

જન્મકુંડળીમાં બીજું ધન સ્થાન સ્થિર આવક તથા વાણીનું છે. છઠ્ઠું સ્થાન રોગ-શત્રુનું છે. બળવાન છઠ્ઠો ભાવ દર્દ નિદાન કરવાની જાણકારી આપે છે. કર્મસ્થાન દશમું છે, જે પ્રેક્ટિસ - સ્થિર વ્યવસાય સૂચવે છે. આ ત્રણ સ્થાનના અધિપતિ ગ્રહોનો યોગસંબંધ તથા વર્ગોત્તમી સ્થિતિ ધરાવતો જાતક ડૉક્ટર બનવાની ક્ષમતા ધરાવે છે.

તે જ રીતે પાંચમું વિદ્યાસ્થાન અને તેનાથી પાંચમું ભાગ્યસ્થાન પ્રબળ હોવું જરૂરી છે. વિદ્યાપ્રાપ્તિનો કારક ગુરુનું બળ પણ વિચારવું. શુક્ર સંજીવની વિદ્યા, ઓજસ અને પ્રભાવ આપે છે. મંગળ છઠ્ઠા રોગ-શત્રુસ્થાનનો કારક ગ્રહ છે. તેનો સંબંધ રક્ત તેમ જ સર્જરી સાથે છે. સૂર્ય આત્માનો કારક છે. ચંદ્ર મનનો કારક છે. ડૉક્ટરમાં આત્મબળ અને મનોબળ મજબૂત હોવા જોઈએ. શનિ સંવેદના સૂચક છે. દર્દના ઊંડાણમાં ઊતરવાની શક્તિ બુધ-શનિ આપે છે. સફળ ડૉક્ટર થવા માટે એકાગ્રતા, ધ્યાન મગ્નતા, દર્દ વિશેનું ઊંડું જ્ઞાન (વિષય નિષ્ણાત) અનિવાર્ય છે.

ગ્રહ		આધિપત્ય
૧. સૂર્ય	-	હાડકાં, પેટ, હૃદય
૨. ચંદ્ર	-	મન, ફેફસાં, સ્ત્રીઓના માનસિક દર્દ
૩. મંગળ	-	લોહી, શારિરીક શક્તિ
૪. બુધ	-	ચામડી, ઉદાસીનતા, આવેગ
૫. ગુરુ	-	મગજ, લીવર, બરોળ, પાચનશિક્ત
૬. શુક્ર	-	ઓજસ, કાંતિ, શ્વેતકણ, જનનેન્દ્રિય, કામશક્તિ
૭. શનિ	-	માંસપેસી, હાડકાંનું પોલાણ, સાંધા, દાંત, વાતપ્રકૃતિ
૮. રાહુ-કેતુ	-	કષ્ટ આપનાર દર્દ, હાર્ટ એટેક, ડાયાબિટીસ

ઉપર મુજબના આધિપત્ય ધરાવતા ગ્રહો પૈકી જે ગ્રહની પ્રબળતા હોય તેના આધારિત બાબતોના ડૉક્ટરના વ્યવસાયમાં સફળતા મળે.

તેવી રીતે વાયુતત્ત્વની રાશિઓ મિથુન - તુલા - કુંભ પણ મેડિકલ સાયન્સના અભ્યાસ માટે મહત્ત્વની છે.

દશમા કે નવમા સ્થાનના સ્વામી બળવાન થઈ છઠ્ઠે હોય કે છઠ્ઠા સ્થાનનો સ્વામી નવમે કે દશમે હોય તો સારા ડૉક્ટર બની શકાય.

સર્જનની કુંડળીમાં મંગળનો સંબંધ દશમા તથા છઠ્ઠા સ્થાન સાથે થયેલો હોવો જોઈએ, સાથે સાથે સૂર્ય પણ સંબંધિત હોવો જોઈએ.

દશમા સ્થાનનો સ્વામી બીજે હોય કે કર્મેશ સ્વગૃહી હોય તો પિતાનો વારસાગત ડૉક્ટરનો વ્યવસાય સંભાળવો પડે.

સૂર્ય અને મંગળ પોતાના જ નક્ષત્રમાં હોય અથવા પરસ્પરના નક્ષત્રમાં હોય તો ડૉક્ટર થવાની શક્યતા વધી જાય છે. (સૂર્યનાં નક્ષત્ર - કૃતિકા, ઉ.ફા., પૂ.ષા., ઉ.ષા. તથા મંગળના નક્ષત્ર - મૃગશીર્ષ, ચિત્રા, ધનિષ્ઠા), લગ્નેશ, પંચમેશ, ષષ્ઠેશ, ધનેશ તથા ભાગ્યેશ ગ્રહો પરિવર્તનમાં હોય, યુતિમાં હોય અથવા નવમું - પંચમ કરતા હોય તો ડૉક્ટર લાઈનમાં સફળ થવાય.

ચામડીના ડૉક્ટર થવા માટે બુધનો ષષ્ઠેશ સાથેનો સંબંધ હોવો જરૂરી છે.

આંખના ડૉક્ટર થવા માટે સૂર્ય તથા શુક્રનો બીજા,

સંશોધન વિભાગ

છઠ્ઠા અને દશમા સ્થાન સાથેનો સંબંધ થયો હોવો જોઈએ.

ગાયનેક બનવા માટે ચંદ્ર, મંગળ, શુક્રનો બે, છ અને દશમા સ્થાનના અધિપતિ સાથે સંબંધ થવો જરૂરી ગણાય.

હૃદયરોગના નિષ્ણાત થવા માટે સૂર્ય, ચંદ્ર, મંગળ, રાહુની સ્થિતિ બે, છ, દશમા સ્થાન સંબંધિત થવી જરૂરી છે.

બાળકોના નિષ્ણાત થવા માટે ગુરુ પ્રબળ હોવો જરૂરી છે. જ્યારે દાંતના રોગના નિષ્ણાત થવા માટે ધનસ્થાન, છઠ્ઠુંસ્થાન તથા કર્મસ્થાન સાથે શનિનો સંબંધ થયો હોવો જોઈએ.

ઉપરના સ્થાનો સાથે બુધ, ગુરુ અને સૂર્યની સ્થિતિ યોગકારક હોય તો સરકારી ડૉક્ટર, ફિઝિશિયન, મેડિકલ ઑફિસર તથા મેડિકલ કૉલેજમાં લેક્ચરર બની શકાય.

પોતાની સ્વતંત્ર હૉસ્પિટલ શરૂ કરવા માટે ચતુર્થ સ્થાનનો સ્વામી બળવાન હોવો જોઈએ. ચોથા સ્થાનના કારક ગ્રહો ચંદ્ર અને બુધ પણ પ્રબળ હોવા જોઈએ.

ઉપરની વિગતોનો અભ્યાસ નીચે મુજબની દૃષ્ટાંત કુંડળી સાથે કરીએ:

(૧) દાંતના ડૉક્ટર (જ. તા. ૧૬/૧૨/૧૯૭૪)

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.
૫	૯	૧૦	૮	૮	૧૧	૯	૩	૮	૨

આ કુંડળીમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી શનિ લાભસ્થાને છે, જે કર્મેશ શુક્ર સાથે દૃષ્ટિયોગ કરે છે. સૂર્ય-શનિનો યોગ ડેન્ટલ સર્જન બનાવે છે. ષષ્ઠેશ શનિ વાયુતત્ત્વની મિથુન રાશિમાં છે.

(અનુસંધાન પાનુ-૨૩૬)

સંતાનસુખમાં બાધક બનતા યોગો

લેખક : પં. શૈલેષ કે. મહેતા
૪૪૪, જલારામ નગર, ગુજ. હા. બોર્ડ, ગણેશપુરા (અમરોલી), સુરત.
મો.- ૯૨૨૮૪૮૨૭૧૭, ૯૭૨૫૨૮૬૫૩૩.

નાડીદોષ ન હોવા છતાં સંતાનસુખથી વંચિત રહેલ યુગલની કુંડળીમાં કયા યોગો ભાગ ભજવે છે તે ઉદાહરણ સહિત સમજાવવાનો લેખકે પ્રયત્ન કર્યો છે.

સંશોધન વિભાગ

આપણે જાણીએ છીએ કે અત્યારે સામાન્ય રીતે કુંડળી મેળાપક કરાવી ગુણાંકને ધ્યાનમાં લઈ યુવક-યુવતીના લગ્ન અંગે નિર્ણય કરાય છે. મેળાપકમાં જ્યોતિષીઓ રાશીમેળ, નાડીદોષ તથા મંગળદોષ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. કેટલાક આથી આગળ વધીને ગણ પણ જોવે છે. આ સિવાય કુંડળીના અશુભ યોગો ઉપર વિશેષ ધ્યાન (જરૂર કરતાં વધારે) આપવામાં આવે છે. આમ છતાં જો દંપતીને સંતાનસુખ પ્રાપ્ત ન થાય તો દોષ કોનો ! કુંડળી મેળાપકમાં જો નાડીદોષ હોય તો સંતાનપ્રાપ્તીમાં વિલંબતા કે ખોડ-ખાંપણવાળા સંતાન જન્મે કે સંતાનવિહિન રહે તેમ નાડીદોષનું ફળ જાણવા મળે છે. છતાં **નાડીદોષ ન હોવા છતાં જાતકને સંતાનવિહિન જીવન જીવવું પડે છે ને 'પથ્થર એટલા દેવ'** કરવા પડે છે. જેમાં આપણી જ્યોતિષીઓની પણ જવાબદારી બને છે. માનવસહજ ભૂલ સ્વીકારી લઈએ તોપણ કુંડળી મેળાપક વખતે ગ્રહોનો પૂર્ણ અભ્યાસ કરી નિર્ણય આપવો જોઈએ તેવું મારું માનવું છે.

સંતાનવિહિનતા - અનુભવેલા મુદ્દા

૧. પંચમેશ મૃત અવસ્થા, અસ્ત, નીચ રાશીનો હોય.
૨. પાંચમે રાહુ, સૂર્ય કે મંગળ જેવા પાપ ગ્રહ હોય.
૩. પાંચમા ભાવ ઉપર શનિની દૃષ્ટિ હોય.
૪. પંચમેશ પાપકતરી યોગમાં હોય.
૫. પાંચમા ભાવનો કારક ગુરુ નિર્બળ બનતો હોય.
૬. ગુરુ પાપકતરી યોગમાં, શત્રુ રાશી કે પાપ ગ્રહ સાથે યુતિ કે પ્રતિયુતિ કરતો હોય.
૬. ગુરુ પાપકતરી યોગમાં, શત્રુ રાશી કે પાપ ગ્રહ સાથે યુતિ કે પ્રતિયુતિ કરતો હોય. અશુભ સ્થાનના માલિક સાથે પરિવર્તન હોય.
૭. પંચમેશ બનતા ગ્રહનું અશુભ સ્થાનના માલિક સાથે પરિવર્તન હોય. ભાવફળનો નાશ કરતો હોય.
૮. કારક ગ્રહ ગુરુ પાંચમે રહી ભાવફળનો નાશ કરતો હોય.
૯. લગ્નેશ નપુસંક ગ્રહ ગણાતા બુધ કે શનિ બનતા હોય.
૧૦. અગિયારમાં ભાવમાં શુભ ગ્રહ ન હોય.
૧૧. જન્કમકુંડળી, ચંદ્રકુંડળી તથા ગુરુથી પાંચમા ભાવે પાપ ગ્રહ હોય.
૧૨. પાંચમે મંગળ સ્ત્રીને ગર્ભપાત કરાવે છે. શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો ગર્ભપાત થવા છતાં સંતાન આપે છે.
૧૩. પાંચમા ભાવે વંધ્ય રાશિ મેષ, મિથુન કે સિંહ હોય કે પંચમેશ તે રાશિમાં હોય.
૧૪. સૂર્ય-શનિની યુતિ પણ આંશિક જવાબદાર છે.

અહીં કેટલીક કુંડળીની ચર્ચા કરું છું.

નાડીદોષ નથી છતાં સંતાનસુખથી વંચિત મેળાપક કુંડળી નં.૧

પતિ :- જન્મ તારીખ : ૧૦-૧૧-૧૯૭૫, સમય : ૨૨-૧૫, સ્થળ : જંબુસર, નક્ષત્ર : ધનિષ્ઠા (૧) મધ્ય નાડી.

પત્ની :- જન્મ તારીખ : ૨૩-૧૦-૧૯૭૬, સમય : ૨૧-૩૦, સ્થળ : જંબુસર, નક્ષત્ર : સ્વાતિ. (૨) અંત્ય નાડી.

જાતક	વિગત	લગ્ન	સૂ.	ચં.	મં	બુ.	ગુ.	શુ.	શનિ	રા.	કે.
પતિ	લગ્ન કુંડળી	૩	૭	૧૦	૩	૭	૧૨	૬	૪	૭	૧
	સપ્તમાંશ કુંડળી	૯	૧૨	૯	૫	૧૦	૧૧	૧	૧૨	૧	૭
	નવમાંશ કુંડળી	૩	૨	૫	૯	૧૧	૧૦	૧૨	૬	૩	૯
પત્ની	લગ્ન કુંડળી	૩	૭	૭	૭	૬	૨	૮	૪	૭	૧
	સપ્તમાંશ કુંડળી	૩	૮.	૧૦	૧૦	૬	૯	૪	૩	૯	૩
	નવમાંશ કુંડળી	૭	૯	૧૦	૧૧	૬	૧૧	૭	૧૦	૧૦	૪

વિવરણ :

૧. પતિને મધ્ય નાડી તથા પત્નીને અંત્ય નાડી છે. નાડીદોષ થતો નથી.
૨. મેળાપક ગુણ ૨૭ છે.
૩. બન્નેના લગ્નાધિપતિ બુધ (મિથુન લગ્ન) છે.
૪. પતિને દેહસ્થાને મંગળ છે. સાતમા-આઠમા ભાવે દૃષ્ટિ. ચલીતમાં બારામા ભાવે જાય છે. પત્નીને મંગળદોષ નથી.
૫. લગ્ન તારીખ ૦૩-૦૯-૧૯૯૬ એ થયા.
૬. જાન્યુઆરી, ૨૦૦૯ સુધી સંતાન થયા નથી.

અભ્યાસ :-

ફક્ત મેળાપક ગુણ જોઈને લગ્ન થયા હોય તેવું લાગે છે.

★ પુરુષની લગ્નકુંડળીમાં પંચમેશ શુક્ર બને છે. જે ચોથા ભાવમાં નીચનો છે. પાંચમા ભાવમાં બુધ, રાહુ અને નીચત્વ પ્રાપ્ત કરતો સૂર્ય છે. પાંચમા ભાવનો કારક ગુરુ દશમા ભાવે સ્વગૃહિ થઈ પંચમેશ શુક્ર ઉપર દૃષ્ટિ કરે છે. જે એક શુભ બાબત છે. પંચમેશ શુક્ર ઉપર મંગળની દૃષ્ટિ છે.

★ પુરુષની નવમાંશ કુંડળીમાં પંચમેશ શુક્ર બને છે ને ઉચ્ચનો બને છે. છતાં શનિ-મંગળની દૃષ્ટિમાં છે. શુક્ર પોતાના પંચમભાવ સાથે ષડાષ્ટક કરે છે.

ડૉક્ટર થવાના યોગો

લેખક : શ્રી જયેશ સુમંતરાય રાવલ
૪૦૭, આંગી એપાર્ટમેન્ટ, વરદાન ટાવરની બાજુમાં, પ્રગતિનગર, નારણપુરા, અમદાવાદ-૬૩. મો.- ૯૪૨૬૩૨૩૯૬૯.

વૈદકીયશાસ્ત્ર એટલે આરોગ્યને લગતી બાબતો અને તેના જાણકાર એટલે ડૉક્ટર. ડૉક્ટર બનવા માટે કયા ગ્રહો તેમ જ તેથી થતા યોગો મદદરૂપ થાય છે તેના કેટલાક નિયમોની છણાવટ ઉદાહરણ સહિત કરેલ છે.

વેદાંગમાં નેત્રરૂપી જ્યોતિષશાસ્ત્ર હંમેશાં કારકિર્દીના માર્ગદર્શન માટે દીવાદાંડી સમાન રહ્યું છે. પોતાનું બાળક કયા ક્ષેત્રના અભ્યાસમાં સફળતા મેળવશે તેની જિજ્ઞાસા દરેક માતા-પિતાને રહે છે. અહીં મેડિકલ પ્રેક્ટિસનર (ડૉક્ટર) બનવા માટે કેવા ગ્રહયોગ હોવા જોઈએ તેની મિમાંસા કરવામાં આવી છે. મેડિકલ સાયન્સ એટલે તબીબી (શરીરના આરોગ્યને લગતી) સારવારની જાણકારી આપતું વિજ્ઞાન. આ આરોગ્ય શાસ્ત્રના નિષ્ણાતને તબીબ, હકીમ, વૈદ્ય કે ડૉક્ટર કહેવાય. આમ, મેડિકલ સાયન્સનું મૂળ આયુર્વેદ શાસ્ત્રમાં છે અને આયુર્વેદ એ ઋગ્વેદનો ઉપવેદ છે. જ્યોતિષ એ વેદાંગ ગણાય છે. સનાતન ધર્મ સાહિત્યની ૧૮ વિદ્યાઓ પૈકીના આયુર્વેદ અને જ્યોતિષ બન્નેનો સમાવેશ વેદોમાં થયેલો છે. જ્યોતિષશાસ્ત્રમાં રોગનિદાનની જાણકારી આપેલી છે. પહેલાંના સમયમાં આયુર્વેદના જાણકાર ડૉક્ટર પાસે જ્યોતિષનું જ્ઞાન હોવું ફરજિયાત ગણાતું, કારણકે નક્ષત્ર-રાશિ અને ગ્રહોની સ્થિતિના આધારે રોગ નિદાન કરવામાં સરળતા રહેતી. હવે જન્મકુંડળી સ્થિત ગ્રહયોગના આધારે 'મેડિકલ સાયન્સ'માં અભ્યાસ કરવાની તકો અને ડૉક્ટરી વ્યવસાયના પ્રકારો વિશે ચર્ચા કરીએ.

જન્મકુંડળીમાં બીજું ધન સ્થાન સ્થિર આવક તથા વાણીનું છે. છઠ્ઠું સ્થાન રોગ-શત્રુનું છે. બળવાન છઠ્ઠો ભાવ દર્દ નિદાન કરવાની જાણકારી આપે છે. કર્મસ્થાન દશમું છે, જે પ્રેક્ટિસ - સ્થિર વ્યવસાય સૂચવે છે. આ ત્રણ સ્થાનના અધિપતિ ગ્રહોનો યોગસંબંધ તથા વર્ગોત્તમી સ્થિતિ ધરાવતો જાતક ડૉક્ટર બનવાની ક્ષમતા ધરાવે છે.

તે જ રીતે પાંચમું વિદ્યાસ્થાન અને તેનાથી પાંચમું ભાગ્યસ્થાન પ્રબળ હોવું જરૂરી છે. વિદ્યાપ્રાપ્તિનો કારક ગુરૂનું બળ પણ વિચારવું. શુક્ર સંજીવની વિદ્યા, ઓજસ અને પ્રભાવ આપે છે. મંગળ છઠ્ઠા રોગ-શત્રુસ્થાનનો કારક ગ્રહ છે. તેનો સંબંધ રક્ત તેમ જ સર્જરી સાથે છે. સૂર્ય આત્માનો કારક છે. ચંદ્ર મનનો કારક છે. ડૉક્ટરમાં આત્મબળ અને મનોબળ મજબૂત હોવા જોઈએ. શનિ સંવેદના સૂચક છે. દર્દના ઊંડાણમાં ઊતરવાની શક્તિ બુધ-શનિ આપે છે. સફળ ડૉક્ટર થવા માટે એકાગ્રતા, ધ્યાન મગ્નતા, દર્દ વિશેનું ઊંડું જ્ઞાન (વિષય નિષ્ણાત) અનિવાર્ય છે.

ગ્રહ		આધિપત્ય
૧. સૂર્ય	-	હાડકાં, પેટ, હૃદય
૨. ચંદ્ર	-	મન, ફેફસાં, સ્ત્રીઓના માનસિક દર્દ
૩. મંગળ	-	લોહી, શારિરીક શક્તિ
૪. બુધ	-	ચામડી, ઉદાસીનતા, આવેગ
૫. ગુરૂ	-	મગજ, લીવર, બરોળ, પાચનશિક્ત
૬. શુક્ર	-	ઓજસ, કાંતિ, વીર્યકણ, જનનેન્દ્રિય, કામશક્તિ
૭. શનિ	-	માંસપેસી, હાડકાંનું પોલાણ, સાંધા, દાંત, વાતપ્રકૃતિ
૮. રાહુ-કેતુ	-	કષ્ટ આપનાર દર્દ, હાર્ટ એટેક, ડાયાબિટીસ

ઉપર મુજબના આધિપત્ય ધરાવતા ગ્રહો પૈકી જે ગ્રહની પ્રબળતા હોય તેના આધારિત બાબતોના ડૉક્ટરના વ્યવસાયમાં સફળતા મળે.

તેવી રીતે વાયુતત્ત્વની રાશિઓ મિથુન - તુલા - કુંભ પણ મેડિકલ સાયન્સના અભ્યાસ માટે મહત્ત્વની છે.

દશમા કે નવમા સ્થાનના સ્વામી બળવાન થઈ છઠ્ઠે હોય કે છઠ્ઠા સ્થાનનો સ્વામી નવમે કે દશમે હોય તો સારા ડૉક્ટર બની શકાય.

સર્જનની કુંડળીમાં મંગળનો સંબંધ દશમા તથા છઠ્ઠા સ્થાન સાથે થયેલો હોવો જોઈએ, સાથે સાથે સૂર્ય પણ સંબંધિત હોવો જોઈએ.

દશમા સ્થાનનો સ્વામી બીજે હોય કે કર્મેશ સ્વગૃહી હોય તો પિતાનો વારસાગત ડૉક્ટરનો વ્યવસાય સંભાળવો પડે.

સૂર્ય અને મંગળ પોતાના જ નક્ષત્રમાં હોય અથવા પરસ્પરના નક્ષત્રમાં હોય તો ડૉક્ટર થવાની શક્યતા વધી જાય છે. (સૂર્યનાં નક્ષત્ર - કૃતિકા, ઉ.ફા., પૂ.ષા., ઉ.ષા. તથા મંગળના નક્ષત્ર - મૃગશીર્ષ, ચિત્રા, ધનિષ્ઠા), લગ્નેશ, પંચમેશ, ષષ્ઠેશ, ધનેશ તથા ભાગ્યેશ ગ્રહો પરિવર્તનમાં હોય, યુતિમાં હોય અથવા નવમું - પંચમ કરતા હોય તો ડૉક્ટર લાઈનમાં સફળ થવાય.

ચામડીના ડૉક્ટર થવા માટે બુધનો ષષ્ઠેશ સાથેનો સંબંધ હોવો જરૂરી છે.

આંખના ડૉક્ટર થવા માટે સૂર્ય તથા શુક્રનો બીજા, છઠ્ઠા અને દશમા સ્થાન સાથેનો સંબંધ થયો હોવો જોઈએ.

સંશોધન વિભાગ

ગાયનેક બનવા માટે ચંદ્ર, મંગળ, શુક્રનો બે, છ અને દશમા સ્થાનના અધિપતિ સાથે સંબંધ થવો જરૂરી ગણાય.

હૃદયરોગના નિષ્ણાત થવા માટે સૂર્ય, ચંદ્ર, મંગળ, રાહુની સ્થિતિ બે, છ, દશમા સ્થાન સંબંધિત થવી જરૂરી છે.

બાળકોના નિષ્ણાત થવા માટે ગુરુ પ્રબળ હોવો જરૂરી છે. જ્યારે દાંતના રોગના નિષ્ણાત થવા માટે ધનસ્થાન, છઠ્ઠુંસ્થાન તથા કર્મસ્થાન સાથે શનિનો સંબંધ થયો હોવો જોઈએ.

ઉપરના સ્થાનો સાથે બુધ, ગુરુ અને સૂર્યની સ્થિતિ યોગકારક હોય તો સરકારી ડૉક્ટર, ફિઝિશિયન, મેડિકલ ઑફિસર તથા મેડિકલ કૉલેજમાં લેક્ચરર બની શકાય.

પોતાની સ્વતંત્ર હૉસ્પિટલ શરૂ કરવા માટે ચતુર્થ સ્થાનનો સ્વામી બળવાન હોવો જોઈએ. ચોથા સ્થાનના કારક ગ્રહો ચંદ્ર અને બુધ પણ પ્રબળ હોવા જોઈએ.

ઉપરની વિગતોનો અભ્યાસ નીચે મુજબની દૃષ્ટાંત કુંડળી સાથે કરીએ:

(૧) દાંતના ડૉક્ટર (જ. તા. ૧૬/૧૨/૧૯૭૪)

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.
૫	૯	૧૦	૮	૮	૧૧	૯	૩	૮	૨

આ કુંડળીમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી શનિ લાભસ્થાને છે, જે કર્મેશ શુક્ર સાથે દૃષ્ટિયોગ કરે છે. સૂર્ય-શનિનો યોગ ડેન્ટલ સર્જન બનાવે છે. ષષ્ઠેશ શનિ વાયુતત્ત્વની મિથુન રાશિમાં છે.

(અનુસંધાન પાનુ-૨૩૧)

સંતાનસુખમાં બાધક બનતા યોગો

લેખક : પં. શૈલેષ કે. મહેતા

૪૪૪, જલારામ નગર, ગુજ. હા. બોર્ડ, ગણેશપુરા (અમરોલી), સુરત.
મો.- ૯૨૨૮૪૮૨૭૧૭, ૯૭૨૫૨૮૬૫૩૩.

નાડીદોષ ન હોવા છતાં સંતાનસુખથી વંચિત રહેલ યુગલની કુંડળીમાં કયા યોગો ભાગ ભજવે છે તે ઉદાહરણ સહિત સમજાવવાનો લેખકે પ્રયત્ન કર્યો છે.

આપણે જાણીએ છીએ કે અત્યારે સામાન્ય રીતે કુંડળી મેળાપક કરાવી ગુણાંકને ધ્યાનમાં લઈ યુવક-યુવતીના લગ્ન અંગે નિર્ણય કરાય છે. મેળાપકમાં જ્યોતિષીઓ રાશીમેળ, નાડીદોષ તથા મંગળદોષ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. કેટલાક આથી આગળ વધીને ગણ પણ જોવે છે. આ સિવાય કુંડળીના અશુભ યોગો ઉપર વિશેષ ધ્યાન (જરૂર કરતાં વધારે) આપવામાં આવે છે. આમ છતાં જો દંપતીને સંતાનસુખ પ્રાપ્ત ન થાય તો દોષ કોનો! કુંડળી મેળાપકમાં જો નાડીદોષ હોય તો સંતાનપ્રાપ્તીમાં વિલંબતા કે ખોડ-ખાંપણવાળા સંતાન જન્મે કે સંતાનવિહિન રહે તેમ નાડીદોષનું ફળ જાણવા મળે છે. છતાં **નાડીદોષ ન હોવા છતાં જાતકને સંતાનવિહિન જીવન જીવવું પડે છે ને 'પથ્થર એટલા દેવ' કરવા પડે** છે. જેમાં આપણી જ્યોતિષીઓની પણ જવાબદારી બને છે. માનવસહજ ભૂલ સ્વીકારી લઈએ તોપણ કુંડળી મેળાપક વખતે ગ્રહોનો પૂર્ણ અભ્યાસ કરી નિર્ણય આપવો જોઈએ તેવું મારું માનવું છે.

સંતાનવિહિનતા - અનુભવેલા મુદ્દા

૧. પંચમેશ મૃત અવસ્થા, અસ્ત, નીચ રાશીનો હોય.
૨. પાંચમે રાહુ, સૂર્ય કે મંગળ જેવા પાપ ગ્રહ હોય.
૩. પાંચમા ભાવ ઉપર શનિની દૃષ્ટિ હોય.
૪. પંચમેશ પાપકતરી યોગમાં હોય.
૫. પાંચમા ભાવનો કારક ગુરુ નિર્બળ બનતો હોય.
૬. ગુરુ પાપકતરી યોગમાં, શત્રુ રાશી કે પાપ ગ્રહ સાથે યુતિ કે પ્રતિયુતિ કરતો હોય.
૭. પંચમેશ બનતા ગ્રહનું અશુભ સ્થાનના માલિક સાથે પરિવર્તન હોય.
૮. કારક ગ્રહ ગુરુ પાંચમે રહી ભાવફળનો નાશ કરતો હોય.
૯. લગ્નેશ નપુસંક ગ્રહ ગણાતા બુધ કે શનિ બનતા હોય.
૧૦. અગિયારમાં ભાવમાં શુભ ગ્રહ ન હોય.
૧૧. જન્કમકુંડળી, ચંદ્રકુંડળી તથા ગુરુથી પાંચમા ભાવે પાપ ગ્રહ હોય.
૧૨. પાંચમે મંગળ સ્રીને ગર્ભપાત કરાવે છે. શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો ગર્ભપાત થવા છતાં સંતાન આપે છે.
૧૩. પાંચમા ભાવે વંધ્ય રાશિ મેષ, મિથુન કે સિંહ હોય કે પંચમેશ તે રાશિમાં હોય.
૧૪. સૂર્ય-શનિની યુતિ પણ આંશિક જવાબદાર છે.

અહીં કેટલીક કુંડળીની ચર્ચા કરું છું.

નાડીદોષ નથી છતાં સંતાનસુખથી વંચિત મેળાપક કુંડળી નં.૧

સંશોધન વિભાગ

પતિ :- જન્મ તારીખ : ૧૦-૧૧-૧૯૭૫,
સમય : ૨૨-૧૫, સ્થળ : જંબુસર,
નક્ષત્ર : ઘનિષ્ઠા (૧) મધ્ય નાડી.
પત્ની :- જન્મ તારીખ : ૨૩-૧૦-૧૯૭૬,
સમય : ૨૧-૩૦, સ્થળ : જંબુસર,
નક્ષત્ર : સ્વાતિ. (૨) અંત્ય નાડી.

જાતક	વિગત	લગ્ન	સૂ.	ચં.	મં	બુ.	ગુ.	શુ.	શનિ	રા.	કે.
પતિ	લગ્ન કુંડળી	૩	૭	૧૦	૩	૭	૧૨	૬	૪	૭	૧
	સપ્તમાંશ કુંડળી	૯	૧૨	૯	૫	૧૦	૧૧	૧	૧૨	૧	૭
	નવમાંશ કુંડળી	૩	૨	૫	૯	૧૧	૧૦	૧૨	૬	૩	૯
પત્ની	લગ્ન કુંડળી	૩	૭	૭	૭	૬	૨	૮	૪	૭	૧
	સપ્તમાંશ કુંડળી	૩	૮.	૧૦	૧૦	૬	૯	૪	૩	૯	૩
	નવમાંશ કુંડળી	૭	૯	૧૦	૧૧	૬	૧૧	૭	૧૦	૧૦	૪

વિવરણ :

૧. પતિને મધ્ય નાડી તથા પત્નીને અંત્ય નાડી છે. નાડીદોષ થતો નથી.
૨. મેળાપક ગુણ ૨૭ છે.
૩. બન્નેના લગ્નાધિપતિ બુધ (મિથુન લગ્ન) છે.
૪. પતિને દેહસ્થાને મંગળ છે. સાતમા-આઠમા ભાવે દૃષ્ટિ. ચલીતમાં બારામા ભાવે જાય છે. પત્નીને મંગળદોષ નથી.
૫. લગ્ન તારીખ ૦૩-૦૯-૧૯૯૬ એ થયા.
૬. જાન્યુઆરી, ૨૦૦૯ સુધી સંતાન થયા નથી.

અભ્યાસ :-

ફક્ત મેળાપક ગુણ જોઈને લગ્ન થયા હોય તેવું લાગે છે.

★ પુરુષની લગ્નકુંડળીમાં પંચમેશ શુક્ર બને છે. જે ચોથા ભાવમાં નીચનો છે. પાંચમા ભાવમાં બુધ, રાહુ અને નીચત્વ પ્રાપ્ત કરતો સૂર્ય છે. પાંચમા ભાવનો કારક ગુરુ દશમા ભાવે સ્વગૃહિ થઈ પંચમેશ શુક્ર ઉપર દૃષ્ટિ કરે છે. જે એક શુભ બાબત છે. પંચમેશ શુક્ર ઉપર મંગળની દૃષ્ટિ છે.

★ પુરુષની નવમાંશ કુંડળીમાં પંચમેશ શુક્ર બને છે ને ઉચ્ચનો બને છે. છતાં શનિ-મંગળની દૃષ્ટિમાં છે. શુક્ર પોતાના પંચમભાવ સાથે ષડાષ્ટક કરે છે.

★ પુરુષની સપ્તમાંશ કુંડળીમાં મંગળ પંચમેશ બને છે. તથા પંચમ ભાવમાં શુક્ર-રાહુની યુતિ છે.

★ પુરુષની કુંડળીમાં શુક્ર (પંચમેશ) તથા બુધ (ચતુર્થેશ)નું પરિવર્તન છે.

★ સ્ત્રીની લગ્નકુંડળીમાં પંચમેશ શુક્ર બને છે. જે કુંડળીના છઠ્ઠા ખાડાના સ્થાને છે. પંચમ ભાવમાં રાહુ, ચંદ્ર તથા શત્રુ ક્ષેત્રી મંગળ ને નીચત્વ પામતો સૂર્ય છે. પાંચમાનો કારક ગ્રહ ગુરુ બારમા ભાવે રહી શુક્ર ઉપર દૃષ્ટિ કરે છે. પાંચમા ભાવ ઉપર કોઈ પણ શુભ ગ્રહની દૃષ્ટિ નથી.

★ સ્ત્રીની નવમાંશ કુંડળીમાં પંચમેશ શનિ બને છે. જે કુંડળીના ચોથા ભાવમાં સ્વગૃહિ છે. સાથે ચંદ્ર-રાહુ છે. પંચમ ભાવમાં ગુરુ-મંગળ છે. અહીં ગુરુ કારક થઈ ભાવફળનો નાશ કરે છે.

★ સ્ત્રીની સપ્તમાંશ કુંડળીમાં પંચમેશ શુક્ર બને છે, જે બીજા ભાવમાં છે. ને મંગળ-ચંદ્રની દૃષ્ટિમાં છે. સંતાનકારક ગુરુની રાહુ સાથે યુતિ છે. તેમના ઉપર શનિની દૃષ્ટિ છે.

★ સ્ત્રીની કુંડળીમાં શુક્ર (પંચમેશ) તથા મંગળ (ષષ્ઠેશ)નું પરિવર્તન છે.

★ સ્ત્રી-પુરુષ બન્નેની લગ્નકુંડળી, નવમાંશ કુંડળી કે સપ્તમાંશ કુંડળીમાં પંચમભાવ ઉપર ગુરુની દૃષ્ટિ નથી.

★ બન્ને કુંડળીમાં પાંચમા ભાવે રાહુ છે જે સર્પદોષ/પિતૃદોષ કરે છે. રાહુ સાથે સૂર્યની યુતિથી ગ્રહણયોગ થાય છે.

★ બન્ને કુંડળીમાં ચંદ્રથી પાંચમે કોઈ ગ્રહ નથી. પુરુષનો ચંદ્ર કેમદ્રુમ યોગ કરે છે. જ્યારે સ્ત્રીનો ચંદ્ર સૂર્ય, રાહુ, મંગળની પાપકતરી યોગમાં છે.

આ અવલોકન કરતા લાગે છે કે વિધાતા આ દંપતીને સંતાનસુખ આપવાનું ભુલી ગયા છે.

નાડીદોષ નથી છતાં સંતાનસુખથી વંચિત મેળાપક કુંડળી : નં. ૨

પતિ : જન્મ તારીખ : ૦૧-૧૧-૧૯૬૬,
સમય : ૦૫-૩૦, સ્થળ : તલોદા,
નક્ષત્ર : રોહિણી (૨) અંત્ય નાડી.
પત્ની : જન્મ તારીખ : ૧૮-૦૨-૧૯૭૬,
સમય : ૦૫-૧૫, સ્થળ : તલોદા
નક્ષત્ર : ઉત્તર ફાલ્ગુની (૪) આદ્ય નાડી.

વિવરણ :

જાતક	વિગત	લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શનિ	રા.	કે.
પતિ	લગ્ન કુંડળી	૬	૭	૨	૫	૮	૪	૭	૧૨	૧	૭
	સપ્તમાંશ કુંડળી	૬	૧૦	૧૧	૯	૩	૧૨	૯	૬	૬	૧૨
	નવમાંશ કુંડળી	૬	૧૧	૨	૬	૬	૭	૧૦	૪	૭	૧
પત્ની	લગ્ન કુંડળી	૧૦	૧૧	૬	૨	૧૦	૧૨	૧૦	૪	૭	૧
	સપ્તમાં કુંડળ	૪	૧૨	૧	૧	૬	૧૨	૫	૧૦	૧૨	૬
	નવમાંશ કુંડળી	૧૧	૮	૧૨	૫	૧૨	૧૨	૧૧	૫	૧	૭

૧. પતિને અંત્ય નાડી તથા પત્નીને આદ્ય નાડી છે. નાડીદોષ નથી.
૨. મેળાપક ગુણ ૩૧ છે.
૩. પતિની કુંડળી મંગળ દોષવાળી છે.
૪. લગ્ન તારીખ ૧૭-૦૫-૧૯૯૩એ થયા.
૫. જાન્યુઆરી '૦૯ સુધી સંતાન થયા નથી.

અભ્યાસ :

આ બન્ને કુંડળીના મેળાપક ગુણ જોઈને લગ્ન થયા હોય તેવું લાગે છે.

★ પુરુષની લગ્નકુંડળીમાં પંચમેશ શનિ બને છે. જે સાતમા ભાવમાં મૃત અવસ્થાનો છે. પાંચમા ભાવનો કારક ગ્રહ, ગુરુ ઉચ્ચનો થઈ પંચમ ભાવને સાતમી દૃષ્ટિથી જોવે છે, પણ ગુરુ મૃત અવસ્થાનો છે.

★ પુરુષની નવમાંશ કુંડળીમાં પંચમેશ શનિ શત્રુ રાશિમાં મૃત અવસ્થાનો છે. પાંચમા ભવનો કારક ગુરુ-રાહુની યુતિથી અશુભ થયેલ છે.

★ પુરુષની સપ્તમાંશ કુંડળીમાં પંચમેશ શનિ બને છે. જે લગ્ન ભાવે રાહુ સાથે યુતિ કરે છે. પાંચમા ભાવે સૂર્ય છે. પાંચમા ભાવ ઉપર શુભ ગ્રહની દૃષ્ટિ નથી.

★ પુરુષની લગ્નકુંડળી, નવમાંશ કુંડળી તથા સપ્તમાંશ કુંડળીમાં લગ્નેશ બુધ (કન્યા લગ્ન) બને છે. બુધ નપુંસક ગ્રહ છે.

★ સ્ત્રીની લગ્નકુંડળીમાં પંચમેશ શુક્ર બને છે. જે દેહસ્થાને મૃત અવસ્થાનો છે. પાંચમા ભાવે સુખ સ્થાનનો માલિક મંગળ મૃત અવસ્થાનો છે. પાંચમા ભાવનો કારક ગ્રહ ગુરુ કુંડળીમાં ત્રીજા ભાવે મીન રાશિમાં સ્વગૃહી છે, તે પણ મૃત અવસ્થાનો છે.

★ સ્ત્રીની નવમાંશ કુંડળીમાં પંચમેશ બુધ તથા પાંચમા ભાવના કારક ગુરુ ઉપર મંગળની દૃષ્ટિ છે.

★ સ્ત્રીની સપ્તમાંશ કુંડળીમાં પંચમેશ મંગળ બને છે. જે કુંડળીના દશમા ભાવે સ્વગૃહી છે. ને પાંચમા ભાવ સાથે ષડાષ્ટક કરે છે. મંગળ પણ મૃત અવસ્થાનો છે. લગ્નેશ ચંદ્રની મંગળ સાથે યુતિ છે. પાંચમા ભાવનો કારક ગુરુ પાપકતરી યોગમાં છે.

★ પુરુષની કુંડળીમાં ચંદ્રથી પાંચમે કોઈ ગ્રહ નથી. સ્ત્રીની કુંડળીમાં ચંદ્રથી પાંચમે બુધ-શુક્રની યુતિ છે. જે બન્ને ગ્રહ મૃત અવસ્થાના છે.

★ પુરુષની કુંડળીમાં લગ્નેશ બુધ (કન્યા લગ્ન) તથા સ્ત્રીની કુંડળીમાં લગ્નેશ શનિ (મકર લગ્ન) છે જે બન્ને ગ્રહ, નપુંસક ગ્રહ ગણાય છે.

આ અવલોકન કરતા લાગે છે કે બન્નેની કુંડળીમાં સંતાન માટે ભાગ ભજવતા ગ્રહો મૃત અવસ્થા કે પાપકતરી યોગમાં રહી નિર્બળ બને છે. શેર માટીની ખોટ પુરાય તેમ લાગતું નથી.

નાડીદોષ નથી છતાં સંતાનસુખથી વંચિત મેળાપક કુંડળી નં. ૩

પતિ :- જન્મ તારીખ : ૦૬-૨-૧૯૬૮,
સમય : ૦૪-૨૫, સ્થળ : તલોદા,
નક્ષત્ર : ભરણી (૨) આદ્ય નાડી.
પત્ની : જન્મ તારીખ : ૧૧-૦૨-૧૯૮૨,
સમય : ૧૭-૧૫, સ્થળ : ભરૂચ,
નક્ષત્ર : ઉત્તર ફાલ્ગુની (૪) આદ્ય નાડી.

સંતાનસુખમાં બાધક/ક્રિકેટ અને જ્યોતિષ

જાતક	વિગત	લગ્ન	સૂ.	ચં	મં	બુ.	ગુ.	શુ.	શનિ	રા.	કે.
પતિ	લગ્નકુંડળી	૯	૧૦	૧	૧૧	૧૧	૫	૯	૧૨	૧૨	૬
	સપ્તમાંશ કુંડળી	૧૧	૯	૪	૫	૧	૭	૧	૯	૧૨	૬
	નવમાંશ કુંડળી	૩	૪	૬	૩	૯	૩	૬	૮	૧૨	૬
પત્ની	લગ્નકુંડળી	૪	૧૦	૬	૬	૧૦	૭	૯	૬	૩	૯
	સપ્તમાંશ કુંડળ	૧૨	૧૦	૨	૫	૬	૧૦	૩	૬	૯	૩
	નવમાંશ કુંડળી	૭	૬	૧૨	૫	૧૨	૧૧	૯	૬	૩	૯

વિવરણ :

૧. પતિને આદ્ય નાડી અને પત્નીને આદ્ય નાડી છે.
૨. મેળાપક ગુણ ૨૧.૫ છે.
૩. બન્નેના લગ્નાધિપતિ ગુરુ-ચંદ્ર, મિત્ર-સમ છે.
૪. બન્નેની કુંડળીમાં મંગળ દોષકારક બનતો નથી.
૫. લગ્ન તારીખ ૧૫-૦૨-૨૦૦૦એ થયા.
૬. જાન્યુઆરી, ૨૦૦૯ સુધી સંતાન સુખ મળ્યું નથી.

અભ્યાસ :

લગ્ન : કુંડળી મેળાપકના ગુણ, નાડીદોષ તથા મંગળદોષ જોઈને થયા હોય તેમ લાગે છે.
★ પુરુષની લગ્નકુંડળીમાં પંચમેશ મંગળ બને છે. જે કુંડળીના ત્રીજા ભાવે સપ્તમેશ બુધ સાથે છે. પાંચમા
ભાવે અષ્ટમેશ બનતો ચંદ્ર છે. લગ્નેશ ને પાંચમા ભાવનો કારક બનતો ગ્રહ ગુરુની દેહભાવ, પંચમભાવ તથા
પંચમેશ મંગળ ઉપર દૃષ્ટિ છે, જે સંતાનસુખનો નિર્દેશ કરે છે.
★ પુરુષની નવમાંશ કુંડળીમાં પંચમેશ શુક્ર બને છે. જે કુંડળીના ચોથા ભાવમાં પોતાની નીચ રાશિ કન્યામાં
છે ને રાહુની દૃષ્ટિમાં છે. નવમાંશ કુંડળીનો લગ્નેશ સાતમે શત્રુ રાશિમાં છે.
★ લગ્નકુંડળીનો પંચમેશ નવમાશ કુંડળીમાં દેહભાવે ગુરુની સાથે છે. ને નવમાંશ લગ્નેશ બુધની દૃષ્ટિમાં
છે. તે પણ સંતાનસુખ માટે શુભ છે.
★ સપ્તમાંશ કુંડળીમાં પંચમેશ બુધ બને છે. જે કુંડળીના ત્રીજા ભાવમાં છે. સપ્તમાંશ કુંડળીનો લગ્નેશ શનિ
છે. જે મૃત અવસ્થાનો છે. બુધ-શનિ બન્ને નપુંસક ગ્રહ છે.
સપ્તમાંશ કુંડળીમાં ગુરુ નવમા ભાવે રહી દેહભાવ તથા પંચમ ભાવને તથા પંચમેશ બુધ ઉપર દૃષ્ટિ કરે
છે. છતાં અગિયારમાં ભાવે સૂર્ય-શનિની યુતિ ને પંચમ ભાવ ઉપર દૃષ્ટિથી સંતાનપ્રાપ્તિમાં વિલંબ કરાવે
છે તેમ લાગે છે.
★ સ્ત્રીની લગ્નકુંડળીમાં પંચમેશ મંગળ બને છે. જે કુંડળીના ત્રીજા ભાવમાં લગ્નેશ ચંદ્ર ને અષ્ટમેશ શનિ
સાથે છે. પાંચમા ભાવનો કારક ગ્રહ ગુરુ કુંડળીના ચોથા ભાવે છે. પંચમેશ કે પાંચમા ભાવ ઉપર કોઈ પણ
ગ્રહની દૃષ્ટિ નથી. પંચમેશ મૃત અવસ્થાનો છે.
★ સ્ત્રીની નવમાંશ કુંડળીમાં પંચમેશ શનિ બને છે. જે કુંડળીના બારમા ભાવે સૂર્ય સાથે રહી ષડાષ્ટક કરે છે.
નવમાંશ કુંડળીનો લગ્નેશ શુક્ર તથા પાંચમા ભાવ ઉપર રાહુની દૃષ્ટિ છે. પાંચમા ભાવે કારક ગ્રહ ગુરુ છે.
★ સપ્તમાંશ કુંડળીમાં પંચમેશ ચંદ્ર છે, જે કુંડળીના ત્રીજા ભાવે ઉચ્ચનો છે. ચંદ્ર તથા પંચમ ભાવ ઉપર
નીચના ગુરુની દૃષ્ટિ છે.
બન્ને કુંડળીનો અભ્યાસ કરતા લાગે છે કે આરોગ્યની તકલીફ દૂર થતા સંતાનપ્રાપ્તિ થઈ શકે !

ક્રિકેટ અને જ્યોતિષ

(૨૪૯માં પાનાથી ચાલુ)

પંચમ સ્થાને મેષ રાશિમાં લગ્નેશ ગુરુની યુતિમાં છે. મંગળ-શનિ પરિવર્તન યોગમાં છે. ઉચ્ચના મંગળની દૃષ્ટિ લગ્નેશ ગુરુ તેમ જ તૃતીયેશ શનિ પર પડે છે. ઉચ્ચના મંગળની ભાગ્યસ્થાને પણ દૃષ્ટિ પડે છે. ઉચ્ચના મંગળની પોતાની સ્વરાશિ મેષ પર પંચમ સ્થાને દૃષ્ટિ છે. તૃતીયેશ શનિની સપ્તમ સ્થાને, લાભસ્થાને તથા મંગળ પર દૃષ્ટિ પડે છે. મંગળ-શનિ પરસ્પર દૃષ્ટિ યોગમાં છે. છઠ્ઠે ઉચ્ચનો ચંદ્ર, અષ્ટમેશ થઈને બેઠો હોઈ વિપરીત રાજયોગ રચાયો છે. ષષ્ઠેશ શુક્ર ઉચ્ચનો થઈને સ્થાનબલિ બનીને ભાગ્યેશ સૂર્યની સાથે રહીને કર્મસ્થાને દૃષ્ટિ કરે છે. ચોથે શુક્ર પૂર્ણ સ્થાન બળ મેળવે છે. ઉચ્ચનો હોઈ માલવ્ય યોગ રચાયો છે. શુક્ર છઠ્ઠા અને છઠ્ઠાથી છઠ્ઠા ૧૧મા સ્થાનનો સ્વામી બનેલ છે.

કુંડલીના પ્રબળ યોગોના કારણે અજિત વાડેકરે વેસ્ટ ઇન્ડિઝ અને ઇંગ્લેન્ડને ૧૯૭૧માં તેમની જ ધરતી પર હરાવીને અમર કીર્તિ મેળવેલ છે.

(૩) સચીન તેન્ડુલકર :

જન્મ તા. ૨૪-૪-૧૯૭૩

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૬	૧	૯	૧૦	૧૨	૧૦	૧	૨	૯	૩

તૃતીયેશ મંગળ ઉચ્ચનો થઈને પંચમસ્થાને સપ્તમેશ ગુરુ સાથે છે. ગુરુનો નીચભંગ થાય છે. ઉચ્ચના મંગળની ઉચ્ચના સૂર્ય પર દૃષ્ટિ છે તેમ જ લાભસ્થાને પણ દૃષ્ટિ છે. ગુરુની ષષ્ઠેશ શનિ પર દૃષ્ટિ પડે છે. ગુરુની લાભસ્થાને તેમ જ લગ્ને પણ દૃષ્ટિ પડે છે. ષષ્ઠેશ શનિ ભાગ્યસ્થાને રહી લાભસ્થાને, ત્રીજે તથા છઠ્ઠે દૃષ્ટિ કરે છે. લગ્નેશ બુધ સપ્તમસ્થાને રહી લગ્ને દૃષ્ટિ કરે છે. લગ્નેશ બુધના રાશિપતિ ગુરુનો નીચભંગ થતો હોઈ ઉચ્ચ સમાન ફળ આપનાર છે. ચંદ્ર મેદાની રમતની રાશિ ધનુમાં ચતુર્થસ્થાને સ્થાનબલિ થઈને બેઠો છે.

કુંડલીમાં બનેલા ઉપરોક્ત પ્રબળ યોગોના કારણે તમામ રેકર્ડને બ્રેક કરી અનેક નવા રેકર્ડ સ્થાપિત કરી રહેલા સચીન તેન્ડુલકરને હજુ પણ વધુ સફળતા મળી શકે છે.

(૪) વીરેન્દ્ર સહેવાગ :

જન્મ તા. ૨૦-૧૦-૧૯૭૮

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૧૦	૭	૨	૭	૭	૪	૭	૫	૬	૧૨

બેઠેલા મંગળની લગ્ને પોતાની ઉચ્ચ રાશિ પર, ચોથે પોતાની મૂ. ત્રિ. રાશિ મેષ પર તથા પાંચમે સ્થાને સ્થિત સપ્તમેશ ઉચ્ચના ચંદ્ર પર દૃષ્ટિ પડે છે. તૃતીયેશ ગુરુ ઉચ્ચનો થઈને સમીપ સ્થાને હંસયોગ રચીને બેઠો છે અને તેની લાભસ્થાને - લગ્ને તથા ત્રીજે દૃષ્ટિ પડે છે. લાભેશ મંગળ ભાગ્યેશ ષષ્ઠેશ બુધ તેમ જ કર્મેશ - પંચમેશ યોગકારક શુક્રની યુતિમાં કર્મસ્થાને બેઠો છે. યોગકારક ગ્રહ શુક્ર સ્વગ્રહી થઈને કર્મસ્થાને માલવ્ય યોગ રચીને બેઠો છે. શુક્રમાં તમામ ગ્રહોની શક્તિ એકિત્રત થઈ છે. મંગળનો પ્રભાવ શુક્રમાં ભળ્યો છે. મંગળની સાથે રહેલ શુક્રની મંગળની રાશિ મેષ પર દૃષ્ટિ છે. કુંડલીના આ યોગોના કારણે સહેવાગની ક્રિકેટજગતમાં એક એવી ધાક ઊભી થઈ છે કે જ્યાં સુધી સહેવાગ બૅટિંગમાં ચાલુ હોય ત્યાં સુધી વિરોધી ટીમ સતત ભયના ઓઠાં હેઠળ રહે છે.

(૫) રાહુલ દ્રાવિડ :

લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૧૨	૯	૧૨	૮	૯	૯	૯	૨	૯	૩

મંગળ ભાગ્યસ્થાને સ્વગ્રહી થઈને બેઠો છે તેની ત્રીજે દૃષ્ટિ પડે છે. લગ્નેશ ગુરુ કર્મસ્થાને ધનુ રાશિમાં સ્વગ્રહી થઈને હંસયોગ રચીને બેઠો છે. લગ્નેશ ગુરુ, તૃતીયેશ શુક્ર, ષષ્ઠેશ સૂર્ય, સપ્તમેશ બુધ, કર્મસ્થાને મેદાની રમતની રાશિ ધનુમાં બેઠા છે. લાભેશ શનિ તૃતીય સ્થાને છે તેની પંચમ તેમ જ ભાગ્યસ્થાને દૃષ્ટિ છે. શનિ મંગળ પરસ્પર દૃષ્ટિ યોગમાં છે. લગ્નેશ ગુરુની છઠ્ઠા સ્થાને દૃષ્ટિ છે. મંગળ સિવાયના તમામ ગ્રહોની શક્તિ ગુરુમાં એકત્રિત થઈ છે. લગ્નેશ ગુરુ અતિ બળવાન બન્યો છે. ભાગ્યેશ મંગળ પણ સ્વગૃહી હોઈ બળવાન છે. મેદાની રમતની રાશિ ધનુમાં પાંચ ગ્રહોની હાજરી તેમ જ અન્ય યોગોના કારણે રાહુલ દ્રાવિડના પગ ક્રિઝ પર એવા તો ચીટકી રહે છે કે તેને આઉટ કરતાં વિશ્વની કોઈ પણ ટીમને નાકે દમ આવી જાય છે. કુંડલીમાં સર્જાયેલા અદ્ભુત યોગોએ રાહુલ દ્રાવિડને ક્રિકેટજગતનો અડીખમ યોદ્ધો બનાવ્યો છે.

વિકળ ગ્રહની દશા

લેખક : શ્રી ગિરીશ એમ. ભટ્ટ

'વિધાં', ૧૦૬૦, એ-૨, મુનિ ડેરી, ભાવનગર - ૩૬૪૦૦૧.

જન્મકુંડળીમાં બનતા યોગોનું ફળ ક્યારે મળે તે જાણવા દશા-અંતર્દશાનો સહારો લેવો પડે છે. જન્મસમયના વિકળ ગ્રહની દશા-અંતર્દશામાં જાતકને શું ફળ મળશે તે વિશેની માહિતી લેખકે આપી છે.

સંશોધન વિભાગ

અમુક પ્રકારના ગ્રહયોગ સાથે જન્મેલા જાતકોના જીવનમાં જે તે યોગનું ફળ ક્યારે-કયા સમયે ભોગવશે તેની જાણકારી માટે ફળ જ્યોતિષ વિભાગમાં દશા-અંતર્દશા મુખ્ય આધાર તરીકે સ્વીકારાઈ છે. અલબત્ત દશાફળ વિશેના અલગ-અલગ મંતવ્યો છે. આ સંબંધી એકસૂત્રતા નથી. તેથી આ વિષયમાં ગહન અભ્યાસની જરૂર છે. દશા-મહાદશા વિશેના નાના-નાના અભ્યાસો થશે તો જ આ સંબંધી ફળ અંગે એક સર્વાંગી ચિત્ર સમાજ સમક્ષ ઊપસી આવશે અને ફળ જ્યોતિષની સમૃદ્ધિ પણ વધશે.

જ્યોતિષશાસ્ત્રમાં ગ્રહોની સાત અવસ્થાઓ વર્ણવવામાં આવી છે. ગ્રહ જ્યારે શત્રુ-અતિશત્રુ રાશિમાં હોય, પાપયુક્ત હોય ત્યારે દુઃખી-વિકળ ગ્રહ ગણાય છે. આવા ગ્રહ પોતાના કારકત્વ કે ભાવ સંબંધી નાના-મોટા દુઃખ મુશ્કેલીઓ આ દશામાં ભોગવાય છે. જે તે ગ્રહ કયા નક્ષત્રમાં છે અને તે નક્ષત્રનો સ્વામી જો શત્રુ નક્ષત્રમાં હશે કે ખરાબ ભાવનો અધિપતિ થતો હશે તો જ આ ગ્રહનું અશુભફળ તીવ્ર માત્રામાં ભોગવાય છે. જે-તે ગ્રહની મહાદશામાં ભોગવવાના ફળનો દર્દ-રોગનો ઉલ્લેખ કર્યો છે. તે ફળ આપનાર યોગ પ્રબળ હશે તો જ જે તે ફળ દર્દ-રોગ તીવ્ર માત્રામાં ભોગવાય છે.

અનુભવની નોંધના આધારે આ લેખમાં દુઃખી વિકળ ગ્રહની દશામાં શું ફળ ભોગવાય છે, તેની સંશોધાત્મક નોંધ લેખ સ્વરૂપે રજૂ કરી છે. અષ્ટોતરી-વિશોતરી મહાદશામાં ભોગવતાં ફળનો સમન્વય કરી આ નોધ-લેખ તૈયાર કર્યો છે.

કેતુદશા : જન્મ સમયે કેતુ જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય, ત્યારે કેતુની દશામાં કૌટુંબિક પ્રપંચોને લઈને કુટુંબમાં વિવાદ રહે છે. પરિણામે માનસિક વ્યગ્રતા અનુભવાય છે. જીવનસાથીના પ્રશ્નો રહે, સંતાનના પ્રશ્નો રહે છે અથવા તો સંતાનનો વિકાસ થવામાં મુશ્કેલી રહે છે. વ્યવસાય ધંધામાં સ્થિરતા રહે નહીં. તેમાં ખોટ આવે યા દાવપેચનો સામનો કરવો પડે. રાજકારણ સાથે સંકળાયેલા વ્યક્તિઓની પ્રગતિ અવરોધાય અથવા તો તેની યુક્તિઓ નિષ્ફળ જાય છે. વિરોધીઓનો સામનો કરવો પડે છે. સાહિત્યકાર ભાષાવિદને યશ-પ્રતિષ્ઠા મળે નહીં. કુટુંબ વતનથી દૂર રહેવું પડે છે. વ્યસન થાય. વ્યસન ઉપર કાબૂ રાખી શકાય નહીં. શારિરીક તંદુરસ્તીના પ્રશ્નો રહે છે.

શુક્રદશા : જન્મ સમયે શુક્ર જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે શુક્ર દશામાં પોતાના માણસો સાથે અણબનાવ થાય. પરિવારમાં કોઈ સભ્યને મૃત્યુ-તુલ્ય બીમારી ભોગવી પડે છે. પુરુષ જાતકને સ્ત્રી-પત્ની સંબંધી મુશ્કેલી અનુભવવી પડે છે. સામાજિક જીવનમાં યશ, માન, પ્રતિષ્ઠા જળવાય તેવું કામ થાય નહીં. વેપાર-વ્યવસાયમાં ધનની હાનિ અનુભવાય છે, જેને લઈને જીવનમાં અંધકાર અનુભવાય છે. આર્થિક જીવનમાં ઉથલ-પાથલ થાય છે. શુક્ર લાભેશ હશે તો આ દશામાં ધનનું આવાગમન થશે. પ્રેમમાં નિષ્ફળતા અનુભવાય. લાગણી, સ્નેહપ્રેમથી બાંધેલા સંબંધમાં વિશ્વાસઘાત થાય છે. ભોગવિલાસની તીવ્રતા વધે છે. વિદેશયાત્રામાં મુશ્કેલી આવે છે. શરીરની કાંતિનો નાશ થાય છે. પેશાબ-મૂત્રાશય, ગુપ્તરોગ થાય છે. ગૅસ, અપચો, પાચનશક્તિ તથા જ્ઞાનતંતુઓની નબળાઈ દેખાય છે. આંખ-નાક કે સંધિવાનું દર્દ થવાનો યોગ ગણાય છે.

સૂર્યદશા : જન્મસમયે સૂર્ય જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે સૂર્યની દશામાં કૌટુંબિક કલેશ થાય. પિતાનો વૈચારિક કે શારિરીક વિયોગ સહન કરવો પડે. પરિવારથી અલગ થવું પડે છે. અભાવગત દોષને લઈને દૈનિક જીવનમાં પ્રશ્નો ઉદ્ભવે છે જેને લઈને વિપત્તિઓ-મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પડોશી સાથે સંબંધ બગડે છે. પરાક્રમ-હિંમતથી કરેલ કાર્યમાં ઈચ્છિત ધ્યેય-હેતુ હાંસલ કરી શકાય નહીં. સત્તાધારી વ્યક્તિઓનો સહકાર મળે નહીં. જેને લઈને ઈચ્છિત કામ-કાર્ય થઈ શકે નહીં. પ્રવાસ યાત્રામાં મુશ્કેલી રહે છે. આરોગ્ય, કર્મકાંડ, ઉપાય, રાજકારણ સાથે સંકળાયેલ વ્યક્તિ માટે આ દશા નબળી પસાર થાય છે. હૃદય, હાડકા, દાંત, ચામડી, સાંધાઓ, ઘૂંટણ, ઢાંકણીઓ સંબંધી રોગ થવાની સંભાવના રહે છે.

ચંદ્રદશા : જન્મ સમયે ચંદ્ર જ્યારે શત્રુગ્રહની રાશિમાં હોય અને નિર્બળ થયો હોય ત્યારે જો ચંદ્રની દશા બાળપણમાં ભોગવવાની આવે તો આ સમયમાં આરોગ્યના પ્રશ્નો-મુશ્કેલી રહે છે. અથવા તો આધિ-વ્યાધિમાં બચપણ પસાર થાય છે. આમજનો વિરોધીની ભૂમિકા ભજવે છે. મેષ લગ્નના જાતકોને માતાના સુખમાં મુશ્કેલી રહે. અભ્યાસમાં પ્રગતિ ઓછી થાય છે. વૃષભ લગ્નના જાતકોને ભાગ્ય હાનિ થાય છે. ધર્મ કે તેના ક્રિયાકાંડમાં શ્રદ્ધા ઓછી રહે છે. પિતા સાથે વિરોધ અનુભવાય છે. મિથુન લગ્નના જાતકોને સંબંધી સમસ્યા રહે છે. સિંહ લગ્નના જાતકોને વૃશ્ચિક રાશિનો ચંદ્ર હશે તો આ દશામાં સ્થાવર મિલકતના પ્રશ્નો રહે છે. વારસાગત-ચલ અચલ સંપત્તિમાં મુશ્કેલી અનુભવાય છે. કર્ક લગ્નના જાતકોને સ્વભાવગત દોષને લઈને દૈનિક જીવનમાં દુઃખ અનુભવાય છે, યા શારિરીક પીડા રહે છે. કન્યા લગ્નના જાતકોને મિત્રો વિશ્વાસઘાત કરે છે. માતાના આરોગ્યના પ્રશ્ન રહે છે. તકનો લાભ લઈ શકતા નથી. મહેનતના પ્રમાણમાં લાભ ઓછો મળે છે. તુલા લગ્નના જાતકોને જો વૃશ્ચિક રાશિનો ચંદ્ર હશે તો વેપાર-ધંધામાં મુશ્કેલીને લઈને પરિવર્તન કરવું પડે છે. નોકરી કરનારને નોકરીમાં પ્રશ્નો રહે છે. સામાન્ય નોકરી કરનાર નોકરી-ધંધા વિનાના થાય છે. ધનનાશ-હાનિનો સમય ગણાય છે. વૃશ્ચિક લગ્નના જાતકોને શુભફળ ભોગવાતું નથી. ધનુ લગ્નના જાતકોને આર્થિક લાભ મળે નહીં. કુંભ લગ્નના જાતકોને પિતૃપક્ષના સંતાનો સાથે મતભેદ-વાદવિવાદ થાય છે. આ સમયમાં સારું કામ કરી શકાય નહીં. મીન લગ્નના જાતકોને દારિદ્રતાના દર્શન થાય છે. હૃદય-આંખ-લોહી સંબંધી કે મૂત્રાશય સંબંધી રોગ અનુભવાય છે. બહેનોને માસિક ધર્મ સંબંધી વિકાર રહે છે.

મંગળદશા : જન્મ સમયે મંગળ જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે મંગળની દશામાં ભાઈ કે સગા સાથે કલહ-વિરોધ થાય છે. ખોટા વાદ-વિવાદને લઈને અવાર-નવાર ઝઘડામાં ઉતરવું પડે છે. વિરોધીઓએ ઊભા કરેલ પ્રશ્નો ઉકેલવામાં વધુ સમય આપવો પડે છે. અપકીર્તિ મળે છે.

(અનુસંધાન પાનું ૨૫૬)

ભાવકસ્પ નિર્ધારણનો વિવાદ

લેખક : શ્રી ઊર્મિલ એ. શુકલ
એ-૩૭, આરટીઓ, રિલોકેશન સાઈટ, શ્રીજીનગર પાસે,
ભુજ-૩૭૦૦૦૧. ફોન : ૨૯૯૪૪૩.

પ્રસ્તુત લેખમાં લેખકે કુંડળીના ભાવોના કસ્પ શોધવા માટેની વિવિધ પદ્ધતિઓ વિશે પ્રાથમિક માહિતી રજૂ કરી છે. પ્રત્યેક પદ્ધતિમાંથી મળતા જવાબો વચ્ચે પ્રવર્તતી વિસંગતતાઓ ફળાદેશમાં મૂંઝવણરૂપ બનતી હોવાનો તેમનો મત છે.

જ્યોતિષ ક્રાંતિવૃત (રાશિચક્ર)લક્ષી આકાશી નકશાના આધારે ભાવિ બનાવો વિશે જાણકારી મેળવવાનો પ્રયાસ કરતું શાસ્ત્ર છે. તેને માનસશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર સાથે સરખાવી શકાય કે જેમના નિયમો અને તારણો By and Large સાચા પડી શકે, પરંતુ વિજ્ઞાનની જેમ ૧+૧=૨ જેવી સચોટતા જોવા મળતી નથી.

કોઈ પણ વ્યક્તિ કે પ્રશ્નનું ભાવિ જાણવા માટે સાધન તરીકે તે વ્યક્તિ કે પ્રશ્નના ઉદ્‌ભવ સમયનો આકાશી નકશો એટલે કુંડળીને લેવામાં આવે છે. કુંડળીમાં જીવનની વિવિધ બાબતો સૂચવતા ૧૨ સ્થાનો (ભાવો) હોય છે. આ સ્થાનોમાં સરેરાશ દર બે કલાકે રાશિ ક્રમાનુસાર બદલતી રહે છે. દરેક સ્થાનના કસ્પ (પાશ્ચાત્ય માન્યતા મુજબ આરંભ બિન્દુ અને પૌર્વાત્ય માન્યતા મુજબ મધ્યબિંદુ) પર જે રાશિ હોય તેના સ્વામીની મજબૂતી તે સ્થાનને મહત્તમ મજબૂતી આપે છે. આ પરથી એમ નક્કી થાય છે કે દરેક સ્થાનના કસ્પ પર ખરેખર કઇ રાશિ આવે છે તે જાણવું ખૂબ જરૂરી છે. દા.ત. ૧૧મા સ્થાનના કસ્પ પર ખરેખર તુલારાશિ ૧ અંશ આવતી હોય અને આપણી ભૂલભરેલી ધારણા મુજબ કન્યા રાશિ ૨૮ અંશ હોય તો આપણે લાભેશ તરીકે બુધને ગણીને લાભસ્થાનની મજબૂતી તપાસતા હોઈએ, જ્યારે ખરેખર તો લાભેશ તરીકે શુક્રને ગણીને લાભસ્થાનની મજબૂતી તપાસવાની જરૂર હોય !

કુંડળીમાં જન્મલગ્ન અને ૧૦મા સ્થાનના કસ્પના રાશિ-અંશ-કળા નક્કી કરવાની તો સર્વસ્વીકૃત પદ્ધતિઓ છે જ. આથી તેમાં કોઈ ભૂલચૂક થવાનો સંભવ રહેતો નથી, પરંતુ ૨જા, ૩જા, ૫મા, ૬ઠ્ઠા, ૮મા, ૯મા, ૧૧મા અને ૧૨મા સ્થાનોના કસ્પ પરના રાશિ-અંશ-કળા નક્કી કરવા માટે અનેક પદ્ધતિઓમાં અલગ અલગ જવાબ મળે છે ! વળી દરેક પદ્ધતિના રચયિતા પોતાની પદ્ધતિને શ્રેષ્ઠ જાહેર કરે છે ! આ લેખમાં આવી કેટલીક પદ્ધતિઓ વિશે પ્રાથમિક માહિતી આપવાનો ઇરાદો છે, પણ તે પહેલા આ લેખમાં વપરાયેલા કેટલાક શબ્દોના અર્થથી પરિચિત થવું જરૂરી છે.

(૧) Zenith : કોઈ પણ સ્થળના આકાશી ગોલકના બરોબર માથે આવેલા બિન્દુને Zenith કહે છે.

(૨) Meridian : કોઈ પણ સ્થળના Zenith અને ઉત્તર દક્ષિણ ધ્રુવોમાંથી પસાર થતા સમતલને Meridian કહે છે. તે સ્થળનું તે રેખાંશ (Longitude) વૃત પણ છે.

(૩) Prime vertical : કોઈ પણ સ્થળના Zenith અને પૂર્વ-પશ્ચિમ બિન્દુઓમાંથી પસાર થતા સમતલને Prime vertical કહે છે. તે સ્થળનું તે અક્ષાંશ (Lattitude) વૃત્ત પણ છે.

(૪) Celestial Equator : પૃથ્વીના વિષુવવૃત્તીય સમતલને આકાશ સુધી વિસ્તારવાથી તે Celestial Equator બને છે.

(૫) Ecliptic : સૂર્ય જે માર્ગ પર ફરતો દેખાય છે તેને Ecliptic (ક્રાંતિવૃત) કહે છે. પૃથ્વીની ધરી 23°-27' જેટલી નમેલી હોવાથી વિષુવવૃત્તીય સમતલ અને ક્રાંતિવૃતીય સમતલ વચ્ચે પણ ૨૩°-૨૭'નો ખૂણો બને છે.

(૬) Horizon : કોઈ પણ સ્થળના ક્ષિતિજ સમતલને Horizon કહે છે.

(૭) Ascendant : કોઈ પણ સ્થળે, ક્ષિતિજ સમતલ અને ક્રાંતિવૃત સમતલના છેદનબિન્દુને Ascendant (જન્મલગ્ન કે ૧લા સ્થાનનો કસ્પ) કહે છે.

(૮) Mediam Coeli : કોઈ પણ સ્થળે, ક્રાંતિવૃતીય સમતલ અને રેખાંશવૃતીય સમતલના છેદનબિન્દુને Medium Coeli (MC કે ૧૦મા સ્થાનનો કસ્પ) કહે છે.

હવે આપણે કેટલીક પ્રચલિત કસ્પનિર્ધારણ પદ્ધતિઓની ચર્ચા કરીએ;

(૧) Placidus System : હાલમાં સૌથી વધુ વપરાતી આ પદ્ધતિ છે. તેમાં ત્રિકોણમિતિની મદદથી ૧૧મા અને ૧૨મા ભાવના ધ્રુવો (Pole) ગણી કાઢવામાં આવે છે. કોઈ પણ સ્થળનો જન્મલગ્ન (૧લા ભાવનો)નો ધ્રુવ (Pole) તે સ્થળના અક્ષાંશ જ હોય છે. ૧૦મા ભાવનો ધ્રુવ (Pole) હંમેશાં શૂન્ય અંશ અક્ષાંશ હોય છે. ૧૧મા ભાવનો Pole એ ૩જા ભાવનો Pole પણ છે. ૧૨મા ભાવનો Pole એ ૨જા ભાવનો Pole પણ છે. જન્મલગ્ન (૧લા ભાવનો કસ્પ) શોધવા માટે આપણે જન્મસ્થળના અક્ષાંશની લગ્નસારણીમાં ઇષ્ટ સાંપત્તિકકાળને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધીએ છીએ.

૧૨મા ભાવનો કસ્પ શોધવા માટે આપણે તે ભાવના Poleની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિકકાળમાં બે કલાક ઘટાડીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવાના રહે છે.

સંશોધન વિભાગ

૧૧મા ભાવનો કસ્પ શોધવા માટે આપણને તે ભાવના Poleની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિક કાળમાં ૪ કલાક ઘટાડીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવા પડશે.

૧૦મા ભાવનો કસ્પ શોધવા માટે શૂન્ય અંશની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિક કાળમાં ૬ કલાક ઘટાડીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવાના રહેશે.

૨જા ભાવનો કસ્પ શોધવા માટે ૧૨મા ભાવના Poleની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિકકાળમાં ૨ કલાક ઉમેરીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવા પડે છે.

૩જા ભાવનો કસ્પ શોધવા માટે ૧૧મા ભાવના Poleની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિકકાળમાં ૪ કલાક ઉમેરીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવાના રહે છે. ટૂંકમાં Plecidus પદ્ધતિમાં ૧૧, ૧૨, ૨ અને ૩જા ભાવના કસ્પ શોધવા માટે તે ભાવોના Poleની લગ્નસારણીઓનો આધાર લેવાય છે.

(૨) Regimontanus Systam : આ પદ્ધતિમાં આકાશી વિષુવવૃત્તના Meridian સાથેના છેદનબિન્દુથી શરૂ કરીને ૧૨ સરખા ભાગ પાડવામાં આવે છે. આ દરેક ભાગમાંથી પસાર થતા ઉત્તર-દક્ષિણ સમતલ ક્રાંતિવૃતને જે જે બિન્દુઓમાં છેદે છે તે તે અનુરૂપ ભાવનો કસ્પ બને છે.

(૩) Campanus System : આ પદ્ધતિમાં જે તે સ્થળના Prime verticalના Zenithથી શરૂ કરીને ૧૨ સરખા ભાગ પાડવામાં આવે છે. આ દરેક ભાગમાંથી પસાર થતા ઉત્તર-દક્ષિણ સમતલ, ક્રાંતિવૃતને જે જે બિન્દુઓમાં છેદે છે તે તે અનુરૂપ

વિકળ ગ્રહની દશા

લેખક : શ્રી ગિરીશ એમ. ભટ્ટ

'વિદ્યાં', ૧૦૬૦, એ-૨, મુનિ ડેરી, ભાવનગર - ૩૬૪૦૦૧.

જન્મકુંડળીમાં બનતા યોગોનું ફળ ક્યારે મળે તે જાણવા દશા-અંતર્દશાનો સહારો લેવો પડે છે. જન્મસમયના વિકળ ગ્રહની દશા-અંતર્દશામાં જાતકને શું ફળ મળશે તે વિશેની માહિતી લેખકે આપી છે.

સંશોધન વિભાગ

અમુક પ્રકારના ગ્રહયોગ સાથે જન્મેલા જાતકોના જીવનમાં જે તે યોગનું ફળ ક્યારે-કયા સમયે ભોગવશે તેની જાણકારી માટે ફળ જ્યોતિષ વિભાગમાં દશા-અંતર્દશા મુખ્ય આધાર તરીકે સ્વીકારાઈ છે. અલબત્ત દશાફળ વિશેના અલગ-અલગ મંતવ્યો છે. આ સંબંધી એકસૂત્રતા નથી. તેથી આ વિષયમાં ગહન અભ્યાસની જરૂર છે. દશા-મહાદશા વિશેના નાના-નાના અભ્યાસો થશે તો જ આ સંબંધી ફળ અંગે એક સર્વાંગી ચિત્ર સમાજ સમક્ષ ઊપસી આવશે અને ફળ જ્યોતિષની સમૃદ્ધિ પણ વધશે.

જ્યોતિષશાસ્ત્રમાં ગ્રહોની સાત અવસ્થાઓ વર્ણવવામાં આવી છે. ગ્રહ જ્યારે શત્રુ-અતિશત્રુ રાશિમાં હોય, પાપયુક્ત હોય ત્યારે દુઃખી-વિકળ ગ્રહ ગણાય છે. આવા ગ્રહ પોતાના કારકત્વ કે ભાવ સંબંધી નાના-મોટા દુઃખ મુશ્કેલીઓ આ દશામાં ભોગવાય છે. જે તે ગ્રહ કયા નક્ષત્રમાં છે અને તે નક્ષત્રનો સ્વામી જો શત્રુ નક્ષત્રમાં હશે કે ખરાબ ભાવનો અધિપતિ થતો હશે તો જ આ ગ્રહનું અશુભફળ તીવ્ર માત્રામાં ભોગવાય છે. જે-તે ગ્રહની મહાદશામાં ભોગવવાના ફળનો દર્દ-રોગનો ઉલ્લેખ કર્યો છે. તે ફળ આપનાર યોગ પ્રબળ હશે તો જ જે તે ફળ દર્દ-રોગ તીવ્ર માત્રામાં ભોગવાય છે.

અનુભવની નોંધના આધારે આ લેખમાં દુઃખી વિકળ ગ્રહની દશામાં શું ફળ ભોગવાય છે, તેની સંશોધાત્મક નોંધ લેખ સ્વરૂપે રજૂ કરી છે. અષ્ટોતરી-વિંશોતરી મહાદશામાં ભોગવતાં ફળનો સમન્વય કરી આ નોંધ-લેખ તૈયાર કર્યો છે.

કેતુદશા : જન્મ સમયે કેતુ જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય, ત્યારે કેતુની દશામાં કૌટુંબિક પ્રપંચોને લઈને કુટુંબમાં વિવાદ રહે છે. પરિણામે માનસિક વ્યગ્રતા અનુભવાય છે. જીવનસાથીના પ્રશ્નો રહે, સંતાનના પ્રશ્નો રહે છે અથવા તો સંતાનનો વિકાસ થવામાં મુશ્કેલી રહે છે. વ્યવસાય ધંધામાં સ્થિરતા રહે નહીં. તેમાં ખોટ આવે યા દાવપેચનો સામનો કરવો પડે. રાજકારણ સાથે સંકળાયેલા વ્યક્તિઓની પ્રગતિ અવરોધાય અથવા તો તેની યુક્તિઓ નિષ્ફળ જાય છે. વિરોધીઓનો સામનો કરવો પડે છે. સાહિત્યકાર ભાષાવિદને યશ-પ્રતિષ્ઠા મળે નહીં. કુટુંબ વતનથી દૂર રહેવું પડે છે. વ્યસન થાય. વ્યસન ઉપર કાબૂ રાખી શકાય નહીં. શારિરીક તંદુરસ્તીના પ્રશ્નો રહે છે.

શુક્રદશા : જન્મ સમયે શુક્ર જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે શુક્ર દશામાં પોતાના માણસો સાથે અણબનાવ થાય. પરિવારમાં કોઈ સભ્યને મૃત્યુ-તુલ્ય બીમારી ભોગવી પડે છે. પુરુષ જાતકને સ્ત્રી-પત્ની સંબંધી મુશ્કેલી અનુભવવી પડે છે. સામાજિક જીવનમાં યશ, માન, પ્રતિષ્ઠા જળવાય તેવું કામ થાય નહીં. વેપાર-વ્યવસાયમાં ધનની હાનિ અનુભવાય છે, જેને લઈને જીવનમાં અંધકાર અનુભવાય છે. આર્થિક જીવનમાં ઉથલ-પાથલ થાય છે. શુક્ર લાભેશ હશે તો આ દશામાં ધનનું આવાગમન થશે. પ્રેમમાં નિષ્ફળતા અનુભવાય. લાગણી, સ્નેહપ્રેમથી બાંધેલા સંબંધમાં વિશ્વાસઘાત થાય છે. ભોગવિલાસની તીવ્રતા વધે છે. વિદેશયાત્રામાં મુશ્કેલી આવે છે. શરીરની કાંતિનો નાશ થાય છે. પેશાબ-મૂત્રાશય, ગુપ્તરોગ થાય છે. ગેસ, અપચો, પાચનશક્તિ તથા જ્ઞાનતંતુઓની નબળાઈ દેખાય છે. આંખ-નાક કે સંધિવાનું દર્દ થવાનો યોગ ગણાય છે.

સૂર્યદશા : જન્મસમયે સૂર્ય જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે સૂર્યની દશામાં કૌટુંબિક ક્લેશ થાય. પિતાનો વૈચારિક કે શારિરીક વિયોગ સહન કરવો પડે. પરિવારથી અલગ થવું પડે છે. અભાવગત દોષને લઈને દૈનિક જીવનમાં પ્રશ્નો ઉદ્‌ભવે છે જેને લઈને વિપત્તિઓ-મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પડોશી સાથે સંબંધ બગડે છે. પરાક્રમ-હિંમતથી કરેલ કાર્યમાં ઈચ્છિત ધ્યેય-હેતુ હાંસલ કરી શકાય નહીં. સત્તાધારી વ્યક્તિઓનો સહકાર મળે નહીં. જેને લઈને ઈચ્છિત કામ-કાર્ય થઈ શકે નહીં. પ્રવાસ યાત્રામાં મુશ્કેલી રહે છે. આરોગ્ય, કર્મકાંડ, ઉપાય, રાજકારણ સાથે સંકળાયેલ વ્યક્તિ માટે આ દશા નબળી પસાર થાય છે. હૃદય, હાડકા, દાંત, ચામડી, સાંધાઓ, ઘૂંટણ, ઢાંકણીઓ સંબંધી રોગ થવાની સંભાવના રહે છે.

ચંદ્રદશા : જન્મ સમયે ચંદ્ર જ્યારે શત્રુગ્રહની રાશિમાં હોય અને નિર્બળ થયો હોય ત્યારે જો ચંદ્રની દશા બાળપણમાં ભોગવવાની આવે તો આ સમયમાં આરોગ્યના પ્રશ્નો-મુશ્કેલી રહે છે. અથવા તો આધિ-વ્યાધિમાં બચપણ પસાર થાય છે. આમજનો વિરોધીની ભૂમિકા ભજવે છે. મેષ લગ્નના જાતકોને માતાના સુખમાં મુશ્કેલી રહે. અભ્યાસમાં પ્રગતિ ઓછી થાય છે. વૃષભ લગ્નના જાતકોને ભાગ્ય હાનિ થાય છે. ધર્મ કે તેના ક્રિયાકાંડમાં શ્રદ્ધા ઓછી રહે છે. પિતા સાથે વિરોધ અનુભવાય છે. મિથુન લગ્નના જાતકોને સંબંધી સમસ્યા રહે છે. સિંહ લગ્નના જાતકોને વૃશ્ચિક રાશિનો ચંદ્ર હશે તો આ દશામાં સ્થાવર મિલકતના પ્રશ્નો રહે છે. વારસાગત-ચલ અચલ સંપત્તિમાં મુશ્કેલી અનુભવાય છે. કર્ક લગ્નના જાતકોને સ્વભાવગત દોષને લઈને દૈનિક જીવનમાં દુઃખ અનુભવાય છે, યા શારિરીક પીડા રહે છે. કન્યા લગ્નના જાતકોને મિત્રો વિશ્વાસઘાત કરે છે. માતાના આરોગ્યના પ્રશ્ન રહે છે. તકનો લાભ લઈ શકતા નથી. મહેનતના પ્રમાણમાં લાભ ઓછો મળે છે. તુલા લગ્નના જાતકોને જો વૃશ્ચિક રાશિનો ચંદ્ર હશે તો વેપાર-ધંધામાં મુશ્કેલીને લઈને પરિવર્તન કરવું પડે છે. નોકરી કરનારને નોકરીમાં પ્રશ્નો રહે છે. સામાન્ય નોકરી કરનાર નોકરી-ધંધા વિનાના થાય છે. ધનનાશ-હાનિનો સમય ગણાય છે. વૃશ્ચિક લગ્નના જાતકોને શુભફળ ભોગવાતું નથી. ધનુ લગ્નના જાતકોને આર્થિક લાભ મળે નહીં. કુંભ લગ્નના જાતકોને પિતૃપક્ષના સંતાનો સાથે મતભેદ-વાદવિવાદ થાય છે. આ સમયમાં સારું કામ કરી શકાય નહીં. મીન લગ્નના જાતકોને દારિદ્રતાના દર્શન થાય છે. હૃદય-આંખ-લોહી સંબંધી કે મૂત્રાશય સંબંધી રોગ અનુભવાય છે. બહેનોને માસિક ધર્મ સંબંધી વિકાર રહે છે.

મંગળદશા : જન્મ સમયે મંગળ જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે મંગળની દશામાં ભાઈ કે સગા સાથે કલહ-વિરોધ થાય છે. ખોટા વાદ-વિવાદને લઈને અવાર-નવાર ઝઘડામાં ઉતરવું પડે છે. વિરોધીઓએ ઊભા કરેલ પ્રશ્નો ઉકેલવામાં વધુ સમય આપવો પડે છે. અપકીર્તિ મળે છે.

(અનુસંધાન પાનું ૨૫૬)

ભાવકસ્પ નિર્ધારણનો વિવાદ

લેખક : શ્રી ઊર્મિલ એ. શુકલ

એ-૩૭, આરટીઓ, રિલોકેશન સાઇટ, શ્રીજીનગર પાસે,
ભુજ-૩૭૦૦૦૧. ફોન : ૨૯૯૪૪૩.

પ્રસ્તુત લેખમાં લેખકે કુંડળીના ભાવોના કસ્પ શોધવા માટેની વિવિધ પદ્ધતિઓ વિશે પ્રાથમિક માહિતી રજૂ કરી છે. પ્રત્યેક પદ્ધતિમાંથી મળતા જવાબો વચ્ચે પ્રવર્તતી વિસંગતતાઓ ફળાદેશમાં મૂંઝવણરૂપ બનતી હોવાનો તેમનો મત છે.

જ્યોતિષ ક્રાંતિવૃત (રાશિચક્ર) લક્ષી આકાશી નકશાના આધારે ભાવિ બનાવો વિશે જાણકારી મેળવવાનો પ્રયાસ કરતું શાસ્ત્ર છે. તેને માનસશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર સાથે સરખાવી શકાય કે જેમના નિયમો અને તારણો By and Large સાચા પડી શકે, પરંતુ વિજ્ઞાનની જેમ ૧+૧=૨ જેવી સચોટતા જોવા મળતી નથી.

કોઈ પણ વ્યક્તિ કે પ્રશ્નનું ભાવિ જાણવા માટે સાધન તરીકે તે વ્યક્તિ કે પ્રશ્નના ઉદ્‌ભવ સમયનો આકાશી નકશો એટલે કુંડળીને લેવામાં આવે છે. કુંડળીમાં જીવનની વિવિધ બાબતો સૂચવતા ૧૨ સ્થાનો (ભાવો) હોય છે. આ સ્થાનોમાં સરેરાશ દર બે કલાકે રાશિ ક્રમાનુસાર બદલતી રહે છે. દરેક સ્થાનના કસ્પ (પાશ્ચાત્ય માન્યતા મુજબ આરંભ બિન્દુ અને પૌર્વાત્ય માન્યતા મુજબ મધ્યબિંદુ) પર જે રાશિ હોય તેના સ્વામીની મજબૂતી તે સ્થાનને મહત્તમ મજબૂતી આપે છે. આ પરથી એમ નક્કી થાય છે કે દરેક સ્થાનના કસ્પ પર ખરેખર કઇ રાશિ આવે છે તે જાણવું ખૂબ જરૂરી છે. દા.ત. ૧૧મા સ્થાનના કસ્પ પર ખરેખર તુલારાશિ ૧ અંશ આવતી હોય અને આપણી ભૂલભરેલી ધારણા મુજબ કન્યા રાશિ ૨૮ અંશ હોય તો આપણે લાભેશ તરીકે બુધને ગણીને લાભસ્થાનની મજબૂતી તપાસતા હોઈએ, જ્યારે ખરેખર તો લાભેશ તરીકે શુક્રને ગણીને લાભસ્થાનની મજબૂતી તપાસવાની જરૂર હોય !

કુંડળીમાં જન્મલગ્ન અને ૧૦મા સ્થાનના કસ્પના રાશિ-અંશ-કળા નક્કી કરવાની તો સર્વસ્વીકૃત પદ્ધતિઓ છે જ. આથી તેમાં કોઈ ભૂલચૂક થવાનો સંભવ રહેતો નથી, પરંતુ ૨જા, ૩જા, ૫મા, ૬ઠ્ઠા, ૮મા, ૯મા, ૧૧મા અને ૧૨મા સ્થાનોના કસ્પ પરના રાશિ-અંશ-કળા નક્કી કરવા માટે અનેક પદ્ધતિઓમાં અલગ અલગ જવાબ મળે છે ! વળી દરેક પદ્ધતિના રચયિતા પોતાની પદ્ધતિને શ્રેષ્ઠ જાહેર કરે છે ! આ લેખમાં આવી કેટલીક પદ્ધતિઓ વિશે પ્રાથમિક માહિતી આપવાનો ઇરાદો છે, પણ તે પહેલા આ લેખમાં વપરાયેલા કેટલાક શબ્દોના અર્થથી પરિચિત થવું જરૂરી છે.

(૧) Zenith : કોઈ પણ સ્થળના આકાશી ગોલકના બરોબર માથે આવેલા બિન્દુને Zenith કહે છે.

(૨) Meridian : કોઈ પણ સ્થળના Zenith અને ઉત્તર દક્ષિણ ધ્રુવોમાંથી પસાર થતા સમતલને Meridian કહે છે. તે સ્થળનું તે રેખાંશ (Longitude) વૃત્ત પણ છે.

(૩) Prime vertical : કોઈ પણ સ્થળના Zenith અને પૂર્વ-પશ્ચિમ બિન્દુઓમાંથી પસાર થતા સમતલને Prime vertical કહે છે. તે સ્થળનું તે અક્ષાંશ (Lattitude) વૃત્ત પણ છે.

(૪) Celestial Equator : પૃથ્વીના વિષુવવૃત્તીય સમતલને આકાશ સુધી વિસ્તારવાથી તે Celestial Equator બને છે.

(૫) Ecliptic : સૂર્ય જે માર્ગ પર ફરતો દેખાય છે તેને Ecliptic (ક્રાંતિવૃત) કહે છે. પૃથ્વીની ધરી 23°-27' જેટલી નમેલી હોવાથી વિષુવવૃત્તીય સમતલ અને ક્રાંતિવૃતીય સમતલ વચ્ચે પણ ૨૩°-૨૭'નો ખૂણો બને છે.

(૬) Horizon : કોઈ પણ સ્થળના ક્ષિતિજ સમતલને Horizon કહે છે.

(૭) Ascendant : કોઈ પણ સ્થળે, ક્ષિતિજ સમતલ અને ક્રાંતિવૃત સમતલના છેદનબિન્દુને Ascendant (જન્મલગ્ન કે ૧લા સ્થાનનો કસ્પ) કહે છે.

(૮) Mediam Coeli : કોઈ પણ સ્થળે, ક્રાંતિવૃતીય સમતલ અને રેખાંશવૃતીય સમતલના છેદનબિન્દુને Medium Coeli (MC કે ૧૦મા સ્થાનનો કસ્પ) કહે છે.

હવે આપણે કેટલીક પ્રચલિત કસ્પનિર્ધારણ પદ્ધતિઓની ચર્ચા કરીએ;

(૧) Placidus System : હાલમાં સૌથી વધુ વપરાતી આ પદ્ધતિ છે. તેમાં ત્રિકોણમિતિની મદદથી ૧૧મા અને ૧૨મા ભાવના ધ્રુવો (Pole) ગણી કાઢવામાં આવે છે. કોઈ પણ સ્થળનો જન્મલગ્ન (૧લા ભાવનો) નો ધ્રુવ (Pole) તે સ્થળના અક્ષાંશ જ હોય છે. ૧૦મા ભાવનો ધ્રુવ (Pole) હંમેશાં શૂન્ય અંશ અક્ષાંશ હોય છે. ૧૧મા ભાવનો Pole એ ૩જા ભાવનો Pole પણ છે. ૧૨મા ભાવનો Pole એ ૨જા ભાવનો Pole પણ છે. જન્મલગ્ન (૧લા ભાવનો કસ્પ) શોધવા માટે આપણે જન્મસ્થળના અક્ષાંશની લગ્નસારણીમાં ઈષ્ટ સાંપત્તિકકાળને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધીએ છીએ.

૧૨મા ભાવનો કસ્પ શોધવા માટે આપણે તે ભાવના Poleની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિકકાળમાં બે કલાક ઘટાડીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવાના રહે છે.

સંશોધન વિભાગ

૧૧મા ભાવનો કસ્પ શોધવા માટે આપણને તે ભાવના Poleની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિક કાળમાં ૪ કલાક ઘટાડીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવા પડશે.

૧૦મા ભાવનો કસ્પ શોધવા માટે શૂન્ય અંશની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિક કાળમાં ૬ કલાક ઘટાડીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવાના રહેશે.

૨જા ભાવનો કસ્પ શોધવા માટે ૧૨મા ભાવના Poleની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિકકાળમાં ૨ કલાક ઉમેરીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવા પડે છે.

૩જા ભાવનો કસ્પ શોધવા માટે ૧૧મા ભાવના Poleની લગ્નસારણીમાં જન્મલગ્નના સાંપત્તિકકાળમાં ૪ કલાક ઉમેરીને તેને અનુરૂપ રાશિ-અંશ-કળા શોધવાના રહે છે. ટૂંકમાં Plecidus પદ્ધતિમાં ૧૧, ૧૨, ૨ અને ૩જા ભાવના કસ્પ શોધવા માટે તે ભાવોના Poleની લગ્નસારણીઓનો આધાર લેવાય છે.

(૨) Regimontanus Systam : આ પદ્ધતિમાં આકાશી વિષુવવૃત્તના Meridian સાથેના છેદનબિન્દુથી શરૂ કરીને ૧૨ સરખા ભાગ પાડવામાં આવે છે. આ દરેક ભાગમાંથી પસાર થતા ઉત્તર-દક્ષિણ સમતલ ક્રાંતિવૃતને જે જે બિન્દુઓમાં છેદે છે તે તે અનુરૂપ ભાવનો કસ્પ બને છે.

(૩) Campanus System : આ પદ્ધતિમાં જે તે સ્થળના Prime verticalના Zenithથી શરૂ કરીને ૧૨ સરખા ભાગ પાડવામાં આવે છે. આ દરેક ભાગમાંથી પસાર થતા ઉત્તર-દક્ષિણ સમતલ, ક્રાંતિવૃતને જે જે બિન્દુઓમાં છેદે છે તે તે અનુરૂપ

ભાવનો કસ્ય બને છે.

Regimontanusની સરખામણીએ Campanus પદ્ધતિ વધુ વિશ્વાસપાત્ર કહી શકાય, કારણ કે તે જે તે સ્થળની વાસ્તવિક સ્થિતિને અનુરૂપ છે. વળી તે જન્મલગ્ન અને દસમ કસ્યની વ્યાખ્યાને પણ સુસંગત છે. જો જન્મલગ્ન (૧લા ભાવનો કસ્ય) એ ક્ષિતિજ સમતલ અને ક્રાંતિવૃત સમતલનું છેદનબિન્દુ છે.

એ જ રીતે જો ૧૦મા ભાવનો કસ્ય એ Meridian સમતલ અને ક્રાંતિવૃત સમતલનું છેદનબિન્દુ છે અને ક્ષિતિજ સમતલ તથા Meridian સમતલ વચ્ચે ૯૦ અંશનો ખૂણો હોય છે, તો પૂર્વ તરફ Meridian પછીના ૩૦ અંશે રહેલું ઉત્તર-દક્ષિણ સમતલ ક્રાંતિવૃતને જ્યાં છેદે તે ૧૧મા ભાવનો કસ્ય હોય. એ જ રીતે પૂર્વ તરફ ૬૦ અંશે રહેલું ઉત્તર-દક્ષિણ સમતલ, ક્રાંતિવૃતને જ્યાં છેદે તે ૧૨મા ભાવનો કસ્ય હોય.

ટૂંકમાં Campanus પદ્ધતિ મુજબના કસ્ય તાર્કિક દૃષ્ટિએ સૌથી વધુ યોગ્ય છે.

(૩) Equal House System (ASC) : આ પદ્ધતિ પ્રાચીન ભારતીય જ્યોતિષમાં ખૂબ પ્રચલિત છે. તેમાં ૧લા ભાવથી શરૂ કરીને બધા જ ભાવોના માપ ૩૦-૩૦ અંશના એકસરખા હોય છે. દા.ત. જન્મલગ્ન (૧લા ભાવનો કસ્ય વૃશ્ચિક ૨૫°-૦૫' હોય તો ૨જા ભાવનો કસ્ય ધનુ ૨૫°-૦૫' હોય. ૩જા ભાવનો કસ્ય મકર ૨૫°-૦૫' હોય. ૪થા ભાવનો કસ્ય કુંભ ૨૫°-૦૫' હોય. જ્યારે ખરેખર આ કસ્ય મીન ૪°-૩૨' છે ! ભારતીય જ્યોતિષમાં નાડી, ષોડશ વર્ગ વગેરે ગણતરી આ System પર જ આધારિત છે. આની સાબિતી એ છે કે મૃત્યુ વિશે જાણવા માટે ૬૪મું નવમાંશ ઘણું અગત્યનું ગણાયું છે. કારણ કે આ નવમાંશ Equal house system મુજબ ૮મા ભાવના કસ્ય પર જ આવે છે !

(૪) Equal House System (MC) : આ પદ્ધતિમાં ૧લા ભાવને બદલે ૧૦મા ભાવના કસ્યથી શરૂ કરીને બધા જ ભાવો ૩૦-૩૦ અંશના એકસરખા લેવામાં આવે છે.

દા.ત. ૧૦મા ભાવનો કસ્ય કન્યા ૪°-૩૨' હોય તો ૧૧મા ભાવનો કસ્ય તુલા ૪°-૩૨' હોય. ૧૨મા ભાવનો કસ્ય વૃશ્ચિક ૪°-૩૨' હોય, ૧લા ભાવનો કસ્ય ધનુ ૪°-૩૨' હોય. જ્યારે ખરેખર ૧લા ભાવનો કસ્ય વૃશ્ચિક ૨૫°-૦૫' છે !

(૫) Porphyry System : પ્રાચીન ભારતીય જ્યોતિષમાં પાછળથી ચલિત કુંડળી બનાવવાનો ખ્યાલ વિકસ્યો તેમાં બધા ભાવોના કસ્ય મેળવવા માટે આ પદ્ધતિ અપનાવવામાં આવી.

આ પદ્ધતિમાં ૧૦મા અને ૧લા ભાવના કસ્ય સર્વસ્વીકૃત ખગોળગણિત મુજબ શોધવામાં આવે છે. ત્યાર બાદ આ બન્ને કસ્યો વચ્ચે સમાતા ક્રાંતિવૃતના અંશ-કળાના ૩ સરખા ભાગ કરવામાં આવે છે. દા.ત. ૧૦મા ભાવનો કસ્ય કન્યા ૪°-૩૨' અને ૧લા ભાવનો કસ્ય વૃશ્ચિક ૨૫°-૦૫' છે. બન્ને વચ્ચે ૮૦°-૩૩' સમાયા છે. તેના ૩ સરખા ભાગ કરવાથી દરેક ભાગ ૨૬°-૫૧' થાય. આ ભાગ કન્યા ૪°-૩૨'માં ઉમેરતા ૧૧મા ભાવનો કસ્ય તુલા ૧°-૦૫' મળે. વળી આ કસ્યમાં ૨૬°-૫૧' ઉમેરતા ૧૨મા ભાવનો કસ્ય તુલા ૨૭°-૫૬' મળે.

હવે ૧લા અને ૪થા ભાવના કસ્ય પરથી ૨જા અને ૩જા ભાવના કસ્ય શોધીએ. ૧૦મા ભાવના કસ્યમાં ૧૮૦° ઉમેરતા ૪થા ભાવનો કસ્ય મળે છે.

૧લા ભાવના કસ્ય વૃશ્ચિક ૨૫°-૦૫' અને ૪થા ભાવના કસ્ય મીન ૪°-૩૨' વચ્ચે ૯૯°-૨૭' સમાયા છે. તેના ૩ સરખા ભાગ કરવાથી ૩૩°-૦૯' મળે છે. ૧લા ભાવના કસ્યમાં આ ભાગ ઉમેરતા ૨જા ભાવનો કસ્ય ધનુ ૨૮°-૧૪' મળે છે. તે જ પ્રમાણે ૩જા ભાવનો કસ્ય કુંભ ૧°-૨૩' મળે છે. આમ ૧૦, ૧૧, ૧૨, ૧, ૨, ૩ ભાવોના કસ્ય મળી જતા દરેકમાં ૧૮૦° ઉમેરતા સામેના ભાવોના કસ્ય પણ મળી જાય છે.

હવે આપણે બધી પદ્ધતિઓના પરિણામોની તુલના કરીએ;

ઉદાહરણ:-

જ.તા. : ૮-૧૦-૧૯૫૨ જ.સ. ૫-૩૫ (AMST)

જ. સ્થળ : ૪૫°-૧૮'(N) ૬૯°-૪૨ (E)

સંશોધન વિભાગ

ભાવ કસ્યો

પદ્ધતિ	૧૦મો ભાવ	૧૧મો ભાવ	૧૨મો ભાવ	૧લો ભાવ	૨જો ભાવ	૩જો ભાવ
પ્લેસિડસ	૨-૨૭°-૪૩'	૪-૦૨°-૧૮'	૫-૦૨°-૪૫	૫-૨૮°-૦૭	૬-૨૩°-૦૭'	૭-૨૩°-૧૭'
રેજીમોન્ટેનસ	૨-૨૭°-૪૩'	૪-૦૫°-૧૦'	૫-૦૪°-૨૫'	૫-૨૮°-૦૭	૬-૨૧°-૪૩'	૭-૨૦°-૩૪'
કેમ્પાનસ	૨-૨૭°-૪૩'	૩-૨૫°-૫૯'	૪-૨૬°-૦૮'	૫-૨૮°-૦૭	૬-૨૯°-૫૩'	૭-૨૯°-૩૮'
ઇક્વલ(ASC)	૨-૨૮°-૦૭'	૩-૨૮°-૦૭'	૪-૨૮°-૦૭'	૫-૨૮°-૦૭'	૬-૨૮°-૦૭'	૭-૨૮°-૦૭'
ઇક્વલ(MC)	૨-૨૭°-૪૩'	૩-૨૭°-૪૩'	૪-૨૭°-૪૩'	૫-૨૭°-૪૩'	૬-૨૭°-૪૩'	૭-૨૭°-૪૩
પોરફેરી	૨-૨૭°-૪૩'	૩-૨૭°-૫૧'	૪-૨૭°-૫૯'	૫-૨૮°-૦૭'	૬-૨૭°-૫૯'	૭-૨૭°-૫૧'

ઉપરોક્ત માહિતીનો અભ્યાસ કરવાથી જણાય છે કે બધી જ પદ્ધતિઓમાં ૧૧, ૧૨, ૨ અને ૩જા ભાવના કસ્યોના અંશ-કળા અલગ અલગ જ આવે છે. વળી પ્લેસિડસ અને રેજીમોન્ટેનસ પદ્ધતિઓમાં તો ૧૧ અને ૧૨મા ભાવની રાશિઓ પણ અન્ય પદ્ધતિઓથી અલગ આવે છે ! આથી ફળકથન કરતી વખતે મૂંઝવણ થઈ શકે કે ૧૧મા ભાવનો સ્વામી સૂર્યને ગણવો કે ચંદ્રને ? ૧૨મા ભાવનો સ્વામી બુધને ગણવો કે સૂર્યને ?

આ સળગતા પ્રશ્નનું સમાધાન અનેક જન્મકુંડળીઓ અને પ્રશ્નકુંડળીઓના અભ્યાસ વિના થઈ શકે તેમ નથી. ●

વિકળ ગ્રહની દશા

(૨૫૪મા પાનાથી ચાલુ)

સ્થાવર સંપત્તિ-મકાન-જમીન-ખેતીમાં પ્રાકૃતિક કોપને લઈને નુકસાન સહન કરવું પડે છે. શારિરીક આર્થિક બંધન અનુભવાય છે. આકસ્મિક અણધારી ઘટનાઓ ઘટે છે. લોહી-ગરદન, ગળા, આંતરડા, હાડકાની ભાંગતૂટ, બ્લડપ્રેશર સંબંધી રોગો થવાની સંભાવના ગણાય છે.

રાહુદશા : જન્મ સમયે રાહુ જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે રાહુની દશામાં મળેલ તકોનો બરાબર ઉપયોગ કરી શકાય નહીં. કુટુંબમાં આર્થિક, સામાજિક કે આરોગ્ય સંબંધી આકસ્મિક ઘટના ઘટે છે. આર્થિક, સામાજિક કે શારિરીક આત્મહત્યા કરવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે અથવા આ ક્ષેત્રમાં બંધનાત્મક પરિસ્થિતિમાં જીવવું પડે છે. પાચનતંત્ર, હોજરી, છાતી-હૃદય, ફેફસા-કરોડરજ્જુ, પગમાં પીડા સંબંધી રોગો થવાની સંભાવના રહે છે.

ગુરુદશા : જન્મ સમયે જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે ગુરુની દશામાં અભ્યાસ-આર્થિક-સંતાન સંબંધી પ્રશ્નોનો સામનો કરવો પડે છે. સ્ત્રીજાતકને જીવનસાથી સાથે વૈચારિક-શારિરીક અલગતા અનુભવાય છે. વૃષભ લગ્નના જાતકોને આ દશા મારક ફળ આપશે. આર્થિક-શારિરીક બાબતમાં મૃત્યુતુલ્ય બીમારી અનુભવવી પડે છે. શિક્ષણ, ધાર્મિક શિક્ષણ આપતા, ધાર્મિક ક્રિયાકાંડ કરતાં કે નાણાકીય વ્યવહાર સાથે સંકળાયેલા લોકોને આ સમયમાં યશ-પ્રતિષ્ઠા ગળતી નથી. યાદદાસ્ત ઓછી થાય છે. ગળુ, ફેફસાં, મૂત્રાશય જલોદરનો રોગ થવાની સંભાવના રહે છે.

શનિદશા : જન્મસમયે શનિ જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે શનિની દશામાં પ્રકૃતિ-પ્રકોપના ભોગ બનવું પડે છે. વિરોધીઓનો પ્રહાર-હુમલાની શંકા રહે છે. આત્મગ્લાનિ થાય તેવું કામ કરવું પડે છે. સ્થાનપદ હાનિ થાય છે. કાર્યમાં વિઘ્ન-મુશ્કેલી આવે છે. હાથ નીચેના માણસો વિશ્વાસ જાળવે નહીં. લોખંડ-તેલ સાથે સંકયાયેલા વ્યવસાયના લોકોને આ સમયમાં નુકસાન સહન કરવું પડે છે. ખોપરીના અંદરના હાડકા, દાંત, કાન-હોજરી પક્ષાઘાત, લકવો, હિસ્ટ્રીરીયા કે પગ સંબંધી શારિરીક બીમારી ભોગવવી પડે છે.

બુધદશા : જન્મ સમયે બુધ જ્યારે શત્રુ કે અતિશત્રુ ગ્રહની રાશિમાં હોય ત્યારે બુધની દશામાં જીવનમાં અસ્થિરતાનો અનુભવ થાય છે. કુટુંબીજનો કે જેને પોતાની વ્યક્તિ ગણીએ તેનાથી સંકટ-મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વિરોધીઓ સામે પાછા પડવાનું થાય છે. ટ્રેડિંગ-દલાલી-નાણાકીય વ્યવહાર સ્ટેશનરી, દૂરસંચાર કે માહિતી પ્રસારણ સાથે સંકળાયેલ જાતકોને આ સમયમાં પ્રગતિ થતી નથી. ●

પ્રાચીન-અર્વાચીન હવામાનશાસ્ત્ર

લેખક : શ્રી ભૂપેન્દ્ર ન. ધોળકિયા

બી-૮, ન્યૂ ભૂમિકા ફ્લેટ, કે. કે. નગર, ચાર રસ્તા પાસે,
પોસ્ટ- ચાંદલોડિયા, અમદાવાદ- ૩૮૨૪૮૧.

ખેતીપ્રધાન ભારત દેશનો આધાર હવામાન પર રહેલ છે. ખરીફ પાક, રવિ પાકને કેવું હવામાન જોઈએ છે તેની સમજ આપી હોળી, અખાત્રીજના દિવસે વાયુનું નિરીક્ષણ કરી આવનારા દિવસોમાં કેવું હવામાન રહેશે તેની સમજ લેખમાં આપવામાં આવેલ છે.

સંશોધન વિભાગ

હવામાન એટલે સ્થાનિક પરિસ્થિતિમાં ચોક્કસ સમયે ઉષ્ણતામાન, હવાનું દબાણ, ભેજનું પ્રમાણ, પવનની દિશા અને ગતિ, વરસાદ વગેરે પરિબળોનો નિર્દેશ. આર્થિક-સામાજિક અને કૃષિક્ષેત્રની પ્રવૃત્તિમાં હવામાન મુખ્ય ચાલકબળ ગણાય છે. પ્રાચીન હવામાનશાસ્ત્ર અને આધુનિક સાહિત્યનો સમન્વય કરતાં ઘણી ખગોળીય બાબતો સામ્યતા સૂચક છે.

આપણો ભારત દેશ ખેતીપ્રધાન હોવા ઉપરાંત પૃથ્વી પરના સમશીતોષ્ણ કટિબંધ ઉપર આવેલો હોવાથી આપણે ત્યાં આખા વર્ષમાં ત્રણ જાતનું હવામાન રહે છે. શિયાળામાં ઠંડી, ઝાકળ, ધુમસ તથા થોડો વરસાદ પણ પડે છે. ઉનાળામાં સખત ગરમી પડે છે. ધૂળ ઉડે છે, લૂ વાય છે તથા ચોમાસામાં વરસાદ પડે છે તેથી ગરમી તથા ભેજ હવામાનમાં ખૂબ રહે છે. ત્રણ જાતના આ હવામાનથી આપણા દેશમાં કૃષિ પાક પણ ત્રણ પ્રકારે થાય છે.

ચોમાસામાં તૈયાર થતી ખેતીને ખરીફ પાક કહે છે. શિયાળામાં તૈયાર થતી કૃષિ ઊપજને રવી પાક કહે છે જ્યારે ઉનાળામાં થતી ખેતી હરીપાક તરીકે ઓળખાય છે. આમ કૃષિ વૈવધ્યને કારણે જ ઋતુઓના ચોક્કસ જ્ઞાનની આપણે ત્યાં ખાસ જરૂર છે. આપણાં પ્રાચીન ગ્રંથોમાં આ સંબંધમાં જે નિયમો આપવામાં આવ્યા છે તે ગ્રંથો જે સમયમાં લખાયા છે તે સમયનાં (ગ્રંથ રચના કાલના) છે. આથી હાલમાં - વર્તમાન સમયમાં કેટલો ફેરફાર થયો તે સમજવું પડે તેમ છે. દર ૭૦-૭૨ વરસે ઋતુમાં એક દિવસનો ફેર પડે છે.

તેથી જ આજથી ૧૫૦૦ (પંદરસો) વર્ષ પહેલાં લખાયેલા ગ્રંથોના નિયમોમાં તફાવત જણાય છે. એ ગ્રંથો જે સમયમાં લખાયા તે સમય માટે બહુ જ યોગ્ય હતા, પણ આજે તો જે ફેરફાર થયો છે તે જો નહિ સુધારી લઈએ તો ઋતુમાં ઘણી ભૂલો આવશે અને તેથી ખેતીવાડીમાં પણ નુકસાન થશે. ઋતુઓની ચોક્સાઇ ખગોળશાસ્ત્ર દ્વારા જ્યોતિષીઓએ જ નક્કી કરવાની હોય છે. પાંચ હજાર વરસોથી આપણા દેશમાં ખેતીને મદદરૂપ થવા માટે જ્યોતિષીઓએ પ્રયત્ન કર્યા છે અને તે પ્રયત્નોમાં તે ઘણાં સફળ થયા છે.

ઈ.સ. ૫૫૦ના અરસામાં આચાર્ય વરાહમિહિરે પોતાની બૃહદ્સંહિતામાં પ્રકરણ ૨૧થી ૨૮માં કૃષિવિદ્યા અને વર્ષા બાબતે વિગતવાર છણાવટ કરી છે.


પ્રાચીન અને અર્વાચીન બંને સાહિત્યમાં આંખે ઊડીને સમજાય તેવા બે તારણો મળે છે.

(૧) સૌર ઊર્જા, પૃથ્વીનું પોતાની ધરી ફરતું પરિભ્રમણ, સૂર્યને ફરતી પરિક્રમા, ઉત્તરાયણ, દક્ષિણાયન, વસંત સંપાત, શરદ સંપાત વગેરે જેવા ખગોળીય બનાવો પૃથ્વી અને સમુદ્રના તાપમાનમાં વધઘટ કરે છે, પવનની દિશા અને ઝડપ ઉપર અસર કરે છે, હવામાં ભેજના પ્રમાણની વધઘટ તેમ જ હળવા-ભારે દબાણ સર્જાતા વરસાદ-વાવાઝોડાં ઉત્પન્ન કરે છે.

(૨) પૃથ્વીના ઉપગ્રહ ચંદ્રના પ્રભાવથી સમુદ્રમાં ભરતી-ઓટ આવે છે તે વિજ્ઞાનસિદ્ધ હકીકત છે. કયા વિસ્તારમાં [illegible] ઓટ થશે તેનું આખું શાસ્ત્ર વિકાસ પામ્યું છે.

હવામાન-ઋતુચક્રના અભ્યાસમાં સાયન ગ્રહયોગો વધુ અસરકારક રહે છે કારણકે ઋતુચક્ર સાયન સૂર્યભ્રમણને અનુસરે છે. તા. ૨૧/૨૨ જૂને આવતો નિરયન આર્દ્રા પ્રવેશ ખરેખર તો સાયન કર્ક રાશિમાં સૂર્યપ્રવેશ સમયે જ તે બિંદુની નજીકમાં જ થાય છે.

મકરસંક્રાંતિ, હુતાસણી (હોળી), અખાત્રીજ, અષાઢી બીજ, અષાઢી પૂનમ વગેરે દિવસો ભારતીય ઋતુવિજ્ઞાન માટે વધુ મહત્ત્વનાં છે. પશ્ચિમ ભારતમાં કચ્છ-સૌરાષ્ટ્ર- ગુજરાતમાં તેની સવિશેષ અસરો જોવા મળે છે.



પશ્ચિમ ભારતમાં માર્ચથી જૂન માસના પૂર્વાર્ધ સુધી ઉનાળો રહે છે. લગભગ ૨૧ માર્ચથી સૂર્યના સીધા કિરણો આપણે ત્યાં પડે છે તે સાથે ગરમીનું પ્રમાણ વધવા માંડે છે.

ફાગણ સુદ પૂનમની સાંજે હોળી પ્રગટાવતી વખતે આપણે ત્યાં અનુભવી-અભ્યાસી લોકો પવનની દિશા તથા અગ્નિજવાળા અંગેના અવલોકન કરે છે. અનુભવી ખેડૂત બારેય માસમાં વિવિધ દિવસોએ કેવો પવન વાય છે તેને ધ્યાનમાં રાખીને ખેતીનું આયોજન કરે છે.

વાયુશાસ્ત્ર એક ગહન વિષય છે. તેને પોતાની ભાષામાં સરળ રીતે રજૂ કરવાના પ્રયત્નો આપણે ત્યાં ઘણાં વર્ષોથી થયા છે. ભડલી વાક્યો આ બાબતે વધુ મહત્ત્વ ધરાવે છે. આજથી ૧૦૫ વર્ષ અગાઉ ઈ.સ. ૧૯૦૪માં 'ચોમાસાના વર્તારાનો કોહીનૂર' નામનો ઉત્તમ ગ્રંથ લેખક શ્રી દેવજીભાઈ ઉકાભાઈ મકવાણા (પ્રજાપતિ)એ સૌરાષ્ટ્ર-કચ્છના ખેડૂતોના લાભાર્થે પ્રસિદ્ધ કરેલ. શ્રી દેવજીભાઈ રાજકોટ નજીક કૂવાડવા સ્કૂલના હેડમાસ્તર હતા. કચ્છ-ભુજમાં શાલિવાહન શાકે ૧૮૨૨ એટલે કે વિક્રમ સંવત ૧૯૫૬ના શ્રાવણ સુદ તેરસને ગુરુવારે (ઈ.સ. ૧૯૦૦ના ઑગસ્ટ માસમાં) શ્રી કાનજી મયાશંકર ત્રિવેદીએ 'વાયુ મહાશાસ્ત્ર' નામનો લઘુગ્રંથ પ્રસિદ્ધ કરેલ. ઈ.સ. ૧૯૪૫થી ૧૯૭૫ના ત્રણ દસકા દરમિયાન ખગોળશાસ્ત્રી શ્રી નાથાલાલ માધવજી મંડલી (વીરમગામ) તરફથી આ વિષય અંગે સમૃદ્ધ સામગ્રી નિયમિત પ્રસિદ્ધ થતી હતી.

પ્રાચીન-અર્વાચીન સિદ્ધાંતોના સમન્વયરૂપે આજે ઘણાં અનુભવી ખેડૂતો 'વાયુ નિરીક્ષણ -

વાયુશાસ્ત્રની અસરો' અંગે અભ્યાસ દાખવી રહ્યા છે.

આઠેય દિશાના પવન-તેના સાંકેતિક નામ અને તેની અસરોની માહિતી જોઈએ.

(૧) શિયાળુ : તેને હિમાળુ કે ચોખ્ખો ભૂખરવા (જમીન તરફથી આવતો) પવન કહે છે. તે ઉત્તર ઇશાનમાંથી વાય છે. શિયાળામાં પાછેતર પાકને ઉત્તમ ફાયદો કરે છે. આસો માસમાં શિયાળુ પવન વહેલો વહે તો કઠોળના પાકને લાભદાયી નીવડે છે પરંતુ જો હિમના રૂપમાં દાખલ થાય તો કપાસ અને ઘઉંનો પાક બગાડે છે.

(૨) સૂર્યો : વાયવ્ય ખૂણાના પવનને સૂર્યો કહે છે. આગામી ચોમાસાની ઋતુને મોટે ભાગે અનુકૂળ થાય છે. ચોમાસાના આરંભે આ પવન વરસાદની વધામણી આપે છે. શિયાળામાં કે ઉનાળામાં આ પવનથી મોટે ભાગે વરસાદ થતો નથી, છતાં હવામાનમાં પલટો આવી જાય છે.

(૩) પશ્ચિમ : આ પવન ઉનાળાની શરૂઆતથી જ જોવા મળે છે. અનુભવી લોકો કહે છે કે ધુમ્મસ-દરિયાઈ ઝાકળી વાદળા ચોમાસા માટે લાભદાયી ચિહ્ન ગણાય છે. ઉનાળો બેસવા માટે આ પવન અનુકૂળ ગણાય છે.

(૪) ગિરનારી : નૈઋત્યના મોસમી પવનને 'ગિરનારી' પવન કહે છે. ગિરનાર તરફથી આવતો આ પવન ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લો), મધ્ય ગુજરાત તથા ઉત્તર ગુજરાતમાં 'ગિરનારી'ના નામે ઓળખાય છે. જુદા જુદા સ્થળે તે જુદા જુદા નામે ઓળખાય છે. જામનગર પ્રદેશમાં તેને 'જામશાહી', મારવાડ-રાજસ્થાનમાં તેને 'કચ્છી' વાયુ કહે છે. જ્યારે અમુક વિસ્તારોમાં તે દરિયાઈ પવનના નામે ઓળખાય છે. ખેડૂતોમાં કહેવત છે કે, 'ગિરનારી કહે હું એવો લાવું કે ડુંગર માથે ડોબા પાવું' એટલે કે આ પવન સારો વરસાદ લાવે છે. સફળ ચોમાસું સૂચવે છે.

(૫) તેલી : દક્ષિણ દિશાના પવનને તેલી કહે છે. અનુભવી ખેડૂત લોકોમાં કહેવત છે કે, 'જો વાય તેલી, તો વરસાદને મૂકે ઠેલી.' દક્ષિણ દિશાનો શુદ્ધ પવન આપણા પ્રાંતના વરસાદને ઠેલી મૂકનાર (ધક્કો મારીને આગળ અન્ય પ્રદેશમાં વરસાદ મોકલનાર) ગણાય છે. આજના આધુનિક ભૌગોલિક કારણોની દૃષ્ટિએ પણ આ એક ઋતુ વૈજ્ઞાનિક સત્ય છે.

(૬) ખારી : અગ્નિ કોણના પવનને ખારી કહે છે. પશ્ચિમ તરફથી મુસાફરીમાં વેપારી વહાણોને ઉપયોગી થઈ પડનાર આ પવનને આપણા દેશી લોકો 'વેપાર વાયુ'ના નામે ઓળખે છે. ચોમાસાની શરૂઆતમાં જો આ ખારી વાયુ વાય તો વરસાદ કર્માધર્મી પડે છે. (ખંડવૃષ્ટિના યોગ બને છે). પરંતુ જો ગુજરાત-સૌરાષ્ટ્રમાં આ પવન વાય તો વરસાદમાં લગભગ એક મહિનાનો વિલંબ કરાવે છે.

(૭) ભૂર : પૂર્વ દિશાના પવનને 'ભૂર' કહે છે. ચોમાસું પૂરું થવાની અને શિયાળો બેસવાની નિશાની તરીકે આ પવન વાય છે. આપણા દેશમાં પશ્ચિમ ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં આ પવન ન વાય ત્યાં સુધી ચોમાસું ચાલુ રહે છે. એમ મનાય છે કે આથી જ શ્રાદ્ધ પક્ષમાં કે નવરાત્રિમાં આવતો વરસાદ 'ભૂરના પાણી' તરીકે ઓળખાય છે.

(૮) ભાંભળી : ચારેય દિશા અને ખૂણા વચ્ચેનો પવન (ખાસ કરીને સૂર્યો અને પશ્ચિમ વચ્ચેનો પવન હોય ત્યારે) ભાંભળી તરીકે ઓળખાય છે. ભાંભળી પવનથી રોગચાળો આવે છે. તાવ-શીળી-અછબડાં વગેરે રોગના વાયરા લાવે છે. આ પવનને લીધે નાના બાળકો ઉપરાંત પશુઓમાં પણ મંદવાડ આવે છે તેવું ખેડૂતોનું મંતવ્ય છે.

આમ ભડલી વાક્યોનું સાચું અર્થઘટન ભૌગોલિક સ્થળ સ્થિતિ મુજબ કરવું જરૂરી છે. મારવાડ-મેવાડ-માળવી ઉજ્જૈન- વઢિયાર- ઝાલાવાડ-હાલાર - સોરઠ- કચ્છ- કાઠિયાવાડ- કાનમ-ચરોતર - આરાસુર- અરવલ્લી વગેરે પ્રદેશોની સ્થળ સ્થિતિને અનુરૂપ ફળાદેશ કરવામાં આવે તે જરૂરી છે.

પ્રાચીન સાહિત્યના તારણો તેમ જ આધુનિક હવામાનશાસ્ત્રનો સમન્વય કરતાં એક રહસ્ય જાણવા મળ્યું કે સૂર્યમંડળમાંના સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિની એકબીજા સાથેની ગતિવિધિ એટલે કે એકબીજા સાથેના કોણ (એંગલ) તેમ જ અંતર (ડિસ્ટન્સ) દ્રષ્ટિયોગ (આસ્પેક્ટ)ની સ્થિતિ હવામાનમાં અગત્યનો ભાગ ભજવે છે.

આ ખગોળીય વૈવિધ્યના કારણે ઓછી ગરમી કે ઠંડી, વધુ કે ઓછો વરસાદ, ભારે કે અતિ ભારે વરસાદ, વાવાઝોડું વગેરે બનાવો બને છે પણ દર વખતે તે જ તારીખે-વારે બનાવ બનતા નથી.

આમ ખગોળ-ભૂગોળ તેમ જ આધુનિક હવામાનશાસ્ત્રનો સમન્વય કરીને નીર ક્ષીર વિવેકબુદ્ધિથી તારણો તૈયાર કરવા જોઈએ. કુદરતના કોઈ બનાવ અકસ્માતે બનતા નથી. દરેકની પાછળ વિશ્વનાં ભૌગોલિક કારણો હોય છે જ ! તેના સંકેતો પણ અગાઉથી જણાય છે, આપણે તે સંકેતોને ઓળખવાનો અભ્યાસ વધારવો જોઈએ.

શ્રીમદ્ ભાગવતમાં શુક્રને વૃષ્ટિનો કારક ગણ્યો છે. સૂર્યમંડળમાં સૂર્ય અને પૃથ્વી વચ્ચેના બે ગ્રહો બુધ અને શુક્ર સૂર્યની આસપાસ ટૂંકા ગાળામાં ભ્રમણ કરે છે. આ બે ગ્રહો (ઈનર પ્લેનેટ) વર્ષ દરમિયાન અવારનવાર પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવે છે. બુધ કે શુક્ર જ્યારે પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવી જાય છે ત્યારે સૂર્યની ગરમી પૃથ્વીને ઓછા પ્રમાણમાં મળે શકે છે. માટે જ જ્યોતિષશાસ્ત્રમાં - હવામાનશાસ્ત્રમાં બુધ અને શુક્રના વક્રી ભ્રમણને વિશેષ મહત્ત્વ અપાય છે.

આમ બુધ અને શુક્ર હવામાનમાં વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે. હવામાનના ફેરફારથી કૃષિ ઊપજમાં વધઘટ થાય છે અને જ્યારે અન્ય રાજકીય હસ્તક્ષેપ (દખલગીરી) ન હોય ત્યારે આ સિદ્ધાંતો બજારોની તેજી-મંદીની રૂખમાં સચોટ પરિસ્થિતિનું સૂચન કરે છે.

આપણા શાસ્ત્રોમાં સૂચવેલા પર્જન્ય ભવિષ્યના યોગોને આ ભૂગોળ-ખગોળ અને વર્ષાવિજ્ઞાનની દૃષ્ટિએ ચકાસીએ ત્યારે અદ્ભુત અને આશ્ચર્યકારક પરિણામ જોવા મળે છે.

નિસર્ગના ઊંડા અભ્યાસી, સવાઈ ગુજરાતી સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકર આથી જ બુધને સૂર્યનો પ્રાઈવેટ સેક્રેટરી (અંગત મદદનીશ) ગણાવે છે.

સંશોધન વિભાગ

ગોચર નવમાંશ...

(૨૫૯માં પાનાથી ચાલુ)

જન્મના શનિની પણ ચંદ્ર પર દૃષ્ટિ હશે તો, ઉપરોક્ત ચારેય રાશીવાળી વ્યક્તિને મનોબળ ઘટવાથી, વિચારોમાં દ્વિધા, જમવામાં અરૂચી, પાચનશક્તિ મંદ, નિર્ણયોમાં વિલંબ, કાર્યશક્તિ ઘટી જાય, ઊંઘ વધી જાય તેમ જ લાગણી દુભાય.

(૨) ઉદાહરણ : કોઈપણ વ્યક્તિની કુંડળીમાં જન્મકુંડીનો સૂર્ય નીચેનો હોય, તો તેના પર તા. **૨૨-૩-૦૯થી** તા. ૧૦-૭-૦૯ દરમિયાનનો નવમાંશનો તુલાનો શનિ તેના જન્મના તુલાના સૂર્ય પરથી પસાર થતાં જે તે કુંડળીના ભાવમાં સિંહરાશી જ્યાં સ્થિત હશે તે સ્થાનનું અશુભ ફળ મળશે. એટલે કે કર્ક લગ્નની કુંડળીમાં નીચેનો સૂર્ય ધનેશ થતો હોવાથી ધનનો આકસ્મિક ખર્ચ, કે આર્થિક નુકસાની સહન કરવી પડે.

(૩) જો સિંહ લગ્નની કુંડળીમાં સૂર્ય લગ્નેશ થઈ નીચનો થતો હોય તો, આ સમય દરમિયાન જાતકની કાર્યશક્તિ મંદ પડે, આરોગ્ય બગડે તેમ જ માન-પ્રતિષ્ઠાને આંચ આવે. પેટની/આંખની તકલીફ થાય.

(૪) જો મેષ લગ્નની કુંડળીમાં સૂર્ય પંચમેશ થઈ નીચનો થતો હોય તો, આ સમય દરમિયાન નવમાંશના તુલાના ઉચ્ચના શનિનો પ્રભાવ સૂર્ય પર શત્રુગ્રહના સંબંધે જાતકને વિદ્યા-અભ્યાસમાં વિઘ્નો, કે સંતાનના પ્રશ્નો કે શેર-સટ્ટાથી નુકસાની સહન કરવી પડે.

(૫) આ રીતે વૃશ્ચિક લગ્નની કુંડળીમાં... સૂર્ય દશમેશ થાય છે. તેથી દશમેશ સૂર્ય પર તુલાના નવમાંશ શનિનું ગોચર અસર કરે, એટલે કે સૂર્ય મેષ, કર્ક, તુલા કે ધનરાશીમાં સ્થિત હોય તો તા. ૨૨-૩-૦૯થી તા. ૧૦-૭-૦૯ દરમિયાન જાતકને કર્મક્ષેત્રે સહન કરવું પડે. જાહેર જીવનમાં માન-પ્રતિષ્ઠા ઘટે, ધંધો નબળો પડે, પિતા સાથે અણબનાવ થાય, સરકારી પ્રશ્નો ઊભા થાય, નોકરી ગુમાવવી પડે અથવા આવક ઘટી જાય, નવા કામકાજની પ્રગતિમાં રુકાવટ આવે. વિભાજન થાય.

ગોચર નવમાંશ ગ્રહોનું ફળાદેશમાં વિશેષ મહત્વ

લેખક : શ્રી અશોક જે. બખાઇ
મહાવીર, ૩૫-એ, શ્રદ્ધાદીપ સોસાયટી, કેન્દ્રીય વિદ્યાલય પાછળ, ટેલિફોન કવાર્ટર્સની બાજુમાં, કાલાવડ રોડ, રાજકોટ-૫. મો.- ૯૮૯૮૫૬૭૩૯૦.

ગોચરનો ગ્રહ કયા નવમાંશમાં ચાલે છે અને તેની જુદી જુદી રાશિઓ પર શું અસર પડે છે તેની સમજ અત્યારના ગોચરના શનિના નવમાંશનો કોઠો આપી લેખકે આપી છે. વિદ્યાર્થી વર્ગને લેખ જરૂર ગમશે.

જ્યોતિષશાસ્ત્રમાં ફળાદેશમાં અપનાવવામાં આવતી અલગ અલગ પદ્ધતિમાંની આ એક વિશેષ અને સચોટ ફળાદેશ પદ્ધતિ સાબિત થયેલ છે. જેમાં વિશેષ ગણિતના ઉપયોગ વગર અતિ સરળતાથી તૈયાર થતી ગ્રહોની નવમાંશ સ્થિતિનો ઉપયોગ કરી ફળાદેશ કરવામાં આવે તો ચોક્કસ માર્ગદર્શન આપી શકાય તેવો મારો અનુભવ છે.

સામાન્ય રીતે ફળાદેશમાં જન્મકુંડળીના ગ્રહોની સ્થિતિનો અભ્યાસ કરી ગોચર ગ્રહોની સ્થિતિના આધારે ફળાદેશ થાય છે. પરંતુ અહીં ગોચરના ગ્રહો સાથે તે ગોચર ગ્રહોની નવમાંશમાં કઈ રાશીમાં સ્થિતિ છે. તેને આધારે વિશેષ ઉંડાણપૂર્વકના અભ્યાસ દ્વારા ચોક્કસ ફળાદેશ આપી શકાય છે.

દાખલા તરીકે, હાલ ગોચરમાં શનિ ગ્રહ... સિંહ રાશીમાં સ્થિત છે. તા. ૧૬-૭-૦૭થી તા. ૯-૯-૦૯ સુધી શનિ સિંહસ્થ છે, પરંતુ આ શનિ આ સમય ગાળા દરમિયાન નવમાંશમાંથી મેષરાશીથી ધનરાશી સુધી નવ રાશીમાંથી પસાર થશે. એટલે કે શનિના ગોચર પ્રમાણે 0° ડિગ્રીથી ૩૦° ડિગ્રી-દરમિયાન

૦થી ૩°-૨૦' મેષ
૩°-૨૧'થી ૬°-૪૦' વૃષભ
૬°-૪૧'થી ૧૦°-૦' મિથુન

આ મુજબ શનિ ૧થી ૯ રાશિમાંથી પસાર થશે. ત્યાર બાદ ગોચરનો શનિ કન્યા રાશિમાં પ્રવેશ કરશે.

ગોચરનો શનિ... સિંહસ્થ (સિંહ રાશીમાં)

તા. ૧૬-૭-૦૭થી તા. ૯-૯-૦૯ સુધી રહેશે.

તે દરમિયાન શનિ નવમાંશમાં ૧થી ૯ રાશી (મેષથી ધનરાશી)માંથી પસાર થશે. એટલે કે

શનિ ગ્રહની ગતિ ડિગ્રીમાં	શનિ ગ્રહની નવમાંશ રાશી ૧થી ૯	શનિનો ચોક્કસ નવમાંશમાં સમયગાળો			વિશેષ નોંધ
		તારીખ	થી	તારીખ	
૦.૦થી ૩.૨૦	૧	૧૬-૭-૦૭	થી	૧૧-૮-૦૭	
૩.૨૦થી ૬.૪૦	૨	૧૨-૮-૦૭	થી	૭-૯-૦૭	
૬.૪૦થી ૧૦.૦	૩	૮-૯-૦૭	થી	૫-૧૦-૦૭	
૧૦.૦થી ૧૩.૨૦	૪	૬-૧૦-૦૭	થી	૧૧-૧૧-૦૭	
૧૩.૨૦થી ૧૬.૪૦	૫	૧૨-૧૧-૦૭	થી	૨૬-૧-૦૮	વક્રી
૧૩.૨૦થી ૧૦.૦	૪	૨૭-૧-૦૮	થી	૯-૩-૦૮	વક્રી
૧૦.૦થી ૬.૪૦	૩	૧૦-૩-૦૮	થી	૨૪-૬-૦૮	વક્રી-માર્ગી
૧૦.૦થી ૧૩.૨૦	૪	૨૫-૬-૦૮	થી	૨૭-૭-૦૮	
૧૩.૨૦થી ૧૬.૪૦	૫	૨૮-૭-૦૮	થી	૨૪-૮-૦૮	
૧૬.૪૦થી ૨૦.૦	૬	૨૫-૮-૦૮	થી	૨૦-૯-૦૮	
૨૦.૦થી ૨૩.૨૦	૭	૨૧-૯-૦૮	થી	૧૮-૧૦-૦૮	
૨૩.૨૦થી ૨૬.૪૦	૮	૧૯-૧૦-૦૮	થી	૨૬-૧૧-૦૮	
૨૬.૪૦થી ૩૦.૦	૯	૨૭-૧૧-૦૮	થી	૫-૨-૦૯	વક્રી
૨૬.૪૦થી ૨૩.૨૦	૮	૬-૨-૦૯	થી	૨૨-૩-૦૯	વક્રી
૨૩.૨૦થી ૨૦.૦	૭	૨૨-૩-૦૯	થી	૧૦-૭-૦૯	વક્રી-માર્ગી
૨૩.૨૦થી ૨૬.૪૦	૮	૧૦-૭-૦૯	થી	૧૨-૮-૦૯	
૨૬.૪૦થી ૩૦.૦	૯	૧૨-૮-૦૯	થી	૯-૯-૦૯	

સામાન્ય ગોચરના અભ્યાસથી શનિ એક રાશીમાં અઢી વર્ષ રહે છે, પરંતુ અહીં સંશોધનાત્મક વલણ અપનાવીને... શનિની નવમાંશ રાશીને ધ્યાનમાં લઈએ તો, શનિ ૧થી ૯ રાશીમાંથી પસાર થશે. પરિણામે, ગોચર શનિના ભ્રમણ દરમિયાન નવમાંશનો શનિ અલગ-અલગ રાશીમાંથી પસાર થઈને અલગ પ્રકારનું ફળકથન કરશે.

મારા અનુભવસિદ્ધ પ્રયોગથી નવમાંશના ગોચરને ધ્યાનમાં લેતાં તેની સ્થિતિ, તેમ જ તેની દૃષ્ટિ અને યુતિના સંબંધો દ્વારા ફળાદેશમાં નવો ચમત્કાર જોવા મળશે. આ સંશોધનથી ફળાદેશની પદ્ધતિમાં કોઈ ફેરાર થતો નથી. પરંતુ ગોચર ગ્રહની ગતિ મુજબ તેની અંશાત્મક પરિસ્થિતિ પ્રમાણે નવમાંશ રાશીનો ફેરફાર જે બદલાય છે તેથી ફળાદેશ સમય મુજબ બદલાતો રહે છે.

ઉપરોક્ત સંશોધનનો પ્રેક્ટિકલ ઉપયોગ ધીમી ગતિના ગ્રહો (એક રાશીમાં લાંબો સમય સુધી રહેનારા ગ્રહો) એટલે કે શનિ, રાહુ, ગુરુ જેવા ગ્રહોના ગોચરભ્રમણના સમય દરમિયાનનો, નવમાંશ રાશી માટેનો ગોચર સમયનો કોઠો બનાવી ફળાદેશમાં અપનાવવામાં આવે તો ફળાદેશનો ટૂંકો ગાળો આપવામાં જ્યોતિષવર્ગને અનેરી સફળતા મળશે.

ઉદાહરણો : (૧) શનિના ટેબલ મુજબ હાલમાં નવમાંશમાં શનિ તા. ૨૨-૩-૦૯થી તા. ૧૦-૭-૦૯ સુધી તુલા રાશીમાંથી પસાર થાય છે. તેથી તેની દૃષ્ટિ મેષ રાશી, કર્ક રાશી, તુલા રાશી અને ધન રાશી પર રહેશે. એટલે કે આ ચારેય રાશીની વ્યક્તિઓને આ સમયગાળા દરમિયાન માનસિક હતાશા- (Mental Depression) રહેશે. જન્મનો ચંદ્ર શનિની દૃષ્ટિ કે યુતિથી સંબંધિત ન હોય તો પણ માનસિક હતાશા જોવા મળશે. જો

(અનુસંધાન પાનું ૨૫૮)

વાયુશાસ્ત્રની અસરો' અંગે અભ્યાસ દાખવી રહ્યા છે.

આઠેય દિશાના પવન-તેના સાંકેતિક નામ અને તેની અસરોની માહિતી જોઈએ.

(૧) શિયાળુ : તેને હિમાળુ કે ચોખ્ખો ભૂખરવા (જમીન તરફથી આવતો) પવન કહે છે. તે ઉત્તર ઈશાનમાંથી વાય છે. શિયાળામાં પાછેતર પાકને ઉત્તમ ફાયદો કરે છે. આસો માસમાં શિયાળુ પવન વહેલો વહે તો કઠોળના પાકને લાભદાયી નીવડે છે પરંતુ જો હિમના રૂપમાં દાખલ થાય તો કપાસ અને ઘઉંનો પાક બગાડે છે.

(૨) સૂર્યો : વાયવ્ય ખૂણાના પવનને સૂર્યો કહે છે. આગામી ચોમાસાની ઋતુને મોટે ભાગે અનુકૂળ થાય છે. ચોમાસાના આરંભે આ પવન વરસાદની વધામણી આપે છે. શિયાળામાં કે ઉનાળામાં આ પવનથી મોટે ભાગે વરસાદ થતો નથી, છતાં હવામાનમાં પલટો આવી જાય છે.

(૩) પશ્ચિમ : આ પવન ઉનાળાની શરૂઆતથી જ જોવા મળે છે. અનુભવી લોકો કહે છે કે ધુમ્મસ-દરિયાઈ ઝાકળી વાદળા ચોમાસા માટે લાભદાયી ચિહ્ન ગણાય છે. ઉનાળો બેસવા માટે આ પવન અનુકૂળ ગણાય છે.

(૪) ગિરનારી : નૈઋત્યના મોસમી પવનને 'ગિરનારી' પવન કહે છે. ગિરનાર તરફથી આવતો આ પવન ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લો), મધ્ય ગુજરાત તથા ઉત્તર ગુજરાતમાં 'ગિરનારી'ના નામે ઓળખાય છે. જુદા જુદા સ્થળે તે જુદા જુદા નામે ઓળખાય છે. જામનગર પ્રદેશમાં તેને 'જામશાહી', મારવાડ-રાજસ્થાનમાં તેને 'કચ્છી' વાયુ કહે છે. જ્યારે અમુક વિસ્તારોમાં તે દરિયાઈ પવનના નામે ઓળખાય છે. ખેડૂતોમાં કહેવત છે કે, 'ગિરનારી કહે હું એવો લાવું કે ડુંગર માથે ડોબા પાવું' એટલે કે આ પવન સારો વરસાદ લાવે છે. સફળ ચોમાસું સૂચવે છે.

(૫) તેલી : દક્ષિણ દિશાના પવનને તેલી કહે છે. અનુભવી ખેડૂત લોકોમાં કહેવત છે કે, 'જો વાય તેલી, તો વરસાદને મૂકે ઠેલી.' દક્ષિણ દિશાનો શુદ્ધ પવન આપણા પ્રાંતના વરસાદને ઠેલી મૂકનાર (ધક્કો મારીને આગળ અન્ય પ્રદેશમાં વરસાદ મોકલનાર) ગણાય છે. આજના આધુનિક ભૌગોલિક કારણોની દૃષ્ટિએ પણ આ એક ઋતુ વૈજ્ઞાનિક સત્ય છે.

(૬) ખારી : અગ્નિ કોણના પવનને ખારી કહે છે. પશ્ચિમ તરફથી મુસાફરીમાં વેપારી વહાણોને ઉપયોગી થઈ પડનાર આ પવનને આપણા દેશી લોકો 'વેપાર વાયુ'ના નામે ઓળખે છે. ચોમાસાની શરૂઆતમાં જો આ ખારી વાયુ વાય તો વરસાદ કર્માધર્મી પડે છે. (ખંડવૃષ્ટિના યોગ બને છે). પરંતુ જો ગુજરાત-સૌરાષ્ટ્રમાં આ પવન વાય તો વરસાદમાં લગભગ એક મહિનાનો વિલંબ કરાવે છે.

(૭) ભૂર : પૂર્વ દિશાના પવનને 'ભૂર' કહે છે. ચોમાસું પૂરું થવાની અને શિયાળો બેસવાની નિશાની તરીકે આ પવન વાય છે. આપણા દેશમાં પશ્ચિમ ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં આ પવન ન વાય ત્યાં સુધી ચોમાસું ચાલુ રહે છે. એમ મનાય છે કે આથી જ શ્રાદ્ધ પક્ષમાં કે નવરાત્રિમાં આવતો વરસાદ 'ભૂરના પાણી' તરીકે ઓળખાય છે.

(૮) ભાંભળી : ચારેય દિશા અને ખૂણા વચ્ચેનો પવન (ખાસ કરીને સૂર્યો અને પશ્ચિમ વચ્ચેનો પવન હોય ત્યારે) ભાંભળી તરીકે ઓળખાય છે. ભાંભળી પવનથી રોગચાળો આવે છે. તાવ-શીળી-અછબડાં વગેરે રોગના વાયરા લાવે છે. આ પવનને લીધે નાના બાળકો ઉપરાંત પશુઓમાં પણ મંદવાડ આવે છે તેવું ખેડૂતોનું મંતવ્ય છે.

આમ ભડલી વાક્યોનું સાચું અર્થઘટન ભૌગોલિક સ્થળ સ્થિતિ મુજબ કરવું જરૂરી છે. મારવાડ-મેવાડ-માળવી ઉજ્જૈન- વઢિયાર- ઝાલાવાડ-હાલાર - સોરઠ- કચ્છ- કાઠિયાવાડ- કાનમ-ચરોતર - આરાસુર- અરવલ્લી વગેરે પ્રદેશોની સ્થળ સ્થિતિને અનુરૂપ ફળાદેશ કરવામાં આવે તે જરૂરી છે.

પ્રાચીન સાહિત્યના તારણો તેમ જ આધુનિક હવામાનશાસ્ત્રનો સમન્વય કરતાં એક રહસ્ય જાણવા મળ્યું કે સૂર્યમંડળમાંના સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિની એકબીજા સાથેની ગતિવિધિ એટલે કે એકબીજા સાથેના કોણ (એંગલ) તેમ જ અંતર (ડિસ્ટન્સ) દ્રષ્ટિયોગ (આસ્પેક્ટ)ની સ્થિતિ હવામાનમાં અગત્યનો ભાગ ભજવે છે.

આ ખગોળીય વૈવિધ્યના કારણે ઓછી ગરમી કે ઠંડી, વધુ કે ઓછો વરસાદ, ભારે કે અતિ ભારે વરસાદ, વાવાઝોડું વગેરે બનાવો બને છે પણ દર વખતે તે જ તારીખે-વારે બનાવ બનતા નથી.

આમ ખગોળ-ભૂગોળ તેમ જ આધુનિક હવામાનશાસ્ત્રનો સમન્વય કરીને નીર ક્ષીર વિવેકબુદ્ધિથી તારણો તૈયાર કરવા જોઈએ. કુદરતના કોઈ બનાવ અકસ્માતે બનતા નથી. દરેકની પાછળ વિશ્વનાં ભૌગોલિક કારણો હોય છે જ ! તેના સંકેતો પણ અગાઉથી જણાય છે, આપણે તે સંકેતોને ઓળખવાનો અભ્યાસ વધારવો જોઈએ.

શ્રીમદ્ ભાગવતમાં શુક્રને વૃષ્ટિનો કારક ગણ્યો છે. સૂર્યમંડળમાં સૂર્ય અને પૃથ્વી વચ્ચેના બે ગ્રહો બુધ અને શુક્ર સૂર્યની આસપાસ ટૂંકા ગાળામાં ભ્રમણ કરે છે. આ બે ગ્રહો (ઈનર પ્લેનેટ) વર્ષ દરમિયાન અવારનવાર પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવે છે. બુધ કે શુક્ર જ્યારે પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવી જાય છે ત્યારે સૂર્યની ગરમી પૃથ્વીને ઓછા પ્રમાણમાં મળે શકે છે. માટે જ જ્યોતિષશાસ્ત્રમાં - હવામાનશાસ્ત્રમાં બુધ અને શુક્રના વક્રી ભ્રમણને વિશેષ મહત્ત્વ અપાય છે.

આમ બુધ અને શુક્ર હવામાનમાં વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે. હવામાનના ફેરફારથી કૃષિ ઊપજમાં વધઘટ થાય છે અને જ્યારે અન્ય રાજકીય હસ્તક્ષેપ (દખલગીરી) ન હોય ત્યારે આ સિદ્ધાંતો બજારોની તેજી-મંદીની રૂખમાં સચોટ પરિસ્થિતિનું સૂચન કરે છે.

આપણા શાસ્ત્રોમાં સૂચવેલા પર્જન્ય ભવિષ્યના યોગોને આ ભૂગોળ-ખગોળ અને વર્ષાવિજ્ઞાનની દૃષ્ટિએ ચકાસીએ ત્યારે અદ્‌ભુત અને આશ્ચર્યકારક પરિણામ જોવા મળે છે.

નિસર્ગના ઊંડા અભ્યાસી, સવાઈ ગુજરાતી સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકર આથી જ બુધને સૂર્યનો પ્રાઈવેટ સેક્રેટરી (અંગત મદદનીશ) ગણાવે છે. ●

ગોચર નવમાંશ...

(૨૫૯માં પાનાથી ચાલુ)

જન્મના શનિની પણ ચંદ્ર પર દૃષ્ટિ હશે તો, ઉપરોક્ત ચારેય રાશીવાળી વ્યક્તિને મનોબળ ઘટવાથી, વિચારોમાં દ્વિધા, જમવામાં અરૂચી, પાચનશક્તિ મંદ, નિર્ણયોમાં વિલંબ, કાર્યશક્તિ ઘટી જાય, ઊંઘ વધી જાય તેમ જ લાગણી દુભાય.

(૨) ઉદાહરણ : કોઈપણ વ્યક્તિની કુંડળીમાં જન્મકુંડીનો સૂર્ય નીચેનો હોય, તો તેના પર તા. **૨૨-૩-૦૯થી તા. ૧૦-૭-૦૯** દરમિયાનનો નવમાંશનો તુલાનો શનિ તેના જન્મના તુલાના સૂર્ય પરથી પસાર થતાં જે તે કુંડળીના ભાવમાં સિંહરાશી જ્યાં સ્થિત હશે તે સ્થાનનું અશુભ ફળ મળશે. એટલે કે કર્ક લગ્નની કુંડળીમાં નીચેનો સૂર્ય ધનેશ થતો હોવાથી ધનનો આકસ્મિક ખર્ચ, કે આર્થિક નુકસાની સહન કરવી પડે.

(૩) જો સિંહ લગ્નની કુંડળીમાં સૂર્ય લગ્નેશ થઈ નીચનો થતો હોય તો, આ સમય દરમિયાન જાતકની કાર્યશક્તિ મંદ પડે, આરોગ્ય બગડે તેમ જ માન-પ્રતિષ્ઠાને આંચ આવે. પેટની/આંખની તકલીફ થાય.

(૪) જો મેષ લગ્નની કુંડળીમાં સૂર્ય પંચમેશ થઈ નીચનો થતો હોય તો, આ સમય દરમિયાન નવમાંશના તુલાના ઉચ્ચના શનિનો પ્રભાવ સૂર્ય પર શત્રુગ્રહના સંબંધે જાતકને વિદ્યા-અભ્યાસમાં વિઘ્નો, કે સંતાનના પ્રશ્નો કે શૅર-સટ્ટાથી નુકસાની સહન કરવી પડે.

(૫) આ રીતે વૃશ્ચિક લગ્નની કુંડળીમાં... સૂર્ય દશમેશ થાય છે. તેથી દશમેશ સૂર્ય પર તુલાના નવમાંશ શનિનું ગોચર અસર કરે, એટલે કે સૂર્ય મેષ, કર્ક, તુલા કે ધનરાશીમાં સ્થિત હોય તો તા. ૨૨-૩-૦૯થી તા. ૧૦-૭-૦૯ દરમિયાન જાતકને કર્મક્ષેત્રે સહન કરવું પડે. જાહેર જીવનમાં માન-પ્રતિષ્ઠા ઘટે, ધંધો નબળો પડે, પિતા સાથે અણબનાવ થાય, સરકારી પ્રશ્નો ઊભા થાય, નોકરી ગુમાવવી પડે અથવા આવક ઘટી જાય, નવા કામકાજની પ્રગતિમાં રુકાવટ આવે. વિભાજન થાય. ●

ગોચર નવમાંશ ગ્રહોનું ફળાદેશમાં વિશેષ મહત્વ

લેખક : શ્રી અશોક જે. બખાઇ
મહાવીર, ૩૫-એ, શ્રદ્ધાદીપ સોસાયટી, કેન્દ્રીય વિદ્યાલય પાછળ, ટેલિફોન ક્વાર્ટર્સની બાજુમાં, કાલાવડ રોડ, રાજકોટ-૫. મો.- ૯૮૯૮૫૬૭૩૯૦.

ગોચરનો ગ્રહ કયા નવમાંશમાં ચાલે છે અને તેની જુદી જુદી રાશિઓ પર શું અસર પડે છે તેની સમજ અત્યારના ગોચરના શનિના નવમાંશનો કોઠો આપી લેખકે આપી છે. વિદ્યાર્થી વર્ગને લેખ જરૂર ગમશે.

જ્યોતિષશાસ્ત્રમાં ફળાદેશમાં અપનાવવામાં આવતી અલગ અલગ પદ્ધતિમાંની આ એક વિશેષ અને સચોટ ફળાદેશ પદ્ધતિ સાબિત થયેલ છે. જેમાં વિશેષ ગણિતના ઉપયોગ વગર અતિ સરળતાથી તૈયાર થતી ગ્રહોની નવમાંશ સ્થિતિનો ઉપયોગ કરી ફળાદેશ કરવામાં આવે તો ચોક્કસ માર્ગદર્શન આપી શકાય તેવો મારો અનુભવ છે.

સામાન્ય રીતે ફળાદેશમાં જન્મકુંડળીના ગ્રહોની સ્થિતિનો અભ્યાસ કરી ગોચર ગ્રહોની સ્થિતિના આધારે ફળાદેશ થાય છે. પરંતુ અહીં ગોચરના ગ્રહો સાથે તે ગોચર ગ્રહોની નવમાંશમાં કઈ રાશીમાં સ્થિતિ છે. તેને આધારે વિશેષ ઉંડાણપૂર્વકના અભ્યાસ દ્વારા ચોક્કસ ફળાદેશ આપી શકાય છે.

દાખલા તરીકે, હાલ ગોચરમાં શનિ ગ્રહ... સિંહ રાશીમાં સ્થિત છે. તા. ૧૬-૭-૦૭થી તા. ૯-૯-૦૯ સુધી શનિ સિંહસ્થ છે, પરંતુ આ શનિ આ સમય ગાળા દરમિયાન નવમાંશમાંથી મેષરાશીથી ધનરાશી સુધી નવ રાશીમાંથી પસાર થશે. એટલે કે શનિના ગોચર પ્રમાણે ૦° ડિગ્રીથી ૩૦° ડિગ્રી-દરમિયાન

૦થી ૩°-૨૦' મેષ
૩°-૨૧'થી ૬°-૪૦' વૃષભ
૬°-૪૧'થી ૧૦°-૦' મિથુન

આ મુજબ શનિ ૧થી ૯ રાશિમાંથી પસાર થશે. ત્યાર બાદ ગોચરનો શનિ કન્યા રાશિમાં પ્રવેશ કરશે.

ગોચરનો શનિ... સિંહસ્થ
(સિંહ રાશીમાં)
તા. ૧૬-૭-૦૭થી તા. ૯-૯-૦૯ સુધી રહેશે.

તે દરમિયાન શનિ નવમાંશમાં ૧થી ૯ રાશી (મેષથી ધનરાશી)માંથી પસાર થશે. એટલે કે

શનિ ગ્રહની ગતિ ડિગ્રીમાં	શનિ ગ્રહની નવમાંશ રાશી ૧થી ૯	શનિનો ચોક્કસ નવમાંશમાં સમયગાળો			વિશેષ નોંધ
		તારીખ	થી	તારીખ	
૦.૦થી ૩.૨૦	૧	૧૬-૭-૦૭	થી	૧૧-૮-૦૭	
૩.૨૦થી ૬.૪૦	૨	૧૨-૮-૦૭	થી	૭-૯-૦૭	
૬.૪૦થી ૧૦.૦	૩	૮-૯-૦૭	થી	૫-૧૦-૦૭	
૧૦.૦થી ૧૩.૨૦	૪	૬-૧૦-૦૭	થી	૧૧-૧૧-૦૭	
૧૩.૨૦થી ૧૬.૪૦	૫	૧૨-૧૧-૦૭	થી	૨૬-૧-૦૮	વક્રી
૧૩.૨૦થી ૧૦.૦	૪	૨૭-૧-૦૮	થી	૯-૩-૦૮	વક્રી
૧૦.૦થી ૬.૪૦	૩	૧૦-૩-૦૮	થી	૨૪-૬-૦૮	વક્રી-માર્ગી
૧૦.૦થી ૧૩.૨૦	૪	૨૫-૬-૦૮	થી	૨૭-૭-૦૮	
૧૩.૨૦થી ૧૬.૪૦	૫	૨૮-૭-૦૮	થી	૨૪-૮-૦૮	
૧૬.૪૦થી ૨૦.૦	૬	૨૫-૮-૦૮	થી	૨૦-૯-૦૮	
૨૦.૦થી ૨૩.૨૦	૭	૨૧-૯-૦૮	થી	૧૮-૧૦-૦૮	
૨૩.૨૦થી ૨૬.૪૦	૮	૧૯-૧૦-૦૮	થી	૨૬-૧૧-૦૮	
૨૬.૪૦થી ૩૦.૦	૯	૨૭-૧૧-૦૮	થી	૫-૨-૦૯	વક્રી
૨૬.૪૦થી ૨૩.૨૦	૮	૬-૨-૦૯	થી	૨૨-૩-૦૯	વક્રી
૨૩.૨૦થી ૨૦.૦	૭	૨૨-૩-૦૯	થી	૧૦-૭-૦૯	વક્રી-માર્ગી
૨૩.૨૦થી ૨૬.૪૦	૮	૧૦-૭-૦૯	થી	૧૨-૮-૦૯	
૨૬.૪૦થી ૩૦.૦	૯	૧૨-૮-૦૯	થી	૯-૯-૦૯	

સામાન્ય ગોચરના અભ્યાસથી શનિ એક રાશીમાં અઢી વર્ષ રહે છે, પરંતુ અહીં સંશોધનાત્મક વલણ અપનાવીને... શનિની નવમાંશ રાશીને ધ્યાનમાં લઈએ તો, શનિ ૧થી ૯ રાશીમાંથી પસાર થશે. પરિણામે, ગોચર શનિના ભ્રમણ દરમિયાન નવમાંશનો શનિ અલગ-અલગ રાશીમાંથી પસાર થઈને અલગ પ્રકારનું ફળકથન કરશે.

મારા અનુભવસિદ્ધ પ્રયોગથી નવમાંશના ગોચરને ધ્યાનમાં લેતાં તેની સ્થિતિ, તેમ જ તેની દૃષ્ટિ અને યુતિના સંબંધો દ્વારા ફળાદેશમાં નવો ચમત્કાર જોવા મળશે. આ સંશોધનથી ફળાદેશની પદ્ધતિમાં કોઈ ફેરાર થતો નથી. પરંતુ ગોચર ગ્રહની ગતિ મુજબ તેની અંશાત્મક પરિસ્થિતિ પ્રમાણે નવમાંશ રાશીનો ફેરફાર જે બદલાય છે તેથી ફળાદેશ સમય મુજબ બદલાતો રહે છે.

ઉપરોક્ત સંશોધનનો પ્રેક્ટિકલ ઉપયોગ ધીમી ગતિના ગ્રહો (એક રાશીમાં લાંબો સમય સુધી રહેનારા ગ્રહો) એટલે કે શનિ, રાહુ, ગુરુ જેવા ગ્રહોના ગોચરભ્રમણના સમય દરમિયાનનો, નવમાંશ રાશી માટેનો ગોચર સમયનો કોઠો બનાવી ફળાદેશમાં અપનાવવામાં આવે તો ફળાદેશનો ટૂંકો ગાળો આપવામાં જ્યોતિષવર્ગને અનેરી સફળતા મળશે.

ઉદાહરણો : (૧) શનિના ટેબલ મુજબ હાલમાં નવમાંશમાં શનિ તા. ૨૨-૩-૦૯થી તા. ૧૦-૭-૦૯ સુધી તુલા રાશીમાંથી પસાર થાય છે. તેથી તેની દૃષ્ટિ મેષ રાશી, કર્ક રાશી, તુલા રાશી અને ધન રાશી પર રહેશે. એટલે કે આ ચારેય રાશીની વ્યક્તિઓને આ સમયગાળા દરમિયાન માનસિક હતાશા- (Mental Depression) રહેશે. જન્મનો ચંદ્ર શનિની દૃષ્ટિ કે યુતિથી સંબંધિત ન હોય તો પણ માનસિક હતાશા જોવા મળશે. જો

(અનુસંધાન પાનું ૨૫૮)

સંવત-૨૦૬૬ના ગ્રહણો

(૧૫મા પાનાથી ચાલુ)

તા. ૧૫-૦૧-૨૦૧૦ના ગ્રહણના સમયો

શહેર	સ્પર્શ	મોક્ષ
આગ્રા	૧૧-૫૨	૧૫-૧૪
આકોલા	૧૧-૩૩	૧૫-૧૩
અમદાવાદ	૧૧-૨૭	૧૫-૦૪
અહમદનગર	૧૧-૨૩	૧૫-૦૯
અલ્હાબાદ	૧૧-૫૭	૧૫-૨૧
અમરાવતી	૧૧-૩૬	૧૫-૧૫
ઔરંગાબાદ	૧૧-૨૬	૧૫-૧૦
વડોદરા	૧૧-૨૭	૧૫-૦૫
બેંગલોર	૧૧-૧૭	૧૫-૧૧
બેલગાંવ	૧૧-૧૪	૧૫-૦૭
ભરુચ	૧૧-૨૫	૧૫-૦૫
ભાવનગર	૧૧-૨૩	૧૫-૦૩
ભોપાલ	૧૧-૪૦	૧૫-૧૪
ભુજ	૧૧-૨૦	૧૪-૫૬
બિકાનેર	૧૧-૪૩	૧૫-૦૩
ચંડીગઢ	૧૧-૫૮	૧૫-૦૮
દેવાસ	૧૧-૩૬	૧૫-૧૧
ધારવાડ	૧૧-૧૪	૧૫-૦૮
ધૂળે	૧૧-૨૮	૧૫-૦૯
દિલ્હી	૧૧-૫૩	૧૫-૧૧
દ્વારકા	૧૧-૧૫	૧૪-૫૪
ગયા	૧૨-૦૩	૧૫-૨૫
ગ્વાલિયર	૧૧-૫૦	૧૫-૧૪
હૈદરાબાદ	૧૧-૨૯	૧૫-૧૫
ઈન્દોર	૧૧-૩૫	૧૫-૧૧
જબલપુર	૧૧-૪૭	૧૫-૧૮
જયપૂર	૧૧-૪૬	૧૫-૦૯
જળગાંવ	૧૧-૩૦	૧૫-૧૧
જમ્મુ	૧૧-૫૮	૧૫-૦૨
જામનેર	૧૧-૩૦	૧૫-૧૧
ઝાંસી	૧૧-૪૯	૧૫-૧૫
જોધપૂર	૧૧-૩૭	૧૫-૦૩
જૂનાગઢ	૧૧-૧૭	૧૪-૫૮
કલ્યાણ	૧૧-૧૮	૧૫-૦૫
કોચીન	૧૧-૦૬	૧૫-૦૬
કોઈમ્બતૂર	૧૧-૧૦	૧૫-૦૮
કોલ્હાપુર	૧૧-૧૫	૧૫-૦૭
કોલકાતા	૧૨-૦૭	૧૫-૨૯
લખનઊ	૧૧-૫૭	૧૫-૧૯
ચેન્નઈ	૧૧-૨૬	૧૫-૧૫
મૈસૂર	૧૧-૧૨	૧૫-૦૯
મેંગ્લોર	૧૧-૦૮	૧૫-૦૬
મથુરા	૧૧-૫૨	૧૫-૧૩
નાથદ્વારા	૧૧-૩૫	૧૫-૦૬
નાગપુર	૧૧-૪૦	૧૫-૧૭
નાશિક	૧૧-૨૨	૧૫-૦૭
પણજી	૧૧-૧૧	૧૫-૦૬
પરભણી	૧૧-૨૯	૧૫-૧૩
પુણે	૧૧-૧૮	૧૫-૦૭
રાજકોટ	૧૧-૨૧	૧૪-૫૯
રામેશ્વર	૧૧-૧૫	૧૫-૧૦
સાંગલી	૧૧-૧૬	૧૫-૦૮
સાતારા	૧૧-૧૭	૧૫-૦૭
સોલાપુર	૧૧-૨૨	૧૫-૧૧
સોમનાથ	૧૧-૧૫	૧૪-૫૮
સુરત	૧૧-૨૩	૧૫-૦૪
થાણા	૧૧-૧૮	૧૫-૦૫
ત્રિવેન્દ્રમ	૧૧-૦૫	૧૫-૦૫
ઉજ્જૈન	૧૧-૩૬	૧૫-૧૧
વારાણસી	૧૧-૫૯	૧૫-૨૩

ગ્રહણ પુણ્યકાળ : ગ્રહણ સ્પર્શથી ગ્રહણ મોક્ષ સુધી.

ગ્રહણ વેધ : આ ગ્રહણ દિવસના બીજા પ્રહરમાં થતું હોવાથી ગુરુવારે રાત્રે ૦૯ ક. ૩૪ મિનિટથી વેધ શરૂ થાય છે. આબાલ, વૃદ્ધ, માંદા, અશક્ત વ્યક્તિઓ તેમ જ ગર્ભવતી સ્ત્રીઓએ શુક્રવારના સૂર્યોદયથી વેધ પાળવો.

ગ્રહણનું રાશિ પરત્વે ફળ


શુભફળ = મેષ, સિંહ, વૃશ્ચિક, મીન
મિશ્રફળ = વૃષભ, કર્ક, કન્યા, ધનુ
અશુભફળ = મિથુન, તુલા, મકર, કુંભ

ગ્રહણ દરમિયાન કરવાનાં કૃત્યો, મંત્ર-તંત્ર-પુનશ્ચરણ સંબંધી તેમ જ સ્નાન વિશેની માહિતી તા. ૩૧-૧૨-૨૦૦૯ના ચંદ્રગ્રહણ મુજબ લેવી.

(૩) ગ્રસ્તોદિત ચંદ્રગ્રહણ

જયેષ્ઠ-શુક્લ-૧૫, શનિવાર, તા. ૨૬-૦૬-૨૦૧૦, ભારતીય દિનાંક-૫, આષાઢ-૧૯૩૧. આ દિવસે ધનુ રાશિમાં થનાર ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો મોક્ષ ભારતના પૂર્વોત્તર ભાગમાં બહુ જ મુશ્કેલીથી જોઈ

તા. ૨૬-૦૬-૨૦૧૦ના ચંદ્રગ્રહણની ભારતમાં ચંદ્રોદયે ગ્રહણ મોક્ષરેખા



શકાશે. આ ગ્રહણ યુરોપ, આફ્રિકા, એશિયા, પેસિફિક મહાસાગર, ઑસ્ટ્રેલિયા, ઉત્તર અમેરિકાનો પશ્ચિમ ભાગમાં દેખાશે.

ભૂમંડલે ખગોલિક ચમત્કૃતિ
(તા. ૨૬-૦૬-૨૦૧૦, શનિવાર)

ખગોલિક ચમત્કૃતિ	ભારતીય સ્ટાં.ટા. ક. મિ
ભૂમંડલે ગ્રહણ સ્પર્શ	૧૫-૪૭
ભૂમંડલે ગ્રહણ મધ્ય"	૧૭-૦૯
ભૂમંલે ગ્રહણ મોક્ષ	૧૮-૩૦
" પરમગ્રાસ	૦.૫૪૨

નકશામાં ચંદ્રોદયે ગ્રહણ મોક્ષ રેખા દર્શાવેલ છે. ગ્રહણ મોક્ષ ૧૮ ક. ૩૦ મિનિટના થતો હોવાથી ગ્રહણ મોક્ષરેખાની જમણી બાજુના પ્રદેશમાં ગ્રહણ મોક્ષ થતા પહેલાં ચંદ્રોદય થતો હોવાથી ભારતની એકદમ પૂર્વ તરફના ભાગમાં આ ગ્રહણનો ફક્ત મોક્ષ જ દેખાશે. મોક્ષ રેખાની જમણી તરફ ગ્રહણ દેખાવાના શહેરો :- કોણાર્ક, કોલકત્તા, શિલોંગ, ગૌહત્તી, દિબ્રુગઢ, મંડાલે અને ઈશાન ભારતના શહેરો.

નકશામાં મોક્ષ રેખાની ડાબી બાજુના પ્રદેશમાં ગ્રહણ મોક્ષ થયા પછી ચંદ્રોદય થતો હોવાથી આ પ્રદેશમાં ગ્રહણ દેખાવાનું નથી. મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, તામિલનાડુ, આંધ્ર પ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશમાં આ ગ્રહણ દેખાવાનું નથી તેથી અહીં વેધાદિ નિયમો પાળવા નહીં.

ગ્રહણ પુણ્યકાળ :- ચંદ્રોદયથી મોક્ષ ૧૮-૩૦ સુધી.

ગ્રહણ વેધ :- શનિવારે સૂર્યોદયથી ૧૮-૩૦ સુધી.

ગ્રહણ દરમિયાન કરવાનાં કૃત્યો, મંત્ર, તંત્ર, પુનશ્ચરણ સંબંધી તેમ જ સ્નાન વિશેની માહિતી તા. ૩૧-૧૨-૨૦૦૯ના ચંદ્રગ્રહણ મુજબ લેવી.


(૪) ખગ્રાસ સૂર્યગ્રહણ

જયેષ્ઠ કૃષ્ણ-૩૦, રવિવાર, તા. ૧૧-૦૭-૨૦૧૦, ભારતીય દિનાંક-૨૦, આષાઢ-૧૯૩૧. આ દિવસે મિથુન રાશિમાં થનાર ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં નથી દેખાવાનું. આ ગ્રહણની ખગ્રાસ સ્થિતિ દક્ષિણ ચીન, આર્જેન્ટિના, દક્ષિણ-પૂર્વ, પોલિનેશિયામાં છે. ખંડગ્રાસ સ્થિતિ દક્ષિણ - પશ્ચિમ દક્ષિણ અમેરિકા, ફ્રેંચ પોલિનેશિયા, પેસિફિક મહાસાગરમાં છે.

ભૂમંડલે ખગોલિક ચમત્કૃતિ
(તા. ૧૧-૦૭-૨૦૧૦)

ખગોલિક ચમત્કૃતિ	ભારતીય સ્ટાં.ટા. ક. મિ	અક્ષાંશ	રેખાંશ
ભૂમંડલે ગ્રહણ સ્પર્શ	૨૩-૪૫	૨૬°-૦૨'૬.	૧૭૧°-૧૧'.૫
ભૂમંડલે ગ્રહણ મધ્ય*	૨૫-૦૪	૨૨-૨૮-૬.	૧૧૬°-૨૦'.૫
ભૂમંડલે ગ્રહણ મોક્ષ	૨૬-૩૨	૩૬-૪૭-૬.	૦૭૫°-૩૨'.૫
*પરમગ્રાસ	૧.૦૫૮		

તા. ૧૧-૦૭-૨૦૧૦ના સૂર્યગ્રહણનો ભૂમંડલિય નકશો




ભાદ્રપદ સંકષ્ટ ચતુર્થી

ભારતના નકશામાં ચંદ્રોદય રેખા દર્શાવેલ છે. તે રેખાની ડાબી બાજુના પ્રદેશમાં તા. ૨૬-૦૯-૨૦૧૦ના સંકષ્ટી કરવી. ચંદ્રોદય રેખાની જમણી બાજુના પ્રદેશમાં તા. ૨૭-૦૯-૨૦૧૦ના સંકષ્ટી કરવી.

તા. ૨૬-૦૯-૨૦૧૦ના સંકષ્ટી : - મુંબઈ, કલ્યાણ, કારવાર, કોલ્હાપુર, થાણા, ત્રિવેન્દ્રમ, પણજી, બેલગામ, રત્નાગિરિ, રાજકોટ.

તા. ૨૭-૦૯-૨૦૧૦ના સંકષ્ટી : - અકોલા, અદિલાબાદ, અમદાવાદ, ઈન્દૌર, ઈટારસી, ઉજ્જૈન, ઔરંગાબાદ, કોલકત્તા, ખંડવા, ગ્વાલિયર, ગુલબર્ગા, ગોંદિયા, ચેન્નઈ, જયપુર, જબલપુર, જળગાંવ, જાલના, ઝાંસી, દમોહ, દેવાસ, દિલ્હી, ધૂળે, નાંદેડ, નાગપુર, નાશિક, નિઝામાબાદ, પુણે, વડોદરા, બેંગલોર, બિકાનેર, બીદર, બુલઢાણા, ભંડારા, ભુસાવળ, ભોપાલ, યવતમાલ, રતલામ, રાયપુર, લખનઊ, વર્ધા, વારાણસી, વિજાપુર, સાગર, સુરત, સોલાપુર, હુબલી અને હૈદ્રાબાદ.

ભાદ્રપદ સંકષ્ટ ચતુર્થી
ભાદ્રપદ કૃષ્ણ-૩ સમાપ્તિ
૨૦-૦૮ની ચંદ્રોદય રેખા



આકાશ પરિચય

(૨૭મા પાનાથી ચાલુ)

ઉત્તર ત્રિકોણ સુંદર દેખાશે. દક્ષિણમાં મત્સ્યમુખ અને ભાદ્રપદ પૂંજ હશે. વાયવ્યમાં દૂર દાઢીવાળા વૃષપર્વા હશે. ઉત્તરા ભાદ્રપદાના ઉત્તર ત્રિકોણમાંથી નીકળેલી ત્રણ તારાની દેવયાની શાલીન અને નમ્ર દેખાશે. ઉત્તરમાં ઊંચે M આકારની શર્મિષ્ઠા તેજસ્વી હશે. તેના મધ્ય તારાની તેજસ્વીતા ઉત્તર પૂર્વ તરફથી ધ્રુવ તરફ જતી હશે. દેવયાનીની જરા પૂર્વે યયાતિની વાંકી ધનુષ્યાકૃતિની આકૃતિ દેખાશે. તેમાંનો અલગોલ રૂપવિકારી હશે. પશ્ચિમમાં ઉપર રેવતી મળી મીન રાશિ હશે. ત્યારબાદ J આકારની અશ્વિની, ફિક્કો ભરણી અને ગુચ્છાદાર કૃતિકા હશે. ત્યારબાદ V આકારની ગુલાબી રોહિણી હશે. રાત્રે એકના સારથી મંડળનો બ્રહ્મહૃદય, અગ્નિ અને લીલો પ્રજાપતિ દેખાશે. પ્રચંડ ભવ્ય મૃગશીર્ષની હરણની આકૃતિ હશે. તેની પૂર્વે લાલ રંગનો રાક્ષસી રાજન્ય અને વ્યાઘ્ર હશે. ત્રિકાંડ બાણ પણ હવે સુંદર દેખાશે. નૈઋત્યમાં પ્રચંડ રાક્ષસી વ્યાઘ્ર ઉર્ફે કેનિસમેજર હશે. તેમાં ત્રણ તારા કૂતરા જેવા દેખાશે. થોડીવારમાં પૂર્વમાં જરા ઉત્તર તરફ આર્દ્રા નક્ષત્ર અને પુનર્વસુનો ચોરસ હશે. તેની દક્ષિણે ૯ આકારની કટેરી સર્પાકૃતિ આશ્લેષા અને પછી પુષ્ય હશે. સુમારે દોઢ-બેના પૂર્વમાં સિંહ ઉપર આવેલ હશે. તેમાં મઘાની દાંતરડાની આકૃતિ હશે. ઈશાનમાં અંગિરા તેજસ્વી દેખાશે. દક્ષિણમાં કેનોપસ ઉર્ફે અગસ્તિ ઉપર આવેલ હશે. તેની પાછળ દેવોની નૌકા હશે. સવારે ચાર-સાડા ચારના દક્ષિણમાં હાથના ખુલ્લા પંજા જેવો હસ્ત તેની નજીક લીલા રંગની મોતી જેવી ચિત્રા અને તેની ઉત્તરે પીળા રંગની સ્વાતી હશે.

માઘ માસ :

(તા. ૧૬-૦૧-૨૦૧૦થી
તા. ૧૪-૦૨-૨૦૧૦)

આકાશદર્શન : આ પવિત્ર માસ અને શ્રી ગણેશજીના જન્મના પવિત્ર મહિનાની બાલ ચંદ્રકોર તા. ૧૬ના પશ્ચિમ ક્ષિતિજ પર રાત્રે ૭ સુધી દર્શન આપશે. તે સમયે ચંદ્રકોરની પાસે લીલા રંગનો શ્રવણ હશે. મંગળ મહારાજ વક્રી હોવાથી પૃથ્વીની નજીક હોવાથી તેમનું બિંબ મોટુ દેખાશે. સૂર્યાસ્ત પછી સુમારે અર્ધા કલાકે તેજસ્વી મંગળ પૂર્વમાં દેખાશે અને રાતભર આકાશમાં રહેશે. તા. ૩૦ના પૂર્ણિમાના દિવસે ચંદ્ર-મંગળ યુતિ જરૂર જોજો. ચંદ્રના મોટા બિંબ પાસે મંગળ લાલ રંગનો દેખાશે. બુધ મહારાજ સૂર્યોદય પહેલા એક કલાક પૂર્વમાં દર્શન આપશે. ગુરુ મહારાજનો દેખાવાનો સમય હવે ઓછો થતો જશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં તેઓ એક-દોઢ કલાક જ દર્શન આપશે. તા. ૫ ફેબ્રુઆરી સુધી પ્રણયી શુક્ર ગેરહાજર રહેશે. તા. ૬ થી તેઓ પશ્ચિમમાં ઉદય પામી મનને શૃંગાર અને પ્રેમરસથી ભરી દેશે. તેમનો દેખાવાનો સમય ધીમેધીમે વધતો જશે. ગુરુ અને શુક્રના પશ્ચિમમાં દર્શન થશે. પહેલા શુક્ર અને પછી ગુરુ હશે. પૂર્વમાં વક્રી શનિ મહારાજ મોટા બિંબને લીધે સુંદર દેખાશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં શુક્ર અને ગુરુ બે શુભગ્રહો અને પૂર્વમાં પ્રથમ મંગળ અને પછી શનિ તેમ બે પાપગ્રહો એક જ સમયે દેખાશે.

નક્ષત્રદર્શન : શ્રી ગણેશજીના જન્મના મહિનાનો મઘા રાત્રિભર આકાશમાં દેખાશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં જરા ઉપર ઘનિષ્ઠાની મૃદંગાકૃતિ તેમ જ વર્તુળાકૃતિ શતતારકા દર્શન દેશે. સુમારે ૧ કલાકે પૂર્વા અને ઉત્તરાભાદ્રપદાના ભવ્ય ચોરસ લાજવાબ દેખાશે. ઉત્તરાભાદ્રપદાની ઉત્તર-પૂર્વ તરફના ત્રિકોણમાંથી પૂર્વમાં વળેલી ત્રણ તારાની દેવયાની સુંદર અને નમ્ર દેખાશે. તેમાંથી નીકળેલી આકાશગંગા મનોરમ્ય હશે. દક્ષિણમાં ક્ષિતિજ પાસે મીનમત્સ્ય ઉર્ફે મત્સ્યમુખ પછી અલગોલ હશે. દેવયાનીની જરા પૂર્વે M આકારની શર્મિષ્ઠા હશે. M ની વચ્ચેનો તારો ધ્રુવ તરફ વળેલો હશે. ઉત્તર તરફ ધ્રુવ પણ બરાબર દેખાશે. દેવયાનીની જરા ઉપર પૂર્વમાં યયાતિની ધનુષ્યાકૃતિ દેખાશે. રેવતીની ઉપર રથ ના ચાક જેવી J આકારની અશ્વિની દેખાશે. ત્યારબાદ ભરણીનો ફિક્કો તારો અને V આકારની રોહિણી આકાશની શોભા વધારશે. વૃષભના બળદની આકૃતિ હવે આબેહૂબ દેખાશે. મૃગશીર્ષ ભવ્ય હશે. તેની ઉત્તરે સારથીમંડળમાં પીળો બ્રહ્મહૃદય, લીલો પ્રજાપતિ અને સફેદ અગ્નિ હશે. લાલ રંગનો ભરત, સફેદ કાંશી આ બે તારાઓ અને હરણમાંનું બાણ બરાબર દેખાશે. નૈઋત્યમાં વ્યાઘ્ર અને શિકારી કૂતરા હશે. મૃગની પૂર્વમાં આર્દ્રા અને સક્કરપારા આકારનો પુનર્વસુ હશે. તેની સીધી રેખામાં જરા દક્ષિણે ૯ આકારનો આશ્લેષા સુંદર દેખાશે. વચ્ચે ત્રિકોણાકૃત્તિમાં પુષ્ય હશે. સવારે એક-બેના પૂર્વમાં ઊંચે મઘા, તેની પછી પૂર્વા અને ઉત્તરાફાલ્ગુનીના ત્રિકોણ સિંહ રાશિ પૂરી કરશે. સપ્તર્ષિ ઊંચે આવેલા હશે. થોડીવારમાં અગ્નિ દિશામાં ઉઘાડેલા હાથના પંજા જેવો હસ્ત તેની નજીક મોતી જેવી લીલા રંગની ચિત્રા અને સીધી રેખામાં પૂર્વમાં પણ ઉત્તર તરફ પીળા રંગની સ્વાતી હશે. આ બધામાંથી નીકળતી મંદારમાલા સુંદર દેખાશે. સપ્તર્ષિ અને સિંહ રાશિની વચ્ચે લઘુસિંહ હશે. દક્ષિણમાં ઊંચે નૈઋત્ય તરફ અગસ્તિ તેમ જ દેવોની નૌકા હશે. હસ્તની નીચે પતંગ જેવો ત્રિશંકુ હશે. સપ્તર્ષિ અને સ્વાતી નક્ષત્રની વચ્ચે સોનેરી અરુંધતી હશે.

ફાલ્ગુન માસ :

(તા. ૧૫-૦૨-૨૦૧૦થી
તા. ૧૫-૦૩-૨૦૧૦)

આકાશદર્શન : શ્રી શાલિવાહન શકે ૧૯૩૧ 'વિરોધી' નામ સંવત્સરના આ છેલ્લા મહિનાની પ્રથમ ચંદ્રકોર સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં ૭ વાગ્યા સુધી તા. ૧૫ના જોઈ શકાશે. ચંદ્રકોરનું દક્ષિણ શૃંગ ઊંચું હશે. ચંદ્રકોરની નજીક જરા પૂર્વમાં ઉત્તરાભાદ્રપદાનો વિશાળ પડદો જોવા મળશે. મંગળ મહારાજ વક્રી હોવાથી તેનું બિંબ ખૂબ જ મોટું લાલ જોવા મળશે. સૂર્યાસ્ત પછી સુમારે અડધા કલાકે પૂર્વમાં મંગળ જોઈ શકાશે. મંગળ રાતભર આકાશની શોભા વધારશે. પુષ્ય નક્ષત્ર પાસે મંગળ હશે. બુધ મહારાજ ૨૨ ફેબ્રુઆરી સુધી અડધો કલાક દર્શન આપશે. તા. ૨૩થી મહિનો રજા પર જશે. તા. ૧૭થી ગુરૂ મહારાજ પણ અસ્તંગત થતા હોવાથી તેમની કૃપાદૃષ્ટિ પણ નહીં મળે. શુક્ર મહારાજ પશ્ચિમમાં સૂર્યાસ્ત પછી એક-બે કલાક દેખાશે. વિશેષ કરીને શુભ ગ્રહોનું સંમેલન પશ્ચિમ ક્ષિતિજ પર જોવા મળશે. પૂર્વમાં લાલ મંગળ અને શનિ મહારાજની જોડી રાત્રે સાડા આઠ પછી જોવા મળશે. આમ એકંદરે પશ્ચિમમાં હર્ષ અને પૂર્વમાં ઉદાસીનતા જેવું વાતાવરણ હશે. તા. ૩ માર્ચના ચંદ્રના મોટા બિંબ પાસે શનિ જરૂર જોજો.

નક્ષત્રદર્શન : નક્ષત્ર દર્શન માટે આ મહિનો સારો છે. ફાગણ મહિનાની ફાલ્ગુન પૂંજ રાતભર આકાશમાં દેખાશે. પશ્ચિમમાં ઉપર ઉત્તર ત્રિકોણ અને ફિક્કો રેવતી હશે. તેની ઉપર J આકૃતિનો અશ્વિની, ફિક્કો ભરણી અને તેની ઉપર કૃતિકાના ગુચ્છ હશે. થોડીવારમાં V આકારની રોહિણી ઉપર આવતી હશે. તેની ઉત્તરે સારથીમંડળના કેપેલા, પીળો તેજસ્વી બ્રહ્મહૃદય, દીવા જેવો પ્રજાપતિ અને સફેદ અગ્નિ સ્પષ્ટ દેખાશે. પશ્ચિમમાં ઊંચે મૃગશીર્ષ પથરાયેલું હશે. તેમાં લાલ રંગનો ભરત ઉર્ફે રાજન્ય, કાશી અને ત્રિકાંડ બાણ સ્પષ્ટ દેખાશે. આગળ હરણના બે બાળ અને તેજોમેઘ હશે. આકાશગંગા વાયવ્યમાં વૃષભ રાશિ અને મૃગનક્ષત્રમાંથી નીકળતી હશે. રાત્રે બાર-એકના કર્ક રાશિનો કરચલો હશે. તેમાં આશ્લેષા અને દક્ષિણમાં કેનિસમેજર તે શિકાર કૂતરાઓ સાથે હશે. દક્ષિણમાં જરા નીચે અગસ્તિ અને દેવયાની દેવોની નૌકા સાથે હશે. દક્ષિણમાં આકાશગંગાનો ફાંટો ગયેલો હશે. પૂર્વમાં પાછળ સિંહ રાશિમાં દાંતરડાના આકારનો મઘા તેની નીચે પૂર્વા અને ઉત્તરાફાલ્ગુનીના ચોરસ મળી સિંહ રાશિ પૂરી થશે. મઘાના યોગ તારાની સીધી રેખામાં દક્ષિણે વાસુકીહૃદય પ્રસરેલો હશે. રાત્રે બેના ઉઘડેલા હાથના પંજા જેવો હસ્ત તેની નજીક પૂર્વમાં લીલા રંગની ચિત્રા તેની સીધી રેખામાં પીળા રંગની સ્વાતી હશે. ઈશાનમાં સપ્તર્ષિ હશે અને તેની ઉત્તરમાં ધ્રુવ તારો હશે. વશિષ્ઠની નજીક અરુંધતી દેખાશે. સ્વાતિ, ચિત્રા અને હસ્તમાંથી મંદારમાળા જતી હશે. સ્વાતિ નક્ષત્રમાં અરુંધતીના કેશ સુંદર દેખાશે. સપ્તર્ષિ અને સિંહ રાશિની વચ્ચે લઘુસિંહ હશે. અગ્નિમાં તોરણાકૃતિ વિશાખા હશે. દક્ષિણમાં ઊંચે હસ્ત અને ત્રિશંકુ પતંગની જેમ લટકતો હશે. ત્રિશંકુની દક્ષિણે મિત્રા

અને બ્રહ્મા સ્પષ્ટ દેખાશે.

ચૈત્ર માસ :

**(તા. ૧૬-૦૩-૨૦૧૦થી
તા. ૧૪-૦૪-૨૦૧૦)**

આકાશદર્શન : શાલિવાહન શકે-૧૯૩૨ના નવા વર્ષની ચંદ્રકોર સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં ૧૭ તારીખે રાત્રે ૮ વાગ્યા સુધી દર્શન દેશે તે સમયે ચંદ્રકોરની નજીક અશ્વિની નક્ષત્ર ચમકતું હશે. મંગળ મહારાજ વક્રી હશે અને આખી રાત આકાશમાં દેખાશે. બુધ મહારાજ માત્ર સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં એક કલાક દર્શન આપશે. ગુરુ મહારાજ તા. ૧૭થી સૂર્યોદય પૂર્વે સુમારે અડધો-પોણો કલાક દર્શન દેશે. ગુરુ મહારાજના દર્શનનો સમય રોજ વધતો જશે. શુક્રાચાર્ય પશ્ચિમમાં વાતાવરણને પ્રણયી કરશે. શનિ મહારાજ વક્રી હોવાથી પૃથ્વીની નજીક હશે તેથી તેનું બિંબ મોટું દેખાશે. તેઓ આખી રાત આકાશમાં દેખાશે. હસ્તના પંજા પાસે શનિ મહારાજને જરૂર જોજો. પૂર્વમાં પહેલા લાલચટક મંગળ અને પછી નીચે શનિ મહારાજ હશે. પશ્ચિમમાં ઉપર શુક્રાચાર્ય અને તેની નીચે બુધમહારાજ હશે.

નક્ષત્રદર્શન : આ ચૈત્ર માસની ચિત્રા રાતભર આકાશમાં ચમકતી હશે. તે સૂર્યાસ્ત પછી થોડા સમયમાં જ પશ્ચિમમાં જરા ઊંચે દેખાશે. કૃતિકાના ખુલ્લા ગુચ્છ હશે. તેની જરા ઉપર રોહિણી V આકારની દેખાશે. તેમાંનો ગુલાબી તારો સુંદર દેખાશે. તેની જરા ઉત્તરે સારથીમંડળનો પીળા રંગનો બ્રહ્મહૃદય, લીલી પ્રજાપતિ અને સફેદ રંગના અગ્નિ હશે. પોણો કલાક પછી પશ્ચિમમાં ખૂબ ઉપર મૃગશીર્ષની ભવ્ય આકૃતિ સુંદર દેખાશે. તેની પૂર્વમાં લાલ રંગનો ભરત ઉર્ફે બેટલગૂંજ તેની આગળ મૃગના પેટનું બાણ હશે. તેની જરા દક્ષિણે નીલા રંગનો વ્યાઘ્ર તેની અદામાં ઊભો હશે. તેની નૈઋત્યમાં અગસ્તિ હશે. પશ્ચિમમાં ઊંચે પુનર્વસુ સક્કરપારા જેવા દેખાશે. તેમાંના પ્રશ્વા ઉર્ફે કેનિસ માયનર સુંદર દેખાશે. તેની બાજુમાં દક્ષિણે સર્પનો વિટોળો એટલે કટિરી આશ્લેષા. પુષ્ય દેખાવો કઠિન છે. પૂર્વમાં સિંહ રાશિમાંનો મઘા દાંતરડાના આકારનો દેખાશે. તેની પછી પૂર્વા અને ઉત્તરા ફાલ્ગુનીનો ચોરસ હશે. ઉત્તરમાં ધ્રુવ સુંદર ચમકતો હશે. ઈશાનમાં ઊંચે સમર્ષિ દેખાશે. વાયવ્યમાં M આકારની શર્મિષ્ઠા ઉલટી થયેલી દેખાશે. રાત્રે એક/દોઢના સિંહ રાશિ માથા પર આવી હશે. તેમાંના લઘુસિંહ જરૂર જોજો. દક્ષિણમાં મઘા નક્ષત્ર પાસે વાસુકી પ્રસરેલો હશે. તેમાં વાસુકીહૃદય હશે. સુમારે રાત્રે બે/અઢી વાગ્યે અગ્નિમાં ઉઘાડેલા પંજા જેવો હસ્ત દેખાશે. તેની નજીક મોતી જેવી લીલા રંગની ચિત્રા અને તેની સીધી રેખામાં પીળા રંગની સોનેરી સ્વાતિ ઝબકતી હશે. થોડીવારમાં અગ્નિમાં ઊંચે તોરણાકૃતિ વિશાખા હશે. ઉત્તરમાં સમર્ષિમાં વશિષ્ટ અને અરુંધતી સ્પષ્ટ દેખાશે. રાત્રે ૪ વાગ્યે અગ્નિમાં ઉઘડેલી છત્રી જેવી અનુરાધા પછી જયેષ્ઠા ધગધગતો હશે. છત્રીના હાથા જેવો મૂળ હશે. આમ ધનુ રાશિ પૂર્ણ થશે. દક્ષિણમાં ત્રિશંકુ પતંગ જેવો લટકતો હશે. પૂર્વમાં સ્વરમંડળમાંના તેજસ્વી શ્રવણ, અભિજિત અને પૂર્વમાં હંસ પક્ષી દેખાશે.

અધિક વૈશાખ માસ :

**(તા. ૧૫-૦૪-૨૦૧૦થી
તા. ૧૪-૦૫-૨૦૧૦)**

આકાશદર્શન : આ અધિક વૈશાખ માસની નવ ચંદ્રકોર તા. ૧૫ના સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં ૮ વાગ્યા સુધી દેખાશે. આ ચંદ્રકોરની જરા ઉપર કૃતિકાના ગુચ્છ ઝબકતા હશે. મંગળ મહારાજ હવે માર્ગી થતા હોવાથી સૂર્યાસ્ત પછી અડધો કલાક બાદ માથા પર દેખાશે. રાત્રે બાર-સાડા બારના તેની તેજસ્વીતા ખૂબ જ વધેલી હશે. આશ્લેષાના ઊલટા ૯ પાસે મંગળ જરૂર જોજો. બુધ સૂર્યોદયના એક કલાક પહેલા પૂર્વે દર્શન દેશે. ૨૧ એપ્રિલથી ૧૦ મે સુધી બુધ મહારાજ અસ્તંગત હશે તેથી દેખાશે નહીં. ગુરુ મહારાજ પૂર્વમાં રાત્રે અઢી-ત્રણના ઊગી સૂર્યોદય સુધીમાં ઘણા જ ઉપર આવી ગયા હશે. તેની તેજસ્વીતા ખૂબ જ હશે. ઉત્તરમાં તેજસ્વી અભિજિત અને તેની સીધી રેખામાં દક્ષિણે પીળા ગુરુ મહારાજ જરૂર જોશો. પ્રણયી શુક્ર સૂર્યાસ્ત પછી સુમારે દોઢ-બે કલાક દર્શન આપી પ્રેમાલાપ કરશે. શનિ મહારાજ વક્રી હોવાથી સૂર્યાસ્ત પછી પૂર્વમાં ખૂબ જ ઉપર આવી ગયા હશે. પહેલા મંગળ લાલ ચટક અને તેના પછી શનિ મહારાજ અત્યંત સુંદર દેખાશે.

નક્ષત્રદર્શન : અધિક વૈશાખનો તેજસ્વી વિશાખા રાત્રીભર આકાશની શોભા વધારશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં જરા ઊંચે કૃતિકાનો ગુચ્છ દ્રાક્ષ જેવો દેખાશે. તેની જરા ઉપર રોહિણી હશે. તેની ખૂબ ઉપર મૃગશીર્ષની હરણાકૃતિ દોડતી હશે. તેના પેટમાંનું ત્રિકાંડ બાણ તેમ જ નૈઋત્યમાં શિકારી બૃહલુબ્ધક ઉર્ફે કેનિસમેજર ખૂબ જ સુંદર દેખાશે. તેની પાસે શશાંક વિભાગના ત્રણ કૂતરા હશે. નૈઋત્યમાં અગસ્તિ હશે. તેની આગળ નૌકા હશે. પશ્ચિમમાં ઊંચે કર્ક રાશિમાં ઉલટા ૯ આકારની આશ્લેષા હશે. સુમારે ૧૦-૧૧ના પશ્ચિમમાં સક્કરપારાના આકારનો પુનર્વસુ હશે. પ્રશ્વા હજી પણ સરસ દેખાશે. રાત્રે બાર-સાડા બારના માથા પર સિંહ હશે. તેમાં દાંતરડાના આકારનો મઘા તેની આગળ પૂર્વા અને ઉત્તરાફાલ્ગુનીનો ચોરસ હશે. દક્ષિણમાં વાસુકીનો ઝૂંડ હશે. તેમાં વાસુકી હૃદય સુંદર દેખાશે. રાત્રે એક-દોઢના ઉઘડેલા હાથના પંજા જેવો હસ્ત તેની નજીક દીવા જેવી ચિત્રા હશે. ઉત્તરમાં ધ્રુવ અને ઉલટો સમર્ષિ દેખાશે. તેમાંનો ધ્રુવમત્સ્ય અસ્વાલ જેવો દેખાશે. વાયવ્યમાં જરા ઊંચે શર્મિષ્ઠા ઉલટી હશે. પૂર્વમાં ચિત્રાની જરા ઉત્તરે સૌમ્ય પીળી સ્વાતી ચમકતી હશે. તેની ઉપર અરુંધતી અને દક્ષિણ તરફ અરુંધતીના વાળ પ્રસરેલા હશે. દક્ષિણમાં હસ્તની નીચે ત્રિશંકુ પતંગ જેવો લટકતો હશે. તેનો નીચલો તારો ક્ષિતિજને અડીને હશે. પૂર્વમાં આકાશગંગાના બે ફાંટા હશે. તેની નજીક બ્રહ્મા હશે. પૂર્વમાં વિશાખા અને અનુરાધા હશે. વૃશ્ચિક રાશિ પાસે જયેષ્ઠા અને મૂળ તેમ જ પૂર્વ તરફ વળેલ પૂર્વા અને ઉત્તરાષાઢાના પૂંજ હશે. ધનુ રાશિ પણ દેખાશે. પૂર્વમાં સ્વાતિની પાછળ સ્વાતિમુકુટ હુબહુ મુગટ જેવો દેખાશે. વૃશ્ચિક રાશિ અડધું આકાશ ભરશે. સવારે ચાર-સાડા ચારના સ્વરમંડળમાંની મકર રાશિ ઉપર આવી હશે. તેમાં ત્રણ લીલા રંગના શ્રવણ તેની નજીક ત્રિકોણી અભિજિત અને હંસ પક્ષી પ્રસરેલો હશે. પૂર્વમાં આગળ વર્તુળાકૃતિ શતતારકા અને મૃદંગ જેવી ઘનિષ્ઠા હશે.

નીજ વૈશાખ માસ

(તા. ૧૫-૦૫-૨૦૧૦ થી તા. ૧૨-૦૬-૨૦૧૦)

આકાશદર્શન : આ વૈશાખ માસના ભર ઉનાળાની નવ ચંદ્રકોર તા. ૧૫ના સૂર્યાસ્ત પછી એક કલાક પશ્ચિમમાં દેખાશે. તેની ઉત્તર શૃંગની નજીક જરા ઉપર મૃગ દોડતો દેખાશે. મંગળ મહારાજ સિંહમાં લાલ ધગધગતો હશે. રાત્રે સૂર્યાસ્ત પછી તે માથા પર આવશે. રાત્રે બાર-સાડાબારના પશ્ચિમમાં ૧૦મેના ઉદય પામેલ બુધ મહારાજ સૂર્યોદય પહેલા એક કલાક દર્શન દેશે. સર્વથા આનંદ આપનાર ગુરુ મહારાજ રાત્રે પૂર્વ આકાશને આશીર્વાદ આપશે. સ્વરમંડળના શ્રવણ, અભિજિત, હંસ પણ તેની નજીક દેખાશે. પ્રણયી શુક્રની તેજસ્વીતા વધતી જશે. તે પશ્ચિમમાં દોડતા હરણ પાસે સૌંદર્ય વધારશે. શનિ મહારાજ હજી પણ મોટા દેખાશે. સૂર્યાસ્ત પછી પૂર્વમાં તેઓ દર્શન આપશે.

નક્ષત્રદર્શન : સફેદ વાદળાનાં ઢગલાં અને વરસાદના માહોલમાં નક્ષત્રદર્શન દુર્લભ છે. વૈશાખ મહિનામાં તોરણકૃતિ વિશાખા રાતભર આકાશમાં દેખાશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં જરા ઉપર તેજસ્વી સુંદર મૃગશીર્ષ હશે. તેની પૂર્વ બાજુ લાલ રંગનો ભરત ઉર્ફે બેટલગૂંજ અને મૃગના પેટમાં ત્રિકાંડ બાણ દેખાશે. નૈઋત્યમાં પ્રખર વ્યાઘ્ર સુંદર દેખાશે. તેની જરા ઉપર સક્કરપારા આકારનો પુનર્વસુ હશે. પુષ્ય જોવો કઠિન છે. સાપના વિંટા જેવી આશ્લેષા થોડીવારમાં દેખાશે. રાત્રે ૯ પછી પશ્ચિમમાં સિંહ ઉલટો દેખાશે. તેમાંની તેજસ્વી મઘા અને તેની નીચે પૂર્વા અને ઉત્તરાફાલ્ગુની હશે. ઉત્તરમાં મોટો અસ્વાલ અને ઉલટો સપ્તર્ષિ હશે. ધ્રુવ ઝૂકેલો હશે. આગળ અરુંધતિ હશે. નીલા રંગનો તેજસ્વી અગસ્તિ ઉર્ફે કોનોપસ અસ્ત થયો હોવાથી દેખાશે નહીં. રાત્રે અગિયાર-બારના દક્ષિણમાં ઉઘડેલા હાથના પંજા જેવો હસ્ત શાલીન દેખાશે. હસ્તની

નજીક લીલા રંગની ચિત્રા મોતી જેવી દેખાશે. તેની નીચે પતંગ જેવો ત્રિશંકુ લટકતો હશે. ત્રિશંકુની ઉત્તર-પૂર્વ તરફ નીકળેલી આકાશગંગા સુંદર દેખાશે. ચિત્રાની સીધી રેખામાં સોના જેવી સ્વાતી હશે. હસ્ત-ચિત્રા-સ્વાતીમાંથી મંદારમાળા આવેલી હશે. સ્વાતીની આગળ ગણપતિના મુગટ જેવો સ્વાતીમુકુટ હશે. માથા પર સ્વાતીની નીચે અરૂંધતીની દક્ષિણે સીધી રેખામાં કોમા બેરોનેસીસ સોનેરી રંગનો હશે. ઈશાનમાં ભુજંગધારી હરક્યૂલસ હાથમાં તલવાર લઈને ઊભો હશે. દક્ષિણમાં ઉલટી છત્રી જેવા ત્રણ તારા અનુરાધાના હશે. તેની આગળ ધગધગતો જ્યેષ્ઠા વ નારંગી રંગનો મૂળ હશે. મૂળ નક્ષત્ર પાસે પૂર્વા અને ઉત્તરાષાઢાના પૂંજક હશે. ધનુ રાશિ જરૂર જોજો. સવારે ત્રણ-સાડાત્રણના પૂર્વમાં સ્વરમંડળમાં ત્રણ તારામાં લીલા રંગોનો શ્રવણ, ઉત્તરમાં ત્રિકોણી અભિજિત અને સફેદ હંસ દેખાશે. આગળ મૃદંગ જેવી ધનિષ્ઠા અને વર્તુળાકૃતિ શતતારકા હશે. સવારે પૂર્વમાં ઊંચે પૂર્વા અને ઉત્તરાભાદ્રપદના વિશાળ ચોરસ હશે. તેની ઉત્તરે તેજસ્વી પ્રખર M આકારની શર્મિષ્ઠા હશે.

જ્યેષ્ઠ માસ

(તા. ૧૩-૦૬ ૨૦૧૦થી

તા. ૧૧-૦૭-૨૦૧૦)

આકાશદર્શન : આ જ્યેષ્ઠ માસની જ્યેષ્ઠ ચંદ્રકોર તારીખ ૧૩ના સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં એક કલાક દર્શન આપશે. ચંદ્રકોરની નજીક પણ જરા ઉપર મૃગ ચમકતો હશે. મુસળધાર વરસાદને લીધે કદાચ ચંદ્રકોર જોવા ન પણ મળે. લાલ રંગનો મંગળ સિંહ રાશિમાં હશે. રાત્રે ૧૨ના મંગળ મહારાજ સુંદર દેખાશે. બુધ મહારાજ લગભગ આખો મહિનો અસ્તંગત હોવાથી દેખાવા મુશ્કેલ છે. આનંદ અને સમાધાન આપનારા ગુરુ મહારાજ સૂર્યાસ્ત પછી ૩ કલાક પૂર્વમાં ઊગશે અને રાતભર આકાશમાં રહીને કૃપાદૃષ્ટિ આપશે. કર્ક રાશિમાં પ્રણયી શુક્ર પશ્ચિમમાં સૂર્યાસ્ત પછી બે કલાક શૃંગારરસ પાથરશે. મુસળધાર વરસાદમાં એકાદ મોટા દીવા જેવો શુક્ર પ્રકાશ આપશે. શનિ મહારાજ સૂર્યાસ્ત પછી માથા પર દેખાશે. પશ્ચિમમાં લાલ રંગનો મંગળ તેની જરા પાછળ ચિત્ર નક્ષત્ર પાસે શનિ હશે.

નક્ષત્રદર્શન : મુસળધાર વરસાદ અને વાદળાનાં ઢગલાં વચ્ચે કોઈ કોઈ વાર તારાઓનો ચમકારો દીવા જેવો લાગશે. આકાશ વિવિધ અલંકાર અને દીવા જેવું લાગશે. આ મહિનાનું જ્યેષ્ઠા નક્ષત્ર અગિયા જેવું આખી રાત જોવા મળશે. સૂર્યાસ્ત પછી એક કલાકે પશ્ચિમ ક્ષિતિજ પર કર્ક રાશિ ફિક્કી દેખાશે. સક્કરપારાના આકારનો પુનર્વસુ તેની દક્ષિણે કાટેરી ૯ આકારની આશ્લેષા હશે. સુમારે એક-દોઢ સુધી પશ્ચિમમાં સિંહ રાશિ ઉલટી થયેલી હશે. તેજસ્વી મઘા દાંતરડા જેવો દેખાશે. તેની જરા પાછળ પૂર્વા અને ઉત્તરા ફાલ્ગુનીના ચોરસથી સિંહ રાશિ પૂર્ણ થશે. દક્ષિણમાં વાસુકીહૃદય પ્રસરેલો હશે. સુમારે રાત્રે અગિયારના દક્ષિણે ઉઘડેલા પંજા જેવો હસ્ત હશે. તેની નીચે પતંગ જેવો ત્રિશંકુ રાત્રીભર દેખાશે. ઉત્તરમાં મોટો પ્રચંડ સપ્તઋષિ ઉલટો દેખાશે. દક્ષિણમાં તોરણાકૃતિ વિશાખા તેની પાછળ ઉઘડેલી છત્રી જેવો અનુરાધા, તેની નીચે પ્રચંડ જ્યેષ્ઠા અને ત્યારબાદ મૂળ જોવો ગમશે. મૂળના તારામાંથી નીકળેલ પૂર્વા અને ઉત્તરાષાઢાના પૂંજ હાથીના સૂંઢ જેવા લાગશે. ધનુરાશિ ચીરાયેલા પતંગ જેવી લાગશે. માથા પર સ્વરમંડળના ત્રણ તારા લીલો શ્રવણ, તેની ઉત્તરે ત્રિકોણી અભિજિત અને સફેદ હંસ પક્ષી હશે. આકાશગંગા વૃશ્ચિક અને ધનુ રાશિમાંથી ઉત્તર તરફ વળેલી હશે. ઈશાનમાં શૌરીમુકુટ અને હરક્યુલસ હાથમાં તલવાર અને સાપ લઈને લડતા દેખાશે. તેની પશ્ચિમે સ્વાતી સુંદર સોનેરી ચમકતી હશે. વહેલી સવારે પૂર્વ દિશામાં જરા ઉપર મૃદંગ જેવી ધનિષ્ઠા અને નીચે વર્તુળાકૃતિ શતતારકા હશે. ઊંચે પૂર્વા અને ઉત્તરાભાદ્રપદાના પૂંજક ભવ્ય દેખાશે. ઉત્તરમાં ઊંચે M આકારની શર્મિષ્ઠા ચમકતી હશે. ઉત્તરમાં ધ્રુવમત્સ્ય પણ સુંદર દેખાશે. રેવતી ફિક્કો હશે. તેની પાછળ અશ્વિનીના ત્રણ તારાની આકૃતિ હશે. તેની પાછળ ફિક્કો ભરણીનો ત્રિકોણ અને તેની પાછળ કૃતિકા હશે. પાછળ એક કલાકે V આકારની રોહિણી ગુલાબી હશે.

આષાઢ માસ

(તા. ૧૨-૦૬-૨૦૧૦ થી

તા. ૧૦-૦૮-૨૦૧૦)

આકાશદર્શન : હાથીના સૂંઠ જેવો મુશળધાર વરસાદ ગ્રહ જોવા માટે નડતર રૂપ છે. વરસાદ અને વાદળા ન હોય તો જ ગ્રહ-તારા જોઈ શકાશે. આ મહિનાની પ્રથમ ચંદ્રકોર ૧૨ તારીખના સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં રાત્રે ૦૮-૩૦ પછી દર્શન આપશે. તે સમયે ચંદ્રકોરની નજીક દક્ષિણમાં સર્પાકૃતિ ઉલટા ૯ ની આકૃતિવાળી આશ્લેષા હશે. સૂર્યાસ્ત પછી થોડીવારે પશ્ચિમમાં મંગળ દેખાશે. મહિના સુધી અસ્ત રહેલ બુધ મહારાજ સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં દર્શન આપશે. દેવ ગુરુ એવા ગુરુ મહારાજ સૂર્યાસ્ત પછી સુમારે દોઢ-બે કલાકે પૂર્વમાં ઊગી રાતભર કૃપાદૃષ્ટિ પાથરશે. તેમનો આકાશમાં રહેવાનો સમય વધતો જશે. પશ્ચિમમાં પ્રણયી શુક્ર સૂર્યાસ્ત પછી બે કલાક મનને આનંદિત કરશે. શનિ મહારાજનો દેખાવાનો સમય ધીમેધીમે ઓછો થતો જશે. સૂર્યાસ્ત પછી અઢી/ત્રણ કલાક નૈઋત્યમાં દર્શન આપશે.

નક્ષત્રદર્શન : મુસળધાર વરસાદ અને કાળા ડિબાંગ વાદળા વચ્ચે ગ્રહો-નક્ષત્રો જોવા કઠિન છે. આમ આકાશદર્શન માટે આ મહિનો નકામો છે. છતાં જ્યારે વાદળા ન હોય ત્યારે છૂટાછવાયા લાલ, પીળા, ચમકતા તારા જોવાનો લહાવો મળી શકશે. આ મહિનાનું આષાઢ પૂંજ એટલે પૂર્વા અને ઉત્તરાષાઢાના પૂંજ આખો મહિનો આકાશને આનંદિત કરશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં કર્ક રાશિ દેખાશે. તેની જરા ઉપર અડધો કલાક પછી સિંહ રાશિ દર્શન આપશે. ઈશાન ખૂણામાં સપ્તર્ષિનું ઝૂંડ દેખાશે. સુમારે એક કલાક પછી દક્ષિણમાં હાથના પંજા જેવો હસ્ત હશે, ત્યારબાદ સોનેરી સ્વાતિ મોતી જેવી દેખાશે. દક્ષિણમાં જરા ઉપર તોરણાકૃતિ વિશાખા હશે. રાત્રે દસ/અગિયારના દક્ષિણમાં પ્રચંડ વિંછી પ્રસરેલો હશે. તેમાં પહેલા ત્રણ સફેદ તારાની માદક અનુરાધા પછી પ્રચંડ રાક્ષસી જ્યેષ્ઠા, ત્યારબાદ કટેરી મૂળ હશે. મૂળમાંથી આકાશગંગાના બે ફાંટા નીકળતા હશે. તેની નીચે દક્ષિણમાં પ્રખર તેજસ્વી રત્નમંજૂષાના તારા હશે. રાત્રે બારના માથા પર સ્વરમંડળમાંના મકર રાશિના ત્રણ તારા હશે. જેમાં તેજસ્વી શ્રવણ, તેની ઉત્તરે અભિજિત અને તેની નજીક હંસ પક્ષી હશે. મૃદંગ જેવી ધનિષ્ઠા, વર્તુળાકૃતિ શતતારકા પણ જરૂર જોજો. રાત્રે દોઢ/બેના પૂર્વા અને ઉત્તરાભાદ્રપદાનો વિશાળ ચોરસ હશે. તેની ઉત્તરે M આકારની શર્મિષ્ઠા હશે. ઉત્તરાભાદ્રપદામાંથી નીકળેલ ત્રણ તારાની સફેદ દેવયાની શાંત દેખાશે. જરા ઉપર ધનુષ્યાકૃતિ રૂપવિકારી તારા જોવા મળશે. તેમાં અલગોલ મોટો દેખાશે. રાત્રે ત્રણના પૂર્વમાં અંગ્રેજી J આકારની અશ્વિની હશે. તેની નજીક ભરણીનો ફિક્કો ત્રિકોણ અને ત્યારબાદ કટેરી કૃત્તિકાના ગુચ્છા ખૂબ જ સુંદર દેખાશે. આકાશ નિરનિરાળા તારાઓની આકૃતિથી ભરેલું હશે. કૃતિકાના ગુચ્છાની પાછળ V આકારની રોહિણી તેની ઉત્તરે સારથીમંડળમાં ઑરેગો અત્યંત તેજસ્વી દેખાશે. પીળા રંગના બ્રહ્મહૃદય પણ હશે. સવારે ચાર/સાડાચારના પૂર્વમાં ખૂબ જ મોટો મૃગશીર્ષ હશે. તેની ઉત્તરે લાલ રંગનો ભરત ઉર્ફે બેટલગૂંજ, રાજન્ય અને મૃગનાં પેટનું બાણ દેખાશે. નૈઋત્યમાં વ્યાઘ્ર અને બૃહલુબ્ધક હશે.

શ્રાવણ માસ

(તા. ૧૧-૦૮-૨૦૧૦થી

તા. ૦૮-૦૯-૨૦૧૦)

આકાશદર્શન : સંપૂર્ણ પૃથ્વી લીલા રંગની ચાદરથી ઢંકાયેલી હશે. વ્રત સંકલ્પનો આ મહિનો ઉલ્લાસપૂર્વક ઉજવાશે. આવા આ શિવજીના ઉત્તમ માસની બાલ ચંદ્રકોર તા. ૧૧ના સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં એક કલાક દર્શન આપશે. ચંદ્રકોરની નજીક દક્ષિણે હાથનો પંજો હશે. મંગળ મહારાજ હવે ખૂબ જ ઓછો સમય દેખાશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં ૨ કલાક તેઓ દર્શન આપશે. બુધ મહારાજ માત્ર થોડા કલાક પશ્ચિમમાં દર્શન આપશે. વરસાદ પડવાનો બંધ થશે તો જ આકાશ સ્વચ્છ દેખાશે. ગુરુ મહારાજ વક્રી અને પછી પરમ વક્રી થવાથી રાતભર દર્શન દેશે. સૂર્યાસ્ત પછી તેઓ પૂર્વમાં ઊગી આશીર્વાદ આપશે. પ્રણયી શુક્ર પશ્ચિમ દિશા ચેતનવંતી બનાવશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં

બે કલાક તેઓ દર્શન આપશે. શનિ મહારાજ આખો મહિનો દર્શન આપશે. સૂર્યાસ્ત પછી એક કલાક બાદ નૈઋત્યમાં દર્શન આપશે.

નક્ષત્રદર્શન : વરસાદના માહોલમાં તેમ જ વ્રતસંકલ્પના આ પવિત્ર માસમાં સુંદર અને તેજસ્વી શ્રવણ આખી રાત આકાશમાં રહીને કૃપાદૃષ્ટિ આપશે. સ્વરમંડળમાંનો તેજસ્વી અભિજિત અને હંસપક્ષીની સફેદ દૂધ જેવી પાંખો હશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં સિંહ અને કન્યા રાશિ દેખાશે. પશ્ચિમમાં માથા પર તુલા રાશિનો ચિત્રા અને સ્વાતી તે ત્રાજવાના પલડા જેવા દેખાશે. દક્ષિણમાં જરા નૈઋત્યમાં પ્રચંડ વિંછુ નીચે જતો હશે. તેમાં જ્યેષ્ઠા ધગધગતી હશે. તેની આગળ મૂળ નક્ષત્ર હશે. મૂળ નક્ષત્રની પૂર્વે નીકળેલ પૂર્વા અને ઉત્તરાષાઢાના આષાઢપૂંજ હાથીની સૂંઢ જેવા દેખાશે. રાત્રે બાર/એકના માથા પર મૃદંગ જેવી ઘનિષ્ઠા અને વર્તુળાકૃતિ શતતારકા હશે. પૂર્વમાં ઊંચે પૂર્વા અને ઉત્તરાભાદ્રપદાનો વિશાળ ચોરસ હશે. તેની નીચે રેવતી અને ત્યારબાદ અશ્વિની અને ફિક્કો ભરણી હશે. કૃત્તિકાના ગુચ્છા જરૂર જોજો. વૃષભ રાશિમાં ગુલાબી રોહિણી સુંદર દેખાશે. તેની ઉત્તરે સારથીમંડળનો ફેલા, ઑરેગોન અને પીળો બ્રહ્મહૃદય હશે. તેની નજીક સફેદ અગ્નિ, લીલો પ્રજાપતિ હશે. રાત્રે ત્રણ/ચારના ભવ્ય મૃગશીર્ષ પ્રસરેલો હશે. તેમાં લાલ રંગનો ભરત ઉર્ફે બેટલગૂંજ તેની બાદ કાંસી ઉર્ફે રાજન્ય અને પેટમાંનું બાણ સુંદર દેખાશે. અગ્નિ દિશામાં આર્દ્રા હશે. ત્યારબાદ પુનર્વસુ ભવ્ય દેખાશે. તેની જરા દક્ષિણે ૬ આકારની આશ્લેષા હશે. પુનર્વસુમાં પ્રશ્વા ઉર્ફે કેનિસ માયનર સ્પષ્ટ દેખાશે. અગ્નિમાં કેનિસ મેજર ઉર્ફે બૃહલુબ્ધક હશે. દક્ષિણમાં વાસુકી પ્રસરેલો હશે. તેમાં વાસુકી હૃદય સુંદર દેખાશે. તેની વાયવ્યમાં M આકારની શર્મિષ્ઠા હશે. ઉત્તરમાં ધ્રુવ દેખાશે. તેની નજીક ધ્રુવમત્સ્ય હશે. પશ્ચિમમાં ઉત્તરત્રિકોણ અને તેમાંથી દેવયાની શાલીન અને નમ્ર દેખાશે. તેની જરા ઉપર રૂપવિકારી યયાતિની ધનુષ્યાકૃતિ પ્રસરેલી હશે.

ભાદ્રપદ માસ

(તા. ૦૯-૦૯-૨૦૧૦થી તા. ૦૭-૧૦-૨૦૧૦)

આકાશદર્શન : શ્રી ગણેશજીના આ પવિત્ર ધાર્મિક માસની બાલ ચંદ્રકોર તા. ૯ના સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં રાત્રિ ૯ સુધી દેખાશે. તેની નજીક દક્ષિણમાં હસ્ત નક્ષત્ર હશે. મંગળ મહારાજ હવે લાલ ધગધગતા દેખાશે. સૂર્યાસ્ત પછી સુમારે ૧/૧ા કલાક તે પશ્ચિમમાં દર્શન આપશે. ૧૦ સપ્ટેમ્બરના પૂર્વમાં ઉદય પામેલ બુધ મહારાજ તા. ૦૩ ઑક્ટોબરના ફરી અસ્ત પામશે. અસ્ત પામે તે પહેલા તેઓ સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં એક કલાક દર્શન આપશે. ગુરુ મહારાજ પરમ વક્રી હોવાથી તેનું બિંબ ખૂબ જ મોટું અને સુંદર દેખાશે. સૂર્યાસ્ત પછી પૂર્વમાં એક કલાક બાદ દર્શન આપી આખી રાત આકાશમાં રહેશે. આ મહિનો શુક્ર સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં મોટા દીવા જેવા દેખાશે. શનિ મહારાજ તા. ૧૪ સપ્ટેમ્બરના અદ્રશ્ય થઈ જશે. તે પહેલા તેઓ સૂર્યાસ્ત પછી દર્શન આપશે.

